તારનું સરનામું:—"હિંદસંઘ."—"HINDSANGHA." Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.
# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી:—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:—રૂપીઆ બે. છુટક નકલ:—દોઢ આનો.

વર્ષ જુનું ૧૨ મું. નવું ૭ મું. | તારીખ ૧ લી જાન્યુઆરી ૧૯૩૯. | અંક ૧૧ મો.

## સામ્રાજ્યવાદી માનસ!

રાજ્યનીતિને અર્વાચીન યુગમાં અદ્‌ભુત આકર્ષણ ધરાવતી કળાઓમાં સૌથી વધુ શાસ્ત્રીય સ્વરૂપે ખીલાવવા માટે પશ્ચિમના રાજ્યધુરંધરો અથાગ પરિશ્રમ લઇ રહ્યા છે. આ યુગમાં તે સાહિત્ય, કળા, કેળવણી, ધર્મ, અર્થશાસ્ત્ર ઉપરાંત જીવનના અનેકવિધ ક્ષેત્રોમાં રાજકારણના રંગો બહુ ઉંડાણમાં પેસી ગયા છે. માનવ સંસ્કૃતિનું પારણુ કોઇ વખતે ધર્મભાવનાને હીંચોળે છે, તો કોઈ વખત કળાના સર્વોચ્ચ સર્જનને હુલાવે ફુલાવે છે. આ યુગની માનવ સંસ્કૃતિનો સંદેશ તે રાજ પ્રકરણી મુસદ્દીગીરી. આજે વિશ્વના જુદા જુદા રાષ્ટ્રોના રાજનીતિજ્ઞો પ્રજાકીય, સામ્યવાદ, ફેસીઝમ, નાઝીઝમ વગેરે વિધવિધ પ્રયોગો કરીને સામ્રાજ્ય વિસ્તારની સ્પૃહાને સંતોષવા અવનવા માર્ગો અખત્યાર કરે છે. પોતાનું સામ્રાજ્ય વ્યવસ્થિત રહે, તેમાં શાંતિ જળવાય તે માટે દરેક સામ્રાજ્યવાદી પ્રજા આજે પોતાના આશ્રિત પ્રદેશોમાં શામ, દામ, દંડ અને ભેદની ચતુર્વિધ નીતિ અખત્યાર કરવા પાછળ અથાગ ઝહેમત ઉઠાવે છે. છતાં આજે તો સામ્રાજ્યવાદ સામે દરેક દેશના પેટાળમાં જ્વાળામુખીનો ધીકતો રસ ઉકળી રહ્યો છે. કારણ કે અત્યારે એ સામ્રાજ્યવાદના સંચાલકો વૈજ્ઞાનિક શોધોના આશ્રયે પોતાનુ સામ્રાજ્ય ટકાવી રાખવામાં અને સાથે સાથે વિશ્વશાંતિની વાતો કરવામાંજ પોતાની ચાણકય-બુદ્ધિ પરાકાષ્ટાએ પહોંચી જતી માને છે. પોતાની આશ્રિત પ્રજાને જંગલી ગણી, પોતાની સંસ્કૃતિની ભૂરકીથી મુગ્ધ કરી. એ પ્રજાને સંસ્કારી બનાવવાનાં ઓઠાં નીચે સામ્રાજ્ય પિપાસાને સંતોષવાના અનેક અખતરા આજે થઇ રહ્યા છે. પરંતુ ઇટાલી અને જર્મનીની ચડતી પડતીનો કડીબંધ ઇતિહાસ તપાસતાં જણાશે કે વર્તમાન યુગમાં સામ્રાજ્યવાદીની ઈમારત કોઇ ચિરંજીવ તત્વ પર બંધાએલ નથી. એમાં સૈકાઓ સુધી મગધ સામ્રાજ્યની ઝળહળતી જ્યોત ભારતવર્ષમાં ટકાવી રાખીને વિશ્વના ઇતિહાસકારોને આંજી નાખનાર મૌર્ય સામ્રાજયના સુવર્ણ યુગનો સર્જક અશોક માત્ર હિંદના રાજનીતિજ્ઞોમાં નહિ પણ સમસ્ત વિશ્વના રાજ ધુરંધરોમાં સૌથી મોખરે આવે છે.

અશોકનો 'ધર્મવિજય' એ રાજશેત્રંજ પર વ્યવસ્થિત ચલાવવામાં આવેલ પ્યાદું હતું. ઠેર ઠેર શિલાલેખો કોતરાવીને, 'દેવોનો પ્રિય' જેવું મનોહર નામ ધારણ કરી, માનવતા માટે પુર્ણ હમદર્દી બતાવનારો અશોકનો ઢંઢેરો ચાણકય નીતિનો અદ્‌ભુત વિજય સુચવતો હતો. પોતાની સામ્રાજય લિપ્સાને, કલિંગના હત્યાકાંડ પછી પ્રાયશ્ચિતના અંચળા નીચે ઢાંકી દઇ, ધાર્મિક સહિષ્ણુતાના આશ્રયે લખલુટ ખર્ચ કરીને મૌર્ય-સામ્રાજયને બેવડા તાંતણે બાંધવાના કોડ હતા. બીજી તરફથી કલિંગના યુદ્ધમાં અથાગ પરિશ્રમ પછી વિજય મેળવીને, થાકેલા અશોકને આરામની પણ જરૂર હતી.

—'કલિંગનું યુદ્ધ યાને મહારાજા ખારવેલ' માંથી.

— જૈન યુગ —

તા. ૧-૧-૩૯ રવિવાર

# મોહ અને ભીતિના હિંચોળે!

અંહ, નાતાલ તો આવી છતાં કેમ કંઇ ભાવનગરના અધિવેશનનું સંભળાતુ નથી? એકાએક કાં મૃત્યુ ઘંટ વાગી ગયો? આવા ભાવ-સુચક પ્રશ્નો યુક્ત લેખો જૈન જ્યોતિ અને વીર શાસન પત્રમાં આવ્યા છે. જો કે તારિખો નકકી નહોતી થઇ છતાં ઘણાનું માનવું તો હતુંજ કે ડીસેમ્બરના છેલ્લા દિવસોમાં કોન્ફરન્સની બેઠક મળશે. સ્વાગત સમિતિની ઝડપી તૈયારીઓ એ વાતની સાક્ષી પુરતી. એરોપ્લેનમાં સ્વાગત પ્રમુખનું મુંબઇ આગમન એના સબળ ટેકા રૂપ હતું. આમ છતાં કેટલાક કારણોથી અધિવેશન આઘું ઠેલાયું છે. મૃત્યુ ઘંટ ત્યારેજ વાગ્યો કહી શકાય કે એક પણ જૈન બચ્ચો એ સંસ્થા પાછળ પ્રાણ ન્યોચ્છાવર કરવા તૈયાર ન હોય! એવી સ્થિતિ હજી દૂર છે એટલુંજ નહિં પણ એની કલ્પના કરવી એ પણ લાંછનકારી છે. વિલંબ ઇષ્ટ નથી લાગતો છતાં એ માટેના આંદોલને છુટા પડેલા આગેવાનોને પુનઃ કોન્ફરન્સની પ્રવૃત્તિમાં રસ લેતાં કર્યા છે એટલુંજ નહિં પણ અમુક ચોખવટ પછી ભરાય તો એમાં સહકાર આપવાની અભિલાષા પ્રગટાવી છે. એથી એ વાત પુરવાર થાય છે કે શ્વે. મૂર્તિપૂજક સંપ્રદાયની આ એકજ સંસ્થા છે કે જેના વાવટા હેઠળ અખિલ સમાજ માટે સર્વ કંઇ કાર્ય થઇ શકે. આ ગૌરવનો વિષય છે. સંગઠનના સાચા પિપાસુઓને એ માટેનો વિલંબ દુઃખકર ન લાગવો જોઇએ જો સંપને એકતાથી કામ સંગીનતા પકડતું હોય તો સામાજીક પ્રશ્નોમાં લે મૂક કે બાંધ છોડ એ પ્રશંસવા યોગ્ય છે.

ચોખવટ પાછળનો જે મુદ્દો જાણવામાં આવ્યો છે એમાં ત્રણ બાબતો અગ્રભાગ ભજવે છે. વિધવા વિવાહ, દેવદ્રવ્યને દીક્ષાનો ઠરાવ. એ માંહેલા પ્રથમના બે પ્રશ્નોનો વિચાર કરીએ. યુવક વર્ગ અને ખાસ કરીને મુંબઈમાં વસનાર એ માટે ખાસ આગ્રહી છે. છેલ્લા વર્ષોના એ પાછળના પરિશ્રમ છતાં, સફળતાનું પ્રમાણ લગભગ શૂન્યમાં આવ્યા છતાં, એ માટેનો મોહ હજી ઉતર્યો નથી! જુદી પરિષદના વ્યાસપીઠ પરથી જોરશોરથી ઠરાવ થયા છતાં સ્થિતિ જેવીને તેવી રહી છે! છતાં એ સવાલો કોન્ફરન્સના માચડે ચઢાવવામાં શું આશય છે એ કલ્પવું મુશ્કેલ છે. જુનવાણી વર્ગ કે જે હજુ કોન્ફરન્સમાં માને છે અને ધાર્મિક પ્રશ્નો માટે એ સંસ્થાની અગત્ય ખાસ કરી સ્વીકારે છે તે દ્રઢતાપૂર્વક જણાવે છે કે એ ઉભય પ્રશ્નોનો ઉકેલ જે રીતે યુવકો ઇચ્છે છે એ રીતે કોન્ફરન્સ હાથ ધરીજ ન શકે. એની વિચારણામાં પણ ધર્મ દ્રષ્ટિયે દોષ છે. આમ એક તરફ મોહને બીજી તરફ ભીતિ! ઉભયના ધકકા વચ્ચે ભાવનગરની બેઠકનો હીંચોળો ઝોલા ખાય રહ્યો છે! આ તારવણી સાંભળવામાં આવેલ સમાચારો પરથી અંગત રીતે કહાડવામાં આવી છે. કદાચ એ અક્ષરશઃ સાચી નહિં પણ હોય; છતાં ભાવમાં અફર રહે તેવી છે.

ત્રીજો પ્રશ્ન દીક્ષા પરત્વેનો ઉપરના બે જેટલો કપરો નથી. મુનિ સંમેલને એ માટે જે ઠરાવ ઘડયો છે એનું યથાર્થ રીતે પાલન થાય તો એ પર મતફેર નજ રહે. આડખીલી રૂપ તો ઉપર વર્ણવેલી બેલડીજ છે. જૈન સમાજનો મોટો ભાગ ગુજરાત અને મુંબઈ ઇલાકામાં હોવા છતાં, અને યુવક પ્રવૃત્તિ ખાસ કરી એ ભાગમાં સવિશેષ ચલાવ્યા છતાં, જે શુષ્ક ટેકો મલ્યો છે એ પરથી વ્યાજબી તારણ તો એટલુંજ કહાડી શકાય કે ઉકત બે બાબતમાં એક ડગલું પણ આગળ ભરવાની કોઇની પણ ઇચ્છા નથી. અમને પણ લાગે છે કે જ્યાં અહર્નિશ બ્રહ્મચર્ય અને સતી જીવનના મીઠા ઉદાહરણો કાને પડે છે, જ્યાં ગમે તેવા કષ્ટો પડે છતાં એ પાછા ન જવાની અતૂટ શ્રદ્ધા છે, અને જે પાછા કળિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિ જેવા પ્રતિભા સંપન્ન મહર્ષિના દલીલ યુકત પ્રવચનો સાથ પૂરે છે ત્યાં એ પ્રશ્નો બળ જબરીથી લાદવાને કેવલશૂન્ય વંટોળ જન્માવવો એથી કંઇજ લાભ નથી એથી વિધવાઓની સ્થિતિ તસુભાર સુધરતી નથી કે બેકારોના હાથમાં કોડી પણ આવતી નથી! આ મંતવ્ય સાથે સમાજનો મોટો ભાગ મળતો થાય છે. દુઃખ માત્ર એટલુંજ છે કે એક વર્ગ એવો છે કે જે ઉપરની વાત સમજે છે છતાં એને ભીતિ રહે છે કે વકતૃત્વ શકિતના જોરે કિંવા સંયોજીત પક્ષના જોરે કદાચ યુવકો ઠરાવ પસાર કરી જાય એટલે એમ ન થવા પામે તે સારૂ પ્રથમથીજ બાંહેધરીનો હાઉ ખડો કરે છે! ભિન્ન દિશામાં કામ કરી રહેલો આ બળો વચ્ચે એક મધ્યમ સમુદાય છે જેને એક પણ બળનો સહકાર ગુમાવવો નથી ને સમન્વય સાધવો છે. આ સમુદાયના કાર્યકરો સ્પષ્ટ વાત કરવાનું પસંદ કરતા નથી. ગોળ ગોળ ચર્ચાથી ગાડુ ગબડાવે રાખી સમય પર ભરોસો બાંધી બેઠા છે કે જરૂર એક એવી પળ આવશે કે જે વેળા આ અંતિમ છેડે કામ કરતા બળો પાછા વળી મધ્યમ માર્ગે કૂચ કરવા માંડશે.

પણ આવી રાહ જોવાથી સંસ્થા પ્રતિનો સદ્ભાવ ક્ષીણ થતો જાય છે અને તંત્ર સાવ પંગુ બની જાય છે. એતો સ્પષ્ટ ને દીવા જેવું છે કે કોઇ પણ શહેર–ખુદ ભાવનગર પણ–પોતાને આંગણે કોન્ફરન્સના અધિવેશન નિમિત્તે વધુ મતીના નામે પણ કલહના બી વાવવા તૈયાર નથી. જે સિધ્ધાંતના નામે કે જે બંધારણના ઓઠા હેઠળ વર્તમાન કાર્યવાહી ચાલી રહી છે એમાં વિચાર વિનિમયથી સંગીન સુધારો કરવાના વિચાર માત્ર મુંબઇ બહારનાજ નહીં પણ તળ મુંબઇમાં વસતા ઘણા સભ્યોના છે. તો પછી વિના કારણ વિલંબનું પ્રયોજન શું હોઈ શકે? કયાં તો જે વસ્તુઓથી વાત ડહોળા રહી છે તે આપો આપ પડતી મૂકવામાં આવે કયાં તો એ સંબંધ પર પ્રકાશ ફેંકતું નિવેદન રજુ કરવામાં આવે. યુવકોનો સાચેજ ઉકત ઠરાવો માટે મોહ હોય તો તેઓના હાથમાં તંત્ર સોંપી દઇને માર્ગ મોકળો કરી આપવો અથવા તો મહાસભાના ગૌરવને શોભે તેવો તોડ આણવો. એટલું તો ચોકખું છે કે આજનો ગંભીર પ્રશ્ન જેમ રાષ્ટ્રને માટે સ્વાતંત્ર્ય યાને મુકિતનો છે તેમ સમાજને માટે સંગઠન અને આર્થિક સ્થિતિ સુધારણાનો છે. સરી જતા ધાર્મિક હકકોના સંરક્ષણનો છે. એ સિવાયની સર્વ બાબતો ગૌણ છે.

# નોંધ અને ચર્ચા.

## સાંકડી મનોદશાના વર્તુળ બહાર—

'જૈન સમાજનો મોટો ભાગ સાંપ્રદાયિક નજરે જોનારો છે અને શ્રીમંત વર્ગ ઘણુ ખરૂ કોમી ધોરણે સખાવત કરવા ટેવાયેલો છે' એવું લખાણ જ્યારે વાંચવામાં આવે છે ત્યારે સહજ આશ્ચર્ય ઉપજે છે. મન શંકાના વમળમાં પડે છે કે શું આ નિતરૂં સત્ય છે? અને એ લખાણને કોઇ જૈન લેખક ટેકો આપે છે ત્યારે તો શંકા વધુ બળવત્તર બનતી જાય છે! પણ એ મંતવ્યનો ચોતરફથી વિચાર કરતાં અને પદ્ધત્તિસહ ટાળો મેળવતાં સખેદ કહેવું પડે છે કે એ જાતના ચિત્રણમાં વજુદ જેવું નથી. કોઇ હવાઇ સૃષ્ટિમાં વિચરતા માનવીની આછી આંખે દોરાયેલું ભ્રમમૂલક ચિત્ર છે. ભૂતકાળના ઇતિહાસમાંથી એવા સંખ્યાબંધ ઉદાહરણો ટાંકી શકાય તેમ છે કે પ્રજાના કારણમાં કે પડોશીધર્મની બજાવણીમાં ઇતર કોમો સાથે ખભો મીલાવી જૈન જનતા અડગપણે ઉભેલી છે. જૈન શ્રીમાનોએ ધન ખરચવા ટાણે કોમીરંગે નથી જોયું પણ માનવતાના વિશાલ ધોરણે કામ લીધું છે. અલબત સાથો સાથ પોતે જે ધર્મના અનુયાયી છે અનો ઉદ્યોત કરવામાં કે એની પ્રગતિ સધાય એવા માર્ગો લેવામાં ન્યૂનતા નથી દાખવી. છતાં એ પણ એટલુંજ સાચું છે કે ધર્મ ઉન્નત્તિના પ્રેમમાં રાષ્ટ્રભક્તિ કે જનકલ્યાણ જરાપણ વિસારી નથી મૂકાયા. વર્તમાનકાળ એ વાતની સાક્ષી પુરે છે. રાષ્ટ્રિય મહાસભાના ઇતિહાસમાંથી કે દેશ ભરમાં ચાલેલા સત્યાગ્રહિ સંગ્રામમાંથી એને લગતી પુષ્કળ માહિતી સંચીત કરી શકાય તેમ છે. કેટલાક પ્રસંગોની નોંધ તો સુંદર અક્ષરે લેવાયેલી દેશનેતાઓના શબ્દોમાં મોજુદ છે. જે રાજકોટ સંગ્રામનો આજે સુખદઅંત આવ્યો છે એના આરંભકાળ પ્રતિ મીંટ માંડીશું તો સહજ જણાશે કે ધનની સ્હાય કરનારમાં અને દેહની આહૂતિ અર્પનારમાં જૈન ધર્મી બંધુઓ પાછળ નથી રહ્યા. કોમ તરિકેના અલાયદા હકકો માટે વાત સરખી પણ ઉચ્ચારી નથી. આમછતાં કોઇ કોઈ લેખકો મરજી માફક કલમ ચલાવી નાંખે અને વસ્તુસ્થિતિનો અપલાપ કરે તેને શું કહેવું? એમાં નરી અજ્ઞાનતા સિવાય કંઇ જ નથી. એથી જનતાની કેવલ કુસેવા થાય છે.

## પાટણ મંડળની ચાલીઓ—

પાટણ જૈન મંડળ તરફથી મુંબઇમાં બંધાનારી સસ્તા ભાડાની ચાલીઓના ખાતમૂહૂર્ત પ્રસંગે સરદાર વલ્લભભાઇએ જે એક મહત્વની વાત સંભળાવી છે એ જૈન સમાજના પ્રત્યેક સંતાને હૃદયમાં કોતરી રાખવાની છે. એમાં પૂજાના સ્થાનો ઉભા કરવાની મનાઇ નથી પણ જે મોજુદ છે તે બરાબર જળવાઇ રહે, યોગ્ય રીતે એનુ સંરક્ષણ થાય અને ઉપાસના જેવી પવિત્ર વસ્તુ જે આજે ભાડુતી બની રહી છે તે બંધ થાય એ સારૂ એમણે પૂજકો વધારવાની ચીમકી આપી છે અને જે છે તેઓનુ સારીરીતે સ્વાસ્થ્ય જળવાય તેવા માર્ગો હાથ ધરવાની દીર્ઘદૃષ્ટિ સુચક નુકતેચીની કરી છે. જૈન ધર્મમાં ધન વપન સારૂ સાત ક્ષેત્રો દર્શાવેલાં છે છતાં એ સાથે જે ભાર મૂકીને એમ કહેવામાં આવ્યું છે કે 'જે કાળે જે ક્ષેત્ર સીદાતુ હોય, તે કાળે તે ક્ષેત્રમાં ખાસ કરી ધનનો વ્યય વધુ પ્રમાણમાં કરવો' એ વાત જરાપણ લક્ષ્ય બહાર કરવા જેવી નથી. વળી ઠંડી નજરે વિચારતાં એ પણ સ્પષ્ટ સમજાય તેમ છે કે આલીશાન મકાન ચણવું હોય કિંવા ભવ્ય મંદિર ઉભું કરવું હોય તો એનો પાયો મજબૂત પણે બંધાવો જોઇએ. તેજ ધોરણે સાત ક્ષેત્રના પાયારૂપ શ્રાવક, શ્રાવિકા ક્ષેત્રોની આજની જર્જરીત દશા જોતાં એને લાગુ પડેલા દારૂણ હ્રાસ પ્રતિ મીંટ માંડતાં ભાર મૂકીને કહેવુંજ પડશે કે પ્રથમ એની સ્થિતિ સુધારવી જોઇએ. એ ક્ષેત્રો પ્રફુલ્લિત હશે તોજ એના પર અવલંબેલા અન્ય ક્ષેત્રોને સિંચન મળ્યા જશે. મુંબઈ જેવા મોટા શહેરોમાં આમ જૈન સમૂહ જે જાતના હવા ઉજાસના અભાવવાળી મર્યાદિત કમરાઓમાં વસે છે તે સમૂહને સસ્તા દરે સારી રૂમો પૂરી પાડવી એમાં સ્વધર્મી બંધુઓની સાચી અને દેશકાળ જોતાં અતિ મહત્વની સેવા સમાયેલી છે. ધર્મનું ધ્યેય ધ્રુવ સમ નિશ્ચળ રહે છે જ્યારે એ ધ્યેય સિદ્ધિના સાધનો તો જરૂર બદલાતા રહેવાનાજ. સખેદ કહેવું પડે છે કે એ મુદ્દો સમજવામાં પારસી, ભાટીયા કે કપોળ કોમ આગળ આવે છે. મુંબઈ શહેરના એ જાતિઓના નિવાસને એમાંની સગવડો જોતાં ધન્યવાદ વરસાવ્યા સિવાય ચાલતુંજ નથી. એની તુલનામાં જૈન સમાજના શ્રીમંતો હજી એકડા ઘુંટે છે એમ કહી શકાય. પાટણ મંડળની પહેલ અન્ય મંડળોને અને શ્રીમંતોને જરૂર પ્રેરણાદાયી નિવડો. એક વાત યાદ કરાવીએ કે આમ જનતાને યથાર્થ લાભ પહોંચાડવો હોય તો માટુંગા કે મરીન ડ્રાઇવ કરતાં પણ વધુ નજીકના એટલે કે ભાટીયા નિવાસના જેવા સ્થળો પસંદ કરવા જરૂરી છે કારણ કે સસ્તા ભાડાને હવા-ઉજાસ સાથે જીવન અને રહેણી કરણીની બીજી પણ અનુકુળતાઓ જોવી ઘટે છે.

## સત્યાગ્રહના પંથે?

શ્રી કેશરીયાજી તીર્થનો પ્રશ્ન વર્ષોના વાહાણાં વાયા છતાં હજુન્ અણઉકલ્યો પડ્યો છે! એ સારૂં ઉદેપુરના મહારાણા સાહેબનો પ્રમાદ જોવા જઇએ તે પૂર્વે આપણી પોતાની શિથિલતા અને એ મહત્વના સવાલ પ્રત્યે સાવ બેદરકારી ઓછી ટીકા પાત્ર નથીજ. જો સમાજમાં સાચી જીવંત દશા હોય તો જે અન્યાયોના ભોગ આપણે બનતા આવ્યા છીએ એમાંનો એકાદ પણ ન થવા પામે. પણ આપણા સૂત્રધારો—પદવીધર સાધુઓ અને શક્તિ સંપન્ન શ્રાવકો—કેવળ આંતરિક મતફેરોની વગોવણીમાંજ રાચ્યા માચ્યા રહે છે. એમણી નજર એ આંકેલા વર્તુળ બહાર જતીજ નથી. 'કંકાશથી ગોળામાંનુ પાણી ઘટે' એ પ્રચલિત કહેવત જાણતા છતાં—એ સબંધમાં વારંવાર પોકાર પડતાં છતાં—આપણે એમાંથી બહાર નિકળતા નથી. દેશ-કાળ ઓળખી પ્રાપ્ત વારસાને બરાબર જાળવી શકીએ તેવા ઉપાયો લેતાં પણ આવડતું નથી. ક્ષુદ્ર મતફેરોની જાળમાં એવા ગુંથાયા છીએ કે એમાંથી છુટવાના ઈલાજ શોધવા સારૂ એકત્ર થવાની વાત આવે છે ત્યાં પણ અધર્મનં વટાળ દેખા દે છે! જે સમાજની આવી કરૂણ દશા છે ત્યાં એકાદ મુનિ કે ગણ્યા ગાંડ્યા શ્રાવક સત્યાગ્રહની ઢોલ પીટવા તૈયાર થાય એમાં હૃદયની શુદ્ધ ભાવના છતાં ઉતાવળ જણાય છે. સત્યાગ્રહ એ અંતિમ શસ્ત્ર છે. એના ઉપયોગ પૂર્વે કેટલીક વિધિઓની આવશ્યક્તા છે. વાતાવરણની શુદ્ધતા

# માંસાહાર સબંધમાં ભ્રમોત્પાદક લેખનો રદીયો.

લેખકઃ—**મુનિશ્રી ધુરંધરવિજયજી.**

**લેખાંક ૧ લો.**

'પ્રસ્થાન' માસિકના ચાલુ વર્ષના કાર્તિક માસના અંકમાં ગોપાળદાસ જીવાભાઇ પટેલે શ્રી ભગવતીજી સૂત્રના ૧૫ મા શતકના પાઠના આધારે શ્રી મહાવીર સ્વામીએ એક વખત માંસાહાર કર્યો હતો એમ સિદ્ધ કરવા પ્રયત્ન સેવ્યો છે અને તેમ કરીને તે વિષયક ચર્ચા શાંત કરવાને બદલે વિશેષ ઉહાપોહ ઉત્પન્ન કર્યો છે. આ બાબતનું સત્ય સ્વરૂપ જો પ્રગટ કરવામાં ન આવે તો ઘણાકને મતિ વિભ્રમ થવા સંભવ છે માટે ભ્રમને દૂર કરવામાં ઉપયોગી એવી કેટલીક વાતો નીચે જણાવવામાં આવે છે.

પૂર્વાપરનો સંબંધ મેળવ્યા સિવાય વાકયનો અર્થ કરતાં અનર્થ થઇ જાય છે માટે જૈન આગમોમાં માંસાહારનો જે સ્થાને સ્થાને સખ્ત નિષેધ છે તે વાત લક્ષ્યમાં રહેવી જોઇએ. જેમકે સૂયગડાંગ સૂત્ર અધ્યય-રમાં મુનિઓના આચાર પ્રસ્તાવમાં **अमज्ज मांसा सिणो** ॥ (મુનિઓ) માંસ અને મદ્ય નહિ ખાનારા એવો સ્પષ્ટ પાઠ છે. શ્રી ભગવતીજી સૂત્ર શતક ૮ ઉદ્દેશ ૯ માં શ્રી ગૌતમ સ્વામીજી ભગવાન મહાવીરને નરકગતિ યોગ્ય કાર્મણ શરીરપ્રયોગ બન્ધનું કારણ પૂછે છે અને ભગવાન મહાવીર ઉત્તર આપે છે તે આ પ્રમાણે—

नेरइया उयकम्मा सरीरप्पयोगबंधेणंभंते? पुच्छा। महारंभयाए महापरिग्गहयाए कुणिमाहारेणं पंचिदियवहेणं नेरइया उयकम्मा सरीरप्पयोग नामाए कम्मस्सउदएणं नेरइया उयकम्मासरीरे जाव पयोग बंधे॥

**પ્રશ્ન**—હે ભગવાન નારકીના આયુષ્યયોગ્ય કાર્મણ શરીર પ્રયોગ બન્ધનું કારણ શું છે! (ઉત્તર) હે ગૌતમ। મહારંભથી મહા પરિગ્રહથી માંસાહારથી અને પંચેન્દ્રિયના વધથી નારકીના આયુષ્યને યોગ્ય કાર્મણ શરીર પ્રયોગ બન્ધ થાય છે॥

એજ પ્રમાણે સ્થાનાંગ સૂત્રમાં ચોથે ઠાણે નીચે પ્રમાણે પાઠ છે

चउहिं ठाणेहि जीवाणेरइयत्ताए कम्मंपकरेंत्ति तंजहा महारंभयाए महापरिग्गहयाए पंचेंदियवहेणं कुणिमाहारेणं॥

ચાર કારણો વડે જીવો નારકીના કર્મ બાંધે છે. મહારંભ[1] મહાપરિગ્રહ[2] પંચેન્દ્રિયવધ[3] અને માંસાહાર[4]॥

વળી ઉવવાઇસૂત્રમાં પણ માંસાહારી નારકીને યોગ્ય કર્મ બાંધી નરક ગતિમાં ઉત્પન્ન થાય છે એવો પાઠ છે તે આ પ્રમાણે

चउहिंठाणेहिं जीवा णेरइयत्ताएकम्मं पकरेंति णेरइयत्ताए कम्मं पकरेत्ता ऐरइएसु उववज्जंति तंजहा महारंभयाए महापरिग्गहयाये पंचिंदियवहेणं कुणिमाहारेणं॥

તેજ પ્રમાણે દશવૈકાલિક સૂત્ર બીજી ચૂલિકા ઉત્તરાધ્યયન સૂત્રના પાંચમાં, સાતમાં અને ઓગણીશમાં અધ્યયનો વિગેરે સ્થળોએ માંસાહારનો સ્પષ્ટ નિષેધ કરેલ છે. આ બધી વાતો ધ્યાનમાં રાખીનેજ જો તેની સાથેના સૂત્રોનો અર્થ કરવામાં આવે તોજ યથાવસ્થિત સ્વરૂપ પ્રાપ્ત થાય માટેજ આચારાંગ વિગેરે સૂત્રોમાં જ્યાં ॥ **मांस** ॥ વિગેરે શબ્દોનો ઉપયોગ આવે છે ત્યાં તે શબ્દોનો ઉપરોક્ત પાઠોને બાધ ન આવે તેવો **मांसं फलगर्भः**। (માંસ એટલે ફલનો ગર્ભ) અથવા **भुजिः बाह्यपरिभोगे** (ભોગ એટલે બાહ્ય પરિભોગ) એવો અર્થ પ્રાચીન ટીકાકારોએ સ્ફુટ રીતે કરેલ છે. પ્રકૃત સૂત્રમાં પણ તેવોજ અર્થ પ્રામાણિક ગણાય.

શ્રી મહાવીર સ્વામી અને તેમના સાધુઓ નિર્જીવ ભોજી હતા અને હોય છે તે વિષયમાં કોઇનો મત ભેદ નથી, જ્યારે માંસ કોઈપણ સ્થિતિમાં નિર્જીવ હોતુંજ નથી તેને માટે કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરિજી માંસનું સ્વરૂપ દર્શાવતા કહે છે કે—

सद्यः संमूर्च्छितानन्त जन्तु संतानदूषितम्॥ नरकाध्वनि पाथेयं कोश्नियात् पिशितंसुधीः॥ યોગશાસ્ત્ર તૃતીય પ્રકાશ શ્લો. ૩૩.

જીવોના નાશ સમયેજ જેમાં અનન્ત જન્તુ સંતાન ઉત્પન્ન થાય છે એવા દોષ વડે દૂષિત થએલું નરક માર્ગમાં પાથેય (ભાતા) સમાન એવા માંસનું કયો બુદ્ધિમાન ભક્ષણ કરે! અર્થાત્ માંસમાં સર્વદા અનન્ત જીવ રાશિ વ્યાપ્તજ રહે છે. આ વાત નિર્મૂલક નથી તેને માટે ટીકામાં પોતે સૂત્રની ગાથાને પ્રમાણ તરીકે મૂકે છે. તે આ—

आमासु अ पक्कासु अ विपच्चमाणासु मंस पेसीसु॥
समयं चिय उववाओ भणिओउनिगो अजीवाणं॥

કાચી પાકી અને પાક મૂકેલી એવી માંસની પેશીઓમાં અનવતરત નિગોદ જીવોનો ઉપપાત કહેલો છે (જ્ઞાનીઓએ) એ પ્રમાણે અનન્ત જીવોથી ભરપૂર એવા માંસનો આહાર ભગવાન મહાવીર જેવા દૃઢ પ્રતિજ્ઞ પુરૂષ કોઈપણ સ્થિતિમાં કરે એ વાત કેવળ શ્રદ્ધાને તો નહિ પણ બુદ્ધિને પણ અગ્રાહ્ય છે. માટેજ શ્રી ભગવતીજી સૂત્રના ૧૫ માં શતકમાં શ્રી મહાવીરના રોગો પ્રશમનાર્થે લાવેલ ઔષધના પાઠનો નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિજી જે અર્થ કરે છે તેજ વિદ્વાનોને ગ્રાહ્ય થઇ શકે તે આ પ્રમાણે છે.

(અનુસંધાન પૃષ્ઠ ૭ ઉપર)

---

ને તૈયારી એમાં અગ્રભાગ ભજવે છે. એવા અમોઘ શસ્ત્રનો પ્રયોગ સંપૂર્ણપણે વિચારણા કરી સમાજનું એ તરફ એકધારૂં ઐક્ય સાંધીને કરાય તોજ શોભારૂપ છે. એ પૂર્વે મુનિશ્રી વિદ્યાવિજયજી લખે છે તેમ અસહકાર મજબુત કરવાની અગત્ય છે. આવકના માર્ગો રૂંધવાથી અને એ પર સખત નજર રાખવાથી આપો આપ સત્તાધારીની આંખ ઉઘડશે. એ સ્થિતિની જમાવટ કરવાને સારાયે સમાજનું ધ્યાન એ પર કેંદ્રિત કરવા સત્યાગ્રહના પંથે પળવા કટિબદ્ધ થયેલ વ્યક્તિઓએ સખત પ્રચાર આરંભવો ઘટે છે.

# ભાવનગર કેમ ભૂલે છે?

પોતાની મુસદ્દીગીરીથી આખાયે કાઠીયાવાડમાં પંકાયેલા ભાવનગર માટે આ મથાળું બાંધવું પડે એજ આશ્ચર્યજનક છે. જે ભાવનગરના જૈનો સામાન્યરીતે બુદ્ધિબળમાં આગળ પડતા અને વિચારશીલ ગણાય છે, જે આગેવાન ગણાતા ગૃહસ્થો અને મુસદ્દીઓનું નિવાસ સ્થાન છે, અને જે ભૂમિ જૈન પત્રોના પણ કેન્દ્ર જેવું છે એવા ભાવનગરના સંબંધમાં કંઇક લખવું પડે એ પણ શોચનીય છે. ભાવનગરને આંગણે કોન્ફરન્સ ભરવાના મનોરથો ઉપર અત્યારે તો પડદો પડયો છે, ભાવનગરે આપેલા પ્રાથમિક આમંત્રણ પછી વિઘ્ન પરંપરાઓને લીધે આ આમંત્રણમાં અવરોધ પડયો અને ભાવનગર જઇ અવનવું કરવાના સ્વપ્નાઓ હાલ તુરત તો સ્વપ્નાંઓજ રહી ગયા. સંસ્કૃતમાં એક શ્લોક છે કે—

प्रारभ्यते न खलु विघ्नभयेन नीचैः ।
प्रारभ्य विघ्नविहिता विरमन्ति तदयाः ॥
विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यनामात्तः ।
प्रारब्धमुत्तमजना न परित्यजन्ति ॥ १ ॥

ઉપરોક્ત શ્લોક સ્પષ્ટ શબ્દોમાં અંકાયેલો છે જેથી તેના અર્થને અવકાશ નથી. ભાવનગર પ્રથમ પદને પાર પામી બીજી પંક્તિએ પહોચ્યું છે એટલેથીજ ભાવનગર અટકે એ ભાવનગર માટે શોભાસ્પદ નજ ગણાય ભાવનગરે તો ત્રીજી અને ચોથી પંક્તિએજ પહોંચવું રહ્યું. 'શ્રેયાંસિ બહૂનિ વિઘ્નાનિ' એ વસ્તુસ્થિતિથી ભાવનગર અજ્ઞાત હોય એમ તો માની નજ શકાય, પરંતુ એ વિઘ્નોનું નિરાકરણ કરવું. વિઘ્નોની ગલીકુંચીઓ વટાવી શ્રે ; ને ધોરી માર્ગે પહોંચવું એજ ત્યાંના કાર્યકર્તાઓનું લક્ષ્યબિંદુ હોવું જોઇએ. વિઘ્નોને વટાવવાથીજ સાધ્ય સાધી શકાય છે, સેવાના અને સામાજિક કાર્યો સદાયે અટપટાં અને આંટીઘુંટીવાળાંજ હોય છે, અને એ બધાંને પાર પામી વિઘ્નોને મહાળે નહિ અથડાતાં ઇચ્છિત સ્થાને પહોચવું એજ સાચા સુકાનીઓનો રાહ હોઈ શકે.

આ લેખનો ઉદ્દેશ ભાવનગરને ઉપદેશ આપવાનો નથી, પરંતુ તેની કર્ત્તવ્ય દિશા પ્રત્યે તેઓ શિથિલ ન બને એટલા માટે માત્ર માર્ગસૂચનજ છે. ભાવનગરના આગેવાનોના ડેપ્યુટેશનના મુંબઇના આગમન પછી અને તેમણે આપેલાં આમંત્રણ પછી એ વાત પર કંડીનું મોજું ફરી વળેલું જણાય છે, કારણ કે ત્યાર પછી કાંઇ પણ વિશેષ પ્રવૃત્તિ થતી હોય એમ જાણવામાં આવ્યું નથી. ભાવનગરનો માર્ગ સરળ બનાવવા મથનારાઓની માર્ગમાં કાંટાઓ પાથરવાના હલકા પ્રયત્નો સમાજનો એક વિભાગ કરી રહ્યો છે. જે વિભાગ આજ વર્ષોથી કોન્ફરન્સથી દૂર થઇ ગયો છે, જે વિભાગે કોન્ફન્સના નામે સ્નાન સૂતક પણ કરી નાંખ્યા છે, તેઓના પેટમાં કોન્ફરન્સના અધિવેશનની વાત બહાર આવતાંજ કેમ ચુંક આવવા માંડી તે સમજાતું નથી. જે કોન્ફરન્સને તેઓ ત્યાજ્ય ગણે છે, જેના એકે એક કાર્ય પર તેઓ સૂગ ધરાવે છે, તેઓને કોન્ફરન્સનું નામ લેવાનો પણ શો અધિકાર છે? તેઓને જો કોન્ફરન્સની પ્રવૃત્તિઓ ગમતી હોય તો તેઓ ખુશીથી કોન્ફરન્સમાં આવી શકે છે, તેમાં સંપૂર્ણ સ્વતંત્રતાથી ભાગ લઇ શકે છે, અને પોતાના મંતવ્યનું પ્રતિપાદન કરી શકે છે, પરંતુ અહિં તો સ્થિતિ એથી તદ્દન વિપરીત દેખાય છે. તેઓને તો 'નાચવું નહિ તેનું આંગણું વાંકું' એ કહેવત અનુસાર કોન્ફરન્સમાં ભાગ લેવો નથી એટલુંજ નહિ પણ તેના છીદ્રોજ શોધવાં છે. આવી મલીન મનોદશા ધરાવતા માનવીઓ તરફથી વિઘ્નોની આશા ન રખાય તો બીજી શેની આશા રખાય? પરંતુ આવા વિઘ્ન સંતોષીઓથી દૂર રહી યાતો ચેતતા રહી તેમની જાળમાં નહિ ફસાતાં પોતાનાજ પગ પર ઉભા રહી પ્રારંભેલું કાર્ય પૂરૂં કરવું એજ સાચા સૂત્રધારોનું લક્ષ્ય હોવું જોઇએ.

ભાવનગરને આંગણે અધિવેશન ભરાય છે એ સાંભળતાંજ તેમનો પ્રેમ કોન્ફરન્સ પ્રત્યે ઉભરાઇ પડયો! અને જાણે કોન્ફરન્સનું હિત હૈયામાં ખુબ વસી ગયું હોય તેમ શિખામણ આપવા એ વર્ગ નીકળી પડયો, તેઓ કહેવા લાગ્યા કે અમારી સાથે પહેલાં મસલત કરી, અમારે અનુકુળ બંધારણ ઘડો, અમારી સંમતિ લીઓ પછી કોન્ફરન્સનું અધિવેશન ભરો. આ ભાઇઓએ કદિ પણ કોન્ફરન્સના બંધારણને જોવાની તકલીફ લીધી છે ખરી? જો તેઓએ ખરેખર બંધારણ જોયું હોત તો તેઓ જાણી શકયા હોત કે કોન્ફરન્સના દ્વાર સર્વને માટે ખુલ્લાં છે, તમો આવો-તમારાં મંતવ્ય રજુ કરો, જનતાને જો તમારૂં મંતવ્ય રૂચશે તો જરૂર તમારા મતમાં મળશે, તમારી બહુમતિ થશે અને તમો તમારૂં ઇચ્છિત કાર્ય કોન્ફરન્સ દ્વારા કરાવી શકશો. પરંતુ જો જનતાને તમારી વાત પસંદ નહિ હોય, તમારૂં રૂઢિચુસ્ત મંતવ્ય હાલની પ્રજાને કબૂલ નહિ હોય તો તમારે પ્રજા જે માર્ગ પસંદ કરતી હોય તે માર્ગ સ્વીકાર્યા વિના છુટકોજ નથી.

આ સ્થળે ભાવનગરની સ્વાગત સમિતિને ઉદ્દેશીને પણ કંઇક કહેવું યોગ્ય લાગે છે. ભાવનગરની સ્વાગત સમિતિએ પોતે આદરેલું કાર્ય કોઇપણ ભોગે પૂરૂં કરવુંજ જોઇએ. અને તેના માર્ગમાં આવતા વિઘ્નોને દૂર કરવાંજ જોઇએ આ બાબતમાં જુન્નેરનો દાખલો તેઓએ લેવા જેવો છે, તેઓની સામે તો અણધાર્યું વિઘ્ન આવીને ઉભું હતું, નહિ ધારેલી મુશીબતો તેઓના માર્ગમાં મુકાઇ હતી, છતાં તેઓએ ઘણીજ હિંમતથી અને ઐકયથી એ મુશીબતોનો સામનો કરી પોતાનું કાર્ય પાર કર્યું, જ્યારે ભાવનગરને તો પહેલેથીજ પાળ બાંધી લેવાની છે, એતો માર્ગના સીગનલો તો સ્હામાંજ છે એ સીગનલોની નીચેથી ટ્રેઇનને માત્ર પસાર કરવી એટલીજ કાર્યદક્ષતા તેઓએ મેળવવાની રહે છે.

ભાવનગરથી મળેલાં આમંત્રણ પછી અને અત્રે ડેપ્યુટેશનના આવી ગયા પછી લગભગ ૧ માસનો ગાળો પડી ગયો છે. તે દરમ્યાન ત્યાંની સ્વાગત સમિતિ તરફથી કોઇ પણ જાતનો ખુલાસો કે પ્રવૃત્તિ જાણવામાં આવી નથી તેથી અવનવાં તર્કવિતર્કો જનતામાં જન્મે છે, અવનવી અફવાઓને સ્થાન મળે છે અને તેમના માર્ગમાં વધારે અને વધારે વિઘ્નો નાંખવાનાં પ્રયત્નો થતાં રહ્યાં છે, તો આશા છે કે આ લેખનો મૂળ આશય સમજી ભાવનગરની સ્વાગત સમિતિ યોગ્ય ખુલાસો બહાર પાડે યોગ્ય માર્ગે સલાહ અને સહકાર લીએ, અને પોતાનું બધુંય સિદ્ધ કરે એજ ઇચ્છા!

—મનસુખલાલ લાલન.

# વિજ્ઞાનની આંધિ કે વિકાસની ભ્રમજાળ ?

આજે ચો તરફ કંઇને કંઇ પ્રકારે અશાંતિના આંદોલનો જોર કરી રહેલા જણાય છે એના કારણમાં ઉંડા ઉતરતાં એટલું તો જણાઈ આવશે કે માનવ હૃદયમાં અસંતોષના વાદળ ઘેરાઈ ચુકયા છે અને એમાં જીવન નિર્વાહના કૂટ પ્રશ્નો અગ્રભાગ ભજવી રહ્યાં છે! દેહને ટકાવવા સારૂં આહારની જરૂરીયાત રહેછેજ. જનતાના મોટા ભાગના જીવનો કંઇ સંયમિત નથી હોતા તેમ તે સર્વને તપ કે ઉણોદરીના મહાત્મ્યની ખબર પણ નથી હોતી કે જેથી આજીવિકા ડાકિનીના ખપ્પરમાં હોમાઇ જવાના બદલે પાકી વિચારણાથી કોઇ જીવન માટે નવો રાહ નિયત કરે. મોટો ભાગ તો ચાલુ ઘરેડમાં જીંદગી ગાળનારો હોઇ, કામ અને એની પાછળ પેટ પુરતો ખોરાક જરૂર માંગવાનો. ઉદ્યોગ-હુન્નર કે કારીગરીના સુકામણા થતાં યાંત્રિક માલનો જથ્થો વધી પડતાં—અને લોકરૂચિનું વલણ મોટા પ્રમાણમાં એવા ફેન્સી માલના વપરાશ પ્રતિ વળતાં-કામ ઘટી પડયું એટલે બેકારી નજર સામે ખડી થઇ. અને બેકારીની નાગચૂડમાંથી બચવા સારૂ કેવા પગલા ભરવા એ ભલભલા માનસશાસ્ત્રના અભ્યાસીને પણ ન સમજાવાથી જનતામાં અસંતોષનો અગ્નિ ઉદ્ભભવ્યો—મરણીયો જુસ્સો પેદા થયો. એ પરથીજ આજના આંખે ચઢતાં—સોસ્યાલીઝમ—કોમ્યુનીઝમ ફેસીઝમ આદિ 'ઝમો'ની ભૂતાવળ પેદા થઇ છે. એની અથડામણો એતો રોજનો વિષય થઇ પડયો છે. છતાં વિચારણીય પ્રશ્ન તો એજ છે કે એ બધાં પ્રવાહોમાંથી કયાનુ બળ વર્તમાન જગત પર નિયંત્રણ કરી શકશે? એથી દુનિયાને શું સાચી શાંતિ મળવાની છે ખરી? આર્ય સંસ્કૃતિની ઉંડી ભાવનાથી જો વિચાર કરીએ છીએ તો આજે પશ્ચિમ ભલે વિજ્ઞાનમાં અગ્રગામી થતું લાગે-દિ' ઉગ્યે નવ નવા પ્રકારના ઘડીભર આશ્ચર્યમાં નાંખી દે તેવા—સાધનો પેદા કરનાર દેશ તરિકે વધુ ખ્યાતિ પામે—છતાં એ અધઃપતનના માર્ગે કદમ માંડી રહ્યું છે એમ લાગ્યા સિવાય નહીંજ રહે. આજનો એનો યંત્રવાદ જેટલી પ્રગતિ વધુ સાધે છે તેટલી કામના અભાવે માણસો બે રોજગાર બનવાથી બેકારીને વધુ નજદીક આણે છે. જડયંત્રો દ્વારા કામ લેવાતાં જીવતાં એવા મનુષ્યો માટે કામ કરવાનું ભાગે આવતું નથી. અને પેટનો પ્રશ્ન વધુને વધુ જટિલ બનતો જાય છે. એ ખાડો પુરવો પડે એમાં તો શંકા જેવું છેજ નહીં. આ બધા બનાવો પરથી વિજ્ઞાનના નામે ભલે આપણે રાચીએ. યંત્રોનાં એક ધારા માલને જોઇ ભલે રાજી થઇએ પણ સંખ્યાબંધ જીવતાં હાડપિંજરોનો જે નિષ્ક્રિય ખડકલો વધુ મોટો થતો જાય છે એ જોતાં આપણા માચવાનો—આનંદિત થવાનો કંઇજ અર્થ રહેતો નથી. એ તુલનામાં આપણી પ્રાચીન રહેણી કરણી વધુ મૂલ્યવાન ભાસે છે. પૂર્વની સંસ્કૃતિ એજ સાચી અને આત્મિક દ્રષ્ટિયે અતિ ડહાપણપુર્વક યોજાયેલી માલમ પડે છે. પંચ સમવાય પર સૃષ્ટિ તંત્રની ગતિનું અવલંબન દર્શાવનારા પૂર્વધરો સાચેજ દીર્ઘદર્શી હતા એમ કબુલવું પડે છે. એ સંબંધમાં હરિજન બંધુમાં આવેલ 'યંત્રની મર્યાદા' નામા લેખનો નિમ્ન ફકરો મનન કરવા જેવો છે.

"વિવિધ પ્રકારની અને તરેહ તરેહવાર વસ્તુઓથી શહેરોનાં અને કસ્બાઓના બજારો ભરેલાં હોય છે ખરાં, પરંતુ શું બધા લોકોને પહેલાં કરતાં વધારે સારો અને પૌષ્ટિક ખોરાક મળતો થયો છે ખરો? ટાઢે મરતા લોકોની સંખ્યા ઘટી છે ખરી? અને વસ્તીના મોટા ભાગને સારાં ઘરોમાં રહેવાનું મળતું થયું છે ખરૂં? પશ્ચિમના દેશોમાં જ્યાં યંત્રોને લીધે વધારેમાં વધારે સુધારા થયા છે ત્યાં મોટા ભાગના લોકોની સ્થિતિ તો ઉલટી વધારે ખરાબ છે. અમુક ઉપલા વર્ગના લોકોને વધારે સુખ સગવડમાં રહેવાનું મળતું હોય તો તેતો યંત્રો મારફત પોતાનાજ દેશના નીચલા વર્ગના લોકોનું તથા સુધરેલા ગણાતા દેશો બીજી પ્રજાઓનું શોષણ કરી શકે છે તેનેજ આભારી છે. યંત્ર સંસ્કૃતિની અસર નીચે આવેલા લોકોની સુખસગવડમાં વધારો થયો હોય તો તે એટલોજ છે કે જાત જાતનાં કોસમેટિક, પેટન્ટ દવાઓ, સાબુ, લોશનો, ટુથ પેસ્ટો, હજામતના વિવિધ પ્રકારના સામાન, ફોનોગ્રાફ, રેડિયો, સિનેમા એવું એવું બધું વધ્યું છે. પણ તેની સાથેજ મજૂરોના ગંદાઘોલકાં, દારૂનાં પીઠાં, ગંદો અને અનારોગ્ય ખોરાક આપનારી હોટેલો અને વેશ્યાગૃહો પણ વધ્યાં છે. શહેરમાં ડોકટરો અને ઇસ્પીતાલો ઘણી હોય છે. ત્યારે ગીચોગીચ વસ્તીને લીધે ત્યાં બીમારીનું પ્રમાણ પણ મોટું હોય છે. અને વારંવાર રોગો ફાટી નીકળે છે તે જુદા! વળી શહેરોમાં ઘોંઘાટ અને અવાજનું પ્રમાણ તથા પ્રકાર કદી નહિ કલ્પાયા હોય એટલા વધી ગયા છે. કેટલાક વૈજ્ઞાનિકો તો એવો મત ધરાવે છે કે દિવસ અને રાત કાન ઉપર કર્કશ અવાજો સતત અથડાયાજ કરતા હોવાથી પશ્ચિમની પ્રજા ધીરે ધીરે બહેરી થતી જાય છે. અતિશય અવાજને લીધે જ્ઞાનતંતુઓ ઢીલા પડી જાય છે. રસ્તા ઉપર વાહનોની અડફટમાં આવવાને લીધે થતા અકસ્માતોમાના ઘણા જ્ઞાનતંતુઓની નબળાઇને આભારી હોય છે. વળી ધૂળ અને ધૂણીના ત્રાસને લીધે શહેરમાં શ્વાસોચ્છવાસનાં દરદો પણ વધતાંજ જાય છે.

મોટાં શહેરોમાં તો ઘણા લોકોને સૂર્યનો તડકો પણ મળતો નથી. ધૂણીનું માપ કાઢવાનું પણ યંત્ર નીકળ્યું છે. અને તે ઉપરથી એવી ગણતરી કરવામાં આવી છે કે લંડન શહેરમાં તેની ધૂણીને લીધે સૂર્યનો પ્રકાશ પચાસ ટકા ઓછો પ્રવેશ કરી શકે છે. અને એના પ્રકાશમાંના અલ્ટ્રાવાયોલેટ કિરણો તો શહેરમાં બિલકુલ દાખલજ થઇ શકતાં નથી (સૂર્યના પ્રકાશનું પૃથક્કરણ કરતાં આપણે તેનાં સાત રંગવાળાં સાતકિરણો અલગ જોઇ શકીએ છીએ. પણ આંખથી જોઈ શકાય એવાં આ કિરણો ઉપરાંત એના પ્રકાશમાં બીજા અદ્રશ્ય કિરણો પણ હોય છે એમાંના જાંબલી રંગનાં કિરણો પછીનાં કિરણોનો 'અલ્ટ્રાવાયોલેટ' જાંબલી રંગની પારનાં કિરણો કહે છે. આ કિરણો અદ્રશ્ય હોય છે પણ તંદુરસ્તીને માટે બહુજ ઉત્તમ ગણાય છે.) આવી પરિસ્થિતિનું પરિણામ એ આવ્યું છે કે શહેરમાં રહેનારા લોકોના શરીર માંદલા થવાં લાગ્યા છે. આપણે હવે શરીરની બાબતમાં પ્રગતિ નથી

# શ્રી જૈન શ્વે૦ કૉન્ફરન્સના-બંધારણનું અવલોકન.

લેખક:—મોહનલાલ દીપચંદ ચોકસી.

લેખાંક ૬ ઠો.

## બંધારણની ચર્ચાનો ઉપસંહાર.

શ્રીમતી કોન્ફરન્સના બંધારણને લગતી કલમોતેર ઉપર રીતસર વિચારણા ચલાવી ગયા પછીની કલમો ૧૪-૧૫ અને ૧૬ કે જે અનુક્રમે કોન્ફરન્સના પ્રમુખની નીમણુક, કોન્ફરન્સ મુખ્ય કાર્યાલય, અને અહેવાલ તથા હિસાબ સબંધી છે, તેમજ બેઠક વેળાએ કામકાજ ચલાવવાના કાનુનો કે જેની સંખ્યા બારની છે તે સર્વ બાબતો એટલી સાદી છે કે જેથી એમાટે હાલના તબક્કે ખાસ ટીકા ટીપ્પણ બિન જરૂરી છે. આ રીતે પૂર્ણાહુતિ થતી લેખમાળાના ઉપસંહારમાં એક વાતપર ખાસ ભાર મૂકવા જેવો છે અને તે એ છે કે બંધારણ ગમે તેવું સુન્દર હોય છતાં જો એ પ્રમાણે સંસ્થાનું તંત્રકામ ન કરતું હોય તો એ સુંદરતા કંઇજ કામની નથી. કાર્યવાહકો ગમે તેવા પદવી સંપન્ન શ્રીમંત કે મોટા ભાષણકાર હોય છતાં એથી સંસ્થાનો કંઇ શુક્રવાર વળે નહીં. જીવંત સંસ્થા તો એ છે કે જે બંધારણ પ્રમાણે નાનુ યા મોટુ કાર્ય નિયમિતપણે કર્યા જાય છે. જેની પાછળ આમ જનતાનો રસ વૃદ્ધિગંત થતો રહે છે. જેના કાર્યક્રમમાં જનતા ઓતપ્રોત બને છે. જેની કાર્યવાહીમાં જવાનો કે એ માટે હરિફાઇ કરવાનો નવા કાર્યકરોને મોહ રહે છે. આ વાત ત્યારેજ શકય બને કે સંસ્થાના કાર્યકરો મુંબઇના માપે જૈન જનતાનું માનસ માપવાનું છોડીદઇ મુંબઇ બહારના વિશાળ પ્રદેશમાં જે આમ-સમૂહ પથરાયેલો છે તેના ચરમાથી જોવા માંડે. એ પ્રતિ ડગ ભરતાંજ જણાશે કે એ સારૂ અધિવેશનની નિયમિતતા ને સમયની અનુકુળતા તથા સાદાઇને ઓછી ખર્ચાળતા ખાસ જરૂરના છે. ખુરશીને બદલે જમીન પરની અને દિવસને બદલે રાત્રિની ખુલ્લી બેઠક એ ઇષ્ટ છે. અધિવેશનની સાથે સાહિત્ય પ્રદર્શન, ભક્તિના અંગમાં જેનો સમાવેશ થાય છે એવી પૂજા વિધિની ગોઠવણ આદિના કાર્યક્રમ આમેજ કરવાની અગત્ય છે. વળી સ્થળ પણ કોઇ તીર્થસ્થળની નજીકનું હોય એ ઇષ્ટ છે તેમજ પ્રતિવર્ષ એની ફેરબદલી થતીજ રહે, તોજ એ પરનો મોહ કાયમ રહે.

આ બધા ઉપરાંત સમાજની પરિષદે તો પૂર્વની માફક લાંબી હારમાળાનો કે સમાજને સુચનાઓ કરવાનો મોહ છોડી પોતાનાથી બની શકતુ કાર્ય ઉપાડવાનો નિર્ધાર કરવાનું અને એ પાર પાડવાનુ ધ્યેય સ્વીકારવું ઘટે ભલે ને એ બાબતો ઝાઝી ન પણ હોય. પગ જોઇને પાથરણુ તણાય એમાંજ શોભા છે. જે કાર્ય દેશની મહાસભાદ્વારા થતું હોય અગર જે કાર્ય સુધારા પરિષદની મર્યાદાનુ હોય એમાં હસ્તક્ષેપ ન કરતાં તેમજ ચર્ચાસ્પદ ઠરાવોનો વંટોળ ન ચઢાવતાં એકજ ધ્યેય નજર સામે રાખીને કે જૈન સમાજનુ સંગઠન મજબુત બને એ અર્થે કાર્યવાહીના મંડાણ થાય. વધુ નહીં તો પાંચ વર્ષીય કાર્યક્રમ તો એવોજ દોરાય કે જેમાં રચનાત્મક કામોજ હોય એમાં ચતુર્વિધ સંઘના પ્રત્યેક અંગને રસ પડે.

---

કરતાં એટલુંજ નહિ પણ આપણાં પૂર્વજો શરીર વિકાસની જે કોટિએ પહોંચ્યા હતા તેનાથી આપણે ઘણા નીચે ઉતરવા માંડયું છે. બીજી તરફથી આપણા ઓજારો, આપણા યંત્રો અને આપણી ભૌતિક સાધન સામગ્રી વધુને વધુ વિકાસ પામતી જાય છે. આપણે જાણે એવું કર્યું છે કે વિકાસ પામવાનું કામ આપણે માથેથી ઉતારી નાંખી આપણી બાહ્ય સાધન સામગ્રીને માથે નાંખી દીધું છે. યંત્ર વિજ્ઞાન અને બીજાં વિજ્ઞાનોએ જે સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે તેથી અંજાઈ જઇને આપણે એવી ભાષા વાપરીએ છીએ કે આપણે પોતેજ જાણે વિકાસ પામતા જઇએ છીએ. પરંતુ ઉંડા ઉતરીને જોઇએ તો તેવું કશું નથી.”

—ચોકસી.

---

( અનુસંધાન પૃષ્ઠ ૪ ઉપરથી )

कपोतकः पक्षिविशेष स्तद्वद् येफले वर्ण साधर्म्यात् ते कपोते कूष्माण्डे हूस्थे कपोते कपोतके ते च ते शरीरे वन-स्पति जीवदेहत्वात् कपोतकशरीरे इवधूसरवर्ण साधर्म्यादेव कपोतक शरीरे कूष्माण्डफले एव.......

કપોતક એટલે પક્ષી વિશેષ તેના જેવા જે બે ફળો વર્ણની સધર્મતાથી તે બે કપોત એટલે બે કુષ્માણ્ડ ફળો ( કોળાં ) નાના કપોત તે કપોતક કહેવાય તે બે શરીર વન-સ્પતિ જીવના દેહ હોવાને કારણે તે કપોતક શરીર કહેવાય અથવા ( બીજી રીતે ) કપોતકની બે શરીરોની જેવા ભુરા વર્ણના સાધર્મ્યથી કપોતક શરીર એટલે કુષ્માણ્ડ ફળોજ (લેવા)

मार्जारो वायु विशेषस्तदुपशमनायकृत्तं=संस्कृतं माजरि-कृतम् ॥ अपरेत्वादुः मार्जारो विरालिकाभिधानो वनस्पति विशेषसोन कृतं भावितं यत्तत्तथा, किंतत् ? इत्याह “कुर्कुटक मांसकं” वीजपूरकंकटाहम् “ आहरादि ” त्ति निरवद्यत्वात् ॥

માર્જાર એટલે એક જાતનો વાયુ તેના શમનને માટે કરેલું તે માર્જારકૃત કહેવાય. બીજાઓ કહે છે કે માર્જાર એટલે વિરાલિકા નામની ઔષધી વિશેષ તેના વડે કૃત એટલે ભાવિત ( સંસ્કારીત ) કરેલ જે તે તે શું ? તે કહે છે કે કુર્કુટક **मांसकं वीजपूरकंकटाहम्** ( બીજોરાનો ગર્ભ ) આહરાહી એટલે લાવ નિરવદ્ય હોવાથી આ પ્રમાણે ભગવતીજી સૂત્રના ૧૫ મા અધ્યયનના પાઠનો અર્થ છે. વળી વીચારવું જોઇએ કે ભગવાન મહાવીરને ઔષધ વહોરાવનાર રેવતી એ કોઇ સામાન્ય સ્ત્રી ન હતી પરંતુ મહાવીરના ચર્તુરવિધ સંઘ પૈકી કલ્પસૂત્રમાં વર્ણવેલ સુલસા વીગેરે શ્રાવિકા સંઘ ગણત્રીમાંની મુખ્ય વ્રતધારી શ્રાવીકા હતી કે જેને ત્યાં ભગવાન્ મહાવીરે વારંવાર ઉપદેશેલ નરકાવતારના દ્વારભૂત માંસ ભક્ષણ કદી પણ સંભવી શકેજ નહિ.

અપૂર્ણ.

# સ્વીકાર અને સમાલોચના.

**કલિંગનું યુદ્ધ યાને મહામેઘવાહન મહારાજા ખારવેલ** (લેખક સુશિલ મૂલ્ય રૂા૦ ૧-૦-૦ પ્રાપ્તિ સ્થાન શ્રી મેઘરાજ પુસ્તક ભંડાર, શ્રી ગોડીજીની ચાલ મુંબઇ ૩.) જૈન સમાજના લેખકોમાં તો ભાઇશ્રી સુશીલ સુપ્રસિદ્ધ છેજ પણ જૈનેતર વર્તુળમાં પણ તેમનું સ્થાન ઠીક ઠીક મહત્વ ધરાવે છે. સરિતાના શાંત પ્રવાહ પર એકાદી નાની નાવડી મધ્યમ ગતિએ વહી જતી હોય તેમ તેમની લેખિની આલેખન કરતી આગળ વધે છે. કૃતિઓના ગાત્ર જોતાં એમાં પુષ્ટતા નહિં જણાય છતાં એમાં પુરાતત્વને ઐતિહાસિક બાબતોનો જે રસમય મશાલો ભર્યો હોય છે એ નિરખતાં આ નાનેરાં સર્જનોના મૂલ્ય ઝાઝેરાં છે. **કલિંગનું યુદ્ધ** પણ એક એવીજ કૃતિ છે. મહારાજા ખારવેલે જૈન ધર્મ તથા જૈન સમાજનું જે ગૌરવ વધાર્યું છે અને જે માટે લબ્ધ જૈન ગ્રંથોમાં લગભગ કંઇજ નોંધ લેવાયલી દૃષ્ટિગોચર નથી થતી છતાં ઓરીસાના ભુવનેશ્વર તીર્થ નજીક આવેલ ખંડગિરિ, ઉદયગિરિ પર્વત ઉપરના—હાથી ગુફાના શિલાલેખ તરિકે ઓળખાતા—લખાણે પુરવાર કરી આપ્યું છે કે જૈન ધર્મમાં મહારાજા ખારવેલનું સ્થાન અતિ ઉચ્ચ હતું અને તેઓશ્રીની સેવા જૈન—જૈનેતર વર્ગમાં ગૌરવ સમીને પ્રશંસનીય હતી. જૈન ધર્મને લગતા શિલાલેખોમાં આ જુનામાં જુનો ગણાય છે. અંધારામાં રહેલ ઇતિહાસ પર એથી સુપ્રમાણમાં પ્રકાશ ફેંકાયો છે. આવી અતિ મહત્વની બાબતને વાર્તારૂપે સાંકળી જનતાના કરકમળમાં અર્પવાનો જે સુપ્રયાસ કરવામાં આવ્યો છે તે અભિનંદનીય છે. એક વારના વાંચન વિના એનો સાચો ખ્યાલ નજ આવી શકે.

## સમાચાર સાર

—આચાર્ય શ્રી વિજયનેમિસૂરિશ્વરજી મહારાજશ્રીની ઑઇલ પેન્ટીંગ છબી શ્રી ગોડીજી મહારાજના ઉપાશ્રયે પંન્યાસજી શ્રી. પ્રીતિવિજયજી મહારાજની અધ્યક્ષતામાં દાનવીર શેઠ માણેકલાલ ચુનીલાલે માગસર વદ ૧૪ ની સવારે ખુલ્લી મૂકી હતી. આ પ્રસંગે જૈન સ્વયંસેવક મંડળના બેન્ડે સલામી આપી હતી તેમજ પાઠશાળાની બાળાઓએ ગીત ગાઇ સંભળાવ્યું હતું. શેઠ શ્રી. તરફથી શિક્ષિકા બેનને રૂા૦ ૫) તથા ત્રણ બાળાઓને રૂા૦ ૧૦) રોકડ ઇનામ તરીકે આપવામાં આવ્યા હતા તેમજ પ્રભાવના કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં શેઠ માણેકલાલભાઇએ રૂપીઆ સાડા છ લાખ લગભગની સખાવત જૈન સમાજ તેમજ બીજી સંસ્થાઓમાં કરેલી છે તેમાંથી મોટી રકમોનો ઉલ્લેખ સભા સમક્ષ શ્રી. વાડીલાલ જેઠાલાલે કહી સંભળાવ્યો હતો અને આચાર્યશ્રીની સ્તુતિ કરી હતી. પં. શ્રી. પ્રીતિવિજયજી મહારાજશ્રીએ આચાર્યશ્રીના ગુણોનું ટુંક વર્ણન કર્યું હતું.

—"જૈન પત્ર" ઉપર પં. શ્રી. પ્રીતિવિજયજી મહારાજે માંડેલા કેસની મુદત તા૦ ૨૦ મી જાન્યુઆરીની પડી છે.

—મુંબઇમાં, લાલબાગમાં ઉપાધ્યાય શ્રી. ક્ષમાવિજયને આચાર્ય પદવી તેમજ બીજા મુનીરાજોને પન્યાસ પદવી માહા માસમાં આપવામાં આવનાર છે.

—"જૈન યુગ" તા૦ ૧-૮-૩૫ માં ઇતિહાસ સંબંધી જે હકીકત આવી હતી તે ઇતિહાસમાં થયેલી ભૂલો સંબંધી ઇતિહાસના લેખિકા શ્રીમતી દિવાળીબાઇ રાઠોડની શ્રી. વાડીલાલ જેઠાલાલે અગાઉ મુલાકાત લીધી હતી તે વખતે નવી આવૃતિમાં સુધારો કરવાનું વચન શ્રીમતી દિવાળીબાઇએ આપેલું હતું તે મુજબ નવી આવૃતિમાં સુધારો કરવામાં આવ્યો છે. જે બદલ આ સ્થળે તેઓશ્રીના આભાર માનવામાં આવે છે. આ ઇતિહાસમાં જાણીતા રાષ્ટ્ર નેતાઓની પણ વાર્તાઓ છાપવામાં આવેલી છે. જેમાં મુખ્ય મહાત્મા ગાંધીજી લોકમાન્ય તીલક, શ્રી. વીઠ્ઠલભાઇ પટેલ વીગેરેનો સમાવેશ થાય છે.

**પંજાબ સરકારને અરજી**—ભગવાન મહાવીરની જયન્તીના દિવસને જાહેર તહેવાર તરીકે મંજુર કરાવવા માટે અમ્રતસરના જૈનોએ પંજાબ સરકારને અરજી કરી છે.

**શત્રુંજા પર નવા મંદિરની પ્રતિષ્ઠા:**—બાબુ પન્નાલાલજી જે. પી. ના સ્મરણાર્થે બાબુ ભગવાનલાલજી જે. પી. તરફથી શત્રુંજય પર્વત પર પાંસઠ હજારનું તૈયાર કરવામાં આવેલ મંદિર પૂર્ણ થતાં તેની પ્રતિષ્ઠા મહા માસમાં કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

**શ્રીમદ્ હેમચંદ્રાચાર્યનો એક ગ્રંથ**—કુમારપાળ મહારાજાની પ્રાર્થનાથી શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે "મંત્રગર્ભિત શક્રસ્તવ" તથા જીન ચરિત્રના દશ અધ્યાય રચ્યા હતા. (પરમાત્માના એક હજાર નામો યુક્ત) એની એક પ્રાચીન સુંદર અને શુદ્ધ પ્રત મુનિ બાળવિજયજી મહારાજને પ્રાપ્ત થઇ છે. ભાવિકોનો ટેકો મળે તો તે પ્રગટ કરવાની તેમની ભાવના છે.


**તમારા ઘર, લાઇબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ**

**જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો.**

**રૂા. ૧૮-૮-૦ ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭-૮-૦ માં ખરીદો.**

| | અસલ કિંમત | | ઘટાડેલી કિંમત. |
|---|---|---|---|
| શ્રી જૈન ગ્રંથાવલી | રૂા. ૩-૦-૦ | | ૧-૦-૦ |
| શ્રી જૈન મંદિરાવલી | રૂા. ૧-૮-૦ | | ૦-૮-૦ |

જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃતઃ—

| | | પૃષ્ટ. | |
|---|---|---|---|
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો | રૂા. ૫-૦-૦ | ૧૦૦૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો | રૂા. ૩-૦-૦ | ૮૫૦ | ૧-૮-૦ |
| શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ | રૂા. ૬-૦-૦ | ૧૨૫૦ | ૩-૦-૦ |

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા. ૪-૦-૦ માંજ.

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખોઃ—**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ,**
૨૦, પાયધુની—**મુંબઇ, ૩.**


આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA."          Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.
# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી:—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:—રૂપીઆ બે.          છુટક નકલ:—દોઢ આનો.

વર્ષ જુનું ૧૨ મું. નવું ૭ મું. | તારીખ ૧૬ મી જાન્યુઆરી ૧૯૩૯. | અંક ૧૨ મો.

## Jainism A Universal Religion.

The Jain religion aims at opening the understanding, and can be very easily comprehended even by a layman. Jainism means the religion of Jina. The word Jina means Conqueror. The conqueror here meant, is not the conqueror of any fort, kingdom or dominion but the conqueror of the enemies of the soul, namely passions. Therefore a Jina is one who has conquered the enemies of the soul and has realised God in himself. Thus Jainism shows us the path to obtain salvation through self-purification. This growing ideal, this operative principle is the key—note of this religion.

The Jainism occupies an important place among the ancient religions of the world. Its philosophical tenets, ethical rules and theories of logic have a peculiar aspect of their own, which speak its antiquity and universality. In theory as well as in practice, Jainism maintains a broad angle of vision and embraces in its fold all the living creatures desiring to attain emancipation. It lays down rules for the upliftment of all the living beings, from the smallest insect down the highly developed man. For the plain fact is that the gospel of Bhagwan Mahavira was expounded equally for all people without any distinction of caste or creed. In this sense Jainism can well claim to become a Universal religion. Its message of Ahimsa Parmodharma (non-violence) is a recognition of Unniversal brotherhood of not only man, but also of all living creatures. The oft-repeated phrase "मित्ति मे सव्व भूएसु" in the Jain Shastras, is the guiding maxim for the Jain world, and clears all our doubts regarding the Universal brotherhood preached by Lord Mahavira.

It is admitted on all hands that man is a social being and that religion is one of the greatest concerns of mankind. Religion has swayed and even now sways, the lives of millions of human beings. It has influenced for better or for worse, the aspirations and activities of countless men and women, from the primitive down to our present age. Such a phenomenon requires a serious and earnest consideration.

Jainism shows that each soul possesses within itself the capacity of attaining the highest perfection through self-realisation. Soul is under bondage of matter from eternity, due to its karmas, which have crippled its natnre. And every moment the soul is being heaped up by new karmas. In its true nature the soul is an all-seeing, all-knowing, and all-blissful being. But all these qualities can display themselves only, if the Soul is free from heterogeneous matter. As such the great aim and object of the embodied Soul is to get itself separated from the combination of matter to attain complete freedom and perfect happiness. It is only by realising and improving the soul alone, one can proceed towards the altar of emancipation. In short, according to Jain philosophy, one reaches Godhood from manhood, as was practically demonstrated by Lord Mahavira himself.

[Shree Atmaramji Shatabdi Granth]

જૈન યુગ.

તા૦ ૧૬-૧-૩૯. સોમવાર.

# પરિસ્થિતિનું સાચું માપ.

ગયા અગ્રલેખપર ટીકા ટીપ્પણુ થયા છે. રા, કમળેશ 'ચર્ચા અને અવલોકન' માં કહે છે કે જૈનયુગના તંત્રી અવળા રસ્તે! 'ગપગોળા' ના ગડબડદાસ લખે છે કે જૈનયુગ આડ યા ઢાળ ધરે છે અથવા તો તલવાર બતાવે છે! ત્રીજામાં વળી કોઇ ત્રીજીજ બાબત છે. જૈન સમાજના પત્રોમાં એ દ્વારા ખોરાક મળ્યો છે અને 'મુંડે મુંડે જુદી મતિ' એ ન્યાયે એ પર ભિન્ન ભિન્ન ચણતર થયા છે. એ સામે વાંધો લેવાપણુ શું હોય! એ વાંચ્યા પછી પણુ ભાવનગર અધિવેશન સબંધમાં અમારૂં મંતવ્ય ફેરવવાનુ કંઇ સબળ કારણુ મળતુ નથી. ત્યાંના કાર્યકરોને જે સ્થિતિમાં મુકાવું પડ્યું એ જરૂર શોચનીય છે છતાં અધિવેશન ભરવાની હાર્દિક ઇચ્છા સામે આંગળી ચીંધવા પણુ નથી જણાતુ. આંગણે આવેળ અવસર કંકુના ચાંલ્લે પસાર થાય એ જોવાની આકાંક્ષા સૌને રહે છે. કાળી ટીલી વહોરી પોતાના ઘરમાં કલેશ ના બી રોપવાનુ કોણુ પસંદ કરે? અને તેમાં પણુ ભાવનગરી બંધુઓ પાસેથી એ અપેક્ષા ન ભૂતો ન ભવિષ્યતિ જેવી અસંભવિત એટલે એકવાર ફરીથી પરિસ્થિતિનુ સાચુ માપ કહાડવાની અગત્ય ઉપર ભાર મૂકીએ છીએ. સાથે એટલું પણુ જણાવીયે કે વર્તમાન ગુંચ એ કોઇ આકસ્મિક કે મામુલી નથીજ. તેમ એ કંઇ શાસન રસિક ભાઇઓનો એક વર્ગ જુદો પડવાથી પડી છે એમ પણુ નથીજ. એના કારણો વડોદરાના દીક્ષા કાયદા સંબંધેના રીપોર્ટ પરથી જન્મ્યા. કોન્ફરન્સને ચુસ્તપણે વળગી રહેલ વૃદ્ધ અને યુવાન વર્ગ દરમ્યેનું અતંર વધતુ ચાલ્યુ. પ્રથમ વર્ગની તોડ જોડથી કામ કરવાની રીત બદલાણી. વધુમતીના જોરે ઝટ ઉકેળ આણુવાની પ્રથા શરૂ થઇ. યુવાન વર્ગની ભાષણુ કળા અને જુસ્સાદાર વાણી સામે વૃદ્ધોની વાતને અનુભવ નકામા નીવડયા. ધીમે ધીમે એ વર્ગની ગેરહાજરી વધી પડી; એટલે સહજ યુવક સભ્યો બહુમતીમાં આવ્યા સંસ્થાનુ કાર્યક્ષેત્ર પૂર્વે જે મુખ્યતયા ધાર્મિક બાબતોમાં અગ્રપદ ભોગવતું તે હવે સામાજીક ક્ષેત્રમાં વધુ ઢળતુ ગયુ. કેટલાકોને લાગવા માંડયું કે કોન્ફરન્સનો કબજો યુવકોના હાથમાં જઇ પડયો છે એટલે એક ચર્ચાકારે યુવકોની પરિષદ પ્રવૃત્તિ સાથે કોન્ફરન્સ પ્રવૃત્તિને ભેળી દઇ કેટલીયે વાર ખીચડમપાક સમાજને પીરસવા માંડયો. બીજી બાજુ જુન્નેરથી રીસાયેલા બંધુઓ એ પોતાનો રોષ ઠાલવવા સારૂ કોન્ફરન્સની ખાસ કોઇ દૂષિત નીતિ હાથ ન આવતાં યુવકોની અંગત કાર્યવાહીમાંથી કેટલીક વાંધા ભરી વાતો ઉચકી લઇ કોન્ફરન્સના નામે વગોવણી આરંભી દીધી. વળી નવું તંત્ર ઉભું કરેલું એટલે ઉમંગ તો હતોજ એમાં પૈસાની સ્હાય મળી એટલે એનો પ્રચાર વધી પડયો. આ સમયે જો કોન્ફરન્સના આગેવાનો થોડો સમય ફાજળ પાડી મુખ્ય સ્થળોમાં ઘુમી વળ્યા હોત તો ગેરસમજ થતી અટકી પડી હોત. અરે છાપામાં સ્પષ્ટી કરણુ કરતાં રહ્યા હોત તો પણુ વાત મર્યાદા બહાર ન જાત. પણુ ગમે તે કારણે મૌન રહેવામાં એમણે ડહાપણુ માન્યુ. આમ યંગમેનો અને યુવકોના માર્ગ મોકળા બન્યા. સાચી રીતે કહીયે તો ઉભયમાંથી એકની પણુ અંગત પ્રવૃત્તિ જોડે કોન્ફરન્સને સીધો કે નજીકનો સબંધ ન હોતો છતાં યુવકોમાંના કેટલાક કોન્ફરન્સની કમિટિમાં સભ્ય તેમજ અધિકાર પદે હોવાથી તેમનું કાર્ય કોન્ફરન્સની કાર્યવાહીના નામે ભેળવી દેવાયુ. એવી સીફતથી એનો પ્રચાર આરંભાયો કે સમાજનો એક વિશાળ સમુદાય કે જેને શાસન રસિક બંધુઓ જોડે સબંધ સરખો પણુ ન હોતો તે પણુ ભુલાવામાં પડયો અને યોગ્ય ખુલાસાના અભાવે ભ્રમણા સેવવા લાગ્યો. વર્ષોથી સાથ આપનારા ઘણા સભ્યો આ પરિસ્થિતિ નહોતા ઇચ્છતા છતાં બંધારણુના નામે વ્યકિત સ્વાતંત્ર્યના નામે, આ સામે શું કરવું તે ન સમજાયાથી ઘેર બેસવા લાગ્યા. હૃદયમાં કોન્ફરન્સ પ્રત્યે ધગશ છતાં પરાંગ્મુખ બન્યા. ચળતી ચાલવાદોને નામે કોન્ફરન્સની પ્રતિભા જોખમાવા લાગી. પોતાને આંગણે અધિવેશન મેળવવાનો મોહ ક્ષીણુ થતો ચાલ્યો. શ્રી. કેશરીયાજીનો પ્રશ્ન ઉઠયો ન હોત તો મુંબઇ અધિવેશન સફળ ન થાત. એ વેળા વિખરાયેલા બળોને સંયોજિત કરવાના પ્રયાસ થયેલા પણુ સફળતા ન મળી. એના કારણોમાં ઉંડા ઉતરવાની હાલ જરૂર નથી. છતાં બેઠક સફળ નિવડી પણુ એટાણે આવેગમાં આવી જઇ યુવકેના એક વર્ગે જે ભાગ ભજવ્યો ત્યારથીજ સમજુને અનુભવી હૃદયો પામી ગયા કે કોન્ફરન્સ મોભો ગુમાવતી જાય છે. એ સમયે જે બે સવાલો માટે ગયા અંકમાં ખાસ ઉલ્લેખ કરેલો છે તે પાસ કરાવવાની યુવકોની હઠથી કોણુ અજાણ્યું છે? આમ છતાં કેટલાક જુના આગેવાનોના સહકારથી થોડો સમય કાર્ય ચાલ્યુ પણુ દિલના ભંગાણુ પડયા એથી સાચી જમાવટ ન થઇ. મુંબઇ બહારના ભાગોમાં રસ ક્ષીણુ થઇ ગયો. એમાં તાજગી આણુવાના ઉપાય પણુ ન લેવાયા. આવી ડગુમગુ સ્થિતિમાં પણુ શ્રી. કેશરીયાજીના ડેપ્યુટેશને-બેઠેલા કમીશને જનતાની નજર સંસ્થાપ્રતિ દોરી રાખી. પણુ એ પછીની સ્થિતિ અને એને લગતા ખરચના પ્રશ્ને જગાડેલી ચર્ચાએ બહારની વાતમાં તો સાવ નિરાશા જેવું છતાં સાથે કામ કરનારા સભ્યોમાં અસંતોષ પ્રગટાવ્યો. જૈન ચર્ચા તો ડહોળાણુ કરી રહી હતી એમાં એની સહિયર સાંજચર્ચા મળી. ઉભયના સહકારે સંસ્થા પ્રત્યેના સન્માન અને સભ્યોના પ્રેમને સાવ સુકાવી નાંખ્યા! કાર્ય દિશાની ગુંગળામણુ વધી પડી કિં કર્તવ્ય મૂઢતા વ્યાપી રહી! મામુલી કે સીરસ્તાના કામો સિવાયનો કોઇ કાર્યક્રમજ ન રહ્યો! બંધારણુના ઘોચપરોણાથી અખીલ હિંદ સમિતિ મેળવાણી; વાતાવરણનું તોલન તો સ્પષ્ટ રૂપમાં થયું છતાં એ શાથી જન્મ્યુએનાં ખરા કારણુની સમાલોચના ન થઇ. મંત્રીઓ તરિકે શ્રી. મોતીચંદભાઇ અને શ્રી. કાંતીભાઇ આવ્યા એ આનંદને ઉત્સાહનો વિષય બન્યો. સંગઠન કરવાના

# નોંધ અને ચર્ચા.

## અહિંસક સંગ્રામના સૈનિકોનું સન્માન.

રાજકોટ સત્યાગ્રહમાં જેલવેઠી, લાઠી પ્રહારો સહન કરી, વિજયવંત થઈ પાછા ફરેલા શ્રી. વીરચંદભાઈ અને શ્રી. મણીભાઈ શેઠના માનમાં જૈન સંસ્થાઓ તરફથી જે મેળાવડા ગોઠવાયેલા એમાં કોઇએ કોમી દ્રષ્ટિ માનવાની જરૂર નથી તેમ માત્ર જૈન બંધુઓમાંના બે નામ ઉલ્લેખાયાથી અન્ય ભાઇઓએ આપેલ ભોગની કંઈ કિંમતજ નથી એમ પણ માનવાનું નથીજ. ખરી રીતે એ સર્વ સન્માન અહિંસક રીતે સંગ્રામ ખેલનાર સર્વ સૈનિકોનુંજ છે. વ્યવહારીક રીતે અગ્રણીને યાદ કરાય છતાં સરદારના સન્માનના સાચા યશ ધારી તો સૈનિકોજ છે એ વાત જરાપણ લક્ષ્ય બહાર નથી રખાણી અને નથી રાખવા જેવી. આવા પ્રસંગો ગોઠવવા પાછળ એકજ હેતુ છે અને તે એજ કે સુષુપ્ત જૈન સમાજ પોતામાંનાજ બાંધવોને આ જાતની શૂરવીરતા દાખવનારા નિહાળી જાગ્રત બને, ઉંડીની લીધેલી ભીરૂતાને ખંખેરી નાંખે, અને પોતાના ગૌરવશાળી ભૂતકાળને સમૃતિપટમાં તાજો કરે. અહિંસા જેવા અમોઘ તત્વની સાચી શકિતનું એણે ભાન થાય. દયા એ કેવલ પોકારની વસ્તુ નથી કિંવા એની સમાપ્તિ પૈસો ફેંકવાના કે એકાદ જીવ છોડાવવાના કાર્યથી નથી થઇ જતી; પણ એ મહા શકિતનો સંપૂર્ણપણે અભ્યાસ કરવામાં આવે તો સાચેજ એ એક કામધેનુ છે. એના બળ આગળ દુન્યવી અન્ય બળોનો કંઇજ હિસાબ નથી. એક રીતે કહીયે તો આવા મેળાવડા ગોઠવવાનો આજ મુખ્ય હેતુ છે. એમાં શૂરાઓના સન્માન કરતાં આમ જનતાને ગ્રહણ કરવાનો બોધ પાઠ અગ્રભાગ ભજવે છે. એ દ્વારા સૈનિકોની યશગાથા શ્રવણ કરી પ્રત્યેક અંતરોમાં એના બીજારોપણ કરવાનો ભાવ સમાયેલો છે એટલેજ એ જાતના મેળાવડા ઇષ્ટને આવશ્યક છે એવા પ્રસંગોની ચીમકી વિના સમાજની દીર્ઘ નિદ્રા ઉડે તેમ નથી.

## ‘પ્રસ્થાન’ માસિક અને શ્રી. ગોપાળદાસ.

‘પ્રસ્થાન’ ના કાર્તક અંકમાં શ્રી. ગોપાળદાસે એક લેખ લખ્યો છે ને એનું મથાળું બાંધ્યું છે, ‘શ્રી. મહાવીર સ્વામીનો માંસાહાર’ આ વસ્તુ પહેલી તકે એટલી અસંબદ્ધ ભાસે છે કે એક સામાન્ય બુદ્ધિનો આદમી પણ એમાં રહેલ વિરોધાભાસ સહજ સમજી શકે છે. આશ્ચર્યની વાત તો એજ છે કે આવી એક ભયંકર બાબતને પ્રસ્થાનના વિદ્વાન તંત્રી સ્થાન આપે છે! એથી અજાયેબી તો એ ઉપજે છે કે શ્રી. ગોપાળદાસ કોશમાં દર્શાવેલા શબ્દોના અમુક અર્થો લઇ એ પાછળ સમયનો દુરૂપયોગ કરે છે! માત્ર જો શબ્દાર્થ નેજ વળગી રહેવામાં આવે અને વાકયની રચના કે આસપાસનો સબંધ અગર તો કહેનાર કે લખનાર વ્યક્તિનો એ પાછળનો ભાવ જોવામાં ન આવે તો સાઠમારી અને અવ્યવસ્થાનો પાર ન રહે. જે જૈનધર્મ પાણીના સુક્ષ્મ જીવને બચાવવાની વાત કરે, જેના પ્રણેતા શ્રી મહાવીર દેવ અહિંસાનું સુક્ષ્મને તળસ્પર્શી બ્યાન કરે છે. માત્ર માંસમાંજ નહિં પણ એ ઉપરાંત મદિરા–મધ અને માખણમાં પણ સમયે સમયે જીવોની ઉત્પત્તિને વિલય દર્શાવે છે તે પોતે માંસાહાર કરે એ વાત માની શકાયજ કેવી રીતે? મહાત્માઓના જીવનમાં વિચાર–વાણી અને વર્તનની એકતા હોય છે; એટલે શબ્દોના વર્તમાન અર્થ ઉપરથી કે કોશમાં સંગ્રાહાયેલી વાખ્યા ઉપરથી મરજી માફક લખી નાંખવા કરતાં પરિસ્થિતિનો પૂર્ણ અભ્યાસ કરવો ઘટે છે. પૂર્વે આ જાતની ચર્ચા ઉદ્દભવેલી અને એનો ઉત્તર પણ અપાયેલ. જર્મન વિદ્વાન્ હર્મન જેકોબી જેવાએ એ વાંચી પોતાની સ્ખલના કબુલ પણ કરેલી. આજે પણ અંગ્રેજી શબ્દ Trunk લ્યો. એના ત્રણ અર્થ મોજુદ છે. થડ–ધડ અને સૂંઢ. જો વાકયની રચના વિચાર્યા વગર માત્ર શબ્દાર્થ તરફ ધ્યાન અપાય તો હસવા સરખો છબરડો વળી જાય. કેવળ અર્થના નામે એક મહાન્ વિભુતિને કલંકીત કરતાં પૂર્વે બહુ વિચાર કરવાની જરૂર છે. એ માટે વિદ્વાનોની જવાબદારી ઓછી નથીજ. એવા ચિત્રણથી જનતાની કંઇજ સેવા થઈ શકતી નથી. દેશકાળ પણ આવા ચિત્રણથી વિરૂદ્ધ છે એ વાતની ભાઇશ્રી પટેલ નોંધ લ્યે, અને કરેલી ભૂલ સુધારે.

---

ને જાગ્રતિ આણવાના સંકલ્પ થયા. નવ આશાનો સંચાર થયો. એમાં કેળવણીના પચીશ હજારે સાચેજ પ્રાણ ફુંકયા. પુનઃ એકવાર કાર્યવાહી હાથ લાગી એ સાથેજ ગુજરાતમાં બેઠક મેળવી નવેસરથી કાર્યારંભ કરવાના, પડેલ અંતર સાંધવાના, રચનાત્મક કાર્યક્રમ હાથ ધરવાના મનોરથ શરૂ થયા. આ સર્વમાં યુવકોનો સહકાર હતોજ. વૃદ્ધોને પણ એ વાત ગમી. બાહ્ય દ્રષ્ટિયે જોતાં નવ-ઉષાના અજવાળા નજીક લાગ્યા. એમાં ભાવનગરે બીડુ ઝડપ્યું. એકા એક એની એવીતો સુંદર પ્રભા પ્રસરી રહી કે ચોતરફ કોન્ફરન્સનું અધિવેશન એ ખાસ પ્રશ્ન બની ગયો. જો દીર્ઘદ્રષ્ટિથી અને ગતવર્ષોના અનુભવ ધ્યાનમાં લઇ કામ લેવાયુ હોત તો સાચેજ સમાજના ઇતિહાસમાં નવો સફો શરૂ થયો હોત પણ થોડાકના અંગત મંતવ્યે વાત વીણસાડી વિદ્યમાન દશા ખડી કરી. ભલે એમાં સ્પષ્ટ ભંગાણ દેખાય કે કોઇને સર્વનાશ જણાય છતાં એ પાછળના જુદા જુદા સુર એનું અસ્તિત્વજ માંગે છે એ ચોકસ્સ વસ્તુ છે. જરૂર છે એ પૂર્વે કેટલીક ચોખવટની. એ ચોખવટનો માર્ગ શોધવો મુંબઇના કાર્યાલયના હાથમાં છે. અને તે શકય પણ ત્યારેજ થવાનો કે યુવકો વૃદ્ધો અને મધ્યમ કક્ષે કામ કરનારા સભ્યો અને આમંત્રિત ગ્રહસ્થો સાથે બેસી આપ લેના સિદ્ધાંતથી એની રૂપરેખા નકકી કરે કદાચ ધર્મની વાખ્યા નહીં બાંધી શકાય પણ કોંગ્રેસ માફક કોન્ફરન્સના સભ્યની વાખ્યાતો જરૂર નિયત થઇ શકશે. એના સ્વરાજ્ય પ્રાપ્તિના ધ્યેય માફક કોન્ફરન્સનું પણ એક ખાસ ધ્યેય રાખવું પડશે. કોંગ્રેસ જેમ કોમી વાદથી પર છે તેમ કોન્ફરન્સને જૈન સમાજમાં કામ કરવુંજ હશે તો અમુક વાદોથી પર રહેવુંજ પડશે. ગંગાદાસ યમનાદાસ કે મદાલસા જેવી બહુરૂપી વૃત્તિ નહીંજ ચાલી શકે. બંધારણ જરૂર વિશાળ છે છતાં એના અમલ માટે ઢીલાપણુ નહીં ચલાવી લેવાય. સંસ્થાનુ મુખ્ય કાર્યાલય મુંબઇ રહે તો પણ એની કાર્ય મર્યાદા તો નકકી કરવીજ પડવાની, ન તો એકલા જુના વિચારનાઓથી કે ન તો એકલા નવા વિચારના યાતો યુવકોથી કોન્ફરન્સનુ નાવ યોગ્ય દિશામાં હંકારાવાનું. હંકારવું હશે તો ઉભય વચ્ચે સહકાર સાધવોજ પડશે. એની મંત્રણા અધિવેશન પૂર્વેજ થાય એ ઇષ્ટ છે. તોજ બેઠકની સફળતા થવાની. તોજ પ્રાણદાયી કાર્યક્રમ રચી શકાવાનો–સો વાતની એક વાત યાદ રાખવાની અને તે એજ કે ગમે તેટલી ધગશ હોય છતાં બે હાથ વિના તાળી નહીંજ પડવાની.

# ટ્રસ્ટીઓ—સેવક કે માલીક?

જૈન સમાજની એ એક કમ નસિબી છે કે જ્યારે પડોશી કોમો જોસભેર આગળ વધે છે ત્યારે એ પોતાના આંતરિક કલેશોમાંથી આંખ ઉંચી કરી શકતી નથી. એમા ટ્રસ્ટીપણાનો અધિકાર ભોગવતા ગ્રહસ્થોએ હદ ઓળંગવા માંડી છે. તેઓ સમાજના સેવક છે અને તેમને સોંપવામાં આવેલ મંદિર, મકાન યા ફંડનો ઉક્ત સમાજના શ્રેયની દ્રષ્ટિએ વહીવટ કરવાનો છે એ મહત્વનો મુદ્દો વીસરી જઇ માલીક બનવા માંડ્યા છે. સત્તાની આંધિમાં તેઓ વાસ્તવિક સ્થિતિ ભૂલી જઇ, લાભાલાભની તુલના કરવામાં પંગુ બની, એ સંબંધી આમ, જનસમૂહ શું માને છે એ તરફ આંખ આડા કાન કરી, કેવળ માની લીધેલા માલીકીપણાના મોહમાં ચકચૂર બની, પોતાનો કક્કો ખરો કરવાના નીશામાં પોતાનાજ બંધુઓ સામે કોરટની દેવડી સુધી વિનાકારણ દોડી જાય છે અને સમાજનું કિંમતી ધન વેડફી નાંખે છે!

આવોજ એક કિસ્સો આજે મુંબઇમાં લાલબાગના ટ્રસ્ટીઓ અને શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ વચ્ચે ચાલી રહ્યો છે. મુંબઇમાં તેમજ એની બહાર દૂર શહેરો સુધી ઉકત સેવા મંડળની પ્રવૃત્તિઓ જાણીતી છે. જૈન સમાજના સંતાનોમાં કૌવત આવે, શરીર સ્વાસ્થ્ય સુધરે અને તેઓ તાલીમ મેળવી ખડતલ દેહધારી બને એ અર્થે શેઠ મોતીશાના લાલબાગમાં જૈન વ્યાયામશાળા નામા સંસ્થાનું ઉકત મંડળ તરફથી નામદાર જજ કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીના શુભ હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું. તે વેળાના ટ્રસ્ટી શેઠ દેવકરણભાઇએ માત્ર નામના ભાડાથી આવા સુંદર કાર્ય માટે જગા વાપરવાની સંમતિ આપી. સેવા મંડળે આ આવશ્યક અંગને ખીલવવા, જૈન સમાજના બાળકોનું એ પ્રતિ આકર્ષણ કરવા, અને વ્યાયામને યોગ્ય સ્થાન તૈયાર કરવા તેમજ જરૂરી સાધનો વસાવવામાં પાણીની માફક પૈસા ખરચ્યા.

જે સ્થાનમાં કેવળ ગંજેરીઓનો અખાડો જામતો પેસાબ ને ગંદકીની બુ છુટતી અને ઘડીભર ઉભવાનું મન પણ ન થતું તે સ્થિતિ સુધારી વ્યાયામ શાળાને છાજે તેવી વ્યવસ્થાવાળું બનાવ્યું. પોતાના ખરચે સાધનો રાખવા એક ભાગપર ઓરડી બનાવી. ટ્રસ્ટીઓએ આ વસ્તુને વધાવી લીધી.

આ સ્થાને વર્ષોથી ચાલી આવતી વ્યાયામ શાળાએ સંખ્યાબંધ જૈન સંતાનોને અને જૈનેતર બંધુઓને તાલીમ આપી તૈયાર કર્યા. બેન્ડનો વર્ગ ખોલ્યો અને થોડા સમયમાં એક નમુનેદાર જૈન બેન્ડ ઉભું કર્યું. મંડળના મેળાવડા વખતે જાણીતા નેતાઓએ મંડળ મારફતે ચાલતી આ સુંદર સંસ્થાના મુકતકંઠે વખાણ કર્યા છે. એમાં તાલીમ પ્રાપ્ત કરી વિવિધ પ્રકારના, અજાયબી વધારે તેવા વ્યાયામ આદિના પ્રયોગો કરી જનતાના વિશાળ વર્ગનું આ સંસ્થાના વિદ્યાર્થીઓએ ધ્યાન ખેચ્યું છે અને મુંબઈમાં ભરાયેલી રાષ્ટ્રિય મહાસભાના અધિવેશન ટાણે આ સંસ્થાના બેન્ડનેજ અગ્રસ્થાન પ્રાપ્ત થયું હતું, એ કોણ નથી જાણતું?

જે સ્થાનમાં આવી સુંદર સંસ્થા ચાલે છે; જેની તાલીમના જોરે કોમી હુલ્લડ જેવા જોખમી સમયે સંખ્યાબંધ, સ્વયંસેવકોએ પ્રાણની પરવા કર્યા વગર ભીંડી બજાર જેવા લત્તામાં ઘુમી ઘણા હીંદુ કુટુંબોને મરણના મુખમાંથી બચાવી, આ સ્થાનમાં લાવી સંરક્ષણ આપ્યું હતું અને આ સંસ્થાની તાલીમના બળે એવા તો સંખ્યાબંધ ઉદાહરણ ટાંકી શકાય કે જે વેળા બીરૂ ગણાતા જૈન સંતાનોએ શૂરવીરતા અને નિડરતા દાખવવામાં પાછી પાની કરી નથી. ધાર્મિક પ્રસંગો અને સામાજીક ઉત્સવોમાં આ સંસ્થાની સેવા તો જગજાહેર છે.

આવા એક મહત્વના અંગને કોઇપણ કારણ બતાવ્યા સિવાય વિદ્યમાન ટ્રસ્ટીઓ કેમ ઉખેડી નાંખવા તૈયાર થયા છે તે સમજી શકાતું નથી. જે સ્થાનમાં સંસ્થા ચાલે છે તે અખંડ ચાલે અને દિવસાનું દિવસ પ્રગતિ સાધે એવા સુંદર આશીર્વાદ તે કાળના ટ્રસ્ટી સાહેબે અને જૈન સંઘે એના મંગળાચરણ કાળે આપેલા. ત્યારપછી વખતો વખત એના પ્રતિ મુંબઇના જૈન સંઘની અમીદ્રષ્ટિ રહેલી છે અને શ્રીમંતો તરફથી સખાવતનો પ્રવાહ પણ ચાલુ રહ્યો છે. વિદ્યમાન બોર્ડના એક કરતાં વધુ ટ્રસ્ટીઓની જાણ બહાર આ વાત નથી. છતાં 'આજે મંડળને ઓળખતા નથી; અહીંથી વ્યાયામ શાળાને બીજે લઈ જાવ અગર બંધ કરો' એ કયે મુખે બોલાય છે તે સમજાતું નથી. જે સ્થાન છે અને જ્યાં વ્યાયામની તાલીમ અપાય છે ત્યાં નથી કંઇ ફેરફાર થવાનો. એ વિશાળ ઓટલો અને એની સામેની ખુલી જમીન એની એ સ્થિતિમાં કાયમ રહેવાના છે; તો પછી એકાએક આવા નિર્ણય ઉપર આવવાનું કારણ શું?

એ જાણવા મંડળના કાર્યવાહકોએ વારંવાર પ્રયાસ સેવ્યા છે. ટ્રસ્ટીઓ એ આપણાજ સમાજના શ્રીમંત ભાઇઓ છે એમ માની તેમના બંગલાના પગથીઆ ઘસવામાં કચાશ નથી રાખી અરે વિચાર વિનિમય કરી જો તેઓને કંઈ મુશીબત નડતી હોય તો એ સમજી લઈ સુધારણા કરવા તત્પરતા દાખવી છે. ઉદાર દીલ શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલ જેવાને લવાદ નીમી એ સારૂ બનતો પ્રયાસ સેવ્યો છે. અરે દુઃખાતે અંતરે માત્ર ટ્રસ્ટી સાહેબોનો વટ જળવાય એ અર્થે, ચાવી સોંપી દઈ, વ્યાયામ શાળા બંધ પણ કરી છે. કેવળ એકજ ભાવનાથી કે એ સિંહાસન પર ચઢેલા ગ્રહસ્થોને સન્મતિ સુઝે અને આવા એક જરૂરી અંગનો નાશ ન થાય, પૂર્વવત એનુ કામ ત્યાં—જૈન સમાજ માટેના એ એક માત્ર મધ્યવર્તી સ્થાનમાં—ચાલ્યા કરે. પણ આનો—આ જાતની નમ્રતાનો—નતિજો એકજ મલ્યો અને તે નિમ્ન શબ્દોમાં—

"સ્વયંસેવક મંડળને અમો ઓળખતા નથી. અમે તો માત્ર તલકચંદ કપાસીને જગ્યા આપી છે, અમારા ભાડુત એ છે!" છેલ્લી ચળવળ વેળાએ મંડળ ગેરકાયદે સંસ્થા ગણાઈ, એટલે ટ્રસ્ટીઓ એ નામે બીલ બનાવતા મુંઝાયા. તેમનીજ સુચનાથી તે વેળાના સુપ્રીટેન્ડન્ટ તરિકે ભાઈ તલકચંદે પોતાના નામે બીલ થવા દીધુ. આટલી સામાન્ય વાતને નામે આજે આ માંધાતાઓ કેવી અધિકારશાહી ચલાવે છે! એમનો ભાડુતી આદમી તો એક કદમ આગળ ભરી કહે છે કે 'કાંતીલાલ શેઠ કે સ્વયંસેવક મંડળ સાથે મારે કંઇજ નિસ્બત નથી. એમણે હું ઓળખતો પણ નથી.' મંડળને એક જાતના ભાડુત તરિકે લેખનાર મુરબ્બીઓ નોંધી લેજો કે સમાજ અને મંડળની આંખમાં ધુળ નાંખી તમો આ દાવ નહીં ખેલી શકો.

( અનુસંધાન પૃષ્ઠ ૬ ઉપર )

# દેશી રાજ્યોમાં ખળભળાટ.

ચોતરફ નજર કરીશું તો સહજ જણાશે કે ભારતવર્ષના ચારે ખૂણામાં આજે પીળા પ્રદેશ તરીકે ખ્યાતિ પામેલ એવા નાના મોટા દરેક દેશી રાજ્યમાં પ્રજાનો અસંતોષ એકાએક ભભુકી ઉઠયો છે. લગભગ દરેક સ્થળે વહીવટના તંત્રમાં પ્રજાનો માત્ર અવાજ હોવો જોઇએ એમ નહીં પણ આખુ તંત્ર લોક શાસનવાદના ધોરણે ચાલવું જોઇએ એવી પ્રબળ માંગણીઓ થઇ રહી છે. માયસોર અને રાજકોટ આદિના સંગ્રામ અને એમાં પ્રાપ્ત થયેલ વિજયશ્રીએ જનતાના હૃદયમાં એ માટે શ્રદ્ધાનો અચળ દીવડો પ્રગટાવ્યો છે; ગમે તેવા ઝંઝાવાત વાય તો પણ એ જ્યોત હોલવાય તેવો સંભવ નથી.

આ સ્થિતિ કંઇ એકાએક ઉદ્ભવી છે અથવા તો એ પાછળ દેખાદેખી છે એમ માનવાની જરૂર નથી. લાઠી ખાવામાં, દુઃખો સહન કરવામાં અથવા તો શીરના સાટા કે કાયાના બળીદાન ધરવામાં લુખી કે ઉપર છલ્લી દોરવણી કામ લાગતીજ નથી. એમાં બીજાના નાદે દોડાતું પણ નથી. એ પાછળ તો બળતા હૃદયોની જરૂર છે. બારિકાઇથી વિચાર કરશું તો જણાશે કે આજનું વાતાવરણ ધીમે ધીમે સરજાતું આવ્યું છે. એ પાછળ સંખ્યાબંધ વર્ષોના વહાણા વીતી ગયા છે. એમાં કેટલોયે દારૂણ અને દિલ ઓગળાવે તેવો ઇતિહાસ ભરેલો છે. સંખ્યાબંધ વિષમ બનાવો બન્યા પછીજ જનતામાં એ સામે અવાજ ઉઠે છે, જ્યારે એ અવાજ પર સત્તાધારીઓ તરફથી ઠંડુ પાણી છંટાય છે અને અવાજ ઉઠાવનાર વ્યક્તિના શીરે સંકટોની હારમાળા રચાય છે કિંવા તેમના મોંઢે તાળા દેવાય છે, ત્યારેજ પ્રજામાં ધુંધવાઇ રહેલી આગ પ્રબળ થવા માંડે છે. એની ગરમીનો પારો વધી પડે છે, ત્યારેજ પ્રજાનું એક-ધારૂં ઘડતર થવા માંડે છે અને સંગઠિત બળ ઉદ્ભવે છે.

બ્રીટીશરાજ્ય હેઠળના પ્રદેશો આજે એ ભૂમિકા વટાવી ચુકયા છે. એ વિખરાયેલા પ્રદેશમાં આજે જે નિયંત્રણ દ્રષ્ટિ-ગોચર થાય છે, તેમાં વર્ષો પૂર્વે આવોજ ધુંધવાટ પ્રસર્યો હતો. જુદા જુદા ભાગોની જુની તવારિખો કે એ કાળે થયેલા સાહિત્ય સર્જનોમાંથી એ વસ્તુ સહજ તારવી શકાય તેમ છે. આજે બંગાળમાં જે રાષ્ટ્રિય આંદોલનની પ્રખરતા જણાય છે અને રાજકારણમાં એ પ્રજા જે અતિ ઘણો રસ લઇ રહી છે એ પાછળ દુઃખ અને કષ્ટ સહનનો લાંબો ઇતિહાસ જોડાયેલો છે. એનો આછો ખ્યાલ શ્રીદેવીપ્રશન્નરાય ચૌધરી કૃત 'શરત્‌ચંદ્ર' માંથી મળી શકે છે. એમાંનું એકપાત્ર વદે છે કે—

"રાજનીતિનો મૂળ મંત્ર કપટ છે. તમારા મનમાં જે કંઇ હોય-જે બળે-તે બહાર ન બતાવવું, એનું નામ રાજનીતિ. જો તમે દાંભિક બની શકો, મનમાં હોય એક અને કહો બીજું, તો તમે રાજનીતિજ્ઞ છો. જો તમે તેમ કરી શકો તો તમારે માથે સોનાનો રાજમુકુટ શોભશે. પણ જો તમે નિડરતાથી સાચી વાત કહો, તો કદાચ આન્દામાનમાં જઈ દિવસો ગાળવા પડશે. પ્રવંચના કરતાં શીખો વા, ન શીખો, પણ કપટી થતાં નહિ શીખો તો રાજનીતિની લાયકાત તમારામાં નથી, એમજ ગણાશે. રાજનીતિની આ વાત સાંભળી શરીર કંપી ઉઠે છે. જુવાન માણસ રસ્તામાં ઉભો રહી, પોતાના મનની આગ બીજાના હૃદયમાં સળગાવવાની ઇચ્છાથી મનની વાત ઉઘાડી કરે છે. સાવચેતી ભરી રાજનીતિ એને માટે નથી; એની દેશહિતૈષણા કદાચ કેદખાનામાં પૂરી થશે......

હવે સહન થતું નથી. મુસલમાનોનું રાજ્ય જુલ્મી હતું એ કબુલ કરૂં છું, પણ તે વેળાએ દેશનો પૈસો પરદેશમાં ચાલી જતો નહતો. હિંદુસ્તાનનું ધન હિંદુસ્તાનમાંજ રહેતું હતું. તે સિવાય મુસલમાન પાદશાહો પણ આપણા દેશના માણસો પર કેટલો બધો વિશ્વાસ રાખતા હતા? અકબરનો સેનાપતિ માનસિંહ ખજાનચી તે પણ આપણા દેશનો; મોટામાં મોટો પ્રધાન ટોડરમલ્લ તે પણ આપણા દેશનોજ હતો. સિરાજુ-દૌલાના સમયમાં દેશ જુલ્મથી પીડાતો હતો, પણ જગત્ શેઠ, મોહનલાલ આદિપર વિશ્વાસ હતો અને તેમનું માન હતું. આજ આપણા દેશીઓ પર એવો વિશ્વાસ કોણ રાખે છે? મોટા મોટા ઓદ્ધા પરદેશીઓને આપવામાં આવે છે. આપણા દેશના શાસન સંબંધમાં આપણે કંઇ કરી કે કહી શકતા નથી. વળી દેશને માટે પ્રાણાર્પણ કરવાનું પણ હતભાગ્ય બંગાળીના નશીબમાં નથી."

"જે ત્વરાથી અંગ્રેજોનું રાજ્ય વિસ્તાર પામે છે, તે જોતાં કોઇ ભાગ બચે તેમ જણાતું નથી. હિમાલયથી કન્યા કુમારી સુધી અંગ્રેજો પ્રસરીને પોતાના પ્રબળ પ્રતાપની ભેરી વગાડે છે.

આ વિશાળ હિંદુસ્તાનના વીશ કરોડ અધિવાસીઓ બધા ઉંઘે છે. આપણા મનની શી અભિલાષા છે, તે જીવતાં કોઈ દહાડો દેખાડી શકીશું ખરા? ભવિષ્યનો વંશ ભારતને સ્વતં-ત્રતા દેખાડશે કે નહિ, તે કોણ કહી શકે? મનમાં જે આગ સળગે છે, તેની વરાળ બહાર કાઢવાથી જેઓ તે સમજશે તે ઇનામ આપશે-કેદખાનું, નહિ તો દેશ નિકાળ.

જેઓ કષ્ટથી કાયર બને છે તેમને એ માર્ગે જવું કે એ કાર્યને માટે વ્રતી થવું, એ કેવળ વિડંબના છે. જેમનું મન પત્થર કરતાં પણ વધારે સખ્ત છે, જેમણે આ દુનિયાની માયા મમતાને ત્યાગી છે, જેઓ દ્રઢ નિશ્ચયી છે તેઓને માટેજ એ ભયાનક માર્ગ છે. તે માર્ગે ઉત્સાહ અને આશાને ધારણ કરી હું જઈશ."

પ્રત્યેક હિંદી આ યાદ રાખે. લે.—**ચોકસી.**


**તમારા ઘર, લાઇબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ**

## જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો.

**રૂા. ૧૮-૮-૦ ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭-૮-૦ માં ખરીદો.**

| | | અસલ કિંમત | ઘટાડેલી કિંમત. |
|---|---|---|---|
| શ્રી જૈન ગ્રંથાવલી | | રૂા. ૩-૦-૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન મંદિરાવલી | | રૂા. ૧-૮-૦ | ૦-૮-૦ |

જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃતઃ—

| | | પૃષ્ટ. | |
|---|---|---|---|
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો | રૂા. ૫-૦-૦ | ૧૦૦૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો | રૂા. ૩-૦-૦ | ૮૫૦ | ૧-૮-૦ |
| શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ | રૂા. ૬-૦-૦ | ૧૨૫૦ | ૩-૦-૦ |

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા. ૪-૦-૦ માંજ.

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખોઃ—**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ,**
૨૦, પાયધુની—**મુંબઇ, ૩.**

# વિદ્વાનોની દ્રષ્ટિયે—જૈન દર્શન.

**Jainism**—Jain religion is an extremely ancient religion independent of other faiths. It is of great importance in studying the ancient philosophy and religious doctrines of India. —ડૉ. હર્મન જેકોબી.

**જૈન દર્શન**—જૈન દર્શન ઘણીજ ઉંચી પંક્તિનું છે. એનાં મુખ્ય તત્વો વિજ્ઞાન શાસ્ત્રના આધાર ઉપર રચાએલાં છે એવું મારૂં અનુમાનજ નહિ પણ પૂર્ણ અનુભવ છે. જેમ જેમ પદાર્થ વિજ્ઞાન આગળ વધતું જાય છે, તેમ તેમ જૈન ધર્મના સિદ્ધાંતો સિદ્ધ થતા જાય છે.

—ઇટાલીયન વિદ્વાન ડૉ. એલ. પી. ટેસીટોરી.

**તત્વજ્ઞાન**—નિષ્પક્ષપાત રીતે કહેવું જોઇએ કે જૈન ધર્મનું તત્વજ્ઞાન, તેની ધર્મ અને નીતિમિમાંસા, તેનું કર્તવ્યા-કર્તવ્ય શાસ્ત્ર અને ચારિત્ર વિવેચન ઘણાં ઉચ્ચ શ્રેણીનાં છે. જૈન દર્શનમાં અધ્યાત્મ, મોક્ષ, આત્મા અને પરમાત્મા પદાર્થ વિજ્ઞાન તેમજ ન્યાય વિષે સ્પષ્ટ વ્યવસ્થિત અને બુદ્ધિગમ્ય વિવેચન જોવામાં આવે છે. જૈન તત્વજ્ઞાન એટલું ઉંડું, મહત્વનું અને તુલનાત્મક દ્રષ્ટિએ આલેખાએલું છે કે મધ્યસ્થ દ્રષ્ટિથી વાંચનાર અને અભ્યાસ કરનારને તે સંપૂર્ણ લાગ્યાવિના કદિ નજ રહે એટલુંજ નહિ પરન્તુ હૃદયમાં એક પ્રકારનો અપૂર્વ આનંદ ઉત્પન્ન કરે છે.

**અહિંસા**—' આજપણ અહિંસાની શકિત પૂર્ણપણે જાગૃત છે. જ્યાં કહીં ભારતીય વિચારો યા ભારતીય સભ્યતાએ પ્રવેશ કર્યો છે, ત્યાં સદૈવ ભારતનો આજ સંદેશ રહ્યો છે. આ તો સંસારપ્રતિ ભારતનો ગગનભેદી સંદેશ છે. મને આશા છે અને મારો એ વિશ્વાસ છે કે પિતૃભૂમિ ભારતના ભાવી ભાગ્યમાં ગમે તે થાઓ પણ ભારતવાસીઓનો આ સિદ્ધાંત સદૈવ અખંડ રહેશે ''

—નોર્વેજીયન વિદ્વાન ડૉ. સ્ટીનકોનો.

**સ્યાદ્વાદ**—સ્યાદ્વાદ એકીકરણનું દ્રષ્ટિબિંદુ અમારી સ્હામે ઉપસ્થિત કરે છે. શંકરાચાર્યે સ્યાદ્વાદ ઉપર જે આક્ષેપ કર્યો છે તે મૂળ રહસ્યની સાથે સમ્બંધ રાખતો નથી એ નિશ્ચય છે કે-વિવિધ દ્રષ્ટિબિંદુઓ દ્વારા નિરીક્ષણ કર્યા વગર કોઇ વસ્તુ સંપૂર્ણ સ્વરૂપે સમજવામાં આવી શકે નહિં આ માટે 'સ્યાદ્વાદ' ઉપયોગી તથા સાર્થક છે. મહાવીરના સિદ્ધાંતમાં બતાવેલ સ્યાદ્વાદને કેટલાકો સંશયવાદ કહે છે એ હું નથી માનતો. સ્યાદ્વાદ સંશયવાદ નથી, કિન્તુ તે એક દ્રષ્ટિબિંદુ અમને મેળવી આપે છે. વિશ્વનું કેવી રીતે અવલોકન કરવું જોઇએ એ અમને શિખવે છે.

—પ્રો. આનંદ શંકર બાપુભાઇ ધ્રુવ.

**મુકિત**—स्वसमानाधिकरणदुःखप्रागभावासहवृत्तिदुःखध्वंसो हि मोक्षः। નૈયાયિક

परमानन्दमय परमात्मनि जीवात्मलयो हि मोक्षः। ત્રિદણ્ડિ વિશેષ

अविद्यानिवृत्तौ केवलस्य सुखज्ञानात्मकात्मनोऽवस्थानं मोक्षः। વેદાન્તિક

पुरुषस्य स्वरूपेणावस्थानं मोक्षः। સાંખ્ય

वीतरागजन्मादर्शनाद् नित्यनिरतिशय सुखाविर्भावात् मोक्षः। ભાટ્ટી

कृत्स्नकर्मक्षयो हि मोक्षः। જૈન

—**સંચિત.**

( અનુસંધાન પૃષ્ટ ૪ ઉપરથી )

મંડળના ચોપડા મોજુદ છે. જુના બીલ પણ છેજ. કપાસીનું નામ હોવાથી નથી તો એ જગા તેમની અંગત તેમ એ જગાપર ચાલતી કાર્યવાહી તેમની ખાનગી. એ સર્વ વસ્તુનો એક કરતાં વધુવાર રદીઆ તમારી સન્મુખ કરાયા છતાં જ્યારે આજે તમો ઘોડે ચઢયા છો, ત્યારે મંડળે પણ એનો યથાર્થ સામનો કરવાનો નિર્ણય કર્યો છે. એ પાછળ ફના થવાનું 'પણ' લીધું છે એનો ન્યાય કોરટ પાસેથી નહિં પણ એ સ્થાનના સાચા માલિક એવા જૈન સંઘ પાસેથી મેળવવાનો નિર્ધાર કર્યો છે.

જે યુગમાં રાજવીઓની સત્તા પણ હાલી ઉઠી છે ત્યાં તમારી શ્રીમંતાઇની લીલા ઘડીભર સાંખી શકાય તેમ નથી. સ્વયંસેવકો પોતાના મુરબ્બીઓ સામે ઝંઝાવાત ઉભો કરવા રાજી નથી એટલે હજુપણ ચક્ષુ ખોલી સાચી સ્થિતિ નિહાળો. કદાચ પ્રેમોધાનમાં વસનારને ભાડુતી મંત્રીની નજરે જોનાર ગ્રહસ્થ તો ભૂલ કરે પણ વાળકેશ્વરના ગ્રહસ્થ કે જે પોતાની જાતને એક સ્વયંસેવક તરિકે જાહેર કરે છે, ખારાંકુવાની પેઢીના ગ્રહસ્થ કે જેમની મંડળ પ્રત્યેની લાગણી છુપી નથી, અને શ્રીયુત્ મણિભાઇ તો કોંગ્રેસમેન અને સ્વયંસેવકોના સખા ગણાય છે તેઓ કાં ભુલે છે? શામાટે હાથે કરીને આગ પ્રગટાવે છે?

સ્વયંસેવક મંડળને આપ ગૃહસ્થો ઓળખતા નથી? જો એ સત્યજ હોય તો મંડળે પોતાના એકે એક સભ્યની આહુતિ લાલબાગના દરવાજે આપી મંડળની ઓળખ આપવાનો દ્રઢનિશ્ચય કર્યો છે, એ નિતરૂં સત્ય પણ સ્મૃતિમાં રાખશો.

લે.—સ્વયંસેવક.

## શ્રી. મહોદયમુનિજી કાળધર્મ પામ્યા.

દાદર (મુંબઇ) મુકામે પોસ વદ ૪ સોમવારની રાત્રીના લગભગ સવાએ કલાકે પંન્યાસજી મહારાજ શ્રી રિદ્ધિમુનિજીના પ્રશિષ્ય મુનિરાજ શ્રી મહોદયમુનિજી કાળધર્મ પામ્યા છે. પોશ વદ ૫ મંગળવારે બપોરે એક વાગે તેઓ શ્રીની ભવ્ય સ્મશાન યાત્રા પાલખી ( માંડવી ) માં પધરાવીને કાઢવામાં આવી હતી. અને દાદરના હિંદુ સ્મશાન ભૂમિની એક ખાસ જગા ઉપર તેઓ શ્રીના મૃતદેહને ચંદનથી અગ્ની સંસ્કાર કરવામાં આવ્યો હતો. સ્મશાન યાત્રામાં મુંબઇ શહેરમાંથી તેમજ પરાઓમાંથી મોટી સંખ્યામાં માનવ મેદની ઉલટી પડી હતી. આ પ્રસંગે જીવ છોડાવવામાં આવ્યા હતા તેમજ બીજી ઉપજ સારી થઇ હતી.

**લી૦ વાડીલાલ જેઠાલાલ શાહ.**

# માંસાહાર સબંધમાં ભ્રમોત્પાદક લેખનો રદીયો.

લેખકઃ—મુનિશ્રી ધુરંધરવિજયજી.

ગતાંકથી સંપૂર્ણ.

એવી એક શંકા સ્થાને છે કે માંસાહારના મહાન્ પ્રતિષેધક ભગવાન મહાવીરના આગમોમાં સામાન્ય જનતાને ભ્રમમાં નાખે એવા 'માંસ' 'કપોત' 'માર્જાર' વીગેરે શબ્દોની યોજના શાથી હોય? શું તેવા અર્થ બતાવનાર બીજા શબ્દો ન હતા? કે જેથી આવા દ્વયર્થક તેમજ સાધર્મ્યથી અર્થ લેઇ આગમ સંગત કરવા પડે તેવા શબ્દોનો પ્રયોગ કરાયો?

આનું સમાધાન ગુરૂગમથી જેઓએ જૈનાગમોનું રહસ્ય જાણ્યું છે તેવા આગમના અભ્યાસીઓને સરલ રીતે થઇ શકે તેવું છે તે એ કે ગણધરોએ આગમોની રચના ચતુરનુયોગ મયી કરી હતી તે જેથી આગમના પ્રત્યેક સૂત્રથી દ્રવ્યાનુયોગનો-ગણિતાનુ યોગનો-ચરણુ કરણુનુ યોગનો તેમજ ધર્મ કથાનુ યોગનો અર્થ નીકળતો અને શીષ્યોને સમજાવાતો પરંતુ આર્ય વજ્રસ્વામી પછી મેધાહ્રાસ વિગેરેના કારણે પ્રત્યેક સૂત્રોને એકેક અનુયોગમાં નિયત કરવામાં આવ્યા આ વાત હરિભદ્રસૂરિ રચિત દશવૈકાલિક ટીકામાં આ પ્રમાણે છે.

इह चार्थतोऽनुयोगो द्विधा, अपृथक्त्वानुयोग: पृथक्त्वानुयोगश्च तत्रापृथक्त्वानुयोगो यत्रैकस्मिन्नेव सूत्रे सर्वे एव चरणकरणादय:-प्ररुप्यन्ते-ऽनन्तगमपर्यायार्थकत्वात् सूत्रस्य, पृथक्त्वानुयोगश्च यत्रकचित्सूत्रे चरणकरणमेव कचित्पुनर्धर्मकथैव, वेत्यादि अनयोश्चवक्तव्यता ॥ जावंति अजवइरा अपुहुत्तं कालियानुओगस्स। तेणारेणपुहुत्तं कालियसुय दिट्ठिवाएय ॥

અહીં અર્થથી અનુયોગ બે પ્રકારનો છે. એક અપૃથકત્વાનુયોગ અને બીજો પૃથકત્વાનુ યોગ. તેમાં અપૃથકત્વાનુ યોગ એકજ સૂત્રમાં સર્વ ચરણુ કરણુ વિગેરે યોગ પ્રરૂપાયતે કારણુ કે સૂત્ર અનન્તગમ પર્યાય અને અર્થવાળુ હોવાથી પૃથકત્વાનુયોગ તે કે જે કોઇ સૂત્રમાં ચરણુ કરણુઅનુ યોગ હોય તો કોઇ સૂત્રમાં ધર્મ કથાનુ યોગજ હોય એપ્રમાણે આ બે યોગની વકતવ્યતા આ રીતે છે જ્યાં સુધી આર્યવજ્ર સ્વામી હતા ત્યાં સુધી કાલિકાનુ યોગને અપૃથકત્વ પણું હતું તે પછી કાલિક સૂત્ર અને દૃષ્ટિવાદમા પૃથકત્વાનુ યોગ થયો માટે 'માંસ' કપોત માર્જાર વિગેરે શબ્દો બીજા અનુયોગોમાં ઉપયોગી હોવાને કારણે વપરાયેલા અને તેજ કારણે સૂત્રોના શબ્દો પરિવર્તનને અસહ હોઇ એક અનુયોગમાં આગમો નીયત કરાયા છતાં કાયમ રહ્યા છે.

આટલો "માંસાહાર" પરત્વે શાસ્ત્રીય વિચાર કર્યા બાદ મહાવીરસ્વામીના વ્યાધી પરત્વે ઉપયોગી કયો પદાર્થ હોય શકે તે વૈદક શાસ્ત્રથી વિચારીએ. વૈદક ગ્રંથોમાં પ્રમાણભૂત એવા "સુશ્રુત" નામના વૈદક ગ્રંથના (૪૬) મા અધ્યાયમા "કુષ્માન્ડ" (કોળા) ના ગુણો નીચ પ્રમાણે બતાવેલ છે.

पित्तघ्नं तेषुकुष्माण्डं बालं मध्यं कफावहम् ॥
शुक्लं लघूष्णं सक्षारं दीपनं बस्ति शोधनम् ॥२१३॥
सर्वदोष हरं हृद्यं पथ्यं चेत्तो विकारिणाम् ॥

તેવુ એટલે શાકોમાં બાલ કુષ્માંડ (કોળુ) પિત્ત નાશક છે મધ્ય કુષ્માંડ કફનો નાશ કરનાર અને શુકલ કુષ્માંડ હળવું ક્ષાર યુકત દીપન મૂત્ર વિશોધક સર્વ દોષને હરનાર અને મનો વિભ્રમવાળાને પથ્ય અને હૃદ હોય છે.

તેજ ગ્રન્થમાં બીજોરાનું વર્ણન આ પ્રમાણે.

लघ्वम्लंदीपनहृद्यं मातुलुङ्गमुदाहृतम् ॥
त्वक्तिक्तदुर्जरातस्य वातक्रिमिकफापहा ॥१४९॥
स्वादुशीतंगुरुस्निग्धं मांसंमारुपित्तजित् ॥
मेध्यंशूलानिलच्छर्दि कफारोचकनाशकम् ॥१५०॥
दीपनंलसंग्राही गुल्मार्शोघ्नंतु केसरम् ॥
शूलाजिर्णेविबन्धेषु मन्देऽग्नोकफमाते ॥१५१॥
अरुचोचविषेग रसस्तस्योपदिश्यते ॥

માતુલુંગ (બીજોરૂ) હળવું-ખાટું-અગ્નિ દીપક-હૃદ્ય છે તેની (બીજોરાની) છાલ તિકત-દુર્જર-વાયુ કૃમિ અને કફનો નાશ કરનારી છે તેનું (બીજોરાંનું) 'માંસ" (ગર્ભ) સ્વાદુ શીતળ ભારે-સ્નિગ્ધ વાત અને પિત્ત નાશક બુદ્ધિવર્ધક શૂલ વાયુ-વમન-કફ અને અરૂચીને હરનાર છે તેના કેસરા અગ્નિ દીપક-હળ-ગ્રાહી ગુલ્મ અને અર્શને નાશ કરનારા છે. વળી શૂલ-અજીર્ણ-મંધકોશ અગ્નિ માંધ-કફ-વાયુ-અરૂચીમાં તેનો (બીજોરાનો) રસ વિશેષે કરીને ઉપદેશાય છે.

આ પ્રકરણુ વાંચનાર દરેક વિચારકને સ્પષ્ટ માલુમ પડશે કે બાલ કુષ્માંડ સામાન્ય રીતે પીત્ત નાશક હોવાથી રેવતી શ્રાવીકા ભગવાન મહાવીર માટે ઔષધ તરિકે તૈયાર કરે પણ બીજોરૂં પીત્તની સાથે વાયુને પણ હરનાર હોઇ શ્રી મહાવીર સ્વામી નિર્દોષતાના કારણે મંગાવે તેજ સંમત છે વળી ઉપરના (૧૫૦) માં શ્લોકમાં "માંસ" શબ્દ "સુશ્રુત" મહર્ષિએ ફળ ગર્ભના અર્થમાં વાપરેલો સ્પષ્ટ દેખાય છે આથી એ વાત વાંચકના ધ્યાનમાં ખૂબ રહેવી જોઇએ કે પૂર્વે "માંસ" શબ્દ ફળ ગર્ભના અર્થમાં પુષ્કળ વપરાતો અને વનસ્પત્યાહારના વિષયમાં "मांसमांस संज्ञा" ઇત્યાદી પાઠો મુકવામાં સંદિગ્ધતા ન રહેતી.

વળી "સુશ્રુત" માં "કુર્કુટ" નું વર્ણન કરતાં ઉષ્ણવીર્ય તરિકે વર્ણવેલ છે કે જો તેનો પિતજવરૂં વીગેરે દાહક વ્યાધિ ઉપર ઉપયોગ કરવામાં આવે તો તે વ્યાધિનું શમન કરવાને બદલે ઇલ્ટું વિકાર વૃદ્ધીમાં કારણીભૂત થાય માટે પિત્તના શમન માટે વૈદક દૃષ્ટિએ વિચાર કરતા પણ "માંસ" અર્થ કદી પણ સંગત ન થાય અને વનસ્પતિવાળા અર્થો સર્વાંશે સંગત થાય છે.

વાત-પિત અને કફ એમ ત્રી પ્રકૃતિ અને સપ્ત ધાતુથી બંધાએલ ભગવાન મહાવીરના શરીરમાં દેહસ્વભાવ જન્ય-વ્યાધિઓ ઉત્પન્ન થાય અને તે વ્યાધિઓ વૈદક ઉપાયોથી નાશ પામે તેજ વાત સર્વ સુજ્ઞને માન્ય થઇ શકે. માટેજ

## સમાચાર સાર

**—શેઠ કાંતિલાલ ઇશ્વરલાલ તરફથી ચાલતી પાઠશાળા.** મુંબઇના શ્રી ગોડીજી મહારાજના ઉપાશ્રયે દાનવીર શેઠ શ્રી. કાંતિલાલ ઇશ્વરલાલ તરફથી ધાર્મિક પાઠશાળા ( સવારે છોકરીઓ અભ્યાસ કરે છે તે ) નો મેળાવડો પોશ વદ ૩ ને રવીવારે વ્યાખ્યાન વખતે સવારે નવ કલાકે પૂજ્ય પંન્યાસજી શ્રી. પ્રીતિવિજયજી ગણીવરની અધ્યક્ષતામાં કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શેઠ કાંતિલાલ ઇશ્વરલાલ પધારવાના હતા, પરંતુ તેઓશ્રીના માસી એકાએક બીમાર પડી જવાથી આવી શકયા નહોતા. મેળાવડાની શરૂઆતમાં છોકરીઓએ ગીત સંભળાવ્યા બાદ દેવ, ગુરૂ, ધર્મ ઉપરનો સંવાદ છટાપૂર્વક રજુ કર્યો હતો. આ પ્રસંગે શેઠ કાંતિલાલ તરફથી ધાર્મિક પુસ્તકો, શેઠ મોહનલાલ હેમચંદ તરફથી રૂા. ૨૦) રોકડ ઇનામો તેમજ શેઠ શાંતિલાલ દયાળજી તરફથી કળીનાલાડુ છોકરીઓને આપ્યા હતા.

**—શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિમાં** અગાઉ ભરાયેલી રકમો ઉપરાંત શેઠ કસળચંદ કમળશી તરફથી તેમના સ્વ. ભાઇના શુભ કાર્ય નિમિત્તે રૂ. ૫૦૧) તથા શેઠ વાડીલાલ ચત્રભુજ ગાંધી તરફથી રૂ. ૫૦૧) પહેલા વર્ગમાં (પેટ્રન તરીકે) તથા રૂ. ૫૦૧) તેમના તરફથી પુસ્તક બહાર પાડવા માટે ભરાયા છે આ ઉપરાંત બીજી નાની રકમો પણ બીજા ગ્રહસ્થોએ ભરેલી છે.

---

ચારિત્ર અંગીકાર કર્યા પછીના ભગવાન મહાવીરના અનેક ઉપસર્ગોમાંના એક કર્ણ કીલક (કાનમાં ખીલા) નામ્ના ઉપસર્ગના પ્રસંગે મહાવીરને કર્ણમાં મહાપીડા થાય છે. વૈદને ત્યાં આહાર માટે જતા વૈદને તે મહાપુરૂષને કંઇક પીડા છે એવું જ્ઞાન થાય છે અને તેના નિવારણને માટે શ્રી વીરની પાછળ પાછળ ફરે છે તે ભગવાન સ્થીર થએ છતે કીલકાર્પણ કર્યા બાદ સંરોહીણી ઔષધી વડે તે વ્રણ રૂઝવે છે, એ વૃતાન્ત જૈનાગમોમાં પ્રસિદ્ધ છે.

યુક્તિવાદના સમયમાં મહાવીરે એક વખત ઔષધના કારણે પણ માંસનો આહાર તરિકે ઉપયોગ કર્યો હતો એવો વિચાર બુદ્ધિ ગ્રાહય ન થઇ શકે કારણ કે નાયકની પ્રવૃત્તિ ઉપર તેના અનુયાયીઓની પ્રવૃત્તિનો આધાર છે. એજ વિચારને કારણેજ ભગવાન મહાવીરે એક વખત ક્ષુતૃષાર્ત્ત મુનિઓને અચિત અને નીર્જીવ તલ અને જલનો વનમાં યોગ હોવા છતાં નીષેધ કર્યો હતો અને બુધ્ધે પોતાના જીવનમાં એક વખત "માંસ" ભક્ષણ કરેલ તેને પરિણામે આજ પણ બૌધ્ધાનુયાયીઓમાં માંસહારની પ્રચુરતા દેખાય છે અને મહાવીરના અનુયાથીઓમાં માંસ ભક્ષણ પ્રત્યે તેટલીજ ઘૃણા દેખાય છે એ પ્રમાણે કાર્ય ઉપરથી પણ કારણનું અનુમાન થઇ શકે છે કે મનુષ્ય સ્વભાવનાવેત્તા ભગવાન મહાવીર એક પણ વખત "માંસ" ભક્ષણ કરી જગતને માંસાહારનો માર્ગ ખુલ્લો કરી આપે નહિ. એ પ્રમાણે અનેક રીતે વિચાર કરતા ભગવાન મહાવીર માંસાહાર કરે એ વાત તદ્દન યુકિતશૂન્ય ગણાય.

**—શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિની કમીટીની તેમજ નાણાં ભરનારાઓની સભા**—પોશ વદ ૩ રવીવારે સવારે પં. શ્રી પ્રીતિવિજયજી ગણીવરની રૂબરૂમાં મળી હતી. જે વખતે સ્વ૦ મહારાજશ્રીનું લેખોદ્વારા પ્રગટ થયેલું સાહિત્ય એકઠું કરી પુસ્તક રૂપે બહાર પાડવા નક્કી કર્યું હતું.

**—"ઉપાધ્યાયજી શ્રી ક્ષમાવિજયજી મહારાજ મુંબઇમાં"** ખંભાતથી વિહાર કરી ઉપાધ્યાયજી મહારાજ શ્રી ક્ષમાવિજયજી આદિ મુનિરાજો. પોષ વદ ૯ શનીવારે સવારે મુંબઇના લાલબાગના ઉપાશ્રયે પધાર્યા છે આ પ્રસંગે પાયધુની શ્રી શાંતિનાથજીના દેરાસરજીથી તેઓશ્રીનું સામૈયું કરવામાં આવ્યું હતું.

**—"જૈનાચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરિશ્વરજી બડાતમાં પધાર્યા"** પ્રાતઃ સ્મરણીય પૂજ્યપાદ આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરિશ્વરજી મહારાજાદિ બડોત. જીલ્લા મેરઠમાં પધાર્યા છે, તેઓશ્રીની છત્ર છાયામાં બડોતના શ્રી મહાવીર સ્વામીજી પ્રભુના દેરાસરજીનો પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવનાર છે આચાર્ય શ્રી ઉપરાંત પંન્યાસજી સમુદ્રવિજયજી, વિગેરે તેમજ જાણીતા મુનિરાજશ્રી દર્શનવિજયજી શ્રી જ્ઞાનવિજયજી, શ્રી ન્યાયવિજયજી (ત્રીપુટી) તેમજ સાધ્વીજી મહારાજના દર્શનનો લાભ મળશે.

**—પ્રતિષ્ઠા નિમિત્તે શુભ કાર્યો**—પોષ વદ ૧૪ તા૦ ૧૬-૧-૩૯ કુંભ સ્થાપન માહા શુદ ૨ તા૦ ૨૨-૧-૩૯ નવગ્રહ, દશદિક્પાલ તથા અષ્ટ મંગલનું પુજન મહા શુદ ૩ તા૦ ૨૩-૧-૩૯ રથ યાત્રાનો વરઘોડો માહા શુદ ૭ તા૦ ૨૭-૧-૩૯ સવારે છાયા-લગ્નમેં શ્રી મહાવીર સ્વામીજી પ્રભુને મુલગભારામાં પધરાવવામાં આવશે તેમજ બીજા પ્રભુજીને પણ તેજ ટાઇમે પધરાવવામાં આવશે પ્રતિષ્ઠા સંબંધી વિધિ વલાદ નિવાસી ફુલચંદભાઇ ખીમચંદ કરાવશે.

લી૦ **વાડીલાલ જેઠાલાલ શાહ.**

**—હિસાબો ફાઇલ કરાવ્યા**—પબ્લીક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન એકટ મુંબઇ પ્રમાણે તા. ૮ ડિસેમ્બર ૧૯૩૮ ના રોજ શ્રી જૈન શ્વે૦ કોન્ફરન્સ અને શ્રી જૈન શ્વે૦ એજ્યુકેશન બોર્ડના ગત્ ત્રણ વર્ષોના હિસાબના સ્ટેટમેન્ટ અનુક્રમે શેઠ મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ, સોલિસિટર (રેસીડેન્ટ જનરલ સેક્રેટરી) અને શેઠ સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી. સોલિસિટર (મંત્રી) એ સ્માલકાઝેઝ કોર્ટમાં ફાઇલ કરાવ્યા છે.

**—સ્ટેન્ડિંગ કમિટીના સભ્યોને વિનતિ**—કોન્ફરન્સના બંધારણાનુસાર ઑલ ઇંડિયા સ્ટેન્ડિંગ કમિટીના જે સભ્યોએ પોતાના વાર્ષિક સુકૃત ભંડાર ફંડના ફાળામાં ઓછામાં ઓછાં રૂ. ૫) મોકલાવ્યા ન હોય તેઓને તે રકમ સત્વરે મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે.

કાર્યવાહી સમિતિના ઠરાવાનુસાર આ ફાળાની રકમ કારતક શુદ ૧ (વર્ષારંભ) થી ચાર માસ દરમ્યાન અવશ્ય મળી જવી જોઇએ તે તરફ સાદર લક્ષ ખેંચીએ છીએ.

'કાર્યાલય તરફથી.'

---

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA."  Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી:—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:—રૂપીઆ બે.  છુટક નકલ:—દોઢ આનો.

વર્ષ જુનું ૧૨ મું. નવું ૭ મું. | તારીખ ૧ લી ફેબ્રુવારી ૧૯૩૯. | અંક ૧૩ મો.

## સંયમ.

સંયમને જો તમે વૈધવ્ય માનતા હો તો તે ત્હમારી ગંભીર ભૂલ છે. વૈધવ્યકોને કહે છે તે ત્હમે જાણો છો? પરાણે પાળેલું, માનસિક સંયમ વગરનું, શારીરિક બ્રહ્મચર્ય તે વૈધવ્ય. મનમાં વિલાસનું ચિંતન ચાલતું હોય અને માત્ર ઉપરથી લોકભયથી કે સમાજના અંકુશથી જે બ્રહ્મચર્યનો દેખાવ છે તેજ વૈધવ્ય. પણ ખરૂં બ્રહ્મચર્ય એ તપ . એ તપનો પ્રભાવ ઓર છે. રૂપ તૃષ્ણા એ શું પ્રેમ છે? ખરા પ્રેમમાં આપલે હોતી નથી. મ્હારૂં મન આ સચરાચર બ્રહ્માંડમાં સર્વને સરખા પ્રેમથી જુએ છે. સર્વમાં એકજ પરમાત્મા છે. સર્વ ઇશ્વરનાં સંતાન છે; સર્વના ઉપર પ્રેમ રાખો, સર્વને સરખા ચહાઓ, સર્વનું ભલું કરો. બીજાનું અહિત કરવા જતાં તમારૂંજ અહિત થશે. કારણ કે જ્યારે આપણે બીજાને આત્મમય જોઇએ છીએ ત્યારે પારકાપણું રહેતું નથી. આજ આપણા મહાન ઋષિ-મુનિઓનો બોધ છે.

आत्मवत् सर्व भूतेषु
य: पश्यति स पश्यति ।

—શરતચંદ્ર.

## મુંબઇ મ્યુનિસિપલ ચુંટણી

### ૭ મી ફેબ્રુઆરીએ મુંબઇની જનતાનો પરિક્ષાનો દિવસ.

મત આપવાના અધિકારનો પુરેપુરો ઉપયોગ કરી કોંગ્રેસ તરફના સર્વ ઉમેદવારોને વિજયવંત બનાવવા એ પ્રત્યેક મુંબઇવાસીનો ધર્મ.

ભુલેશ્વર વોર્ડમાંથી ઉભા રહેલા સાત કોંગ્રેસ ઉમેદવારોનેજ એકેક મત આપી સફળ બનાવવામાં
જૈન સમાજ અગ્રભાગ ભજવે.
એજ અભ્યર્થના.

## નાણું.

"નાણુંએ આર્થિક પ્રવૃત્તિને માપવાનું સુપ્રતિષ્ઠિત અને ઉપયોગી સાધન છે એ સ્વીકારી લઇએ તોપણ સંપત્તિને માપવા માટે એ ગજ પૂરતો છે એમ નહીં કહી શકાય. એ ગજ વડે સંપત્તિનું માપ હાથ નથી લાગતું; બીજા માપો અને બીજી વસ્તુઓના વિચારની પૂરણી તેમાં કરવી પડે છે. માપ નાણાંમાં બધાંય મહત્વનાં આર્થિક તત્વનો સમાવેશ નથી થઇ શકતો. સંપત્તિ પેદા કરવા માટે જે શકિત ખર્ચાય છે તેનું પૂરૂં માપ નાણાં વડે નથી થઇ શકતું. એટલુંજ નહિ પણ સ્થાયી સંસ્કૃતિને આવશ્યક એવા સામાજિક, માનસિક, નૈતિક અને સૌંદર્યવિષયક તત્વો નાણાંથી માપી શકતાં નથી."

'હરિજન બંધુ."

**उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः**
**न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**

**અર્થ:**—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે. પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

—**श्री सिद्धसेन दिवाकर.**


# જૈન યુગ.

તા૦ ૧-૨-૩૯. બુધવાર.


## ટ્રસ્ટીઓ અને સમાજ.

**આ**જકાલ ટ્રસ્ટીઓની આપખુદી અને સત્તાની આંધિ સંબંધી હકીકતો ચો તરફથી મળતી રહે છે. કેટલાક પ્રસંગોમાં એ સામે સખત પોકાર પણ ઉઠયો છે. ઘણાખરા મુંબઇના દેવાલયો કે જેનો વહીવટ ટ્રસ્ટ-પદ્ધતિએ ચાલે છે અને જે માટે રીતસરના બંધારણ છે ત્યાં પણ કાનુન મુજબ કામ થતું નથી. સભ્ય ગણનો યા તો સંઘનો અવાજ સાંભળવામાં આવતો નથી. સાચી પરિસ્થિતિ પ્રતિ આંખ આડા કાના કરાય છે ઇત્યાદિ ફરીયાદો થઇ રહી છે. શ્રી ગોડીજી મહારાજની ચાલીઓ બંધાવતાં મોટી રકમ ખવાઇ ગઇ! શ્રી શાન્તિ-નાથજીની રકમનો મોટો ભાગ ચાંદીના બદલામાં સ્વાહા થઇ ગયો! કાટમાલના વેચાણની રકમ જમે પણ નથી દેખાતી! શ્રી નમિનાથમાં ઉભય સાથ વચ્ચે જે મતફેર અસ્તિત્વમાં છે એમાં અત્યાર સુધી લગભગ ચારેક હજાર પ્રત્યેક પક્ષને કેવળ નોટિસબાજીમાં વકીલ-સોલિસિટરોની ફીના ખરચ થઇ ચુકયા છે! શ્રી આદિશ્વરજી સંબંધમાં પણ આવીજ કંઇ બૂમ છે અને લાલબાગના ટ્રસ્ટીઓ સામે પણ પ્રકોપનો વંટોળ ઉઠયો છે. જે જગ્યા શેઠ મોતીશાએ જૈન સંઘના લાભાર્થે ધર્મશાળા અને તેવા બીજા પ્રસંગોના ઉપયોગ અર્થે રાખેલ ત્યાં આજે કમાણી કરવાના હેતુથી ચાલી ઉભી કરવામાં આવી છે! ઉપાશ્રય-માંનું દેરાસર ઉપાડવામાં આવનાર છે! અને વર્ષોથી ખુલ્લી જમીન પર ચાલી રહેલ વ્યાયામ શાળા કે જે ખાસ કરીને જૈન સમાજને આશીર્વાદ રૂપ છે તે પ્રતિ થયેલી રાતી આંખ! આદિ કાર્યો સામે જૈન જનતાનો મોટો ભાગ સખત વિરોધ બતાવી રહ્યો છે. ઠરાવ પણ થયા છે અને દેરાસર સંબંધમાં સાંભળવા મુજબ નોટિસ પણ અપાણી છે.

આ બધા બનાવો પરથી એકજ સાર તારવી શકાય કે-ટ્રસ્ટીઓ પોતે જૈન સમાજના સેવકો છે, પોતે જે કાર્ય કરે એમાં અખિલ સમાજનું હિત હોવું જોઇએ કિંવા સમાજની એ તરફ શી વલણ છે એ જાણવી જોઇએ-તે જોવા-જાણવાનો મહત્વનો મુદ્દો વીસરી ગયા છે. અલબત ટ્રસ્ટીઓમાં મોટા ભાગે શ્રીમંત છે. કેટલાક ઉદાર દિલ પણ છે અને થોડાક તો કાયદાના અભ્યાસી-ઓ પણ છે. વળી કેટલાક તો જાહેર કાર્યોમાં આગળ પડતો ભાગ લેતાં હોવાથી જૈનેતર સમાજમાં પણ ખ્યાતિવાળા છે. એટલે તેઓ પ્રત્યે માન ધરાવતાં હોવા છતાં, ને તેઓ સામે અંગત રીતે આંગળી ચીંધવાપણું ન છતાં માત્ર સમાજના મોટા ભાગનો જે પોકાર ચાલુ છે અને જેમાં સત્ય સમાયેલું દૃષ્ટિગોચર થાય છે એ મુદ્દો ધ્યાનમાં રાખી સાચી સ્થિતિનો ખ્યાલ આપવાની અગત્ય સમજાઇ છે. 'એમને તો એડવોકેટે નિમ્યા છે અગર આમાં તો જૈન સમાજને પૂછવાપણું છેજ નહિ અથવા તો સંઘના સભ્યોને તો કેવળ રીપોર્ટ કે હિસાબ માત્ર સાંભળી જવાનોજ અધિકાર છે.' આવા લુલા બચાવ કરનારા આ મુરબ્બીઓ સમજી રાખે કે એમાં તેઓની ગંભીર ભુલ થાય છે. દરેક ટ્રસ્ટોની આખરી માલિકી જૈન સંઘ યા જૈન સમાજની છે. એની ઇચ્છાની સામે થઇ તમો ઘડીભર પણ ટકી શકવાના નથી. આજે કદાચ એમાં પક્ષાપક્ષી છે તેથી કે પોતાના શું હક્ક છે એ તરફનું એનું જ્ઞાન નહિંવત્ હોવાથી ભલે તમો શેખી કર્યા જાવ પણ એ નિતરૂં સત્ય ધ્યાનમાં રાખજો કે એવી કોઇ સત્તા નથી કે જે આ સંઘબળ સામે આડી આવી તમારા એ પાંગળા બચાવ ચલાવી લ્યે. સંઘની ઉપર-વટ થઈ, એને અંધારામાં રાખી તમો પર મૂકેલા વિશ્વાસનો ભંગ કરી કેવળ સત્તાના નિશામાં ગાડું ગબડાવ્યે રાખશો તો એ સુષુપ્ત સમાજમાં પણ પ્રાણ સંચાર થશેજ. જાગ્રત થઇ એ જવાબ માંગશેજ.

ભણેલાને પ્રતિષ્ઠિત ગણાતા ટ્રસ્ટીઓ સંઘની સભા બોલાવે છે છતાં હાજર થવાની તસ્દી પણ લેતા નથી. અરે એમાંના એક સંઘના સભ્ય પણ બનતા નથી. કેવળ પગારદાર મંત્રી હાજર રહે છે. જાણી બુઝીને જે સભ્યોને મત આપવાનો હક સરખો પણ નથી તેવાના ટેકાથી સભાનું કામ ચલાવે છે. ગમે તેમ કરી માત્ર હિસાબ પાસ કરી જવો એ તેની વલણ જણાય છે! એનો એજ મંત્રી કાનુનના ઓથા તળે જૈન વ્યાયામ શાળા જેવી ઉપયોગી સંસ્થાને બંધ કરવાના પેતરાં રચે છે. માલિક ભાડુતનો પ્રશ્ન ઉભો કરે છે અને કોર્ટના પગથિયાં ઘસે છે! આ તો સાગરસંઘ ને લાલબાગની કાર્યવાહી જે રીતે ચલાવી લેવાય છે તેના તાજા ઇશારા માત્ર છે. એ પાછળનો લાંબો ઇતિહાસ તેમજ અન્ય ટ્રસ્ટો માટેના વર્ણન દૈનિક પત્રોમાં-સમાચારની જૈન ચર્ચામાં આવી ગયેલાં છે. એ માટે જુદા હેંડબીલો પણ બહાર પડયા છે. આ બધા પરથી વર્તમાન વહીવટદારોની નિતિ ધોરણસરની નથી પણ વાંધા ભરી કહેવાય છે! કેટલાક બાબતોમાં તેઓ જાણીબુઝી ભીનું સંકેલવા માંગે છે! એકાદ બે બાબતોમાં તો તેઓ કોઇ ત્રીજી ખટપટી વ્યક્તિની મોરલીએ નાચી રહ્યા હોય તેવો ભાસ થાય છે!

શું આ જાતનું વલણ વ્યાજબી છે? સમાજના પ્રતિષ્ઠિત વર્ગમાં જેની ગણના થાય છે તેને માટે શોભા-રૂપ છે? બદલાયેલા સંયોગામાં, પલટાઈ રહેલા વાતા-વરણમાં અને જે રીતે નવેસરથી યુગના ઘડતર થઇ રહ્યા છે તેવા સમયમાં ચલાવી લેવા યોગ્ય છે? જો

# નોંધ અને ચર્ચા.

## જૈન મહિલા સંઘ.

કેટલીક ઉત્સાહી અને શ્રીમંત લેખાતી બ્હેનો તરફથી ઉપરોક્ત સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે એને અમારા અભિનંદન છે. સ્ત્રી સમાજને લગતાં કેટલાક પ્રશ્નો એવા છે કે જેની વિચારણા અને પૂર્ણ છણાવટ એ વર્ગ તરફથી થાય; એ સબંધમાં શું કરવા જેવું છે તે વાત ચોકસ્સ શબ્દોમાં પુરૂષ વર્ગ સામે ધરવામાં આવે, તો એનો ઉકેળ સહજ સંભવે છે. એ સારૂ એકાદ સંસ્થાની આવશ્યકતા હતી જ. આ પૂર્વે આવી જાતની સંસ્થાઓ નહોતી એમ તો ન કહેવાય પણ દેશ-કાળ આજે જે જાતની જીવંત સંસ્થા માંગે છે અને જેના કાર્યકરો પગપર કુહાડો મારી પ્રગતિ ચાહક હોય છે, એ રીતે માપતાં ને ઉદ્દેશ તથા પ્રાથમિક શરૂઆત નિહાળતાં ઉપરની સંસ્થા માટે જરૂર સારી આશા બાંધી શકાય. અલબત એ વાતતો સ્પષ્ટ છે કે આ યુગમાં સંસ્થાનું જીવન કેવળ ધનના ઢગલા પર કે નામોની મોટી હારમાળા પર નથી અવલંબતું. સેવાભાવી અને નારી જાતના પ્રશ્નોમાં ઉલટ લઇ એ પાછળ પ્રાણ પાથરનાર બ્હેનોની સંખ્યા જેટલી વધુ તેટલી પ્રગતિની આશા વધુ રહેવાની. એ અર્થે કેવળ ફુલચંદ નિવાસ જેવા પ્રાંતવર્તી સ્થળથી નિરીક્ષણ ન કરતાં સમાજના મધ્ય ભાગમાં જઈ અવલોકન કરવું જોઇએ ને એમાં ઓત પ્રોત બનવું જોઇએ. સાથે એક વાત ભુલવાની નથી અને તે એજ કે કાર્યવાહીમાં પાશ્ચિમાત્યોનું આંધળુ અનુકરણ ન કરતાં આર્ય સંસ્કૃતિને નજર સન્મુખ રાખીને દરેક સવાલની ચર્ચા કે વિચારણા કરવામાં આવે. તોજ એમાં સફળતા મળવાની અને વિશાળ સંખ્યામાં બ્હેનોનું આકર્ષણ થવાનું. જ્યાં આશય નારીજાતિના દુઃખો ઓછા કરી સુખી સંસાર સર્જવાનો છે ત્યાં પ્રેમભાવ અને સેવાવૃત્તિજ કામ લાગે, તીખી ભાષાકે આક્ષેપના ઇતિહાસનું પ્રયોજન જ નથી.

## અણ ખેડાયેલા ક્ષેત્રો માટે વિનંતિ.

એક ભાઈબંધ પત્રે મહારાષ્ટ્રમાં શ્રી વિજયરામસુરિજીના વિહારથી થયેલ ધર્મોન્નત્તિની લાંબી પ્રશસ્તિ ગાઇ છે. એ પત્રની નીતિજ પક્ષાંધતાના ધોરણે ચાલતી હોવાથી એવીજ રીતે ભારતના અન્ય પ્રદેશોમાં બીજા મુનિપુંગવોથી થઇ રહેલ શાસન પ્રભાવનાની નોંધ લેવાનું નથી સુઝયુતે અફસોસજનક છે. એક વાત યાદ આપીએ કે ગુજરાત યાતો મુંબઇની મર્યાદા બહાર માત્ર મહારાષ્ટ્ર જ નહિં પણ ઉત્તર હિંદ, બેંગાલ, સિંધ આદિ દેશો તરફ સાધુ મહારાજાને વિહાર કરવાની વિનંતિ કરતાં આવ્યા છીએ અને એ પાછળ કેવું રહસ્ય અને લાભ સમાયા છે તે એ જુનવાણી પત્ર આજે મોડુ મોડુ પણ જોઇ શકેલ છે એ વાંચી આનંદ થાય છે. પંજાબમાં જૈન ધર્મની જીવંતદશા સિંધ જેવામાં અહિંસાના બહુમાન, બેંગાલમાં સરાક જાતિનો ઉધ્ધાર, મીરત આસપાસના સ્થાનોમાં પલ્લીવાળ આદિ જાતિમાં જૈન ધર્મના પુનઃ સંસ્કાર જેવા ઉત્તમોત્તમને પ્રભાવિક કાર્યો જો એ તરફ વિદ્વાન્ મુનિ મહારાજાઓનો વિહાર ન થયો હોત તો સંભવી શકતે ખરાં કે? ભલે આજે ઉપધાન વિધિ કે નાનકડા સંઘથી શાસન પ્રભાવના કર્યાના યશોગાન ગવાય પણ ઉપર વર્ણવ્યા પ્રમાણેના કાર્યોમાં ઓછી પ્રભાવના નથી સમાણી. આજના યુગને બંધબેસ્તી વાતો તો એજ છે. એટલેજ એકવાર ફરીથી આગ્રહ ભરી પ્રાર્થના વિદ્વાન્ મુનિરાજોને એ અણખેડયા પ્રદેશો પ્રતિ કદમ માંડવાની કરીએ અને એટલી વિનંતિ કે પરસ્પરના મતફેરો માટે ત્યાં કોઇ વાડા કે પક્ષો ન ઉભા કરતાં પ્રભુશ્રી મહાવીર દેવના શાસનનો વિજયવંતો ધ્વજ કેમ ફરકતો રહે અને અનુયાયી સંખ્યા વૃદ્ધિ કેમ પામે, તથા જૈન ધર્મના મુખ્ય તત્વોનું પાન કરી જનતા કેમ આત્મ ભાન કરે એજ લક્ષ્ય રાખશો.

## ચર્ચા ક્ષેત્રની હદ આવે છે.

કોન્ફરન્સની શિથિલતા સંબંધમાં, અધિવેશન મેળવવાની અનિયમિતતા કે મુશ્કેલી સંબંધમાં અને આમ જનતામાં એ સંસ્થા પ્રત્યે જે જાતની ભિન્ન ભિન્ન લાગણીઓ પ્રવર્તે છે તથા એ માટે કયા કારણો જોવામાં આવે છે એને લગતું વિવેચણ પૂર્ણતાએ પહોંચ્યું છે અરે કોઇ ગપ ગોળામાં તો એને લગતી મનગમતી ફેકોલોજી પણ ચાલી છે. આજે એ ચર્વણ પરથી જે વાત સ્પષ્ટ દ્રષ્ટિગોચર થાય છે તે એજ છે કે કોન્ફરન્સજ એક એવી સંસ્થા છે કે જેમાં અખિલ જૈન સમાજનું પ્રતિનિધિત્વ છે. સમાજના નામે બોલવાનો અધિકાર એ એકજ સંસ્થાને છે, એનું ભૂત કાલિન ગૌરવ પણ ઓછું નથી. જે કંઇ નિષ્ક્રિય સ્થિતિ કે એક વર્ગની દ્રષ્ટિયે ટીકાપાત્ર હાલત જન્મી છે તે છેલ્લા થોડા વરસોને આભારી છે. કોઇબી હિસાબે પુનઃ એકવાર જુદા જુદા વિચારવાલાએ એકત્ર બની પરસ્પર સમજુતી કરી એ સંસ્થાને પૂર્વવત્ કામ કરતી કરવાની જરૂર છે. એનું મંગળા ચરણ ભાવનગરની ભુમિમાં થાય એવી અભિલાષા છે એમાં નડતરના સ્થાન કયા

( અનુસંધાન પૃષ્ઠ ૫ ઉપર )

---

ધર્મ-વ્યવહારની સાચી નિતિ તરફ જોવાય-એમાંનો સત્તાનો અંચળો દૂર ફેંકી કેવળ સેવાનો ભાવ ઓળખાય તો કહેવુંજ પડશે કે ઉપરની વલણ ઇષ્ટ નથી જ. ઘડીભર પણ ચલાવી લેવા જેવી નથી જ. સમાજ સામે ઉભી કહે તે પૂર્વે પોતાના હાથેજ એનું દફન કરવું ઘટે. એનો ઉપાય ધારા શાસ્ત્રીની સલાહમાં નથી-કે નથી કેવળ વકીલોના ઘરભરી કોર્ટની દેવડીએ જઇ વલોણા કરવામાં! એથી ધર્નિક ખાતાના પૈસાનો કેવલ અપવ્યયજ છે. સાચો માર્ગ તો સમાજ યા સંઘને વિશ્વાસમાં લઇ, એ જે જાતની ભ્રમણા સેવતો હોય, તેનું કયાં તો નિરાકરણ કરી અથવા એ માન્યતામાં સત્ય રહેલ જણાય તો એનો સ્વીકાર કરી પરસ્પરની સમજુતીથી બની ગયેલ વાતનો ઉકેલ આણી, ભાવિ માટે સચોટ પદ્ધતિ દોરવામાં-વહીવટ સરળ ને શુદ્ધ રીતે ચાલે તેવો પ્રબંધ—કરવામાં છે.

ટ્રસ્ટીઓ આ પરિસ્થિતિનો શાંતચિત્તે વિચાર કરે અને તાકીદે સુધારો કરી ખોટકાઈ પડેલ વહીવટી તંત્રને પુનઃ સાચા રાહ પર આણે-જનતાનો ચાહ પુનઃ સંપાદન કરે. જાગૃતિના આ જુવાળમાં-સમાજના આમ વર્ગમાં આવેલ જાગૃતિ અને વધી રહેલ સંગઠનમાં-એજ એક ધોરી માર્ગ છે એ વાત ન ભૂલે.-

## શ્રી મહાવીર જૈન ઉદ્યોગમંદિર બારશીના વાર્ષિકોત્સવ પ્રસંગે

# શેઠ કાંતીલાલ ઇશ્વરલાલનું મનનીય ભાષણ.

**'કોન્ફરન્સ કેળવણી પ્રચાર સમિતિદ્વારા થયેલા કાર્યો જોઇ મ્હને સંપૂર્ણ સંતોષ થયેલ છે અને એ રકમ લેખે લાગી છે એમ હું મક્કમપણે માનવા પ્રેરાઉં છું,**

જૈન સમાજના જાણીતા કેળવણીપ્રિય અને કોન્ફરન્સના એક રેસીડેન્ટ જનરલ સેક્રેટરી શ્રીમાન **શેઠ કાંતીલાલ ઇશ્વરલાલ** તથા અ. સૌ. શ્રીમતી **શકુંતલાબેન કાંતીલાલ** તા. ૨૧-૧-૩૯ ના રોજ બાર્શિ શ્રી મહાવીર જૈન મંડળ (૪ સમ્મેલન), શ્રી મહાવીર જૈન ઉદ્યોગ મંદિર (૧ સમારંભ), શ્રી. મુલચંદ જોતીરામ જૈન પાઠશાળા (૪ સમારંભ) અને શ્રી. મહાવીર મંડળ સ્ત્રી વાંચનાલય ઉદ્ઘાટનાર્થે પધાર્યા હતા.

સ્ટેશનપર ભવ્ય સ્વાગત થયા બાદ સવારે વ્યાયામ શાળા અંગે મકાનનું ખાત મુહૂર્ત શેઠ કાંતીલાલે કર્યું હતું, તે પ્રસંગે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે શેઠશ્રીએ વ્યાયામની અગત્યતા ઉપર મનનીય ભાષણ કર્યું હતું.

ત્યારબાદ બપોરના મહાવીર ઉદ્યોગમંદિરનો મેળાવડો થયો હતો જે વખતે કન્યાઓએ સંવાદ વિગેરે કરી બતાવ્યા હતા. આ સંસ્થામાં નાની મોટી મળીને ૪૦ જૈન બહેનો કામ કરે છે. અને તેઓ સાડી-ભરત, છીક-ભરત, શિવણ-કટીંગ વગેરેનું સુંદર કામ કરી દર વખતે પ્રદર્શન ભરે છે. શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ તરફથી લગભગ વાર્ષિક ૬૦૦ રૂપિયાની તેને મદદ મળે છે.

આ વર્ષનું કલાપ્રદર્શન શ્રીમતી શકુંતલા બહેનને ખુલ્લું મુકવાની વિનંતિ થતાં તેમણે તે ખુલ્લું મુકયું અને તે પ્રસંગે બે શબ્દો બોલતાં જણાવ્યું હતું કે તમોએ આ તક આપી છે તે માટે આપનો હું અત્યંત આભાર માનું છું. જૈન શ્વે. કોન્ફરન્સ તરફથી તમોને જે સગવડ મળી છે અને તમોએ તેનો જે લાભ લીધો છે તેથી આ સુંદર પ્રગતિ કરી શકયાં છો. આવી જાતની પ્રગતિ બીજા સ્થળની સમિતિઓ પણ કરે તો તેનું પરિણામ ઘણું સુંદર આવે અને જૈન સમાજની ઘણી જ પ્રગતિ થાય. ટુંકમાં કોન્ફરન્સના ઉદ્દેશો પાર પાડવા માટે આપણે બરાબર તૈયાર થવું જોઇએ. ત્યારબાદ શેઠ કાંતિલાલે નીચેનું ભાષણ આપ્યું હતું.

ઉદ્યોગ મંદિર હજુ એક વર્ષનું બાળક છે પણ તે બાળકને વેગ આપવા અત્રેની કેળવણી સમિતિ તરફથી તમો જે સતત પ્રયાસ કરો છો તે માટે મારી ખાત્રી છે કે કોન્ફરન્સની કેળવણીની અન્ય શહેરીઓની સમિતિઓ પણ તમારૂં અનુકરણ કરી બીજા ઉદ્યોગમંદિરો સ્થાપશે.

આ ઉદ્યોગમંદિરને કોન્ફરન્સ સાથે નિકટનો સંબંધ હોઇ આ સ્થળે કોન્ફરન્સ અંગે બે બોલ આપની સમક્ષ બોલું તો અસ્થાને નથી.

ગત વર્ષમાં કોન્ફરન્સે આખા દેશમાં જુદે જુદે ઠેકાણે કુલે ૪૫ કેળવણીની સમિતિઓ નીમી જૈન વિદ્યાર્થીઓ અને કન્યાઓને અભ્યાસની સરળતા કરી આપી છે. આ પ્રમાણે આજે જુદા શહેરનાં સેકડો જૈન બાળકો કોન્ફરન્સની કેળવણીની સ્કીમથી પોતાના અભ્યાસને આગળ વધારી રહ્યા છે.

સમગ્ર જૈન સમાજની પ્રગતિનો કોઇ પણ સવાલ કોન્ફરન્સ જેવી સંસ્થા શિવાય આપણે ઉકેલી શકીએ તેમ નથી તે આ કેળવણીની એક નાની સ્કીમથી દરેક બંધુ સમજી શકશે. કોન્ફરંસ આટલી બધી ઉપયોગી સંસ્થા છતાં આજે તે શિથિલતા ભોગવે છે. કોન્ફરંસ તે જૈન સમાજનું શરીર છે અને આપણે સર્વે તેના આત્મા છીએ એટલે ખરી રીતે કોન્ફરંસ કરતાં આપણે જ શિથિલ બની ગયા છીએ. કોન્ફરંસ તો સમાજનું બેરોમીટર છે. આજે જૈન સમાજની ખરી સ્થિતિ જો કોઇને જોવી હોય તો કોન્ફરંસને જોઇ લે.

છેલ્લા દસ વર્ષના ગુજરાતના જૈન સમાજના ઇતિહાસે સમગ્ર જૈન કોમ એટલે કોન્ફરંસની પ્રગતિને તદ્દન રૂંધી નાખી છે. બુદ્ધિવાદ અને લાગણીવાદ એ બન્ને વચ્ચે આ દસકામાં જબ્બર ઘર્ષણ થયું. એક વર્ગ સુધારક તરીકે ગણાયો, બીજાએ પોતાને શાસન-રક્ષક તરીકે કહેવરાવ્યો, પહેલા વર્ગે ફક્ત બુદ્ધિને જ મહત્વ આપ્યું, બીજાએ લાગણીના જોરમાં બુદ્ધિને ભળવા ન દીધી. આમ બંનેએ વ્યવહાર અને નિશ્ચયની એકયતા સાધવા ન દીધી. આનું પરિણામ સમાજ માટે ઘણું જ ભયંકર આવ્યું. અંદર અંદર એક બીજા પ્રત્યે કડવાશ એટલી હદે વધવા માંડી કે પાણીમાંથી પોરા શોધીને એકબીજાની ભુલોને કાગનો વાઘ બનાવ્યો. બંને વર્ગ ખરી રીતે ભાવનાથી ધર્મની સેવાના માર્ગે છે. એકને શ્રાવક વર્ગ કચરાતો દેખાય છે તેથી સાતે ક્ષેત્રની જવાબદારી જેના ઉપર છે તેને પ્રથમ પગભર કરવાની ભાવના છે. બીજાને શ્રાવક ક્ષેત્ર સાથે બીજા ક્ષેત્રની જવાબદારી પણ એક સરખીજ ગણી માર્ગ કાઢવો છે. આ મતભેદો એવા નથી કે જેના માર્ગ ન નીકળી શકે. આખા સમાજના મંથનકાળનો સમય પસાર થઇ જાય છે ત્યારે આવી પક્ષાપક્ષી આપણને કયાં સુધી પાલવશે! હું બન્ને પક્ષને નમ્ર અપીલ કરૂં છું કે છેલ્લા દશ વર્ષના ઇતિહાસને તદ્દન ભુલી જઇ ભગવાન મહાવીરના ધર્મ ખાતર એક વખત ભેગા થાઓ. કેળવણી અને બેકારી આ બે સવાલો આજે જૈન સમાજ આગળ એવા પડયા છે કે થોડા વર્ષ સુધી આપણી શક્તિ કોન્ફરન્સ દ્વારા આ વિષયોમાંજ ખરચીએ તો સંગઠન આપોઆપ થઇ જાય. આ બંને વિષયો એટલા વિશાળ છે કે આના ઉપર પુરતું લક્ષ આપવામાં આવે તો કોન્ફરન્સને બીજા વિષયો ચર્ચવાની ફુરસત પણ ન મળે.

ગૃહસ્થો, છેવટે એક બાબત જણાવવાની અત્રે ઉચિત ધારૂં છું. શ્રી જૈન શ્વે૦ કોન્ફરન્સને કેળવણી પ્રચારાર્થે મ્હેં રૂા. ૨૫૦૦૦) આપ્યા બાદ મ્હને સ્હેજ અસંતોષ રહ્યા કરતો હતો પણ અહિં **કોન્ફરન્સ કેળવણી પ્રચાર સમિતિ દ્વારા થયેલા કાર્યો જોઇ મ્હને સંપૂર્ણ સંતોષ થયેલ છે અને એ રકમ લેખે લાગી છે એમ હું મક્કમ પણે માનવા પ્રેરાઉં છું.**

બપોરના શ્રી શકુંતલા બહેને શ્રી વાંચનાલય ખુલ્લું મુકયું હતું અને સાંજના શેઠ મુળચંદ જેતીરામના પ્રમુખપદે શેઠ કાંતિલાલને માનપત્ર અપાયું હતું. આ માનપત્રનો જવાબ વાળતાં તેમણે જણાવ્યું હતું કે મારા યત્કિંચિત કાર્ય પ્રત્યે તમે જે સંતોષ પ્રગટ કર્યો તે માટે હું તમારો આભાર માનું છું. કેળવણી અને બેકારીના વિષયમાં જૈન કોમે ઘણુંજ કરવાનું છે. પારસી કોમ નાનામાં નાની છતાં એની પાસેથી આપણા દેશે દાનના પ્રવાહમાં અનુકરણ કરવા જેવું છે. તમારે બધાને મારા જેવા નાના માણસને 'દાનવીર' કહીને સંતોષ લેવો પડે છે કારણ કે આપણે ત્યાં ટાટા કે વાડિયા જન્મતા નથી. દરેક વ્યક્તિ પોતાની શક્તિ ગોપવ્યા વિના સમાજની પ્રગતિને અંગે પોતાનો ભોગ આપે તો આપણી બધી મુશ્કેલીઓ દૂર થઇ જાય તેવું છે.

બારસી સંઘના આશિર્વાદથી મારી ભાવનાઓ વધારે ખીલે તેમ ઇચ્છું છું. તમારો ઉપકાર માનવા માટે મારી પાસે આથી વધારે શબ્દો નથી.

આ પ્રસંગે પાઠશાળાના બાળકોએ ધાર્મિક સંવાદો વગેરે કર્યાં હતા જેમને કપડાં, મિઠાઇ, તથા રોકડ ઇનામો શેઠ કાંતિલાલભાઈએ આપ્યાં હતાં. આ પ્રસંગે જુદી જુદી સંસ્થાઓને રૂા. ૨૦૦૦ ઉપરાંત રકમો તેમણે આપી હતી.

(અનુસંધાન પૃષ્ઠ ૩ ઉપરથી)

છે અને કેવી કાર્યવાહી હાલહાથ ધરવા જેવી એ સબંધમાં પણ ઉહાપોહ થઇ ચુકયો છે. એ સબંધમાં અહર્નિશ ઢોલ પીટવાની કે પુનઃ પુનઃ રામાયણ રમવાની જરૂર નથી. જરૂર માત્ર નિર્ધાર કરવાની છે.

જ્યારે Where the shoe pinches (કયાં જોડો ડંખે છે) એ જોવાયું છે ત્યારે Man proposes God disposes અર્થાત માણસ ધારેને ખુદા પાર ઉતારે એ કહેતીનું શરણુ લેવાની આવશ્યકતા છે. ચાહેતો એને ગોળમેજી કહો કે ઇનફોર્મલ ટોક કહો પણ માર્ગ ચીંધવાની વેળા સાંપડી છે. આગળ વધીને કહીએ તો રેસીડન્ટ જનરલ સેક્રેટરીઓમાંના એકે પોતાના ભાષણમાં એનું રેખાંકન પણ દોરેલ છે. તાકીદે એનો અમલ થાય એજ ઇષ્ટ છે.

---

—શ્રી ખંભાત પ્રજામંડળના કાર્યકરો મુંબઇ આવેલા હીરાબાગમાં મુંબઇમાં વસતા ખંભાતીઓની મીટીંગ શ્રીયુત ભુલાભાઈ દેસાઇના પ્રમુખપણા હેઠળ તા. ૧૬-૧-૩૯ રાત્રીના મલી હતી.

—જૈન પ્રોફેસર આર. બી. શાહે જૈનો માટે, **પેઇન્ટીંગ, ચીત્રકલા,** વીગેરે કાર્ય શીખવવા માટે મંમાદેવી પોસ્ટ ઓફીસ સામેના માલામાં જગા રાખી છે અને કાર્યની શરૂઆત માહા સુદ ૬ ગુરૂવારે કરી છે.

# મુંબઇના સંઘ જમણો.

## વિવેક શૂન્યતાની હદ!

મુંબઈમાં પજુસણમાં સંઘ જમણો તથા નોકારશીઓ થાય છે, તેવીજ રીતે ધાર્મિક મહોત્સવ પ્રસંગોએ પણ અવારનવાર સંઘનું સ્વામિવાત્સલ્ય થાય છે, અને નવકારશીઓ પણ જમાડાય છે, પરંતુ આ જમણોમાં છેલ્લા ૩-૪ વર્ષથી વિવેક કે મર્યાદાઓ બીલકુલ જળવાતી નથી. નોતરાંની મર્યાદા સચવાતી નથી, અને એઠવાડ છાંડવાની હદ તો ત્રાસ ઉપજાવે તેવી થઇ ગઇ છે. પ્રથમ તો ખાસ કરીને નોતરૂં કેવા પ્રકારનું છે, જમવા જનારનો તે આમંત્રણમાં સમાવેશ થાય છે કે નહિ તે જોવાની જરૂર છે. એકાદ ધાર્મિક સ્થળે જમણવાર થયો એટલે તે સર્વને માટે છુટો હોય એમ માની લેવાવું ન જોઇએ. બીજું પંક્તિસર બેસી શાંતિપૂર્વક શા માટે જમવામાં નથી આવતું તેના ઘણા કારણો છે, અને તે બાબત આ પત્રમાં અગાઉ પણ લખાઇ ગઈ છે, એટલે અહિં વધારે ન લખતાં માત્ર એટલુંજ કહેવું બસ છે કે જમનારે જરા શાંતિ અને વિવેકની મર્યાદા જાળવવી જોઇએ. બહોળા સમુદાયમાં કદાચ જરા વહેલા મોડું થાય, પરંતુ શાંતિ ગુમાવવી જોઇએ નહિ. આજના જમણો એટલા ત્રાસજનક થઇ પડયાં છે કે સારા માણસો તેમાં જમવા જતાં અચકાય છે, જ્યારે અન્ય કોમ તેનો લાભ લઇ જાય છે, અને જમાડનાર પણ એટલા ત્રાસી જાય છે કે બીજી વખત જમાડવાનો ઇરાદો ભાગ્યેજ કરે છે. આ વસ્તુસ્થિતિમાં ચોકસ સુધારાઓને અવકાશ છે તોજ આપણું જૈનત્વનું ખમીર જળવાઈ રહેશી.

—પ્રેક્ષક.

---

# સમાચાર સાર

**—"મુંબઇમાં નવા આચાર્ય"**—શ્રી લાલબાગના ઉપાશ્રયે આ. શ્રી. વિજય પ્રેમ સુરીશ્વરજીએ ઉ. શ્રી. ક્ષમા વિજયજી મહારાજને મહા સુદ ૭ શુકરવારે આચાર્ય પદવી આપી છે હવે. "શ્રી. વિજયક્ષમા સુરીશ્વરજી" તરીકે ઓળખાશે.

—મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ હસ્તક ચાલતી શ્રી જૈન વ્યાયામ શાળા ચાલુ કરવામાં આવી છે પોસ વદ ૧૩ ના દિવસે સરઘસ શ્રી. મણીલાલ જયમલ શેઠની સરદારી હેઠળ મંડળની ઓફીસેથી કાઢવામાં આવ્યું હતું, અને તેજ દીવસથી વ્યાયામ શાળા, ડ્રીલ, બેન્ડ કલાસ, ચાલુ કરવામાં આવ્યા છે.

સ્થળઃ-લાલબાગ, (અસલની જગા ઉપર) ટાઇમ સવારે ૭ થી ૯.

—તા ૭ મી ફેબ્રુઆરી, મુંબઇની મ્યુનીસીપાટીની ચુંટણીનો દીવસ આવે છે, કોંગ્રેસ તરફથી ઉમેદવારો બહાર પડેલા છે, બહાર પડેલા ઉમેદવારોમાંથી શ્રી. મોતીચંદ કાપડીયા, શ્રી. મણીલાલ શેઠ, શ્રી. માણેકલાલ વખારીઆ વીગેરે જૈનોનો સમાવેશ થાય છે.

—શ્રી. ખંભાત વીસા પોરવાડ જૈન યુવક મંડળની તા. ૨૨-૧-૩૯ રવીવારની સભામાં શ્રી ખંભાત પ્રજા મંડળે કરેલા ઠરાવોને સંપૂર્ણ ટેકો આપતો ઠરાવ તથા મુંબઇની આગામી મ્યુનીસીપાલીટીની ચુંટણીમાં કોંગ્રેસ તરફથી ઉભા રહેલા ઉમેદવારોને મત આપવાનો ઠરાવ પાસ કરેલો છે.

# સ્વતંત્ર વિચારશકિત.

મનુષ્ય એ એકજ એવું પ્રાણી છે, કે જે દરેક બાબત ઉપર સ્વતંત્રપણે વિચાર કરી શકે છે અને યોગ્ય વિચાર પછી તે પ્રમાણે વર્તી શકે છે. માણસની આ વિશિષ્ટતા જ એને બીજો પ્રાણીઓ કરતાં ખાસ કરીને જુદો પાડે છે. પણ માણસે પોતાની આ અજબ શકિતનો કંઇ ઉપયોગ કર્યો છે? હા, પણ બહુજ થોડા માણસોએ. બાકી બધા યે આ બાબતમાં પોતાના શક્તિને ખંભાતી તાળાં લગાવ્યા છે તેઓ કાઇ પણ અગત્યના સવાલ પર વિચાર કરી શકતા નથી. ખરૂં કહું તો વિચાર કરતાં નથી. તેઓ બીજાએ તૈયાર કરેલા વિચારો પોતાના કરે છે, પોતાના માને છે.

કોઈ માણસ મૃત્યુ પામે, રોકળ અને કૂટવાનું ચાલું થાય. આપણે આ બધું જોઇએ છીએ, પણ કોઈ વાર ગંભીરપણે વિચાર કર્યો છે આપણે તેના કારણો, પરિણામો અને યોગ્યતા ઉપર? આપણે એમાં કાઇ વાર કંઇ અયોગ્ય નહિ તો યોગ્ય શું છે એ જોવાનો પણ પ્રયત્ન કર્યો છે ખરો?

કોઈ પંચાવન વરસના જીવનને આરે આવેલા પુરૂષનાં લગ્ન કોઇ સોળ વરસની કોડીલી મુગ્ધ કન્યકા સાથે થાય, ત્યારે આપણે ક્યારેય અરેરાટી અનુભવી છે? ક્યારે ય આપણે એ કન્યકાના હૃદય ભંગનો-એના આશાના કિલ્લાઓના ભયાનક વિનાશનો વિચાર સરખો યે કર્યો છે? અને જ્યારે એ વિધવા થાય ત્યારે? અપશુકનિયાળ, કાળમુખી, ભારેપગી આ વિશેષણોનો અમર્યાદ ઉપયોગને આપણે દૂર કરવા કંઇ પ્રયત્ન કર્યો છે? એ કમનશીબ વિધવા માટે સહાનુભૂતિના બે ચાર શબ્દો પણ ઉચ્ચાર્યા છે?

સમાજની સનાતનતા, રૂઢિઓએ સોનેરી જંજીરો, આપણી આસપાસનું વાતાવરણ, વડીલોની અને સમાજની ધાક આ બધા યે આપણને વિચાર કરતાં રોકયા છે.

સમાજનો આદેશ છે કે અમારા ચાલી આવતા રીતરિવાજો સનાતન છે, પૂર્વજોએ રચેલા છે, (કેમ જાણે પૂર્વજો કંઇ ભૂલ જ ન કરી શકે? કેમ જાણે વખતના જવા સાથે સમાજના રીતરિવાજોમાં કંઇ ફરક પાડવાની જરૂરજ ન ઉભી થાય?) એની સાથે અડપલાં ના કરતા. નહિ તો ભારે પડશે વડીલો પોકાર કરે છે કે-વચ્ચે વચ્ચે ટકટક નહિ કરતા. તમે. તે આ અને આવી વાતોમાં શું સમજો? આ સાંભળી મનમાં જાગતા અનેક વિચારો, અનેક શંકાઓ, બધું શમી જાય છે કે આપણે શમાવી દઇએ છીએ. અને આ ચેતવણીઓ છતાં પણ જો આપણે આપણા સ્વતંત્ર મંતવ્યો દર્શાવવાની હિંમત દાખવીએ છીએ, તો પણ તે મંતવ્યો કાર્યમાં તો ભાગ્યે જ ઉતારીએ છીએ. પછી હળવે હળવે આપણે ચાલુ સમાજ વ્યવસ્થાને અપવાની તેનાજ સ્તંભ બની જઇએ છીએ.

કોઈ પણ સમાજને પોતાની પ્રગતિ માટે, પોતાના સર્વ દેશીય વિકાસ માટે નવા વિચારોની જરૂર છે. આપણા પૂર્વજો એ જે કંઇ કરેલું તે તે વખત માટે કદાચ સારૂં હશે, બંધબેસતું અને જરૂરી હશે. પણ એટલા ઉપરથી એ પૂરવાર નથી થતું કે તે સદાને માટે ઉપયોગી અને ન્યાયી બને. જેમ જેમ સમય જાય છે તેમ તેમ સામાન્ય પરિસ્થિતિ બદલાય છે અને એ બદલાતી પરિસ્થિતિને અનુકૂળ રહેવા સામાજીક પ્રથાઓમાં ફેરફાર કરવાની અનિવાર્ય જરૂરિયાત ઉભી થાય છે.

આવા શબ્દોથી પણ આપણાએ માન્ય કર્યાં છે, શબ્દોથી નહિ, પણ કાર્યોથી-સક્રિય અને સાચા ફેરફારો કરીને આપણે મોડા મોડા તો યે જાગ્યા છીએ-તો જાગ્યા ત્યાંથી સવાર લેખીએ. આપણા ચાલ્યા આવતા રિવાજોનું આપણે ચોક્કસ પૃથક્કરણ કરીએ. આપણે એ પ્રણાલિકાઓની યોગ્યા યોગ્યતા વિચારીએ, આપણે આપણી રૂઢીઓને વર્તમાનની કસોટીએ ચઢાવીએ. એમાંથી જો એ પસાર થાય તો તે પ્રથાને આપણે અપનાવીએ, અને જો કસોટીમાંથી પાર ન ઉતરે તો અને આપણે કાઇ પણ જાતના ભય વગર ફગાવી દઇએ.

પણ એક ચેતવણી. આપણે જે કંઇ કરીએ તે પૂર્ણ અને ચોક્કસ વિચાર કરીનેજ, કે જેથી આપણને પાછા પગલા ભરવાનો કે પસ્તાવાનો સમય ન આવે અને આપણે જુની પ્રણાલિકાઓને ફગાવતાં બીજા અયોગ્ય બંધન આપણા ઉપર ન લાદીએ, નહિતર તો ઉલમાંથી ચૂલમાં જવા જેવું થઇ પડશે.

આપણી પ્રણાલિકાઓનું પૃથક્કરણ, યોગ્યાયોગ્યતા હવે પછી—

—નિરીક્ષક.

# પ્રજા જાગૃતિનો જુવાળ.

પુનઃ એક વાર રાજકોટ સંગ્રામ સૌની દ્રષ્ટિનો વિષય બન્યો છે. સરદારે કરેલા કરાર તોડવામાં વીરાવાળા તથા એજન્સી રેસીડેન્ટ મી૦ ગીબ્સને કેવો ભાગ ભજવ્યો છે એનો યથાર્થ ઘટસ્ફોટ થઇ ગયો છે. દેશી રાજ્યની પ્રજાએ મક્કમતાથી પોતાની કૂચ ચાલુ રાખશેજ. જે જાગૃતિ આજે દેશના ચોખૂણે આવેલ પીળા પ્રદેશમાં પ્રવર્તે છે એને પડદા પાછળ ચાલી રહેલ આ જાતના દોરી સંચારથી નવું પ્રોત્સાહન મળશે. એક સામટી ધરપકડ, લાઠીમાર કે કેદખાનાની દીવાલોમાં ગોંધી મારવાના અથવા તો ગોળીબારના ભયંકર ગર્જારવોથી હવે પ્રજા ગભરાય કે પીછેહઠ કરે એ માનવું સાવ ભુલભર્યું છે. અરે હસવા સરખું છે. દેશ આજે એટલો આગળ વધ્યો છે કે સત્તાસાહીના મનગમતા દોર નીચી મુંડીએ ચલાવી લે તેવી સ્થિતિજ નથી રહેવા પામી. પ્રજામતથી વિરૂદ્ધ જનાર ગમે તેવી માંધાતા સહકાર પણ કડક ભુસ તૂટી પડવાની છે. એ નિતરૂં સત્ય છે. એ પાછળ ઇતિહાસની સાક્ષી છે. સત્તાવનના બળવા સમયે જ્યારે પ્રજામાં સંગઠન પણ પુરૂં નહોતું અને સમાજના જુલમોને ટપી જાય તેવા-દીલ કંપાવે એવા-કષ્ટો વેઠવામાં ભારત વર્ષની પ્રજા ગભરાઇને ઘરમાં નહોતી ભરાણી, ત્યારે આજે તો મોટા ભાગ પર કોંગ્રેસ સરકારનું રાજ્ય છે. અહિંસક સંગ્રામ મારફતે ગમે તેવી મદાંધ સત્તાને પણ નમાવી શકાય છે એનો જીવતો જાગતો દાખલો નજર સામે છે. એ પ્રસંગે થોડા ઘમંડી સત્તાધીશોની દોરવણીથી કે એમના હાથા રૂપ બનેલા આપણાજ ભાઈઓની સ્વાર્થી ચાલબાજીથી પ્રજા પોતાના નિશ્ચયમાંથી પીછેહઠ કરશે. એ સ્વપ્ને પણ બને તેવું નથી.

સમયની હાકલ વાગી રહી છે, ત્યારે હિંદવાસી બંધુઓએ એક વાત ખાસ યાદ રાખવાની છે અને તે એજ કે ધર્મના ભેદોને આગળ આણી કે કોમીવાદી વલણમાં ઝુકી જઇ પોતાનું સંગઠન નાકૌવત બનાવવાની ભૂલ હરગીજ કરવી નહીં. Divide & Rule ની નીતિ ત્યાંજ ફાવી છે કે જ્યાં ભિન્ન ભિન્ન કોમો મુખ્ય ધ્યેય ભૂલી, સગઠિત રીતે સામનો કરવાનું છોડી આપસના મતાંતરોમાં પડી છે!

—ચોકસી.

# ::: કૉન્ફરન્સ કાર્યાલય પ્રવૃત્તિ. :::

**—'જૈન યુગ' ના ગ્રાહકોને—**'જૈન યુગ' ના ચાલુ વર્ષ ૭ ના અત્યાર પર્યન્ત ૧૨ અંકો મોકલાઈ ચુકયા છે.. સર્વે ગ્રાહકોને આ વર્ષના **લવાજના રૂપીઆ ૨), મની-આર્ડર દ્વારા મોકલી આપવા** વિજ્ઞપ્તિ છે અન્યથા આગામી અંક વી. પી. દ્વારા મોકલાશે તે સ્વીકારવા કૃપા કરવી.

**—પાઠશાળા મદદ—**શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ દ્વારા પાઠશાળાઓને અપાતી મદદના ફંડમાં શ્રીમાન **શેઠ માણેકલાલ ચુનીલાલ શાહે** રૂા. ૧૦૦૦) એક હજાર આપ્યા છે તે આભાર સહિત સ્વીકારીએ છીએ.

જૈન પાઠશાળાઓને આર્થિક મદદની અપેક્ષા હોય તેઓએ બોર્ડના કાર્યલયથી (ઠે. ૨૦, પાયધુની, ગોડીજીની ચાલ, મુંબઈ ૩) છાપેલા ફૉર્મ મંગાવી તુરત ભરી મોકલવા.

**—'ભરહેસર બાહુબલી વૃત્તિ' ભેટ—**જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડની ધાર્મિક પરીક્ષાઓના સ્ત્રી ધોરણ બીજાના અભ્યાસાર્થે ઉપયોગી થઈ શકે એ હેતુથી શ્રીમાન **શેઠ કાંતીલાલ ઇશ્વરલાલે** પરીક્ષા આપવા ઉત્સુક વિદ્યાર્થીનિઓને તે પુસ્તક ભેટ આપવા ઇચ્છા વ્યકત કરી છે. જેઓને જોઇતી હોય તેઓએ "શેઠ કાંતીલાલ ઇશ્વરલાલ ઠે. બીચ વ્યુ-ચૌપાટી સીફેસ, મુંબઇ ૭" ના સિરનામે લખવું.

**—સેન્ટરોમાં ધાર્મિક પરીક્ષાઓ—**શ્રી સારાભાઈ મગનભાઇ મોદી પુરૂષવર્ગ અને અ. સૌ. હીમઇબાઈ મેઘજી સોજપાલ સ્ત્રીવર્ગની ધાર્મિક હરીફાઇની ઇનામી પરીક્ષાઓ બોર્ડ દ્વારા તા. ૨૫-૧૨-૧૯૩૮ ના રોજ નીચેના ૪૧ સેન્ટરોમાં લેવાઇ છે.

(૧) મુંબઇ (૨) અમદાવાદ (૩) સુરત (૪) પાલીતાણા (૫) ભાવનગર (૬) ભોપાલગઢ (૭) જેતપુર (૮) જુનાગઢ (૯) છોટી સાદડી (૧૦) બાર્શી (૧૧) જાલોર (૧૨) કરાંચી (૧૩) સાદડી (૧૪) ઓશીયા (૧૫) રતલામ (૧૬) પેથાપુર (૧૭) ગુજરાનવાલા (૧૮) રાધનપુર (૧૯) સમૌ (૨૦) થરાદ (૨૧) ચાણસ્મા (૨૨) પાલેજ (૨૩) સાંગલી (૨૪) બગવાડા (૨૫) જુન્નેર (૨૬) પૂના (૨૭) નિપાણી (૨૮) ચાંદવડ (૨૯) આમોદ (૩૦) ગોધરા (૩૧) ઉંઝા (૩૨) બોરસદ (૩૩) દાહોદ (૩૪) રાજકોટ (૩૫) ભરૂચ (૩૬) ખંભાત (૩૭) બ્યાવર (૩૮) વિરગામ (૩૯) બાણી (૪૦) પાદરા (૪૧) પાલણપુર.

**—પ્રચારક પ્રવાસ—**કોન્ફરન્સની કેળવણી પ્રચારની યોજનાના પ્રચારમાટે પ્રચારક શ્રી રાજપાલ મગનલાલ વ્હોરા હાલ કાઠીયાવાડમાં પ્રવાસ કરી રહ્યા છે. તેઓને આ કાર્યમાં સહકાર આપવા સૌને વિજ્ઞપ્તિ છે.

**—રૂા ૧૮-૮-૦ ના પુસ્તકો રૂા. ૭-૮-૦ માં—**શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ દ્વારા પ્રગટ થયેલા નીચેના અમુલ્ય પુસ્તકો પ્રચારાર્થે ટુંક સમય માટે રૂા. ૭-૮-૦ માં મલી શકશે. તે લાઇબ્રેરીઓ, જ્ઞાનભંડાર, જૈન સંસ્થાઓને તો ઘણાજ ઉપયોગી અને માર્ગ દર્શક છે, એક એક પ્રત અવશ્ય વસાવવી જોઇએ.

| | અસલ કિંમત | | ઘટાડેલી કિંમત. |
|---|---|---|---|
| શ્રી જૈન ગ્રંથાવલી | રૂા. ૩-૦-૦ | | ૧-૦-૦ |
| શ્રી જૈન મંદિરાવલી | રૂા. ૧-૮-૦ | | ૦-૮-૦ |
| જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઈ કૃતઃ— | | વાંચન પૃષ્ઠ ૩૧૦૦. | |
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો | રૂ. ૫-૦-૦ | ૧૦૦૦ | ૧-૮-૦ |
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો | રૂ. ૩-૦-૦ | ૮૫૦ | ૧-૮-૦ |
| શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ | રૂ. ૬-૦-૦ | ૧૨૫૦ | ૩-૦-૦ |

સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા. ૪-૦-૦ માંજ.

લખોઃ-**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ,** ૨૦, પાયધુની-**મુંબઇ, ૩.**

**--'સામાયિક સૂત્ર'—**ધાર્મિક પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને ઉપયોગી **'સામાયિક સૂત્ર'** શાલોપયોગી આવૃત્તિ શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ દ્વારા છપાવી પ્રગટ કરવામાં આવી છે તેની ઘણીજ થોડી નકલો બાકી રહી છે. જે જૈન પાઠશાળા કે કન્યા શાળાના વિદ્યાર્થીઓને જરૂર હોય તેઓએ તુરત મંગાવી લેવી. ક્રાઉન સાઇઝ ૨૩૮ પેજની પાકા પુંઠાની બાઈંડ કરેલી ચોપડીની -કિંમત માત્ર ૦-૨-૦ રાખવામાં આવ્યા છે. મંગાવનારે કિંમતની રકમ મનીઆર્ડર દ્વારા મોકલી આપવી. વધુ કાપીઓ મંગાવનારે રેલ્વે પાર્સલ દ્વારા મંગાવવાથી ખર્ચમાં લાભ થશે.

## સમાજ ઉન્નતિનો સાચો ઉકેલ.

જૈન સમાજની જાગૃતિનો ફરી એક વખત જુવાળ ચઢવા માડયો છે ત્યારે કહેવાતા યુવાનો અને સમાજના તકસાધુ નેતાઓની સેના નવો ઉલ્કાપાત મચાવવા નીકળી પડી છે. ભાવનગરને આંગણે કોન્ફરન્સનું અધિવેશન ભરવાની સુભગ પળ આવે છે ત્યારે ભુતકાળના ઇનિહાસના પાના ઉકેલીને, ઠરાવોની હારમાળાના ડુંગરો ખોદીને, ધર્મની ગાંડી ઘેલછાને નામે આપસ આપસનું સંગઠ્ઠન સાધવાને બદલે, અંતરની શુદ્ધ મનોદશા કેળવવાને બદલે, નુતન માર્ગ શોધી સમાજની ઉન્નતિ સાધવાને બદલે, એ વિઘ્નસંતોષીઓ અધિવેશનના રાહમાં પથરા ફેંકી રહ્યા છે. જ્યારે સારોયે દેશ પૂજ્ય બાપુજીની દોરવણી નીચે આઝાદીને માર્ગે આગે કૂચ કરી રહ્યો છે ત્યારે એમાંથી પ્રેરણા મેળવવાને બદલે એ વર્ગ આપમતનું પ્રદર્શન કરી સમાજને ઉંધા ચશ્મા પહેરાવી રહ્યો છે. અત્યાર સુધીની જૈન સમાજની પ્રવૃત્તિથી સૌ કોઇ વાકેફ છે. તેની પ્રગતિમાં કોને કોને ભોગ આપ્યો છે એથી કોઇ અજાણ નથી. જૈન સમાજની ઉન્નતિની અનેકવિધ પ્રવૃત્તિઓ અને મુખ્યત્વે કેળવણી વીકાસના ક્ષેત્રમાં અનુપમ તન, મન અને ધનનો ભોગ આપી સમાજને પ્રગતિમય બનાવવામાં યશસ્વી ફાળો આપનાર વ્યક્તિઓના હાથમાં સુકાન નિર્ભય રાખવાને બદલે મનગમતા વીચારો સમાજ આગળ રજુ કરી તેને ભ્રમમાં નાખવાનો એ

કહેવાતા યુવકોનો શું હેતુ હશે તે સમજાતું નથી. આજે તો છાપાઓ પણ એક બીજા સામે ઘુરકવાની મનોદશા કેળવવા માગતા હોય તેમ લાગે છે. છેલ્લા 'જૈન' અને 'જૈનજ્યોતિ' ના પાનાઓમાં સહકારના સૂરને બદલે જુદાજ સૂર નીકળતા લાગે છે. કોઇ કોન્ફરન્સને માર્મિક રીતે મ્હેણા લગાવે છે તો કોઇ તેની પોકળતા જુવે છે. ભાવનગર ખાતેનું આગામી અધિવેશન કદાચ સફળ થાય તો કદાચ ધર્મ ભયમાં મુકાશે એવી ભાવના સેવતા કેટલાક રૂઢીચુસ્તો એમાં અંતરાય નાખે છે અને તેનો દોષ યુવકોને શિરે ઓઢાડે છે. કોઇ વળી તેને અમુક પ્રકારની ખાત્રીઓથી જકડી લેવા મગે છે. જેણે જેમ આવે તેમ માત્ર સાચા જુઠ્ઠા આક્ષેપો કરવાની નીતિ અખત્યાર કરી છે. આપસ આપસ મળીને સલાહ સંપથી એમાં રહેલા મતભેદોનો તોડ કાઢવાની બુદ્ધિ ગ્રહણ કરવાની કોઇને ફુરસદ નથી. બંધારણવાદને અનુસરીને આગળથી તેનો તોડ ન નીકળી શકતો હોય તો અધિવેશન વખતે પ્રયાસ કરવો ઘટે. તેને બદલે 'ભેંસ ભાગોળે, છાશ છાગોળે અને ઘેર ધમાધમ' જેવી નીતિ અખત્યાર કરવાથી સમાજનું કયું હીત થવાનું છે? આજે જૈન સમાજમાં મુખ્યત્વે બે વર્ગો મનાય છે. એક રૂઢીવાદી અને બીજો સુધારક. એ બન્નેનો મુખ્ય મતભેદ, દેવદ્રવ્ય, અયોગ્ય-દીક્ષા અને વિધવા પુનર્લગ્ન બાબત છે. અત્યારનો દેશકાળ અનેક વિચારમંથનોમાંથી પસાર થાય છે. પ્રત્યેક વિચારશીલ વ્યક્તિને પોતાનું ભાવિ ધ્યેય અમુક માર્ગેજ સર કરવાની ભાવના કેળવવી એ કપરી વસ્તુ છે. એ પરિસ્થિતિમાં ઉપરોક્ત મતભેદોની બાબતો વ્યક્તિગત મુનસફી પર મુકી દેવામાં આવે અને તેને બદલે સમાજહીતના બીજા અનેક પ્રશ્નો જેવા કે, બેકારી, નિરક્ષરતા. જૈન સાહિત્યનો વીકાસ અને રાષ્ટ્રની અનેકવિધ પ્રવૃત્તિઓને સહકારના માર્ગો યોજવામાં આવે તો એમાં સમાજનું વધુ સારૂં કલ્યાણ સાધી શકાશે. જે મતભેદોને આજે વધુ મહત્વ આપવામાં આવે છે તેનો ઉકેલ માત્ર ઠરાવો દ્વારા કરવાને બદલે જનતાને તેની સાચી સમજ આપીને યોગ્ય માર્ગે દોરવવામાં આવે એજ વધુ ઇષ્ટ છે. જનતાને જ્યારે એ પ્રશ્નો પરત્વેનું સાચું ભાન થશે કે તરતજ એ પ્રત્યેનું પોતાનું વલણ નક્કી કરી લેશે. એ વખતે તે ભુતકાળના ઠરાવોને લગતા ઈતિહાસ પર નજર નહી નાખે. જેટલું સંગીન કાર્ય સમજશક્તિ અને વીચારણાથી થાય છે તેથી અડધું કાર્ય પણ ઠરાવોથી નથી થતું. મોટે ભાગે સત્તા વગરના ઠરાવો સદા કાગળ પરજ રહ્યા રહ્યા ભુસાઈ ગયા છે. સ્વરાજ્યની આપણી લડત માત્ર ઠરાવોથી સફળ થઇ નથી. એની પાછળ કુરબાનીનો મહાન ઇતિહાસ આલેખાયો છે એથી આજે કોણ અજ્ઞાત છે? અત્યારસુધીની આપણી અનેક પરિષદોના ઠરાવોને યાદ કરો. સમાજ ઉન્નતિની દીશામાં એ ઠરાવોએ કેટલો યશસ્વી ફાળો આપ્યો છે? આજે જે કંઇ પરિસ્થિતિ બદલાઇ છે તે ઠરાવોને આભારી નથી: પણ દેશકાળના પરિવર્તન ને લીધેજ. આપણે આટલું સમજીએ અને અધિવેશનની આવેલ સુભગ પળને સહર્ષ વધાવી લઇ સમાજના ઇતિહાસનું એક સોનેરી પાનું ઉઘાડીએ એજ શુભેચ્છા.

લેખક—ચૈતન્ય.

# લાલબાગમાં બંધાયેલું નવું જિનાલય

મુંબઈની ચોકસીની પેઢીમાં અગ્રસ્થાન ધરાવતી વીઠલદાસ ઠાકોરદાસની કુંપનીના એક ભાગીદાર જામનગર નિવાસી સ્વ૦ શ્રી: લાલજીભાઇ હરજીના વારસોએ પોતાના સ્વ૦ પિતાશ્રીની ઈચ્છા મુજબ આ જિનાલય બંધાવ્યું છે. મરહુમ લાલજીભાઇ જામનગરના ઓશવાળ જ્ઞાતિના હતા, તેઓએ પોતાની આપકમાઇથીજ લાખો રૂપીઆ એકઠા કર્યા હતા, તેઓ પોતાના અંતઃકાળે પોતાની મિલ્કતનું ટ્રસ્ટડીડ કરી ગયા હતા, અને એ ટ્રસ્ટડીડની રૂએ તેના ટ્રસ્ટીઓ તથા તેના વારસોએ આ જિનાલય બંધાવ્યું છે. આપણા શાસ્ત્રકારોએ જિનમંદિર બંધાવવાનું પુણ્ય મહાન્ લખ્યું છે, અને તેથીજ ધર્મપ્રેમી શ્રીમંતો આવા જિનમંદિરો બાંધવા પોતાના દ્રવ્યનો વ્યય કરે છે. આ કાર્ય સરૂં છે, પુનિત છે, એમાં બે મત હોઇ શકે નહિ. પરંતુ સાથે સાથે આપણા શાસ્ત્રકારોએ એ પણ કહ્યું છે કે સાત ક્ષેત્રમાંથી જે ક્ષેત્ર સીદાતું હોય, બલ્કે જે ક્ષેત્રમાં દ્રવ્ય વાપરવાની વિશેષ આવશ્યકતા હોય ત્યાં પ્રથમ ઉપયોગ થવો જોઇએ. આ દેવાલય બાંધવા પાછળ લગભગ સવાલાખ રૂપીઆનો ખર્ચ થયો સંભળાય છે. મુંબઇ જેવા ગીચ શહેરમાં સંકુચિત જગ્યામાં આ દેવળ બાંધવામાં આવ્યું છે, છતાં તે બંધાવતાં ઘણો મોટો ખર્ચ થયો છે. એમ કહ્યા શિવાય ચાલે તેમ નથી. જો કે તેનું શિલ્પ કારીગિરી વિગેરે મનોહર છે. પરંતુ જગ્યાની સંકડાશ આ બધાને નડતરરૂપ જણાય છે. જો આ દેવાલય મરીન લાઇન જેવા રસ્તા ઉપર બંધાયું હોત તો મુંબઇની જૈન પ્રજાને વધારે ઉપયોગી નીવડત. સાંભળવા પ્રમાણે મરહુમ લાલજીભાઇની ઈચ્છા પોતાની માતૃભુમિમાં જિનાલય બાંધવાની હતી, પરંતુ કેટલાક સંજોગો આધીન આ દેવાલય અહિં બંધાયું. હાલ તેની પ્રતિષ્ઠાનો અઠ્ઠાઇ મહોત્સવ ચાલુ છે, અને શ્રી વર્દ્ધમાનસ્વામીની પ્રતિમાજી ગુજરાતના કોઇ ગામમાંથી જે લાવવામાં આવ્યાં છે, તેમને તખ્ત ઉપર બિરાજમાન કરવામાં આવશે. જો આ જિનાલય જામનગર અથવા તેની આસપાસ કોઇ સારા હવાપાણીવાળા સ્થળે બંધાયું હોત તો એ જામનગરના વસવાવાળા ભાઇઓ માટે તીર્થધામ જેવું બનત, અને આટલી રકમમાં તો સાથે સાથે સેનીટરી કે ધર્મશાળા જેવું પણ બંધાઇ શકત. પરંતુ આ ચર્ચા હવે અસ્થાને છે. આપણે તો હજુ પણ તેમના ટ્રસ્ટીઓને અને વારસોને વિનવીશું કે મરહુમ સામાજીક કાર્યોમાં ખુબ રસ લેતા હતા, તો તેમના સ્મરણ નિમિત્તે કોઈ જ્ઞાતિ ઉપયોગી અથવા સામાજિક સંસ્થા–જેવી કે સસ્તા ભાડાની ચાલી, સેનીટરી આદિમાં થોડી ઘણી પણ રકમ ખરચી મરહુમની ભાવનાને ફલિત કરે.

—ચક્રવાક.

**રાજકોટમાં ફરી લડત**—રાજકોટની લડતમાં થયેલી સંધીનો રાજ્ય તરફથી ભંગ થતાં ત્યાં લડતના પુનઃ મંડાણ થયા છે. રાજ્યે શરૂઆતથીજ દમન પૂરજોશમાં ચાલુ કર્યું છે લગભગ ૩૦ કાર્યકરોની એક સામટી ધરપકડ કરવામાં આવી છે. ઘણા વર્તમાન પત્રોને રાજ્યની હદમાં દાખલ થતા અટકાવવામાં આવ્યા છે.

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA."  Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રીઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમઃ—રૂપીઆ બે.  છુટક નકલઃ—દોઢ આનો.

વર્ષ જુનું ૧૨ મું. નવું ૭ મું. | તારીખ ૨૧ મી ફેબ્રુવારી ૧૯૩૯. | અંક ૧૪ મો.

## રાષ્ટ્રભાવનાને લાંછનરૂપ શું?

આજના જમાનામાં ઊઠીને હિંદુ રાજ્ય અને મુસલમાની રાજ્ય એવી ભાષામાં બોલવું એ તો સાચે જ જરીપુરાણી વાત થઇ. એવા ભેદ કરવાને સારું કસોટી કઇ? કાશ્મીરમાં ઘણી મોટી વસ્તી મુસલમાન પ્રજા છે ને રાજા હિંદુ છે, એટલે શું એ હિંદુ રાજ્ય થઇ ગયું? અથવા તો નિઝામ મુલકની મોટી વસ્તી હિંદુની છે ને મુસલમાન રાજ્યકર્તા તેનો ભાગ્ય-વિધાતા છે, એટલા સારુ હૈદ્રાબાદ શું મુસલમાની રાજ્ય થઈ ગયું? હું તો આ બધા પ્રલા-પોને આપણી રાષ્ટ્રભાવનાને લાંછન રૂપ ગણું છું. હિંદ ઉપર આજે ખ્રિસ્તી રાજાની હકુમત વર્તે છે એટલે શું હિંદુસ્તાન એક ખ્રિસ્તી રાજ્ય થઇ ગયું?

પણ ગમે તે રાજ્ય કરી રહ્યું હોય છતાં હિંદ એ જો હિંદી રાજ્ય જ છે, તો દેશી રાજ્યો પણ કેવળ હિંદી જ રાજ્યો છે, પછી તેના રાજ્યકર્તા ભલે ગમે તે કોમના હોય. અને આજના એ રાજ્યકર્તાઓ અને તેમના વારસો જાગેલી પ્રજાનો સદ્‌ભાવ કેળવીને જ રાજ્ય કરી શકશે. પ્રજામાં જે જાગૃતિ આવી છે તે કાયમની છે. દિનપ્રતિદિન એની ગતિ વધ્યે જવાની છે. રાજ્યકર્તાઓ અને તેમના સલાહકારો લોકોનું જોશ દબાવી દેવામાં કદાચ ક્યાંક ઘડી વાર સફળ થાય તોપણ તેને કદાપિ મારી શકશે નહિ. આજે આ દેશમાં કોણ એવો ટુંકી નજરનો છે, એવો ઊંચકનો છે, જે સ્વતંત્રતાનો પગરવ ન સાંભળી રહ્યો હોય? અને આઝાદ હિંદ એના ઝીણા કે મોટા કોઇ પણ ખુણામાંયે એક ક્ષણને સારુ પણ દમનીતિ સાંખશે એવી કલ્પના પણ શું શકય છે? આટલું મારી કલ્પનામાં આવી શકે છે કે આઝાદ હિંદમાં ઐાંધ જેવા ધોરણે બંધારણીય ટ્રસ્ટીઓના જેવું સ્થાન દેશી રાજાઓને સારૂ હશે ખરૂં. અંગ્રેજોને સારૂં પણ પ્રજાના ચાકર તરીકેનું સ્થાન હશે, માલીક તરીકેનું કદાપિ નહિ.

તેથી દેશી રાજાઓને સારૂં આઝાદ હિંદમાં નભી રહેવાનો એકમાત્ર રસ્તો એટલો જ છે કે અત્યારથી તેઓ યુગબળને જાણે— કાળને ઓળખે— તેને નમે અને તે મુજબ વર્તે. ત્રાવણકોરના હિંદુ રાજા, હિંદુ રાજમાતા તેમજ હિંદુ દીવાનને એ વાતની મગરૂબી હોવી જોઇએ કે પોતાના ખ્રિસ્તી પ્રજાજનોની તેમને છાંટાભાર બીક નથી લાગતી. ધારો કે ત્રાવણકોરમાં જવાબદાર રાજયતંત્ર હોય તો ખ્રિસ્તીઓ, હિંદુઓ કે મુસલમાનો શું કરે? જે ધારાસભામાં હશે તેમણે મતદારોને દરેક વાતનો જવાબ દેવો પડશે. આમાં ભયને અવકાશ જ કયાં છે? અંતરાય કયાં છે? અત્યારની દમનીતિમાં જ બધો ભય છે, બધા અંતરાય છે. ('હરિજન'માંથી) —મહાત્મા ગાંધીજી.

---

આ પત્રનું પ્રકાશન બંધ કરવા માટે કાર્યવાહી સમિતિની તા. ૧૦-૨-૩૯ ની અમે ગયા વિચારણા થવાની હતી તે કારણે આ અંકની તૈયારીઓ મોડી થઇ પરંતુ તે વિચારણા બીજી બેઠક ઉપર મુલત્વી રહેતાં આ અંક ૫ દિન મોડા પ્રસિદ્ધ થયો છે. —જૈન યુગ સમિતિ.

**જૈન યુગ.**

તા૦ ૨૧-૨-૩૯. મંગળવાર.

# બહુમતિનો વિજય.

રાષ્ટ્રિય મહાસભાના પ્રમુખ પદે સુભાષબાબુ પુનઃ ચુંટાયા. કાર્યવાહી સમિતિના મોટા ભાગની ઇચ્છા ન હતી. ખુદ ગાંધીજી પણ એમજ ઇચ્છતા હતા; છતાં ડેલીગેટોની બહુમતીથી ચુંટણી થઈ. આમ પોતાની ધારણાથી તદ્દન ઉલ્ટા થયેલ એ કાર્ય સામે વંટોળ ઉભો કરવો હોય કિંવા ભાગલા પાડવા હોય તો કાર્ય-વાહક સમિતિના સભ્યો કે ગાંધીજીની શકિત બહારની વાત નથી. પણ જેઓ સંસ્થા પ્રત્યે પ્રેમ ધરાવે છે, જેઓ બંધારણને પિછાને છે અને જેમણે અધિકાર કરતાં કાર્યવાહી તરફજ જોવા પણું છે તેઓ એવા ઉલ્ટા રાહે ન જતાં હસ્તા મુખડે હાર કબુલે છે અને પ્રમુખનો માર્ગ નિષ્કંટક કરવા રાજી ખુશીથી બાજુ પર ઉભી શકિત અનુસાર સ્હાય કરવાનો નિર્ધાર કરે છે. વિજયની વરમાળ પહેરનાર બાબુજી પણ બહુમતિ પાછળના બળની અને લઘુમતીમાં આવેલ ચુનંદાનેતાઓના બળની સાચી પિછાન કરી લ્યેછે અને નિશ્ચય કરે છે કે મતના જોર કરતાં પણ જુના કાર્યકરોનો સહકાર વધુ અગત્યનો છે એટલે તરતજ વર્ધા દોડે છે અને ગુંચનો ઉકેળ આણવા પરિશ્રમ સેવે છે.

રાષ્ટ્રના ઇતિહાસનો આ પ્રસંગ સમાજ માટે અને કોન્ફરન્સના હિમાયતીઓ સારૂ આંખ ઉઘાડનાર છે, એટલુંજ નહિ પણ એ પાછળનું રહસ્ય બરાબર સમજી અમલ કરવા જેવો છે. દરેક વિષય નિશ્ચિત કરવાનું ધોરણ તો બહુમતી પરજ અવલંબવાનું. આજના યુગનો એ પ્રધાન સુર છે. એ સામે ચેડા કહાડનાર દેશકાળને ઓળખતો નથી કે સંસ્થા યા બંધારણનો પ્રેમી નથી એમ કહેવામાં અતિશયોકિત નથીજ. ડેલીગેટોની વધુ-મતી જે કાર્યને ટેકો આપે એ ભૂલભર્યું જણાય તો પણ શિષ્ત ખાતર એ કબુલવું ઘટે. લઘુમતિએ એ ફેરવવા પોતાનો પ્રયાસ ચાલુ રાખવો જોઇએ અને બીજા અધિવેશન સુધી એ માટે ધિરજ ધરવી જોઇએ. જો કાર્ય પાછળ હૃદયની ધગસ નહિં હોય ને કેવળ આ વેગ કે ઉભરોજ હશે તો આપોઆપ એ નહિંવત્ બનશે. કોઇપણ સંજોગોમાં જુદો વાડો ઇષ્ટ નથીજ. આ વાત જુન્નરમાં જુદા પડેલા અને 'અમુક કબુલાત અપાય' તોજ ભળવાની વાતો કરનારા ગ્રહસ્થો વિચારે. તેઓ એટલું પણ વિચારે કે બંધારણને નેવે મૂકી કોઇ સંસ્થા કામ નજ કરી શકે. અલબત એમાં સુધા-રણાને અવકાશ છે પણ એ તો અધિવેશન ટાણેજ બની શકે. જેઓ આજે બહુમતિનો હોકારો કરે છે તેઓની જવાબદારી પણ ઓછી નથીજ. કેવળ હાથ ઉંચા કરી ચોથે દિને વિખરાયા પછી જાણે કંઇ કરવાપણું રહેતુંજ નથી એમ માનનારા ડેલીગેટોનો સાથ એ મૃગજળ જેવો છે. એક પ્રકારની વંચના છે. એથી પ્રગતિરૂપી રથ એક ડગલું પણ આગળ ભરી શકતો નથી. હાથ ઉંચા કરવા પાછળ રહેલી જવાબદારી સમજી લેવાની અગત્ય છે. માધવબાગની છેલ્લી બેઠક પછીની સ્થિતિ જોઇશું તો આ વાત દીવા જેવી ખુલ્લી માલમ પડશે.

ઘણાખરા સંઘોમાં પડેલ ભાગલાને લઇ પધ્ધતિસર સંઘની બેઠક ન ભરાણી એટલે ડેલીગેટો ચુંટાય જ શી રીતે ? આવનાર સંખ્યામાં ઘણાખરા મંડળ કે સંસ્થા તરફથી ચુંટઈ આવ્યા. બંધારણ મુજબ એ રીત પણ વ્યાજબી હતી. વળી એ પૂર્વે યુવકોના એક વર્ગ તરફથી અમુક માન્યાતા ધરાવનાર ડેલીગેટો વિષય વિચારિણી સમિતિમાં વધુ આવે તે સારૂં વ્યવસ્થિત પ્રયાસ કરવામાં આવ્યો હતો એટલે પરિણામ એ આવ્યું કે જુદા જુદા પ્રાંતના નામે પણ જે સભ્યો ચુંટાયા એમાંના ઘણા તો મુંબઇમાં વસનાર હતા અને વર્ષે એકાદવાર જન્મભૂમિમાં જવાવાળા હતા. બંધાર-ણની રચનાએ, વિષય વિચારિણી સમિતિમાં તો સારી રીતે બોલી શકે કિંવા દલીલોની ટકકર ઝીલી શકે એવા ડેલીગેટોનું કામ એવી માન્યતાએ, અને રાત્રિના ઉજાગરાની ધાસ્તીએ, પણ ઉપર વર્ણવી એવી સ્થિતિમાં સાથ પૂર્યો, આમ કાર્ય તો બંધારણસર ચાલ્યું પણ એનો અવાજ છાપાની જાહેરાતથી આગળ ન ગયા. અધિવેશનનો સંદેશ લઇ પોતાના પ્રાંતમાં કે શહેરમાં એ માટે આંદોલન પ્રગટાવવું, એ કાર્ય સતત્ જાગ્રત રહે તેવું તંત્ર ગોઠવવું, અને એમાં સંસ્થાના કાર્યાલય તરફથી વખતોવખત ઉત્તેજનાને સ્હાય આપવા જેવી સંકલના ન હોવાથી બેઠક પછી એની અસર અલ્પજીવી નીવડી ગુજરાત-કાઠીયાવાડમાં તો આ સ્થિતિ ઉઘાડી ને દેખાય તેવી છે. બીજી એક વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે જયાં લગી મુંબઇ બહાર વસતા અને આગેવાની ધરાવતા ભાઇઓનો સહકાર પ્રાપ્ત ન થાય ત્યાં લગી ઠરાવોની અસર જનતામાં પ્રસરવાની આશા ઓછી છે. રસ ધારીને ઉમંગી યુવકોનો મોટો ભાગ મુંબઇ છોડીને પોતાના પ્રાંતમાં જવલ્લેજ જાય છે અને જાય છે ત્યારે પણ પ્રચાર માટે ભાગ્યેજ લક્ષ્ય આપે છે એટલે મત ગણત્રી વેળા ઉંચા થતાં હાથો ભલે બહુમતી અપાવે પણ સંગીનતા તો નથીજ અપાવતા. બહુમતીનો વિજય એ સૂત્ર સાચું અને ઉત્તમ છતાં એને યથાર્થપણે મેળ-વવા માટે બંધારણ અને પ્રથામાં કેટલાક ફેરફાર આવ-શ્યક છે. કેટલુંક નિયમન એ માટે જરૂરી છે.

જે ડેલીગેટો પાછળ, પોતે જે પ્રાંતમાંથી આવતાં હોય તેનો સાથ સરખો પણ ન હોય તેવા ડેલીગેટોથી કાર્યસિધ્ધિની કઇ આશા રખાય ?

આજે જેઓ બહુમતિની વાતો કરનારા છે તેઓ આ પરિસ્થિતિ અવશ્ય વિચારે આમાં વ્યકિતગત પ્રશ્ન જેવું છેજ નહીં; તેમ આ કોઇ ઇરાદાપૂર્વકની ગોઠવણુ કરાયેલી છે એવો આક્ષેપ પણ નથીજ. કેવલ વર્તમાન સ્થિતિ શાથી ઉદ્દભવી એનું અવલોકન છે. કર્યાલય મુંબઈનાં જ રહે તેવી સ્થિતિ હોય તો વર્કીંગ કમિટિની ચુંટણી દરેક પ્રાંતના, મુબઇમાં કાર્યકરતા મંડળોના સભ્યો-માંથી અને તે તે પ્રાંતવાસી ભાઈઓની સંમતિથી કરવી જોઇએ તોજ જવાબદારીનું તત્વ સમિતિમાં આમેજ થાય.

# નોંધ અને ચર્ચા

## હરિફાઇની ધાર્મિક પરિક્ષા.

કોન્ફરન્સના કેટલાક જીવંત કાર્યો છે એમાનું એક તે એજ્યુકેશન બોર્ડની પ્રવૃત્તિ છે. એ પાઠશાળાઓને મદદ અને વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવા ઉપરાંત પ્રતિવર્ષ હિંદુસ્થાનના જુદા જુદા ભાગોમાં ડીસેમ્બર માસના છેલ્લા રવીવારે યુનીવરસીટી એકઝામીશનના ધોરણે પેપરો મોકલી પરિક્ષા લે છે. આ કાર્ય આજપર્યંત ચાલુ છે એટલુંજ નહિ પણ એમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી રહી છે અને પરીક્ષામાં હરિફાઇ કરનાર વિદ્યાર્થીઓ તેમજ કન્યાઓની સંખ્યા તથા પુરૂષ અને સ્ત્રી ગણ વધુ રસ લેવા લાગ્યો છે. અભ્યાસક્રમને સુધાર્યાને હજુન્ ઝાઝો સમય નથી થયો છતાં જે સમુદાય માટે એનું આ યોજન છે તે તરફ જોતાં ઘણા અનુભવીઓનું માનવું છે કે એમાં હજુ પણ કેટલીક સુધારણા જરૂરી છે. અભ્યાસક્રમમાં સુચવાયેલા કેટલાક પુસ્તકો આજે મળી શકતા નથી જ્યારે કેટલાકનું લખાણ અભ્યાસની દ્રષ્ટિયે માફક આવે તેવું નથી. બાળ ધોરણનો ક્રમનો ખરેખર વધુ પડતો ગણાય. આમ આ પરિક્ષા સમાજમાં જે જડ નાંખતી જાય છે એ જેમ આનંદદાયક છે તેમ અભ્યાસક્રમની સરળતા અને પાઠ્ય પુસ્તકોની સુલભતાને સુસાધ્યતા માટેની ફરિયાદ દુર્લક્ષ્ય કરવા જેવી નથીજ. અલબત પૈસાનો પ્રશ્ન મુંઝવે તેમ છે છતાં એ દિશામાં પગલા પાડ્યાબિના યથાર્થ પ્રગતિ સંભવે તેમ નથી. એક રીતે બોર્ડનું અલગ અસ્તિત્વ ભલે ઇષ્ટ હોય પણ એની ચુંટણી પ્રતિવર્ષ થવી ઘટે, એમાં ધાર્મિક વિષયમાં રસ ધરાવનાર સભ્યોને સ્થાન અપાવું જોઇએ અને એ ખાતા પર ઓલ ઇન્ડીયા સ્ટેન્ડીંગ કમિટિની દેખરેખ રહેવી જોઇએ. વર્તમાન બંધારણ પ્રમાણે તો સુકૃત ભંડારનો ફાળો કોન્ફરન્સ ઉઘરાવી આપે છતાં એનો અવાજ સરખો એમાં ન સંભળાય એવી સ્થિતિ છે જે ઇષ્ટ નથી. એ ઉપરાંત ધાર્મિક અભ્યાસ દ્રઢને સંગીન બને તેમજ પરિક્ષાની પદ્ધત્તિ વ્યવસ્થીત થાય એ સારૂ જુદા જુદા કેન્દ્રોમાં કાર્યવાહકોએ પ્રવાસ કરવાની આવશ્યકતા છે.

## ગાંધીજીની ટીકા.

અહિંસાની માન્યતા તેમજ ગંદવાડ સબંધમાં જૈનો માટે જે ટીકા ગાંધીજીએ પ્રસંગવશાત્ કરી છે તેથી સમાજમાં ઉહાપોહ જન્મ્યો છે. અગાઉ બનેલ વાછડા પ્રકરણથી અહિંસા સબંધના મંતવ્યમાં જૈન દ્રષ્ટિ અને ગાંધીજીની દ્રષ્ટિમાં જે ફેર છે તે સ્પષ્ટ છે. આમ વિચાર સરણીના ભિન્ન દ્રષ્ટિ બિન્દુઓ હોવાથી જે નજરે જૈનો જુએ તે નજરે તેઓ ન જુએ એ સમજાય તેવું છે છતાં જે ચર્ચાએ ઉહાપોહ પ્રગટાવ્યો છે એ તો સમજવા જેવી છે. ગાંધીજી જેવી વિભુતિ સાધુઓ સામે કાયદાનું શરણ લઇ, સમષ્ટિના લાભ જાળવવાનું કહે છે એ વાત સાચી છે છતાં એ ઉપાય છેવટનો છે તે પૂર્વે આખોયે પ્રશ્ન સાધુ વર્ગ અને જૈન સમાજ સામે સમજણ પૂર્વક છણવાનું પણ એ સાથેજ સુચવે છે એ પરથી તેમના હૃદયની નિખાલસતા દ્રષ્ટિગોચર થાય છે. શાંત ચિત્તે વિચારતાં હરકોઇ જૈનને સમજાશે કે 'માત્રુ' ખુલ્લી જગ્યામાં પરઠવવાના નિયમમાં જે દીર્ઘ દ્રષ્ટિ શાસ્ત્રકારોએ દર્શાવી છે તે માટે બે મત નથી પણ જે ખુલ્લી જમીન કલ્પી છે તે આજે ક્યાં છે? મુંબઇ અમદાવાદ જેવા શહેરના મોટા ભાગના મકાનો તો એવી રીતે ઉભા છે કે ખુલ્લી જમીન જવલ્લેજ દેખાય છે, વળી એ મકાનોની ઉંચાઇ સૂર્યના કિરણની ગરમીને પણ અવરોધે છે! આથી જે જગ્યા એ માત્રુ પરઠાવાય છે તે જગ્યા સાચેજ વાસ મારતી હોય છે. એકની એક જગ્યા હોવાથી શોષકતા ઘટી જાય છે ને તાપ પુરતા પ્રમાણમાં ન મળવાથી એમાંની ગંધ દૂર થતી નથી ! એ જમીન પર નવી માટી કે નવી રેતી પથરાવા સંબંધમાં ભાગ્યેજ લક્ષ્ય અપાય છે ! આ નિયમનો જે સુંદર ભાવ હતો તે ઉપાશ્રયો ધ્રીચ વસ્તીમાં આવી પડવાથી ખરેખર માર્યો ગયો છે. અરે નવવાડનો નિયમ પણ ક્યાં સચવાય છે ? એટલે ટીકા પાછળના આશયને અવગણવા કરતાં સમજવાની અગત્ય છે. મળમૂત્ર આદિ ચૌદ સ્થાનકે સમુર્છિમ જીવ ઉત્પન્ન થવાનું આપણે માનીએ છીએ છતાં જમણ પછીની આપણી ગંદકી કોનાથી અજાણી છે ? એમાં જીવદયાનો સિધ્ધાંત જરા પણ જળવાય છે કે ? આપણી છાંડ અને એંઠવાડ જોતાં જીવરક્ષાનો હેતુ સમજ્યા નથી એમ કોઇ કહે તો એમાં ગુસ્સો કરવાપણું ક્યાં છે ? જમણો કરવામાં જેટલી ઉદારતા દાખવીએ છીએ. સંખ્યાબંધ વાનીઓ તૈયાર કરાવવામાં જેટલી રસવૃત્તિ ધરાવીએ છીએ તેટલી વ્યવસ્થાપૂર્વક જમાડવામાં કે જરા પણ બગાડ કે ગંદકી ન થાય એ રીતે પીરસાવવામાં બતાવીએ છીએ ખરા કે ? અને જ્યાં સ્વચ્છતા કે ચોકખાઇનું નામ ન રહે ત્યાં પછી ગંદકી ને જીવોત્પત્તિ સંભવે. એના નિમિત્ત કોણ ગણાય ? ટીકા પાછળનો ભાવ સમજાય તો એમાંથી શીખવાનું છે.

## માંસાહારનો ત્યાગ અને જીવદયા.

કરાંચીના સમાચારથી મુનિશ્રી વિદ્યાવિજયજી આદિ સાધુ મંડળીના ઉપદેશથી માંસાહારી આમિલ કોમમાં ઠીક જાગ્રતિ આવી છે અને કેટલાકોએ સદંતર માંસ ભક્ષણ છોડયું છે. મુનિશ્રીને વધુ રોકવાનો આગ્રહ થયો છે એ પરથી જોઇ શકાય તેમ છે કે દલીલ પુરસ્સર બોધ અપાય તો માંસાહાર અને મદ્યપાન તો જોતજોતામાં અદ્રશ્ય કરી શકાય. એ પાછળ ઉત્સાહ ને રસવૃત્તિથી મંડી પડનાર અપરિગ્રહી સાધુઓની જરૂર છે; કારણ કે સાધુતાના અંચળામાં આકર્ષણની અજબ શકિત રહેલી છે. આર્ય ભુમિમાં જ્ઞાન કરતાં પણ ચારિત્રના સન્માન અનિઘણા છે. અહિંસાના ભેખધારીઓએ એ દિશામાં પગલા ભરવા કટિબદ્ધ થવું ઘટે છે, જીવદયા મંડળીઓ પણ એ દિશામાં કામ કરી રહી છે. પૈસા આપી અમુક તિથિ પુરતાં જીવ છોડાવવા એ કરતાં આજના દેશ-કાળની હાકલ તો એ છે કે જે સમાજોમાં માંસ ભક્ષણની પ્રથા છે અને જે જાતો એ તૈયાર કરવાના ધંધામાં પડી છે તેમાં દલીલ પુરસ્પર એથી થતાં ગેરલાભો. એનાથી જીવો પર ગુજરતું ઘાતકીપણું, મુંગા પ્રાણીઓની કારમી વેદના દેશના પશુધનનો થતો ભયંકર નાશ અને દુધ-ઘી જેવા પૌષ્ટિક પદાર્થોની એવા કાર્યોથી થતી તંગાશ આદિ વિષયો પર ભાષણ ને લખાણ દ્વારા પ્રકાશ ફેંકી એનો સતત પ્રચાર

થતો રહેતો એનો લાભ ઘણો વધી જાય તેમ છે. મુંબઇની જીવદયા મંડળી, એ પદ્ધતિએ કામ કરી રહી છે. હૈદ્રાબાદની જીવદયા મંડળી તેમજ બીજી સંસ્થાઓ એ તરફ સતત ધ્યાન આપે છે. એ કાર્યને ધનના દાનથી સંગીન બનાવવાની અગત્ય છે.

**એકરાર ખુલાસા કરતાં પણ વધુ અગત્ય છે વ્યવહારૂ બુદ્ધિની—**

શ્રીયુત પરમાણંદ ભાઇનો એકરાર તો ક્યારનો યે પ્રસિદ્ધ થઇ ચુક્યો છે. એમાં તેઓશ્રીએ પોતાની ફરજ અદા ન થઇ શકવા બદલ જે કબુલાત કરી છે તે માટે કંઇ કહેવાપણું હોયજ નહિં, પણ સાથોસાથ જે રીતે નિષ્ફળતા પ્રપ્તિનું અવલોકન કર્યું છે તે વાસ્તવિક નથી. એમાં ઘણીયે જગ્યાએ ગોલ ગોલ રીતે વાતને સંકેલવામાં આવી છે. અમદાવાદ પરિષદ પૂર્વે યુવક પ્રવૃત્તિ વિકસાવવા અને ઠેર ઠેર યુવક સંઘો ઉભા કરવાના પ્રયાસો સેવાયા હતા, એમાં કેટલી સફળતા પ્રાપ્ત થઇ શકી ને કયાં કયાં મુશ્કેલી નડતી હતી તેનાથી ભાઇશ્રી માહિતગાર હતા. દીર્ઘદર્શી નેતા તો એ પરથી જરૂર નાડ પારખી શકત. છતાં એ તરફ કેવળ દુર્લક્ષ્ય રખાયું. પચાસ નવા યુવક સંઘો ઉભા કરવાનો ઠરાવ કરવો અને કેવળ પત્ર વ્યવહારથી સંતોષ માનવો એ કેમ વ્યાજબી કહી શકાય ? રાષ્ટ્રીય ભાવનાના ઓઠા નીચે બંધારણ કડક બનાવી સમાજમાં પ્રચલીત માન્યતાઓ કે જેની પાછળ પૂર્વાચાર્યોની સંગીન દલીલો છે તેને માત્ર સ્વમંતવ્યના ઝટકાથી ઉન્મૂળન કરવા કટિબદ્ધ થનારે તો એ પાછળ ફકીરી લેવી જોઇએ. લખાપટ્ટી કે કાગળની હવાઇથી કાર્ય સિદ્ધિ ન થાય. પરિષદના પ્રમુખ તરિકે ભ્રમણ કર્યું હોત તો જુદા જુદા ભાગની કેવી સ્થિતિ છે તેનો સાચો ખ્યાલ આવત ત્યારેજ સમજાત કે ખાંધ કેટલો ભાર ઉપાડી શકે તેમ છે ? અત્યારે ઢોલાઇ ગયેલા દુધ ઉપર શોક કરવાથી કંઇ લાભ નથી. વળી એ સંબંધમાં શ્રી ચીમનલાલ વાડીલાલ શાહની લેખિની ચાલુજ છે એ પરથી વિચારક બંધુ તોલ કરશે. ટુંકમાં કહેવાનું એટલુંજ છે કે સુધારણાની ધગશ કરતાં પણ વ્યવહારૂ બુદ્ધિની અગત્ય વધુ છે. સમાજની નાડ પારખ્યા વિના નિષ્ણાત વૈદના સારામાં સારાં નિદાન પણ વ્યર્થ જાય છે એ ભુલવું ન ઘટે.

**'પરિવર્તન' ની નોંધો શું કહે છે?**

'કોન્ફરન્સનો આશય સમાજમાં નવા વિચારોને પોષવા, સમાજ પ્રગતિના બાધક રૂઢિબંધન તોડવા અને ધાર્મિક જીવનને વહેમો અને અજ્ઞાનથી મુક્ત કરી વિશેષ પરિશુદ્ધ કરવું' આ વ્યાખ્યા વિચારક બંધુ પરમાણંદભાઇ બાંધે છે. અમારી સમજથી શ્વે. મૂર્તિપૂજક કોન્ફરન્સના ઉદ્દેશ સાથે એનો બરાબર મેળ ખાતો નથી. એમાં તો મુખ્ય કેળવણીનો પ્રશ્ન છે. બાકી ધાર્મિક, સામાજીક આદિ સવાલો પર વિચાર ચલાવી યોગ્ય ઠરાવ કરવા ને અમલમાં મુકાવાની યોજના કરવાનું કહ્યું છે. એક તો નવા વિચારોનું નામજ નથી, વળી તે કોને કહેવા એ શંકા પ્રથમ ઉપજે છે. શ્રીમદ્ હેમચંદ્રસુરી દેવદ્રવ્યનો ઉપયોગ દેવસ્થાનને લગતાં કાર્યોમાંજ કરવાનું કહે છે, જ્યારે ભાઇશ્રી પરમાણંદ સમાજના ઉપયોગમાં લેવાનું કહે છે. આમાં નવો કયો? વળી એ પ્રશ્ન ધાર્મિક ગણવો કે સામાજીક? એ તોડવાની વાત કરે છે ત્યારે મૂળ ઉદ્દેશમાં વિચાર કરી પગલું ભરવા પર વજન મુકાયુ છે અને ઉદ્દેશની હેઠળ જે કાર્ય વિસ્તારની નોંધ છે એ વાંચતાં તો સાવ દિવા જેવું જણાય તેમ છે કે કોન્ફરન્સના નામે જે વાખ્યા બંધાણી છે એ સાવ નામશેષ થઇ જાય છે કિંવા હવામાં અદ્ધર લટકી પડે છે, તો પુનઃ એકવાર આશય પાછળના મર્મની ચોખવટ થવાની જરૂર નથી? એવો અર્થ તારવવામાં તો ભૂલ નથી થતીને? શ્રી પરમાણંદભાઇનો સ્વતંત્રપણે કરાયેલો અર્થ હોય તો એ સામે કંઇ કહેવાપણું નથી તેઓ સ્વયંસેવક મંડળના પ્રશ્નને નોંધમાં ઉપાડી લ્યે છે. એ પર સુંદર નોંધ પણ આલેખે છે. એક રીતે કહીયે તો લડત વાસ્તવિક છે એમ જણાવે છે એટલુંજ નહિ પણ જાહેર સભાના મંચપરથી ટેકો પણ આપે છે. વળી પાછું શું થાય છે કે એની એ નોંધમાં પાઘડી ફેરવે છે. 'આપણી પણ એક પ્રકારની બળજોરી છે' એમ લખતાં વિચાર પણ નથી કરતા. એ પછીનું લખાણ વાંચતાં લાગે કે આ એકાએક શું થયું? તરતજ ઇંડા પ્રકરણ વેળાની ગુલાંટ યાદ આવે છે. તેઓશ્રીની વિચારશ્રેણી બહુરૂપી જણાય છે. એણે કુદકા મારતા વાર નથી લાગતી અને પછડાતા પણ વિલંબ નથી થતો! કયાં તો પ્રથમથી પૂરી તપાસ કરે. પ્રશ્નમાં ઉંડા ઉતરે ને પછી યોગ્ય જણાય તો સાથ આપે એજ શોભે. બાકી બેધારી કલમ એ કેવળ ગોટાળો પ્રગટાવે છે. આશ્ચર્ય તો એ થાય છે કે પોતે બાંધેલા મંતવ્યમાં શાસ્ત્રને બાજુ ધરવાની વાત કરનાર ભાઇશ્રી આ સંઘના સ્થાનમાં કાયદેસર અધિકારની સીફારસ કરે છે? નમ્ર ભાવે એ ભાઇશ્રીને એટલુંજ જણાવીએ કે સંઘ પાસે વ્યાયામશાળાનો પ્રશ્ન તો નાઇલાજે લઇ જવો પડયો છે, અને સત્ય માટેનો આગ્રહ સકારણ છે.

---

( અનુસંધાન પૃષ્ઠ ૮ ઉપરથી )

હાડમારીથી ઘણા લોકોએ લાભ લીધો નહિ અને માલ વધી પડયો. આ જમણવારના પ્રસંગોએ જૈન કોમ જેવી ઉંચી કોમને પણ નીચું જોવડાવ્યું છે, કારણ કે એ પ્રસંગો જેમણે નજરે જોયા છે તેઓ ભાર મૂકીને કહે છે કે આવાં જમણવારો જો થતાં હોય તો તે બંધ કરવાંજ જોઇએ. એકાદ લાડવાની ટોપલી, કે ગાંઠીયાની ટોપલી પીરસવા કઢાય કે તેના ઉપર ભુખ્યા વરૂની પેઠે ધાડ પડે અને પરિણામે કોઇના હાથમાં માલ ન જતાં જમીન ઉપર પડી નકામો જાય, વળી ઘણા ભાઇઓએ તો ઉભા ઉભા ખાવું પડયું, આ વસ્તુસ્થિતિ એટલી બધી ત્રાસજનક અને શરમાવનારી હતી કે જૈનોને એક કોમ તરીકે નીચે જોવું પડતું.

છેવટમાં એટલું જણાવવું જોઈશે કે પૈસા ખરચનારાઓએ પોતે જરા પણ કસર કરી નથી, દરેક પ્રકારે તેમની છુટ હતી, તેઓએ સંબંધીઓમાં ભેટ સોગાદ, તેમજ કાર્ય કરનારાઓને શિરપાવ આપી તેમની કિંમત કરી છે, તે બદલ તેમને ધન્યવાદ ઘટે છે તેમજ તેઓને જે માનપત્ર આપવામાં આવ્યું છે તેને માટે તેઓ લાયકજ છે એમ ચોકસ કહી શકાય, માત્ર તેઓએ જો પોતાના સહાયકોની સહાય લીધી હોત અને વ્યવસ્થાઓ ઘણી ખરી અગાઉથીજ કરી રાખી હોત તો જે કાંઇ અવ્યવસ્થા થઇ તે થાત નહિ.

**—નજરે જોનાર.**

# શ્રી. મણિલાલ શાહને—

'પરિસ્થિતિનું સાચું માપ' નામા જૈન યુગનો અગ્રલેખ અજ્ઞાનથી નહિં પણ બનેલ સ્થિતિનો સાચો ખ્યાલ આપવાના શુદ્ધ ઇરાદાથી લખાયો છે. શ્રી શાહ અને બીજા યુવક બંધુઓ સાથે મને જુનો અનુભવ છે એટલું જ નહિં પણ ઘણા સમય સુધી સાથે કામ કરેલ છે અને એ માટે પશ્ચાતાપનું કારણ પણ નથી. દુઃખ એટલુંજ થાય છે કે એ કાર્ય, એ પાછળનો સુંદર ભાવ, અને લગભગ આખી યુવક પ્રવૃત્તિ આજે હતી ન હતી થઇ ગઇ છે. કિંવા અંતકાળના ડચકીયા ખાય છે! એના ઇતિહાસમાં મારી ઇચ્છા તો લંબાણથી ઉતરી એમાં કયાં કયાં ઠોકરો ખાધી, કેવી કેવી ઉતાવળો કરી અને એ બધું કયા મહાશયોની દોરવણીથી થયું એ સર્વ પ્રેમભાવે દર્શાવવાની હતી પણ મુખ્યતયા આર્થિક પ્રશ્નને કારણે જૈન યુગનું પ્રકાશન બંધ કરવાની વાત લગભગ નકકી હોવાથી 'તમારા લેખનો અર્થ બીજો કોઇ ન તરવાય' એ કારણે ટુંકમાં જવાબ રજુ કરવાનું ઇષ્ટ માન્યું છે.

શ્રી શાહ 'મોભો' ગુમાવ્યાની વાતને વાહીયાત માને છે પણ તેઓ નોંધી રાખે કે દુન્યવી વહેવારમાં જેટલી એ ચીજની જરૂર છે તેથી અધિક ગણી જરૂર સંસ્થાઓ ચલાવવાના કાર્યમાં અને સમાજને દોરવણી આપવાના કાર્યમાં છે. નવા ફેરફાર આવકારવામાંજ લાભ છે. દેશ-કાળ પ્રમાણે ઉચિત ફેરફારો જરૂરના છે. નવા વિચાર સામે દ્વાર બંધ કરવાની સલાહ તો કોઈ મૂરખ જ આપે પણ એનો અર્થ મણીભાઇ અંધારે ભૂસ્કો મારવાનો કરતાં હોય અગરતો પરિવર્તનના નામે મૂળભુત સિદ્ધાંતોને જ મારી નાખવાનો લેતાં હોય તો ગંભીર ભુલ છે ફેરફાર કે સુધારા એવા હોવા ઘટે કે જેથી સમાજ પ્રગતિના પંથે વળે. મોટો ભાગ એને સત્વર અમલમાં ઉતારે બાકી થોડી ગણીગાંઠી વ્યકિતઓ માની લ્યે એનુંજ નામ સુધારો હોય તો એને તો નવગજના નમસ્કાર. એ તો એક નવો વાડો ઉભો કરવા જેવું થાય કે જે કાર્ય અનિચ્છનીય છે. ધાર્મિક બાબતો અગ્રપદે હતી એ વાંચી ભાઇશ્રીને હસવું આવે છે. વાત સાચીજ છે કેવલ જેને ગમે તે સ્થળે અને ગમે તે પ્રસંગે આઘુ પાછુ જોયા વિના પોતે માની લીધેલા અનુમાન પર તીર છોડયા જવા છે ને ધર્મની વાત આવે ત્યાં મ્હોં મચકોડવું છે ત્યાં બીજું સંભવે પણ શું? ફાઇલ જોવાની સલાહ આપવા કરતાં જાતે જ અમલ કરે. અરે બંધારણ અને એની મર્યાદા જુએ. જુદા જુદા પ્રાંતના ધોરણ ધ્યાનમાં લ્યે. સંસ્થા તરફથી જે લઘુ પુસ્તિકા પ્રગટ કરવામાં આવી હતી તે વાંચી જાય તો સહજ જણાશે કે ધાર્મિક દ્રષ્ટિ જ અગ્રભાગ ભજવે છે. જે સુધારા પાછળ તમો કેડ કસો છો એનું નામનિશાન પણ એમાં નથી.

જે ઠરાવ પર રસાકસી જામેલી ને પસાર થયાનું લખવામાં આવે છે એજ ઠરાવ વર્તમાન પરિસ્થિતિનો જન્મદાતા છે. એ ઠરાવ સીધી રીતે લાવવામાં આવ્યો નહોતો અને એની ચર્ચા શરૂ થઇ ત્યારે સમિતિના ઘણા સભ્યો રાત્રિ વિશેષ થવાથી ચાલ્યા ગયા હતા. પાછો ન ખેંચાયો હોત તો એ પાસ થવાનો સંભવ હતો જ નહિં. બહુ તાણતા તૂટી જશે ને અધિવેશન ભાંગી પડશે એવો સ્પષ્ટ ભાસ થયા પછીજ નમતું તોલવામાં આવ્યું! આવીજ હઠથી પૂર્વે ત્રણ ફિરકાની પરિષદમાં બાજી બગડી ગઇ હતી તેની ભાઇશ્રી નોંધ લ્યે. બદામી સાહેબના અભિનંદન યાદ કરનાર બંધુ સ્વાગત પ્રમુખ અને મંત્રીઓની ખુલ્લા શબ્દોની ચેતવણી 'ભવિષ્યમાં કોઇ અધિવેશન ભરવા તૈયાર જ નહી થાય' કેમ યાદ નથી કરતાં? જો સમાજને એ ઠરાવની સાચે જરૂર હોત તો યુવક પરિષદે કર્યો છે ને મહિલા પરિષદ પાસે કરાવ્યો છે છતાં એનો અમલ કેટલા પ્રમાણમાં થયો છે? યુવાની અને નવયુગની પિછાન કેવળ કાગળ પરના ઠરાવોથી નથી થઇ શકવાની. એ સારૂ તો જનતાની મધ્યમાં જવાની જરૂર છે. કોન્ફરન્સનો પ્રારંભનો ઇતિહાસ ગૌરવ સંપન્ન છે પણ જ્યારથી કેટલાક ઉતાવળા બંધુઓએ સમાજની નાડ પારખ્યા વિના એની વ્યાસપીઠ પરથી કેથળે વીંટી પાંચશેરી ફેંકવા માંડી કિંવા ગોળના નામે ખોળ પીરસવો શરૂ કર્યો ત્યારથીજ એનું નાવ જોખમાયું. તંત્રીએ તો વિચાર્યું છે કે યુવકોના પ્રવેશ પહેલાની સ્થિતિ કરતાં પ્રવેશ પછીની સ્થિતિ વધુ આશાસ્પદ નથી રહી. આ સ્થિતિ માત્ર કોન્ફરન્સની જ નથી પણ ખુદ યુવક પરિષદોની ને યુવક સંઘોની પણ બની છે અને એ પરથી ખુલ્લું પુરવાર થયું છે કે એના નિમિત્તભૂત બધા યુવકો નથી પણ યુવકોના આગેવાન બની બેઠેલા મુઠ્ઠીભર માનવીઓ છે. જો રાગનો ચશ્મો ઉતારી સીધી નજરે જોવામાં આવે તો સહજ જણાશે કે છેલ્લા અધિવેશનની એ રસાકસી પછી ઘણાખરા વૃદ્ધોનો રસ ઓસરી ગયો છે. પ્રૌઢનો સાથ છે-તે પણ હૃદયનો નહીં જ. અરે મુંબઇ બહારના પ્રાંતમાં તો સાવ નિષ્ક્રિયતા વ્યાપી રહી છે. એટલે ઓલ ઇન્ડીયા કમિટિની બેઠક વેળા આમંત્રણ આપવાનું જોખમ કોણ ખેડે. એ પ્રશ્ન હતો. એ જવાબદારી યુવક સંઘના સભ્યોએ ઉપાડી એટલા માટે આભાર માનીએ; છતાં એ પણ દીવા જેવું સ્પષ્ટ હતું કે બેઠકનો ઉમંગ ઠારી દેનાર પણ ઉક્ત સંઘના જ કેટલાક સભ્યો હતા. માની લઇએ ભાવનગરનું આમંત્રણ યુવક બંધુઓના પ્રયાસથી પ્રાપ્ત થયું તો શા સારૂ સ્વાગત સમિતિ પાણીમાં બેઠી છે? ત્યાં શું યુવકોનુ જોર નથી. યુવકોની બહુમતી નથી? કેમ એ પણ યુવકોની બેલગામ પ્રવૃત્તિ પર મર્યાદાની આડ ધરે છે. શ્રી મણીભાઇ એ માટે શું જવાબ આપે છે?

જુન્નરના દીક્ષાના ઠરાવ માટે નથી લખ્યું. એ માટે એટલીજ દ્રઢતા છે. ઉલ્લેખ કરવાનુ કારણ તો વડોદરાના દીક્ષા ઠરાવ પર સમિતિએ મોકલેલ નિવેદન માટે છે. આમાં સંસ્થાના અધિવેશનમાં થયેલ ઠરાવ પરત્વે ચર્ચા કરવાપણું છે જ નહીં.

સંસ્થાના મુખપત્ર સંબંધે જે મહત્વની વાત ભાઇશ્રી ઉચ્ચારે છે તેના જવાબમાં એટલું જ કહેવાનું કે કોન્ફરન્સના ઉદ્દેશો પર નજર રાખી જૈન યુગના દરેક અંકો વાંચી જુએ અને બતાવે કે કયાં એને નેવે મૂકયો છે? બાકી સંસ્થામાં એ તત્વો કે તેથી અધિક તત્વો હોય તે માટે વાંધો નથી પણ જે વિચારસરણી ખુદ સંસ્થાના અસ્તિત્વને જોખમાવતી હોય અને જે માટે સમાજના મોટા ભાગની ઉઘાડી વિરોધ વૃત્તિ હોય, અરે જે માત્ર મૂઠીભર આત્માઓના ભેજાનો પાક હોવા છતાં બહુમતીરૂપે ખપવા માંગતી હોય તે

# જાગ્રત જમાનામાં જૈનોની સંકુચિત મનોદશા.

## જૈન મંદીર અને હિંદુ-પ્રવેશ

### કોમી ઐક્ય અને રાષ્ટ્રીય ભાવના ખીલવાની આવશ્યક્તા.

સાહેબ. આધુનિક જાગૃતિના યુગમાં જૈન. ધર્મ, તેના અહિંસા-વિશ્વબંધુત્વ-સર્વધર્મસમભાવ આદિના સિદ્ધાન્તો, સંસ્કૃતિ અને સાહિત્ય એક ઉચ્ચ આદર્શ કેદ્રિમાં મુકાય છે તે સમયે જૈન ધર્મનુયાયીઓ સંકુચિત મનોદશા ધરાવે એ કોને દુઃખ ન ઉપજાવે? પ્રસ્તુત હકીકત લાલબાગ-માધવબાગ મુંબઇના જૈન મંદિરમાં તા. ૧૨-૨-૩૯ ના રોજ સવારે બનેલી એક ઘટનાને સંબંધ ધરાવે છે. મુલ્તાન શહેરના ( દેશ પંજાબ ) બે પ્રતિષ્ઠિત ઉચ્ચ જ્ઞાતિના હિંદુ ગૃહસ્થો સવારે તે મંદિરમાં પ્રભુ દર્શનાર્થે જાા હતા ત્યાં દ્વાર ઉપર તેઓને ( પેલા હિન્દુ ગૃહસ્થોને ) ભૈયાએ અંદર પ્રવેશ કરતાં રોકયા. કારણમાં માત્ર જૈનોજ અંદર જઈ શકે એ જયારે સંભળાયું ત્યારે અમો ( હું અને એક બીજા જૈન ) આશ્ચર્યચકિત થયા અને ભૈયાને એ ઉચ્ચ જ્ઞાતિના શાકાહારી પ્રતિષ્ઠિત હિંદુ આગેવાનોને પ્રભુદર્શનાર્થે જતાં ન રોકવા ખૂબ વિનવણી કરી પરંતુ સર્વ પરિણામ શૂન્ય જણાયું. તે હિંદુ ભાઇઓને બહાર રાખી અમો બે જણ પ્રભુદર્શન કરી ત્યાં બિરાજતા આચાર્ય શ્રી. ક્ષમાભદ્ર વિજયજી મહારાજ પાસે પહોંચ્યા અને આ બાબત જણાવી. તેઓશ્રીએ આ વાત તરફ દુર્લક્ષ્ય સેવતાં અમારા આશ્ચર્યમાં ઉમેરો થયો.

આબુ-દેલવાડાના ભવ્ય જિનાલયોમાં યુરોપિયનો જાય છે. શત્રુંજય, ગિરનાર, કેશરીયાજી, સમ્મેત શિખરાદિ અનેક તીર્થોના જૈન મંદિરોમાં યુરોપિયનો કે અન્ય ઉચ્ચ જ્ઞાતિના હિંદુઓ માટે જવાની મનાઇ નથી. એ સુવિદિત, બીના છતાં મુંબઇ જેવા પ્રગતિશીલ શહેરમાં આ પ્રકારની પ્રવેશબંધી કયાં સુધી ઉચિત ગણાય ? કલકત્તાના સુવિખ્યાત રાય બદ્રીદાસ જૈન ટેમ્પલ, અમદાવાદના હઠીસીંગ દેરાસર આદિમાં ઉચ્ચ જ્ઞાતિના હિંદુઓ માટે આવી પ્રવેશબંધી કોઇ દિવસ સાંભળી નથી. અરે મુંબઈના શ્રી ગોડીજી પાર્શ્વનાથજી જૈન દેરાસરમાં અનેક હિંદુઓ દર્શનનો લાભ મેળવતા જાણ્યા છે તો પછી લાલબાગમાં જ્યાં " સવી જીવ કરૂં શાસન રસી " અને જગતભરના ૮૪ લક્ષ જીવાયોની સાથે મૈત્રી ધરાવવાની ગુંજ અન્ય સ્થળો કરતાં વધુ સંભળાય છે ત્યાં આવા કોમીવાદના વિષયથી ભરેલી પ્રવૃત્તિ જૈન સમાંજને અન્યં સમાજો સમક્ષ કયી સ્થીતિએ મૂકશે એ અવશ્ય વિચારવા જેવું છે.

પંજાબ, મારવાડ, મેવાડ, સંયુકત પ્રાંત આદિના અનેક સ્થળે જૈનો અને હિંદુઓ સંપૂર્ણ સહકાર અને ભ્રાતૃભાવના સંબંધથી જોડાયેલા છે. એકબીજાના ધાર્મિક અને વ્યવહારિક પ્રસંગોમાં કોઇ પણ પ્રકારના ભેદભાવ વિના સમ્મિલિન થાય છે તે બાજુના લોકો મુંબઇમાં જયારે આ ભેદભાવ નિહાળે ત્યારે તેની અસર ત્યાં વસતા જૈનો-અજૈનો ઉપર કેવી, કેટલી અને શું પરિણામ નિપજાવનારી થઇ પડે એની શાક્ષી અત્યાર સુધી કેટલાક સ્થાને બનેલા બનાવોએ પુરી પાડી છે. કાંકરોલી, માલેરકોટલા, દક્ષિણ અને રજપુતાનામાં આના પરિણામે પ્રભુ મૂર્તિ રથ યાત્રા આદિ ઉપરના હુમલાઓ જાણીતાજ છે.

વ્યાસપીઠો અને પાટ ઉપરથી વિશ્વપ્રેમ. વિશ્વબંધુત્વની ભાવનાઓ ખિલવવાની વાતો કરતા અમલમાં મુકાયેલી વસ્તુનીજ કિંમત વધુ અંકાય. જૈનો હિંદુ છે, હિંદના વતનીઓ છે, આર્ય સંસ્કૃતિના ઉપાસક છે, રાષ્ટ્રસંગઠનની ભાવનાના પોષક અને સર્વેને સમદ્રષ્ટિએ જોનારા છે. જાગૃત જમાનામાં કોમી વિષથી અળગા રહે તો સ્વ અને પર કલ્યાણ અવશ્ય સાધી શકાય એ નિર્વિવાદ છે. જૈનાચાર્યો, આગેવાનો અને લાગતાવળગતાઓ આ તરફ લક્ષ આપશે કે ?

**લક્ષ્મીપતિ જૈન.** બી. એ.

× નોટ-જો આ બનાવ પર ઇરાદાપૂર્વક લાગતાવળગતાઓ તરફથી ઢાંક પિછોડો કરવમાં આવતો હોય તો એમ કરવામાં જૈન ધર્મના એક મહત્વના સિદ્ધાંતનું ખૂન થાય છે એટલુંજ નહિં પણ જાહેર જનતામાં દુઃખ અને આશ્ચર્યની લાગણી જન્મે છે તો એ સંબંધમાં યોગ્ય ખુલાસો તાકીદે પ્રગટ કરવાની જરૂર છે.

—તંત્રી.

---

# पूना कँाग्रेसमां फरीथी चुटाया.

महाराष्ट्रना जैन नेताने पूनाना प्रमुख कँाग्रेस आगेवान पोपपलाल रामचंद्र शाहनी पूना कँाग्रेस कमोटीमां प्रमुख तरीके फरीथी चुंटणी चालु वर्ष माटे थई.

उमेदवारों अनेक उभा हतां पण जनरल बोडीने सभाना दीवसे बे पक्षाओं बे कार्डो ( Pavels ) सुचव्या पण खास ध्यानमां राखवानी बात तो ते हती के बन्ने कार्डाओमां प्रमुख तरीके पोपटलाल शहानुच फकत नाम आपवामां आव्युं हतुं. एक तरफ कम्युनिस्ट रोचिस्टआनो, एक तरफ गांधीस्ट सोशालिस्टने स्वतंत्र एम होवा छतांय पोपटलाल शहा माटे बधा पक्ष लागणी राखी. तेमना माटे एक मत राखो (कर्रें) ते तो मोटी अनुकरणीय आवकारदायक अभिनंदनीय गणाय.

—P. C. Gujarathi.

---

સંબંધમાં કંઇ લખવું જ નહિ એ કયાંનો ન્યાય ! એવા મહત્વના પ્રશ્ન પરત્વે મૌન સેવી થોડા મિત્રોની સ્હાનુભુતિ સાચવવા કરતાં એ તંત્રીપદ છોડવાની નિડરતા જ વધુ પ્રશંસનીય છે. જૈન યુગના લખાણો અધિનેશન સત્વર ભરાય, સંગઠન સધાય, અને વિજયની કલગી ભાવનગરના શીરે ચઢે એ રીતેજ લખાયા છે. બાકી ગુંચવાયેલા કોકડાનું સાચું નિદાન કર્યા સિવાય એ શકય નથી જ. માત્ર તંત્રીનું જ આ મંતવ્ય છે એમ નહિ પણ વર્કીંગ કમિટિના ઘણા સભ્યોનું એમ માનવું છે. જેના ખુદ શાહ પોતે દ્રષ્ટાં હતા છતાં એમની દ્રષ્ટિએ એ વિતંડા હોય તો એ દોષ તંત્રીનો નહિં પણ જોનારની દ્રષ્ટિનો છે.

લે.—**ચોકસી.**

# સમયોપગી કેટલાક ફકરાઓ.

દયાનંદકી અનુયાયી આર્ય સમાજને અપને નેતા કે ઉદ્દેશ્ય કા પ્રચાર બડે ઉત્સાહ સે કિયા હૈ. આર્ય સમાજ ને હિન્દુ ધર્મ કી સચમુચ રક્ષા કી હૈ ઔર ભારતીય સભ્યતા કો નાશ સે બચાયા હૈ. જગહ જગહ પર આર્ય સમાજ કે પ્રચાર કે લિયે સંસ્થાયેં હૈ. પરંતુ જૈન સમાજ ને અપને નેતા કે કાર્ય કો ઇતને ઉત્સાહ સે સમ્પન્ન નહીં કિયા જિતના કિ આવશ્યક થા.

× × × × ×

સબસે પહિલે ( શ્રાવકોં કી ઓર અંગુલી કરકે ) મૈં ઇન શ્રદ્ધાળુંઓં કી શ્રદ્ધા કો પુષ્ટ ઔર પકકી કરને કે લિયે શ્રી જિનમંદિર કી જરૂરત સમજતા હું. સો કરીબ કરીબ યહ કામ પૂર્ણ હો ગયા હ. કહીં કહીં બાકી હૈ વહ ભી ધીરે ધીરે હો જાયગા, અબ મેરી યહી ઇચ્છા હૈ કિ સરસ્વતી મન્દિર ભી તૈયાર હોના ચાહિયે ઔર મૈં ઇસી કોશિશ મેં હું. યહ કામ પંજાબ મેં ગુજરાવાલે મેં હો સકતા હૈ. મૈં અબ ઉસી તર્ફ જા રહા હું. અગર જિંદગી બાકી રહી તો વૈશાખ મેં સનખતરા મેં શ્રી જિનમન્દિર કી પ્રતિષ્ઠા કરાકર ગુજરાંવાળાં જાકર યહી કામ હાથ મેં લૂંગા.

× × × × ×

જર્મની કે વિખ્યાત સુધારક માર્ટીન લ્યુથર કે જીવન મેં ભી સત્ય નિષ્ઠા કૂટકૂટ કર ભરી હુઇથી ઈસી કારણ વહ નિર્ભય હો કર રોમ કે પોપ કે વિરૂદ્ધ ઘોર આન્દોલન કર રહા થા. ઇસી સત્ય નિષ્ઠા કે બલ પર ઉસને અપને મિત્રો કો જિન્હોં ને ઉસે 'વર્મસ' નગર કી શત્રુઓંકી વિરાટ સભા મેં જાને સે રોકાથા,-સ્પષ્ટ કહ દિયા થા—

Go and tell your Master that though there should be as many devil at warms as there are tiles on its roof I would enter it.

ઇસ વીરોચિત ઉત્તર કો શુનકર ઉસ કે મિત્ર અવાક રહ ગયે. લૂથર નિશ્ચિન વર્મસ નગર કી સભા મેં સમ્મિલિત હુઆ ઔર સત્ય કી જીત કા ડંકા બજાતા હુઆ વાપિસ લૌટા.

× × × × ×

મૈં ગુરૂ કા બંધા હુઆ નહી હું. મુઝે તો ભગવાન મહાવીર કી સચ્ચી બાણી કા પ્રચાર કરના હૈ.

तातस्य कूपोऽयमिति बुवाणाः

क्षारं जलं का पुरुषापिबन्ति

× × × × ×

હમારે પિતા મહોં ને નિર્જન ઔર દુરુહસ્થાનો મેં ઐસે સુંદર ઓર ચમત્કારી મંદિર બનાયે, જિનકે એક કોટ કી મરામ્મત કરાના ભી હમેં અસંભવ પ્રતીત હોતા હૈ જૈન સમાજ કી જો પ્રતિષ્ઠા રાજદરબાર મેં ૧૦૦ વર્ષ પહલે થી વહ અબ નહીં હૈ. એક એક આચાર્ય ને અપને બલ ઔર સમય કા સદુપયોગ કરકે વહ ગ્રંથરત્ન રચે. જિન્હેં દેખ કર બડે બડે પ્રતિભાશાળી વિદ્વાન્ ભી મંત્રમુગ્ધ કી તરહ રહ જાતે હૈ. ઉન્હોં ને અપની અકાટ્ય યુક્તિઓં સે બાદિયોં કા મુંહ મોડ દિયા.

( આત્માનંદ જન્મ શતાબ્દિ સ્મારક ગ્રંથમાંથી )

# યુવકોનો પડકાર.

લેખક—**નવયુવાન.**

ઇતિહાસના પાના બોલે છે તેમ કોઇપણ રાષ્ટ્ર અને સમાજની ઉન્નતિ મુખ્યત્વે યુવકોના આત્મબલિદાનને આભારી બની છે. ભારત વર્ષને પાને આઝાદીના સંગ્રામમાં યુવકોનો ભોગ અનુપમ હતો. આધુનીક ભીન્ન ભીન્ન સમાજોની પ્રગતિનું સરવૈયું કાઢવામાં આવે તો વ્યાપારી નીતિ અને કુનેહ ધરાવતો જૈન સમાજ સૌથી પાછળ હશે. ભીન્ન ભીન્ન સમાજની ગરીબાઇ અને બેકારીનું માપ કાઢવામાં આવશે તો શ્રીમંત ગણાતો અને દાનના અઢળક ઝરણાં વહાવતા જૈન સમાજની કંગાળીઅત અને બેકારી વધુ પ્રમાણમાં તરી આવશે. ધર્મ અને સંસ્કારને નામે આકરી તપશ્ચર્યા અને આંતરીક કલુષીત મનોદશા વચ્ચે ભીંસાતો જૈન સમાજનો આત્મા આજે કમનસીબ દયાને પાત્ર બની ગયો છે. એની હૈયા હોળીએ સમાજના યુવાનોને નીષ્ક્રીય અને નિષ્પ્રાણ બનાવી દીધા છે. ભુતકાળના ગૌરવને નામે આધુનીક સમાજના નકશામાં રંગોળી પુરવા મથતો એક વર્ગ અને કળાકાર હોવાનો દંભ કરી કેવળ આંગળીઓ ચીંધી સામા પર દોષારોપણ કરવા મથતો બીજો વર્ગએ બન્ને માત્ર કીર્તિની લોલુપતાને ખાતર આંતરીક કલેશો ઉભા કરી સમાજ ઉન્નતિને નામે તેની ઘોર ખોદવા લાગી ગયા છે. જૈન સમાજના છેલ્લા દશકાના ઇતિહાસે આ પોકળતા સચોટ રીતે પુરવાર કરી છે. આપવડાઇને નામે અગ્રણી હોવાનો દાવો કરતા કેટલાક મુત્સદીઓએ માત્ર વાર્તાઓ, દલીલો અને ભાષણો કરી નવસૃષ્ટિનું સર્જન કરતી યુવક પ્રવૃતિને અત્યારસુધી ઉંધે માર્ગે દોરી છે.

સૈકા જુની ભારત વર્ષની ગુલામીને ફગાવી દઇ નવયુગની પ્રતિક્ષા કરતી આઝાદીની લડત અને આર્ય સંસ્કૃતિના અદ્ભુત પોષણમાંથી એક નવી શક્તિ પ્રકાશી. એના કીરણે કીરણે આગે કૂચ કરવાને યુવાનો અધિરા બન્યા. એ તકનો લાભ લઇ કેટલાક તક સાધુઓ આગળ આવ્યા. એમણે સેવાના અને સુધારાના મંત્રોચ્ચાર કર્યા. ક્રાન્તિનો ઝંડો ફરકાવ્યો. ભરતીના વ્હેણ કોઇના બાન્ધ્યા બંધાતા નથી. રાષ્ટ્રવાદના જુવાળ અને સ્વાતંત્રતાની તમન્નાએ વેશધારીઓના માનસ ખુલ્લા પાડયા છે. ઠરાવોની હારમાળા કરીને સમાજ ઉન્નતિનું ગાડુ ધકેલવા મથતા એ કહેવાતા અગ્રણીઓ અને નેતાઓ સામે આજે યુવકોએ બેઠો બળવો પોકાર્યો છે. એ એમની પોકળ નીતિ સમજી ગયા છે. એ નીતિ એક ક્ષણભર ચલાવી લેવાની આજના યુવકોએ તૈયારી નથી. આજે તેઓ સમાજ ઉન્નતિને ખાતર ફકીરી લેનાર, સર્વસ્વનો ભોગ આપનાર કોઇ બાપુજી, કોઇ જવાહર કે કોઈ સુભાસ શા! સાચા મહારથીઓને યુવક પ્રવૃતિનું સુકાન સોંપવા માગે છે. આજે તેમને સગવડીઆઓ, મોટી વાતો કરનારાઓ અને છેલ્લી ઘડીએ પાછી પાની કરનારા અગ્રણીઓની જરૂર નથી. આધુનીક દેશકાળની પરિસ્થિતિએ યુવકોને તેમની જવાબદારીનું ભાન કરાવ્યું છે. તેઓ પોતાની ફરજ સમજે છે. આજની સામાજીક સંસ્થાઓના સુત્રધારો અને યુવક પ્રવૃત્તિના કહેવાતા અગ્રણીઓ આટલું સમજી લઈ પોતાની સ્પષ્ટ નીતિ જાહેર કરશે.

# લાલબાગના નવા બંધાયેલા દેવાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ.

## જમણોમાં અવ્યવસ્થાનું સામ્રાજ્ય.

( એક તટસ્થ અવલોકન )

આ દહેરાસર કયા પ્રકારે બંધાયું અને કેટલા રૂપીઆ ખર્ચાયા એ વિષે આ પત્રના ગયા અંકમાં લખવામાં આવ્યું છે જેથી આ સ્થળે તે સંબંધી ઉહાપોહ નહિ કરતાં કેટલીક પ્રાસંગિક ઘટનાઓ અને બનાવોનો ઉલ્લેખ કરવામાં આવે છે.

( ૧ ) આ પ્રસંગને લગતી કંકોત્રીઓ જે છાપવામાં આવી હતી, તે પણ ચર્ચાને સ્થાન આપે તેવી હતી, પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગનો લાભ લઇને ઉપાધ્યાયજી મહારાજશ્રી ક્ષમાવિજયજી મહારાજને આચાર્યપદવી આપવામાં આવનાર હતી, પરંતુ આ કંકોત્રીમાંથી એવો ભાસ થતો કે આચાર્યપદ પ્રદાન મુખ્ય પ્રસંગ હોય અને બીજા ગૌણ પ્રસંગો હોય, વળી સાંભળવા પ્રમાણે આચાર્યપદવી પ્રદાનને લગતો ખર્ચ પણ આ પ્રતિષ્ઠા મહોત્સવ કરનારાઓ આપવાના નહતા, પરંતુ યેન કેન પ્રકારેણ આ પ્રસંગને મહત્તા આપવામાં આવી હતી.

( ૨ ) આ પ્રસંગને લગતો વરઘોડો સારા ઠાઠ માઠથી અને પૂર્ણ વ્યવસ્થા પૂર્વક કાઢવામાં આવ્યો હતો, એની કોઇથી ના કહી શકાય તેમ નથી. આ પ્રકારનીજ વ્યવસ્થા જો આદિથી અંત સુધી જળવાઇ હોત તો ટીકાપાત્ર પ્રસંગો બનવા ન પામત. આ સ્થળે કહેવું જોઇએ કે સ્વયંસેવકો જો કે ઘણા ઓછા હતા, પરંતુ તેઓ અથાગ શ્રમ લઇ પોતાની ફરજ બજાવતા હતા. આ પ્રસંગને લગતીજ ખાસ એક સ્વયંસેવકોની ટુકડી ઉભી કરવાની જરૂર હતી.

( ૩ ) મૂળનાયકજી શ્રી મહાવીર સ્વામિજી ભગવાનની પ્રતિમા જે ગાંભુ ( ગુજરાત ) ગામમાંથી લાવવામાં આવ્યા છે, તે જો કે કહેવાય છે કે સંપ્રતિ રાજાના વખતના છે પરંતુ જાણદારો અને તપાસ કરનારાઓ તરફથી કહેવામાં આવે છે કે સંવત ૮૦૦ ની સાલની આસપાસના છે, જ્યારે સંપ્રતિ રાજાનો કાળ ૨૦૦૦ વર્ષ પહેલાંનો ગણાય છે, જાણદારો આ બાબતમાં ખુલાસો કરશે તો ભ્રમનો નાશ થઇ સત્ય વસ્તુ સ્થિતિ લોકો જાણી શકશે.

( ૪ ) આ પ્રતિમાજી ઉપરાંત બીજી પ્રતિમાજીઓ લાલબાગના દહેરાસરમાં જે અંદરના ભાગમાં છે તે બેસાડવાની હતી, પરંતુ છેક છેલ્લી ઘડીએ આ બાબતમાં કાંઇક ગુંચ ઉભી થવા પામી, અને તે પ્રતિમાજીઓ ત્યાંથી ન ઉપાડી શકાય એવી વસ્તુસ્થિતિ ઉત્પન્ન થઇ. કાર્ય કરનારાઓ તથા પ્રતિષ્ઠા કરનારાની મુંઝવણ વધી, અને કાંઇક પણ માર્ગ કાઢવાની તૈયારીઓ થઇ, અંતે બીજી પ્રતિમાઓ મારવાડથી લાવવામાં આવી હતી, તેની અચણુચ અંજનશલાકાની વિધિ કરી નાંખવામાં આવી, અને એ પ્રતિમાઓમાંની પ્રતિમાઓ આ દેવાલયમાં બીરાજમાન કરવામાં આવી. અંજનશલાકાની વિધિ આટલી ઉતાવળે થાય કે કેમ તે તેના જાણકારોજ જાણી શકે.

( ૫ ) વળી એમ પણ સાંભળવામાં આવ્યું છે કે દરેક પ્રકારની બોલીઓના ચડાવા કરી ઘીની ઉપજમાં વધારો કરવાનું લક્ષ કાર્યકરનારાઓનું વધારે હતું, આ સામે પ્રતિષ્ઠા કરાવનારાઓનો કાંઇક કચવાટ સંભળાતો હતો. જેથી પાછળથી કેટલીક બોલીઓ માંડી વાળવામાં આવી હતી.

( ૬ ) પ્રતિષ્ઠાના ટાઇમે લોકોની અસાધરણ ગીરદી થઇ ગઇ અને મામલો કાબુમાં પણ રહી શક્યો નહિ, સ્ત્રી પુરૂષોની કચડાકચડી. સ્ત્રીઓના ટોળાં ઉપર પુરૂષોની ધકામુકી, અને શ્રદ્ધાવાન લોકોની આગળ જઇ ભાગ લેવાની તીવ્ર ઉત્કંઠાએ કરેલો વધારો ખરેજ અસહ્ય બન્યો હતો, સ્વયંસેવકો પણ લગભગ ખુંદાઇ ગયા જેવા જણાતા હતા. આ ગીરદી થવાનું વધારે કારણ તો નવકારશીનું જમણ સવારના ૧૦ વાગ્યાથી રાખવામાં આવ્યું હતું તે હતું, એક બાજુ જમવા જતા આવતા લોકોની ભીડ બીજી બાજુથી પ્રતિષ્ઠા જોનારાઓની ભીડ, આ બે પ્રકારની ગીરદીથી કાર્ય ઘણુંજ મુશ્કેલ થઇ પડયું.

( ૭ ) આ પ્રસંગે નોકારશીનું જમણ ૧૦ વાગ્યાથી રાખવામાં કાર્યવાહકોએ શું બુદ્ધિ દોડાવી હશે તે સમજી શકાતું નથી. એક તો લાલબાગની સાંકડી જગ્યા, અંદર ચાલતું ચાલીનું કામકાજ, ( માધવબાગની વિશાળ જગ્યા તો આપણને મળતી નથી એ વાત કયાં અજાણી હતી? ) અને લોકોનો અસાધરણ ધસારો, આ કાબુ બહાર જતી પરિસ્થિતિનું માપ જો પહેલેથી કાઢવામાં આવ્યું હોત, સ્ત્રી પુરૂષો માટે અલગ અલગ જમવાની સગવડ કરવામાં આવી હોત, અને સ્વયંસેવકોની ખાસ હોજ રાખવામાં આવી હોત તો આટલી હાલાકી પડત નહિ. વળી ૧૦ વાગ્યાથી જમણવાર શરૂ થતાં તેનો લાભ જૈન તેમજ ઘણા જૈનેતરોએ પણ લીધો હતો, અને તેમાં હલકા વર્ણના લોકોનો મોટો ભાગ ધસી ગયાના સમાચાર પણ મળ્યા છે, આ વસ્તુસ્થિતિમાં કેટલાક માલની ગેરવ્યવસ્થા પણ થવા સંભવ છે, આ સ્થિતિ કયાં સુધી નીભાવાય? અંતે સાંજના ૪ વાગ્યા પછી કોઇ પણ વસ્તુ બાલાંસ નહિ રહેવાથી, બહાર કંદોઇની દુકાનેથી માલ પૂરો પાડવાની પણ વ્યવસ્થા કરવામાં આવી, પરંતુ એ પણ કયાંથી પહોંચે? અંતે તુરતજ જમણવાર બંધ કરવો પડયો અને ૪ વાગા પછી જનારાઓને પાછા આવવું પડયું. વળી 'મૂર્તિપૂજક સંઘને આમંત્રણ' એવા પ્રકારના હેડીંગવાળા જમવાના આમંત્રણોથી સ્થાનકવાસી ભાઇઓ ( ખુદ જામનગરના પણ ) આમાં ભાગ લઇ શકયા નહિ એ ખરેખર શોચનીય થયું છે.

( ૮ ) છેલ્લું જમણ શેઠ વીઠલદાસ ઠાકોરદાસની પેઢી તરફથી કરવામાં આવ્યું હતું, આ જમણમાં કન્ટ્રાકટરે મીઠાઇ બગાડી નાંખવાથી તેમજ શુદ ૧૩ ના જમણમાં પડેલી

( અનુસંધાન પૃષ્ઠ ૪ ઉપર )

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:—"હિંદસંઘ."—"HINDSANGHA."  Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.
# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રીઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:—રૂપીઆ બે.  છુટક નકલ:—દોઢ આનો.

વર્ષ જુનું ૧૨ મું. નવું ૭ મું. | તારીખ ૧ લી માર્ચ ૧૯૩૯. | અંક ૧૫ મો.

## ગુજરાતનું પરમ ગૌરવ.

ખંભાતના સમાજમાં મોટી લાગવગ ધરાવતા જૈન સમુદાયને શોભે એવા જ્ઞાન ભંડાર પણ ખંભાતમાં છે, અને રાજ્ય બદલીઓ થવા છતાં જૈન કોમે અથાગ મહેનત અને દ્રવ્ય ખરચીને આ ભંડારો સાચવી રાખ્યા છે એ ખરેખર ધન્યવાદની વાત છે. ગુજરાતનું પરમ ગૌરવ આ કોમે આ ભંડારો જાળવીને રાખ્યું છે, અને એને લીધે જૈન કોમનેજ આપણે ગુજરાતનું ગૌરવ કહીએ તો અતિશયોક્તિ નથી. દેશકાળને સીમા ન માનનારા આપણા હિંદુ તત્વજ્ઞોએ કોઇપણ વસ્તુની વ્યવસ્થિત નોંધ રાખવાની દરકાર ન રાખી તેને પરિણામે દેશનો પ્રાચીન ઇતિહાસ અંધારામાં રહ્યો. પરંતુ આ કોમે જે સંચય કર્યો છે અને એમના સાધુઓએ જે નોંધો રાખી છે, તેને માટે પ્રત્યેક હિંદી અભિમાન લઇ શકે તેમ છે. એમ કહેવાય છે કે ગુજરાતના જૈન ભંડારોને જો એકત્ર કરે તો હિંદુસ્તાનમાં કોઇપણ હસ્ત લિખિત ગ્રંથોના પુસ્તક સંચયમાં ન હોય એટલાં બધાં પુસ્તકો ગુજરાતના ભંડારોમાંથી મળે. એમ કહેવાય છે કે એકલા અમદાવાદના ભંડારોમાનાં હસ્ત લિખિત પુસ્તકો ભેગાં કરે તો ભાંડારકર રીચર્સ ઇન્સ્ટીટયુટના સંગ્રહ કરતાં વધારે થાય. પાટણ, જેસલમેર, લીંબડી, અમદાવાદ, ખંભાત આદિ જૈન શહેરોમાં આવા ભંડારા પડેલા છે. આ ખજાનાનો સારો ઉપયોગ થવો જોઇએ. જોકે જૈનો માત્ર સાચવે છે તો સારી રીતે. શ્રી શાંતિનાથ મહારાજનો ભંડાર ભોયરાપાડામાં છે; જેમાં પ્રાચીન ગ્રંથો છે. કહે છે કે ડો. પીટરસને ઈ. સ. ૧૮૮૫ માં જે યાદી કરેલી છે તે આ ભંડારની છે.

ડો. પીટરસન આ ભંડારોના હસ્ત લિખિત પુસ્તકો જોવા ત્રણ વખત ખંભાત આવી ગયેલા. પોતે જોએલા ગ્રંથોની લાંબી નામાવલિ મુંબઇની રોયલ એશિયાટીક સોસાયટીના જરનલના બે ભાગમાં છપાવી છે. એમાં વિક્રમની તેરમી સદીથી શરૂ થતા પ્રાચીન ગ્રંથો છે અને કેટલાક મહત્વના ગ્રંથોની નકલો છે. કેટલાક ગ્રંથો કોઈ જગ્યાએ ન મળે તેવા પણ છે. હેમચંદ્રસૂરિ તથા અભયદેવસૂરિની કૃતિઓ, ગર્ગાચાર્ય કૃત કર્મવિપાક, મહાકવિ ધનપાલની કૃતિઓ વગેરે એવા ઉત્તમ ગ્રંથો છે, જેના નામ માત્ર આપવામાં પણ નાનો ગ્રંથ થાય.

—શ્રીયુત્ રત્નમણિરાવ ભીમરાવ, B. A.

જૈન યુગ.

તા૦ ૧-૩-૩૯. બુધવાર.

# આજનો આપદ્ધર્મ.

રાષ્ટ્રિ મહાસભા સામે આજે મુખ્ય પ્રશ્ન એકજ છે અને તે બળજબરીથી લાદવામાં આવનાર ફેડરેશનનો સફળ સામનો કરવો.

રાજસ્થાનની પ્રજા સામે આજે એકજ ગંભીર સવાલ ડોકીયા કરતો ઉભો છે અને તે રાજ્યતંત્રના સંચાલનમાં પ્રજાના સંપૂર્ણ અવાજનો જવાબદાર રાજતંત્રનો.

એજ પ્રમાણે જૈન સમાજ સામે આજનો મહત્વનો અને મુખ્ય પ્રશ્ન સંપૂર્ણપણે સંગઠન સાધીપરમાત્મા શ્રી મહાવીરદેવના સંઘમાં જે છિન્નભિન્નતા ઘરઘાલી બેઠી છે. સાતે ક્ષેત્રની સ્થિતિ જે રીતે દિવસાનું દિવસ પતનના માર્ગે જઇ રહી છે અને એક સમયના સમૃદ્ધ સમાજની-લોર્ડ કર્ઝન જેવા વોઇસરોયને પણ જે સમાજની રિદ્ધિ સિદ્ધિ નિહાળી યાદ કરવાની જરૂર પડી હતી તે વૈભવશાળી સમાજની-જે ખાનાખરાબી થઈ રહી છે એ સર્વના એકધારા પ્રતિકારનો.

મતફેર રહેવાના તેમ રહેવાના માર્ગભેદ, પણ એ તો ભિન્ન વ્યક્તિત્વના રેખા ચિન્હો છે. તંદુરસ્ત દશાના નિશાનો છે. યાદ કરવાની અને અહર્નિશ નજર સન્મુખ લખી રાખવાની વાતતો એકજ છે અને તે એટલીજ કે 'મનોભેદ જરાપણ ન થવા દેવો.' એમાંજ સાચા યુગબળની પિછાન છે. સેવાના ધગશધારીમાટે-ફરજના ખ્યાલમાં સતત્ કાર્યશીળ રહેનારને સારૂ અને સમાજ માટેનો સ્નેહ જેને હઇડે વસ્યો છે એવા માનવનેએ વસ્તુ સહજ સાધ્ય છે. ચાહેતો પછી અનુભવની વેદીકા પર ઘડાઇને વૃદ્ધતાના શિખરે પહોંચ્યો હોય, ચાહેતો ઉઘાડી છાતીએ પ્રૌઢતાના ઝંઝાવાતો ઝીલતો હોય કિંવા ધસમસતી યુવાનીના વસંતમાં પાંગરતો હોય. સંસારરૂપ શકટના ચક્ર યુગળ સમ નર-નારી, ઉપર વર્ણવી સ્થિતિમાંની ગમે તે એક કક્ષામાં વર્તતા હોય; વા દુનિયાદારીના ગમે તે વર્તુળમાં કે ગમે તે દિશા કોણમાં વાસ કરતા હોય તે સર્વ સામે વર્તમાન યુગનો એ એકજ પ્રશ્ન છે. એ પ્રશ્નના ઉકેખમાં-જેમ હાથીના પગલામાં સર્વના પગલા સમાય છે તેમ-સર્વનો ઉકેખ સમાયો છે.

સાત ક્ષેત્રમાંની પ્રથમ ભૂમિકા સ્પર્શ કરતાં જિનબિંબથી માંડી અંતિમ બિંદુએ ઉભેલ શ્રાવિકા ક્ષેત્ર સુધીમાં દેશ-કાળ કેટલુંક પરિવર્તન માંગે છે. વ્યવસ્થા પદ્ધત્તિનો વિકાસ જરૂરી છે. નવેસરથી એના માઇલ સ્ટોન અંકિત કરવાની અગત્ય ઉભી થઇ છે અને ફેરફારો-મૂળ સ્વરૂપને જરાપણ ક્ષતિ પહોંચાડયા વિના શાસ્ત્રોકત મર્યાદાને રંચ માત્ર અલવલ ન પહોંચે એ દ્રષ્ટિબિન્દુ નજર સામે રાખીને-કરવાની ઘટિકા આવી દ્વારા ખખડાવી રહી છે.

તો સમાજના શ્રીમંતો-ધીમંતો અને સેવકો શું એ સુવર્ણ ઘડીની પિછાન નહીં કરે? જુનવાણી કે સુધારક શું પરસ્પર ખભો મેળવવામાં હીણપત માનશે? ચર્ચાના વલોણા વલોવી ઉટપટાંગ ગુલબાનો છોડી સમાજના વાતાવરણને વધારે ડહોલ્યા કરશે? અરે ગપગોળા ગબડાવી લીસા લખોટા જેવું વર્તન દાખવશે? કે સંગઠનના પંથે પળશે?

અલબત માળાના મણુકા વિખરાયેલા પડયા છે; અને એ મણુકાઓની સ્થિતિ પણ એટલી હદે અણમેળતા ધારણ કરે છે કે એને માળામાં બરાબર ગોઠવવાનું ઓછું મુસ્કેલ નથી; છતાં જ્યાં લગી એ અસાધ્યતાની કોટિમાં નથી પરિણમ્યું અને જ્યાં સુધી એવો સુંદર મેળ બેસાડવાનો ઉત્સાહ દ્રષ્ટિગોચર થાય છે ત્યારે પ્રત્યેક જૈનની ફરજ તો એજ હોઇ શકે કે એ કાર્ય સરળ થાય તેવા શકય પ્રયાસો આદરવા. એમાં આડખીલી રૂપ તો હરગીજ ન થવું.

આપણી જૈન મહાસભાનું વર્તમાન ચિત્ર જરૂર રંજ પેદા કરે તેવું છે. કાર્યવાહકોની શિથિળતા પણ અવશ્ય ખટકે તેવી છે છતાં સાથે એ પણ ભુલવું જોઇતું નથી કે એમ થવામાં આપણો પ્રમાદ પણ ઓછો નથીજ. વર્તમાન કોકડુ ગુચવવામાં એક યા બીજી રીતે આપણે પણ નિમિત્ત રૂપ છીએજ.

જે સંસ્થાનો ભૂતકાળ સાચેજ ગૌરવશીળ છે, જેના કેટલાક જીવંત કાર્યો આજે પણ મોજુદ છે અને જેના સાહિત્ય પ્રકાશન એ ઉગતી પ્રજાના અમૂલ્ય વારસા રૂપ બન્યા છે. એ સંસ્થાની ઉજવળ બાજુ પર લક્ષ્ય આપી, ઝાંખી બાજુને ઉજવળ બનાવવા સારૂં પ્રયત્નશીળ થવાનું છે.

મંદિરાવલી જુઓ કે ગ્રંથાવલી પર દ્રષ્ટિપાત કરો અથવા તો ગુર્જર કવિઓના ભાગો નિરખી લ્યો એટલે ભૂતકાળનો ગૌરવવંત જૈન સમાજ નજર સન્મુખ તરવાનો. સાહિત્યનો ઇતિહાસ વાંચતાંજ મન કોઈ અનોખી ભૂમિમાં ઉડયન કરવાનું. રખે માનતા કે એ ભૂતમાં રાચવાની વાત કરાય છે. અરે એમાં તો ભાવિના ઉત્થાન માટે અસંખ્ય પ્રેરણાઓ ભરી છે. સાત ક્ષેત્રના ઉદય અર્થે ઉપાડવાના રચનાત્મક કાર્યો માટે એમાં બેસુમાર ઇશારા છે, અગત્ય છે પુન: દ્રઢ નિશ્ચયથી કટિબદ્ધ થવાની અને પગલે પગલે આગળ વધી શકાય તેવો પાંચ વર્ષીય કાર્યક્રમ ઘડી કહાડવાની. આજનો એ આપદ્ધર્મ પ્રત્યેક જૈન ઓળખે. એજ મનોરથ અંતરમાં રાખી અધિવેશનમાં ખુલ્લા હૃદયે ભાગ લ્યે. જૈન શાસનના ધ્વજ હેઠળ સમાજના શ્રેય અર્થે પ્રગતિ અને જાગૃતિના વ્યવહારૂ કાર્યક્રમ દોરો. એ નિતરૂં સત્ય ન ભૂલે કે રાષ્ટ્રધર્મ બજાવવા સારૂ જેમ કોંગ્રેસની વ્યાસપીઠ એજ ઉચિત સ્થાન છે તેમ સમાજ ધર્મમાં યોગ્ય ફાળો ધરવા સારૂ કોન્ફરન્સની બેઠક એજ માત્ર વ્યવહારૂ સ્થાન છે.

# નોંધ અને ચર્ચા

## માત્ર શબ્દાર્થ એ તો ભયંકર ચીજ છે.

અત્યારના કેટલાક લેખકો પુસ્તકીયા અભ્યાસના જોરે ધાર્મિક વિષયોમાં એકાએક ભૂસકો મારે છે અને એ ગહન વિષયમાં અનુભવીઓની સલાહ, પૂર્વાચાર્યોની એ પરત્વેની ટીકા કે પરંપરાગત આવેલ માન્યતાપ્રતિ જરાપણ ધ્યાન દીધા સિવાય ઝટ પોતાના મંતવ્યને છાપાના પાને મૂકી જનતામાં એનો પ્રચાર કરવા મંડી જાય છે! આવું કરનારામાં જૈન અને જૈનેતર લેખકોનો સમાવેશ થાય છે. એ માટે પં. બેચરદાસ, અધ્યાપક ધર્માનંદ કૌસંબી આદિના લખાણોમાં પૂર્વે થયેલ સ્ખલનાઓ રજુ કરી શકાય તેમ છે. વર્તમાનમાં પટેલ ગોપાળદાસ જીવાભાઇ એ આવોજ છબરડો વાળ્યો છે. માત્ર શબ્દના અર્થને વળગી રહેવું અને એના અન્યઅર્થો કે બીજો સબંધ ઉવેખી મેલવો કેટલી ભયંકર વસ્તુ છે એ 'શ્રી મહાવીરસ્વામી પણ માંસાહારી' હતા એવા તેમણે ઉભા કરેલા તુક્કાથી સૌ કોઇ જોઇ શકયા છે. એ સબંધમાં મુનિશ્રી વિદ્યાવિજયજી લખે છે કે—

હમણાં હમણાં "જૈન સૂત્રોમાં પણ માંસાહારનું વિધાન છે" "ભગવાન મહાવીર તથા તેમના તે વખતના સાધુઓ માંસાહાર લેતા હતા" એવું કોઈ કોઇ લેખકો તરફથી બહાર પડતું વાંચવામાં આવે છે. મને લાગે છે કે ચાલુ લોકમાન્યતાની વિરૂદ્ધમાં કંઇ પણ કહેવું, લખવું કે પ્રવૃત્તિ કરવી એ આ જમાનાની એક ફેશન સમજાય છે. પરન્તુ એમાં એટલું યાદ રાખવાની જરૂર છે કે તેમ કરવાથી કંઇપણ સામાજીક, ધારમીક કે રાષ્ટ્રીય ફાયદો થાય છે કે? જો કંઈપણ ફાયદો ન થતો હોય બલ્કે સમાજમાં નિરર્થક કોલાહળ ઉત્પન્ન થતો હોય લોકોનાં દિલ દુભાનાં હોય અને તેની સાથે સાથે લોકોમાં ગેરસમજુતી ઉભી થતી હોય તો એવી પ્રવૃત્તિ ન કરવી એજ વધારે શ્રેયસ્કર છે, એ શબ્દો લાલબત્તિની ગરજ સારે છે. શ્રી ગોપાળદાસના લેખથી જબરો અનર્થ થયો છે. એ સબંધમાં સાચુ શું છે એ પર સંખ્યા બંધ લેખકો તરફથી કહેવામાં આવ્યું છે અને મહોપધ્યાય કાશીવિશ્વનાથ પ્રહલાદજી વ્યાસ સાહિત્યાચાર્ય, કાવ્ય, સહિત્ય વિશારદ મીમાંસા શાસ્ત્રી એલ. એ. એમ. તો સ્પષ્ટ જણાવે છે કે જે શબ્દોના અર્થ માંસાહારની પુષ્ટિઅર્થે કરવામાં આવ્યા છે તે તદ્દન ઉંધામાર્ગે દોરવાઇ કરાયેલા છે. આયુર્વેદમાં નીચે પ્રમાણે અર્થો થાય છે.

૧ કપોત-પારાવત-પારાવાનનું ફળ છે. સુશ્રુત સંહિતા અધ્યાય ૪૬, ફળવર્ગ.

૨ માર્જાર ખટાશ, વૈદ્યક શબ્દસિંધુ.

૩ કુક્કુટ-ચોપત્તીભાજી, શાલિગ્રામનિ ઘટુ, શાકવર્ગ.

શ્રી મહાવીરસ્વામીના રોગમાં ઉપરની ચીજોના ગુણ જોતાં તે અત્યંત ઉપયોગી છે. ભાઇશ્રી પટેલ ઉપરની વાત અવસ્ય વિચારે. વળી 'પશુને બદલે વનસ્પતિ ખાઓ તો હિંસક મટીને અહિંસક બન્યા એમ તો ન જ કહી શકાય. માત્ર હિંસાના પદાર્થમાં ફેર પડયો. પણ **હિંસા તો સરખીજ રહી'** જેવું બુદ્ધિ શૂન્ય લખાણ હરગીજ ન કરે.

## ધન્ય મુનિરાજ.

શ્રી મહાવીર માંસાહારી હતાં એવા ભ્રમણાજનક લેખ સામે મુનિશ્રી ધુરંધર વિજયજીનો લેખ તો જૈન યુગના પાને આવી ગયેલ છે પણ એ ઉપરાંત મુનિસંમેલનમાં નિયુક્ત થયેલી સમિતિ તરફથી પ્રગટ થતાં 'જૈન સત્ય પ્રકાશ' માસિકના ક્રમાંક ૪૩ માં જે વિદ્વતાપૂર્ણ અને રોચક શૈલીમાં લખાયેલા લેખો પ્રગટ થયા છે એ આવશ્યક છે એટલુંજ નહિં પણ જૈન ધર્મી મુનિરાજો પણ દેશકાળની પિછાન કરતા થંઇ ચુકયા છે એની આગાહી કરે છે અને એ માટે અવસ્ય તેમને ધન્યવાદ ઘટે છે. આ યુગમાં મુંગા રહેવાથી માર ખાવા પણું છે; તેમ યુક્તિ વિકલ શબ્દબાણ છોડવા વ્યર્થ છે. જરૂર છે યુક્તિ પુરસ્સર ને જડબાતોડ જવાબની. જે માર્ગ સમિતિના સભ્ય મુનિરાજો તરફથી ગ્રહણ કરવામાં આવ્યો છે. મુનિશ્રી વિદ્યાવિજયજીનો ઉત્તર ધર્મિક માન્યતા સિવાયના ને પણ ગળે ઉતરે તેવો છે. આચાર્ય મહારાજ શ્રી સાગરાનંદસૂરિજીનો જવાબ વિદ્વતા ભર્યો, તેઓશ્રીના આગમ અભ્યાસને છાજે તેવો અને વ્યાકરણના નિયમોની છણાવટ કરતો સાચેજ કાન પકડાવે તેવો છે. આવીજ ભષામાં તેઓશ્રી જરૂર પડતાં કલમ પકડે તો ઘણી લાભકારી છે. એવીજ રીતે શ્રી વિજય લાવણ્ય સુરિજીની આખાયે પ્રશ્નની છણાવટ વિસ્તારપૂર્વક ભાઇશ્રી પટેલના માત્ર માંસાહારનાજ સવાલને સ્પર્શે છે એટલુંજ નહિ પણ ગોશાળાના પ્રસંગ પર પૂર્ણ પ્રકાશ ફેંકનારી છે. વિધાનાત્મક શૈલીમાં લખાયેલા આ લેખો મનન કરવા અને એનો પ્રચાર વિશાળ પાયાપર કરવા જેવા છે. સાથો સાથ એટલી પણ વિનંતિ કરીએ કે જૈન ધર્મને સ્પર્શતા, ધર્મિક વિષયની કક્ષામાં આવી જતાં, દરેક પ્રશ્નો ખંડનાત્મક શૈલીથી, નહિં પણ મંડનાત્મક શૈલીએ, વિજ્ઞાન યુગના માનવીઓને સરળ પણે સમજાય તેવી પદ્ધત્તિએ અવાર નવાર ભાષણ કે લેખોદ્વારા તેઓ ચર્ચતા રહે. આજે આગમ જ્ઞાનનું જે દોહન કરવામાં આવેલું છે એને માત્ર સંગ્રહરૂપ ન રાખતાં, ઉપાશ્રયની દિવાલોની ભીતર ન આલાપતા વિશ્વના વિશાલ ચોકમાં વિસ્તારવાની સર્વશ્રેષ્ઠ અગત્ય છે.

## 'પ્રસ્થાન' અને જૈન સમાજ.

માસિક પ્રસ્થાન એક સાક્ષર સંપાદકની દ્રષ્ટિ હેઠળ પ્રગટ પ્રગટ થતું વજનદાર માસિક છે. એમાં જૈન સમાજ અને જૈન ધર્મને લગતી ચર્ચાઓ આવે છે. ગોપાળજીભાઇનો 'મહાવીરસ્વામીનો માંસાહાર' નામક લેખ એમાંજ આવેલો. જયારે વિદ્વાન તંત્રીશ્રીએ એ ચર્ચાસ્પદ લેખને સ્થાન આપ્યું ત્યારે એના ઉત્તરરૂપે લેખો આવશે એમ સમજવું જોઇતું હતું. એક ધર્મના અંતિમતીર્થંકરકે જે અહિસાના ફિરસ્તા તરિકે સુવિખ્યાત છે. તેઓશ્રીપર હિંસાજનક માંસાહાર કરવાનો આરોપ થાય અને એ જૈન સમાજ મુંગા મુંગા જોયા કરે એમ તંત્રીશ્રીએ માન્યું હોવ તો એમાં જરૂર પ્રમાદ થયો છે. એના પ્રત્યુત્તરરૂપે મુનિશ્રી વિદ્યાવિજયજીનો જૈન ધર્મ સત્યપ્રકાશ સમિતિ તરફથી મોકલાયેલ લેખ ન છાપતા પત્રવ્યવહાર કરી જે દલીલ આગળ ધરી છે તે તંત્રી મહાશયના મોભાને છાજે તેવી નથીજ. વધુ દુઃખ તો એ કારણે થાય છે કે પ્રત્યુત્તર રૂપે આવેલ લેખને પ્રગટ કર્યા વિના કે મોકલનારની સંમતિ પૂછાવ્યા વિના ગોપાળજીભાઇના હાથમાં મુકવામાં આવે છે! પત્રકારિત્વના ધર્મને આ કાર્ય શોભા ભર્યું નથીજ. આવી રીતે પૂર્વે પણ જૈનેતર લેખકો તરફથી જૈન સમાજને અન્યાય થયાના, અને એ સંબંધમાં કેટલાક

(અનુસંધાન પૃષ્ઠ ૮ ઉપર)

# મુંબઇની માયાજાળ.

આજે ભારતવર્ષની જે અનેક નગરીઓ જાહોજલાલી ભોગવે છે તેમાં મુંબઇ નગરીનું સ્થાન પ્રથમ પંક્તિએ આવે છે; વ્યાપારમાં કહો કે રાજકીય ક્ષેત્રોમાં કહો, સુંદરતામાં કહો કે ગીચતામાં કહો; દરેક પ્રકારે મુંબઇના મોહની ભલભલાને આકર્ષી શકે છે, અહિં ક્રોડાધિપતિઓ કરોડોના વેપારો ખેડે છે, અનેક રાજકીય અને સામાજિક પ્રવૃત્તિઓના મંડાણો પણ અહિંથી જ થાય છે, જુદી જુદી દિશાઓમાં દાનના ઝરણો પણ આ ક્ષેત્રમાંથીજ વહે છે. તેમજ અનેક સંસ્થાઓને આ ભૂમિમાંથી પુષ્ટિ મળે છે. આ રીતે દરેક પ્રકારે અગ્રસ્થાન ભોગવનાર આ નગરી તરફ દેશ પરદેશના લોકો આકર્ષાય એ સ્વાભાવિક છે. વ્યાપારીઓ ખેંચાય કારણ કે વ્યાપારનું કેન્દ્ર છે; વિલાસીઓ ખેંચાય કારણ કે અનેક રમણીય આકર્ષણો તેમની સામે દેખાય છે; પ્રવાસીઓ ખેંચાય કારણ કે હિંદની પ્રથમ પંક્તિની નગરીનું તેઓને અવલોકન મળી શકે. પરંતુ એક આશ્ચર્યકારક બીના એ છે કે આવી ભરચક અને વ્યવસાયથી ઓતપ્રોત થયેલી નગરીમાં સંસારથી વિમુક્ત બનેલા અને નિજ આત્માનું કલ્યાણ સાધવાની ઇચ્છાએ ભિક્ષુ બનેલા નિષ્પરિગ્રહી કહેવાતા સંતો અને સાધુઓ આ ભૂમિ તરફ શા માટે આકર્ષાય છે? જે ભૂમિમાં જેટલા શુભ કાર્યો આરંભાય છે તેથી અનેક ઘણાં પાપાચારો સેવાય છે; જ્યાં વ્યવસાયપૂર્ણ મનોદશાને ધર્મભાવનાની ઝાંખી કરવાની પણ ફુરસદ નથી, અને જ્યાં બંધુત્વની કે આર્દ્રતાની લાગણીઓના પણ ભાગ્યેજ દર્શન થાય છે તેવી મોહમયી નગરીના એવાં કયાં આકર્ષણો છે કે જે અમારા સંતપુરુષોને અને સાધુઓને આકર્ષી રહ્યા છે? આ હકીકત જો કે દરેક ધર્મ અને દરેક સંપ્રદાયને એક સરખી લાગુ પડી શકે છે, છતાં પણ અન્ય સંપ્રદાયોમાં અને આપણામાં થોડીક ભિન્નતા છે; અન્ય સંપ્રદાયોના મહાત્માઓ કે સાધુઓ તદ્દન નિષ્પરિગ્રહી હોતા નથી, તેઓ પોતાની પાછળ અનેક પ્રકારના સંસારિક બંધનો ઉડાવતા નજરે જણાય છે, તેઓનો પરિગ્રહ ઘણીવાર તો સામાન્ય ગ્રહસ્થી કે સંસારી માનવો કરતાં પણ ચડી જતો જણાય છે, જેથી કરી તેઓ આ ભૂમિમાંથી વિશેષ મેળવવાની આકાંક્ષાઓથી આ તરફ આવવા અથવા તો અહિં નિવાસ કરવા લલચાય, પરંતુ અમારા મુનિમહારાજો ઉપરોક્ત મહાત્માઓથી કે સંતોથી આગળ વધેલા છે, તેમની ઉચ્ચ ચારિત્ર પ્રથાએ તેમને તેઓથી ઉંચી કક્ષાએ મૂકેલા છે, તેઓના આચારના પાયાઓ પંચ મહાવ્રતથી ચણાયેલા છે, તેઓની ચારિત્રની મહેલાત એ પાયાઓપર રચાયેલી છે, અને એમની નિષ્પરિગ્રહતા'એ એ ચારિત્રની મહેલાત પર કળશ સમાન છે, તેઓએ જે ઇચ્છાઓ અને જે ધ્યેયને અર્થે ભેખ ધારણ કર્યો છે, તે ઇચ્છા અને તે ધ્યેયને વફાદાર રહેવા તેઓ બંધાયેલા છે. જો એ વફાદારીથી તેઓ વિમુખ થાય તો તેમના ચારિત્રની મહેલાતની એક કોડી પણ કિંમત રહી શકે નહિ.

અમારા જૈન મુનિ મહારાજોનો ઉપર બતાવ્યું તેમ મુખ્ય ધર્મ ત્યાગમાર્ગ ઉપર રચાયેલો છે, તેઓ આધિ વ્યાધિ અને ઉપાધિઓની જંજાળને ફગોટી દેવા માટેજ સંસારની મોહનીય છોડી ભિક્ષુકનો વેષ ધારણ કરી એ કઠિન માર્ગે પ્રયાણ આદરે છે; તેઓ પોતાના આત્માના કલ્યાણને જ પોતાનું ધ્યેય માને છે, અને પરમ મોક્ષ માર્ગની પ્રાપ્તિ અર્થે તપસ્યાના કષ્ટોથી કાયાને સોષવી નાંખે છે, અને એ રીતે આત્મકલ્યાણને માર્ગે જતાં જતાં જે સમય મળે છે તેમાં જનતાને એ માર્ગે જવા ઉપદેશ આપે છે. આ અમારા સાધુઓ, અને સંતોનો ધોરી માર્ગ છે. આ માર્ગ શું મુંબઇ જેવા મોહનીય નગરમાં સરળ બને ખરો? આ માર્ગે જવામાં શું મુંબઇના ધોરી માર્ગો અને લલચાવનારી હવેલીઓ સહાય આપશે ખરી? આ માર્ગે જવામાં અહિંનો વ્યવસાય અને કર્કશતા તેઓને કદી પણ સહકાર આપશે ખરી? આનો જવાબ નકારમાંજ મળશે; કારણ કે આ નગરીની કર્કશતા, વ્યવસાય, મોહની અને લાલચો એટલી બધી પથરાયેલી છે કે તેમનો માર્ગ સરળ બનવો તો એક બાજુ રહ્યો; પરંતુ ઉલટાના તેઓ પોતાના ચારિત્ર માર્ગથી વિમુખ બની જાય, તેઓના માર્ગમાં અવરોધો પડે, અને તેઓની ચારિત્ર પ્રત્યેની શ્રદ્ધા ડગમગુ થઇ જાય. આ દીવા જેવી વસ્તુસ્થિતિથી શું તેઓ અજ્ઞાત છે? શું તેઓ આ બધું નથી સમજતા? એનો ઉત્તર સ્પષ્ટ છે કે તેઓ આ વસ્તુસ્થિતિ બરાબર પિછાને છે, અને છતાં પણ તેઓ મુંબઇમાંજ વસવાનું કે મુંબઇ આવવાનું ઉચિત ધારે છે, ત્યારે કહ્યા સિવાય નથી રહ્યું શકાતું કે આ ભૂમિ પર આવવામાં તેઓના અંતરના ઉંડાણમાં કોઈ બીજીજ ભાવનાએ પગપેસારો કર્યો હોય. આ યુગ જ એવો છે કે દિન પ્રતિદિન પ્રચાર પામતી અનેક મોહનીય વસ્તુઓ ભલભલાની શ્રદ્ધાને પણ હચમચાવી મૂકે છે, અને એની વિશાળ અને ભભકભરી પાંખોમાં કંઇક માનવો સંસારી કે સંતો પણ આવી જાય છે.

મુંબઇ જેવા ધનાઢ્ય શહેરમાં વિવિધ દેશોના વાસીઓ બે પૈસે સુખી થયા હોય તો તેમને તે દ્રવ્ય વાપરવાની સ્વાભાવિક ઇચ્છા થાયજ, અને તેથી પોતાની મનગમતી દિશામાં પોતે ઉપદેશ આપી દ્રવ્ય વ્યય કરાવી શકે તેમની પાછળ પોતાના નામ જોડવામાં આવે, ઉપદેશ દાતાનું માન પોતાને મળી શકે, અને એ રીતે પોતે ધર્મના કેટલા પ્રદ્યોતક છે એની શરણાઇઓ દેશદેશાવરમાં વર્તમાનપત્રોદ્વારા વગાડી શકાય એજ મહત્વાકાંક્ષા અમારા મુનિઓને અને સંતોને આ દિશાએ આકર્ષી રહી છે એમ માનીએ તો એમાં જરા પણ ખોટું નથી.

આ સ્થળે અમારા પૂર્વાચાર્યો શ્રી આનંદઘનજી મહારાજ, શ્રી ચિદાનંદજી મહારાજ આદિનું સ્મરણ થયા વિના રહેતું નથી શું તેઓ જૈન મુનિઓ નહતા? શું તેઓ ચારિત્ર ધર્મથી વિમુખ હતા? નહિજ. પરંતુ તેઓ જંગલમાં રહેતા, નિજ આત્માના કલ્યાણ સાથે યથાશક્તિ બીજાઓને કલ્યાણ માર્ગે ત્યાં રહ્યા થકી પણ પ્રેરતા અને પોતાનું કર્તવ્ય પાલન કરતા. થોડા વર્ષો પૂર્વે પણ અમારા મુનિરાજો ગામડાઓમાં અને અણઘડ પ્રદેશોમાં વિચર્યાના, ત્યાં ઉપદેશધારાઓ વર્ષાવવાના અને પ્રતિબોધ પમાડયાના અનેક દાખલાઓ ઇતિહાસમાંથી દેખાય છે. જ્યારે આજે માત્ર અમૂક મોટાં શહેરોનેજ માનીતા ગણનારા અને 'કાં સાસરૂં કાં પીયર' જેવી સ્થિતિ અનુભવના સાધુઓના એકજ સ્થાનના લાંબા નિવાસો, નાનાજ વર્તુળમાં રોકાઈ રહેતા વિહારોએ અમારી એ સંસ્થાને કંઇ દિશાએ ઢસેડી રહ્યા છે એ સમજી શકાતું નથી. આજે ગામડાઓ અને અણ ખેડાએલા વિભાગો અમારા મુનિઓના અને સંતોના દર્શન અર્થે તલસી રહ્યા છે, તેમના કાનથી ધર્મના બે અક્ષર પામવાને જિજ્ઞાસા સેવી રહ્યા છે ત્યારે અમારા મહાન્ સંતોને એ તરફ મીટ માંડવાની પણ ફુરસદ નથી. એમની અરજીઓ સાંભળવાની પણ ઇચ્છા નથી. અમો અંતમાં તેમને વિનંતિ કરીશું કે આ માયા નગરીની જાળમાં ફસાવા અને એની ભભકતામાં અંજાવા કરતાં જે પ્રદેશો તમારા માટે તલસે છે અને જ્યાં તમારૂં અને જનતાનું કલ્યાણ સાધી શકાય તેમ છે, એ સ્થળે વિહાર કરવાનું મન પર લ્યો તો તમારા તરફ જનતાનો પૂજ્યભાવ વધશે અને ધ્યેય સાધી શકાશે.

—મનસુખલાલ હી. લાલન.

# કેળવણી.

લેખક—**ચીમનલાલ દ. શાહ.**

સામાન્યતઃ કેળવણીની શરૂઆત સંજ્ઞાની ઓળખથી શરૂ થાય છે. અમુક આકારને, અમુક વસ્તુને, અમુક પ્રાણીને અને અમુક અક્ષરને આ નામથી ઓળખાય છે તે રીતે બાળકને શરૂઆતમાં ઓળખાણ કરવામાં આવે છે.

ત્યાંથી આગળ વધે છે ત્યારે તે પ્રશ્ન પૂછી માહિતી ભેગી કરે છે; શબ્દોના અર્થ પૂછવા, ઇતિહાસ ભૂગોળ જાણવાં, પ્રાણીઓના જુદાં જુદાં લક્ષણો અને તેમની ટેવો જાણવી તે આ માહિતીનો સંગ્રહ છે.

ઉપરોક્ત બે પ્રકારની ચાલતી તૈયારી દરમિયાન તે જુદા જુદા પ્રસંગોના અવલોકન દ્વારા વિનય આદિ સદ્‌ગુણ મેળવે છે.

આ પ્રમાણે સંજ્ઞાની ઓળખાણ દ્વારા અને મેળવેલી માહિતી અને અનુભવ દ્વારા જે વિનય પ્રાપ્ત કરે છે ત્યાર પછી તે પોતાની માહિતી અને વિનયનો ઉપયોગ ક્યાં અને કેમ કરવો તેનું મંથન કરે છે અને તેમાંથી તેને વિવેક સાંપડે છે.

વિવેક એટલે સારા ખોટાની પારખ શક્તિ. આવી પારખ શક્તિમાંથી બાળક સાચા માર્ગે જઇ શકે છે. વિવેકનો વિપર્યાસ મળે તો તે ખોટે માર્ગે જાય છે.

આમ બાળકને જ્ઞાન આપવામાં જે ચાર વસ્તુ ભાગ ભજવે છે તેમાં સંજ્ઞાની ઓળખ, માહિતીનો સંગ્રહ, વિનય અને વિવેક એ બાળકને શુદ્ધ મળે તે માટે માતા પિતા અને વડીલ વર્ગે બાળકને આ વસ્તુઓ આપતાં ખૂબ સાવચેતીની જરૂર રહે છે. તે ઉપરાંત તે ખુબ જલ્દી ગ્રહણ કરવાની શક્તિ ધરાવતું હોવાથી તેની હાજરીમાં આપણું વર્તન પણ સાવચેતી ભર્યું રહેવું જોઇએ. આમ ન બને તો બાળકને જે શુદ્ધ સંસ્કાર પ્રાપ્ત થવા જોઇએ તે થઇ શકેજ નહિ.

આ પરથી તારતમ્ય એ નીકળે છે કે કેળવણી શુદ્ધ રાખવા માટે કેળવણીની સંસ્થાઓ કેળવણીકારના હાથમાં હોવી જોઇએ અને તે દરેક કેળવણીકારનું જીવન પણ શુદ્ધ હોવું જોઈએ. આ બાબતમાં જેટલી બેદરકારી તેટલુંજ તેનું પરિણામ વિકૃત રૂપે આપણને મળવાનું.

કેળવણી સંસ્થા જેટલી પવિત્ર બને તેટલાંજ આપણાં ઘર પણ પવિત્ર બને તે ઇષ્ટ છે; કારણ કે ઘરમાંથી પણ આપણાં બાળક અનેક પ્રકારના સંસ્કાર ગ્રહણ તો કરે છે. આમ હોવાથી કેળવણીની સંસ્થામાં આપણાં ઘરોનો પણ સમાવેશ થવો જોઇએ. અને આપણાં ઘર પણ જો કેળવણીની સંસ્થા જેટલી અગત્ય ધરાવતાં બને તો આપણે બધાયે પણ કેળવણીકાર બનવું જોઇએ.

કેળવણીકાર બનવા માટે બહુ શ્રુત બનવુંજ પડે તેમ નથી. કેળવણીકાર બનવું એટલે સદ્ચારિત્ર્યશીલ બનવું. દુનિયામાં જેટલા સદ્‌ગુણ ગણાય છે તે સદ્‌ગુણો પ્રાપ્ત કરવા અને દંભ વિનાનું જીવન જીવવું તેજ કેળવણી.

---

# સોપારા—બંદર.

આ સોપારા મુંબઇથી થોડા માઇલ દૂર ઉત્તર દિશામાં આવેલ છે, અત્યાર તો તે એક નાના ગામ તરીકે વસેલું છે, પરંતુ ભૂતકાળમાં આજથી હજારો વર્ષ પહેલા તે ગામ અલૌકિક જાહેજલાલી ભોગવતું હતું. હાલ જે સ્થાન મુંબઇ ભોગાવે છે, તેવું સ્થાન તે વખતે સોપારા (સોપારક બંદર) નું હતું. આ સોપારાની પ્રાચીનતાની શોધખોળ કરવાનું હાલમાં સરકારી શોધખોળ ખાતાંએ શરૂ કર્યું છે, જે આ સાથે 'જન્મભૂમિ' ના તા. ૨૪-૨-૩૯ ના અંકમાં પ્રસિદ્ધ થયેલા લેખને અહિં ટાંકવામાં આવ્યો છે તે ઉપરથી કેટલોક ખ્યાલ તેનો આવી શકશે.

આ લેખ અહિં છાપવાનું કારણ એ છે કે આ બંદર સાથે જૈન ઇતિહાસ પણ ગાઢો સંબંધ ધરાવે છે, અને જે ઇતિહાસની સાંકળો મળી શકે છે, તે ઉપરથી સ્પષ્ટ અનુમાની શકાય છે કે પૂર્વકાળે બૌદ્ધો અને જૈનોની જાહોજલાલીના સમયે આ બંદર અગત્યનું સ્થાન ભોગવતું હશે. આપણા શાસ્ત્રોમાં શ્રીપાલ મહારાજની કથા સર્વમાન્ય છે, તે શ્રીપાલ મહારાજાનો સબંધ થાણા સાથે હતો. અને એ કથાના બીજા નાયક ધવલ શેઠ સોપારા બંદરે પોતાના વહાણો ઉતારતા એ વાત પણ જૈન જનતામાં ઘેર ઘેર વંચાય છે. એ સોપારક બંદર બીજું કોઈ નહિ પણ હાલનું સોપારા બંદર જ હોવું જોઇએ. વળી જે સ્તૂપ ત્યાંની ટેકરી ઉપર ઉભો છે તેની રચના તથા આસપાસનો પ્રદેશ એ પૂર્વકાલીન જૈન સંસ્કૃતિને મળતાં આવે છે, તેથી જૈનોનો મોટો હિસ્સો આ બંદરની ખીલવણીમાં ભૂતકાળમાં હોવો જોઇએ એ નિર્વિવાદ છે.

**—મનસુખલાલ લાલન.**

જન્મભૂમિ તા. ૨૪-૨-૩૯ ના અંકમા લખ્યું છે કે—

હિંદના પુરાતત્ત્વ સંશોધન ખાતાં તરફથી મુંબઈ નજીક સોપારા ખાતે પ્રયોગીક ખોદકામ હાથ ધરવામાં આવ્યું છે. હાલમાં જો કે સોપારા એક નાનું સરખું ગામડું છે, પણ આજથી ૧૮૦૦ વર્ષ પર હાલના અકૌદ્યોગીક હિંદમાં મુંબઇનું જે સ્થાન છે તે સ્થાન સોપારાનું તે વખતના હીંદમાં હતું.

આજે તો સોપારામાં થોડીક નાની ટેકરીઓ, તાડનાં વૃક્ષો અને કાંઠાળ વનસ્પતી સીવાય બીજા કાંઇ અવશેષો જણાતાં નથી, પણ આ પ્રાચીન ઇતીહાસીક સ્થળ વીષે બ્રાહ્મણ યુગના સાહિત્યમાં સુરપારક તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

સોપારામાંથી અત્યાર પહેલાં પ્રાચીન અવશેષ તરીકે અશોકના શીલ્પ-ફરમાનનો એક ભાગ મળી આવ્યો હતો જે રોયલ એશીયાટીક સોસાયટીની મુંબઇની શાખામાં રાખવામાં આવ્યો છે.

આંધ્રયુગના લેખોમાં પણ સોપારા વીષે ઉલ્લેખ થયેલો જોવામાં આવે છે. જે પરથી જણાય છે કે તે વખતે એ સ્થળ વેપારનું એક મોટું મથક હતું.

દક્ષીણના સઘળા પ્રદેશોનો સઘળો માલ પશ્ચિમ ઘાટના નાના માર્ગે, હાલમાં કલ્યાણ અને વસાઇ પાસેથી વહેતી ઉલ્હાસને માર્ગે, સોપારામાં એકત્ર થતો.

# મારી (જૈન યુગ) ની આત્મકથા.

'જૈન યુગ' ની આત્મકથા તે હોઇ શકે? જૈન ધર્મના અભ્યાસી માટે એવો પ્રશ્ન જ ન સંભવે, કેમકે 'જેવું બન્યું તેવું કહું, એમાં કશું ખોટું નથી' એ તો મુદ્રાલેખ છે. વળી આ વીસમી સદીમાં 'આત્મ કથા' લખી મહાત્મા ગાંધીજીએ એનું ગૌરવપણ વધારી દીધું છે. મી. ગબડદાસ અંધારે ગબડી પડે અને પાયધુનીના મિત્રનો પલ્લો પકડે, કિંવા શ્રી 'જઇન' ને ડઝનનું ભાપુ ભરવું પડે! એ મિત્રોનો ભરમ ભાંગે, અંધારે અથડામણ મટી જાય ,તેવું કરવું એ ફરજ લેખાય. વાંચકને મુંઝાવાની જરાપણ જરૂર નથી. ગાંધી મહાત્માની કથા જેવી આ કંઇ લાંબી કથા નથી. આ તો ટુંકી ને ટચ, કથવાની અગત્ય પણ નહીં છતાં મિત્રો ધ્રુમાડાના બાચકા ભરે ત્યારે કહી નાંખવી સારી. એથી આબરૂ ઘટવાની નથીજ. મારો જન્મ માસિક રૂપે થયો. શ્વે૦ જૈન કોન્ફરન્સના મુખપત્ર તરિકેનું મને ગૌરવ પ્રાપ્ત થયું. શ્રીયુત્ મોહનલાલ દલીચંદ દેસાઇ જેવા સાક્ષરની સંપાદક તરિકેની છત્ર છાયામાં મ્હારા મહિના પસાર થવા લાગ્યા. એ વેળાનું મારૂં ગાત્ર મોટે ભાગે જુના રાસાઓ અને સાહિત્યના લેખોથી બંધાતું. મંગળાચરણનો આનંદ ઓસરી જતાં પાછળના મહિનામાં મારૂં પ્રકાશન નિયમિત ન રહ્યું. છેલ્લે છેલ્લે તો એક કરતાં વધુ વાર મારા દર્શન બે કે ત્રણ માસે થવા લાગ્યા. ચાહે તો ગાત્રના બંધારણની અરૂચિથી કે મુદત લાંબી થવાના કંટાળાથી. ગમે તે કારણે–કાર્યવાહક સભામાં એ સામે કોળાહળ પ્રગટયો. માસિક રૂપે મૃત્યુ પામી પાક્ષિક તરિકે–એજ નામે મેં નવો અવતાર ધર્યો. તંત્રી ન બદલાયા પણ એમના સાથમાં થોડા સભ્યોનો સહકાર ઉમેરાયો. અનું નામ 'જૈન યુગ પ્રકાશન સમિતિ.' રૂપ રંગ બદલાયા ગાત્રમાં ભરાતા ખોરાકે પણ નવિનતા ધારણ કરી. સાહિત્યની તો રેખા માત્ર રહી, છતાં અનિયમિતતા ન ગઇ. એ ટાળવા જતાં સંક્ષોભ ઉદ્ભવ્યો. સાક્ષર સંપાદકે સન્યાસ લીધો ને વેપારી તંત્રીના હાથમાં મારૂં જીવન આવ્યુ. સમિતિની અભિલાષા છતાં એક-ધારી નિયમિતતા ન મળી, જેના મુખપત્ર હોવાનું ગૌરવ હતું તે સંસ્થાનું નાવ પણ ઝોલે ચઢયું એટલે નવિનતાના માર્ગો અવરાયા. દરમીઆન એક પલ્ટો થયો. સ્ટેન્ડીંગ સમિતિના સભ્યોને પત્ર વિનાલવાજમે મોકલવાનો ઠરાવ થયો. પરિણામ એ આવ્યું કે ઘણા ખરા રસજ્ઞોને સભ્યના હકથી પત્ર મલ્યું, એટલે ગ્રાહકની સંખ્યામાંથી એ નામ નિયમ મુજબ કમી કરાયા. વળી પ્રચારની દ્રષ્ટિયે કેટલીક જાહેર સંસ્થાઓને પત્ર ભેટ મોકલવાનું ઠરાવાયું. છેલ્લા દોઢ વર્ષથી વર્તમાન કાર્ય-કરોના હાથમાં તંત્ર આવ્યું. જીવન કથાનો છેડો આ. એ સાથે મારી મર્યાદા પણ યાદ રાખવાની. અગ્રગણ્ય સંસ્થાનું મુખપત્ર એટલે એના ઉદ્દેશ અનુસાર જ મારી રચના થાય. સ્થાનિક મહામંત્રીઓની સુચનાઓ પણ ધ્યાનમાં લેવાની. વળી સંસ્થા તરફનું નાનુ મોટુ કે આછુ પાતળુ પ્રકાશન સંગ્રહની નજરે મ્હારામાં છપાવું જ જોઇએ. આર્થિક દ્રષ્ટિ વીસરવી ન ઘટે એટલે મારા દેહને સ્થુળ કરવો પણ ન પોષાય; અને જ્યાં પોષણનોજ પ્રશ્ન ચિંતા કરાવતો હોય ત્યાં નવા શણગાર, ને નવી સામગ્રીના તરંગો તો ઉઠે. કષાયેલી કલમને નોતરવાનું અને તાજી વાનીઓ પીરસવાનું મન તો થાય, પણ 'જો' 'તો' નો ખડક નિરખતાંજ એ ઉભરા સમાઈ જાય. હવે ગ્રાહકનો વિચાર કરીયે. દૈનિક પછી અઠવાડીક યા તો માસિકનો નંબર આવે. મુંબઇ, અમદાવાદ જેવા મોટા શહેરોમાં અહર્નિશ દૈનિક વાંચનારને અઠવાડીક પત્રો તરફ ભાગ્યેજ નજર કરવાની ઇચ્છા થાય છતાં અઠવાડીક જો વિશિષ્ટતા ધરાવતું હોયતો એ પ્રતિ રસવૃત્તિ સહજ ઢળે. એવીજ બાબત માસિકને લાગું પડે; કેમ કે એમાં સાહિત્યની નજરે લેખ સામગ્રી વિપુળ હોય છે, પણ પાક્ષિકમાં ઉપર કહી તેવા પ્રકારની વિશિષ્ટતા ન હોવાથી ગ્રાહકની સંખ્યા એ પ્રતિ વધુ ન આકર્ષાય એ સમ-જાય તેવું છે. પાક્ષિકની અગત્ય તો પ્રચાર પુરતીજ લેખી શકાય. એની સરખામણી સરકારી ગેઝેટ કે સંસ્થાઓની કાર્ય-વાહી સુચક પત્રિકા સાથે કરી શકાય.

ઉપરની વિચારમાળાના માપે માપતાં મારી ગ્રાહક સંખ્યા માટેનો સવાલ સહજ ઉકેલાઇ જશે. પ્રારંભ કાળથીજ જે ધોરણ રહ્યું છે, એમાં ભરતી કે ઓટ જેવું બન્યું જ નથી. જૈન સમાજના માનસનો જેને અભ્યાસ છે તેને એમાં અચરિજ નહીં લાગે. આજના જૈન પત્રોમાંના કેટલાકની શરૂઆ-તમાં એવીજ દશા હતી આજે જે પ્રગતિ દ્રષ્ટિગોચર થાય છે એ પાછળ કેટલોક ઇતિહાસ રહેલો છે. એ ઇતિહાસમાં ધંધા-દારી દ્રષ્ટિ, જાહેર ખબરોનો મેળ અને સ્વતંત્ર વ્યવસ્થા આદિનો સમાવેશ થાય છે. આજે સ્ટેન્ડીંગ કમિટિના

---

ખાડી ખસી જવાથી અને બંદરમાં પુરાણ થવાથી બંદ-રની વેપારી વૃત્તીઓ અટકી પડી હશે. સમીપમાં ઘણાક તળાવો છે. જે હમેશાં એ સ્થળે પ્રાચીનકાળમાં માનવ વસવાટ હોવાની પ્રતીતી આપે છે.

આ તળાવોમાં વખતો વખત પ્રાચીન યુગના દટાયલાં શીલ્પઅવશેષો મળી આવ્યા છે.

બુરૂદ રાજકોટ નામની એક નાની ટેકરી, જે પર એક વખતે બુધ્ધીસ્ટ સ્તુપ હતો તેની હાલમાં તપાસ થઇ રહી છે.

લગભગ ,૫૦ વર્ષો પહેલાં ડો૦ ભગવાનલાલ ઇંદ્રજીતે સ્તુપની મધ્યમાં ખોદકામ કરવાથી ચાંદી, સોના અને પત્થરની દાબડીઓમાં, રાખ, પત્થરના મણુકા અને બીજા કીંમતી પદાર્થો સાથે અસલ પ્રાચીન અવશેષો મળી આવ્યાં હતાં.

સ્તુપની મર્યાદા હજી સુધી ખુલ્લી થઇ ન હોતી અને હવે હિંદના પુરાતત્વ ખાતા તરફથી આ કામ ઉપાડી લેવામાં આવ્યું છે. કારણ કે એમ માનવાને કારણ રહે છે કે ખેતી-વાડીના વીકાસ તેમજ ગ્રામજનોની જરૂરીયાતો વધવાને પરીણામે ટેકરી પરથી સઘળી ઇંટો ખસેડી લેવામાં આવી છે.

જે ઇંટના ચણતરની બેડક પર સ્તુપનો ગુંબજ ઉભો હતો તેના બહારના દેખાવ વીષે શોધન ખાતું અત્યાર સુધીની પ્રવૃત્તી પરથી કાંઇક અનુમાન બાંધી શકયું છે.

અને તેથી ૧૯૦૨ માં હિંદી પુરાતત્વ સંશોધન ખાતાની પુનર્ઘટના થયા પછી અને હાથે આ પહેલીજ વાર સંશોધન માટે ખોદકામની પ્રવૃત્તી હાથ ધરવામાં આવી છે.

# ભગવાન મહાવીર અને માંસાહાર.

જૈન સમાજમાં હમણાં, "મહાવીર સ્વામીના માંસાહાર" ના પ્રશ્ને ચર્ચાના ખૂબ વમળ ઉત્પન્ન કર્યા છે. આ પ્રશ્ન આ વખતે નવો ઉપસ્થિતિ નથી થયો પણ આ પૂર્વે ઘણીએ વખત ઉત્પન્ન થયેલ છે. છેલ્લે એક દિગંબર શાસ્ત્રી અજીત કુમાર તરફથી "**श्वेतांबर मत समीक्षा**" નામક ગ્રંથ બહાર પડેલ જેમાં શ્રી ભગવતીજી તથા શ્રી આચારાંગ સૂત્રમાંથી કેટલાક વાક્યો યત્ર તત્રથી ઉપાડી લઇ તેનો મનગમતો અર્થ કરી શ્વેતાંબર સમાજને ઉતારી પાડવાનું દુઃસાહસ કર્યું હતું. પણ તે વખતે અત્યારના મુકાબલે બહુજ ઓછા જવાબ દેવાયા હતા. સ્મરણ છે ત્યાં સુધી સ્વ૦ યતિશ્રી બાલચન્દ્રજીએ એક પુસ્તક પ્રગટ કરીને તથા સ્થા૦ મુનિશ્રી રત્નચન્દ્રજી મહારાજે "**रेवतीदान समालोचना**" નામનો એક સંસ્કૃત નિબંધ લખીને જવાબ આપ્યા હતા ત્યારબાદ હમણાં આ ચર્ચા ઉપસ્થિત કરવાનું માન (!) શ્રી ગોપાલદાસ પટેલને ફાળે જાય છે "ભગવતી સાર" નામનો ગ્રંથ પ્રગટ કરીને તથા પ્રસ્થાન માસિકમાં એક લેખ લખીને તેમણે સુતેલી એવી આ ચર્ચાને પુનઃ જગાડી છે. આનંદની વાત છે કે શ્રી જૈન સત્ય પ્રકાશ માસિકદ્વારા વિદ્વાન મુનિવરો વિગેરે શ્રી પટેલને યોગ્ય પ્રત્યુત્તરો આપી રહ્યા છે. અત્રે તે સર્વના સારાંશ રૂપે આ ચર્ચાના મુદ્દાને અવલોકશું.

શ્રી ભગવતી સૂત્રના ૧૫ માં શતકમાં ગોશાલાના તેજોલેશ્યા મૂકયાના પ્રસંગ પછી પ્રભુને શરીરે દાહ થાય છે અને તેથી દસ્તમાં લોહી જાય છે. આ જાણી એક સિંહ નામના સાધુને ખૂબ રડવું આવે છે. પરિણામે પ્રભુ તેને બોલાવીને કહે છે કે-હું મરવાનો નથી પણ કેટલાક વર્ષ પર્યંત જિનપણે રહેવાનો છું તેમ છતાં રેવતીને ત્યાંથી મારા માટે કરેલ પાક ન લાવતાં બીજો પાક તેણે કરેલ છે તે લઇ આવ-આ પ્રસંગમાં ઉપરના ભાવાર્થનું મૂળ લખાણ છે. હવે આમાં વાંધા ભર્યા શબ્દો આટલા છે. (૧) બે કપોત શરીર, (૨) માર્જાર કૃત, (૩) કુકડાનું માંસ. આ શબ્દ પ્રયોગથી શ્રી પટેલે એવો અર્થ કર્યો છે કે-બે કબુતરના શરીર મારે માટે રાંધ્યા છે તે નહીં લાવતો પણ બીલાડાએ મારેલ કુકડાનું માંસ રાંધેલ છે તે લઇ આવજે. અહીં આવો અર્થ કરતાં શ્રી પટેલે પ્રમાણીક એવા ટીકાકારના શબ્દોને અવલોકયાજ નથી. અથવા જાણી જોઇને ઉવેખ્યા છે. તેમજ આ વાત ભગવાન મહાવીર જેવા અહિંસાના સાક્ષાત પ્રતિક રૂપ વ્યકિત માટે લખાઇ છે તેથી તે બંધ બેસતી છે કે નહીં તે વિચાર્યું નથી. તેમજ એ શબ્દોના આયુર્વેદના માનનિય ગ્રંથોમાં દર્શાવેલા વનસ્પતી વાચક અર્થોનો પણ વિચાર સરખો કર્યો નથી. એ અતિશય ખેદજનક છે. તેઓ આ ગ્રંથ લખતા હતા ત્યારે પણ શ્રીયુત્ કુંવરજીભાઇએ તેમને આ વિષે ચેતવણી આપી હતી પણ તેમણે તો કોઈ વાત પર ધ્યાનજ આપ્યું નથી.

માંસ શબ્દથી તેમણે માંસજ ગ્રહણ કર્યું છે પરંતુ અત્યારે પણ ફળના ગર્ભને ઘણા આયુર્વેદના ગ્રંથમાં માંસજ કહેલ છે. ફળની ઉપરની છાલને ત્વચા કહેલ છે. તેથી અહીં માંસનો અર્થ ફલનો ગર્ભજ થઈ શકે છે વળી દાહજ્વર અને લોહી પડવામાં માંસ જેવો ઉષ્ણતા વાળો પદાર્થ રોગને ઉપશમાવે કે વૃદ્ધિ કરે? એ પણ ખૂબ વિચારણીય છે. પણ એ વાતને ભારે સીફતથી શ્રી પટેલ ઉડાડી દેતાં કહે છે કે "રોગ અલૌકીક હતો તેથી તેના ઔષધનો વિચાર અસ્થાને છે"! વાહ પ્રભુ!

પૂર્વે અનેક અર્થવાળા અલંકારીક શબ્દો વપરાતા હતા એ સુવિદીત છે. તેથી આગમમાં એવા શબ્દો વપરાયા હોય તે સ્વભાવિકજ છે. વાંધા ભર્યા એ સર્વ શબ્દો વૈદકથી વનસ્પતી વાચક અને તે પણ દાહશામક ફળો વિ૦ થાય છે તે જોવા જરૂર હતી.

ઘણા અર્થો વાળા શબ્દો કે શ્લોકો પ્રસિદ્ધ છે. દા. ત.

सुवर्णस्य सुवर्णस्य सुवर्णस्य च जानकी ।
प्रेषितातव रामेण, सुवर्णस्य च मुद्रीका ॥

હે જાનકીજી, સારા રંગવાળી, સારા અક્ષરો કોતરેલી પૂર્ણ તોલવાલી એવી સોનાની મુદ્રિકા તમારા રામે મોકલી છે.

ઉપરના શ્લોકમાં **सुवर्णस्य** એ શબ્દ ચાર વખત આવ્યો છે અને તેના ચાર જુદા જુદા અર્થો થાય છે-વળી—

सरसा सालंकारा सुपदन्यासा सुवर्णमयमुर्ति ।
आर्या तथैव भार्या नलभ्यते पुण्यहिनेन ॥

અર્થાત્—રસવાલી, અલંકારીક શબ્દોવાળી, સારા ચરણવાળી, અને સારા અક્ષરોથી લખાયેલ આર્યા-ગીતી તથા સ્ત્રી પક્ષે, રસ ભરપુર, અલંકારોથી સુશોભીત, સારા પગ ભરીને ચાલનારી, અને સુંદર વર્ણ-સ્વરૂપવાન સ્ત્રી, આ બન્ને પુણ્યહિન મનુષ્યને પ્રાપ્ત થતા નથી.

---

સભ્યો તેમજ સંસ્થાઓ વિગેરેમાં થઇ લગભગ સાડાત્રણસો કોપી જાય છે. છતાં જો સંસ્થાની કાર્યવાહી જોરદાર હોય તો જરૂર એના વાજીંત્રના સૂરમાં ઝમક આવે. એની મોહકતા અવશ્ય વધી પડે. પણ ઉપેક્ષાવૃત્તિ કે કાકદ્રષ્ટિ અદ્રશ્ય થયા વિના એ સંભવિત નથી. ઉત્તરોત્તર મારી સામગ્રીનો કાંટો પ્રગતિના રાહે જતો મને દેખાય છે. નિયમિતતા, લખાણ વૈવિધ્ય, અને નવિનતાના માપે તોલન કરવાની હાકલ છે બાકી જેમની ગુંજાસ ન ગણાય એવા કાર્યકરોએ માત્ર આંતરિક ધગશથી જે ઓપ આપ્યો છે એને ઇન-મીન કે સાડે તીનથી ઓળખાવામાં આવે કિંવા ડઝનથી વિશેષવામાં આવે એ તો વ્યક્તિ ગત પ્રશ્ન લેખાય. જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ! આ તો ટોળ છે પણ કોઇ વાંચે કે ન પણ વાંચે, કોઈ રેપર ઉખાડવાની તસ્દી પણ ન લ્યે એ જોવા જાણવાનું કંઇજ પ્રયોજન નથી. નિમ્ન વચનો સધિયારા સદ્દશ માની મારૂં નાવ તો હંકાયા જાય છે આ રહ્યા એ વચનો.

આદર મળો કે ના મળો, એ માનવા ઇચ્છા નથી,
ત્યમ ફળ મળો કે ના મળો, એ જાણવા ઇચ્છા નથી;
કર્તવ્ય કરવા જન્મ આ, દિનરાત એમાં રત રહી,
કર્તવ્ય કરવું છે સહી, એ ભાવના વર્તી રહી.

આ ઉપરથી જાણી શકાય છે કે લેખકની ઉચ્ચ વિદ્વતા દર્શાવવા અનેકાર્થ વાચક શબ્દોવાળા લખાણો પૂર્વે થતાં અને થાય છે. તો પછી આગમ ગ્રંથોના ગુંથનાર પ્રજ્ઞાસિન્ધુ ભગવાન શ્રી ગણધર દેવો હતા તેમાં ચમત્કારી અને બહુ અર્થવાચક શબ્દો હોય તેમાં આશ્ચર્ય જેવું શું હોઇ શકે?

આ સિવાય અહીં ઘણી બાબતો વિચારણીય છે કે જે સર્વની શ્રી પટેલે કેવળ ઉપેક્ષાજ કરેલી છે. પ્રથમ તો રેવતી જેવી મહાન શ્રાવિકાને ત્યાં માંસને રાંધવાનું સંભવેજ કયાંથી? વળી તેને ત્યાં કુકડા જેવું હિંસક પક્ષી પણ કયાંથી હોય? યદિ માનીએ કે તેમ હોય તોપણ બીલાડાએ કુકડાને માર્યા પછી તે માંસ બચે કઇ રીતે? શું તે પોતાનો ભક્ષ છોડી દે? ગઇ કાલનું માંસ રખાય ખરૂં? બીલાડાનું એઠું (ઉચ્છીષ્ઠ) વાપરવાનો વિચાર પણ આવે? સ્થળે સ્થળે જેણે અહિંસાની ઉદ્ઘોષણા કરી છે તેવા વીર સ્વામી કે જે પોતાના શરીરમાં પણ નિસ્પૃહ છે અને જેણે છદ્મસ્થપણામાં, સંગમ દેવના ઉપસર્ગથી અશુદ્ધ આહાર (આવા પ્રકારનોજ) બની ગયેલો જાણતાં વહોરવા ગયા છતાં જેઓ તેવો અશુદ્ધ આહાર લાવ્યા વિનાજ પાછા ફરતા હતા તે અહિંસા મૂર્તિ મહાવીર આવો આહાર લાવવાની આજ્ઞા પોતાના શિષ્યને આપે ખરા કે? આ સર્વ બાબતોનો વિચાર કર્યો હોત તો આવો છબરડો ન વળ્યો હોત.

આજે જ્યારે રાજકીય ક્ષેત્રમાં પણ અહિંસા સર્વોપરી સ્થાન લઇ રહી છે ત્યારે અહિંસા મૂર્તિ શ્રી વીર પ્રભુને માંસાહારી જાહેર કરવામાં લેખક શું ફલપ્રાપ્તી કરવાના છે? આશા રાખીએ કે હજુ પણ તેઓ સમજે અને જૈન સમાજને કરેલ આ અન્યાય તેઓ પોતાના હાથેજ ભુંસી નાખે અસ્તુ.

—રાજપાળ મગનલાલ વ્હોરા.

મુંબઇ તા. ૨૫-૨-૩૯

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

## ના૦ સયાજીરાવ ગાયકવાડના સ્વર્ગવાસ બદલ શોકદર્શક ઠરાવ.

શ્રીમાન નેક નામદાર મહારાજા સર સયાજીરાવ ગાયકવાડ, જેઓએ કોન્ફરન્સના વડોદરા અધિવેશનને યશસ્વી બનાવવા અમૂલ્ય ફાળો આપ્યો હતો, જેઓએ સાહિત્યની સેવા સાથે જૈન આગમ અને ઇતિહાસ આદિના સંશોધન, પ્રકાશન માટે અનુપમ પ્રેમ દર્શાવી તેના વિકાસાર્થે પ્રયત્નો કર્યા હતા. તેઓશ્રીના સ્વર્ગવાસની નોંધ અખિલ હિંદ જૈન શ્વેતાંબર કોન્ફરન્સની કાર્યવાહી સમિતિ અત્યંત દુઃખ સાથે લે છે. અને તેઓશ્રીના આત્માને પરમ શાંતિ ઇચ્છે છે.

**નગરસાથ સંઘની સભા**—ઉપરોક્ત સંઘની સભા તા૦ ૧૯-૨-૩૯ ના રોજ નમિનાથના દહેરાસરના ઉપાશ્રયમાં મળી હતી, જે વખતે ૯૨-૯૩ ના હીસાબો તથા સરવાયાં રજુ કરવામાં આવ્યા હતા, આવક જાવકના હીસાબ પાસ કરવામાં આવ્યા પરંતુ સરવાયાંનો સંબંધ ૧૯૯૦ ની સાલ સાથે હોવાથી અને તે સંબંધમાં જુના ટ્રસ્ટીઓનો ખુલાસો ન મલવાથી ફરીથી કાગળ લખી ખુલાસો મગાવવા નિર્ણય થતાં સરવાયાં પાસ કરવામાં આવ્યાં નહતાં બાદ બીજું કામકાજ કરી મીટીંગ વિસર્જન થઇ હતી.

(અનુસંધાન પૃષ્ઠ ૩ ઉપરથી)

પત્રકારોએ આંખ મીચામણા કર્યાના દાખલા મળી આવે છે. એ સમયે જૈન સમાજ કયાં તો આજની માફક જાગ્રત નહતો કિંવા પોતાના વર્તુલ બહાર એને જોવાની-જાણવાની રૂચી પ્રગટી નહોતી. પણ આજે તે સ્થિતિ ઓસરી ગઇ છે. મુનિ સંમેલને એ દિશામાં એક સમિતિ નીમી સુંદર કાર્યારંભ કર્યો છે. એ સમિતિએ પત્રવ્યવહાર કરી આ મહત્વના સવાલ પર જનતાનું ધ્યાન ખેંચ્યું છે અને દ્રઢતાથી-મુદ્દાસર પત્ર-વ્યવહાર ચાલુ રાખ્યો છે એના પરિણામે મોડા મોડા પણ 'પ્રસ્થાન' પરિસ્થિતિ પાછળના સત્યને પિછાની શકયું છે અને સત્ય પ્રકાશના અંકમાં પ્રગટ થયેલ છે તે મુજબ મુનિશ્રી વિદ્યાવિજયજીના લેખને આગામી અંકમાં પ્રગટ કરનાર છે. એટલે સંપાદક સામે ફરિયાદ કરવાનું રહેતું નથી. એ ઉપરથી એટલી સ્પષ્ટ વાત સમજી લેવાની પત્રોના તંત્રી મહાશયોને કરવી રહે કે જો તેઓ પત્ર આમ જનતાની સેવા અર્થે કે રાષ્ટ્ર ધર્મની વિશાળ ભાવનાથી ચલાવતાં હોય તો સંપ્રદાયિકના મોહમાં કે સ્વમંતવ્યના વહેણમાં ન ખેંચાતા પ્રત્યેક વિષયને સમભાવથી નિહાળી, અવશ્ય ઘટતો ન્યાય આપે સમિતિ પણ જે રીતે જાગ્રત રહી છે અને જે ઉચિત પદ્ધતિએ કામ કરી રહી છે એ રીતે અડગતાથી કામ કર્યે જશે તો અમને ખાત્રી છે કે જૈન ધર્મને ખોટી રીતે ભ્રમોત્પાદક લખાણોથી સહન કરવું પડયું છે અને પડે છે તેનો સત્વર અંત આવશે.

## લીંબડીમાં ગુંડાશાહી અને જૈન મંદિર.

શીઆણીના જૈન મંદિર પર ગુંડાઓ હલ્લો કરવા ગયેલા પણ કમાડ ન તુટવાથી લૂંટ ન કરી શકયા એ વાત ઉઘાડી પડી ચુકી છે વળી રક્ષણઅર્થે અમદાવાદથી ચોકીદાર પણ મોકલવામાં આવ્યા છે. આ સમાચાર પરથી એક વાત જૈન સમાજે ચોકખા સ્વરૂપમાં સમજી લેવાની જરૂર છે. દેશનું વાતાવરણ આજે સંક્ષુબ્ધ છે. રાજ્યક્રાંતિના ચોઘડીયા વાગી રહ્યાં છે, અને રાજસ્થાનોનો પ્રશ્ન દહાડે દહાડે વધુ જટિલ થતો જાય છે એવા સમયે દેવમંદિરોની સલામતી માટે ખાસ પ્રબંધ શી રીતે થઇ શકે એ વિચારણીય પ્રશ્ન છે. ખર્ચાળને દેવાદાર રાજવીઓની આંખ આવા ધાર્મિક સ્થળો પર કે એની મિલ્કત પર કયારે પડશે એ કલ્પવું મુશ્કેલ છે. તેથીજ પાણી વહ્યા પૂર્વે પાળ બાંધવી જરૂરી છે ભય કાયાને નથી પણ માયાને છે એ કહેતી લક્ષમાં લઇ જેમ બને તેમ એ માયાને-વધુ પડતાં સોના ચાંદીના આભુષણોને કે હીરા મોતીની આંગીઓને સંક્ષેપી લઇ, દેવાલયો સાચા નિવૃત્તિના ધામમાં ફેરવી નાખવા. એ લૂંટવાથી ધન મળશે એવી જે માન્યતા પ્રવર્તે છે તે દૂર કરવી. આપણા પૂર્વજોની દીર્ઘ દર્શિતા તરફ દૃષ્ટિપાત કરીશું તો સહજ જણાશે કે આજની માફક તેઓ સોના ચાંદીના ખડકલા કરવા કરતાં શિષ્ટ અને કળાકૃતિમાં ધન ખરચતાં અને એમાંજ ભક્તિ માનતા તેથીજ ભયંકર વાવાઝોડા પસાર થયા છતાં આબુના ભવ્ય દેવળો આપણને જોવા મળ્યા છે આ તો ઇશારો માત્ર છે પણ જુદા જુદા સ્થળોમાં પથરાયેલા મંદિરો અને એને લગતી મિલ્કતોનો વ્યવસ્થિત પ્રબંધ કરવાની ઘડી આવી ચુકી છે એ વાત જૈન સમાજ ન ભુલે

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૨ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA."    Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રીઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમઃ—રૂપીઆ બે.    છુટક નકલઃ—દોઢ આનો.

વર્ષ જુનું ૧૨ મું. નવું ૭ મું. | તારીખ ૧૬ મી માર્ચ ૧૯૩૯. | અંક ૧૬ મો.

## આજની શમસ્યા.

તીસ કરોડ મેં સે કરોડોં લોગ બેકારી કે ઉત્તરોત્તર અધિકાધિક પતિત હો રહે હૈ, ઉનકી આત્મ-મર્યાદા નષ્ટ હો ચુકી હૈ, ઔર ઉનમેં ઇશ્વર કે પ્રતિ કોઈ શ્રદ્ધા નહીં રહ ગઇ હૈ. કલ્પના કીજીયે યહ કૈસા ભયાનક સંકટ હૈ. ઉન્હેં ઇશ્વરકા સન્દેશ સુનાનેકી હિમ્મત મૈં નહી કર સકતા........

મૈં પવિત્ર પરિશ્રમકા પેગામ લેકર હી ઇશ્વરકા સન્દેશ ઉન્હેં સુનાને જા સકતા હૂં. સવેરે મજેદાર કલેવા કરકે સુગ્રાસ ભોજન કી પ્રતીક્ષા મેં બૈઠે હુયે હમ જૈસે લોગોકે લીયે ઇશ્વરકે વિષયમેં વાર્તા વિલાસ કરના આસાન હૈ. લેકિન જિન્હેં દોનો જુન ભુખે રહના પડતા હૈ ઉનસે મેં ઇશ્વરકી ચર્ચા કૈસે કરું? ઉનકે સામને તો પરમાત્મા કેવલ દાલરોટી કેહિ રુપમેં પ્રકટ હો શકતે હૈ.

—મહાત્મા ગાંધીજી.

**ખાદી જ શા માટે?**—એનો જવાબ નિમ્ન કરુણ ચિત્રમાં સમાયો છે.

"કાંતનારીના ટોળેટોળાં અમને ઘેરી વળ્યાં. વૃદ્ધ યુવાન અને બાળક કાંતનારીઓ હતી શરીર પર મોટે ભાગે ચીથરાં પહેર્યાં હતાં; જ્યારે કેટલીકોના શરીર પર મજુરી પેટે લીધેલી ખાદીની સાડી હતી. આ ગામડાની સ્ત્રીઓમાં ફરિયાદ કરવાની શક્તિ આવી છે અને કામ માગવાનો, હક હોવાનું ભાન થયેલું છે."

'રૂ આપો, કામ આપો, મજુરી આપો' આવી બૂમો પાડતી પોતાના પેટ તરફ આંગળી ચીંધી 'ખાવું શું? એ પ્રશ્ન પુછતી હતી. વળી કહેતી કે' હે મહાજન મેં મેરે લીયે કીતના કપડા ખરીદ કરૂં? દેખ, તેરે કહેનેસે મેંને સાડી તો લીયા, અબ ખાનેકો રોક્કડ પૈસા દે દે.'

(હરીજન બંધુ, તા૦ ૧૨-૩-૩૯ માંથી)

**उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ ! दृष्टयः**
**न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥**
**—श्री सिद्धसेन दिवाकर.**

**અર્થ:**—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે. પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.


# જૈન યુગ.

તા૦ ૧૬-૩-૩૯. ગુરૂવાર.


## ત્રિપુરી કોંગ્રેસ.

આંધી ચડી જળ મારે ઉછાળા,
ભૂલ્યો સુકાની દાવ !
દયાઘન ! પાર ઉતારો નાવ.

તાપી અને નર્મદા કહેવાય છે તો બ્હેનો, છતાં ઉભયના પ્રવાહમાં જે વૈવિધ્ય રહેલું છે એના સાચા દર્શન એ બેના તીરકાંઠે મળેલા કોંગ્રેસ અધિવેશનોમાં થાય છે. મથાળે ટાંકેલ 'આંધી' હરિપુરા અને ત્રિપુરીમાં સરખો ભાગ ભજવી ગઇ; છતાં ત્રિપુરીની સ્મૃતિ કોઇ જુદીજ રીતે જળવાઇ રહેવાની. એના આગમન કાળે ભારતમાતાના એક પનોતા પુત્ર મહાત્મા ગાંધીજીએ રાજકોટમાં અનશન આદરેલું. એથી માત્ર હિંદમાંજ નહિં પણ બહારના અન્ય પ્રદેશોમાં પણ જબરો સંક્ષોભ પ્રગટેલો. બીજી બાજુ રાષ્ટ્રપતિ સુભાષબાબુ માંદગીના બિછાને પટકાઇ પડેલા; અને વર્ષો પૂર્વેથી જે પ્રથા મુજબ રાષ્ટ્રિય મહાસભાનું તંત્ર ચાલતું હતું એમાં ચુંટણી અને નવા કાર્યક્રમના નામે જબરી અવ્યવસ્થા જન્મેલી! ઉદ્દામ તત્વોની વળણુ જોતાં બાવનમી મહાસભાનું ભાવિ શું ? એ ભારત સંતાનો માટે જીવન મરણ સમો ગંભીર પ્રશ્ન બન્યો હતો. જનતાની નજર રાજકોટ અને ત્રિપુરી તરફ મીંટ માંડી રહી હતી. વાતાવરણમાં પથરાતા ઉકળાટથી. ભિન્ન ભિન્ન પક્ષે દ્વારા ચર્ચાઇ રહેલા પ્રશ્નોથી અને અધિવેશનમાં પસાર કરાવવાના રંગ બેરંગી ઠરાવોની હારમાળાથી સ્પષ્ટ જણાતું હતું કે મહાસભાનું નાવ ખરેખર ભરદરિયે ઝોલા ખાય છે એ સમયની મુંબઇ સમાચાર પત્રના અગ્રલેખની નુકતેચીની ખાસ નોંધ કરવા જેવી છે.

'મહાસભાને નામે એક પણ અવિચારી પગળું ભરાવું જોઇતું નથી કે જેથી પ્રજાની મહાસભા પરની શ્રદ્ધા ડગમગી ઉઠે એ પણ યાદ રાખવાનું છે કે મહાસભા કોઇ કોલેજ કે હાઇસ્કૂલની વાદ વિવાદ કરનારી મંડળી નથી કે જેના મંચ પરથી ભાષણ કરી મત આપ્યા પછી જવાબદારીમાંથી છૂટી શકાય છે. મહાસભા પાસે જે ઠરાવ કરાવવામાં આવે, તેનું પાલન કરાવવાનું છે અને દેશને તે માટે તૈયાર કરવાનો છે. જો મહાસભા પાસે ઠરાવ કરાવ્યા પછી તેનું પાલન કરાવવાની તાકાત નહિ હોય તો મહાસભાની પ્રતિષ્ઠા પર ફટકો પડશે તેનો વિચાર મહાસભા પાસે ઠરાવો પસાર કરાવવાની લાંબી ટિપ રજુ કરનારાઓ ભૂલી જાય છે. મહાસભા હમેશા જમાનાની સાથે રહી છે અને હવે પછી પણ તેને જમાનાની સાથેજ રાખવાની છે. તેને હાથ પકડીને ચલાવવાની છે પણ તેનો હાથ પગ ભાંગી જાય તેટલી ઝડપે તેને દોડાવવાની કે ઘસડવાની નથી તે પણ યાદ રાખવાનું છે. ઠરાવો તો અનેક મંડળો અને પરિષદો કરે છે. પણ તે કર્યા પછી તેનો અમલ કરવા કે કરાવવાની ઓછાને પડી હોય છે.'

આજે તો અનશનની કપરી પરિક્ષામાંથી ગાંધીજી ઉગરી જઇ, વિજયપ્રતિ ડગ ભરી રહ્યા છે. બાબુજી માંદગીના બિછાનેથી હજુન્ નથી ઉઠયા છતાં મહાસભાની એકક વિષમતાઓના વંટોળમાંથી સહી સલામત પાર ઉતરી છે. એનો યશ દીર્ઘદર્શી નેતાઓને ફાળે જાય છે. આર્યાવર્તની જનતાના હૃદય પુનઃ પ્રફુલ્લ બન્યા છે.

આ સર્વ ઉલ્લેખ એટલા સારૂ કરવા લલચાયા છીએ કે એ પરથી જૈન સમાજ ધારે તો સુંદર બોધપાઠ ગ્રહણ કરી શકે તેમ છે. જૈન મહાસભા યાને કોન્ફરન્સનું નાવ પણ આજે કોઇ એવાજ ખરાબે ચઢી ગયું છે. કોંગ્રેસથી ભિન્ન પ્રકારના છતાં પધ્ધતિમાં સમાન કક્ષાએ તોલાય એવા તત્ત્વો આજે એમાં પણ કામકરી રહ્યા છે. જે 'ભેજાઓ' અને જે 'વાદો' કોંગ્રેસને વળગ્યા હતા તે આ કોન્ફરન્સને પણ ચોંટેલાજ છે. એ કોઇ નવીનતા નથી. જમાનાની તાસીર છે. અગત્ય છે માત્ર દીર્ઘદર્શિતા વાપરી, ત્રિપુરી માફક નાવને પાર ઉતારવાની. જરૂર છે માત્ર સાચા હૃદયથી કામ કરવાની ધગશવાળા સુકાનીની.

ગાંધીજીએ ત્રિપુરીને એકજ સંદેશ પાઠવ્યો હતો અને તે 'અંદરનો સડો સાફ કરવાનો. વધુ બોલવા કરતાં થોડું પણ સંગીન કાર્ય કરી બતાવવાનો અને એ સારૂ મજબુત સંગઠન કરવાનો. સખત શિસ્ત પાલનનો.' એ સન્દેશ આપણે માટે-કોન્ફરન્સના કાર્યકરો સારૂ-પણ ઓછી અગત્યનો નથીજ. એ પાછળનું હાર્દ ગળે ઉતારાય તો 'જૈનં જયતિ શાસનમ્' સામે જ છે.

---

### કો. કે. પ્રચાર સ્થાનિક સમિતિ—મુંબઇ.

—આ સમિતિની એક મીટીંગ તા. ૧૧-૩-૩૯ ના રોજ રાતના ૮ વાગે કોન્ફરન્સ ઓફિસમાં મળી હતી, તે વખતે મંત્રીઓ તરફથી આખા વર્ષમાં થયેલા કામ કાજનો હેવાલ રજુ કરવામાં આવ્યો હતો જે સર્વાનુમતે પસાર થયો હતો. નવા વર્ષની યોજના માટે બીજી મીટીંગ બોલાવવાનું ઠરાવવામાં આવ્યું.

મંત્રીઓ-સ્થાનિક સમિતિ.

—યુવક પરિષદની સ્થાયી સમિતિની બેઠક અમદાવાદ મુકામે તા. ૧૯-૩-૩૯ રવીવારના રોજ મળશે. જે વખતે હિસાબ રજુ થશે તથા પ્રમુખશ્રીનું નિવેદન રજુ થશે.

# વિશિષ્ટ જિનપ્રતિમાઓ.

સામાન્ય રીતે જિનપ્રતિમાનો ઘાટ એક સરખોજ હોય છે. શ્વેતાંબર કે દિગંબર આમ્નાયની કોઇપણ પ્રતિમા જોઇશું તો તે લગભગ એકજ પ્રકારની માલુમ પડશે. આ લેખકે સિદ્ધાચળ તથા ગીરનારજી ઉપરની હજારો પ્રતિમાઓનું બારીકાઇથી અવલોકન કર્યું છે, તેમજ અન્ય ઘણા સ્થાનોમાં રહેલ જિન મૂર્તિઓને અવલોકવાનો લાભ પ્રાપ્ત થયો છે. તેમાં ફકત ત્રણ પ્રતિમાઓમાં વિશિષ્ટતા જણાયેલ છે જે આ લેખ દ્વારા વાચકોને સાદર કરૂં છું. આશા છે કે જૈન શિલ્પના જાણકારો તેમજ આ વિષયના અભ્યાસી વિદ્વાનો વધુ પ્રકાશ પાડશે.

ગત ભાદ્રપદ માસમાં અંતરીક્ષજી જવાનું બન્યું હતું. શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથજીની પ્રતિમા જમીનથી અધર અત્યારે પણ છે એ જગ જાહેર વાત છે. અંતરીક્ષ તીર્થમાં પ્રથમ વખત જતો હોવાથી એ ભવ્ય અને અદ્ભુત પ્રતિમાના દર્શનની ખૂબજ અભિલાષા હતી. મન સન્મુખ અનેક કલ્પનાઓ કરી રાખી હતી. હું ત્યાં ગયો ત્યારે દિગંબર ભાઇઓ ના પર્યુષણ ચાલતા હોઇને દિવસ રાત્રીના ચોવીસ કલાકોમાંથી એકવીસ કલાક પ્રતિમાના પૂજન આદિ માટે તેમનો હક્ક હતો. ફકત સવારના ત્રણ કલાકજ આપણો વખત હોય છે. આપણા પર્યુષણમાં પણ તેઓની માફક ૨૧ કલાક આપણા અને ત્રણ કલાક તેમના સમયના બાંધેલ છે. બાકીના વખતમાં દરરોજ ત્રણ ત્રણ કલાકના વારા બાંધેલા છે.

હું દિગંબર ભાઇઓના વખતે ત્યાં પહોંચ્યો હતો. પરંતુ ચક્ષુ ટીલા વિનાની પ્રતિમાને પૂજન કરવામાં મને કાંઈ હરકત ન હોતી. એટલી સ્નાનાદિક કરી પૂજા કરવા ગયો. શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથના એ ચમત્કારી પ્રતિમા ભોંયરામાં બિરાજે છે. એટલે ભોંયરામાં ઉતરી ઘણા વખતની દર્શનની હૃદયેચ્છાને તૃપ્ત કરી. પહેલીજ તકે પ્રતિમામાં રહેલી વિશિષ્ટતા તરફ મારૂં ધ્યાન ખેંચાયું. શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથની પ્રતિમામાં ચાલુ પ્રતિમાઓ કરતા આ જાતની નવિનતા છે.

૧ પૂર્ણ પદ્માસન નથી પણ અર્ધ પદ્માસને પ્રતિમાજી છે. અર્થાત્ ડાબો પગ નીચે છે. અને તેની ઉપર જમણો પગ ચડેલો છે.

૨ મૂર્તિના કાન, મનુષ્યની માફકના છે. અર્થાત્ પ્રચલીત પ્રતિમાઓની માફક સ્કંધ પર્યંત અડેલા નથી પણ કુદરથી હોય તેવાજ છે.

૩ છાતીમાં સર્વ પ્રતિમાઓની માફક શ્રીવત્સનું ચિન્હ નથી

૪ કપાળ ઉપરના ભાગમાં ટપકા ટપકા નથી.

આ પ્રતિમાજી રાવણના સમયના કહેવાય છે. પણ તે તો શ્રદ્ધા ગમ્ય છે. તેમ છતાં બુદ્ધિપૂર્વક વિચારીએ તો પણ એટલું તો અવશ્ય માનવું પડે તેમ છે કે આ પ્રતિમાજી ઘણાજ પ્રાચીન-ભગવાન વીર સ્વામી અથવા પાર્શ્વનાથજીના સમયના કે તેથીપણ જુના સંભવે છે. કારણ કે-અત્યારે મોટે ભાગે બહુ જુની પ્રતિમાઓ સંપ્રતિ મહારાજની મળે છે. એટલે ત્યારના પ્રતિમાના શીલ્પ અને ત્યાર પછીના તેજ પ્રમાણેના પ્રતિમાના શીલ્પ કરતાં આ પ્રતિમાનું શીલ્પ તદ્દન જુદીજ જાતનું છે. જેની મુખ્ય ચાર બાબતો ઉપર જણાવેલ છે. બાકી ખરોખ્યાલ તો એ ભવ્ય અને અદ્ભુત પ્રતિમાને અવલોકતાંજ થઇ શકે છે. શ્યામ પાષાણના એ પ્રતિમાજી પર તેવી જાતનો લેપ કરેલો છે પણ દિગંબર શ્વેતાંબરના ઝગડાને અંગે નવો લેપ વખતસર નહીં થવાથી પ્રતિમાજીમાં ઘણે સ્થાને ખાડા પડી ગયા છે એ ખૂબ દુઃખ જનક છે.

જમીનથી અધર રહેવા વિષે ખૂબ બારીક અવલોકન કર્યું. અને પરિણામે જણાયું કે પ્રતિમા જમીનથી અધર રહે છે એ તદ્દન સત્ય છે. પ્રતિમાજીનો ડાબો ઢીંચણ જમીનથી લગભગ અડધો ઈંચ ઉંચે રહે છે. જમણો ઢીંચણ સ્હેજ નીચે નમી ગયો છે, અને તેથી નીચેથી વસ્ત્ર કાઢતાં જમણા પગે એક રૂપીઆ જેટલા ભાગમાં કપડું અટકી જાય છે. અર્થાત તેટલો ભાગ જમીનને અડેલો માલુમ પડે છે. પણ એક તરફના ફક્ત તેટલા ભાગના આધાર પર ત્રણ ફુટની પ્રતિમા અધર રહી શકે તે અસંભવિતજ છે. આમ બનવાનું કારણ શું હશે તે વિષે આ તીર્થના સેવા ભવિ કાર્યકર શ્રી. હરખચંદ હીરાલાલ બાવાપુરવાલાને પુછતાં તેમણે કહ્યું કે જુના પુજારીઓ કહે છે કે છેલ્લા લેપ વખતે જમીન અને પ્રતિમા વચ્ચે લેપનો ચીકણો ભાગ ચોટી ગયો. અને તેથી એ ભાગ જમીનને અડેલો જણાય છે. મેં કહ્યું જો એમજ હોય તો શસ્ત્રથી એટલો ભાગ દૂર ન કરાવી શકાય? તેમણે પ્રત્યુત્તરમાં કહ્યું કે મારી જવાબદારીએ એ જોખમ હું કેમ ખેડી શકું? એક કરતાં બીજું થાય તો? તેને બદલે આગેવાન આચાર્યો ફરમાવે તો તેમ કરવામાં હરકત નથી. મને તેમનો આ જવાબ યોગ્ય જણાયો છે.

જેઓ એમ માને છે કે જૈનોમાં મૂર્તિ પૂજા બૌધના અનુકરણથી આવી અથવા સંપ્રતિરાજાથીજ મૂર્તિની પ્રથા શરૂ થઈ તેમણે એક વખત આ મૂર્તિના અવશ્ય દર્શન કરવા જોઇએ.

આ ભવ્ય પ્રતિમાના દર્શન પછી એમ થયું કે બહુ જુના સમયમાં પ્રતિમાઓ હશે એ તો નિશ્ચિત છેજ પણ તેનું વિધાન આ પ્રતિમા જેવું હોય તો ના નહીં. તેમ છતાં આ ટાઇપની અન્ય પ્રતિમા જોવામાં આવે તો કાંઇક વધુ નિશ્ચય બાંધી શકાય.

શ્રી અંતરીક્ષજીના દર્શન પછી થોડાજ રોજમાં સોલાપુરના દેરાસરમાં કુલ્પાકજી તીર્થમાં મૂળનાયકજી શ્રી માણિક્યપ્રભુ યાને રૂષભદેવ ભગવાનનો એક ફોટો જોયો. એ ફોટાને અવલોકતાં પણ સ્પષ્ટ પણે જણાચ્યું કે આ પ્રતિમાજી પણ અર્ધ પદ્માસને છે! આથી તે સ્થળ વિષે જાણવા વધુ જીજ્ઞાસા ઉદ્‌ભવી ઘણી ચમતકાર મિશ્રિત વાતો સાંભલી પણ ત્યાં જવાનું હમણાં તો અસંભવિત હોઇ ભાવિ ઉપર છોડયું.

ફોટામાં તો પ્રતિમાપર આંગી-મુગટ હોઇ અર્ધપદ્માસન સિવાય બીજી બાબતો જાણી શકાઇ ન હતી. એ અરસામાં કુલપાકજીમાં વર્ષો સુધી રહેલા એક ભાઇ મલી ગયા. તેમને પુછતાં તેમણે કહ્યું કે કુલપાકજી તીર્થમાં રહેલ મૂળનાયકજી આદિની સર્વ પ્રતિમાઓ અર્ધપદ્માસને જ છે. અને ઘણીજ પ્રાચીન મનાય છે.

જુની પ્રતિમાઓનું શિલ્પવિધાન આ જાતનું હશે તેની આ ફોટાથી અને એ ભાઇના સર્વ પ્રતિમાઓ તેવી હોવાના કહેવાથી વધુ ખાત્રી થઇ. અન્ય લક્ષણો વિષે પુછતાં ઝીણવટથી જોવાના અભાવે તે ભાઇએ પોતાની અજ્ઞાનતા દર્શાવી.

( અનુસંધાન પૃષ્ટ ૬ ઉપર )

# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

## ધાર્મિક પરીક્ષાઓના પરિણામ.

[ બોર્ડ દ્વારા ગત્ તા. ૨૫-૧૨-૩૮ ને રવીવારના રોજ લેવામાં આવેલી **શ્રી. સારાભાઇ મગનલાલ મોદી** પુરૂષવર્ગ અને **અ. સૌ. હીમઇબાઇ મેઘજી સોજપાળ** સ્ત્રીવર્ગ ધાર્મિક હરીફાઇની ઇનામી પરીક્ષાઓના કેટલાક ધોરણોના પરિણામે આ નીચે આપવામાં આવે છે. ]

**પુરૂષ ધોરણ ૫ વિ. ૩ અધ્યાત્મ વિષય—**

પરીક્ષકઃ-શ્રી. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ, સોલિસિટર, મુંબઇ.

| નંબર | નામ. | સેન્ટર. | માર્ક. | ઇનામ. |
|---|---|---|---|---|
| ૧ | શાંતિચંદ્ર જૈન (શાશિશેખર) | બ્યાવર | ૬૧ | રૂા. ૨૦) |
| ૨ | કાંતિલાલ વાડીલાલ વોરા | બોરસદ | ૫૨ | રૂા. ૧૦) |
| ૩ | વીરચંદ ભાઇચંદ શાહ | સુરત | ૩૭ | |

**પુરૂષ ધોરણ ૨**—પરીક્ષકઃ-શ્રી. કેશરીચંદ ચુનીલાલ બદામી, ન્યાયતીર્થ, બી. એ. એલએલ. બી. એડવોકેટ, સુરત.

| નંબર | નામ. | સેન્ટર. | માર્ક. |
|---|---|---|---|
| ૧ | સુમંતરાય અમૃતલાલ શાહ | મુંબઇ | ૪૭ |
| ૨ | અનોપચંદ ગુલેચ્છા | ઓશીયા | ૪૦ |
| ૩ | જયંતિલાલ મગનલાલ કાપડીઆ | આમોદ | ૩૯ |
| ૪ | તલકચંદ જેઠાભાઈ શાહ | ભાવનગર (દા.બો.) | ૩૯ |
| ૫ | જેસિંગલાલ છગનલાલ શાહ | અમદાવાદ | ૩૭ |
| ૬ | ધુલચંદ ગંભીરમલ ગાંધી | રતલામ | ૩૫ |
| ૭ | ચંદુલાલ વાલચંદ શાહ | ભાવનગર (દા.બો.) | ૩૩ |

**પુરૂષ ધોરણ ૧**-પરીક્ષકોઃ-શ્રી ચંદુલાલ સારાભાઇ મોદી, બી એ. અને શ્રી રતિલાલ ભીખાભાઈ શાહ, મુંબઇ.

| નંબર | નામ. | સેન્ટર. | માર્ક. | ઇનામ. |
|---|---|---|---|---|
| ૧ | પુખરાજ ખેમચંદ લલવાણી | પુના | ૭૮ | રૂા. ૧૫) |
| ૨ | શાંતિલાલ ચીમનલાલ શાહ | અમદાવાદ | ૭૪ | રૂા. ૧૦) |
| ૩ | મનસુખલાલ હેમચંદ શાહ | પાલીતાણા (સિ. બા.) | ૬૯ | રૂા. ૮) |
| ૪ | રતિલાલ કેશવજી દોશી | ,, | ૬૭ | રૂા. ૬) |
| ૫ | મણીલાલ ચીમનલાલ | પાલીતાણા ( ય. ગુ ) | ૬૨ | રૂા. ૫) |
| ૬ | જયંતિલાલ નગીનલાલ શાહ | આમોદ | ૬૦ | રૂા. ૪) |
| ૭ | નગીનલાલ ત્રિકમલાલ લખાણી | બગવાડા | ૫૯ | રૂા. ૩) |
| ૮ | જસવંતલાલ પરશોતમદાસ | અમદાવાદ | ૫૮ | રૂા. ૨॥ |
| ૯ | લક્ષ્મીચંદ હંસરાજ શાહ | પાલેજ | ૫૮ | રૂા. ૨॥ |
| ૧૦ | રમણિકલાલ જગજીવન શાહ | ભાવનગર (બા વિ.ભુ.) | ૫૭ | રૂા. ૨) |
| ૧૧ | કાંતિલાલ બેનીલાલ શાહ | જુન્નેર | ૫૬ | |
| ૧૨ | જયસિંહભાઇ મણીલાલ શાહ | પાદરા | ૫૬ | |
| ૧૩ | ગુણવંતલાલ મણીલાલ શાહ | પાલીતાણા ( ય. ગુ ) | ૫૬ | |
| ૧૪ | માણેકલાલ ત્રિભોવનદાસ ચોકશી | મુંબઇ | ૫૬ | |
| ૧૫ | ત્રંબકલાલ લક્ષ્મીચંદ અજમેરા | પાલીતાણા ( સિ. બા.) | ૫૫ | |
| ૧૬ | રતનલાલ બેનીલાલ શાહ | જુન્નેર | ૫૪ | |
| ૧૭ | અંબાલાલ પુનમચંદ શાહ | ચાણસ્મા | ૫૪ | |
| ૧૮ | સુમતિલાલ કકલભાઇ શાહ | અમદાવાદ (જૈ. મૂ. બો.) | ૫૪ | |

| નંબર | નામ. | સેન્ટર. | માર્ક. | ઇનામ. |
|---|---|---|---|---|
| ૧૯ | અમૃતલાલ ઠાકરશી | ભાવનગર (બા. વિ. ભુ.) | ૫૪ | |
| ૨૦ | સુરજમલ માવજી શાહ | પાલણપુર | ૫૪ | |
| ૨૧ | રાયચંદ ઓધવજી દોશી | પાલીતાણા ( સિ. બા. ) | ૫૩ | |
| ૨૨ | જમનાદાસ જગજીવન ગાંધી | ,, | ૫૩ | |
| ૨૩ | છોટાલાલ અભેચંદ મહેતા | ભાવનગર (દા. બો.) | ૫૩ | |
| ૨૪ | વીરચંદ કેશરીચંદ શાહ | સુરત (જૈ. વિ. આ.) | ૫૩ | |
| ૨૫ | શાંતિલાલ મગનલાલ અજમેરા | પાલીતાણા (સિ. બા.) | ૫૩ | |
| ૨૬ | જયંતિલાલ મગનલાલ શાહ | ,, | ૫૨ | |
| ૨૭ | નવીનચંદ જયંતિલાલ શાહ | ભાવનગર | ૫૨ | |
| ૨૮ | રતનલાલ મીશરીમલ ભંડારી | રતલામ | ૫૨ | |
| ૨૯ | મણીલાલ ચુનીલાલ મહેતા | સાંગલી | ૫૨ | |
| ૩૦ | ભાઇલાલ લલુભાઇ શાહ | સુરત (જૈ. વિ. આ.) | ૫૧ ૫૧ | |
| ૩૧ | પોપટલાલ કેશવજી | પાલીતાણા ( ય. ગુ. ) | ૫૧ | |
| ૩૨ | જયંતિલાલ જાદવજી મહેતા | પાલીતાણા ( સિ. બા. ) | ૫૦ | |
| ૩૩ | દલીચંદ મોહનલાલ શાહ | ભાવનગર (બા. વિ. ભુ.) | ૫૦ | |
| ૩૪ | અમૃતલાલ મણીલાલ મહેતા | અમદાવાદ (જૈ. વિ. મં.) | ૫૦ | |
| ૩૫ | સૌભાગ્યચંદ પુનમચંદ શાહ | ચાણસ્મા | ૪૮ | |
| ૩૬ | રસિકલાલ જમનાદાસ શાહ | ભાવનગર | ૪૮ | |
| ૩૭ | ચંદુલાલ રાયચંદ શાહ | વિરમગામ | ૪૮ | |
| ૩૮ | શેશમલ ચોરડીઆ | ઓશીયા | ૪૭ | |
| ૩૯ | માનચંદ વિઠલદાસ શાહ | પાલીતાણા (સિ. બા.) | ૪૭ | |
| ૪૦ | રસિકલાલ છગનલાલ | પાલીતાણા (ય. ગુ.) | ૪૭ | |
| ૪૧ | કાંતિલાલ વીઠલદાસ | ભાવનગર | ૪૭ | |
| ૪૨ | રમણિકલાલ મોતીલાલ શાહ | પાલેજ | ૪૭ | |
| ૪૩ | ગંભીરદાસ સોમચંદ શાહ | પાલીતાણા (સિ. બા.) | ૪૭ | |
| ૪૪ | શરદભાઇ કેશવલાલ શાહ | પાદરા | ૪૬ | |
| ૪૫ | રતિલાલ છગનલાલ ઘીઆ | આમોદ | ૪૬ | |
| ૪૬ | ચંપકલાલ જેકીશનદાસ શાહ | સુરત (જૈ. વિ. આ ) | ૪૬ | |
| ૪૭ | તખતમલ મીશરીમલ અગ્રવાલ | રતલામ | ૪૫ | |
| ૪૮ | મણીલાલ પુરશોતમ દોશી | સુરત (જૈ. વિ. આ ) | ૪૫ | |
| ૪૯ | નટવરલાલ છોટાલાલ શાહ | ભાવનગર | ૪૫ | |
| ૫૦ | બાપુલાલ જુહારમલ વાગમાર | રતલામ | ૪૫ | |
| ૫૧ | મગનલાલ પ્રેમજી દેશાઈ | પાલીતાણા (સિ. બા.) | ૪૪ | |

( અનુસંધાન પૃષ્ઠ ૭ ઉપર )

# આજની શાળા—સંહારચક્ર!

"ઘડિયાળમાં દશના ડંકા થયા ન હોય ત્યાં તો બાળકોને પોતાના સર્વ આનંદો છોડીને એક મહાભયને અવલોકવો પડે છે. માસ્તરની બીકે, નંબરની લાલચે અને સંગાથ ખાતર બાળકને જેમ તેમ ભોજન કરી લેવું પડે છે. એ બાળકો નથી ભોજનની લહેજત લૂટી શકતા કે નથી તૃપ્ત થઇ શકતા. ભોજન પછીનો છેલ્લો કોળિયો મોઢામાં હોય અને તેઓ દફતર ઉપાડીને શાળાઓ તરફ ભાગે છે. સ્વાસ્થ્ય અને પાચનની દૃષ્ટિએ ભોજન કર્યા પછી અમુક વિશ્રાન્તિ જોઇએ એ તો મળતીજ નથી. શાળાઓના બાંકડા પર વાંકા વળીને ગોઠવાઇ જવાનું હોય છે. લેસનની હારમાળાઓ. શુષ્ક શિક્ષણક્રમ વગેરે અપ્રિય વસ્તુઓ વચ્ચે બાળક મુંઝાતો મુંઝાતો ધપે છે. કુદરતી હાજત માટે પણ કેટલીકવાર આજ્ઞા નથી મળતી અને હાજતને દબાવી રાખવી પડે છે! પરિણામે ઘણાં દર્દો ઉભાં થાય છે. આ સિવાય માસ્તરના ક્રોધ ભર્યા નેત્રો અને સોટીના ચમકારા બાળકોના લોહીને વધવાનો અવકાશજ ક્યાંથી આપે? શિક્ષકો કેવળ પોતાના પેટ અર્થે ગુલામી કરતા હોય એની પાસેથી સ્વતંત્રતાની કે સંસ્કારની આશા કેમ રાખી શકાય? એ શિક્ષકો બાળકોના સ્વાસ્થ્ય પ્રત્યે કોઇ કાળે ધ્યાન આપે ખરા?

અને શાળાની બહાર ખુમચાવાળાઓનું ટોળું ખડુંજ હોય. ચેવડો, ચટણી, બટાટાં, બાફેલા ચણાં, મગફળી વગેરે અનેક ભયંકર વસ્તુઓ બાળકોના સ્વાસ્થ્યનો નાશ કરવા માટે હાજરજ હોય. બાળકો કંઇ એ વસ્તુઓના ગુણદોષને સમજતાજ નથી. જીભની લાલસા ખાતર ખાય છે. ભુખ લાગે ત્યારેજ ખાય છે. શોખથી પણ ખાય છે."

વૈદ્ય મોહનલાલ ધામીએ દોરેલું ઉપરનું ચિત્ર ખાસ વિચારણા માંગે છે. એ પરથી લાગ્યા સિવાય રહે તેમ નથી કે ભલે આપણા બાળકો જ્ઞાનમાં પ્રગતિ કરતાં હોય પણ દેહના સુદૃઢ બાંધામાં કે તંદુરસ્તીમાં પ્રગતિ હરગીજ કરતાં નથી. શાળાની બહાર કલ્પેલી સ્થિતિ આજે પણ મુંબઈ શહેરમાં તો બરાબર દૃષ્ટિગોચર થાય છે. એમાંથી બાબુ પી. પી. સ્કુલ કે માંગરોળ કન્યાશાળા પણ બકાતમાં નથીજ. છુટીના સમયમાં સંખ્યાબંધ વિદ્યાર્થીઓને કે નાની મોટી બાળાઓને જાત જાતના તીખા તમતમતા મસાલેદાર વસાણા ખાતી જોવામાં આવે છે ત્યારે સાચેજ આ રીતે છેડેચોક સ્વાસ્થ્યનું થઇ રહેલ લીલામ જબરો સંક્ષોભ પેદા કરે છે! એ દ્વારા ઉગતી પ્રજાના દેહમાં કેવો કચરો દાખલ થાય છે એ વિચારતાં જબરૂં દુઃખ થાય છે કેટલીકવાર તો જેમને ઘેર કંદમૂળ ભાગ્યેજ આવતાં હશે અને જેઓ પાંચ તિથિ લીલોતરી પણ નહીં ખાતાં હોય એવાઘરના સંતાનો રસ્તા પર ઉભી બટાટાની કાતરી કે કાંદાની ચટણી આદિ પર હાથ મારતા જોવાય છે ત્યારે મનમાં એકજ પ્રશ્ન ઉઠે છે કે આ જીવન ઘડતરની શાળા છે કિંવા સંસ્કારને જન્માવનારી સંસ્થા છે અથવા તો આચાર વિચાર શિખવનારી નિશાળ છે કે અધઃપતનના માર્ગે ઉગતા બાળક-બાળીકાઓને લઇ જનારૂં એકાદુ ભયંકર સ્થાન છે? ઘરના પૌષ્ટિક ખોરાક સાથે આ જાતના બજારૂ માલનો—અને એ ગમે તેવા હાથો વડે ગમે તેવી વિચિત્ર રીતે તૈયાર થયેલા અને તદ્દન હલકી કોટિના પદાર્થોમાંથી બનાવાયેલા પદાર્થોનો—જરા પણ મેળ મળે તેવું છે ખરૂં? જૈનોના વહીવટ હસ્તકની સંસ્થાઓએ આ ઘૃણોત્પાદક સ્થિતિ સુધારવા તાકીદે લક્ષ્ય આપવાની જરૂર છે. કેવલ મ્યુનીસીપલ કાનુનથી એમાં ફેર પડવાનો નથી એ પાછળ માબાપો, વ્યવસ્થાપકો અને શિક્ષકોએ ખાસ ધ્યાન આપવાનું છે. સતત્ બોધ ને દેખરેખ વિના આ ઘર કરી બેઠેલ બદી નવી પ્રજાનો પીછો છોડનાર નથીજ.

લે—ચોકસી.

# કેળવણીમાં પરિવર્તન.

વિષયોના જ્ઞાન આગળ કેળવણીનું કામ પુરૂં થતું નથી. સારી સારી શીખવવાની પદ્ધતિઓની શોધો પણ કેળવણીનું કામ પૂરૂં કરી શકતી નથી. વળી કેળવણીને વિજ્ઞાનના પાયા ઉપર મૂકવાથી કે શીખનારના માનસના જ્ઞાનના પાયા ઉપર રચવાથી તે પૂર્ણતાને પામતી નથી. કેળવણીના કામની પૂર્ણતા હંમેશ અમર્યાદિત છે. એમ છતાં જેમ જેમ મનુષ્ય જીવનના ગૂઢ રહસ્યો અને હેતુઓને સમજી તેના ઉપર મનુષ્ય વિકાસની રચના વધારે ને વધારે વ્યાપક થશે તેમ તેમ કેળવણીની ગતિ તેની સફળતાની નજીક અને નજીક જશે.

શિક્ષણ પત્રિકા અંક ૧૧/૯૫ પોષ.

આપણી કેળવણીમાં ધરમૂળનું પરિવર્તન થવું જ જોઇએ. મગજને હાથ વાટે કેળવણી અપાવી જોઇએ. હું કવિ હોત તો હાથની પાંચ આંગળીઓમાં રહેલી અદ્‌ભુત શક્તિ વિષે કવિતા લખી શકત. મગજ એ જ સર્વસ્વ છે અને હાથપગ કંઇ નથી એવું તમે શા સારૂં માનો છો? જેઓ પોતાના હાથને કેળવતા નથી, જેઓ કેળવણીની સામાન્ય 'ઘરેડ' માં થઇને પસાર થાય છે તેમનું જીવન 'સંગીત શૂન્ય' રહે છે. તેમની બધી શક્તિઓ કેળવાતી નથી. કેવળ પુસ્તકિયા જ્ઞાનમાં બાળકને એટલો રસ નથી પડતો કે એનું બધું ધ્યાન એમાં રોકાઇ રહે. મગજ ખાલી શબ્દોથી થાકી જાય છે, અને બાળકનું મન બીજે ભમવા માંડે છે. હાથ ન કરવાનું કરે છે, આંખ ન જોવાનું જુએ છે, કાન ન સાંભળવાનું સાંભળે છે; અને તેઓ અનુક્રમે જે કરવું, જોવું, ને સાંભળવું જોઇએ તે કરતાં, જોતાં ને સાંભળતાં નથી. તેમને સાચી પસંદગી કરતાં શીખવવામાં આવતું નથી, અને તેથી તેમની કેળવણી ઘણીવાર તેમનો વિનાશ કરનારી નીવડે છે. જે કેળવણી આપણને સારા નરસાનો ભેદ કરતાં, સારૂં ગ્રહણ કરતાં ને નરસું તજતાં શીખવતી નથી તે ખરી કેળવણી જ નથી.

× × × × × ×

"જેઓ આધેડ વયના થયા છે ને કંઇક ધંધો કરે છે તેમને મુખ્ય જરૂર વાંચતાં લખતાં શીખવાની છે. જન સમૂહની નિરક્ષરતા એ હિંદુસ્તાનનું પાપ છે. શરમ છે. અને તે દૂર કરવી જ જોઇએ બેશક અક્ષર જ્ઞાન પ્રચારની પ્રવૃત્તિ મૂળાક્ષરના જ્ઞાનથી શરૂ થઇને ત્યાંજ અટકવી ન જોઇએ. પણ મ્યુનિસિપાલિટીઓએ એકી સાથે બે ઘોડે સવાર થવાનો લોભ ન કરવો, નહીં તો આઘા જઇને પાછા પડવા જેવું થશે.

( અનુસંધાન પૃષ્ઠ ૩ ઉપરથી )

ત્યાર પછી ગત માહ મહીનામાં ડભોઈ જવાનું બન્યું સાંજના પાંચ વાગે વડોદરાની ટ્રેઈનમાં જવા માટે નીકળતાં અચાનક એક ભાઇની પ્રેરણાથી શ્રી લોઢણ પાર્શ્વનાથજીના મંદિરે દર્શનાર્થે ગયો. આખાં મંદિરનો પાંચેક વર્ષ પહેલા જિર્ણોદ્ધાર થઇ શ્રીમાન વિજયવલ્લભ સૂરિજીના હાથે નવેસરથી પ્રતિષ્ઠા થયેલ છે. પણ એ તો ઉપરના ભાગની વાત છે. ભોંયરામાં બિરાજતા લોઢણ પાર્શ્વનાથજીની મૂર્તિ ઘણી જુની હોઇ તેને ખસેડી શકાય તેમ ન હતું. એટલે તે પ્રતિમાજીને તેમજ રહેવા દઇને જિર્ણોદ્ધાર થયેલ છે.

ભોંયરામાં ઉતરી દર્શન કરતાં જણાયું કે આ શ્રી લોઢણ પાર્શ્વનાથજીના પ્રતિમાજી પણ અર્ધપદ્માસનવાલા છે! મારા આશ્ચર્યનો અને આનંદનો પાર ન રહ્યો. પણ વધુ નીરિક્ષણમાં પ્રતિમાજી ઉપરના ચાંદીના ખોળા (આંગી) અને મુગટ નડતા હતા. સમયના અભાવે ફરી વખત ખાસ તે અર્થે જઇ પ્રતિમાજીનું અવલોકન કરવા નક્કી કર્યું.

ઉપરના ત્રણ પ્રતિમાજીમાંથી શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ તથા શ્રી માણીક્ય પ્રભુના ફોટાઓ લેવાયા છે શ્રી લોઢણ પાર્શ્વનાથજીનો ફોટો પણ લેવાણો હોય તો ખબર નથી. તેમાં શ્રી અંતરીક્ષજીનો ફોટો સારૂ આવી શકયો નથી. કારણ કે ત્યાં ભોંયરામાં સારા પ્રમાણમાં અંધકાર હોઈ સારૂ ફોટો આવવો મુશ્કેલ છે.

શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ તથા શ્રી લોઢણ પાર્શ્વનાથ અને તે સિવાય ઘણી પ્રાચીન ગણતા શ્રી અભરા પાર્શ્વનાથજીની મૂર્તિઓના અવલોક નથી મારી એક ભ્રમણા દૂર થઇ. હું ધારતો હતો કે પાર્શ્વનાથજીની પ્રતિમા ઉપર સર્પની ફેણ હોય છે તે પ્રથા ઘણો ભાગે ૫૦૦-૭૦૦ વર્ષ પહેલાની ભરાયેલી પ્રતિમાઓથી શરૂ થયેલ હશે કારણ કે સંપ્રતિ મહારાજની ભરાવેલ પાર્શ્વનાથજીની પ્રતિમાપર ફણા પ્રાયઃ નથી જોવાયેલ પરંતુ ઉપર લખેલા ત્રણ પ્રતિમા ઉપર ફેણ જોવામાં આવી છે. તેમાં પણ શ્રી અંતરીક્ષજી પાર્શ્વનાથ ઉપરની સર્પફણા તો ખૂબજ ઘટાટોપ અને પાછળ પણ પ્રતિમાની બન્ને બાજી સર્પની આકૃતિ વળાંક લેતી મૂળ પ્રતિમા સાથે નજર પડે છે. એટલે એ રીત પ્રથમથીજ હશે એમ માનવામાં હરકત નથી.

જિનપ્રતિમા વિષે વધુ પ્રકાશ જૈન સાહિત્યના ગર્ગષક જાણતા વિદ્વાન શ્રી શાંતિલાલ છગનલાલ ઉપાધ્યાય એમ. એ. દ્વારા લખાતું તત્સંબંધી એક પુસ્તક પ્રગટ થયેથી પડશે એમ ધારૂં છું. તેમનો મેલાપ આ લેખકને હમણાંજ પાલીતાણા ખાતે થયો હતો. જ્યારે ઉપરોક્ત પ્રતિમા વિષે તેમનું ધ્યાન આ લેખકે ખેચ્યું હતું.

—રાજપાલ મગનલાલ વ્હોરા.

---

સ્ત્રીઓની નિરક્ષરતાનું કારણ પુરૂષોની પેઠે કેવળ આળસ અને જડતા નથી. તેથી વધારે મોટું કારણ તે અનાદિ કાળથી સ્ત્રીને હલકી ગણનારી સામાજિક રૂઢિ છે. પુરૂષે તેને પોતાની મદદગાર અને સહધર્મિણી બનાવવાને બદલે તેને ઘરનું વૈતરૂં કરનારી અને પોતાના ભોગવિલાસનુ સાધન બનાવી છે. તેને પરિણામે આપણા સમાજનું અર્ધું અંગ જૂઠું પડી ગયું છે. સ્ત્રીને પ્રજાની માતા કહેવામાં આવી છે એ વર્ણન સાચું છે. તેના પ્રત્યે આપણે જે મહા અન્યાય કરેલો છે તે દૂર કરવો એ આપણું તેના પ્રત્યેનું તેમજ પોતા પ્રત્યેનું કર્તવ્ય છે."

—હરીજન બંધુ, તા. ૨૬-૨-૩૯.

# સ્પષ્ટીકરણ.

શ્રી. મણિભાઈ શાહના પત્રના જવાબમાં જણાવવાનું કે અગ્રલેખનું લખાણ જુન્નરના ઠરાવને લગતું નથી પણ વડોદરા દિક્ષાના કાયદા પરની સમિતિના રીપોર્ટને લગતું છે. વળી યુવકોના માથે દોષનો ટોપલો મુકવાપણું પણ નથી. કેટલાક યુવક બંધુઓની જીદથી બનેલી વાત ચર્ચવી એમાં વાંધા જેવું શું હોઇ શકે? એનો અર્થ ન તો આખા યુવક વર્ગ પર કે ન તો આખી યુવક પ્રવૃતિ પર બંધ બેસતો કરવો જોઇએ. એ ભાઇશ્રીના વિચારોસહ સંપૂર્ણપણે મળતા થઇ શકાય એવું ન છતાં સમાજની જાણ માટે રજુ કરવાની ઇચ્છાને માન આપવું વ્યાજબી ધાર્યું છે; એની શરૂઆત નીચે પ્રમાણે—

'યુવક પ્રવૃત્તિની ધગશ અને તેના ક્રાન્તિકારક વિચારોજ સમાજમાં પ્રગતિ આણશે. આપણા સમાજની થોડા વર્ષો પહેલાંની સ્થિતિ યાદ કરો તે વખતે તમારા કે મારાથી સાધુ-ઓના ભયંકર દુષણો સામે એક શબ્દ બોલાતો નહીં. જ્ઞાતિ અને તેના આગેવાન શ્રીમંતોની જો હુકમી સામે આંગળી ચીંધાતી નહીં. ધરમાદા ખાતાઓ-જ્ઞાનશાળા-પાંજરાપોળ-દેરાસર આદિ ખાતાના વહીવટદારોના ગોટાળા સામે કાંઇ કહી શકાતું નહિ અને તેમની જો હુકમી મુંગે મોઢે આપણે સહી લેતા. આજે તમો એ સાધુ મહારાજો, એ જ્ઞાતિ અગ્રેસર શ્રીમંતો અને ધરમાદા વહીવટદારો પાસેથી તેમના કરેલા કૃત્યો માટે હિસાબ માંગી શકો છો અને તમારો વિરોધ નિર્ભય રીતે જાહેર કરી શકો છો અને તેઓને જવાબ આપવો પડે છે એ જમાના સાથની યુવક પ્રવૃત્તિનો પ્રતાપ છે.........આપના મત પ્રમાણે મંદ દેખાતી યુવક પ્રવૃત્તિ આવતી કાલે બમણા જોરથી સમાજ ઉપર થતાં અન્યાયો સામેની ક્રાન્તિકારક હીલચાલ શરૂ કરી સમાજને તેના બંધનમાંથી છોડાવશે.

શ્રીયુત્ પરમાનંદભાઇનો લાંબો પત્ર પરિવર્તનની નોંધ સંબંધમાં જૈન યુગમાં લખવામાં આવ્યું છે તેના ખુલાસા રૂપે મળ્યો છે. સ્વયંસેવક મંડળના પ્રશ્ન સબંધમાં લખાયેલા તેઓશ્રી સબંધના કેટલાક શબ્દો પરથી તેઓ એમ માનવા પ્રેરાયા છે કે એ લખાણથી તેમની વિચાર વર્તનની પ્રમાણિકતા ઉપર સીધો આક્ષેપ થાય છે. એ સબંધમાં મારે સ્પષ્ટ કહેવું જોઇએ કે તેમના વિચાર સહ અમુક અંશે મતભેદ છતાં આક્ષેપ કરવાની કે પ્રમાણિકતા માટે શંકા કરવાની મારી લેશ પણ ઇચ્છા નહોતી અને આજે પણ નથી. તેઓશ્રી જણાવે છે કે 'આજ સુધીના જાહેર જીવનમાં સત્ય અને પ્રમાણિકતાને બને તેટલું વળગી રહેવાનો મેં નિરંતર પ્રયત્ન સેવ્યો છે.' તેમના એ મંતવ્ય પ્રતિ આંગળી ચીંધવાપણું નથીજ. તેમના લખાણ પરથી સમજાય છે કે તેઓ વ્યાયામશાળાના બનાવથી પૂરા માહિતગાર ન હોય એ બનવા જોગ છે અને તેથી એ રીતે લખવા પ્રેરાયા હોય.

લે.—ચોકસી.

---

## "જૈનાચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી તરફથી સમગ્ર જૈનોને સંદેશો."

ચૈત્ર શુદ ૧ ને તા૦ ૨૨-૩-૩૮ બુધવારના દિવસે પુજ્ય ૧૦૦૮ શ્રી. બુદ્ધિવિજયજી (શ્રી. બુટેરાયજી) મહારાજનો સ્વર્ગવાસ દિવસ તેમજ પંજાબ દેશોદ્ધારક આચાર્ય શ્રી. વિજયાનંદસૂરિશ્વરજીનો જન્મ દિવસ આવે છે. તેમજ વડોદરા મુકામે ઉજવાયેલી શ્રી. આત્માનંદ જન્મશતાબ્દિનો વારસીક દિવસ છે તે દિવસ સર્વ સ્થળે ઉજવાય અને ધાર્મિક કાર્યો યોજવામાં આવે.

—પૂજ્ય આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીની આજ્ઞાથી,

—પંન્યાસ શ્રી. સમુદ્રવિજય ગણી.

( અનુસંધાન પૃષ્ટ ૪ ઉપરથી )

| નંબર | નામ. | સેન્ટર. | માર્ક | ઇનામ. |
|---|---|---|---|---|
| ૫૨ | વ્રજલાલ ચુનીલાલ કોઠારી | પાલીતાણા (સિ. બા.) | ૪૪ | |
| ૫૩ | મહિપતરાય હરજીવનદાસ | ભાવનગર | ૪૪ | |
| ૫૪ | શાંતિલાલ રતિચંદ સુરાણા | રતલામ | ૪૩ | |
| ૫૫ | દુલેરાય પ્રભુદાસ માટલીઆ | ભાવનગર | ૪૩ | |
| ૫૬ | મણીલાલ ચીમનલાલ શાહ | જુન્નેર | ૪૩ | |
| ૫૭ | ધરમચંદ દીપચંદ દેશાઇ | અમદાવાદ (જૈ. શ્વે. બો.) | ૪૩ | |
| ૫૮ | હરજી રવજી શાહ | મુંબઇ. | ૪૩ | |
| ૫૯ | અમૃતલાલ ભાઇચંદ માવાણી | રાજકોટ | ૪૨ | |
| ૬૦ | આણા નાના પાટીલ | જુન્નેર | ૪૨ | |
| ૬૧ | ધીરજલાલ અમૃતલાલ શાહ | પાલીતાણા (સિ. બા.) | ૪૨ | |
| ૬૨ | ભોગીલાલ હઠીસંગ શાહ | અમદાવાદ (જૈ. શ્વે. બો.) | ૪૧ | |
| ૬૩ | સાકરલાલ ભાઇચંદ શાહ | મુંબઇ | ૪૧ | |
| ૬૪ | શાંતિલાલ ભાઇચંદ મહેતા | પાલીતાણા (સિ. બા.) | ૪૧ | |
| ૬૫ | સુંદરલાલ ગુલાબચંદ | જુન્નેર | ૪૦ | |
| ૬૬ | ન્યાલચંદ હરખચંદ શાહ | રાજકોટ | ૪૦ | |
| ૬૭ | ચીમનલાલ દલપતભાઇ શાહ | સુરત (જૈ. વિ. આ.) | ૪૦ | |
| ૬૮ | પ્રાણલાલ લાલચંદ કામદાર | સુરત | ૩૯ | |
| ૬૯ | રમણિકલાલ હરજીવનદાસ શાહ | પાલીતાણા (સિ. બા.) | ૩૪ | |
| ૭૦ | ટોકરશી લાલજી શાહ | મુંબઇ | ૩૪ | |
| ૭૧ | શરદચંદ્ર જયંતિલાલ | ભાવનગર | ૩૪ | |

**પુરૂષ ધોરણ ૪–પરીક્ષકઃ–પંડિત ભગવાનદાસ હરખચંદ, મુંબઇ.**

| નંબર | નામ. | સેન્ટર. | માર્ક |
|---|---|---|---|
| ૧ | પરમાનંદ મોહનલાલ શાહ | પાદરા | ૩૩ |

**બાળ ધોરણ ૨ જું–પરીક્ષકઃ–શ્રી ફતેચંદ ઝવેરભાઇ શાહ, મુંબઇ**

| નંબર | નામ. | સેન્ટર. | માર્ક | ઇનામ. |
|---|---|---|---|---|
| ૧ | જવાહરલાલ છાજેડ | ભોપાલગઢ | ૧૦૦ | રૂા. ૧૦) |
| ૨ | કાંતિલાલ મણીલાલ શાહ | અમદાવાદ (જૈ. વિ. મં.) | ૯૮ | રૂા. ૭) |
| ૩ | ઝવેરચંદ કરસનદાસ મહેતા | પાલીતાણા (સિ. બા.) | ૯૮ | રૂા. ૭) |
| ૪ | ચાંદમલ પારેખ | ભોપાલગઢ | ૯૭ | રૂા. ૫) |
| ૫ | મોહનલાલ છાજેડ | ,, | ૯૬ | રૂા. ૪) |
| ૬ | પદમચંદ ઉગમચંદ ખજાનચી | ઓશીયા | ૮૯ | રૂા. ૩) |
| ૭ | ચાંદમલ રેડમલ કટારીઆ | ,, | ૮૬ | રૂા. ૨) |
| ૮ | સંચાલાલ કેશવલાલ આબડ | ચાંદવડ | ૮૬ | રૂા. ૨) |
| ૯ | સુરેન્દ્રલાલ માણેકચંદ શાહ | ,, | ૮૫ | રૂા. ૧) |
| ૧૦ | ધનરાજ નથમલ બાફણા | ,, | ૮૪ | રૂા. ૧) |
| ૧૧ | બુદ્ધિલાલ જુગરાજ છાજેડ | ,, | ૮૪ | રૂા. ૧) |
| ૧૨ | રમણીકલાલ મુલજીભાઇ | પાલીતાણા (ય. ગુ) | ૮૪ | રૂા. ૧) |
| ૧૩ | છોટાલાલ નાગરદાસ મહેતા | ઓશીયા | ૮૦ | |
| ૧૪ | પ્રકાશચંદ છુટ્ટનલાલ | ,, | ૭૬ | |

| નંબર. | નામ. | સેન્ટર. | માર્ક. | ઇનામ |
|---|---|---|---|---|
| ૧૫ | શામલજી ગુલાબચંદ મહેતા | પાલીતાણા (સિ. બા.) | ૭૫ | |
| ૧૬ | મોહનલાલ મુણોત | ભોપાલગઢ | ૭૫ | |
| ૧૭ | પોપટલાલ મણીલાલ શાહ | અમદાવાદ (જૈ. વિ. મં.) | ૭૪ | |
| ૧૮ | જયસિંહ લાલચંદ | પાલીતાણા (ય. ગુ) | ૭૩ | |
| ૧૯ | ચંદ્રકાંત તારાચંદ શાહ | ચાંદવડ | ૭૨ | |
| ૨૦ | ચંદ્રકાંત તારાચંદ | પાલીતાણા (ય. ગુ.) | ૭૧ | |
| ૨૧ | વાડીલાલ હરીલાલ શાહ | ભાવનગર (બા. વિ. ભુ) | ૬૯ | |
| ૨૨ | રસિકલાલ સુખલાલ શાહ | સુરત (જૈ. વિ. આ.) | ૬૯ | |
| ૨૩ | કાંતિલાલ મોહનલાલ ચોકસી | મુંબઇ | ૬૯ | |
| ૨૪ | સૌભાગ્યમલ હીરાચંદ | રતલામ | ૬૮ | |
| ૨૫ | મોહનલાલ પારેખ | ઓશીયા | ૬૮ | |
| ૨૬ | મંગળચંદ ગુલેચ્છા | ,, | ૬૭ | |
| ૨૭ | અમૃતલાલ હીરાચંદ શાહ | સુરત (જૈ. વિ. આ.) | ૬૬ | |
| ૨૮ | હરીલાલ ડાહ્યાભાઇ ગોહેલ | પાલીતાણા (સિ. બા.) | ૬૬ | |
| ૨૯ | સુમતિલાલ બુલાખીદાસ શાહ | પાટણ | ૬૬ | |
| ૩૦ | હીરાલાલ ન્યાલચંદ | પાલીતાણા (ય. ગુ.) | ૬૫ | |
| ૩૧ | કુંદનમલ કાંકરીઆ | ઓશીયા | ૬૫ | |
| ૩૨ | નેમચંદ કેશરીમલ દુગડ | રતલામ | ૬૪ | |
| ૩૩ | ભંવરલાલ કલ્યાણમલ વેદ | ઓશીયા | ૬૪ | |
| ૩૪ | ચીત્તરંજન નાથાલાલ કાપડીઆ | સુરત (જૈ. વિ. આ.) | ૬૩ | |
| ૩૫ | મદનચંદ ગુલેચ્છા | ઓશીયા | ૬૩ | |
| ૩૬ | મનસુખલાલ મોતીચંદ મહેતા | જુનાગઢ | ૬૩ | |
| ૩૭ | જયંતીલાલ માવજી | ભાવનગર (બા. વિ. ભુ.) | ૬૨ | |
| ૩૮ | ચંપકલાલ છોટાલાલ શાહ | સુરત (જૈ. વિ. આ.) | ૬૧ | |
| ૩૯ | ભંવરલાલ લુણાવત | ઓશીયા | ૬૦ | |
| ૪૦ | પોપટલાલ રામચંદ પારેખ | જુન્નેર | ૬૦ | |
| ૪૧ | નરસીંગદાસ મોતીલાલ | ચાંદવડ | ૬૦ | |
| ૪૨ | લક્ષ્મીલાલ તેજમલ પારેખ | ઓશીયા | ૫૯ | |
| ૪૩ | કેશવલાલ પુંજારામ શાહ | અમદાવાદ (જૈ. બો.) | ૫૮ | |
| ૪૪ | ચમનલાલ ગીરધરલાલ શાહ | દાહોદ | ૫૮ | |
| ૪૫ | રતીલાલ દેવચંદ | પાલીતાણા (ય. ગુ.) | ૫૮ | |
| ૪૬ | હીંમતલાલ ભાઇચંદ | ,, | ૫૭ | |
| ૪૭ | સકરચંદ છોટાલાલ શાહ | અમદાવાદ (ચી. ન. બો.) | ૫૭ | |
| ૪૮ | મનુભાઇ ડાહ્યાભાઇ | પાલીતાણા (ય. ગુ.) | ૫૬ | |

| નંબર | નામ. | સેન્ટર. | માર્ક. | ઇનામ. |
|---|---|---|---|---|
| ૪૯ | મણીલાલ મોહનલાલ દોશી | પાલણપુર | ૫૬ | |
| ૫૦ | સુરજમલ રેડમલ કટારીઆ | ઓશીયા | ૫૬ | |
| ૫૧ | પરમાણંદ મુલજીભાઇ | પાલીતાણા (ય. ગુ.) | ૫૫ | |
| ૫૨ | રાજમલ બાફણા | ઓશીયા | ૫૫ | |
| ૫૩ | ચંપકલાલ છગનલાલ શાહ | ભાવનગર (બા. વિ. ભુ.) | ૫૪ | |
| ૫૪ | નગીનદાસ પાનાચંદ મગનલાલ | ગોધરા | ૫૩ | |
| ૫૫ | ખીમજી કલ્યાણજી બોના | પાલીતાણા (સિ. બા.) | ૫૩ | |
| ૫૬ | પ્રવિણચંદ્ર દેવચંદ્ર | ભાવનગર | ૫૨ | |
| ૫૭ | હરખચંદ ભુતાજી શાહ | સુરત (જૈ. વિ. આ.) | ૫૨ | |
| ૫૮ | વર્ધમાન રતીચંદજી બોરાના | રતલામ | ૫૨ | |
| ૫૯ | કાંતિલાલ ગીરધરલાલ | પાલીતાણા (ય. ગુ.) | ૫૨ | |
| ૬૦ | રસિકલાલ હરજીવનદાસ | ,, | ૫૧ | |
| ૬૧ | સુજાણમલ સમરતમલ ભંડારી | રતલામ | ૫૧ | |
| ૬૨ | ધીરજલાલ વનમાળીદાસ | પાલીતાણા (ય. ગુ.) | ૫૧ | |
| ૬૩ | મફતલાલ કેશવલાલ | ,, | ૫૧ | |
| ૬૪ | મગનલાલ અમુલખ શાહ | જેતપુર | ૫૧ | |
| ૬૫ | ભંવરલાલ ચોરડીયા | ઓશીયા | ૫૦ | |
| ૬૬ | કેશવલાલ લલ્લુભાઇ | ભાવનગર (બા. વિ. ભુ.) | ૪૯ | |
| ૬૭ | શાંતિલાલ મોહનલાલ ચોકસી | મુંબઇ | ૪૯ | |
| ૬૮ | પુનમચંદ સતીદાન ઓશવાળ | ઓશીયા | ૪૯ | |
| ૬૯ | પોપટલાલ વીઠલચંદ શાહ | સાંગલી | ૪૮ | |
| ૭૦ | કાંતિલાલ ત્રીભોવનદાસ શાહ | પાલીતાણા (સિ. બા.) | ૪૮ | |
| ૭૧ | બાબુભાઇ કેશવલાલ છગનલાલ | ગોધરા | ૪૭ | |
| ૭૨ | જયંતિલાલ માણેકલાલ મોદી | સુરત (જૈ. વિ. આ.) | ૪૭ | |
| ૭૩ | ઉમેદમલ સંપતરાજ | ઓશીયા | ૪૬ | |
| ૭૪ | ભાઇચંદ રણછોડભાઈ | પાલીતાણા (ય. ગુ.) | ૪૬ | |
| ૭૫ | ભગવાનજી માવજી શાહ | પાલીતાણા (સિ. બા.) | ૪૬ | |
| ૭૬ | શાંતિલાલ પ્રભુદાસ શાહ | ભાવનગર (બા. વિ. ભુ.) | ૪૫ | |
| ૭૭ | માંગીલાલ ધોકા | સાદડી | ૪૫ | |
| ૭૮ | જયંતીલાલ તારાચંદ કોઠારી | પાલીતાણા (સિ. બા.) | ૪૪ | |
| ૭૯ | જસવંતલાલ મણીલાલ | ગોધરા | ૪૪ | |
| ૮૦ | ઉતમચંદ કે. શાહ | અમદાવાદ (જૈ. મુ. બો.) | ૪૩ | |
| ૮૧ | ભોગીલાલ ત્રીભોવનદાસ શાહ | સુરત (જૈ. વિ. આ.) | ૪૩ | |
| ૮૨ | નેમીચંદ પારેખ | ઓશીયા | ૪૨ | |
| ૮૩ | નટવરલાલ કેશવલાલ | ગોધરા | ૪૨ | |
| ૮૪ | ચીમનલાલ પુંજાલાલ શાહ | પાલેજ | ૪૨ | |
| ૮૫ | માંગીલાલ લક્ષ્મીચંદ વાગમાર | રતલામ | ૪૨ | |
| ૮૬ | જયંતીલાલ ભોગીલાલ શાહ | સુરત (જૈ. વિ. આ.) | ૪૧ | |
| ૮૭ | નગરાજ પોરવાલ | સાદડી | ૪૦ | |
| ૮૮ | હરીલાલ હરજીવનદાસ શાહ | પાલીતાણા (સિ. બા.) | ૩૯ | |
| ૮૯ | મનસુખલાલ કાંતિલાલ | ભાવનગર (બા. વિ. ભુ.) | ૩૮ | |
| ૯૦ | સૌભાગ્યમલ દાડમચંદ ચોપડા | રતલામ | ૩૮ | |
| ૯૧ | જયંતીલાલ ગોરધન શાહ | પાલીતાણા (સિ. બા.) | ૩૮ | |
| ૯૨ | પ્રેમચંદ ગુલાબચંદ શાહ | ,, | ૩૮ | |
| ૯૩ | શાંતિલાલ હીરાલાલ શાહ | દાહોદ | ૩૭ | |
| ૯૪ | જગાલાલ દલીચંદ પારેખ | જુન્નેર | ૩૫ | |
| ૯૫ | કસ્તુરચંદ ગીરધરલાલ | પાલીતાણા (ય. ગુ.) | ૩૫ | |
| ૯૬ | નગીનદાસ મોહનલાલ | ભાવનગર (બા. વિ. ભુ.) | ૩૪ | |
| ૯૭ | બાબુભાઇ બાલાભાઇ શાહ | દાહોદ | ૩૪ | |
| ૯૮ | ભોગીલાલ હીરાલાલ ગાંધી | ભાવનગર | ૩૪ | |
| ૯૯ | રમણલાલ નગીનલાલ શાહ | આમોદ | ૩૩ | |
| ૧૦૦ | પ્રભુદાસ લીલાધર સંઘવી | જેતપુર | ૩૨ | |

**સ્ત્રી ધોરણ ૩ જું**–પરીક્ષકઃ–શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી મુંબઇ

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | શાંતાબેન ખેમચંદ | ગોધરા | ૫૨ | રૂા. ૧૮) |
| ૨ | પદ્માબેન ચંદુલાલ શાહ | છાણી | ૫૦ | રૂા. ૧૪) |
| ૩ | ચંપાબેન ધુરાભાઇ શાહ | ,, | ૪૪ | |
| ૪ | સોમીબેન પુંજાલાલ | ,, | ૪૦ | |
| ૫ | મંગુબેન દલસુખભાઇ | ,, | ૩૪ | |

**સ્ત્રી ધોરણ ૨ જું**—પરીક્ષીકાઃ–શ્રીમતી મોતીકોરબેન નવલચંદ શાહ, મુંબઇ.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | મોતીકોરબેન કપુરચંદ શાહ | આમોદ | ૬૭ | રૂા. ૧૫) |
| ૨ | વિમળાબેન નગીનદાસ છગનલાલ | ગોધરા | ૬૦ | રૂા. ૧૨) |
| ૩ | કંચનબેન ચુનીલાલ મોદી | આમોદ | ૫૯ | રૂા. ૯) |
| ૪ | જશીબેન છોટાલાલ | ઊંઝા | ૫૮ | રૂા. ૬) |
| ૫ | વિમળાબેન મગનલાલ દલસુખભાઇ | ગોધરા | ૫૫ | |
| ૬ | મથુરાબાઇ મોતીલાલ શાહ | નિપાણી | ૪૭ | |
| ૭ | વિદ્યાબેન અમૃતલાલ | મુંબઇ | ૪૭ | |
| ૮ | કળાવતીબેન દલસુખભાઇ | ભરૂચ | ૪૨ | |
| ૯ | કમલાબેન ખીમચંદ | ,, | ૪૦ | |
| ૧૦ | શારદાબેન કપુરચંદ શાહ | આમોદ | ૩૫ | |
| ૧૧ | સુમિત્રાબેન ચુનીલાલ | ભરૂચ | ૩૩ | |
| ૧૨ | લીલાબેન વાડીલાલ છગનલાલ | ગોધરા | ૩૩ | |

( બીજા પરીક્ષાના પરિણામો આવતા અંકમાં )

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:—"હિંદસંઘ."—"HINDSANGHA." Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રીઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમઃ—રૂપીઆ બે. છુટક નકલઃ—દોઢ આનો.

વર્ષ જુનું ૧૨ મું. નવું ૭ મું. | તારીખ ૧ લી એપ્રીલ ૧૯૩૯. | અંક ૧૭ મો.

## વર્ધા યોજનાના—શુભ મંડાણ ટાણે.

આજે જગત સંક્રાંતીકાળના આરે આવી ઉભું છે. અમેરીકા જેવો ધનકુબેર દેશ અતી ઉત્પત્તિના અજીર્ણોથી પીડાય છે. યુરોપ આજે તેના ગત મહાયુદ્ધના પ્રત્યાઘાતી પરિણામોની અનિવાર્ય અસર નીચે દબાઇ રહેલ છે. હારેલાં રાજ્યોનાં નામોનીશાન મીટાવી દેવાની દ્રષ્ટિએ યોજાયેલા વર્સેલ્સના કરારોનો કરૂણ અંજામ આજે આપણે જોઇ રહ્યા છીએ, એટલુંજ નહી પરંતુ "બળીયાના બે ભાગ"ના સૂત્રને ન્યાય અપાતો હોય તે રીતે આજે લોકશાસનવાદી કહેવાતાં એવાં રાષ્ટ્રો ફેસીઝમ અને નાઝીવાદને સંતોષવા અને ખુશી રાખવા ખાતર એબીસીનીયા, સ્પેન, ઓસ્ટ્રીયા, ઝેકોસ્લોવેકીયા આદી બહાદુર પ્રજાઓ અને રાષ્ટ્રોની આહુતિ આપી રહ્યાં છે. સત્તાની જાગેલી ભુખને સંતોષવા માટે આ બધા માર્ગો અપૂર્ણ સાબીત થયા છે.

બળીઆઓ આગળ શીર ઝુકાવતી એવી આ કહેવાતી લોકશાસનવાદી સત્તાઓ બીજી બાજુએ પોતાની હકુમત નીચેની પ્રજાઓ અને સંસ્થાઓને પોતાના પગની એડી નીચે દબાવી રાખવા માટે માનવતાને વીસારે છે, જેના કરૂણ ભોગ તરીકે ઇજીપ્ત, પેલેસ્ટાઇન વીગેરે રાષ્ટ્રો સાથે આપણો વહાલો હિન્દ દેશ પણ આપણી નજર સામે છે. એક બાજુએ એશીયામાં જાપાન પોતાની શાહીવાદી ભુખને સંતોષવા ચીન જેવા વિશાળ રાષ્ટ્રને ભરખી જવા મથદાને પડયો છે.

આ રીતે જ્યાં સમસ્ત જગત ઉપર જડવાદ અને પશુબળનો ઉપયોગ માનવતાની માઝા મુકી છુટથી થઇ રહ્યો છે તેજ સમયે આપણા ભારતવર્ષમાં એવો એક સંત જીવી રહ્યો છે કે જેણે આપણને આધુનિક લડાયક શસ્ત્રોની નીરૂપયોગીતાનું ભાન કરાવ્યું છે અને એટલેજ તેણે આપણને જીવન મુક્તિ માટેજ ઉપયોગી ગણાતાં એવા સૂત્રોનું પાલન કરી રાજકીય સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટેનો આદેશ આપ્યો છે.

આ શસ્ત્રો સજી લેવા આપણને હાકલ કરવામાં આવી છે. છેલ્લા વીસ વર્ષથી આ દીવ્ય અવતારી મહાન સંતે પોતાના આ સિદ્ધાંતોનો અખતરો આપણી માતૃભુમિનાં પરાધીનતાનાં બંધનો તોડવા માટે સફળ રીતે કરવા માંડયો છે અને આજે આપણે આગેકુચ કરતા કરતા સ્વતંત્રતાની સાનીધ્યમાં આવી ઉભા છીએ. આ સૂત્રોને આજે મોટે ભાગે "ગાંધીવાદ" તરીકે ઓળખવામાં આવે છે.

આ ગાંધીવાદે આજે શાહીવાદ સામે ઉભા થયેલા સમાજવાદ, સામ્યવાદ આદિ અનેક વાદોને ઝાંખા પાડયા છે આ ગાંધીવાદે આપણને ઇશ્વરનો સાક્ષાત્કાર આપણા દેશબંધુ અને દરીદ્ર નારાયણોની સેવામાં હોવાનું જ્ઞાન આપ્યું છે. સાચી માનવતા તો અહિંસા, પ્રેમ, સત્ય અને સાચી કેળવણી દ્વારાજ પ્રાપ્ત થઇ શકે છે.

ભાષણ કર્તા—શ્રીયુત્ માણેકલાલ ચુનીલાલ શાહ.

# જૈન યુગ.

તા૦ ૧-૪-૩૯. શનિવાર.


## ત્રણે ફિરકાનું ઐકય.

આજનો દેશકાળ થાલીટીપીને કહે છે કે, મતફેરોને પરસ્પરની સમજુતીથી-બાંધ છોડની નીતિથી-ઓછા કરો અને એક બીજાની નજીક આવી સંગઠન વધુ સંગીનને અતૂટ બનાવો.

ઇતિહાસના અભ્યાસી માટે મતફેર એ કોઈ નવી વસ્તુ નથી તેમ એ માત્ર ભારતવર્ષમાંજ દ્રષ્ટિગોચર થાય છે એમ પણ નથી. યુરોપ જેવા સસ્કૃતિ પ્રધાનને સુધરેલા દેશમાં પણ એ જણાય છે અને ઘણું ખરૂં અન્ય બાબતો કરતાં ધાર્મિક વિષયમાં એ વધુ પ્રમાણમાં આંખે ચઢે છે.

જૈન ધર્મમાં-પરમાત્મા મહાવીર દેવને ચરમ જીન-પતિ કરિકે ત્રણે ફિરકા સ્વીકારે છે; જે કંઇ મતફેરની આંધિ ઉઠે છે કિંવા વિરોધનો વંટોળ પ્રગટે છે એ પ્રભુશ્રી મહાવીરના શાસનકાળ પછી અને તે પણ કેવલી કિંવા અગમદર્શી આચાર્યોના-ખાસ કરી ચૌદ પૂર્વધરોના સમય બાદ.

છદ્મસ્થોના હાથમાં તંત્ર આવે, પટપરંપરામાં ભિન્ન ભિન્ન શક્તિ શાળી ભેજાઓ ઉત્પન્ન થાય; અને દેશની પરિસ્થિતિ અથવા તો રાજ્યોની ઉથળ પાથળ એમાં સાથ પુરે ત્યાં મતાંતરો સહજ ઉભા થાય જ. એક ધારા તંત્રમાં સ્ખલન ઉદ્‌ભવેજ અને જો દીર્ઘદર્શી નેતાઓ પોતાની શકિતથી એ તડાને સાંધવા કાળજી ન રાખે તો સંભવ છે કે એમાં સડો પેસે અને તંત્ર દિવસાનુંદિવસ ક્ષય પામતુ એક દિન હતુ ન હતુ થઇ જાય.

જૈન ધર્મમાં અત્યારે જે વિદ્યમાન મૂખ્ય ફિરકા નજરે ચઢે છે એમાં સિદ્ધાંત ભેદ અતિન્યૂન છે; જે કંઇ મતફેરો છે એમાં ક્રિયાના અને કેટલાકતો આ વિશાળ દેશના જુદા જુદા પ્રદેશની ભિન્ન સંસ્કૃતિને આશ્રયી પડેલા છે. એનો ઇતિહાસ લાંબો છે. શરૂઆતમાં નહિં જેવું દેખાતુ અંતર આજે વધીને સમાજને જીવલેણ દર્દસ્વરૂપે પીડી રહ્યું છે અને એક સંપ્રદાય પોતાની સત્યતા પુરવાર કરવા સારૂ બીજાને એટલી હદે ઉતારી પાડવા તૈયાર થાય છે કે એમાં કોઇક વાર તો કથાનકમાં આવતાં બે સ્ત્રીયોવાળા પતિની દશા જેવી સ્થિતિનો ચિતાર ખડો થાય છે! એ મૂર્ખ સ્ત્રીયોની માફક પોતાનો હક કે પુરાતનતા સાબિત કરવા જતાં પતિરૂપી જૈન દર્શનની સનાતનતા ને ક્ષતિ પહોંચે છે. ઇતર દર્શન-સહના એના ગૌરવમાં ન્યૂનતા આવે છે એ જોવા જેટલી સભ્યતા આ એકજ પિતાના સંતાનો દાખવતા નથી. સાચેજ આ યુગમાં આ જાતનું વર્તન અતિશય દુઃખને ધૃણા પેદા કરે તેવું છે.

ઉદાર નજરે વિચારતાં કે દેશકાળ તરફ મીટ માંડતાં સહજ જણાશે કે માત્ર ભારતવર્ષજ નહિં પણ દુનિ-આનો મોટો ભાગ એક યા બીજા રૂપે મૂર્તિપૂજક છે. કોઇક બિંબનું ગૌરવ કરે છે તો કોઇ પ્રતિકૃતિના સર્જ-નમાં લયલીન બને છે. ફોટોગ્રાફીની કળાએ એમાં વર્ણનાતીત પ્રગતિ કરી છે અને બાવલા મૂકવાની રસમ જે રીતે જડ નાંખતી જાય છે એ તરફ નજર નાંખતાં કહેવુંજ પડશે કે જનતાના અતિ મોટા ભાગ સારૂ મૂર્તિનું અવલંબન કે એની ઉપાસના ઇહલોક પરલો-કના શ્રેયનું અમોઘ સાધન છે. આંગળીના ટેરવે ગણાય તેટલી સંખ્યાને બાદ મૂકતાં બાકીના ભાગ સારૂ મૂર્તિ પૂજા આવશ્યક છે એટલે પૂર્વાચાર્યોએ એ પર જે વજન મૂકયું છે તે વાસ્તવિકજ છે સ્થાનકવાસી સંપ્રદાય આ વસ્તુ સ્વચ્છ હૃદયે વિચારે તો મતફેરના એક મુખ્ય અંગનો ઉકેલ આવે તેમ છે જ્યારે આજે વિદ્યમાન ઉપાસકોના જીવન જોતાં-જે જાતનું મનોબળને દેહ રચના આવશ્યક મનાયેલી છે એ વિચારતાં-મોક્ષ પ્રાપ્તિ અશકય છે, ત્યારે કેવલી આહાર કરે કે ન કરે કિંવા સ્ત્રીનો મોક્ષ થાય કે ન થાય એ ચર્ચાથી શો લાભ છે? વળી દેશની પરિસ્થિતિનો અભ્યાસ કરતાં સહજ જણાશે કે તદ્દન વસ્ત્ર હીનતા એ ગમે તેવા શુદ્ધ ભાવની પ્રેર-ણાથી સ્વીકારવામાં આવી હોય છતાં ચાલી શકે તેમ નથી. નિશ્ચય માર્ગે સાચી હોવા છતાં એ માટેનો વહે-વાર પણ ભુલવાની જરૂર નથી. માનવ વહેવારની સભ્યતા ઉચિત પ્રકારના દેહઢાંકણમાં છે. અનેકાંત માર્ગના અનુયાયીએ કેવળ નગ્નતારૂપી એકાંત પકડવાની જરૂર નથી. એ પાછળનો ભાવ જોવાની અગત્ય છે. જો આ વાત ગળે ઉતરાય તો દિગંબર બંધુ સહના મતભેદનો ઉકેલ તો હાથ વેતમાં છે. ચક્ષુ તિલક કે પૂજાના પ્રકાર આદિ નાની મોટી કેટલીક માન્યતાઓ એ તો કરણીના ભેદરૂપે છે. એ માટે ઝગડવાનું નહોય. આજનો યુગ એ માટે સમય ફાજલ ન પાડી શકે. એની નજર સીધી ચરમ જીનપતિના જીવન પ્રતિબળે તેઓશ્રીએ જે બોધ વચનો કહ્યા અને જે આગમમાં સંગ્રહેલા તેના રહસ્યની વિચારણમાં, એનો સવિશેષ પ્રચાર થાય એવી યોજનામાં કટિબદ્ધ થાય.

શ્વેતાંબર સંપ્રદાયની દ્રષ્ટિથી નહિં પણ અત્યાર સુધીના જે સાધનો સંઘરાયેલા છે અને પાશ્ચિમાત્ય તેમજ અન્ય જૈનેતર વિદ્વાનોએ નિષ્પક્ષ રીતે એ પર જે વજન મૂકયું છે એ જોતાં શ્વે મૂર્તિપૂજક સંપ્રદાય પાસેનું આગમ સાહિત્યજ પ્રાચીન છે એ સાથે એ પણ જોવાનું છે કે વિદ્યમાન તીર્થોનો વહીવટ પણ તેનાજ હાથમાં ચાલ્યો આવે છે. સંખ્યાબંધ કેસોના ચુકાદા તેનીજ તરફેણમાં આવ્યા છે. એ બધા ઉપરથી શું એ પુરવાર નથી થતું કે પરમાત્મા મહાવીર દેવના શાસનના મુખ્ય અંગો-મૂર્તિ અને આગમ-ને સંરક્ષણ કરવામાં એણે ઠીક ભાગ ભજવ્યો છે. પિતાની કીર્તિ સાચવવામાં કે વિસ્તારવામાં જે પુત્રે ફાળો નોંધાવ્યો છે તેની સહ એજ પિતાના અન્ય સંતાનોએ લડવું જોઇએ કે વૈમન-સ્યના કારણો હોય તો તોડજોડથી સમજુતી કરી માર્ગ સરળ બનાવવો ઘટે?

# નોંધ અને ચર્ચા.

## મુંબઈની જૈન જનતાને.

દિવસે દિવસે દેરાસરના વહીવટદાર ટ્રસ્ટી સાહેબોમાંના કેટલાક, અધિકારના મદમાં આવી જઇ મરજી માફક સત્તાશાહી ચલાવે રાખે છે. એમાં જૈન ધર્મના મહાન્ સિદ્ધાંતનું ખૂન થાય છે એ પણ તેઓ જોઇ શકતા નથી. 'જઇનો સિવાય રજા વગર અંદર આવવું નહી' એવા બે બોર્ડ લાલબાગ જૈન દેરાસર પર લટકાવેલા છે અને એ સબંધમાં મુંબઈ સમાચાર તા. ૨૩-૩-૩૯ ના અંકમાં ભાઇ વાડીલાલ જેઠાલાલ શાહ તરફથી એક લેખપણ પ્રગટ થયેલ છે. એ પર ટ્રસ્ટી મહાશયોનું લક્ષ્ય તાકીદે ખેંચાય ને એ બોર્ડો ઉપાડી લેવાય તો સારૂં છે નહિં તો જૈન સમાજે જાગ્રત બની એ સામે સખત આંદોલન ખડુ કરવું જોઇએ. એક તરફ જૈન દર્શન કહે છે કે સમુદ્રમાં જૈન મૂર્તિના આકારના માછલા થાય છે એમને જોઇને આત્માઓ સમ્યક્ત્વ પામે છે ત્યારે બીજી તરફ આ ધર્મસ્થાનોના ઠેકેદારો એ પ્રભુની મૂર્તિના દર્શનનો પણ જૈનેતરો માટે અવરોધ કરે છે! મુંબઇના બીજા દેવાલયોમાં પણ આવી અટકાયટ નથી. હીંદુઓને જૈનો પરસ્પર છુટથી એક બીજાના દેવળોમાં જઇ શકે છે. વળી આજનો દેશકાળ જોતાં આ જાતની અટકાયટ બિલકુલ લાજીમ નથી. વીતરાગ સરખા દેવના દર્શનથી આત્માને નિતાંત લાભજ થવાનો છે પછી ચાહેતો તે જૈન હોય કે જૈનેતર હોય. આવી જાતનો ભેદ પાડી એક નવો કળહ ખડો કરવો કે મર્યાદાહીન સંકુચિત મનોદશા પ્રગટ કરવી એ વહીવટના સૂત્ર ધરનારને શોભતું ને છાજતું પણ નથી. લાલબાગના ટ્રસ્ટીઓ સત્તાની આંધિમાં ચઢયા જણાય છે. વ્યાયામ શાળા સબંધમાં તેઓએ જે વળણ દાખવી છે, પ્રતિષ્ઠા વેળા પણ અમુક પંજાબી ભાઇઓને મંદિરમાં જતા રોકેલા અને આ પ્રશ્ન ઉપસ્થિત કરવામાં પણ ઉતાવળ કરી છે એ જોતાં તેમના હાથે સત્વર ભૂલ સુધરવાની આશા ઓછી રહે છે. પ્રભુ તેમને સન્મતિ આપે ને વાત ગંભીર રૂપ ન પકડે, પણ જો પૂર્વના બનાવ માફક આમાં પણ મૌનસેવાય ને સત્તાશાહી ચાલુ જ રહે તો મુંબઇની જૈન જનતાને આગ્રહ છે કે તે સંગઠિત થઇ આ સામે પડકાર આપે.

## નવા જિનાલયો.

જે સ્થાનોમાં પૂજકોની સંખ્યા મોજુદ હોય, અગર ઉપદેશદ્વારા તૈયાર થઇ હોય ત્યાં વીતરાગના દેવસ્થાનની આવશ્યકતા માટે બેમત હોઇ શકેજ નહીં. ધર્મભાવના ટકાવી રાખવા અને ઉપાસકોમાં એ દ્વારા, પૂજન, સ્તવન આદિ વિધિ-વિધાનો વડે એ સતત નવ પલ્લવિત રહે, એમાં દિન પ્રતિદિન વૃદ્ધિ થતી રહે. એ અર્થે એવા સ્થાનોમાં નવિન જીનમંદિરો ઉભા કરવા-એના સર્જનમાં કળા અને શિલ્પનો ઓપ આપવો એ આજનો યુગધર્મ લેખાય. જે જે અણખેડાયલા પ્રદેશોમાં અગર તો લાંબા સમયથી જે પ્રદેશોમાં જૈન ધર્મનું અસ્તિત્વ ભુંસાઇ ગયું છે એવા સ્થાનોમાં જ્યારે ત્યાગી સંતોના ઉપદેશથી પુનઃ એની જડ જામતી હોય ત્યાં પૈસા ખરચી જિનાલયો અવશ્ય ઉભા કરવા જોઇએ. એ માર્ગે કામ કરી રહેલ સાધુ મહાત્માઓને અને એમાં સહકાર અર્પતી સંસ્થાઓને હાર્દિક અભિનંદન ઘટે. બડોત અને મુજફ્ફર નગરની પ્રતિષ્ઠાઓનો જે હેવાલ પ્રસિદ્ધ થયો છે એ પરથી જોઇ શકાય છે કે એ કાર્ય વર્તમાન યુગ સાથે બંધ બેસતું થયેલ છે અને આનંદજનકને ઉલ્લાસ પ્રેરક વસ્તુતો એ છે કે એમાં માત્ર જૈનોએ જ નહીં પણ જૈનેતરોએ પણ ભાગ લીધો છે. અગ્રવાલ, પલ્લીવાલ આદિ જાતિઓમાં વિચરી જૈન ધર્મના સંસ્કારની નવેસરથી પ્રાણપ્રતિષ્ઠા કરવાનું જે સુંદર કાર્ય ચાલી રહ્યું છે એ વધુ જોરથી આગળ વધે અને જ્યાં જ્યાં અગત્ય જણાય ત્યાં વિના વિલંબે અરિહંત દેવના મંદિર ઉભા થાય, એ માટે શક્તિ સંપન્નોના ધન ખરચાય એ આ નોંધનો પ્રધાન સુર છે.

## સુતી સંસ્થાઓ જાગ્રત થાય.

જૈન સમાજમાં ઇતર સમાજની દ્રષ્ટિયે જે ખાસ વસ્તુ ઉડીને આંખે ચઢે છે તે સંસ્થાઓના જલ્દી ઉદ્ભવની! આંખના પલકારામાં વિવિધ વર્ણી-વિચિત્ર નામોવાળી સંસ્થાના સર્જન થઈ જાય છે. આરંભે શૂરત્વ દ્રષ્ટિગોચર થાય છે પણ જ્યાં એ ઉપર વર્ષોના વહાણા વાય છે કિંવા કાળના વાયરા વીંઝાય છે ત્યાં શિથિલતારૂપી ડાકિની ઘર ઘાલે છે અને સંસ્થાને ધીમો છતાં જીવલેણ ક્ષય લાગુ પડે છે. આખરી અંજામ સર્વ નાશમાં આવે છે! કંદાચચ શંકા ઉદ્ભવે કે આટલા વિશાલ જૈન સમાજમાં સંસ્થાના મૃત્યુ કાર્યકરોના અભાવે નહીં થતાં હોય પણ કેવલ પોષણના સાધનની તંગાસથી કે પુરતા પ્રમાણમાં ધન મળવાના અભાવથી થતાં હશે? એના સમાધાનમાં બેધડક કહી શકાય કે એવો દાખલો અપવાદરૂપે જડી આવે બાકી ધોરી માર્ગ તો કાર્યવાહકોના અભાવે સંસ્થા બંધ પડવાના, કિંવા મૂઠીભર કાર્ય કર્તાઓની હોંસાતોંસીમાં કે કાર્યક્રમની દેવાળીયા વૃત્તિમાં શૈથિલ્ય ઘર કરી જવાના બનાવોથી ભરપુર છે. આજે એક સમયની જબ્બર ને પ્રતિભાશાળી સંસ્થા 'જૈન એસોસીએશન ઓફ ઇન્ડીયાની' શી દશા છે? સાંભળવા મુજબ એની હસ્તક લગભગ પચાશ હજારનું ફંડ છે. એ સંસ્થાનો ભૂતકાળ ગૌરવશાળી કાર્યોની હારમાળાથી ભર્યો છે છતાં આજે એના અસ્તિત્વની યાદી આપતાં એક બોર્ડ સિવાય ભાગ્યેજ બીજું કંઇ સંભળાય છે? પ્રમુખ કે મંત્રી પદના મોભાદાર નામો પ્રત્યે પૂર્ણ બહુમાન દાખવીને પણ કહેવું જોઇએ કે સંસ્થા જો કાર્યક્ષેત્રમાંથી ખસી જઈ કેવળ શોભાના પુતળામાં પરિણમે તો એની ભૂતકાળિન પ્રશસ્તિ ગમે તેવી ચારૂ હોય છતાં એનું વર્તમાનમાં કંઇજ મૂલ્ય રહેતું નથી; અને એ જાતના શોચજનક મૂલ્યાંકનમાં નિમિત્તભૂત કાર્યકરોજ થાય છે એટલે પહેલી તકે તેઓએ જાગ્રત બની દેશકાળ ઓળખવાની જરૂર છે. ઉપર વર્ણવી તેવી સારી રકમ કયાં તો સંસ્થાને પુનઃ કાર્ય કરતી બનાવી, નવેસરથી એના રેખાંકન દોરી ઉપયોગમાં લેવાની અગર તો એના જેવાજ આશયવાળી કામ કરતી અન્ય સંસ્થાને એ રકમ સોંપી, યોગ્ય શરત કરી, સદર રકમ જૈન સમાજના શ્રેયમાં કેમ કાર્યગત થાય અને એ રકમ આપનારાના મનોરથ કેમ સફળતાને વરે એવી યોજના કરવાની તાકીદે અગત્ય છે. કેટલીક સંસ્થાઓના સુષુપ્તિ ઇતિહાસો એવા કરૂણા જનક છે કે સમાજના મોટા ભાગનો એ પ્રત્યેથી સ્નેહ ઓગળતો જાય છે એમાં આ સંસ્થા એકનો વધારો ન કરે એ અભ્યર્થના.

# પ્રભુ શ્રી મહાવીર સ્વામીની જન્મ જયંતિ.

### જૈન સમાજની ઐકયતાના માર્ગે કૂચ કદમ.

## નામદાર બી. જી. ખેર અને એ. બી. લઠ્ઠેની હાકલ.

### અહિંસા, સત્ય આદિના સિદ્ધાંતો ઉપર વેધક પ્રકાશ.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, શ્રી દિગંબર જૈન તીર્થ ક્ષેત્ર કમિટિ અને શ્રી સ્થા. જૈન શ્વેતાંબર કોન્ફરન્સના સંયુક્ત આશ્રય હેઠળ સમગ્ર જૈનોની એક વિરાટ સભા રવિવાર તા. ૨-૪-૩૯ ના રોજ રાતના હીરાબાગના હૉલમાં ચરમ તીર્થપતિ ભગવાન શ્રી મહાવીરની જન્મ જયંતિ ઉજવવા એકત્ર થઇ હતી જેમાં જૈનો સિવાય જૈનેતરોની પણ ઘણી સારી હાજરી હતી.

પ્રારંભમાં શ્રી શંકુતલા કાંતિલાલ કન્યાશાળાની બાળાઓએ પ્રાર્થનાગીત ગાયા બાદ **શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆએ** મુંબઇ સરકારના વડા પ્રધાન નામદાર બાલ ગંગાધર ખેર સાહેબને પ્રમુખસ્થાન આપવા માટે વિધિસરની દરખાસ્ત રજુ કરતાં પ્રભુ મહાવીરના અહિંસાના સિદ્ધાંતને આ યુગમાં મહાત્મા ગાંધીજીએ અને કોંગ્રેસ સરકારે જે રીતે અપનાવેલ છે તે દ્રષ્ટિએ આપણા વડા પ્રધાનની આ સમારંભના પ્રમુખસ્થાને પસંદગી આવશ્યક ગણાવી હતી. **શ્રી રતનચંદ ચુનીલાલ જરીવાલાએ** તેને ટેકો આપ્યા બાદ ના. વડા પ્રધાન શ્રીયુત ખેરસાહેબે પ્રમુખસ્થાન ગ્રહણ કર્યું હતું.

## અહિંસાનો દિવ્ય સંદેશ.

પ્રમુખ **શ્રી બી. જી. ખેરે** ભાષણ કરતાં જણાવ્યું કે લગભગ અઢી હજાર વર્ષ પૂર્વે હિન્દની પુણ્ય ભૂમિમાં અવતરેલા ભગવાન શ્રી મહાવીરના જીવનનો તેજસ્વી સાર ઝીલવાને આપણે એકત્ર થયા છીએ. આવી સભાના પ્રમુખ બનવાનું મને જે માન મલ્યું છે તેથી હું મારા જીવનને ધન્ય સમજું છું.

ભારતભૂમિની વિશેષતા એ છે કે તે પુરાતન કાળથીજ ધન અને સંપત્તિ કરતાં જ્ઞાન અને ચારિત્રને વધુ મહત્વ આપે છે. ભગવાન મહાવીરે જે વખતે અવતાર લીધેલો તે વખતે દેશભરમાં ધર્મને નામે પ્રબળ હિંસા, યજ્ઞ અને દુરાચારનો દાવાનળ સળગી ઉઠેલો હતો. તેને બુઝાવવા એક સમર્થ પુરૂષની જરૂર હતી. એવે સમયે ભગવત ગીતામાં કહ્યું છે તદનુસાર **यदा यदा हि धर्मस्य**. ભગવાન મહાવીર જન્મ્યા. અને તેમણે જગતને સુખી બનાવવા માટે અહિંસાનો મુખ્ય સંદેશો ફેલાવ્યો. એ વખતે જૈન ધર્મ વિશ્વમાં પ્રસરેલો હતો.

આજે આપણે ધર્મના નામે ખૂન, હત્યાઓ કરીએ છીએ તેમાં ધર્મનું રહસ્ય જળવાતું નથી. આજના પવિત્ર દિવસે આપણું કર્તવ્ય ધર્મ સ્થાપકોનો યુગ સંદેશો જીવનમાં ઉતારવાનું હોવું જોઇએ. પણ આપણી કમનસીબી છે કે આપણે ખરા ધર્મનો અભ્યાસ, વિચાર, પ્રચાર કે આચાર કરતા નથી આજે જૈનોતરો તો શું પણ કેટલાયે જૈન કોલેજીયનોને જૈન ધર્મ વિષે પુછવામાં આવે તો તેમની અજ્ઞાનતા જણાઇ આવશે.

આજે મહાત્મા ગાંધીજીના અહિંસાના સિદ્ધાંતને કેટલાકો હસી કાઢે છે. મહાત્માજીએ પોતાનું અમૂલ્ય જીવન અહિંસાના સિદ્ધાંતના પરિપાલન, પ્રચારમાં ગાળ્યું છે તેઓ તો આજે ચેમ્બરલેન અને હીટલરને પણ એજ સંદેશો આપે છે. આજે જગતપર અહિંસાનો પ્રકાશ પથરાય એમ આપણે સૌ ઇચ્છીએ.

## નામદાર એ. બી. લઠ્ઠે.

નામદાર અર્થ સચીવ શ્રી અણ્ણા બબાજી લઠ્ઠેએ ભાષણ કરતાં જણાવ્યું કે આજે ભગવાન મહાવીર સ્વામીના સ્મરણાર્થે અહીં શ્વેતાંબર, દિગંબર અને સ્થાનકવાસી એકત્ર થયા છીએ તેથી મને પારાવાર આનંદ થાય છે. રમુજમાં તેઓશ્રીએ જણાવ્યું કે-મહાવીર સ્વામી સર્વજ્ઞ હતા તે વખતે તેઓશ્રીએ ભાગ્યેજ કલ્પ્યું હશે કે મારા પછી જૈન ધર્મના અનુયાયીઓ ત્રણ ફીરકામાં વ્હેંચાઇ ઝગડાઓ કરશે. (હસાહસ.) અંદર અંદરના ઝગડાથી આપણી શક્તિ નષ્ટ થઇ છે. અને આપણે માત્ર બાહ્યાચાર પુરતાંજ જૈન રહ્યા છીએ. ત્રણે ફીરકાઓના સંગઠનમાંજ જૈન ધર્મની ખરી સેવા રહેલી હું માનું છું. આજે એક મહાત્માજી એકલાજ જગતને અહિંસા ધર્મનો દિવ્ય સંદેશો શીખવી રહ્યા છે. તો બાર-તેર લાખ ખરા જૈનો જો હોય તો તેઓ શું ન કરી શકે?

ધર્મના નામે કરોડો રૂપીયા ખરચાય છે પણ ધર્મ પ્રચાર માટે કંઇ પણ દરકાર સેવાતી નથી. જૈન ગ્રંથોની આપણે પૂજા કરીએ છીએ પણ અભ્યાસ કરતા નથી. સોનારૂપાના કબાટોથી ગ્રંથોને શણગારવાની જેટલી ઉત્કંઠા આપણે સેવીએ છીએ તેટલી જો તે ગ્રંથોના અભ્યાસ, મનન કે તેના સિદ્ધાંતોના આચરણ માટ સેવીએ તો સમાજની સ્થિતિ ઘણીજ બદલાઇ એક ઉન્નત સમાજની કોટિએ આવી શકે. આ હું ટીકાના રૂપમાં નથી કહેતો પણ આપણા અભ્યુદયાર્થે આ વાતને મેં આવશ્યક ગણીને કહી છે.

જૈન ધર્મ અનેકાંત ધર્મ છે. તેમાં ઝગડાઓનું તો નામ નીશાન ન હોવું જોઇએ. અનેક ઝગડાઓ પાછળ વકીલ બેરીસ્ટરોના ફાલે કરોડો રૂપીયા જાય છે. મહાવીરના સાચા પુત્રો આવી રીતે આપસ આપસમાં લડી જૈન ધર્મને અવનતિના માર્ગે ઘસડી જાય એ દુઃખજનક છે. આજના શુભ અવસર પર બધાએ નિશ્ચય કરવો જોઇએ કે **गतंन शोचामी** ના ન્યાયે હવે પછી જગતને જૈન બનાવવા માટે એકદીલથી કોશીશ કરીને જૈન ધર્મના જ્વલંત સિદ્ધાંતોનો વિજય વાવટો ફરકાવો જોઇએ.

## મોક્ષ-અંતિમ ધ્યેય.

શ્રી **ચીમનલાલ ચકુભાઈ શાહ** સોલિસિટરે પોતાના વકતવ્યમાં બધા ધર્મોના અંતિમ સાધ્ય તરીકે મોક્ષ જણાવી તેની સાધનાના માર્ગો લગભગ એકસરખી પંક્તિના હોવાનું

(અનુસંધાન પૃષ્ટ ૧૦ ઉપર.)

# શ્રી કોન્ફરન્સ કેલવણીપ્રચાર સ્થાનિક સમિતિઓને જરૂરી માર્ગદર્શન.

ગત વર્ષમાં સ્થપાયેલ અને કામ કરતી શ્રી કો. કે. પ્રચાર સ્થાનિક સમિતિઓના કાર્ય નિરીક્ષણાર્થે અત્રેથી કેન્દ્રસ્થ સમિતિએ નિરીક્ષક શ્રી રાજપાળ મ૦ વ્હોરાને મોકલ્યા હતા. નિરીક્ષકના અનુભવ પ્રમાણે અને મળેલ હકીકતો ઉપરથી ઘણી સમિતિઓના કામકાજમાં વ્યવસ્થિતતા તેમજ નિયમિતતા આવવાની ખાસ જરૂર છે એમ માલુમ પડયું છે. તેથી નીચેની સૂચનાઓ ખાસ લક્ષમાં લેવા દરેક સમિતિઓને આગ્રહ કરવામાં આવે છે.

૧ એકત્ર કરવા કબુલેલી રકમ વસુલ કરવામાં કેટલીક સમિતિઓની મંદતા જોવામાં આવી છે. વસ્તુતઃ આ રકમ વસુલ ન કરવામાં આવે ત્યાં સુધી આપણી યોજના પ્રમાણે અહિંથી મદદ મોકલી શકાય નહિ પણ નવું કામ અને નવી સમિતિઓ હોવાથી આ બાબતમાં કેન્દ્રસ્થ સમિતિ બહુ મક્કમ રહી નથી. હવેથી દરેક સમિતિએ એકત્ર કરવા કબુલેલી રકમ તાકીદે એકઠી કરી લેવાનું ખાસ ધ્યાનમાં રાખવું જોઇએ.

૨ કેટલેક ઠેકાણે વિદ્યાર્થીઓને અપાયેલ પુસ્તકો, સ્કૂલ ફી કે છાત્રવૃત્તિની પહોંચો રાખવામાં આવી નથી. તેમજ કેટલેક ઠેકાણે વ્યવસ્થિત રીતે રખાયલી જોવામાં આવતી નથી. આ બાબતમાં નિયમિતતા તેમજ વ્યવસ્થિતતા કેળવવાની ખાસ જરૂર છે. જે કાંઇ મદદો અપાય તેની પહોંચો એક સરખી રીતે રહેવીજ જોઇએ.

૩ જે પુસ્તકો વિદ્યાર્થીઓને અપાય તેની કિંમત, ગ્રંથ સંખ્યા, નવા કે જુના અપાયા છે તે, ઇત્યાદિ સર્વ હકીકત લખાવી જરૂરી છે. જેથી તે પુસ્તકો પાછા લેતી વખતે આ માહીતી ઉપયોગી થઇ પડે.

૪ જમા-ખર્ચનો સર્વ હિસાબ વ્યવસ્થિત રીતે હિસાબ બુકમાં લખાવો જોઇએ. અને તે વાઉચર પદ્ધતિએ રહેવો જોઇએ.

૫ સમિતિની સભાઓની કાર્ય નોંધ ઘણે ઠેકાણે જોવામાં આવતી નથી. દરેક સમિતિએ દરેક સભાની કાર્ય નોંધ નિયમિત રીતે રાખવીજ જોઇએ.

૬ પુરાંતમાં રહેલ રકમ બેન્કમાં અથવા પ્રતિષ્ઠિત વ્યાપારીને ત્યાં કેળવણી પ્રચાર સમિતિના નામે જમે રાખવી જોઇએ. અને તેની રીતસરની પહોંચ સમિતિના દફતરમાં હોવી જોઇએ.

૭ ત્રણ માસે કે છ માસે સમિતિની સભામાં ચાલી ગયેલ હિસાબ મંજુર કરાવી તેની નોંધ લેવાવી જોઇએ.

૮ કેટલેક સ્થાને જે કોઇ વિદ્યાર્થીઓએ મદદની માંગણી કરી છે તે સર્વને, તેને ખરેખર અગવડ છે કે નહિ તેનો વિચાર કરાયા સિવાય પુસ્તકો આદિ આપવામાં આવ્યા છે. આ પદ્ધતિ યોજના સાથે સંગત થતી નથી. સ્થાનિક સમિતિએ જેને ખરેખર આવશ્યક્તા હોય તેનેજ મદદ આપવાની છે એ ધ્યાનમાં રાખવું જોઇએ. આ યોજનાની રૂઇએ ઉત્તેજન તરીકે કોઇને મદદ કે ઇનામો આપી શકાતા નથી.

૯ મદદની વ્હેંચણીમાં સગવડતા ખાતર જુદા જુદા વિભાગની જવાબદારી જુદા જુદા સભ્યોને સોંપવામાં આવે તેમાં વાંધા જેવું નથી પણ મદદ વહેંચવામાં કોઇ પણ જાતનો જ્ઞાતિ ભેદ રખાવો નજ જોઇએ.

૧૦ દરેક સમિતિના મંત્રીએ, સ્થાનિક સમિતિના સભ્યોના સુકૃત ભંડાર ફંડના ફાળાની રકમ પહેલી તકે ઉઘરાવી લઇને અત્રે મોકલી આપવી જોઇએ.

લિ૦

પરમાનંદ કુંવરજી કાપડીઆ.
મણીલાલ મોકમચંદ શાહ.
મંત્રીઓ.

# મદદની મંજુરી સંબંધી ઉપનિયમો.

શ્રી કોન્ફરન્સ કેલવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિની તા૦ ૨૬-૨-૩૯ ના રોજ મળેલી સભામાં, મદદની મંજુરી સંબંધી નીચેના ઉપનિયમો નક્કી કરવામાં આવ્યા છે.

૧ કોઇ પણ સ્થળ માટે કેટલી મદદ મંજુર કરવી તે સંબંધમાં તે સ્થળની જરૂરિયાત અને આંહીના ફંડની પરિસ્થિતિ ધ્યાનમાં રાખી નિર્ણય કરવામાં આવશે. અમુક સ્થળે અમુક રકમ એકઠી કરવામાં આવી છે તેટલીજ રકમ મંજુર કરવાનું શ્રી કો. કે. પ્રચાર કેન્દ્રસ્થ સમિતિ માટે બંધનકર્તા ગણાશે નહીં.

૨ કોઇપણ સ્થાનિક સમિતિ માટે મંજુર થયેલી રકમનો કોઇ પણ હફતો તે સમિતિનું કામકાજ ચાલતું બંધ થવાના કારણે કે તે સ્થલને બાકીના હફતાની જરૂરિયાત ન હોવાના કારણે મોકલવામાં ન આવ્યો હોય તો બીજા વર્ષે તે હફતો મેળવવાનો તે સમિતિને હક્ક રહેશે નહીં.

૩ એકત્ર કરવા કબુલેલી રકમ કરતાં કોઇ પણ સમિતિ વધારે રકમ એકઠી કરશે તો તે મુજબ વધારાની રકમ જેટલી વધારે મદદ કેન્દ્રસ્થ સમિતિ આપવાને બંધાયેલી નથી.

લિ૦

પરમાનંદ કુંવરજી કાપડીઆ.
મણીલાલ મોકમચંદ શાહ.
મંત્રીઓ.

# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

## ધાર્મિક પરીક્ષાઓના પરિણામ.

[ બોર્ડ દ્વારા ગત્ તા. ૨૫-૧૨-૩૮ ને રવીવારના રોજ લેવામાં આવેલી **શ્રી. સારાભાઇ મગનલાલ મોદી** પુરૂષવર્ગ અને **અ. સૌ. હીમઈબાઇ મેઘજી સોજપાળ** સ્રીવર્ગ ધાર્મિક હરીફાઇની ઇનામી પરીક્ષાઓના કેટલાક ધોરણોના પરિણામે આ નીચે આપવામાં આવે છે. ]

**( ગતાંકથી આગળ )**

**કન્યા ધોરણ ૧ લું**-પરીક્ષીકાઓઃ-શ્રીમતી રૂક્ષ્મણીબેન ચીમનલાલ શાહ અને શ્રીમતી કુસુમબેન રસિકલાલ ઝવેરી, મુબઈ.

| નંબર | નામ. | સેન્ટર. | માર્ક. | ઇનામ. |
|---|---|---|---|---|
| ૧ | મધુબેન ત્રીકમલાલ | છાણી | ૭૮ | રૂા. ૧૦) |
| ૨ | શાંતાબેન મનસુખભાઈ | છાણી | ૭૦ | રૂા. ૮) |
| ૩ | વિમલાબેન ભીખાભાઇ | છાણી | ૬૯ | રૂા. ૬) |
| ૪ | સુમિત્રાબેન કેશવલાલ | પેથાપુર | ૬૮ | રૂા. ૫) |
| ૫ | લીલાવતીબેન રતનજી શાહ | મુંબઇ (મુ. માં. ક) | ૬૬ | રૂા. ૪) |
| ૬ | શ્રીમતીબેન ચંદુલાલ | છાણી | ૬૫ | રૂા. ૨ાા |
| ૭ | હસુમતિબેન ચંદુલાલ શાહ | અમદાવાદ (પ્રધાન. ક.) | ૬૫ | રૂા. ૨ાા |
| ૮ | સુમતિબેન મોહનલાલ શાહ | મુંબઇ (મું. માં. ક.) | ૬૨ | રૂા. ૧ાા |
| ૯ | કાંતાબેન કુંવરજી | પાલેજ | ૬૨ | રૂા. ૧ાા |
| ૧૦ | સુમિત્રાબેન માણેકલાલ ઝવેરી | અમદાવાદ (ગં. ક.) | ૬૨ | રૂા. ૧ાા |
| ૧૧ | ચંપાબેન કલ્યાણજી | મુંબઇ (મું. માં. ક.) | ૬૨ | રૂા. ૧ાા |
| ૧૨ | કમલાબેન પરસોતમ ઝવેરી | મુંબઇ (મું. માં. ક.) | ૬૦ | |
| ૧૩ | કાંતાબેન માણેકલાલ | મુંબઈ (મું. માં. ક.) | ૬૦ | |
| ૧૪ | સવિતાબેન રતીલાલ | પાલેજ | ૬૦ | |
| ૧૫ | રેવાબેન ખોડીદાસ | ઊંઝા | ૬૦ | |
| ૧૬ | કંચનબેન કાંતિલાલ | અમદાવાદ (પ્ર. ક.) | ૫૯ | |
| ૧૭ | પુષ્પાબેન ઝવેરચંદ ઝવેરી | મુંબઇ (મું. માં. ક.) | ૫૭ | |
| ૧૮ | કલાવતીબેન ભલાભાઇ શાહ | ,, | ૫૫ | |
| ૧૯ | ચંદ્રકાંતાબેન કચરાભાઇ શાહ | અમદાવાદ (પ્ર. ક.) | ૫૫ | |
| ૨૦ | રસીલાબેન રતીલાલ મોહનલાલ | અમદાવાદ (જૈન શ્રા. શા.) | ૫૫ | |
| ૨૧ | નર્મદાબેન માધવજી | મુંબઇ (મું. માં. ક.) | ૫૪ | |
| ૨૨ | ચંદ્રકલાબેન હીરાલાલ વાલચંદ | ભાવનગર | ૫૪ | |
| ૨૩ | વિજ્યાબેન ત્રીભોવનદાસ શાહ | ,, | ૫૪ | |
| ૨૪ | હીરાબેન મણીલાલ | અમદાવાદ (પ્ર. ક.) | ૫૪ | |
| ૨૫ | સુમનબેન કેશવલાલ | મુંબઈ (મું. માં. ક.) | ૫૩ | |
| ૨૬ | પુષ્પાબેન છનાલાલ | ઊંઝા | ૫૨ | |
| ૨૭ | મૃગાવતીબેન ચિનુભાઇ શેઠ | અમદાવાદ (ગં. ક.) | ૫૨ | |
| ૨૮ | શાંતા ભીખાભાઇ વાડીલાલ શાહ | અમદાવાદ (જૈન શ્રા. શા.) | ૫૨ | |
| ૨૯ | પદ્માબેન રવિકરણદાસ | ઊંઝા | ૫૨ | |
| ૩૦ | વસુમતીબેન નાથાલાલ લલુભાઇ | અમદાવાદ (જૈન શ્રા. શા.) | ૫૨ | |
| ૩૧ | લીલમબેન જેસિંગભાઈ | મુંબઇ (મું. માં. ક.) | ૫૦ | |
| ૩૨ | પદ્માબેન જયંતિલાલ | અમદાવાદ (પ્ર ક.) | ૫૦ | |
| ૩૩ | જયવિદ્યાબેન ચીમનલાલ શાહ | અમદાવાદ (શાહપુર જૈ. શ્રા. શા.) | ૫૦ | |
| ૩૪ | વિમળા હરગોવનદાસ ભુરાભાઇ | અમદાવાદ (જૈ. શ્રા. શા.) | ૫૦ | |
| ૩૫ | સુશિલાબેન લાલભાઇ | પેથાપુર | ૫૦ | |
| ૩૬ | લીલાવંતિ માધવજી વોરા | મુંબઇ (મું. માં. ક.) | ૪૭ | |
| ૩૭ | સુલોચનાબેન રતિલાલ શાહ | અમદાવાદ (લુણસાવાડા પાઠ) | ૪૭ | |
| ૩૮ | શાંતાબેન મગનલાલ શાહ | અમદાવાદ (ગં. ક) | ૪૬ | |
| ૩૯ | કુસુમ ચીમનલાલ હઠીસંગ શાહ | અમદાવાદ (જૈ. શ્રા. શા.) | ૪૬ | |
| ૪૦ | વિમળાબેન પુનમચંદ વોરા | અમદાવાદ (ગં. ક) | ૪૬ | |
| ૪૧ | બબીબેન મોહનલાલ શાહ | ,, | ૪૬ | |
| ૪૨ | ભીખીબેન કેશવલાલ શાહ | પૂના | ૪૬ | |
| ૪૩ | રતનબેન ચંદુલાલ | છાણી | ૪૫ | |
| ૪૪ | વસુમતિબેન ચંદુલાલ | પેથાપુર | ૪૫ | |
| ૪૫ | સુશીલાબેન દલપતરામ | અમદાવાદ (શાહપુર જૈ. શ્રા. શા.) | ૪૫ | |
| ૪૬ | ચંદ્રકાંતાબેન મનસુખભાઇ | છાણી | ૪૫ | |
| ૪૭ | કુમુદબેન જયંતિલાલ શેઠ | અમદાવાદ (ગ. ક.) | ૪૫ | |
| ૪૮ | ગજરાબેન શાંતિલાલ આબડ | ચાંદવડ | ૪૫ | |
| ૪૯ | પ્રભાવતીબેન ગિરધરલાલ | ઊંઝા | ૪૫ | |
| ૫૦ | શારદાબેન ચંદુલાલ | પેથાપુર | ૪૫ | |
| ૫૧ | જાસુદબેન તલકચંદ નંદલાલ | અમદાવાદ (જૈન શ્રા. શા ) | ૪૪ | |
| ૫૨ | વિદ્યાબેન ખેમચંદ ડાહ્યાભાઈ | ,, | ૪૪ | |
| ૫૩ | હીરાબેન મણીલાલ ત્રિભોવનદાસ | ,, | ૪૪ | |
| ૫૪ | સુભદ્રાબેન શાંતિલાલ | અમદાવાદ (પ્રધાન ક.) | ૪૩ | |
| ૫૫ | કમળાવતીબેન પુરનમલ પોરવાડ | રતલામ | ૪૨ | |
| ૫૬ | દેવકુંવરબેન નેણશી શાહ | બારશી | ૪૨ | |
| ૫૭ | કોમલબેન સુરજમલ પોરવાડ | રતલામ | ૪૧ | |
| ૫૮ | પ્રભાવતીબેન મોહનલાલ ખીમચંદ | ભાવનગર | ૪૦ | |

| નંબર | નામ. | સેન્ટર. | માર્ક. | ઇનામ. |
|---|---|---|---|---|
| ૫૯ | વસંતબેન શાંતિલાલ પ્રભુદાસ શેઠ | ભાવનગર | ૪૦ | |
| ૬૦ | કળાવતીબેન ચુનીલાલ | પાલેજ | ૪૦ | |
| ૬૧ | વસુમતિબેન આત્મારામ શાહ | અમદાવાદ (ગં. ક.) | ૪૦ | |
| ૬૨ | સુશીલાબેન ચંદુલાલ | છાણી | ૪૦ | |
| ૬૩ | ચંપાબેન નગીનદાસ | ,, | ૪૦ | |
| ૬૪ | ઇંદુબેન છોટાલાલ | પેથાપુર | ૩૮ | |
| ૬૫ | વિમળાબેન દલસુખભાઈ | છાણી | ૩૮ | |
| ૬૬ | વિમળાબેન પ્રેમચંદ | અમદાવાદ (શાહપુર શ્રા. શા) | ૩૮ | |
| ૬૭ | પદ્માવતી હીર.ચંદ કલ્યાણજી ગાંધી | ભાવનવર | ૩૮ | |
| ૬૮ | કંચનબેન મગનલાલ | અમદાવાદ (પ્ર. ક.) | ૩૮ | |
| ૬૯ | ચંદ્રાવતીબેન મોતીચંદ નાગજી | ભાવનગર | ૩૭ | |
| ૭૦ | જશીબેન હરગોવિંદ કુબેરભાઈ | ભાવનગર | ૩૭ | |
| ૭૧ | લીલીબેન લાલભાઈ | અમદાવાદ (પ્ર. ક.) | ૩૬ | |
| ૭૨ | કમળાબેન ગંભીરમલ પોરવાડ | રતલામ | ૩૬ | |
| ૭૩ | ગુણવંતિબેન મોહનલાલ ઝવેરચંદ | ભાવનગર | ૩૬ | |
| ૭૪ | સુભદ્રાબેન ભીખાભાઇ વાડીલાલ | અમદાવાદ (જૈન શ્રા. શા) | ૩૬ | |
| ૭૫ | પ્રભાવતીબેન જેઠાલાલ | ભાવનગર | ૩૬ | |
| ૭૬ | વિમળાબેન માનચંદ શાહ | પૂના | ૩૫ | |
| ૭૭ | ફૂકીબેન ગુલાબચંદ શાહ | ,, | ૩૫ | |
| ૭૮ | પુષ્પાબેન ડાહ્યાલાલ | ઉંઝા | ૩૫ | |
| ૭૯ | ઇંદુમતિબેન માણેકલાલ | છાણી | ૩૫ | |
| ૮૦ | ઇંદુમતિબેન છગનલાલ ઘીઆ | આમોદ | ૩૫ | |
| ૮૧ | લલિતાબેન ત્રિભોવનદાસ પારેખ | ભાવનગર | ૩૫ | |
| ૮૨ | હસુમતિબેન ધરમચંદ હરગોવન | ,, | ૩૫ | |
| ૮૩ | સવિતાબેન નાનાલાલ શાહ | અમદાવાદ (શાહપુર શ્રા. શા.) | ૩૫ | |
| ૮૪ | ભાનુમતિ હેમચંદ જીવણદાસ | ભાવનગર | ૩૫ | |
| ૮૫ | શ્રીકુંવરબેન નેમચંદ બલદોટા | બારશી | ૩૫ | |
| ૮૬ | નંદકુંવરબેન પ્રભુદાસ છગનલાલ | ભાવનગર | ૩૪ | |
| ૮૭ | વિદ્યાબેન ભોગીલાલ કેશરીચંદ | અમદાવાદ (જૈન શ્રા. શા.) | ૩૪ | |
| ૮૮ | શાંતાબેન શનિલાલ | દાહોદ | ૩૩ | |
| ૮૯ | સુશીલાબેન ત્રંબકલાલ | ભરૂચ | ૩૩ | |
| ૯૦ | લલિતાબેન કાંતિલાલ ભગુભાઈ | અમદાવાદ (શ્રા. શા.) | ૩૩ | |
| ૯૧ | શાંતાબેન નગીનદાસ | સમૌઉ | ૩૩ | |
| ૯૨ | કળાવતીબેન વરધીલાલ | અમદાવાદ (પ્ર. ક.) | ૩૩ | |
| ૯૩ | વસંતબેન જગજીવન છગનલાલ | ભાવનગર | ૩૩ | |
| ૯૪ | લીલાવતીબેન રૂપચંદજી ગાદીઆ | રતલામ | ૩૩ | |
| ૯૫ | ગુણવંતી છોટાલાલ ખીમચંદ | ભાવનગર | ૩૩ | |
| ૯૬ | શાંતાબેન અમૃતલાલ | અમદાવાદ (શાહપુર શ્રા. શા.) | ૩૩ | |
| ૯૭ | કુસુમબેન ભગવાન દીપચંદ ગાંધી | ભાવનગર | ૩૩ | |
| ૯૮ | સુશીલાબેન રાજારામ ગુમ્બર | નિપાણી | ૩૩ | |
| ૯૯ | સુમંગલા ત્રિકમલાલ | છાણી | ૩૩ | |

**બાલ ધોરણ ૧ લું–પરીક્ષક:–શ્રી. ધારશીભાઇ ગુલાબચંદ શાહ, મુંબઈ.**

| નંબર | નામ. | સેન્ટર. | માર્ક. | ઇનામ. |
|---|---|---|---|---|
| ૧ | હીરાચંદ જેચંદ દલાલ | બગવાડા | ૬૨ | રૂા. ૧૦) |
| ૨ | શાન્તીલાલ રામચંદ્ર આબડ | ચાંદવડ | ૬૧ | રૂા. ૮) |
| ૩ | કેશરીમલ ચંદ્રમલ શાહ | બગવાડા | ૬૦ | રૂા. ૫) |
| ૪ | વરધીલાલ મણીલાલ શાહ | રાધનપુર | ૬૦ | રૂા. ૫) |
| ૫ | વસંતરાય માણેકચંદ શાહ | પાલીતાણા (ય. ગુ) | ૬૦ | રૂા. ૫) |
| ૬ | જયંતિલાલ લક્ષ્મીચંદ શાહ | રાધનપુર | ૫૯ | રૂા. ૩) |
| ૭ | સબલચંદ પ્રાગાજી જૈન | જાલોર | ૫૭ | રૂા. ૨) |
| ૮ | નંદલાલ છગનલાલ શાહ | સુરત (ર. જૈ. વિ.) | ૫૭ | રૂા. ૨) |
| ૯ | ગુલાબચંદ પ્રેમચંદ શાહ | સુરત (જૈ. વિ. આ) | ૫૭ | રૂા. ૨) |
| ૧૦ | શંકરલાલ કુનણમલજી બેતાલા | ઓશીયા | ૫૬ | રૂા. ૧) |
| ૧૧ | મફતલાલ અમુલખભાઇ સંઘવી | પાલણપુર | ૫૬ | રૂા. ૧) |
| ૧૨ | મોહનલાલ યતિ | ઓસીયા | ૫૬ | રૂા. ૧) |
| ૧૩ | વજેચંદ મોહનલાલ શાહ | સુરત (જૈ. વિ. આ.) | ૫૫ | રૂા. ૧) |
| ૧૪ | કેસરીચંદ હીરાચંદ શાહ | ,, ,, | ૫૫ | રૂા. ૧) |
| ૧૫ | ગુલાબચંદ જવારમલ બોથરા | ચાંદવડ | ૫૩ | રૂા. ૧) |
| ૧૬ | વસન્તીલાલ દયારામજી દખ | રતલામ | ૫૩ | રૂા. ૧) |
| ૧૭ | શાન્તિલાલ બકતાવરમલજી | ,, | ૫૩ | રૂા. ૧) |
| ૧૮ | મોહનલાલ મનસુખલાલ શાહ | સાંગલી | ૫૨ | |
| ૧૯ | ગુલાબચંદ પુનમચંદ કુમાવન | ,, | ૫૨ | |
| ૨૦ | લધુરામ જસરાજ બેદમુથા | ચાંદવડ | ૫૨ | |
| ૨૧ | છગનલાલ મકનચંદ મહેતા | સાંગલી | ૫૧ | |
| ૨૨ | હીરાચંદ રતનચંદ શાહ | સુરત (ર. જૈ. વિ.) | ૫૧ | |
| ૨૩ | ધરમચંદ ડાયાભાઇ શાહ | ,, (જૈ. વિ. આ.) | ૫૦ | |
| ૨૪ | જયંતિલાલ તલકચંદ શાહ | બગવાડા | ૫૦ | |
| ૨૫ | છોટાલાલ વજેચંદ | પાદરા | ૪૯ | |
| ૨૬ | મણીલાલ વેલચંદ શાહ | ભાવનગર | ૪૯ | |
| ૨૭ | રતીલાલ મગનલાલ શાહ | બગવાડા | ૪૯ | |
| ૨૮ | મદનરાજ જૈન | સાદડી | ૪૯ | |
| ૨૯ | પોપટલાલ ચંદુલાલ | પાલીતાણા (ય. ગુ.) | ૪૯ | |
| ૩૦ | જયંતિલાલ શંકરલાલ | ,, ,, | ૪૮ | |
| ૩૧ | રતીલાલ નાનાલાલ ગાંધી | ,, ,, | ૪૮ | |
| ૩૨ | કિશોરચંદ છગનલાલ ખંઢેરીયા | મુંબઇ (ચિંચપો. પા.) | ૪૮ | |
| ૩૩ | નાગરદાસ મગનલાલ શાહ | સુરત (ર. જૈ. વિ.) | ૪૮ | |
| ૩૪ | નટવરલાલ ઝવેરચંદ શાહ | ,, ,, | ૪૭ | |
| ૩૫ | રમણીકલાલ નાગરદાસ આખડ | રાધનપુર | ૪૭ | |
| ૩૬ | કાન્તીલાલ ફુલચંદ શાહ | સુરત (ર. જૈ. વિ.) | ૪૭ | |
| ૩૭ | હિંમતલાલ પીતામ્બરદાસ દામાણી | બગવાડા | ૪૭ | |
| ૩૮ | ચીમનલાલ ધરમચંદ શાહ | ,, | ૪૬ | |
| ૩૯ | સુમતિલાલ હરજીવનદાસ | સુરત (ર. જૈ. વિ.) | ૪૬ | |
| ૪૦ | રૂપચંદ કૃષ્ણચંદ દેશાઇ | સાંગલી | ૪૬ | |
| ૪૧ | શાન્તીલાલ વાડીલાલ | અમદાવાદ | ૪૬ | |
| ૪૨ | મુન્નીલાલ ઉમાજી જૈન | જાલોર | ૪૫ | |
| ૪૩ | સંચાલાલ મોતીલાલ | ચાંદવડ | ૪૫ | |

| નંબર | નામ. | સેન્ટર. | માર્ક. | ઈનામ. |
|---|---|---|---|---|
| ૪૪ | માણેકચંદ લલ્લુભાઈ શાહ | સુરત | ૪૫ | |
| | | (જૈ. વિ. આ.) | | |
| ૪૫ | કેસરીમલ જીવાજી શાહ | બગવાડા | ૪૫ | |
| ૪૬ | નવનીતરાય માણેકચંદ ગોધારી | ભાવનગર | ૪૪ | |
| ૪૭ | બલવંતરાય ગુલાબચંદ શાહ | બગવાડા | ૪૪ | |
| ૪૮ | જયંતિલાલ ભીખાભાઇ | અમદાવાદ | ૪૪ | |
| | | (જૈ. વિ. મં.) | | |
| ૪૯ | ગણેશમલ લેરૂજી જૈન | જાલોર | ૪૪ | |
| ૫૦ | જગજીવનદાસ ભગવાનદાસ | પાલીતાણા | ૪૪ | |
| | | (ય. ગુ) | | |
| ૫૧ | રમણલાલ મગનલાલ શાહ | સુરત | ૪૪ | |
| | | (ર. જૈ. વિ.) | | |
| ૫૨ | કાન્તીલાલ બાલુસા ગુજરાતી | ચાંદવડ | ૪૪ | |
| ૫૩ | દલીચંદ ધરમશી પારેખ | સરદારગઢ | ૪૩ | |
| ૫૪ | દેવચંદ ગણપત શાહ | સાંગલી | ૪૩ | |
| ૫૫ | ડાયાલાલ ખુશાલચંદ મહેતા | કરાંચી | ૪૩ | |
| ૫૬ | રામચંદ ફુલચંદ વોરા | ચાંદવડ | ૪૩ | |
| ૫૭ | શંકરલાલ નાઇ | ભોપાલગઢ | ૪૨ | |
| ૫૮ | જવાહરલાલ મુથા | ,, | ૪૨ | |
| ૫૯ | મેઘરાજ જીવનલાલજી બોથરા | ઓસીયા | ૪૨ | |
| ૬૦ | નાનાલાલ નરોતમદાસ શાહ | ભાવનગર | ૪૨ | |
| ૬૧ | પોપટલાલ પરશોતમદાસ શાહ | ,, | ૪૨ | |
| ૬૨ | પનાલાલ બનેચંદ ભંડારી | ચાંદવડ | ૪૨ | |
| ૬૩ | મનસુખલાલ જગજીવનદાસ | પાલીતાણા | ૪૧ | |
| | | (ય. ગુ) | | |
| ૬૪ | લલુભાઈ પરભુભાઇ શાહ | સુરત (જૈ. વિ. આ.) | ૪૧ | |
| ૬૫ | રાજમલ જવારમલ વોરા | ચાંદવડ | ૪૦ | |
| ૬૬ | કાન્તિલાલ મનસુખભાઇ શાહ | અમદાવાદ | ૪૦ | |
| | | (જૈ. શ્વે. મૂ. ઓ.) | | |
| ૬૭ | મીશ્રીમલ કેસરીમલ પાવેચા | રતલામ | ૪૦ | |
| ૬૮ | ગુણવંતરાય જયંતિલાલ | ભાવનગર | ૩૯ | |
| ૬૯ | રામચંદ હરખચંદ | ચાંદવડ | ૩૯ | |
| ૭૦ | બાબુલાલ હરખચંદ શાહ | સુરત (ર. જૈ. વિ.) | ૩૯ | |
| ૭૧ | ગંભીરદાસ જાદવજી | પાલીતાણા (ય. ગુ.) | ૩૮ | |
| ૭૨ | મનસુખલાલ ભાણજી | ,, ,, | ૩૮ | |
| ૭૩ | હર્ષદરાય રાયચંદ શાહ | ભાવનગર | ૩૮ | |
| ૭૪ | ભંવરલાલ ધોકા | સાદડી | ૩૮ | |
| ૭૫ | કેસરીમલ બીદામીયા | ,, | ૩૮ | |
| ૭૬ | નથમલ હિંમતાજી જૈન | જાલોર | ૩૮ | |
| ૭૭ | જયંતિલાલ માધવજી | પાલીતાણા (ય. ગુ.) | ૩૭ | |
| ૭૮ | વાડીલાલ શામજી | ભાવનગર (જૈ. બાળ વિ.) | ૩૭ | |
| ૭૯ | મોહનલાલ પુનમીયા | સાદડી | ૩૭ | |
| ૮૦ | રામવિલાસ શર્મા | ભોપાલગઢ | ૩૭ | |
| ૮૧ | છગનલાલ ગુલાબચંદજી જૈન | જાલોર | ૩૭ | |
| ૮૨ | સૌભાગ્યચંદ્ર ત્રીભોવન શાહ | બગવાડા | ૩૭ | |
| ૮૩ | વરધીલાલ હાલચંદ બાબરીઆ | રાધનપુર | ૩૬ | |
| ૮૪ | અમૃતલાલ મણીલાલ શાહ | ,, | ૩૬ | |
| ૮૫ | વાડીલાલ હીરાચંદ | ભાવનગર | ૩૬ | |

| નંબર | નામ. | સેન્ટર. | માર્ક. | ઈનામ. |
|---|---|---|---|---|
| ૮૬ | દેવીચંદ નાગજી જૈન | જાલોર | ૩૬ | |
| ૮૭ | ઓતમચંદ જીવરાજ મહેતા | જુનાગઢ | ૩૬ | |
| ૮૮ | મનસુખલાલ મોહનલાલ ભીમાણી | ,, | ૩૬ | |
| ૮૯ | નરોતમદાસ ઉતમચંદ શાહ | ચાણસ્મા | ૩૬ | |
| ૯૦ | રાજારામ ખેમચંદ શાહ | સાંગલી | ૩૬ | |
| ૯૧ | રિખબચંદ ચુનીલાલ | સમૌઉ | ૩૫ | |
| ૯૨ | અનંતરાય માણેકલાલ ભાવસાર | ભાવનગર | ૩૫ | |
| ૯૩ | રસીકલાલ ભૂધરદાસ | ,, | ૩૫ | |
| ૯૪ | ભગવાનદાસ મણીલાલ | પાલેજ | ૩૫ | |
| ૯૫ | બાબુલાલ છોગાજી જૈન | જાલોર | ૩૫ | |
| ૯૬ | ભીખમચંદ પુનમીયા | સાદડી | ૩૫ | |
| ૯૭ | ઉમરશી જેઠાભાઈ કુરવા | મુંબઇ | ૩૫ | |
| | | (કચ્છી દ. ઓ. પા) | | |
| ૯૮ | અંબાલાલ શાન્તિલાલ | પાલીતાણા (ય. ગુ.) | ૩૫ | |
| ૯૯ | નાનચંદ નાથાજી | સુરત (જૈ. વિ. આ.) | ૩૫ | |
| ૧૦૦ | ખીમચંદ નાથુભાઇ શાહ ,, | ,, | ૩૫ | |
| ૧૦૧ | રાજેન્દ્ર મગનભાઈ મલજી | સુરત (ર. જૈ. વિ.) | ૩૫ | |
| ૧૦૨ | બાબુલાલ મુલજીભાઇ | પાલીતાણા (ય. ગુ) | ૩૪ | |
| ૧૦૩ | ધીરજલાલ નંદલાલ મહેતા | રાજકોટ | ૩૪ | |
| ૧૦૪ | ચુનીલાલ મોહનલાલ શાહ | ભાવનગર | ૩૪ | |
| ૧૦૫ | શાન્તિલાલ હીરાચંદ શાહ | બગવાડા | ૩૪ | |
| ૧૦૬ | પુનમચંદ વીરચંદ શાહ | પાલણપુર | ૩૪ | |
| ૧૦૭ | લક્ષ્મીચંદ નાગસી મોમયા | મુંબઇ | ૩૪ | |
| | | (કચ્છી દ. ઓ. પા.) | | |
| ૧૦૮ | ભવરલાલ ધેવરચંદજી કોચર | ઓસીયા | ૩૪ | |
| ૧૦૯ | મોતીચંદ બાલુભાઈ ઝવેરી | સુરત | ૩૪ | |
| | | (ર. જૈ. વિ.) | ૩૪ | |
| ૧૧૦ | મોહનલાલ ગોવીંદભાઈ | સુરત (જૈ. વિ. આ) | ૩૪ | |
| ૧૧૧ | ખીમચંદ વીરચંદ શાહ | જુનાગઢ | ૩૪ | |
| ૧૧૨ | જમનાદાસ મોતીચંદ મહેતા | ,, | ૩૪ | |
| ૧૧૩ | કાન્તિલાલ ચંદુલાલ શાહ | પાલેજ | ૩૪ | |
| ૧૧૪ | પન્નાલાલ મોતીલાલ શાહ | ,, | ૩૪ | |
| ૧૧૫ | કાન્તીલાલ લાલચંદ | જુન્નર | ૩૩ | |
| ૧૧૬ | લક્ષ્મીદાસ વીરપાલ શાહ | પાલીતાણા (ય. ગુ) | ૩૩ | |
| ૧૧૭ | ભોગીલાલ હીરાલાલ શાહ | ,, ,, | ૩૩ | |
| ૧૧૮ | મયાલાલ ભોળાભાઇ શાહ | ,, ,, | ૩૩ | |
| ૧૧૯ | કાન્તીલાલ રતીલાલ શાહ | ,, ,, | ૩૩ | |
| ૧૨૦ | વસંતરાય કાનજીભાઇ શાહ | ,, ,, | ૩૩ | |
| ૧૨૧ | કનૈયાલાલ સમરથમલજી ચોપડા | ઓસીયા | ૩૩ | |
| ૧૨૨ | દોલતરાજ કોચર | ,, | ૩૩ | |
| ૧૨૩ | ધરમચંદ ભીખમચંદ બોથરા | ,, | ૩૩ | |
| ૧૨૪ | ભવરલાલ દેસડા | ,, | ૩૩ | |
| ૧૨૫ | વિજયરાજ પૃથ્વીરાજ જૈન | જાલોર | ૩૩ | |
| ૧૨૬ | ધરમચંદ ગુલાબચંદ શાહ | બગવાડા | ૩૩ | |
| ૧૨૭ | ઠાકોરલાલ ઉમેદચંદ શાહ | ,, | ૩૩ | |
| ૧૨૮ | સ્વરૂપચંદ રાયચંદ શાહ | ,, | ૩૩ | |
| ૧૨૯ | જેઠાલાલ મોહનલાલ શાહ | રાધનપુર | ૩૩ | |
| ૧૩૦ | મોતીલાલ મોહનલાલ શાહ | ,, | ૩૩ | |

| નંબર | નામ. | સેન્ટર. | માર્ક. | ઈનામ. |
|---|---|---|---|---|
| ૧૩૧ | જયંતિલાલ શીવલાલ શાહ | રાધનપુર | ૩૩ | |
| ૧૩૨ | સેવંતિલાલ ચંદુલાલ | ,, | ૩૩ | |
| ૧૩૩ | નવલચંદ પ્રેમચંદ મહેતા | રાજકોટ | ૩૩ | |
| ૧૩૪ | રોશનલાલ માણેકચંદજી કોઠારી | રતલામ | ૩૩ | |
| ૧૩૫ | બીખાભાઇ બબલદાસ શાહ | સમૌ | ૩૩ | |
| ૧૩૬ | રસીકલાલ બબલદાસ શાહ | ,, | ૩૩ | |
| ૧૩૭ | છગનલાલ મયાચંદ | ચાણસ્મા | ૩૩ | |
| ૧૩૮ | અમીચંદ સુખલાલ ડગલી | કરાંચી | ૩૩ | |
| ૧૩૯ | કાન્તીલાલ મોહનલાલ મહેતા | ,, | ૩૩ | |
| ૧૪૦ | દલસુખલાલ જટાશંકર મહેતા | ,, | ૩૩ | |
| ૧૪૧ | નંદલાલ શીવલાલ શાહ | ,, | ૩૩ | |
| ૧૪૨ | ચંપકલાલ હરીલાલ શાહ | ભાવનગર | ૩૩ | |
| ૧૪૩ | પોપટલાલ નેમચંદ શાહ | ,, | ૩૩ | |
| ૧૪૪ | પ્રણીણચંદ ગુલાબચંદ | ,, | ૩૩ | |
| ૧૪૫ | ચંદુલાલ પ્રભુદાસ મુલચંદ | ,, | ૩૩ | |
| ૧૪૬ | માનમલ રતનચંદ જૈન | જાલોર | ૩૩ | |
| ૧૪૭ | માણીકચંદ દાનમલ જૈન | ,, | ૩૩ | |
| ૧૪૮ | હરખચંદ રૂપચંદ જૈન | ,, | ૩૩ | |
| ૧૪૯ | મીશ્રીમલ કેસરીમલ જૈન | ,, | ૩૩ | |
| ૧૫૦ | જુગરાજ ચત્રભુજજી જૈન | સાદડી | ૩૩ | |
| ૧૫૧ | રમણલાલ પોપટલાલ શાહ | મુંબઇ | ૩૩ | |
| ૧૫૨ | દીપચંદ નાનાભાઇ ઝવેરી | સુરત | ૩૩ | |
| | | (૨ જૈ. વિ) | | |
| ૧૫૩ | ચંપકલાલ બાપુલાલ શાહ | ,, | ૩૩ | |
| ૧૫૪ | અમૃતલાલ ભાયચંદ | જુનાગઢ | ૩૩ | |
| ૧૫૫ | ચંદ્રભાણ દીપચંદ વોરા | ચાંદવડ | ૩૩ | |

(બીજા ૧૨૭ વિદ્યાર્થીઓ નાપાસ છે.)

**કન્યા ધોરણ ૨ જું**-પરીક્ષીકા:-શ્રીમતી વિમળાબેન બાલુભાઇ શાહ, ઘાટકોપર.

| નંબર | નામ. | સેન્ટર. | માર્ક. | ઈનામ. |
|---|---|---|---|---|
| ૧ | જયાબેન હઠીસંગ ઝવેરી | મુંબઇ | ૮૦ | રૂા. ૯) |
| | | (મું. માં ક.) | | |
| ૨ | શીલાબેન મણીલાલ મહેતા | નિપાણી | ૮૦ | રૂા. ૯) |
| ૩ | સવિતાબેન ચીનુભાઈ | અમદાવાદ (પ્ર. ક.) | ૬૮ | રૂા. પ॥ |
| ૪ | શાંતાબેન ચતુરદાસ શાહ | પૂના | ૬૮ | રૂા. પ॥ |
| ૫ | સુભદ્રાબેન ઉત્તમચંદ | ઉંઝા | ૬૭ | રૂા. ૪) |
| ૬ | મધુકાન્તા હરીલાલ શાહ | અમદાવાદ (પ્ર. ક.) | ૬૫ | રૂા. ૨॥ |
| ૭ | સુશીલાબેન મગનલાલ | ,, ,, | ૬૫ | રૂા. ૨॥ |
| ૮ | હીરાબાઈ નેણસી શાહ | બારસી | ૬૩ | રૂા. ૨) |
| ૯ | મંજુલાબેન લાલભાઇ | અમદાવાદ (પ્ર ક.) | ૬૨ | રૂા. ૧) |
| ૧૦ | લીલાવતીબેન પીતાંબરદાસ મહેતા | પૂના | ૬૧ | રૂા. ૧) |
| ૧૧ | બબીબેન કેશવલાલ શાહ | અમદાવાદ (પ્ર ક.) | ૬૦ | રૂા. ૧) |
| ૧૨ | ચંદ્રમણીબેન કલ્યાણદાસ | છાણી | ૬૦ | રૂા. ૧) |
| ૧૩ | જયાવતીબેન માણેકલાલ શાહ | અમદાવાદ | ૫૯ | |
| | | (પ્ર. ક.) | | |
| ૧૪ | સવિતાબેન સાંકલચંદ જેસંગભાઇ | ,, | ૫૮ | |
| ૧૫ | ભાનુમતિબેન ભાઇલાલ પરીખ | ,, | ૫૮ | |
| ૧૬ | લીલાવતીબેન શંકરલાલ શાહ | પૂના | ૫૭ | |
| ૧૭ | ભમીનીબેન નેમચંદ મહેતા | નિપાણી | ૫૭ | |
| ૧૮ | પ્રભાવતીબેન મોહનલાલ | અમદાવાદ (પ્ર. ક.) | ૫૬ | |
| ૧૯ | તારામતીબેન નગીનદાસ ઉતમચંદ | ભાવનગર | ૫૫ | |
| ૨૦ | વિદ્યાબેન હીરાલાલ શાહ | અમદાવાદ (પ્ર. ક.) | ૫૫ | |
| ૨૧ | ઈન્દુમતિબેન ફુલચંદ નાનચંદ | ,, ,, | ૫૪ | |
| ૨૨ | હીરાબેન માણેકલાલ શાહ | ,, ,, | ૫૩ | |
| ૨૩ | ચંદ્રકાન્તા પોપટલાલ શાહ | ,, ,, | ૫૧ | |
| ૨૪ | ભાનુમતિબેન ઉજમશી માણેકચંદ | ભાવનગર | ૫૦ | |
| ૨૫ | દમયંતિબેન ચીમનલાલ શાહ | મુંબઇ | ૫૦ | |
| | | (મું. માં. ક.) | | |
| ૨૬ | કુસુમબેન મણીલાલ કાલીદાસ | અમદાવાદ | ૪૯ | |
| | | (જૈ. શ્રા. શા.) | | |
| ૨૭ | પદ્માબેન નેમચંદ ગિરધરલાલ | ભાવનગર | ૪૯ | |
| ૨૮ | ચંદનબેન મોહનલાલ કાપડીઆ | આમોદ | ૪૮ | |
| ૨૯ | રમાગૌરી જયંતિલાલ ભીખાભાઇ | ભાવનગર | ૪૭ | |
| ૩૦ | શારદાબેન ચીમનલાલ શાહ | અમદાવાદ | ૪૬ | |
| | | (પ્ર. ક.) | | |
| ૩૧ | સુશીલાબેન રમણલાલ શાહ | ,, | ૪૬ | |
| ૩૨ | વિમલાબેન ભીખાભાઇ શાહ | ,, | ૪૫ | |
| ૩૩ | શાંતાબેન ભગવાનદાસ બાલાભાઇ | ,, | ૪૪ | |
| ૩૪ | કુસુમબેન ભીખાભાઇ ડાહ્યાભાઈ | અમદાવાદ | ૪૪ | |
| | | (જૈ. શ્રા. શા.) | | |
| ૩૫ | હીરાબેન તલકચંદ નાનચંદ | ભાવનગર | ૪૩ | |
| ૩૬ | પ્રભાવતીબેન મણીલાલ શાહ | પૂના | ૪૨ | |
| ૩૭ | લલિતાબેન નાનાલાલ ગુલાબચંદ | ભાવનગર | ૪૦ | |
| ૩૮ | પદ્માબેન કુંવરજી નરોત્તમ | ,, | ૩૯ | |
| ૩૯ | કાંતાબેન શનીલાલ | દાહોદ | ૩૬ | |
| ૪૦ | શાંતાબેન તાઇ રાજારામ ગુજર | નિપાણી | ૩૫ | |
| ૪૧ | કાંતાબેન અંબાલાલ | બોરસદ | ૩૫ | |
| ૪૨ | મધુકાંતા ભોગીલ લ વેલચંદ મહેતા | ભાવનગર | ૩૫ | |
| ૪૩ | વિમલાબેન ગિરધરલાલ | દાહોદ | ૩૪ | |
| ૪૪ | પ્રભાબેન ભગવાનદાસ દીપચંદ | ભાવનગર | ૩૪ | |
| ૪૫ | હસુમતિબેન રામચંદ ફતેચંદ | ભાવનગર | ૩૪ | |
| ૪૬ | પ્રભાવતી હીરાચંદ શાહ | આમોદ | ૩૪ | |
| ૪૭ | ભાનુમતિ ડાહ્યાલાલ લાલચંદ | નિપાણી | ૩૩ | |
| ૪૮ | મધુરીબેન દીપચંદ | ભાવનગર | ૩૩ | |
| ૪૯ | શાંતાબેન અંબાલાલ લલ્લુભાઇ | અમદાવાદ | ૩૩ | |
| | | (જૈ. શ્રા. શા.) | | |
| ૫૦ | લીલાવતીબેન માણેકચંદ | રતલામ | ૩૩ | |

**સ્ત્રી ધોરણ ૫ વિભાગ ૫ (સંસ્કૃત)**-પરીક્ષકઃ-શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલન, મુંબઈ.

| નંબર | નામ. | સેન્ટર. | માર્ક. | ઈનામ. |
|---|---|---|---|---|
| ૧ | સત્યવતિબેન જમનાદાસ ઝવેરી | મુંબઇ | ૮૪ | રૂા. ૨૦) |
| ૨ | પ્રભાવતીબેન હીરાલાલ | અમદાવાદ | ૫૭ | રૂા. ૫) |
| | | (ડાહીબેન પા.) | | |
| ૩ | ધીરજબેન મગનલાલ દલસુખભાઈ | ગોધરા | ૫૭ | રૂા. ૫) |
| ૪ | વિનિતાબેન જમનાદાસ ઝવેરી | મુંબઈ | ૫૪ | |
| ૫ | ભીકીબાઇ ધરમચંદ શાહ | બારસી | ૪૬ | |
| ૬ | ભીખીબેન ચુનીલાલ | ભરૂચ | ૪૫ | |
| ૭ | વિમળાબેન દલસુખભાઇ | છાણી | ૪૩ | |
| ૮ | વસુમતિબેન વછરાજભાઇ | છાણી | ૩૩ | |
| ૯ | તિલકબેન મોહનલાલ મતીયા | ભરૂચ | ૩૩ | |

(૪ બેનો નાપાસ.)

**સ્ત્રી ધોરણ ૪** માં એક બેન બેઠેલા તે નાપાસ છે.

( અનુસંધાન પૃષ્ટ ૪ ઉપરથી. )

હતું. મનુષ્ય સ્વભાવ જુદા જુદા વાડાનો ગ્રાહક છે તે દ્રષ્ટિએ આજે અનેક મતપંથો દ્રષ્ટિગોચર થાય છે. પણ સર્વનો સમન્વય કરતાં મોક્ષને સૌ સ્વિકારે છે. નવા ધર્મની સ્થાપના વખતે ક્રાંતિ થાય છે અને કાલે કરી તેમાં વિકૃતિ પેસી જાય છે. સાચી ક્રાંતિ અહિંસક ક્રાંતિ હોય છે જે ભગવાન મહાવીર સ્વામીએ જુદા જુદા ક્ષેત્રમાં વિકસાવેલ છે. હાલમાં મહાત્મા ગાંધીજી તે સિદ્ધાંતોને અનુસરી રહ્યા છે. જે જનતાએ વધાવી સ્વધર્મને દેશનો સુધારો કરવાની જરૂર છે. વકતાએ સુધારાનો આધાર જનતા ઉપરજ છે એમ ભારપૂર્વક જણાવ્યું હતું.

## પ્રભુ મહાવીરના ઉપદેશ તત્ત્વો.

**શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆએ** ભાષણ કરતાં જણાવ્યું હતું કે ભગવાન મહાવીર જૈનોના મટી આજે સમગ્ર જગતના થયા છે. કાળે કાળે, દેશે દેશે મહાપુરૂષો, પયગંબરો થાય છે અને તેઓ ચોકકસ રીતે સામાન્ય મનુષ્યોથી જુદા પડે છે, સનાતન ધર્મ સત્યોની સ્થાપના કરી બાહ્ય તત્વને ગૌણ રાખી અંતરને સ્પર્શવાનો તેઓનો ઉપદેશ હોય છે. પ્રભુશ્રી મહાવીરે પોતાના જીવન કાળમાં અહિંસા તત્ત્વ, અનેકાંત તત્વ, પરિગ્રહ તત્ત્વ તેમજ સ્વાશ્રયરૂપી કર્મના સિદ્ધાંતને ફેલાવો કર્યો હતો. અહિંસા અને અનેકાંત તત્વ એક બીજા સાથે નિકટ સંબંધ ધરાવે છે. એક હૃદયને સ્પર્શે છે જ્યારે એક બુદ્ધિને સ્પર્શે છે. મહાત્મા ગાંધીજીએ તે તત્વોને ખૂબ વીકસાવ્યા છે અને તેના અનુયાયી તરીકે આપણે એ સર્વ તત્વોને સારી રીતે અને સંપૂર્ણપણે પાળવાની જરૂર છે.

**શ્રી. શાંતિલાલ એમ. શાહે** જીવન જીવી શકવા માટે ધર્મ પાલન અને ઝગડાઓ નાબુદ કરવાની અગત્યતા સમજાવી હતી. ધર્મ અને સમાજ જીવનનો આ યુગમાં કેવી રીતે સફળતા પૂર્વક સમન્વય સાધી શકાય તે વિવિધ દૃષ્ટિએ સમજાવ્યું હતું.

## નામદાર ખેર સાહેબ.

પ્રમુખશ્રીએ ઉપસંહારમાં બોલતાં જણાવ્યું કે ભગવાન મહાવીરના જીવન અને સિદ્ધાંતો ઉપર આજે સુંદર રીતે પ્રકાશ પાડવામાં આવ્યો છે. ભગવાન મહાવીર સ્વામીએ ઉપદેશેલા પંચમહાવ્રતોને અનુસરી મહાત્મા ગાંધીજીએ આજે પોતાના અનુયાયીઓને સમક્ષ અગીઆર મહત્વના મુદ્દાઓ જીવનને ઉન્નત બનાવવા માટે રજુ કર્યા છે. સત્ય અને અહિંસા એકજ સીકાના બે પાસા જેવા છે. એક બીજાના પ્રતિબિંબ એક બીજામાં પડે છે. તદુપરાંત અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પણ માનવ જીવનની ઉન્નતિના આવશ્યક અંગો જણાવી તે પર અસરકારક રીતે લંબાણુ વિવેચન કર્યું હતું. આ પાંચ વૃતો ઉપરાંત જાતમહેનત, સ્વદેશી, અસ્પૃશ્યતા નિવારણ વિગેરે વિગેરે બાબતો વર્ણવી અંતમાં જૈન ધર્મનો પ્રચાર કરવાની આવશ્યકતા ઉપર ભાર મૂકયો હતો.

## શ્રી. કાંતિલાલ ઇશ્વરલાલ.

છેવટે પ્રમુખશ્રીનો તથા માનનીય લઠ્ઠે સાહેબ આદિ ઉપસ્થિત સજ્જનોનો આભાર માનતાં **શ્રી. કાંતિલાલ ઇશ્વરલાલે** કોંગ્રેસ સરકારે અહિંસા પ્રચાર અને દારૂ નિષેધના મહદ્ કાર્યમાં જે સંગીન ફાળો આપી જૈન ધર્મના સિદ્ધાંતોના પ્રચારને વેગ આપ્યો છે. તે બદલ પ્રશંસાના પુષ્પો વેર્યા હતા અને માનનીય ખેર સાહેબ તેમજ શ્રી. લઠ્ઠે સાહેબને પુષ્પહાર તોરા અર્પણ કર્યા હતા. **શ્રી. જેઠાલાલ રામજીએ** આભારની દરખાસ્તને ટેકો આપતાં જૈન સમાજની વર્તમાન છીન્ન ભિન્ન સ્થિતિ સુધારવા અપીલ કરી હતી. અને જો જૈનો પોતાની સંપત્તિ ઝગડાઓમાં વાપરતા ન અટકે તો તેઓની પૂર્વની જાહોજલાલી ટુંક સમયમાં અદ્રશ્ય થઇ જશે એવી આગાહી કરી હતી.

બાદ ઉત્સાહ અને આનંદમાં વંદે માતરમની મધુર સરોદા વચ્ચે જયજય કારના ધ્વની સાથે સભા વિસર્જન થઇ હતી.

---

# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

### પરીક્ષાઓ ડિસેમ્બરના ત્રીજા સપ્તાહમાં
### ૧૪ જૈન પાઠશાળાઓને અપાયેલી મદદ.

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડની વ્યવસ્થાપક સમિતિની એક સભા તા. ૧૮-૩-૩૯ ની રોજ શ્રી. નાનચંદ શામજીના પ્રમુખસ્થાને મલી હતી જે સમયે—

(૧) સંવત્ ૧૯૯૩ અને ૧૯૯૪ ના વર્ષના ઑડિટ થયેલા હિસાબ રજુ થતાં તે મંજુર રાખવા તથા ઑનરરી ઑડીટર શ્રી. બાલચંદ મગનલાલ મહેતા, જી. ડી. એ., આર. એ. એ બજાવેલી સેવા બદલ આભાર માનવા ઠરાવવામાં આવ્યું.

(૨) પાઠશાળાઓની મદદ માટે આવેલી અરજીઓ વિચારતાં મંદસોર, અમરેલી, ધેલડા, આમોદ, આજોલ, અળાઉ, મહુધા, કોળવડા, વાવ, ધંધુકા, ચિંચપોકલી, મુંબઇ, અને ગેરિતાની પાઠશાળાઓને એક વર્ષ માટે કુલ રૂા. ૩૮૩) ની મદદ મંજુર કરવામાં આવી તથા મહુવાની પાઠશાળા તથા કન્યાશાળા માટે ચોક્કસ બાબતની સ્પષ્ટતા થયેથી રૂા. ૫૦) ની મદદ મંજુર કરવા મંત્રીઓને સત્તા આપવામાં આવી.

(૩) જૈન સાહિત્ય સંમેલન ભરવા અંગે આવેલા અભિપ્રાયોની નોંધ લેવામાં આવી.

(૪) ધાર્મિક પરીક્ષાઓની તારીખ ફેરવવા સંબંધે પ્રાપ્ત થયેલા જૂદા જૂદા સ્થળોના અભિપ્રાયો વિચારતાં સન ૧૯૩૯ થી તે પરીક્ષાઓ ડિસેમ્બર માસના ત્રીજા રવીવારે સર્વે સેન્ટરોમાં લેવા ઠરાવવામાં આવ્યું.

બાદ અન્ય કારોબારી કાર્ય અંગે નિર્ણય થયા બાદ પ્રમુખનો આભાર માની સભા વિસર્જન થઇ હતી.

લી. સેવકો,

**સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી**
**અમલચંદ કેશવલાલ મોદી**
માનદ મંત્રીઓ.

---

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA."　　Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રીઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમઃ—રૂપીઆ બે.　　છુટક નકલઃ—દોઢ આનો.

વર્ષ જુનું ૧૨ મું. નવું ૭ મું.　　તારીખ ૧૬ મી એપ્રીલ ૧૯૩૯.　　અંક ૧૮ મો.

## શ્રી હેમસારસ્વત સત્ર.

ગુજરાતનો ઇતિહાસ, ગુજરાતી સંસ્કૃતિનો ઇતિહાસ, ગુજરાતની માનવતાનો ઇતિહાસ અને અહિં ગુજરાતની તેજસ્વી તલ્વારોનો, તેની વિજય પતાકાઓનો, કુમારપાળના ઉલ્લેખ વગર અધુરોજ રહે. ગુજરાતની રાજકીય આણરેખા સિદ્ધરાજના સમય કરતાં વધુ વિસ્તૃત બને છે, ગુજરાતની સંસ્કૃતિના પ્રવાહ સારાએ આર્યાવર્તને પાવન કરતાં વેગવંત વહે છે, ગુજરાતની માનવતા 'અમારી પડહ' વગડાવી જગતના રાજકીય ઇતિહાસમાં કદી ન પ્રવર્તી હોય તેવી માનવતાનો અહિંસકયુગ પ્રવર્તાવે છે. અને આ અહિંસકયુગમાં પણ ગુર્જરસામ્રાજ્યની વિજયપતાકા અણનમ રહી તેનું સ્વાતંત્ર્ય તેના તેજસ્વી વીરપુરૂષોની—પટ્ટણીઓની—ગુજરાતીઓની—વીરતા અને ભોગતત્પરતા પર નિર્ભય. અખંડિત રહી તે યુગના ગુર્જર ઈતિહાસના પૃષ્ઠો સર્વ રીતે ઉજવલ અને અમર બનાવે છે. ગરવું ગુજરાત—તે અહિંસકયુગ, ને માનવતાનો અપૂર્વયુગ-ગુજરાતનો તે મહાસંસ્કૃતિકાળ આજે પણ ભુલી ગયેલ નથી. ગુજરાતના મહાન જ્યોતિર્ધર મહાત્મા ગાંધીજીના અદ્ભૂત નેત્રુત્વ નીચે સારૂંએ ભારત વીર અહિંસાની તેજસ્વી રાજનીતી અપનાવે છે, અનુસરે છે, પૂજે છે, અને હિંસાત્રાસિત જગતમાં પ્રચારે છે, પ્રસારવાના સોણલા સેવે છે.

*　　*　　*　　*　　*

ગુજરાતના એ સમર્થ જ્યોતિર્ધરના હૃદયસાગરના ઉંડાણ સાગરશા હતા, એકાન્તવાદસ્યાદ્વાદને માત્ર પાંડિત્યનો વિષય નહિં પણ પોતાના જીવનના અણુ અણુમાં વ્યાપ્ત કરનાર મહાપુરૂષની ઉદાર દ્રષ્ટિએ દૂર, સુદૂર ક્ષિતિજની મર્યાદાઓને પણ વટાવતી હતી. સોમનાથની યાત્રાનો એ પ્રસંગ, શિવવંદનાર્થે થયેલું એ આમંત્રણ, વિરોધીઓની ચાણક્યનીતીનો તે પ્રસંગે ગમે તેવી કપરી પરિક્ષાનો લાગ્યો હશે, પણ ગળથુથીમાંથીજ ધાર્મિક સહિષ્ણુતાના પયપાન કરનાર, અનેકાન્તવાદને પચાવનાર મહાયોગીને મન તો તે જીવનનો એક સામાન્ય પ્રસંગ માત્ર હતો.

(પાટણ)　　સ્વાગતાધ્યક્ષના ભાષણમાંથી.

**उद्धाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः**
**न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**
**—श्री सिद्धसेन दिवाकर.**

**અર્થ:**—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે. પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.


# જૈન યુગ.

તા૦ ૧૬-૪-૩૯. રવીવાર.


# પ્રાચીન જૈનપુરી અને હેમાચાર્ય.

જ્ઞાનના બહુમાન જૈનો માટે નવા નથી. 'पढमं नाणं तओ दया' અથવા તો ज्ञानक्रियाभ्यां मोक्षः એ સુત્રો એ વાતની સાક્ષી પુરે તેમ છે. વળી જ્ઞાન આત્માના મૂળ ગુણોમાંનો એક મનાયો છે. જ્ઞાનના ઉધાપન અર્થે સૌભાગ્યપંચમી જેવું ખાસ પર્વનિયત કરાયું છે. આમ છતાં થોડા દિવસ પૂર્વે જૈનોની પ્રાચીનપુરી તરિકેના ગૌરવને ધારણ કરનાર–જેના સ્થાપનમાં વનરાજ, અને શીલગુણ સુરિનો મુખ્ય હાથ છે અને જેની જાહોજલાલી ઉત્તરોત્તર વૃદ્ધિગંત કરવામાં,–સારાયે ભારતવર્ષમાં એની કીર્તિગાથા વિસ્તારવામાં–સોલંકી રાજવીઓ સહ જૈનધર્મી મંત્રીઓ શાન્તુમુંજાલને ઉદાયન આદિનો સુન્દર ને પ્રેરણાપૂરક ઇતિહાસ ઝગહળી રહ્યો છે એવા અણહિલપુર પાટણમાં જ્ઞાનભંડારનું ઉદ્ઘાટન થયું અને હૈમ સારસ્વત સત્રનો પ્રસંગ ઉજવાયો એ ખરેખર નવી ભાત પાડે છે.

આજે પણ સંખ્યાબંધ તાડપત્રો પર લખાયેલા ગ્રંથો અને તે પણ લગભગ હજારથી બારસો વર્ષ પૂર્વેના જો કોઈ સ્થાન ધરાવતું હોય તો તે પાટણ છે જેસલમેરમાં પણ ભંડારો છે છતાં એનું મૂળ પણ પાટણના ભાગે જાય છે. આજે જે જ્ઞાનરાશિ ભંડારોમાં સંરક્ષિત છે અને જે ભંડારોની સંખ્યા દશકને વટાવી જાય છે તે અજોડ અને બેનમૂન છે. એના દર્શન માત્રથી નેત્રો પવિત્ર બને છે. પણ દેશકાળ કેવળ દર્શનથી સંતોષાવાનો નથી રહ્યો નવસર્જનની ભુખ ઉભી છે. એવી શક્તિના અભાવે જે સંચિત છે એ માત્ર સંગ્રહેલું ન રહે પણ નવસ્વરૂપે–તુલનાત્મક રીતે–ચાલુ પદ્ધત્તિએ–અવતાર પામે એવી માંગ ઉદ્ભવી છે. એવે ટાણે હાથમાંનો વારસો પૂર્ણ પણે સચવાઇ રહે અને ઉપર કહ્યું તે ઉદ્દેશ બર આવે તેવું મનોહર જ્ઞાનમંદિર ખુલ્લું મૂકવામાં સાચેજ દીર્ઘદર્શિતાના દર્શન થાય છે. એ સાથે જોડવામાં આવેલ શ્રીમદ હેમચંદ્રાચાર્યનું નામ ખરેખર કોઇ ભૂતકાલિન ઇતિહાસમાં નિમજ્જન કરાવે છે. એ પ્રેરણા પાનાર શ્રી કાન્તિવિજયજી પ્રવર્તક મહારાજ. એને જળસિંચન કરનાર શ્રી વિજયવલ્લભસૂરિજી બડભાગી છે.

ગુજરાતના બલકે ભારત વર્ષના ઇતિહાસમાં શ્રી હેમચંદ્રાચાર્યનું સ્થાન અજોડ છે. પ્રાચીન રાજધાની પાટણ સાથે તેઓશ્રીનો ખાસ સંબંધ છે. રાજવી સિદ્ધરાજ અને મહારાજા કુમારપાળના રાજ્યકાળ સહ તેઓનું જીવન પટોળાના તાણા–વાણા જેમ વણાયેલું છે. તેથીજ મોડી મોડી પણ સાહિત્યકારોની દ્રષ્ટિ એ સંતના પૂનિત જીવન પ્રતિ આકર્ષાઇ છે. જ્યોતિર્ધર તરિકે આલેખનાર માનનીય શ્રી મુનશીને હૈમ સારસ્વત સત્ર નિમિત્તે એ અદ્વિતિય વિભુતિના યશોગાન ગાવાની–ભાવના ઉદ્ભવી અને અમલી પણ બની. એ પ્રસંગે પ્રમુખ તરિકે શ્રી મુનશીએ તેમજ અન્ય જૈનતેર સાહિત્ય રસિકોએ જે રીતે શ્રી હેમસુરિના જીવન પર ભિન્ન ભિન્ન દ્રષ્ટિયે પ્રકાશ ફેંકયો એ જોતાં કહેવુંજ પડશે કે જૈન સમાજ જે રીતે એ મહાત્માને ઓળખે છે એ કરતાં પણ વધુ ગૌરવ ભર્યું સ્થાન તેઓનું છે. તેઓશ્રીની સાચી પ્રતિભાનો ખ્યાલ આપણને આવ્યોજ નથી. અને વિના સંકોચે કહી શકાય કે પાટણની પ્રભુતા આદિ નવલિકાઓમાં તેઓનું પાત્ર ચિત્રણ કરવામાં જે જાતની છુટ શ્રી મુનશીએ લીધેલી છે તે અમર્યાદિત છે અને કેવલ કલ્પનાના તરંગો પર રચાયેલી હોઇ એ પાછળ ઇતિહાસનું તત્વ નથી. જો કે સત્ર પ્રસંગના ભાષણમાં એ વાત વાંગ્મયની મનોહર શૈલીથી–સીધી રીતે સ્વીકૃત નથી કરાયેલી છતાં ભાષણના નિમ્ન શબ્દોજ એની સામે પ્રબળ ટંકાર કરતાં ઉભા રહે તેમ છે, તેથી પણ આ પ્રસંગ ગૌરવાન્વિત ગણાય. ગુજરાતની અસ્મિતાના આદ્યદ્રષ્ટા હેમચંદ્રાચાર્યને–અંજલિ આપતાં માનનીય મુનશીજી વદે છે કે—

આ ભાગ્યશાળી ભૂમિએ વનરાજની વીરતા જોઇને ચાલુકયવીર મૂલરાજની શક્તિનાં દર્શન કર્યાં. એ બાણાવલી ભીમની હાકે ગાજી રહી હતી. સિદ્ધચક્રવર્તી જયસિંહદેવનાં સામર્થ્ય ને વ્યવસ્થાશક્તિથી અંકિત થઇ પરમ ભટ્ટાર્ક કુમારપાલનાં નૈતિક શાસનોની એ પ્રયોગશાળા બની અને વસ્તુપાલ તેજપાલનાં ઔદાર્ય ને મુત્સદ્દીગીરીનાં એણે દર્શન કર્યાં. નૃત્ય ને ગીત, રસ ને ઉલ્લાસથી એની દિશાઓ ગાજતી

અદ્ભુત સ્થાપત્યે એને સૌંદર્યના સત્ર સરખી બનાવી દીધી હતી 'અશેષવિદ્યાપારંગ' શ્રી. દીર્ઘાચાર્ય તપોનિધિ (ઈ. સ. ૯૯૫) ના સંસ્કારોએ, કૌલ કવિ ધર્મની કૃતિઓએ, અભયદેવસૂરિ જેવાના વિવાદોએ, બિલ્હણ જેવાના આર્ત ઊર્મિકથનોએ અને શ્રીપાલથી સોમેશ્વર સુધીના કવિઓની કાવ્યસમમૃદ્ધિએ એને સંસ્કારી કરી. પણ એ બધામાં બે હતા શ્રેષ્ઠ: એક શૌર્ય ને વ્યવસ્થાનો સ્વામી જેણે ગુજરાતમાં રાજકીય ઐકય સ્થાપી સ્વરૂપ આપ્યું, અને બીજા સાહિત્યના સ્વામી જેણે ગુજરાતને કલ્પી શબ્દમાં ઉચ્ચારી, ને સાહિત્ય વડે સરજી તેને અસ્મિતા આપી. સિદ્ધરાજ ને હેમચંદ્રને એક કરતું સિદ્ધહેમ એ માત્ર વ્યાકરણ નથી, ગુજરાતનું જીવન ઝરણું નીસારતી દ્વયાશ્રયી ગંગોત્રી છે.

( અનુસંધાન પૃષ્ટ ૫ ઉપર )

# નોંધ અને ચર્ચા.

## ડોકટરોના સન્માન!

છાપા કહે છે અને વાત સાચી જણાય છે કે આપણા શાસન રસિક બંધુઓએ પાંચેક સંસ્થાઓના આશ્રય હેઠળ જાહેર મેળાવડો કરી ડો. ટી. એ. શાહ આદિને અભિનંદન આપ્યું. એક સમય એ પણ હતો કે ડોકટરી લાઇન સામે એજ બાંધવો તરફથી વંટોળનો ભીષણ વાયુ ચઢાવવામાં આવ્યો હતો અને એમાં કોઇપણ ખાસ હેતુ સિવાય શ્રી મહાવીર જૈન વિદ્યાલયને હોમવામાં આવ્યું હતું! ડોકટરી લાઇનમાં જનાર જૈન વિદ્યાર્થી વિદ્યાલયના મકાનમાં રહે એ ગંભીર પાપ તરિકે ઓળખાવનાર એ બંધુઓ આજે પોતાના હાથે શું કરી રહ્યાં છે તેનો નિષ્પક્ષરીતે વિચાર કરશે તો જણાશે કે એ વટોળ સર્જવામાં પોતે કેવા અંધારે અથડાતા હતાં. દોષ કે પાપની વિચારણા ન કરવી, કિંવા અમુક જાતના શિક્ષણમાં એનુ પ્રમાણ નથી એવું અમારૂં કહેવું નથી. જે પર ભાર મૂકવાનો છે એ તો એજ છે કે વિદ્યાલયના સ્થાનને એ સાથે કયા પ્રકારનો સંબંધ છે એ જોવાનું છે. સાથો સાથ એ પણ વિચારવાનું છે કે એ જાતના શિક્ષણમાં પારંગત થનાર જૈન હૃદય સાધુધર્મ પ્રતિ કે એ પવિત્ર સંસ્થામાં રહેનારને દરદના ભોગ બનનાર તરફ કેવા બહુમાન ને ભાવથી જુવે છે! દરેક ક્રિયાનો વિચાર લાભા લાભની વિશાળ દ્રષ્ટિયે કરવાનો છે. વળી એ સાથે સાધુને ગ્રહસ્થ જીવનના પગથીઆ પણ ધ્યાનમાં લેવાના છે. કેવળ ડોકટરી લાઇન પર શ્રાપ વરસાવવા કે વિદ્યાલય જેવા પવિત્ર સ્થાનને દેડકા મારવાના સ્થળનું વિશેષણ આપવું અને અકારણ કોળાહળ જન્માવી ખોટો સંક્ષોભ પેદા કરવો એ શોભાજનક નથી. ઉપરના મેળાવડાથી એ વાત મોડી મોડી પણ સમજાવા માંડી છે એમ પુરવાર થાય છે એ આનંદનો વિષય ગણાય. આવી જ રીતે દેશ-કાળ ઓળખવામાં આવે તો ઘણા માલ વગરના મતફેરો તો જોત જોતામાં નષ્ટ થઇ જાય.

## અખિલ હિંદ જીવદયા દિન.

જ્યારથી જીવદયા પરિષદનું અધિવેશન મુંબઇમાં મળ્યું હતું ત્યારથી ચૈત્ર શુકલ ત્રયોદશી અર્થાત્ અહિંસાના મહાન્ ફિરસ્તા પ્રભુ શ્રી મહાવીરદેવનો જન્મ દિવસ જીવદયા દિન તરિકે ઉજવવાની પ્રથા શરૂ થઇ છે અને વખત જતાં એ વધુ યશસ્વી બનતી જાય છે. એનો વિસ્તાર જુદા જુદા ભાગમાં વધતો જાય છે એ આનંદનો વિષય હોઇ, જૈન સમાજે એ માટે ખાસ આગળ આવી વધુ ખંતથી એમાં ફાળો આપવાની અગત્ય છે. આ વર્ષે એ અંગે મળેલી જાહેર સભામાં જે કેટલાક ઠરાવો કરવામાં આવ્યા છે તે ખાસ ધ્યાન ખેંચે તેવા હોઇ, ભૂત દયાની નજરે અતિ અગત્યના છે એટલુંજ નહિંપણ દેશના પશુધનની રક્ષા અર્થે અતિ આવશ્યક છે.

૧ ખોરાક, ફેશન, શિકાર, વિજ્ઞાન નિમિત્તે અને ધર્મને બ્હાને ચાલતી ભયંકર કતલ અટકાવવા સંબંધી.

૨ દુધાળાં તથા ખેતીને ઉપયોગી જાનવરોની કતલ બંધ કરવી તેમજ દેવીઓને ધર્મને નામે અપાતાં પશુ બળિદાનોની પ્રથા અટકાવવી.

૩ શીતળાના રોગો સ્હામે રક્ષણ આપવા માટે વાછરડાંની રસી મુકવાના કાયદામાં સુધારો કરવો.

અત્રે કહેવાનું એ છે કે જો હૃદયના ઉમળકાથી પ્રચાર કરવામાં આવે અને યુક્તિ પુરસ્સર વાત રજુ કરવામાં આવે તો આજનો યુગ અનુકુળ હોઇ કામ જલ્દી પાર પાડે તેવો છે. જુદી જુદી સંસ્થાઓએ અને જાણીતા નેતાઓએ આ ઠરાવો કરી સંતોષ ન પકડતાં એ પાછળ મંડયા રહેવાનું છે.

## પ્રાચીનતા અને કળાકૃતિના સંરક્ષણ.

પાટણ મુકામે હેમસત્ર પ્રસંગે શ્રી ધુમકેતુએ જે ચીમકી જૈનોને ઉદ્દેશી આપી છે તે તરફ ખાસ ધ્યાન આપવાની જરૂર છે. જૈન સમાજમાં આજે પણ અઢળક ધન ખરચાય છે અને દાનવીરો મોજુદ છે. એવા સમયે જગત્‌ને આશ્ચર્ય પમાડે તેવી કળાકૃતિઓ જો નષ્ટપ્રાય થતી હોય તો એ આપણા માટે ઓછા દુઃખનો વિષય નથી.

શ્રી ધુમકેતુના કથનનો ભાવ એવો હતો કે—'આબુના પ્રસિદ્ધ દેવાલયમાં એક નર્તકીની કળાદર્શક સુંદર પ્રતિકૃતિ પહેલીવાર જોવામાં આવી આસપાસનો ભાગ ખંડિત હતો તે સુધરાવતાં આ પુત્તળી કેવી રીતે કહાડી લેવાઈ તે હજી સુધી અંધારામાં છે જ્યારે બીજીવાર હું એ કળાના ધામમાં ગયો ત્યારે એને સ્થાને તદ્દન નવિન આકૃતિના દર્શન થયા કળાનો પેલો સુંદર નમૂનો કયાં ચાલ્યો ગયો તેનો પત્તોજ ન મળે! સાળવી કોમ કે જે જૈન ધર્મ પાળે છે અને જેમણા હાથમાં પટોળા વણવાની સુંદર કળા મોજુદ છે એ જ્ઞાતિના બે બંધુઓ પોતાની કારીગરીનો જ્યારે કોઇ ગ્રાહક ન દેખાયો ત્યારે ઠેઠ મદ્રાસ સુધી પહોંચ્યા પટોળાના સુન્દર નમુના એક અંગ્રેજ સાહેબ સમક્ષ ધર્યા અને આજીવિકા માટે કેવો પરિશ્રમ સહ્યો તેનો ખ્યાલ આપ્યો આજે એ ઉભય બંધુમાંથી એક પણ મોજુદ નથી. પટોળાનો હુન્નર મૃત્યુ મુખમાં જઈ પડયો છે. એ પાછળ હજુ પણ મંડયા રહેનાર ભાઈ લહેરચંદની અડગતા પ્રશંસનીય છે.'

ઉપરના બન્ને પ્રસંગો ખરેખર જૈન સમાજ માટે અને એના શ્રીમંતો માટે સાચેજ આંખ ઉઘાડે તેવા છે કદાચ કળાના નવસર્જન તેમના હાથે ન થય તો કંઈ નહિં પણ આજે જે અવશેષ રૂપે મોજુદ હોય તેના સંરક્ષણ તો અવશ્ય થવાજ ઘટે બસો અને ત્રણસોની સાડીઓ ખરીદનાર માટે સો સવાસોના પટોળાએ કોઈ મોટી ચીજ નથી. કળ કૃતિના એ હુન્નરને જીવંત રાખવો હોય તો-સ્વામીભાઇના નાતે એ ગૌરવમાં ભાગ પડાવવો હોય તો-જરૂર થોડો ભોગ આપવા કેડ કસવી જોઇએ. જીર્ણોદ્ધાર પ્રસંગે પુરાતન કળા સાચવી રાખવા ખાસ લક્ષ આપવું ઘટે.

## હેમ સારસ્વત સત્ર.

આ પ્રસંગ ગયા અઠવાડીએ પાટણ મુકામે ઘણીજ ધામધૂમ પૂર્વક ઉજવાઈ ગયો, આ પ્રસંગે મુંબઇ સરકારના ગૃહસચીવ શ્રી. કનૈયાલાલ મુનશી ઉપરાંત ઘણા જાણીતા ગૃહસ્થોએ ભાગ લીધો હતો. આ પ્રસંગને વધુ ઓજસ્વી બનાવે તેવું એક કાર્ય-શ્રી. હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરની યોજના ગણી શકાય. આ યોજનાથી પાટણમાં સંઘરાયેલાં મહામુલાં જૈન પુસ્તકો પ્રકાશમાં આવશે તેમજ સુરક્ષિત રીતે સચવાઇ રહેશે. સાહિત્ય પરિષદની બેઠક પણ આ દિવસો દરમ્યાન પાટણ મુકામે મલી હતી જૈનોમાં જાણીતા આગેવાન શ્રી. હેમચંદ મોહનલાલ ઝવેરીએ પોતાના પીતાશ્રીના સ્મરણાર્થે જ્ઞાનમંદિરની યોજના કરી છે.

## શ્રી કોન્ફરન્સ કેળવણી પ્રચાર સ્થાનિક સમિતિ–મુંબઇની સભા.

### ચાલુ વર્ષમાં પણ ગયા વર્ષ માફક યોજના ચાલુ રાખવાનો કરેલો નિર્ણય.

ઉપરોક્ત સમિતિની એક સભા ગઇ તા૦ ૬–૪–૩૯ ના રોજ રાતના ૮ાા વાગે કોન્ફરન્સ કાર્યાલયમાં શ્રી. લહેરૂભાઇ ચુનીલાલ કાટવાળના પ્રમુખપણા નીચે મળી હતી.

આ સભામાં જુના સભ્યો ઉપરાંત નીચે જણાવેલી સંસ્થાઓના પ્રતિનિધિકોએ હાજરી આપી હતી.

૧ શ્રી. લહેરૂભાઈ ચુનીલાલ કાટવાળ, પ્રતિનિધિ—
શ્રી પાટણ જૈન મંડળ બોર્ડીંગ.

૨ શ્રી. પ્રાગજી વીરજી શાહ, પ્રતિનિધિ—
શ્રી જામનગર ઓશવાલ તરૂણ સંઘ.

૩ શ્રી. અંબાલાલ લલુભાઇ પરીખ, પ્રતિનિધિ—
શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.

૪ શ્રી. જેઠાલાલ જે. ઝવેરી, પ્રતિનિધિ—
શ્રી ખંભાત જૈન મિત્ર મંડળ.

સમિતિએ સર્વાનુમતે ઠરાવ્યું કે—

૧ ગયા વર્ષની માફક આ વર્ષ પણ સમિતિનું કામ ચાલુ રાખવું. અને ઓછામાં ઓછા ૭૫૦) રૂપીયા ભેગા કરવા.

૨ નવા વર્ષમાં મંત્રીઓ તરીકે શ્રી. મનસુખલાલ લાલન અને કેસરીચંદ જેસંગલાલને ચુટવામાં આવ્યા.

૩ ઉપર જણાવેલા પ્રતિનિધિઓ ઉપરાંત નીચેની સંસ્થાઓ તરફથી પ્રતિનિધિઓના નામો આવ્યાં હતાં જે મંજુર રાખવામાં આવ્યાં હતાં.

૧ શ્રી જૈન સ્વયંસેવક મંડળ પ્ર—તલકચંદ કાનજી કપાસી.
૨ શ્રી દાદર જૈન મંડળ પ્ર.—દીપચંદ કેવળચંદ શાહ.
૩. ખંભાત પોરવાળ જૈન મંડળ પ્ર—વાડીલાલ જેઠાલાલ શાહ.

બાદ પ્રમુખનો આભાર માની મીટીંગ વિસર્જન થઇ હતી.

| | |
|---|---|
| **સમિતિ કાર્યાલય.** | **મનસુખલાલ હીરાલાલ લાલન** |
| ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, | **કેસરીચંદ જેસીંગલાલ શાહ.** |
| **મુંબઇ.** | માનદ્ મંત્રીઓ, |

શ્રી કોન્ફરન્સ કે. પ્રચાર સ્થાનિક સમિતિ, મુંબઇ.

---

## અમૃતનો છંટકાવ.

યુગબળને જે પ્રજા પીછાનીને તે પ્રમાણેની ક્રાન્તિને અપનાવશે નહીં. તેનો સત્વર અંત આવી જશે

આપણે સુસંસ્કારોની માંગલિક અને કુસંસ્કારોના વિનાશની પણ નોબત સાથેજ બજાવવાની છે અને તે પણ જોરશોરથી બજાવ્યે છૂટકો છે.

સત્યતા, નમ્રતા, મક્કમતા, દ્રઢતા, નિર્ભયતા, સહનશીલતા, ધૈર્યતા, સ્નિગ્ધતા (સ્નેહ) થી તાકાત આવે છે. અને તાકાતથી ઇષ્ટસિદ્ધિ અવસ્ય પ્રાપ્ત થઇ શકે છે.

પ્રજાનું ત્રીજું લોચન ઘડીકમાં ખુલ્લી જતું નથી અને ખુલે છે તો તેનો તાપ ખાળનારી ભલભલી યુક્તિઓ પણ નિષ્ફળ નીવડે છે.

## પીહુંડ યાને પૃથૂદક કયાં આવ્યું?

### ઇ. સ. પૂર્વે પીહુંડ યાને પૃથૂદક નામના શહેરપર જૈન મહારાજા ખારવેલની ચઢાઇ સંબંધી નોંધ હાથી ગુફાના લેવામાં આવે છે.

આ શહેર અને જૈનોના ઉત્તરાધ્યયન ૨૧, ૧–૪ સૂત્રમાં "પીહુંડ" નામના શહેરનું જે વર્ણન કરવામાં આવેલ છે તે માટે ડો. સીલ્વનલેવી એ જે મત આપ્યો છે. તે માટે ભૌગોલિક દ્રષ્ટિએ અભ્યાસ કરવાની ખાસ આવશ્યકતા છે. પાશ્ચાત વિદ્વાનોની શોધખોળ પરથી હિંદના પૌર્વાત્યના અભ્યાસીઓએ એકજ અનુમાન પર આવી જવું તે ખરેખર સાહસ ખેડવા જેવું છે. જે માટે હીંદના અભ્યાસીઓએ પુરતો અભ્યાસ કરવાની ખાસ જરૂર છે

ડો. સીલ્વન લેવીએ પીહુંડ શબ્દનો અર્થ પીતીન્દ્ર કરી જણાવેલ છે કે–અંગદેશની રાજ્યધાની ચંપાનો એક વ્યાપારી પીતીન્દ્રમાં રહેતો હતો. આ પીતીન્દ્ર તે હાથીગુમ્ફા માટેના ખારવેલ મહારાજાના શિલાલેખમાં પીથુડ તરીકેનો ઉલ્લેખ થયેલ છે તે બન્ને એકજ છે. તેમ પ્રખ્યાત ખગોલવેતા ટોલેમી એ "મૈઝોલાઇ" ના વિસ્તાર તરીકે પીતીન્દ્રને ઓળખાવેલ છે. "મેઝોલાઇ" શબ્દ મૈઝોલસ નદી ઉપરથી નીકળેલ છે. મૈઝોલસ નદી એટલે ગોદાવરી અને કૃષ્ણા નદીના મૂખોનો પ્રદેશ. આ પ્રદેશમાં નાગવલી નદી ને લાંગુલીઆ પણ કહેવાય છે. ચીકટકોલ શહેર એ નદી ઉપર આવેલું છે. (Mar LYII, 29) લાંગુલી નામનો સંબંધ લાંગુલ એટલે હળ સાથે રહેલ છે. ખારવેલ મહારાજાના અસામાન્ય દંડનું એ શબ્દથી ચિરસ્થાયી રીતે સ્મરણ થઇ શકતું હોય તેમ ભાસે છે.[૧]

[૧] Ancient India Ptolemy. By Mecrindle S. N. Majumdar P. 386-87.

પીતીન્દ્ર ને પૃથુદક તરીકે ડો. સીલ્વન લેવીએ ઉપર જો આપેલ છે અને ટોલેમી નામના પ્રવાસીનો આધાર બતાવેલ છે તે વાસ્તવીક નથી.

હાથીગુમ્ફાના શિલાલેખમાં "પીથુદક" શબ્દનો જે ઉલ્લેખ થયેલ છે તેની સાથે "પૃથૂદક" શબ્દ મેળવી એ તો એકજ મળી શકે તેમ છે. આ શહેરને વર્તમાન પેહોઆ નામથી ઓળખાવવામાં આવે છે જે સારાસુતી નદિના દક્ષિણ કીનારા પરવસેલ અને સ્થાનેશ્વરની પશ્ચિમમાં ચઉદ માઇલના અંતરે આવેલ છે તે સ્થાન પ્રખ્યાત પ્રીથુ ચક્રવર્તિના શબ્દમાંથી મેળવે છે.[૨] ખારવેલ મહારાજા ચક્રવર્તિપદ પ્રાપ્ત કરેલ જે આ શિલાલેખપરથી જોવામાં આવેલ છે. [૨] Cunninghams Ancient Geography of India P. 385 and P. 666

કાવ્યમિમાંસા પૃષ્ટ. ૯૩ માં બતાવેલ છે કે—पृथूदकात् परत: उत्तरापथ:

લે.—**નાથાલાલ છગનલાલ શાહ.**

---

**અમદાવાદમાં જ્ઞાનમંદિર**—જામનગરનિવાસી શ્રી. શાંતિદાસ ખેતસીભાઇએ અમદાવાદમાં એક જ્ઞાન મંદિર સ્થાપવાનું નક્કી કર્યું છે, અને તેને માટે તેણે રૂપીઆ એક લાખની સખાવત જાહેર કરી છે એમ જાણવામાં આવ્યું છે. શ્રી. શાંતિદાસભાઇની બીજી સખાવતો પણ જાણીતી છે.

## શ્રી વીર જયંતિનો સાર—
## યાને
# દૃષ્ટિ તેવી સૃષ્ટિ.

સંસ્કૃતમાં એક સુભાષિત છે કે એક વસ્તુને-જુદા જુદા વિચારવાળા નિરખે છે અને પોતાની કલ્પના પ્રમાણે તેને માની લ્યે છે. આ માટે ભાષામાં પણ કહેવત છે કે. "સુથારનું મન બાવળીયે." પ્રસિદ્ધ ઉક્તિ પણ વદે છે કે **યથા દૃષ્ટિ તથા સૃષ્ટિ** મતલબ કે-એકજ બાબતને ભિન્ન ભિન્ન રંગના ચશ્માં ચડાવીને જોવાથી તે ચીજ ભિન્નરંગી દેખાય છે. એવુંજ લગભગ પ્રત્યેક બાબત માટે હોય છે.

આ વખતે શ્રી વીરજયંતિ મહોત્સવ ગોડીજીના ઉપાશ્રયમાં ઉજવાયો હતો. તેમાં કેટલાક વક્તાઓએ જે ભાષણો કર્યાં હતાં તેની સવિસ્તર નોંધ તો મેં નથી રાખી. પણ જે યાદ છે તે ઉતારવા યોગ્ય હોઇ અત્રે રજુ કરૂંછું શ્રી વીર જન્મ પ્રસંગો વિષે બોલતાં પણ વક્તાઓના મનનો તાગ તેમના વચનમાંથી લઈ શકાય છે. તેઓ અસંગત કે અયોગ્ય બોલ્યા છે એમ લખવાનો અત્ર આશય નથી પણ વક્તાનું ખાસ માનસ દર્શાવવા સર્વેના શબ્દોમાંથી થોડા થોડા ઉતારા અત્રે મૂકવામાં આવે છે આ સત્ય પણ હળવા વિનોદ માટે કોઇ ભાઇ માઠું ન લગાડે એ વિનંતિ છે.

**શ્રી. મોહનલાલ ચોકસી:—**મરીચીના ભવમાં મહાવીર દેવના જીવે જે ગોત્રમદ કર્યો હતો તેથી અનંત સંસાર વધાર્યો છે એ જાણીતી વાત છે. આ વાત અત્યારે પણ લાગુ થાય છે. અમે શ્રીમાલી, અમે પોરવાળ, અમે ઓશવાલ વિગેરે અહંભાવમાં સાર નથી!

**શ્રી. મણીલાલ જેમલભાઇ:—**મને તો જણાય છે કે આપણા બાળકો જ્યાં સુધી નિર્બળ રહેશે-કસરત નહિં કરે ત્યાં સુધી સમાજનો અભ્યુદય થવાનો નથી. માટે આપણી કસરતશાળાનો બરાબર લાભ લેવાવો જોઇએ!

**શ્રી. રાજપાળ મ૦ વ્હોરા:—**અહિંસા મૂર્તિ શ્રી મહાવીર ઉપર આજે માંસાહારનો જે આક્ષેપ મૂકાય છે એ જૈન સમાજજ નીભાવી લ્યે. રંગુનમાં જઇને તપાસો તો માલુમ પડશે કે બુદ્ધદેવ ઉપર આક્ષેપ કરવાથી હુલ્લડોની પરંપરા ચાલી રહી છે. ગૃહસ્થો, આમ કહીને હું તમારી લાગણીને ખોટી રીતે ઉશ્કેરવા નથી માગતો પણ શ્રી ભગવતીજીમાં અને શ્રી સ્થાનાંગમાં લખ્યું છે કે શુદ્ધ આહાર દેવાથી ગાથાપત્ની રેવતીએ દેવાયુ અને તીર્થંકર નામ કર્મ બાંધેલ છે. તો પછી ત્યાં માંસાહાર સંભવેજ કેમ?

**શ્રી. વાડીલાલ જેઠાલાલ:—**જૈન ધર્મ જેવા વિશાળ ધર્મમાં શી સંકુચીતતા પ્રવેશી છે? જૈનો વિના મંદિરમાં કોઇએ આવવું નહીં એવા પાટીયા તુરતજ ઉપાડી લેવા જોઇએ!

**શ્રી. લલ્લુભાઇ દીપચંદ ઝવેરી:—**શ્રી મહાવીરે અહિંસા પ્રરૂપી છે તે પૂર્ણ રીતે સમજવાની જરૂર છે. સમાજે ઉછેરેલી જીવદયા મંડલીએ આજે જીવદયા દિન રાખેલ છે. અને તેને અંગે સાંજે દિવાન બહાદુરના પ્રમુખપણા નીચે એક સભા રાખી છે તેમાં સૌ પધારજો!

**શ્રીમાન્ પ્રીતિ વિજયજી મહારાજ:—**પંચાશકજીમાં શ્રી હરીભદ્રસૂરિજી અને ટીકાકાર શ્રી અભયદેવસૂરિજી કહે છે કે-આજના દિને વરઘોડો કાઢવામાં કલ્યાણદિનની ખરી સાર્થકતા છે. સૂરિસમ્રાટે અમદાવાદમાં પાંચે કલ્યાણકના દિને વરઘોડાની યોજના કરી છે તો શું મુંબઈ તે કામ નહીં કરે?

લિ. એક વક્તા-**શ્રોતા.**

( અનુસંધાન પૃષ્ટ ૨ ઉપરથી )

એ ભાવનાનું તીવ્ર ભાન એ ગુજરાતની અસ્મિતા એ અસ્મિતા હેમચંદ્રાચાર્યની કલ્પનામાંથી પ્રગટી. બ્રહ્માના માનસમાંથી સરસ્વતી પ્રગટી હતી તેમ.

માંસ અને દારુનો નિષેધ-અમારી ઘોષણા કરાવી એમણે નૈતિક વિશિષ્ટતાનો અદ્દભુત રંગ પૂર્યો. અને સાહિત્ય શાસ્ત્ર, ને વિદ્યાની એમણે સંઘરેલી સમૃદ્ધિ વડે શિષ્યો ને સાહિત્યકારોની કલ્પના રંગી, પાટણને ગુજરાતનો આત્મા કરી સ્થાપ્યું પણ હેમચંદ્ર માત્ર કલિકાલસર્વજ્ઞ નહોતા. એણે વિદ્વાનો જીત્યા; અથાગ જ્ઞાનને વલોવી કૃતિઓ રચી. એણે ગુજરાતીઓને સંસ્કૃત સાહિત્યમાં સ્થાન અપાવ્યું. એ મુત્સદ્દીઓમાં ઘુમ્યા અને રાજ્યાધિકાર પર નૈતિક સત્તા બેસાડી. મહત્ત્વાકાંક્ષાથી ઉછળતા ગુજરાતની મહત્તાને શબ્દદેહ આપ્યો. પણ એ ઉપરાંત એ મહત્તાને કલ્પનાજન્ય અપૂર્વતાનો એણે ઓપ ચઢાવ્યો. જ્યારે એ સદ્દગત થયા ત્યારે ચાલુક્યોની જાગીર અલોપ થઇ ગઇ. વિજયી સેનાઓનું વિશ્રામસ્થાન અદૃષ્ટ થયું. વીરતા, સંસ્કાર ને સામર્થ્યથી શોભતી લોકસમૂહની કલ્પનામાંથી એક અને અવિયોજ્ય ગુજરાત બહાર પડયું.

**આ અંતરના શબ્દો નથી સુચવતા કે કલ્પિત મંજરીના પાત્ર સામે ઉભા કરાયેલા હેમસુરિ કોઇ અન્ય હોવા ઘટે અથવા તો એ જાતના ચિત્રણમાં સાચેજ દોષ છે? પણ આજે એ ચર્ચા ભૂતકાળનો વિષય બની છે. પ્રાયશ્ચિત થઇ ચુકયું છે. હેમચંદ્રસુરિના દર્શન યથાર્થરૂપે કરાયા છે એટલે હવે તો એ વિભુતિના કિંમતી ખજાનાને દેશકાળની જરૂરીયાત પ્રમાણે સ્વાંગ અર્પી વિશ્વના ચોકમાં ધરી દેવાના આવશ્યક કાર્ય પાછળ લાગી જવાની જરૂર છે. પુનઃ એ પ્રાચીનપુરીને વિદ્યાનું કેન્દ્ર બનાવી દેવાની પળ આવી ગઇ છે.**

# આત્મીય એકતા.

આત્મીય એકતાજ સ્ત્રી પુરૂષના જીવનનો આદર્શ હોવો ઘટે. બન્નેએ વિચાર સમન્વય કરતાં શીખવું જોઇએ. આર્ય રમણીમાં જે સેવા પરાયણતા અને સ્વાર્પણ ભાવના હોય છે-પતિ સાથે તદ્દરૂપ થવાની ભાવના હોય છે–તે ભાગ્યેજ બીજે કયાંક નજરે પડશે કોણ કહે છે આર્ય સ્ત્રી પીડિત છે? શોષિત છે? દબાયેલી છે? કચડાયેલી છે? જ્ઞાનપૂર્વકનું-સમજપૂર્વકનું સ્વાર્પણ એ આદર્શ અતિ ઉત્તમ છે. માતૃભૂમિની ખાતર હોમાઈ જવું એનું નામ માતૃભૂમિની ગુલામી નથી. તેમ પત્ની પતિની પાછળ પોતાનું સ્વત્વ ભૂલે એને પરવશતા કહેવી એ નરી મૂર્ખાઇ છે. એમાં સ્ત્રી જાતિની સેવા પરાયણતાની અને સ્વાર્પણની ભાવનાની હાંસી છે.

( વીર દયાળદાસ. )

# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

## ધાર્મિક પરીક્ષાઓના પરિણામ.

[બોર્ડ દ્વારા ગત્ તા૦ ૨૫-૧૨-૩૮ ને રવીવારના રોજ લેવામાં આવેલી **શ્રી. સારાભાઇ મગનલાલ મોદી** પુરૂષવર્ગ અને **અ. સૌ. હીમઈબાઈ મેઘજી સોજપાળ** સ્ત્રીવર્ગ ધાર્મિક હરીફાઇની ઇનામી પરીક્ષાઓના કેટલાક ધોરણોના પરિણામ નીચે આપવામાં આવે છે.]

### (ગતાંકથી આગળ)

**સ્ત્રી ધોરણ ૧ લું**-પરીક્ષીકાઃ-શ્રી. લીલાવતીબેન દેવીદાસ કાનજી, મુંબઇ.

| નંબર | નામ. | સેન્ટર. | માર્ક. | ઇનામ. |
|---|---|---|---|---|
| ૧ | કાંતાબેન અમૃતલાલ શાહ | મુંબઇ (માં. જૈ. ક.) | ૭૪ | રૂા. ૧૫) |
| ૨ | કમળાબેન ભોગીલાલ | મુંબઈ | ૬૫ | રૂા. ૧૦) |
| ૩ | લખમીબાઈ પાસુભાઇ શાહ | બારશી | ૬૧ | રૂા. ૮) |
| ૪ | કંચનબેન પોપટલાલ કુબેરદાસ | અમદાવાદ (જૈ. શ્રા. શા.) | ૬૦ | રૂા. ૫) |
| ૫ | જાસુદબેન કચરૂલાલ | બારશી | ૬૦ | રૂા. ૫) |
| ૬ | ચંપાબેન નાગશી શાહ | બારશી | ૬૦ | રૂા. ૫) |
| ૭ | મંગુબેન બકોરદાસ | ખંભાત | ૫૪ | રૂા. ૩) |
| ૮ | શારદાબેન રતિલાલ પટવા | વિરમગામ | ૫૧ | રૂા. ૨॥ |
| ૯ | રાજીમતીબેન ગુલાબચંદ વખારીઆ | બારશી | ૫૧ | રૂા. ૨॥ |
| ૧૦ | હસમુખબેન ઉજમશી | ખંભાત | ૪૭ | |
| ૧૧ | આકાતાઇબેન રાવજી શાહ | નિપાણી | ૪૬ | |
| ૧૨ | સવિતાબેન મોહનલાલ | ખંભાત | ૪૪ | |
| ૧૩ | કુસુમબેન નાનચંદ ગાંધી | નિપાણી | ૪૪ | |
| ૧૪ | વિમળાબેન ભાઇચંદ શાહ | ભાવનગર | ૪૪ | |
| ૧૫ | ચંપાબેન બાપુચંદ દોશી | નિપાણી | ૪૩ | |
| ૧૬ | શારદાબેન વલ્લભદાસ ત્રિભોવનદાસ | ભાવનગર | ૪૩ | |
| ૧૭ | સરસ્વતીબેન વેલચંદ જેઠાભાઇ | ,, | ૪૧ | |
| ૧૮ | વિદ્યાબેન ખીમચંદ શાહ | આમોદ | ૪૦ | |
| ૧૯ | પુષ્પાબેન પાનાચંદ | ભાવનગર | ૪૦ | |
| ૨૦ | કેશરબાઇ કચરૂલાલ શાહ | બારશી | ૩૮ | |
| ૨૧ | મધુરીબેન ફુલચંદ શાહ | ભાવનગર | ૩૬ | |
| ૨૨ | શાંતાબેન ગિરધર કુબેર શાહ | ,, | ૩૫ | |
| ૨૩ | ચંદ્રાવતીબેન શામજી હેમચંદ દેશાઇ | ,, | ૩૫ | |
| ૨૪ | વિજયાબેન પરમાણુંદ શાહ | ,, | ૩૪ | |
| ૨૫ | તારાબેન અમરચંદ જેઠાભાઈ | ,, | ૩૩ | |

**પુરૂષ ધોરણ ૫ પ્રથમ વિભાગ 'ક' ખંડ**-પરીક્ષકઃ-પંડિત દરબારીલાલજી સત્યભક્ત, વર્ધા.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | તિલકચંદ | ગુજરાનવાલા | ૬૨ | રૂા. ૨૦) |
| ૨ | હજારીલાલ | ,, | ૬૦ | રૂા. ૧૦) |
| ૩ | વસંતિલાલ જૈન | ,, | ૫૨ | |
| ૪ | ધનરૂપમલ જૈન | ,, | ૫૦ | |
| ૫ | કેવલચંદ | ,, | ૪૩ | |

**પુરૂષ ધોરણ ૫ પ્રથમ વિભાગ 'ખ' ખંડ**-પરીક્ષકઃ-પં. શ્રી. દરબારીલાલજી સત્યભક્ત, વર્ધા.

| | | | |
|---|---|---|---|
| ૧ | સુજાનમલ | રતલામ | ૪૫ |
| ૨ | શોભાલાલ | છોટીસાદડી | ૩૮ |
| ૩ | કેશરીકિશોર કેશવ | ,, | ૩૪ |
| ૪ | કલ્યાણચંદ નાગોરી | ,, | ૩૩ |

# શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

## શ્રી કોન્ફરન્સ નિભાવ ફંડ.

મુંબઇમાં મળેલા ગત્ અધિવેશનના પ્રમુખ શ્રીયુત બાબુ **નિર્મલકુમારસિંહજી નવલખા** તરફથી શ્રી કોન્ફરન્સ નિભાવ ફંડમાં ભરવામાં આવેલા રૂપીઆ ૨૦૦૧) બે હજાર એક મળ્યા છે તે અત્યંત આભાર સહિત સ્વીકારવામાં આવે છે.

## શ્રી સુકૃત ભંડાર ફંડ.

આ ફંડમાં તા૦ ૧૪-૧૨-૩૮ થી ૬-૪-૩૯ સુધીમાં નીચેની રકમો પ્રાપ્ત થઈ છે તે આભાર સહિત સ્વીકારવામાં આવે છે.

૭-૦-૦ **શ્રી જૈન સંઘ સમસ્ત સાદરા** હા. શેઠ કાલીદાસ દેવચંદ.
૨-૦-૦ શ્રી ઉમેદચંદ ડી. બરોડીઆ દ્વારા.
૫-૦-૦ **શ્રી ખંભાત વીસા પોરવાડ જૈન યુવક મંડળ** હા. શ્રી વાડીલાલ જેઠાલાલ શાહ, મુંબઈ.
૫-૦-૦ શ્રી જમનાદાસ ચતુરદાસ શાહદ્વારા.
૩૫-૦-૦ શ્રી વાડીલાલ મોતીલાલ શાહ, મંત્રી શ્રી કોન્ફરન્સ કેળવણી પ્રચાર **બોરસદ સમિતિ** દ્વારા.
૧૪-૦-૦ મેસર્સ ભાઇચંદ અમુલખની કંપની-મુંબઈ.

## શ્રી શૌર્યપુર તીર્થ મદદ.

કોન્ફરન્સ દ્વારા મંજુર થયેલા રૂા. ૫૦૦) પાંચસો શ્રી શૌર્યપુર તીર્થ જૈન શ્વેતાંબર કમિટી આગરાને મોકલી આપવામાં આવ્યા છે.


**તમારા ઘર, લાઇબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ**

**જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો.**

**રૂા. ૧૮-૮-૦ ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭-૮-૦ માં ખરીદો.**

| | અસલ કિંમત | ઘટાડેલી કિંમત. |
|---|---|---|
| શ્રી જૈન ગ્રંથાવલી | રૂા. ૩-૦-૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન મંદિરાવલી | રૂા. ૧-૮-૦ | ૦-૮-૦ |

જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃતઃ—

| | | પૃષ્ટ. | |
|---|---|---|---|
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો | રૂા. ૫-૦-૦ | ૧૦૦૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો | રૂા. ૩-૦-૦ | ૮૫૦ | ૧-૮-૦ |
| શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ | રૂા. ૬-૦-૦ | ૧૨૫૦ | ૩-૦-૦ |

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા. ૪-૦-૦ માંજ.

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખોઃ—**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ,**
૨૦, પાયધુની—**મુંબઇ, ૩.**

# —: મારી શીખરજીની યાત્રા. :—

મારા પ્રવાસ દરમ્યાન વીસ તીર્થંકર ભગવાનોની મહાન નિર્વાણ ભૂમિ શ્રી શિખરજીની યાત્રા કરવાનું મેં નક્કી કર્યું, અને તા. ૬-૩-૩૯ ના રાતના પારસનાથ સ્ટેશને પહોંચ્યો. ત્યાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી એક નાનીશી ધર્મશાળા છે તેમાં ઉતર્યો. અહિં વ્યવસ્થા રાઇસાહેબ રૂદ્રપ્રસાદજી કે જેઓ પારસનાથ પહાડના મેનેજર છે તેઓ બહુ સુંદર રીતે કરે છે; અને યાત્રીઓને કશી અગવડ પડતી નથી સવારના લગભગ સાડા નવ વાગે મોટર દ્વારા મધુવન તરફ પ્રયાણ કર્યું. પારસનાથ સ્ટેશનથી મધુવન ચૌદ માઈલ દૂર થાય છે. મોટર ભાડાના સવારી દીઠ દસ આના પડે છે. લગભગ અર્ધો કલાકમાં મધુવન પહોંચ્યો. મધુવનમાં આપણી ભોજનશાળા ચાલે છે, અને ત્યાં દરેક યાત્રીઓ માટે જમવાની વ્યવસ્થા છે. હું ત્યાં જમ્યો રસોઇ ઠીક બને છે. પરંતુ વ્યવસ્થાની ઘણીજ ખામી છે. ખાસ કરીને ભોજનશાળાની વ્યવસ્થા જૈન શ્વેતાંબર સોસાઇટી મધુવન કે જે ઉપરના મંદિરોની વ્યવસ્થા કરે છે તેના હસ્તક છે. ઉપરોક્ત સોસાયટીના ટ્રસ્ટી એક માત્ર મહારાજ બહાદુર સિંહજી છે. તેમના દ્વારા રોકેલ મુનીમ વહીવટ ચલાવે છે. લગભગ એક સદીથી આ વહીવટ એમના હસ્તક છે, પરંતુ તેનો હિસાબ કદી બહાર પડતો નથી. તેમજ તેની કોઇ વ્યવસ્થાપક કમિટિ પણ નથી. કોઇ મુનીમને જઇને હિસાબ સંબંધી પુછે તો કહેવામાં આવે છે કે "જાવ, મહારાજ બહાદુર સિંહજીને પૂછો." આ રીતે વહીવટ ચાલતો હોવાથી લોકોને મજબુત શક છે. પેઢીના નાણાનો સદુપયોગ થતો નથી. કલકત્તા શ્રી સંઘે આ બાબત ઉપાડી લેવી ઘટે છે. અસ્તુ.

શ્રી શીખરજી પહાડની ઉંચાઇ મધુવનથી છ માઇલ થાય છે, અને બધો ચઢાવ છે. રસ્તો સારો છે. મેં તથા બીજા પણ કેટલાક યાત્રીઓએ પરોઢીએ ત્રણ વાગે ઉપર ચઢવાનું શરૂ કર્યું. બન્ને બાજુ ગહન જંગલ, સુંદર વનસ્પતિ અને જાત જાતના પુષ્પોની સુગંધ બ્હેકી ઉઠે છે. આ નૈસર્ગિક સૌંદર્ય નીહાળી આત્મા પ્રફુલ્લિત થયો. લગભગ છ વાગે અમે બધાં ગૌતમ સ્વામીની ટુંકે પહોંચ્યા. ત્યાં તેઓશ્રીના ચરણ પાદુકાના દર્શન કરી કૃત્ય કૃત્ય થયા. ત્યાર બાદ વીસ તીર્થંકર ભગવાન કે જેઓનું અહિં નિર્વાણ કલ્યાણક છે તેઓશ્રીના ચરણ પાદુકાઓના જુદી જુદી ટુંકે જઇ દર્શન કર્યાં. રસ્તામાં મોહનલાલ ચુનીલાલ ધામી કે જેઓ જાણીતા લેખક, કવિ અને કથાકાર છે તેમણે નવા સ્તવનો લલકારી ભક્તિ ભાવમાં વૃદ્ધિ કરી. રાજકોટના સત્યાગ્રહના તેરમા સરમુખત્યાર શ્રીયુત છોટાલાલ હેમચંદ પટ્ટણી પણ અમારી સાથે હતા. ત્યાર બાદ જલમંદીરમાં પૂજા કરી અમે નૈસર્ગિક સૌંદર્યનું પાન કરતા લગભગ સાડા ત્રણ વાગે નીચે આવ્યા. અહિં ન્યાયતીર્થ, ન્યાયવિશારદ ઉપાધ્યાયજી મહારાજ શ્રી મંગલ વિજયજી મહારાજ તથા મુનીરાજ શ્રી પ્રભાકર વિજયજી મહારાજશ્રીની મુલાકાત થઇ. તેઓશ્રી સરાક જાતિ કે જે આધુનિક જૈનોની જાતિથી સૌથી પુરાણી જાતિ છે અને જેમના ગોત્ર આદિ દેવ, ધર્મ દેવ; પાર્શ્વનાથ દેવ, ગૌતમ દેવ આદિ છે તેમના સંબંધી ખુબ વાતચીત થઇ. ભગવાન મહાવીર અને ગૌતમસ્વામી આ ભૂમિમાં ખુબ વિચર્યા છે. તેઓશ્રીના પચાસ હજાર શિષ્યો મગધની ભૂમિને પાવન કરતા હતા. એટલે અહિં પુરાણા શ્રાવકો હોવાજ જોઇએ. તે માટે શ્રીયુત બાબુ બહાદુરસીંહજી સીંઘીએ અંગ્રેજ લેખકોના ડીસ્ટ્રીક્ટ ગેજેટોમાં બહાર પડેલ ફકરાઓને આધારે શોધ કરી સરાક એ શ્રાવક શબ્દનો અપભ્રંશ છે એમ નક્કી કરી તેની તપાસ હાથ ધરવાને પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ અને મુનિ પ્રભાકર વિજયજીને વિનંતી કરી. તેઓશ્રીએ તાત્કાલિક એ બાબત હાથ ધરી સરાક જાતિના ગામડાઓ કે જે અત્યારે બંગાલના જીલ્લાઓમાં છે તે તરફ વિહાર કર્યો. રસ્તામાં અનેક સ્થળે જૈન પ્રાચીન મૂર્તિઓ તેઓશ્રીને મળી કે જે જુદા જુદા નામથી પુજાતી હતી. માનભુમ જીલ્લાના સો ગામોમાં વીરભૂમ, બાંકુરા, બંકીડાણા ઇત્યાદિ જીલ્લાઓમાં મળી કુલ ત્રણ લાખની સરાક જાતિની વસ્તી છે. બંગાલ જેવા માંસાહારી પ્રદેશમાં કે જ્યાં બ્રહ્મણો સુદ્ધાં માંસાહાર કરે છે ત્યાં સરાક જાતિ જ અણિ સુદ્ધ અહિંસક અને વનસ્પત્યાહારી રહી શકી છે. તેઓ કંદમૂળ પણ ખાતા નથી. આ જાતના એમના વંશપરંપરાના સંસ્કારો છે. લગભગ હજાર વરસથી તેઓ જૈન સાધુઓના સંસર્ગથી વંચીત છે. છતાં આ જાતનાં તેમનામાં સંસ્કારો રહ્યા છે એ આશ્ચર્યની વાત છે. તેઓ લગભગ બસો વરસ પહેલાં સમ્મેત શિખરજીની યાત્રા કરતા હતા અને ત્યાં જઇ પોતાનો મુખ્ય ધંધો જે ખેતીનો છે તેનો ત્યાગ કરતા હતા. ચોખા વિગેરે ખાંડવાની પ્રતિજ્ઞા લેતા હતા. ટુંકામાં એ લોકોની એ જાતની માન્યતા હતી કે શિખરજીની યાત્રા કર્યા પછી કોઈ પણ જાતનું ખેતી વિષયક કાર્ય થઇ શકે નહિ. તેમના ઉપર બ્રાહ્મણોનો ખુબ પ્રભાવ છે. કેળવણીના અભાવે તેઓ ખુબ વ્હેમી છે. બ્રહ્મણો અને ગોસાંઇજીઓએ આવી તેમને કંઠી બંધાવી છે. તેઓ અત્યંત ભોળા અને મમતાળુ છે. આવા અંધશ્રદ્ધાના પ્રદેશમાં સરાકોનો આત્મ જાગૃત કરવો હોય તો તેમાં વ્યવસ્થિત અને પદ્ધતિ પૂર્વક કાર્ય કરવું જોઇએ. એટલે ઉપાધ્યાયનું મહારાજે કલકત્તામાં એક જૈન ધર્મ પ્રચારક સભાની સ્થાપના કરી. તેના પ્રમુખ શ્રી બહાદુરસિંહનું સીંગી, ઉપપ્રમુખ વિજયસિંહનું નહાર તથા સેક્રેટરી તરીકે શ્રીયુત હેમચંદ સવચંદ છે. અને તેની શાખા ઝરીયામાં ખોલી તેના સેક્રેટરી તરીકે શ્રીયુત શીવલાલ કાલીદાસ અને બાબુ શ્રીયુત રાજસિંહજી જૈન છે. તેમના હસ્તક મહારાજશ્રીની દેખરેખ નીચે કાર્ય શરૂ કરવામાં આવ્યું. ઉપદેશકનું કાર્ય મહારાજશ્રી કરવા લાગ્યા અને કુમારડી બેલ્હટ દેવગ્રામ તેમનું નિશાન બન્યા. ત્યાં ઉપદેશ આપવાથી તેમનામાં જાગૃતિ આવી ને ભાન થયું કે અમે જૈનો છીએ. એટલે તેઓએ મહારાજશ્રીને જણાવ્યું કે હવે અમારાથી બીજું કંઇ થઇ શકે તેમ નથી કારણકે અમે અભણ છીએ એટલે અમારી સંતતિને કેળવો તેમના પર ધાર્મિક સંસ્કારો નાખો એટલે બસ. હું પહેલાંજ

લખી ચુકયો છું કે સરાક જાતિનો વ્યવસાય કેવળ ખેતીજ છે એટલે ખેડુતોની સ્થિતિ જે રીતે બીજા દેશોમાં છે તેના જેવી બલ્કે તેનાથી વધુ ખરાબ અહિંના લોકોની છે. એટલે તે અત્યંત ગરીબ છે મહા મુસ્કેલીથી પોતાનો નિર્વાહ કરે છે; તેમાં તેની સંતતિને કેળવણી કયાંથી અપાવી શકે? આ સ્થિતિ પ્રવર્તતી હોવાથી ફ્રી સ્કુલો ખોલવાનું નકકી કરવામાં આવ્યું અને કુમારડી ગામ કે જે મહોદાથી ચાર માઇલ અને ભોરગીયાથી બે માઈલ છે ત્યાં પહેલી સ્કુલ ખોલવામાં આવી એ ગામમાં સત્તર ઘર સરાકોના છે. પચ્ચીસ છોકરા છોકરીઓ આ સ્કુલમાં દાખલ થયા તેમને ધાર્મિક ગુરૂવંદન, ચૈત્યવંદન, ઇગ્લીશ, બંગાલી અને હિંદીનું શિક્ષણ આપવામાં આવે છે એલ્હટમાં લગભગ પચાસ ઘરો છે. અહિં પણ એક સ્કુલ ખોલવામાં આવી અને તેનો પચ્ચાસ છોકરા છોકરીઓ લાભ લઇ રહ્યા છે. અભ્યાસક્રમ અને કોર્સ લગભગ એક સરખોજ છે. દેવગ્રામ, મોહાલ, અને સિંહલીવાડીમાં પણ સ્કુલો ખોલવામાં આવી છે. આ રીતે પ્રચાર કાર્ય શરૂ કરવામાં આવ્યું. લગભગ અઢી વરસથી ચાલુ કરેલ આ કાર્યમાં લગભગ માનભૂમ જીલ્લાના એકવીસ ગામોમાં મળીને આઠસો ઘરો પોતાના પૂર્વજોના ધર્મમાં સ્થિર થયા છે. અને બીજા ત્રણ વરસના કાર્યક્રમમાં આખો માનભૂમ જીલ્લો કે જેમાં બત્રીસ હજાર સરાકોની વસ્તી છે તેઓ સંપૂર્ણ જૈનો બની જશે આ રીતે મહારાજશ્રીની સાથે ચર્ચા થયા બાદ તેઓશ્રી તરફથી મને સૂચના થઈ કે મારે લગભગ બે ત્રણ ગામોની મુલાકાત લેવી અને ત્યાંનો અભ્યાસક્રમ તથા ધાર્મિક સંસ્કારો તપાસવા. એ સુચનાને સહર્ષ સ્વીકારી મેં ત્યાં જવાનું નકકી કર્યું અને મધુવનથી પ્રથમ ભોરીંગીયા કોલીયારી ગયો અને જૈન ધર્મ પ્રચારક સભાના સ્થાનિક સેક્રેટરી બાબુ રાજસિંહજીને મળ્યો. તેમની સાથે કેટલોક પ્રાસંગીક વાર્તાલાપ થયો. બાબુ રાજસિંહજી જૈન બહુજ સુંદર આદર્શવાદી, આનંદી અને મિલનસાર સ્વભાવના ઉત્સાહી યુવાન છે. ભુરંગીયા કોલીયારીના એ માલીક છે. સરાક જાતિ ઉદ્ધારનું કાર્ય જોવાની મારી ઉત્સુકતા જોઇ તેઓ મને બતાવવા મારી સાથે આવ્યા. અમે કુમારડી ગામમાં ગયા, ત્યાં એક બેઠા ઘાટના સ્વચ્છ મકાનમાં એક સ્કુલ ચાલતી હતી. અહિં સરાક જાતિના એક માસ્તર કે જેઓ મેટ્રિક છે તેમને રોકવામાં આવ્યા છે. અહિં મને બંગાલી ભાષાનું જ્ઞાન નહિં હોવાથી બાબુ રાજસિંહજીએ ઇગ્લીશ, બંગાલી, હિંદી અને ધાર્મિક પરિક્ષા લીધી. અહિં જે છોકરા છોકરીઓ ઉપર ધાર્મિક સંસ્કારો નાખવામાં આવે છે તે ઘણાજ સુંદર અને પ્રગતિ કારક છે. જે પદ્ધતિથી કાર્ય કરવામાં આવે છે તે પદ્ધતિ ઘણીજ સુંદર અને આકર્ષક લાગી. જે રીતે મીશનરીઓ કાર્ય કરે છે તેજ પદ્ધતિ ગ્રહણ કરવામાં આવી છે. એકાદ કલાક આ રીતે તપાસ કરી અમે સ્કુલનું પાકું મકાન કે જે બાબુ ફત્તેહસિંહજી નહારે રૂપીઆ ચૌદસો ખર્ચી બંધાવેલ છે તે જોવા ગયા. હજુ આ મકાનનું વાસ્તુ થયું નથી. તેમાં સ્કુલ, મંદીર અને ઉપાશ્રયની સગવડ છે ચાર રૂમો છે. અહિં સ્કુલ બાંધવા માટેની જમીન શ્રીયુત બલરામ સરાકે ભેટ આપી છે. અમે કુમારડીમાં ગયા ત્યારે લગભગ વીસેક સરાકોએ એકત્રિત થઇ અમારૂં સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ ત્યાંથી અમે એલ્હટ ગયા. એલ્હટ એ દામોદર નદીને કાંઠે આવેલ સુંદર, સુઘડ અને સ્વચ્છ ગામ છે. અહિં લગભગ પચાસેક સરાકોએ અમારૂં સ્વાગત કર્યું. સ્કુલમાં ત્રણ માસ્તરો છે પહેલીથી પાંચમા કલાસ સુધીનું અહિં જ્ઞાન અપાય છે અને વધું અભ્યાસ માટે નવાગઢ મોકલવામાં આવે છે. અહિં હેડ માસ્તર તરીકે શ્રીયુત બાબુ હરિશ્ચંદ્ર સરાક કાર્ય કરે છે. કુમારડી કરતાં અહિંના છોકરા છોકરીઓ કંઇક વધારે સુઘડ અને વિવેકી જણાયા. હિંદી પણ કંઈક જાણે છે. એટલે હિંદીમાં મેં ચૈત્યવંદન અને ગુરૂવંદન સંબંધી પુછ્યું. મને બહુજ સંતોષકારક ઉત્તરો મળ્યા. આ છોકરાઓ કેટલાક ગુજરાતી સ્તવનો વગેરે બોલે છે, તે સાંભળી ખુબ આનંદ થયો. ત્યાર બાદ ગઈ સાલ લગભગ દસ છોકરાઓને લઇને બાબુ શ્રીયુત હરિચંદ્રજી દીવાળી ઉપર પાવાપુરી ગયા હતા તેમને સુવર્ણ ચંદ્રક અને બીજા દસ છોકરાઓને રૂપાના ચાંદ્રો આપવામાં આવ્યા. સાથે આખી સ્કુલના છોકરા છોકરીઓને નારંગીની પ્રભાવના કરવામાં આવી. આમ બે ગામોની મુલાકાતમાં સાંજ પડી. મારી પાસે ટાઇમ ન હોવાથી બીજા ગામોની મુલાકાત માંડી વાળવામાં આવી. આમ સરાક જાતિ સંબંધી આવું સુંદર કાર્ય નિહાળી પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ તથા મુનિરાજશ્રી પ્રભાકર વિજયજી મહારાજને ધન્યવાદ આપ્યા સિવાય રહી શકતો નથી. કારણ કે અહિં ગોચરી પાણી સંબંધી અને ઉપાશ્રય સંબંધી ખુબ તકલીફ છે સિવાય બંગાલી ભાષા છે. આવી પરિસ્થિતિમાં ખુબ કષ્ટો વેઠીને જે ધર્મની સેવા કરી રહેલ છે તે હૃદયથી માન માગી રહે છે. સાથે સાથે જૈન ધર્મ પ્રચારક સભા અને તેમના માનવંતા પ્રેસીડન્ટ શ્રીયુત બહાદુરસિંહજી સીંગી કે જેઓ આ કાર્યને વેગ આપવા ખુબ આર્થિક મદદ આપી રહેલ છે તેમને પણ ધન્યવાદ ઘટે છે. અત્યારે જૈન ધર્મ પ્રચારક સભા તરફથી અને પ્રાયવેટ ખર્ચ મળી વાર્ષિક છ હજારનું ખર્ચ છે. આવું એક સુંદર કાર્ય આર્થિક પરિસ્થિતિને અભાવે બહુજ ધીમી ગતિએ ચાલી રહ્યું છે. કોઇ એક લાખ રૂપીઆની સખાવત કરનાર નિકળે તો એકજ વર્ષમાં માનભૂમ જીલ્લાના બત્રીસ હજાર સરાકોમાં જ્ઞાનદીપક પ્રગટાવી શકાય તેમની કેળવણી વિષયક પ્રગતિ થાય અને ઔદ્યોકિક શિક્ષણ પણ આપી શકાય. મુનિરાજો પણ ગુજરાત છોડી બંગાલમાં વિચરે તો ઘણું ઘણું કરી શકે તેમ છે. કારણ કે અહિં ઉપદેશકોની ઘણીજ જરૂર છે. બંગાલના વર્ધમાન જીલ્લામાં ઉગ્ર જાતિ નામની એક ક્ષત્રિય જાતિ વસે છે. જેના સંબંધી કલ્પસુત્રમાં પાઠ છે કે એ જાતિમાં તીર્થંકરોનો જન્મ થાય છે. આ જાતિના બે લાખ માણસો છે. તેઓ સુખી છે. તેમના કેટલાકને પણ એ ખ્યાલ છે કે અમારા પૂર્વજો જૈનો હતા આ જાતિમાં તો ખાલી ઉપદેશકોની જરૂર છે. તેમાં આર્થિક સહાયની જરૂર નથી. મુનિરાજો જો આ અણખેડાયેલ ક્ષેત્રને ખેડે તો સમાજ, ધર્મ અને તેમને પોતાને પણ ખુબ લાભ થશે. શાસનદેવ સૌને સન્મતિ અર્પો.

—ચંદ્રકાંત.

આ પત્ર મીં૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—" HINDSANGHA."

Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રીઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમઃ—રૂપીઆ બે. છુટક નકલઃ—દોઢ આનો.

વર્ષ જુનું ૧૨ મું. નવું ૭ મું. | સોમવાર તારીખ ૧ લી મે ૧૯૩૯. | અંક ૧૯ મો.

## ઉત્થાન કે પુનરૂદ્ધાર કેવી રીતે શકય છે?

સમયના પરિવર્તન સાથે પ્રજાની ધર્મ, સમાજ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, કળા આદિ દરેક વિષયને લગતી જિજ્ઞાસા અને અભિરુચિના માર્ગો અને પ્રકારો પણ બદલાયા સિવાય નથી રહી શકતા. એક જમાનો શ્રદ્ધાયુગનો હતો કે જ્યારે જગતના સનાતન સત્યનો, આત્મસ્વરૂપનો કે કોઇ પણ પદાર્થનો નિર્ણય કરવા માટે પ્રજાને તર્ક કે દલીલોનો આશ્રય શોધવો પડતો ન હતો. તેમજ એ સનાતન સત્ય વગેરેનો પોતાના જીવનમાં સાક્ષાત્કાર કરનાર આપણા પૂર્વ પુરુષોને—તેમનાં જીવન ત્યાગ અને તપદ્વારા અતિ વિશુદ્ધ અને પારિણત હોઈ,—પોતે અનુભવેલા સનાતન સત્ય આદિના ઉપદેશના સમર્થન માટે તર્ક કે યુક્તિઓની આવશ્યકતા નહોતી પડતી. પરંતુ કાળની ક્ષીણતાને પરિણામે આત્મધર્મજ્ઞાની પુરૂષોનું આત્મિક જ્ઞાન અને તેમનાં ત્યાગતપ પાતળાં પડી જતાં તેમને પોતાના વક્તવ્યના સમર્થન માટે તર્ક અને યુક્તિઓનો આશ્રય લેવો પડયો અને એ રીતે પ્રજા પણ તેમના ઉપદેશ વગેરેને તર્ક યુક્તિ આદિ દ્વારા કસવા લાગી; જેને પરિણામે શ્રદ્ધાયુગનું સ્થાન તર્કયુગે લીધું. તર્કયુગમાં પ્રત્યક્ષ પ્રમાણનેજ મુખ્ય સ્થાન આપવામાં આવ્યું છે. આ પરિસ્થિતિમાં બીજી બાબતોની જેમ ધર્મ, તત્વજ્ઞાન, આગમ આદિને પણ પ્રત્યક્ષ પ્રમાણની શરાણ ઉપર ચડવું પડયું છે. જેમાંથી આજના ઐતિહાસિક યુગનો જન્મ થયો છે. આજના ઐતિહાસિક યુગમાં ધર્મના પ્રણેતા. તેમના અસ્તિત્વની સાબિતિ અને સત્તા સમય, તેમણે ઉપદેશેલા ધર્મતત્વો, તેમનો અનુયાયી વર્ગ અને એ વર્ગનું વિજ્ઞાન કળાકૌશલ્ય, એના રીતરિવાજ વગેરે દરેક નાની મોટી વસ્તુને પ્રત્યક્ષ મળતી ઐતિહાસિક સાબીતીઓ સાથે કસ્યા પછીજ તેની સત્યતા, યોગ્યતા, અને ગ્રાહ્યતા ઉપર ભાર મૂકી શકાય છે. આ આખી વસ્તુસ્થિતિને ધ્યાનમાં લેતાં અત્યારે નિસ્તેજ બનતા જૈન ધર્મના ગૌરવને નવેસર ઓપ ચઢાવવા માટે આપણને આપણા સમક્ષ વિદ્યમાન મહત્ત્વ ભરી પ્રાચીન ઐતિહાસિક સાબીતીઓ અને તેને લગતું વિવિધ સાહિત્ય એકત્રિત કરવા માટેના પ્રયત્નની આવશ્યકતા જણાયા સિવાય નથી રહેતી. કોઇ પણ રાષ્ટ્ર, પ્રજા, જાતિ, કે ધર્મને માટે પોતાની ઉન્નતિ સાધવાની ભાવનાનું મુખ્ય અંગ જો કાંઇ હોય તો તે માત્ર તેનો ભૂતકાલીન ઇતિહાસ છે જેમાંથી તેને અનેક સ્ફુરણાઓ મળી રહે છે. જે પ્રજાને તેનો પ્રાચીન ઉતિહાસ નથી અથવા જેને એ ગૌરવશાળી ઇતિહાસનું વાસ્તવિક જ્ઞાન નથી એ કયારે પણ પોતાનું ઉત્થાન કે પુનરૂદ્ધાર એકાએક કરી શકેજ નહિ. અને તેથીજ આપણને પુનરૂત્થાનની પ્રેરણા મળે એવા પ્રાચીન અને પ્રમાણિક ઇતિહાસને આપણે તૈયાર કરવો જોઇએ.

"ઉત્તર હિંદુસ્તાનમાં જૈનધર્મમાંથી"

उद्धाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः
न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥

—श्री सिद्धसेन दिवाकर.


# જૈન યુગ.

તા૦ ૧-૫-૩૯. સોમવાર.


## આપણી સંસ્કૃતિ.

જૈન ધર્મ એ ભારતવર્ષના પ્રાચીન ધર્મોમાં જેમ અનોખું સ્થાન ભોગવે છે તેમ જૈન સમાજની સંસ્કૃતી કેટલીક રીતે હિંદુ સંસ્કૃતિથી જુદી તરી આવે છે અને તે સકારણ છે. જૈન ધર્મનો એ સંદેશ છે કે પ્રત્યેક જૈન-દરેક અર્હંતનો ઉપાસક-સાચો વીર સંતાન ચાર ભાવનાથી વાસિત હ્રદયવાળો હોવો જોઇએ. અરે ચાર ભાવના જીવનમાં ઉતારવી એ જૈનત્વનો મુદ્રાલેખ ગણાવો જોઇએ. એ ભાવના વિહુણુ જીવન એ વીતરાગના અનુયાયીનુ તો નજ હોઇ શકે.

એ ભાવના તે મૈત્રી-પ્રમોદ-કારૂણ્ય અને માધ્યસ્થત્વ. વિશ્વના સકળ આત્માઓ સહ-અરે ક્ષુદ્ર કીટકથી લઇ મોટામાં મોટા મહારાજા કે મહાન્‌માં મહાન્ સંત સાથે-જૈન પરિભાષામાં કહીયે તો ચોરાસી લક્ષ જીવ-યોનિ પર્યંત મિત્રતા-એ સમૂહમાં જે ગુણવાન હોય તેમના પ્રત્યે બહુમાન અને જે દરિદ્રી-દુઃખી કે કષ્ટ ભોગવતાં હોય તેમના તરફ કરૂણા અને જેમણી રહેણી કરણી સાવ અનોખી હોય અર્થાત્ જેઓ પાપ પંકમાં પડેલા છે ને હિંસાના કાર્યોમાં સદા તત્પર બનેલાં છે તેમના તરફ ઉપેક્ષાવૃત્તિ એટલે કે માધ્યસ્થ ભાવ-એ સાદો ને સરલ અર્થ છે.

શકય હોય ત્યાં સુધી એવા અધમ માર્ગી આત્મા-ઓને સમજાવી સન્માર્ગે વાળવા યત્ન સેવવો. એમનામાં રહેલી પાપવૃત્તિની નિર્ભત્સના કરવી પણ વ્યકિતનો કિંવા આત્માનો તિરસ્કાર ન કરતાં જો એ રાહ ન બદલે તો કર્મની વિલક્ષણતા વિચારી ઉપેક્ષા વૃત્તિ દાખવવી. હિંસા કે પાપનો પ્રતિરોધ હરગીજ સામી હિંસા કે કલુષિત વૃત્તિ દાખવી ન કરવો.

આ જેનો મુદ્રાલેખ છે એ જૈન ધર્મ સાચેજ મહાન્ છે. અહિંસા પરમો ધર્મનુ વિરૂદ એને લાગુ પડે છે એ ધર્મના અનુયાયીમાં સામાન્ય રંકથી માંડી મોટા મોટા રાજા-મહારાજા અને ચક્રવર્તીઓના નામ નોંધયા છે. એક સમયે એ સંખ્યાનો આંક સહસ્ત્રો નહિં પણ લક્ષોથી લેખાતો. એ કાળે યુધ્ધો પણ ઘણી વાર થતાં છતાં નતો 'હર હર મહાદેવ' કે નતો 'અલ્લાહો અકબર' જેવા ખાસ ધ્વનિ જૈનોએ શૂર ચઢાવવા શોધ્યા છે કે નતો તરવારના બળે કે રાજવીઓની સત્તા શાહીથી અન્ય પ્રજા પર ધર્મની છાપ મારી છે. સર્વમાં સમાન આત્મત્વનુ ભાન કરનારી સંસ્કૃતિ ખરેખર ચમત્કારી હતી અને છે. એ સંસ્કૃતિના ઉપાસક ને કારણવશાત્ સમરાંગણ ખેલવા પડયા છે પણ એને નથી તો ધર્મનો સ્વાંગ સજાયો કે નથી તો એ હિંસાના કાર્યોમાં ધર્મ જોયો. ન છુટકે ફરજ અદા કરવાની વૃત્તિથી-એમાં પ્રવેશ કરેલો છે

આવી ઉદાર અને ઉમદા સંસ્કૃતિના વારસદારો ગુણદ્રષ્ટિ બાજુપર રાખી-હિંદનીજ નહિં પણ જગતની એક મહાન્ વ્યક્તિના લખાણમાંથી દુધમાંથી પોરા કહાડવા જેવું કામ કરે કેવળ મલિન ભાવે. કેટલાક મરાઠી પત્રકારોએ પ્રસરાવેલી ગંદકી પોતાના પત્રમાં ઠાલવે અને તર્કશુદ્ધ મતફેર સુચવવાને બદલે કેવળ નિંદાત્મક લેખમાળામાં ખૂણે ખાંચરેથી-ખરો ખોટો મશાલો શોધી લાવી સંભાર ભર્યા જાય એ જૈન સંસ્કૃ-તિને બંધ બેસતુ નથીજ. એથી ગાંધીજી જેવા મહાન્ આત્માનુ તો કંઇ બગડવાનુ નથી પણ જે અઠવાડિક પત્ર વીરના શાસનનો દાવો કરે છે એના પાના આ જાતના લખાણથી-મરાઠી પત્રમાં રજુ થયેલા ઉકરડા પરથી એકત્ર કરેલી સામગ્રીથી-ભરાય એ જૈન સમાજને એની વારસાગત સંસ્કૃતિ સાથે જરાપણ શોભતું નથી.

ગાંધીજીની અહિંસાની વ્યાખ્યા સાથે જૈન દ્રષ્ટિયે કરાતી દયાની વ્યાખ્યાને મતભેદ છે તેથી મળમૂત્રની ગંદકી કે હડકાયા કુતરા, કે વાંદરા આદિના ત્રાસ માટે જે શબ્દો તેઓશ્રીએ ઉચ્ચાર્યા તે સામે આવી હલકટ વૃત્તિથી કાગળ કાળા કરવામાં અહિંસાની કઇ સેવા લેખક કે પ્રકાશક બજાવે છે તે સમજી શકાય તેવું નથી. હરિજન બંધુ તા. ૨૬-૨-૩૯માં એ સંબંધમાં સ્પષ્ટીકરણ કરાયેલ છે. એ વાંચીને ગાંધીજીના હાર્દમાં શું રમે છે એનો યથાર્થ ખ્યાલ આવે છે. એ કદાચ થોડાને ગળે ન ઉતરેતો કયાં દલીલોદ્વારા એની ચર્ચા નથી કરાતી? તેથી એક માનનીય વ્યકિતને ઉતારી પાડવાનો પ્રયાસ કરવો એ કેટલો નિંદ્ય છે? દલીલનુ દિવાળુ કહાડી ભૂંડ જેમ ઉકરડે જાય તેમ દૂષણ શોધવા નીકળી પડવું એ સાચી પદ્ધત્તિ નથી. એમ કરનાર લેખક માર્ગ ભ્રષ્ટ થાય છે.

ગાંધીજીએ જે કંઇ જવાબ રૂપે કહ્યું છે એમાં અવગાહન કરતાં પૂર્વે તેઓએ જે મુદ્દા આગળ ધરી જવાબ આપ્યો છે તે ધ્યાનમાં રાખવાના છે.

'રાજકીય સ્વાતંત્ર્યની પેઠે ધાર્મિક સ્વાતંત્ર્ય પણ જયારે બીજાઓનાં આરોગ્યને સલામતીને ભોગે અથવા તો સભ્યતા કે નીતિના સિધ્ધાંતોનો ભંગ કરીને ભોગ-વવામાં આવે ત્યારે તે સ્વેચ્છાચાર બની જાય છે.'

'અમુક કાર્યમાં અહિંસા રહેલી છે કે નહીં એની કસોટી એ યાંત્રિક ક્રિયામાં નથી પણ એ કાર્યની પાછળ જે મનોવૃત્તિ રહેલી છે તેમાં છે.'

અહિંસા જેવા ગહન વિષયમાં છદ્મસ્થોની ભૂલ જરૂર થાય. એમાં પણ જૈન અને જૈનેતર દ્રષ્ટિમાં ફેર પડે. એ સારૂ શિષ્ટ ભાષામાં દલીલ પુરસ્સર છણાવટ થાય એ સામે વાંધો નજ હોઇ શકે. બાકી છિદ્રાન્વેષણ વૃત્તિ કે નિંદાનો વેપાર એ ઘરથી આપણી સંસ્કૃતિમાં હતો નહીં અને હરગીજ ન હોવો ઘટે.

સંસ્કૃતિની શુદ્ધતા એજ ધર્મની સાચી સેવા છે.

# નોંધ અને ચર્ચા

## દેશી રિયાસતોમાં લડત.

આજકાળ જે સમાચાર દિ' ઉગ્યે મળતાં રહે છે તે ઉપરથી સહજ અનુમાની શકાય કે દેશી રાજ્યોમાં વસતી પ્રજાનો પ્રશ્ન અતિ બારિક બની ગંભીરતાની ટોચે પહોંચ્યો છે. એક સમયનો એ પીળો પ્રદેશ આજે માત્ર એમાં વસતી પ્રજાનો જ નહિં પણ સારાયે ભારતવર્ષની વિશાળ જનતાનો મુખ્ય અને તાકીદે ઉકેળ માંગતો અતિ અગત્યનો સવાલ બની ચુકયો છે. જે જાતની ગુંડાગિરિ અને કોમી ઉશ્કેરણી–ધોળા દિવસની લૂંટ અને ઉઘાડા છોગે થઇ રહેલ સભ્યતાનુ લીલામ આજે વિખરાયેલા એ પીળા પ્રદેશમાં પ્રવર્તી રહેલ છે એ જોતાં વિના સંકોચે કહી શકાય કે એ કોઇ એકાદ બે મામુલી રાજ્ય કર્તાઓના ભેજામાંથી એકાએક ઉદ્દભવી ઉઠેલ તરંગ નથી. અને એ નથી થોડાક વીરાવાળાના અંતરમાંથી ઉદ્દભવેલ ઉલ્કાપાત. એ પાછળ કોઈ છુપી સત્તાનો મજબુત હાથે અને મકકમપણે થઇ રહેલો વ્યવસ્થિત દોરી સંચાર છે. એટલે કપરી કસોટી ને સખત તાવણી વિના એમાંથી પસાર થવું મુસ્કેલ છે. આ સ્થાને એની વિસ્તૃત ચર્ચા અપ્રાસંગિક છે માત્ર એટલુંજ કહેવું કાફી છે કે દેશી પ્રજા અને ખાસ કરીને જૈન જનતા રાષ્ટ્રિય મહાસભાની-એના અંગભૂત મહાત્મા ગાંધીજીની દોરવણીમાં સંપૂર્ણ વિશ્વાસ રાખે અને ચીંધેલ માર્ગમાંથી એક તસુપણ ન ખસે અન્ય કોઇપણ પ્રકારની સ્વાર્થપૂર્ણ લાલચમાં કે કોમી લાભની પ્રપંચ જાળમાં ન ફસાય અને પ્રજાદ્રોહના મસીપુંજમાં એનો હાથ બોળાઈ કાળો ન બને. બીજી કોમોના કે એના નામે કેટલાક બની બેઠેલા આગેવાનોના પ્રયાસો જોઇ આટલી ચેતવણી આપવાની આવશ્યકતા જણાય છે.

બાકી રાષ્ટ્રિય હીલચાલમાં અત્યાર સુધીમાં જે ફાળો જૈન સમાજે આપ્યો છે અને આજે પણ રીયાસતી હીલ-ચાલમાં–ચાહેતો રાજકોટ કે લીંબડી લઇએ અથવા તો જામ-નગર કે ખંભાત પ્રતિ મીંટ માંડીએ તો જે ફાળો નોંધાયો છે એ સમાજને શોભે તેવો છે એટલુંજ નહિં પણ પૂર્વજોની કીર્તિમાં વધારો કરે તેવો છે ભામાશા અને મુંજાલ મહેતાને સ્મૃતિપટમાં તાજા કરાવે તેવો છે. જ્યારે તલવાર ને બાણના એ યુગમાં એ પાછળ જૈન સમાજે પ્રજાધર્મમાં પાછીપની નથી કરી ત્યારે આજના અહિંસક સંગ્રામમાં એથી ઉલટા રાહની આંશા રખાયજ કેમ. આજની ચળવળમાં જૈનોનું ધુરિત્વ સાચેજ શોભાસ્પદ છે અને દેશ કાળને અનુરૂપ છે.

## કાનુનના જોરે વીખવાદ!

ઘડીભર આવું મથાળુ વાંચી આશ્ચર્ય થવાનું છતાં એ નિતરૂં સત્ય છે. કાયદાના નામે આજે ઠેર ઠેર વીખવાદના વાતાવરણ ચોમાસામાં ઉદ્દભવતા અળસીયા માફક પ્રગટી ઉઠયા છે અને એથી જૈન સમાજના કીંમતી ધનની-સંગઠિત બળની જે ખાના ખરાબી થઈ રહી છે એ હરકોઇને ગમગીની પેદા કરે તેવી છે! સ્કીમે–કાનુનો અને વાઉચર પદ્ધત્તિના હિસાબ એ વહીવટ ચલાવવામાં મદદ કરનારા–દેશ–કાળને બંધ બેસે તેવાં–સાધનો છે. એથી વહીવટદારો અને સંઘ કે સામાન્ય સભા વચ્ચે કાર્યનો ઉકેલ સત્વર થવો જોઇએ. તંત્રની ચોખવટ રહેવી જોઇએ. પણ આજે તો એને સ્થાને એક યા અન્ય રૂપે કેવળ ઝઘડા ને પૈસાની બરબાદી સિવાય કંઇજ દેખાતું નથી. ઘડીભર એમ થઈ જાય છે કે આ કરતાં તો પૂર્વે જે ગૃહસ્થો ભક્તિભાવથી વહીવટ ચલાવતા હતા તે સારૂં હતું. અલબત એમાં કેટલીક વાર ધન ચવાઇ ગયાના બનાવો નોંધવા છે છતાં આજના સફેદ હાથીના–સ્કીમ ને રેફરેન્સ પાછળના હજારોના બીલોના–ઉધાર આંકડા જોતાં કમ્પારી છુટે છે એ પાછળ જે ખરચા વધારી દેવાયા છે તેવા એ કાળે ગળે ન વળગતા. ઘણુ ખરૂં ખવાયેલું ધન વંશજો પાસેથી ભરપાઈ થતું. પણ આજે તો કેવલ ઉધાર પાસુજ આંખે ચઢે છે. ગાયને દોહીને કુતરીને પાવા જેવુંજ જણાય છે. એથી સંઘમાં કલેશના બી રોપાય છે એ તો જુદા. કોઇપણ વ્યક્તિ-ગત કે અમુક સાથના ટ્રસ્ટીને ઉદ્દેશી ન કહેતાં સામુદાયિક રીતે સર્વ ધાર્મિક અને સામાજીક ખાતાના વહીવટ કર્તાઓને પુન: અપીલ કરીએ કે આ સ્થિતિ વિચારો–આંખમાં ધુળ નાંખી હજારોના ગોટાલામાંથી કે લખાપટીના નામે–કાયદા કાનુ-નના નામે થતાં દ્રવ્યના અંધણમાંથી–સમાજને ઉગારો. સંઘમાં જાત જાતના ભેજાઓ હોય એટલે કોઈના કડવા વેણ પણ નીકળે છતાં ખામોસ લખી વાત સાચી છે કે ખોટી એનો તોલ કરો. ભકતોના પરસેવાથી એકત્ર થયેલ ધનનો ખોટી રીતે વ્યય થયો હોય તો એ પાછળ તપાસ ચલાવો. એમાં ટ્રસ્ટી તરિકેની જવાબદારી ન સચવાઇ હોય તો ખુલ્લા હૃદયે એકરાર કરો. સમાજનો ધુંધવાટ વધારો નહીં પણ એનો સહકાર સાધો.

એમાંજ ધર્મભાવનાની સાચી ધગશ છે. એમાંજ દીર્ઘ-દર્શિતા સમાઇ છે. તોજ સંઘનો સંપ અને સદ્દભાવ બન્યા રહેશે. બાકી દેશ–કાળનો વાયરો જે રીતે વાઇ રહ્યો છે એમાં કદાચ વર્તમાન કાનુનોની સ્હાયથી ટટાર ઉભવા પ્રયત્ન કરશો ને માની લઇએ કે ઘડીભર ફાવશો છતાં યાદ રાખજો કે પાપ મોડું વહેલું એક દિ' છાપરે ચઢીને અવશ્ય બોલવાનું છે જ. વળી કર્મ કોઇને છોડવાનુ નથીજ એટલે એ જાતની અનુચિત ઢાલ ધરવા કરતાં બાંધ છોડને પરસ્પરની સમજુતીથી માર્ગ કહાડી સંઘના વહીવટને નિર્મળ-ને નિર્મળ બનાવવામાં હાર્દિક સાથ આપવો ઘટે. ટ્રસ્ટી મહાશયો આજના એ યુગ ધર્મને બરાબર પિછાને.

## કમનસિબ ચર્ચાઓ.

'ચર્ચા' શબ્દ જેમ ખોટો નથી તેમ એ ચલાવવી એ પણ ખોટું નથીજ છતાં એ પાછળ સમભાવને મર્યાદા ને ખુલ્લું હૃદય હોવા જોઇએ. જે વાત આજકાળ ઘણે સાવ વી-સરી જવાય છે. આવી વિસ્મૃતિ વિદ્વાન વા સાક્ષર તરિકે પંકાતા ગૃહસ્થો તરફથી થતી દ્રષ્ટિ ગોચર થાય છે ત્યારે દુઃખ થાય છે અને સાંપ્રદાયિકતાની છીછરી દ્રષ્ટિની ગંધપણ આવે છે. તાજેતરની માંસાહાર ચર્ચા લ્યો. 'પ્રસ્થાન' ના વિદ્વાન તંત્રીએ એ સબંધમાં લીધેલ વળણ વિચારો. પદ્ધત્તિસર એની છણાવટ થવાને બદલે-લેખકે તેમજ એ સામે ધરવામાં આવેલ પ્રતિ લેખો પર તર્કથી વિચારણા ચલાવી શુદ્ધ નિર્ણય જનતા સમક્ષ મૂકવાને બદલે–તંત્રી મહાશયની નોંધ કહે છે કે–"ચર્ચા બંધ કરતાં એટલું કહેવું જોઇએ કે જૈન ભાઇઓ એ આખો

પ્રશ્ન ઇતિહાસની અને તે સમયની ભાષાની દ્રષ્ટિએ વિચારી જોવો જોઇએ" વગર વિચારે-ઉંડા અભ્યાસવિના કેવળ કલ્પનાના રંગથી રંગાઇ પટેલ ગોપાળદાસે ગમે તેમ ઘસડી માર્યું-એ સામે કટ્ટરને જડબા તોડ દલીલો ખડી થઇ ને જવાબ ન જડયો ત્યારે ચર્ચા બંધ કરવી પડી. એ ટાણે સીધી ભુલ કબુલવાને બદલે કોઇ જુદીજ રીત અખ્તીયાર કરી; અને તંત્રીમહાશયે એ માટે લેખકને ઠપકો આપવો ઘટે તેને સ્થાને જૈન ભાઇઓને ઉપર મુજબ સુરીયાણી સલાહ આપી! આ સલાહ પાછળ તે સમયે સર્વત્ર માંસ ભક્ષણ થતું હતું વા તે કાળે શબ્દોનો એકજ અર્થ થતો હતો એવું સાબિત કરતાં પુરાવા રજુ કર્યા હતે તો એ સુરીયાણી સલાહ કિંમતી ગણાત પણ માત્ર મોઘમપણે અને ઇતિહાસના નામે એક ધર્મના મહાન પ્રણેતા પર ગમે તેમ છાપી મારવું અને એ ભૂલ છાવરવા આવો હાસ્યજનક પ્રયાસ કરવો એ બિલકુલ શોભાસ્પદ નથી શું ઇતિહાસ કે શું દલીલો યા પુરાવા કેવલ જૈનોનેજ જોવા ઘટે છે? જૈનેતર લેખકોની એ માટે કંઇ જવાબદારી નથી? મંજરી જેવા કલ્પિત પાત્ર સામે બાળબ્રહ્મચારી શ્રી હેમચંદ્ર સુરિને નમન કરતાં ચિતરવા કિંવા સ્થુલભદ્ર સરખા વિદ્વાન સાધુને એકાદ નશાબાજ નો સ્વાંગ સજાવવો અથવા તો રાજવી કુમાર પાળ ચુસ્ત જૈન ધર્મી તરિકે પંકાયા એટલે એ સામે ગમે તે રીતે કાદવ ફેંકવો એનું નામ ઐતિહાસિક દ્રષ્ટિ હોય કે એ જાતના ચિત્રણમાં સાક્ષરતા સમાતી હોય તો એને નવગજના નમસ્કાર જ ઘટે. આર્યભૂમિના સંસ્કાર ને જૈન ધર્મની સંસ્કૃતિ નજરમાં રાખીને પાત્ર આલેખન થવા ઘટે. તોજ નિષ્પક્ષતા પર વિશ્વાસ બેસે. બાકી ઇતિહાસના ઓઠા તમે કેટલીયે કમનશિબ ચર્ચાઓ ભૂતકાળમાં જૈનેતર લેખકોએ જન્માવી છે. સુષુપ્ત જૈન સમાજે એ મૂંગે મોઢે સહી પણ લીધી છે. પણ હવેના જાગૃત કાળમાં એવું નહિંજ ચાલી શકે. વ્યક્તિના તેજમાં અંજાવાનો યુગ આથમી ગયો છે. એટલે જ તંત્રીઓ, લેખકો અને સાક્ષરો ન્યાયવૃત્તિ કેળવે અને બાંધેલો પૂર્વગ્રહ છોડે એમાંજ શોભા ને શાંતિ છે.

---

## શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ.

### શ્રી કોન્ફરન્સ કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિ મુંબઇ.

### એક ઉપનિયમ.

શ્રી કૉ. કે. પ્રચાર કેન્દ્રસ્થ સમિતિની તા. ૨૦-૪-૩૯ના રોજ મળેલી સભામાં સ્થાનિક સમિતિઓના કાર્યની સરળતા ખાતર નીચેનો ઉપનિયમ નક્કી કર્યો છે.

"કોન્ફરન્સ કેલવણી પ્રચાર સ્થાનિક સમિતિને પ્રાપ્ત થયેલી કોઈપણ રકમ ઉપર કૉ. કે. પ્રચાર કેન્દ્રસ્થ સમિતિનો કશો પણ હક્ક રહેશે નહિં પણ તે રકમની સુરક્ષિતતા અને યોગ્ય વ્યવસ્થા પુરતી તે સ્થાનિક સમિતિ કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિને જવાબદાર રહેશે.

લિ૦

**પરમાનંદ કુંવરજી કાપડીઆ**

**મણીલાલ મોકમચંદ શાહ**

મંત્રીઓ.

## શ્રી જૈન શ્વેતાંબર એજયુકેશન બોર્ડ.

### ધાર્મિક પરીક્ષાઓના પરિણામ.

[બોર્ડ દ્વારા ગત્ તા૦ ૨૫-૧૨-૩૮ ને રવીવારના રોજ લેવામાં આવેલી **શ્રો. સારાભાઇ મગનલાલ મોદી** પુરૂષવર્ગ અને **અ સૌ. હીમબાઇ મેઘજી સોજપાલ** સ્ત્રીવર્ગ ધાર્મિક હરીફાઇની ઇનામી પરીક્ષાઓના કેટલાક ધોરણોના પરિણામ નીચે આપવામાં આવે છે.]

**(ગતાંકથી ચાલુ.)**

**પુરૂષ ધોરણ ૩ જું**-પરીક્ષકઃ-શ્રી. માવજી દામજી શાહ, મુંબઈ.

| નંબર | નામ. | સેન્ટર | માર્ક | રૂા. |
|---|---|---|---|---|
| ૧ | મનહરલાલ દીનાનાથ ભટ્ટ | ભાવનગર | ૯૩ | ૧૮) |
| ૨ | લાલચંદ ખેતશી શાહ | ભાવનગર | ૯૧ | ૧૪) |
| | | (વૃ. જૈ પા.) | | |
| ૩ | ધીરજલાલ હીરાચંદ ગાંધી | ભાવનગર | ૮૪ | ૧૦) |
| | | (ગં. જૈ. સં. પા.) | | |
| ૪ | પ્રતાપરાય ચત્રભુજ રૂપાણી | ભાવનગર | ૮૨ | ૮) |
| | | (ગં. જૈ. સં. પા.) | | |
| ૫ | મા. ધનરાજ જૈન | ઓસીયા | ૮૧ | |
| ૬ | રમણલાલ વીરચંદ શાહ | પાદરા | ૭૧ | |
| ૭ | મનુભાઇ કેશવલાલ શાહ | ,, | ૭૦ | |
| ૮ | જીવનરામ કુલશંકર પંડયા | ભાવનગર | ૬૮ | |
| | | (ગં. જૈ. સં. પા.) | | |
| ૯ | પોપટલાલ કેશવજી દોશી | મુંબઇ | ૬૭ | |
| ૧૦ | જયંતિલાલ તલકચંદ શાહ | ભાવનગર | ૬૩ | |
| | | (ગં. જૈ. સં. પા.) | | |
| ૧૧ | વાડીલાલ વીરચંદ શાહ | પાદરા | ૫૯ | |
| ૧૨ | માનમલ જૈન "માર્તંડ" | બ્યાવર | ૫૧ | |
| ૧૩ | આનંદલાલ સોમચંદ શાહ | અમદાવાદ | ૫૧ | |
| | | (જૈ. શ્વે. મુ. બો.) | | |

---

## શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ.

### કોન્ફરન્સ કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિ.

### મંત્રીનો પ્રવાસ

કેન્દ્રસ્થ સમિતિના એક મંત્રી શ્રી મણીલાલ મોકમચંદ શાહ તા. ૧૦-૪-૩૯ ના રોજ કેળવણી કાર્યાર્થે સાંગલી ગયા હતા. જ્યાં તેમના પ્રયાસથી કેળવણી પ્રચાર સ્થાનિક સમિતિ સ્થપાઇ છે. તથા મદદની માંગણી વિગેરે થયેલ છે. ત્યાર બાદ ગત તા. ૨૭-૪-૩૯ના રોજ કેળવણીના કાર્યાર્થે શ્રી મણીલાલ મોકમચંદ શાહ નાશિક ગયા હતા. અને ત્યાં પણ તેમના પ્રયાસથી સમિતિ સ્થપાઈ છે. અને મદદની માંગણી કરી છે. હજુ પણ બીજા સ્થાનોમાં પ્રચારાર્થે થોડા સમયમાં શ્રી મણીલાલ મોકમચંદ શાહ જવાના છે.

લિ૦

**પરમાનંદ કુંવરજી કાપડીઆ**

**મણીલાલ મોકમચંદ શાહ**

મંત્રીઓ.

# આપણી સંસ્થાઓ——————એક દિગ્દર્શન

સમાજના ઉત્કર્ષ અને વિકાસ અર્થે આપણી પાસે અનેક સંસ્થાઓ છે. તે સંસ્થાઓ શું કાર્ય કરે છે અને તેને શું કામ કરવું જોઇએ તેની ચર્ચા જરૂરની છે. પ્રસ્તુત લેખ એ પ્રકારની ચર્ચા જગાડવા અર્થે લખ્યો છે. આ ચર્ચાના પરિણામે નવું દર્શન લાધતાં તે પરથી નવો રાહ લઇ તે અમલમાં મુકવામાં આપણી ઉન્નતિ હશે.

શ્રીમતી જૈન કોન્ફરન્સ ચાલીસ વર્ષથી કાર્ય કરે છે, પરંતુ તેનું કાર્ય અધિવેશન દરમિયાન કરાતા પ્રચાર પૂરતું છે. આપણી સામેજ વીશ વીશ વર્ષથી મહાસભા જેવી કાર્યકર સંસ્થાનો નક્કર અનુભવ હોવા છતાં અને આપણામાંના કેટલાક તે મહાસભામાં કામ કરતા હોવા છતાં આપણી આ સંસ્થા તેની ચર્ચા અને ઠરાવોની સ્થિતિ વટાવી રચનાત્મક અમલી કાર્યપ્રતિ ડગ ભરી શકી નથી. આનું કારણ સમાજ અર્થે કામ કરવાની શ્રદ્ધાનો અભાવ અથવા તો ત્યાગવૃત્તિ અને નિડરતાનો અભાવ એ સિવાય બીજું શું હોઇ શકે?

એજ્યુકેશન બોર્ડ એ કોન્ફરન્સનું જીવતું જાગતું અંગ છે; તેનું કાર્ય ધાર્મિક અભ્યાસ, તેની પરીક્ષાનું સંચાલન અને ધાર્મિક સંસ્થાઓને મદદ એ ત્રણમાં પર્યાપ્ત થાય છે. જૈન કેળવણી સંમેલન ભરી નવી દિશામાં તેણે પગસંચાર કર્યો પણ ખરો અને પરિણામે કોન્ફરન્સે માધ્યમિક શિક્ષણ અંગે આર્થિક સહાયની નવી યોજના અમલમાં મૂકી કે જે કાયમી પણ બની જાય તેવો સંભવ રહે છે.

કોન્ફરન્સે નવી વિચારધારા અને માર્ગદર્શન પણ આપ્યું; આજના જૈન સમાજના અનેક મેટ્રીક્યુલેટસ, અન્ડર ગ્રેજ્યુએટસ, ગ્રેજ્યુએટસ, ડબલ ગ્રેજ્યુએટસ, પરદેશની ડિગ્રીવાળા ગ્રેજ્યુએટસ એ તેના આંદોલનનોજ પરિપાક ગણાય. તે ઉપરાંત આજની બોર્ડીંગો, ગુરૂકુળો, શિષ્યવૃત્તિ અને લોન આદિની યોજના પણ તેનોજ પરિપાક છે. પચીશ ત્રીશ વર્ષ પહેલાં મધ્યમ વર્ગના વિદ્યાર્થીને આર્થિક સહાય માટે ફાંફાં મારવા પડતા અને કવચિત્ અભ્યાસ છોડી દેવો પડતો તે સ્થિતિ આજે કેટલાંક વર્ષો થયાં રહી નથી.

આ નવીન પ્રકારની સંસ્થા અને યોજનાઓનાં આર્થિક સહાય આપનારનું ધ્યેય નિરંતર જૈન સમાજની સેવા અને જૈન સંસ્કૃતિનું રક્ષણ એ હતાં; તે સામેજ વિદ્યાર્થીના વાલીના ધ્યેય કેળવણીની બજાર કિંમત અને ગતાનુગતિકતા એ હતાં. આ સાથેજ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓનો વેગવંત ઝોક અને અયોગ્ય દીક્ષા પ્રચાર આવ્યાં. આ સર્વની જુદી જુદી અસર વિદ્યાર્થી પર થયા વિના ન રહી. અયોગ્ય દીક્ષા પ્રચારે યુવક વર્ગની ધાર્મિક ભાવના પર ફટકો લગાવ્યો અને તેને ધર્મવિમુખ કરતો ચાલ્યો; રાષ્ટ્રીય પ્રવૃત્તિના ઝોકે કેટલાક આપણા યુવાનોને 'કરિયર'નો મોહ તજી દેશ સેવા અને સમાજ સેવામાં દોર્યા, તે ઉપરાંત કેટલાકને ફુરસદના સમયે આ પ્રવૃત્તિમાં કામ કરતા પણ કર્યા. આ સંજોગોમાં આપણી સંસ્થાઓના ધ્યેયની સ્પષ્ટતા કરી લેવાની જરૂર ઉપસ્થિત થઇ છે અને તે દરેક વર્ગના માટે હિતકર છે.

બોર્ડિંગો, ગુરૂકુળો આદિ સંસ્થાઓ એકજ સમાન ધ્યેય વાળી હોવા છતાંય દરેક વ્યક્તિગત રીતે કામ કરે છે. તે દરેકનું કાર્ય નિયમિત થતું નથી, તેનું નિરીક્ષણ થતું નથી, દરેકના આર્થિક સહાયકો મનમાં મુઝાતા હોવા છતાં તે વિષે યોગ્ય ચર્ચા, ઉહાપોહ, ઉંડી તપાસ કે ગંભીર વિચાર કરતા પણ થયા નથી. આજે દુનિયાના અનેક વાદો, અનેક પ્રશ્નો એકી સાથે ઉકેલ માંગી રહ્યા છે તેમજ આ પ્રશ્ન વિષે છે; એટલે દરેક આ વિષયમાં પોતાનો અખતરો કરે છે.

સ્પષ્ટ અને નિડરતાથી કહીએ તો વિદ્યાર્થીઓ પાસે દાતાઓની મરજી સાચવવા આપણે ક્રિયાકાંડ કરાવીએ છીએ અને બદલામાં આપણે તેમની જરૂરી અને બીનજરૂરી સગવડો પૂરી પાડીએ છીએ; આ ઉપરાંત આજની પરિસ્થિતિમાં આપણે કાંઇ કરી શકતા નથી. વિદ્યાર્થીઓને સંસ્કાર જેવું કાંઇક આપવા આપણે શું કરવું તે પ્રશ્ન વિચારણીય છે.

(૧) જો બી, ખાતર અને પાણી માફકસર મળે તો જમીન સારોપાક આપી શકે છે; તેમજ સંસ્થારૂપ જમીનમાંથી ચારિત્ર્યશીલ વિદ્યાર્થી મેળવવા હોય તો તેનો પણ તે દૃષ્ટિએ વિચાર કરવો પડશે. પ્રથમ વાત તો બીજ સડેલું છે; કારણ કે આપણા વિદ્યાર્થી જે પૂર્વ ગ્રહ બાંધી આવે છે તેમને નવીન પણ હિતકર માર્ગે જવું જ રૂચતું નથી. જ્યાં પૂર્વગ્રહ છોડી નવીન હિતકર આધુનિક જીવનપ્રણાલી યોગ્ય માર્ગ સ્વીકારવાની જરા જેટલી પણ જીજ્ઞાસા ન હોય ત્યાં શું થઇ શકે? આ ઉપરાંત ખાતર પણ નિર્માલ્ય છે. જે શ્રીમંતો આમાં નાણાં આપે છે તે પોતાની સ્વાભાવિક ઉદારતા અને પ્રેરણાથી નહિ, પરંતુ કીર્તિલોભ અને કેટલીય આંખ શરમને કારણે તે આપે છે; આટલુંજ બસ નથી. આ નાણાં પણ ન્યાયોપાર્જિત દ્રવ્ય હોતું નથી. પરિણામે 'અન્ન એવા ઓડકાર' નો અનુભવ થાય તો તેથી ગભરાવાનું નથી. પાણી માટે તો સંસ્કારી સંચાલક મળવાજ દુર્લભ છે; એટલે વર્ષાના અભાવે શું બની શકે?

(૨) દાતામંડલના શ્રીમંતો જરા ઉદાર બની સંચાલનનાં સર્વ સૂત્રો એક કેળવણીકાર સંસ્કારી સજ્જનના હાથમાં કે તેવા સજ્જનોના હાથમાં મૂકી જરા સાહસ કરે તો? આપણે આપણી સંસ્થાઓ દક્ષિણામૂર્તિ, ચરોતર એજ્યુકેશન સોસાયટી આદિ સંસ્થાઓ સાથે સરખાવવા તો જઇએ છીએ; પરંતુ તે સંસ્થાઓ સંચાલકોને જે સગવડ અને જે સ્વતંત્રતા આપે છે તેટલી આપવાની આપણી હિંમત છે ખરી? અને આ બધું આપ્યા પછી પણ ફળ મેળવવા જે ધીરજ રાખવી જોઇએ તે આપણો ગણતરીબાજ સમાજ બતાવશે ખરો? કેળવણીકાર સંચાલક કે સંચાલક મંડલ અનેક કેળવણીકારોના પરિચયમાં રહે, પ્રાચીન અને અર્વાચીન કેળવણીના વિચારોની તુલના કરે અને તેના પરિણામે અનેક ચર્ચાના દોહન રૂપે પોતાની નીતિ નક્કી કરવા તે સ્વતંત્ર હોવાં જોઇએ. તે ઉપરાંત વિદ્યાર્થીઓને દાખલ કરવા ન કરવા બાબત, નાણાં વાપરવા ન વાપરવા બાબત અને સમસ્ત સંચાલન માટે પણ તેને તેટલીજ સ્વતંત્રતા જોઇએ. આટલી વિશાળ સત્તા આપવા છતાં જો સંચાલક કે સંચાલક મંડળ તેને પોતે દોરેલી નીતિ

પ્રમાણે સંસ્થાના સંચાલનમાં નિષ્ફળ નીવડે તો તે માટે તે જરૂર જવાબદાર ગણાય. આજે તો આપણી સંસ્થાઓમાં આમાનું કાંઈ જ નથી અને છતાં પરિણામ માટે પગારદાર સંચાલક જવાબદાર ગણાય છે.

( ૩ ) સંસ્થા માત્ર બોર્ડિંગ હોય ત્યાં પ્રાથમિક, માધ્યમિક અને હાઇસ્કુલ જેટલાં ધોરણની કેળવણીની સગવડ સંસ્થામાં દાખલ કરવી જોઈએ. આમ થતાં વિદ્યાર્થી આખો સમય દરમિયાન આપણા સંસર્ગમાં રહેશે અને પરિણામે તેની પ્રવૃત્તિ પર દેખરેખ રહેતાં સંસ્કાર સિંચનનું કાર્ય સુકર બનશે.

( ૪ ) આજે તો સંસ્થાની આર્થિક જવાબદારી શ્રીમંતો પર છે; તેજ શ્રીમંતોને જૈનેતર સંસ્થાઓ કે જ્યાં તેમનો અવાજ નથી અને જ્યાં તેમને આંતરિક વહિવટમાં ડોકિયું કરવાનો ભાગ્યેજ અવકાશ હોય છે તે તરફ વધારે પડતો પક્ષપાત હોય છે પોતે કેળવણીના પ્રશ્નથી અજાણ હોય છે. શું કરવું અને શું ન કરવું તે પોતે સમજી શકતા નથી અને પરિણામ એ આવે છે કે પોતાનાજ કેટલાક દોષો, પોતાનીજ કેટલીક ભૂલો અને પોતે માની લીધેલ ખામીઓની જરા પણ ઊંડી તપાસ કર્યા વિના સમાજમાં અને સમાજ બહાર મોટા સ્વરે વાતો કરી પોતાની સંસ્થાની સેવાના બદલે કુસેવા કરે છે. આથી એમ કહેવાનું પ્રાપ્ત થતું નથી કે પોતાની ખામીઓ છુપાવ્યાજ કરવી અને તે ન સુધારવી; પરંતુ તે માટે કેવી કુનેહથી કામ કરવું તે કુનેહનો પણ આપણામાં અભાવ છે.

( ૫ ) સંસ્થાનો પગારદાર સંચાલક એ કાંઇ ગુલામ નથી તેમજ તે સર્વ ગુણ સંપન્ન અને સર્વશક્તિમાન પણ નથી. આવા સંજોગોમાં તેની એક કે અનેક ભૂલો માટે બહારથી, કે ખુશામત ન કરી હોય તેવી વ્યક્તિ પાસેથી કે સંચાલક મંડળની કોઇ ઇર્ષ્યાખોર વ્યક્તિની કાનભંભેરણીથી જે માહિતી મેળવી હોય તે વિષે ખાનગી કે જાહેર ઊંડી તપાસ કે ખુલાસા કરવાનો વિવેક પણ ન દર્શાવવો તે મુડીવાદી પ્રકૃતિનુંજ પરિણામ અને પ્રદર્શન છે. આમાં નથી ખાનદાની, ગંભીરતા કે કર્તવ્યનિષ્ઠા.

( ૬ ) કેટલીક સંસ્થાના શ્રીમંતો. ઓફિસિયલ, ડેમી ઓફિસિયલ કે ખાનગી પત્રના ભેદનો વિવેક પણ કરી શકતા નથી; તેમજ સંચાલકના હાથ નીચેના માણસ પર સીધો પત્ર લખી કે તેનો ઉત્તર મંગાવી શકાય કે કેમ તે સામાન્ય વાત પણ જાણતા હોતા નથી. આનું પરિણામ એ આવે છે કે હાથ નીચેના માણસ પોતાને વધુ પડતું મહત્વ મળતાં ફુલાય છે અને પરિણામે સંસ્થામાં ખુશામત, ખટપટ, દાદાગિરી, ઈર્ષ્યા, ડોળ અને દંભનું વાતાવરણ ફેલાય છે અને તેમાં આપણેજ કારણીભૂત બનીએ છીએ. અપૂર્ણ.

**—ચીમનલાલ દલસુખભાઇ શાહ.**

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

### એક પગલું આગળ.

"શ્રી મહાવીર જૈન વિદ્યાલય. ગોવાલીઆ ટેંક રોડ, મુંબઈ ૭ ના માનદ્ મંત્રીઓ જણાવે છે કે સંસ્થાની તા૦ ૨૫-૪-૧૯૩૯ ના રોજ મળેલી વ્યવસ્થાપક સમિતિએ "ઔદ્યોગીગ, એન્જીનીયરીંગ તથા વ્યાપારી લાઇન લેવાવાલા વિદ્યાર્થીઓને નવા વર્ષના પ્રવેશ અંગે ખાસ પસંદગી આપવામાં આવશે" એમ ઠરાવ કર્યો છે."

( અનુસંધાન પૃ. ૭ ઉપરથી )

રાજે ધવળગૃહના પ્રાન્ત ભાગમાં કંટેશ્વરી દેવતાનો પ્રાસાદ પણ નિર્માણ કર્યો હતો. ઈત્યાદિ અનેક કર્યા હતાં.

વનરાજે ૬૦ વર્ષ રાજ્ય કર્યું ( વિચારશ્રેણી પ્રમાણે ) "પ્રબંધ ચિન્તામણિમાં" જણાવ્યું છે કે વનરાજે પોતાનું ૧૦૯ વર્ષ બે માસ અને એકવીસ દિવસનું આયુષ્ય ભોગવ્યું તેમાં ૫૯ વર્ષ ૨માસ એકવીસ દિવસ રાજ્ય કરી પોતે સં. ૮૬૨ માં સ્વર્ગવાસી થયો.

વનરાજના સ્વર્ગવાસ પછી તેનો પુત્ર યોગરાજ સંવત ૮૬૨ માં આષાડ સુદ ૩ ને ગુરૂવારે અશ્વિ નક્ષત્રને સિંહલગ્નમાં ગાદીપર આરૂઢ થયો અને તેણે ૩૫ વર્ષ રાજ્ય કરી ૧૨૦ વર્ષની વૃદ્ધવયે દેહ ત્યાગ કર્યો (વિચાર શ્રેણિ પ્રમાણે યોગરાજે ૯ વર્ષ રાજ્ય કર્યું.

મહારાજા "યોગ"ના સ્વર્ગ ગમન પશ્ચાત તેનો પુત્ર પુત્ર "ભુયડ" [પીથુ] સં. ૯૨૨માં ગાદીપર બેઠો ને ૨૯ વર્ષ રાજ્ય કરી મરણ પામ્યો એણે શ્રી અણહિલપુરમાં 'ભુયરેશ્વર' નામે મહાદેવનો પ્રાસાદ નિર્માણ કરાવ્યો.

નીચેની રાજવંશાવલીમાં ભુયરેશ્વર ૨૮ વર્ષ રાજ્ય કર્યાનો ઉલ્લેખ દૃષ્ટીગોચર થાય છે [વિચારશ્રેણિ પ્રમાણે ચાવડા વંશની ૩૦૦ ગાદીએ રત્નાદિત્ય રાજા થયો અને ૮૯૧-૮૯૪ એટલે ૩ વર્ષ રાજ્ય ચલાવ્યું] અને "રાશમાળા" માં ૨૯ વર્ષ રાજ્ય કર્યાનો ઉલ્લેખ છે.

ભૂયડના સ્વર્ગસ્થ પછી એનો પુત્ર વૈરિસિંહ ( વિજયસિંહ) સંવત ૯૫૧માં ગાદીએ આવ્યો તે ૨૫ વર્ષ પર્યન્ત રાજ્ય કરી મરણ પામ્યો ( પ્ર. ચિ. માંથી ) [ વિચારશ્રેણિ પ્રમાણે વૈરિસિંહે ૧૧ વર્ષ રાજ્ય કર્યું. ]

નીચેની રાજ્યવંશાવલીમાં જણાવ્યું છે કે વૈરિસિંહે ૩૫ વર્ષ રાજ્ય ચલાવ્યું.

તત્પશ્ચાત વૈરિસિંહનો પુત્ર રત્નદિત્ય* ( રાવતસિંહ) સંવત ૯૭૬માં ગાદીપર આવ્યો તે ૧૫ વર્ષ રાજ્ય કરી પરલોક ગયો.

"વિચારશ્રેણિ" પ્રમાણે વૈરિસિંહ પછી ગાદીએ ક્ષેમરાજ આવ્યો અને ૩૯ વર્ષ રાજ્ય કર્યું.

વૈરિસિંહ ( વિજયસિંહ ) ના સ્વર્ગવાસ પછી તેના પુત્રે સામતસિંહે [ભૂયડદેર] સંવત ૯૯૧ માં પાટણની ગાદી અલંકૃત કરી અને સાત વર્ષ રાજ્ય કરી સ્વર્ગવાસી થયો. એવી રીતે ચાવડાના ૭ પાટ અણહિલપુરમાં થયા અને ચાવડા વંશે કુલ ૧૯૬ વર્ષ પાટણની ગાદીપર રાજ્ય કર્યું.

[ "વિચારશ્રેણિમાં" ઉપરોક્ત વંશના ૮ પાટ લખ્યા છે. ક્ષેમરાજ પછી ચામુંડરાજે ૨૭ વર્ષ રાજ્ય કર્યું તેના પછી ઘાઘંડે ૨૭ વર્ષ રાજ્ય કર્યું અને તત્પશ્ચાત પૂઅડે ૧૯ વર્ષ રાજ્ય કર્યું. ]

"ચાવડાઓની વંશાવલી સમાપ્ત"

* "ગુજરાતના ઐતિહાસિક સાધનો"માં "રત્નાદિત્ય" ચાવડાનું કવિત નીચે પ્રમાણે આલેખેલું છે:—

રણાઇત ( રત્નાદિત્ય ) ચાવડાનું કવિત.

"દીવધડ દોરંજ મઢે રતનાગર મઢે—રાજદીઓ
રગનાથ આવીઆ ચાવડો એક.
વેણીને વછરાજ ઇકાતેર કીધો સુખા
ફેડી સલતાંન ધરા જિતડંડ લીધો
સોદણ કુલી બાંધી, સરક ભાર થનકો દોઅને ભડે
સંવત સાત સતાંણુવે કોટ દીવ કીધો કડે"

# "અણહિલપુર પાટણની રાજવંશાવલી."

લેખકઃ
મુનિ કાન્તિસાગરજી

લેખાંક ૧ લો

ગુજરાતનાં ઇતિહાસમાં અણહિલપુર "પાટણનું" અભિધાન સારી રીતે પ્રસિદ્ધ છે. તથા જૈન સાહિત્યમાં ઉક્ત નગરનું વર્ણન સમ્યક્ પ્રકારે દ્રષ્ટીગોચર થાય છે. પરંતુ તે નગરની સ્થાપના વિષે ભિન્ન એ ગ્રન્થોમાં જુદા જુદા ઉલ્લેખો મળી [1]આવે છે.

"રાસમાળા"માં એક કવિતને આધારે પાટણની સ્થાપનાની મિતિ સં. ૮૦૨ ના માઘ વદ ૭ શનિવાર આપવામાં આવી છે.

"પ્રબંધ ચિન્તામણિ" પ્રમાણે ૮૨૧ ના વૈશાખ સુદ ૨ સોમવાર અને ધર્મારણ્ય પ્રમાણે સંવત ૮૦૨ ના આશાડ સુદ ૩ ને શનિવાર.

"વિચારશ્રેણિ પ્રમાણે" ૮૨૧ના વૈશાખ સુદ ૨ સોમવાર અને પાટણની રાજાવલીમાં સં. ૭૮૨ ને શ્રાવણ સુદ ૨ સોમવાર જણાવવામાં આવ્યો છે પણ ઉપરોક્ત "રાજવંશાવલીમાં" જે સંવત આપવામાં આવ્યો છે તે જગ્યાએ સં. ૮૦૨ જોઇએ.

(અહિં લેખકની ભૂલ થયેલી જણાય છે)

## "અભિધાન."

અણહિલપુર નામ વનરાજે અણહિલ નામના રબારીએ શ્રેષ્ઠ રત્નગર્ભા બતાવવાથી પાડયું હતું એમાં તો કોઇ જાતનો સંશય નથી છતાં પણ ભિન્ન ભિન્ન ગ્રંથકારે તે નગરને અણહિલપુર પત્તનપુર વગેરે નામોથી સંબોધે છે. પરંતુ પુર પત્તન ઇત્યાદિ એકજ નામના જુદા જુદા પર્યાયો હોવાનું કવિ અમરસિંહ સૂચવે છે [2]એટલે તે બધા નામો એક પર્યાયવાચી હોવાને લઇને જુદા જુદા વિદ્વાનોએ તે મૂકયાં હશે જેથી અણહિલ પુર નામમાં કંઇ ફેર પડતો નથી.

આ સિવાય અણહિલપુરનાં જુદાં જુદાં નામો "અરબ" મુસાફરોએ પોતાની નોંધ પોથીમાં નોંધ્યાં છે. હી. સ. ૩૪૦ ઇ. સ. ૯૫૧માં આવેલ મુસાફર "અલઆ ઇસ્તખ્રી" અમ્હલ 'કામ્હલ' અને ફામ્હલ નામો અણહિલપુર માટે જણાવે છે ઇબ્હન હૌકલ ઈ. ૯૭૬માં ફામ્હલ કામ્હલ અને કમ્હુલ નામો નોંધે છે, જ્યારે "અલઇદ્રીસી" અગ્યારના સૈકાના અંતમાં અણહિલવાડને મમ્હુલ તથા નહરવાલ કહે છે અલબેરૂની તેનું યથાર્થ ભિધાન અણહિલવાડ જણાવે છે. [3]આમ જુદજુદા મુસાફરોએ અણહિલપુરનાં અનેક નામો પાડયાં છે.

પણ તે બધા અણહિલપુરનાં મનોકલ્પિત ઉચ્ચારો છે. જે બહારના મુસાફરોએ પોતાની ભાષા પ્રમાણે તેનો ઉચ્ચાર કરતાં સાચા નામથી દૂર લાગે છે (જુવો ગુજરાતી સાહિત્ય પરિષદનો બારમો રીપોર્ટ)

## "ચાવડા વંશના નરેન્દ્રોની વંશાવલી."

અણહિલપુરનાં સંસ્થાપક વનરાજના પિતા અને પૂર્વાવસ્થા વિષે વાદ-વિવાદ ચાલે છે. કૃષ્ણકવિ કૃત "રત્નમાળા" નામના ગ્રન્થને આધારભુત માનીને વનરાજને પંચાસરના જયશિખરી રાજા કે ઠાકોરનો પુત્ર મનાય છે 'ફાર્બસ કૃત" રાસમાલા અને ગેઝેટીઅર બન્નેમાં ઉપરોક્ત કથન સ્વીકૃત કરવામાં આવ્યું છે પણ ગુજરાતના ઇતિહાસનાં મુખ્ય સાધનો જેવા "પ્રબંધ ચિન્તામણિ" અને કુમારપાળ પ્રબંધ આદિ ગ્રન્થોમાં વનરાજનાં એ પિતાનું અભિધાન કયાંએ નિર્દેષ કર્યું નથી પરંતુ વનરાજનો ખરો પિતા ચામુંડ ચાવડો હતો, અને તે આંબાસણનો વતની હતો. ચામુંડનો મોટો બંધુ હતો. (વિશેષ માટે જુઓ ગુજ. સાહિત્ય પરિષદનો ૧૨મો રીપોર્ટ)

વનરાજને બાલ્યાવસ્થામાં ચૈત્યવાસી શીલગુણસૂરિજી એ અને બીજા મત પ્રમાણે દેવસૂરિજીએ ×આશ્રય આપી તેને પાળી પોષી મોટો કર્યો હતો અને તે સૂરિએ વનરાજનો પંચાસરમાં રાજ્યાભિષેક કર્યો તે ઉપકારના બદલામાં વનરાજે સંપ્રદાય વિરોધના ભયથી પાટણમાં ફકત ચૈત્યવાસીઓએજ રહેવું અને બીજા શ્વેતાંબર સાધુઓએ ત્યાં રહેવું નહિ, એવો લેખ કરી આપ્યો હતો *એ આખરે જીનેશ્વરજીએ ચૌલુકય સોલંકી દુર્લભરાજના સમયમાં ચૈત્યવાસી સૂરાચાર્ય સાથે રાજસભામાં શાસ્ત્રાર્થ કરી જૈન શ્વેતાંબર સાધુઓએ માટે વિહાર ખુલ્લો કરાવ્યો હતો તેની વિસ્તૃત હકિકતનો આગળ ઉલ્લેખ કરવામાં આવશે.

વનરાજે "પંચાસરા પાર્શ્વનાથનો" પ્રાસાદ પણ ચૈત્યવાસી શીલગુણસૂરિના ઉપદેશથી બંધાવવામાં આવ્યો હતો અને તેમાં વનરાજ ચાવડાની આરાધક મૂર્તિ કરાવી તેમાં સ્થાપી હતી તે અદ્યાવધિ પાટણમાં મૌજુદ છે. તેમજ વન-

(અનુસંધાન પૃષ્ટ ૬ ઉપર)

૧ જુઓ હેમચંદ્રાચાર્યનું સંસ્કૃત તથા પ્રાકૃત "દ્વયાશ્રય" (Government Series) કુમારપાળ પ્રતિબોધ, કીર્તિ કૌમુદિ (સોમેશ્વરની) સુકૃત સંકીર્તન (અમરસિંહ) હમ્મીર મદમર્દન, (જયસિંહસૂરિ) મોહપરાજ્ય નાટક, બાલભારત, (પ્રશસ્તિ) વસંત વિલાસ, (બાલચંદ્રસૂરિ) નરનારાયણાનંદ (વસ્તુપાળ તેજપાળ) સુકૃત કીર્તિ કલ્લોલિની, જીનમંડન અને ચારિત્ર સુંદર ગણિતાં કુમારપાળ ચરિત્રો, પ્રબંધ ચિંતામણી, (મેરૂતુંગ) પ્રભાવક ચરિત્ર (પૂરાતન પ્રબંધ સંગ્રહ) (By સાક્ષરજિન દિવ્ય) વિગેરે ગ્રન્થ રત્નોમાં અણહિલપુરનાં વર્ણનો વિસ્તાર પૂર્વક કરેલા દૃષ્ટિગોચર થાય છે. —લેખક

૨ पुः स्त्री पुरी नगर्यौवा; पतन पुरमेदनं; स्थानीयं निठामोऽन्यतु यन्मूलनगरात्पुरम् अ. को.

૩ સચાઉનું ભાષાંતર વો. ૧ પૃષ્ટ ૧૩ મું

× पुरा श्री वनराजो भूच्चापोत्कटवरान्वयः
स बाल्ये वर्द्धितः श्रीमद्देवचन्द्रेणसूरिणा
नागेंद्रच्छभूदवार प्रागवराहोपमा स्पृशा. પ્ર.ચ.પૃ.૨૬૫

* चैत्यगच्छयतिव्रातसंमती वसतान्मुनिः
नगरे मुनिभिर्नात्र वस्तव्यं तदसंमतैः પ્ર.ચ.પૃ. ૨૬૬
જુઓ પુરાતન પ્રબંધ સંગ્રહ યાતો વનરાજ પ્રબંધ.

## શ્રી કોન્ફરન્સ કેળવણી પ્રચાર સ્થાનિક સમિતિનો
# રીપોર્ટ.

ગત વર્ષમાં એટલે કે સને ૧૯૩૮ ની સાલમાં કોન્ફરન્સ કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિએ પોતાનું કાર્ય ચાલુ કરી દીધું હતું, અને એ સમિતિની યોજના અનુસાર મુંબઈ શહેર અને પરામાં પણ આ વિષયમાં લાભ આપવો કોન્ફરન્સની કાર્યવાહી સમિતિને યોગ્ય જણાતાં અત્રે મુંબઈમાં એક સમિતિ કેન્દ્રસ્થ સમિતિની યોજના અનુસાર સ્થાપન કરવાનું ઠરાવવામાં આવ્યું, અને આ સમિતિની તુરતજ સ્થાપના કરવામાં આવી. કાર્યવાહી સમિતિના ઘણાક યુવાન ભાઈઓએ આ કામ કરવાની અકાંક્ષા બતાવી અને તેઓએ તુરતજ સમિતિમાં પોતાના નામ દાખલ કરવા સૂચવ્યું, અને આ સૂચનાને તુરતજ અમલમાં મૂકવા કોન્ફરન્સના રેસીડન્ટ જનરલ સેક્રેટરી શ્રી. કાન્તિલાલ ભાઈએ પ્રેરણા કરી અને સમિતિના સભાસદ તરીકે પોતાનું નામ પણ દાખલ કરાવ્યું. આથી યુવકોના ઉત્સાહમાં વૃદ્ધિ થવા પામી, અને ઉપરોક્ત શ્રી **કોન્ફરન્સ કેળવણી પ્રચાર સ્થાનિક સમિતિ**ની સ્થાપના થઈ.

કેન્દ્રસ્થ સમિતિની યોજના અનુસાર સમિતિને પ્રથમ ફંડ એકઠું કરી કેન્દ્રસ્થ સમિતિ પાસેથી તેટલીજ રકમ માગવાની હોવાથી સમિતિએ મુંબઈમાં વસતા જુદા જુદા દાનવીર ગૃહસ્થો પાસેથી રૂ. ૮૧૨) ની રકમ ભેળી કરી હતી.

મુંબઈમાં સહાય લેનારાઓની માગણી વિશેષ જણાઈ, જેથી કોન્ફરન્સ કે. પ્ર. કેન્દ્રસ્થ સમિતિ પાસેથી વધારે રૂપીયાની માગણી કરી, તેથી તેમણે રૂપીયા એક હજાર મંજુર કર્યા, અને એ રીતે કુલ રૂ. ૧૮૧૨) ચાલુ વર્ષ દરમ્યાન આપવાનું બની શક્યું છે.

મદદના ત્રણ પ્રકાર પાડવામાં આવ્યા:—પુસ્તકો, કલાસ ફી, અને સ્કોલરશીપ.

સમિતિની મીટીંગો વારંવાર મળતી હતી, અને લગભગ દરેક સભ્યે ઉત્સાહપૂર્વક આ કાર્યમાં રસ લીધો હતો. સમિતિની કુળ ૧૨ સભા થઈ હતી.

સમિતિનું ચાલુ વર્ષનું કાર્ય લગભગ પૂરૂં થયું છે તે અવસરે અમારે જણાવવું જોઈએ કે મુંબઈ જેવા વિશાળ ક્ષેત્રમાં જૈન વિદ્યાર્થીઓને મદદની ઘણીજ જરૂર છે. ખાસ કરીને ગુજરાતી (પ્રાથમિક) શિક્ષણ કરતાં હાઈસ્કુલના શિક્ષણ માટે વિદ્યાર્થીઓને વધુ તકલીફ જણાઈ છે, બાબુ પન્નાલાલ જેવીજ એક બીજી હાઈસ્કુલની ખરેખરી અગત્ય અમારા જાણવામાં આવી છે. ઘણા જૈન વિદ્યાર્થીઓ સારી સ્કુલમાં ફી નહિ ભરી શકતા હોવાથી નિરાશા અનુભવે છે, અને અંતે સામાન્ય શિક્ષણવાળી સ્કુલોમાં જાય છે. જ્યાં તેઓ જોઈએ તેવું શિક્ષણ મેળવી શકતા નથી. આ ઉપરાંત પાયધુની જેવા લતા ઉપર એક કન્યાશાળાની અગત્ય પણ અમારા જાણવામાં આવી છે.

આ ઉપરાંત એક વસ્તુની ખાસ જરૂરીયાત જોવામાં આવી છે, મુંબઈ શહેરમાં મેટ્રીક ઉપરના વિદ્યાર્થીઓને રહેવા માટે તથા અભ્યાસની સગવડ માટે, મહાવીર વિદ્યાલય, સંયુકતગૃહ, આદિ સ્થળોના સાધનો છે, જ્યારે મેટ્રીકની અંદરના ગરીબ વિદ્યાર્થીઓને રહેવા જમવાની કોઈ પણ સગવડ નથી. આ દિશાએ ખાસ લક્ષ દેવાવાની જરૂર છે, મુંબઈની સાંકડી કોટડીઓમાં રહેનારા વિદ્યાર્થીઓને અભ્યાસ કરવાની ઘણીજ અગવડો પડે છે, તેથી એવા એક બૉર્ડીંગ હાઉસ અથવા નિવાસ ગૃહની પણ અગત્ય છે.

આ બધુ કરવા માટે મુંબઈ વિશાળ ક્ષેત્ર છે, અને આ દિશામાં ઘણું કામ થઈ શકે તેમ છે, જો કાર્યવાહકો ખરેખરૂં કાર્ય ઉપાડી લીએ અને શ્રીમંતો સહાય આપે તો એક અતિ ઉપયોગી કાર્યમાં ખુબ પ્રગતિ થઈ શકે.

અંતમાં જણાવવાનું જે આ સમિતિ ઉભી કરવામાં ખાસ ઉત્સાહ આપનાર શ્રીમાન્ **શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલ** છે, તેણે કેન્દ્રસ્થ સમિતિમાં તો સહાય આપીજ છે, પરંતુ અત્રેની સ્થાનિક સમિતિને પણ સહાય કરવાનું વચન આપી પોતે પ્રથમ સભ્ય થઈ સમિતિને પ્રોત્સાહન આપ્યું હતું.

આ સિવાય આ સમિતિને જુદા જુદા દાનવીર ગ્રહસ્થોએ જે રકમ આપી કાર્ય શરૂ કરવામાં મદદ આપી છે તેમનો પણ આભાર માનીએ છીએ, અને ભવિષ્યમાં આ ઉપયોગી કાર્યને વધુને વધુ મદદ આપશે એવી આશા રાખીએ છીએ.

આ ઉપરાંત દરેક સભ્યે પણ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો છે, જે માટે તેમનો પણ આભાર માનીએ છીએ.

લી૦ સેવકો,

**મનસુખલાલ હિરાલાલ લાલન**

**કેસરીચંદ જેસીંગલાલ શાહ**

મંત્રીઓ.

**નોટઃ**-આ સમિતિનો સવિસ્તર રીપોર્ટ છાપેલો છે. જેમને જોવાની ઇચ્છા હોય તેમણે મંગાવી લેવા વિનંતિ છે.

---

## કરાંચીમાં દીક્ષા લેનાર એક યુવાનના વેશ પલટા
### સાધુમાંથી સંસારી બન્યા અને પાછો સાધુવેશ અખત્યાર કર્યો.

કરાંચી, તા૦ ૨૬ મી એપ્રીલ.

જૈન કોમને સં. ૧૯૯૪ ના માર્ગશીર્ષ સુદ ૧૦ તા૦ ૧૩ મી ડીસેમ્બર ૧૯૩૭ ના દીવસની યાદ હશે કે જ્યારે જૈન મુની શ્રી વીદ્યાવીજયજી મહારાજને શુભ હસ્તે રણજીતસીંહ અને બીજા એક યુવાને દીક્ષા લીધી હતી. જે દીક્ષા મહોત્સવનો મોટો ખર્ચ અત્રેના શેઠ ન્યાલચંદ લક્ષ્મીચંદ કુવાડીઆએ આપ્યો હતો. દીક્ષા લેનારના ધર્મ પીતા તરીકે શેઠ ન્યાલચંદ કુવાડીઆ થયા હતા. એ પછી એ રણજીતસીંહ કે જેણે દીક્ષા નામ રમેશ વીજયજી ધારણ કર્યું હતું તેઓ ત્રણેક માસ પછી એકાએક સાધુવેશનો ત્યાગ કરી ચાલી ગયા હતા. તેમણે ફરી પાછી દીક્ષા અંગીકાર કરી છે!

---

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઈ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA." Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રીઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમઃ—રૂપીઆ બે. છુટક નકલઃ—દોઢ આનો.

વર્ષ જુનું ૧૨ મું. નવું ૭ મું. | મંગળવાર તારીખ ૧૬ મી મે ૧૯૩૯. | અંક ૨૦ મો.

## પ્રતિભા સંપન્ન જૈન કોમ.

એકંદરે જોતાં જણાશે કે ઇ. સ. ની બારમી સદીના અંતથી આજ સુધી ખંભાતના જનસમુદાયમાં કોઇપણ પ્રતિભાસંપન્ન વર્ગ હોય તો તે જૈન કોમ છે. હેમચંદ્રાચાર્ય, હીરવિજયસૂરિ અને વિજયસેનસૂરિ જેવા યુગપ્રધાન જૈનાચાર્યોએ ખંભાતમાં વખતો વખત લાંબા નિવાસ કરેલા છે; મહારાજાધિરાજ કુમારપાલના વખતમાં ઉદયન મંત્રી અને પછી વસ્તુપાલ તેજપાલ જેવા રાજ પુરૂષોથી જૈન સમાજ પોષાયો છે; અને પોણા બસો વર્ષની અમદાવાદની સલ્તનત તથા સો વર્ષની તે પહેલાંની દિલ્હીના સુબાઓની સત્તા દરમ્યાન પણ જૈન કોમે ખંભાતના સમાજમાં પોતાનું અગ્રેસરપણું કાયમ રાખ્યું હતું એ સમરાશાહ અને વજિયા તથા રાજિયાશાહના ઉલ્લેખો ઉપરથી સ્પષ્ટ થાય છે. આજે પણ ખંભાતનો જનસમુદાય મોટે ભાગે હિંદુ છે અને હિંદુઓમાં જૈનોનું જ ખાસ જોર છે.

હેમચંદ્રસૂરિ જેવા ભાવિષ્યમાં કાળિકાળ સર્વજ્ઞ કહેવાએલા પ્રભાવિકે ખંભાતમાં દીક્ષા લીધી એટલે જૈન દર્શનના પ્રખર પંડિતો અને સમર્થ મુનિઓ ખંભાતમાં હશે. વસ્તુપાળ તેજપાળતો જેવા ધનવાન અને સત્તાવાન હતા તેવા જ વિદ્યાવિલાસીપણ હતા. પાટણના રાજપુરોહિત સોમેશ્વર દેવ–કીર્તિ કૌમુદીના કર્તા–જેવા કવિ પંડિતો એમની પાસે રહેતા. જયસિંહસૂરિ કૃત હમ્મીરમદ મર્દન નાટક સંસ્કૃતમાં વસ્તુપાલના પુત્ર જયંતસિંહના હુકમથી ખંભાતમાં ભીમેશ્વરનો ઉત્સવના વરઘોડા વખતે ભજવાયું હતું. એટલે ગુજરાતે ઉત્પન્ન કરેલા સંસ્કૃત સાહિત્યમાં પણ ખંભાતે ફાળો આપ્યો છે અને સંસ્કૃત નાટક ભજવાતું જોઇ શકે એવી એ વખતના શિષ્ટ સમાજની સ્થિતિ હતી તે વ્યકત થાય છે. જાતે જૈન છતાં ભીમેશ્વરના ઉત્સવ પ્રસંગે જયંતસિંહ રસભર્યો ભાગ લે એ પણ એ સમયના સમાજની સહિષ્ણુતા અને મિલનસારપણું સિદ્ધ કરે છે. હાલના જેવો જકડાએલો એ વખતનો સમાજ નહિ હોય એમ લાગે છે.

'સંગીત રત્નાકર' માં એક રાગનું નામ **खम्माइति** આપેલું છે એ સંગીતનો શોખ સુચવે છે. સોળમી–સત્તરમી સદીના જૂના ગુજરાતીમાં લખાએલા જૈન રાસાઓમાં 'ખંભાતી' રાગ નજરે પડે છે.

ગુજરાતી સાહિત્યમાં પણ ખંભાતે પોતાનો ફાળો આપેલો છે. સત્તરમી સદીની શરૂઆતમાં થઇ ગએલા કવિ ઋષભદાસનું નામ આગળ આવે છે ગૃહસ્થાશ્રમી છતાં તે સમયમાં સારા કવિ તરિકે તે વિખ્યાત થયા છે. તે ગર્ભ શ્રીમંત હતા અને સંઘ પણ કાઢયો હતો. એમણે અકબર અને જહાંગીરના વખતના ખંભાતનું તથા ખંભાતના સમાજનું સારૂ ને અતિશયોક્તિ વગરનું ચિત્ર આપ્યું છે. ગુજરાતી ભાષામાં લગભગ ૩૨ રાસ લખ્યા છે.

ખંભાતમાં વિખ્યાત જૈન આચાર્યોના આગમન તથા અનેક જૈન શેઠિયાઓના ધર્મકાર્યો વગેરેના એટલા બધા ઉલ્લેખો મળે છે કે જૈનોની દ્રષ્ટિએ ખંભાતના ઇતિહાસની એક નાની પુસ્તિકા જુદી થાય.

"ખંભાતનો પ્રાચીન ઇતિહાસ."

उद्धाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

—श्री सिद्धसेन दिवाकर.

**અર્થઃ**—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

જૈન યુગ.
તા૦ ૧૬-૫-૩૯. મંગળવાર.

# સિદ્ધાંત મોહ કે સંગઠન વૃત્તિ?

જૈન સમાજ આજે એવી ભૂમિકા પર આવી રહેલ છે કે એને થોડા સમયમાં ઉપર જે મથાળું બાંધ્યું છે એની ચોખવટ કરવી પડશે. ત્રણ ફિરકાના સંગઠનની વાત કરનારા આપણે જરા ઠંડે કલેજે વિચાર કરીશું તો જણાશે કે આપણા શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજમાં કેટલા તડા અને કેટલા વાડા મોજુદ છે અને દિવસ જતાં એમાં ઘટાડાને સ્થાને કેવો વધારો થઇ રહ્યો છે? આના કારણનો ઉંડો અભ્યાસ કરવાની જરૂર છે. કેટલાક માને છે કે એ તો જાગ્રત સમાજનું ચિન્હ છે. કેટલાક કહે છે કે એ સંક્રાતિ કાળની નિશાની છે. કેટલાક મજબુતપણે બચાવ કરે છે કે એ સિવાય નવસર્જન શકય જ નથી. પ્રથમ જુનું ભાંગીને ભૂકા થાય નહિં ત્યાં સુધી નવીનનાં ચણતર સંભવેજ શી રીતે? એટલા સારૂં આ વાડા ને તડા ભલે વધતા રહે. આખરે એમાંથી એક નવિન સમાજનો ઉદ્ભવ થશેજ થશે.

આ માન્યતાઓ કેટલા અંશે સાચી છે એ તો કોઇ માનસ શાસ્ત્રી કે દીર્ઘદર્શી નેતાજ કહી શકે. અમારી દ્રષ્ટિ તો વર્તમાન કાળ તરફ મીંટ-માંડતી હોવાથી આ શોચનીય દશા જોઇ અકળાય છે. મુંઝાય છે. બીજી સર્વ બાબતો કરતાં પણ આ બગડતી સ્થિતિ સુધરે ને સમાજ એક વિખરાયેલા પક્ષોની યુધ્ધભૂમિ બની રહે એ કરતાં જોડાયેલા સમૂહનું એક જુથ બને એ જોવાની આશા સેવે છે. સિધ્ધાંત પ્રેમ એ ખોટી વસ્તુ નથી. વ્યકિતગત એ સંગ્રહવા લાયક ચીજ પણ ખરી, છતાં સમષ્ટિના કાર્યોમાં એ મડાગાંઠ તરિકે અડચણ રૂપ થાય તો—એનો મોહ કેમે કર્યો છુટતો ન હોય તો—નિશંક કહેવું જ પડે કે એ કોઇબી હિસાબે પકડી રાખવા જેવી વસ્તુ ન ગણાય. માત્ર ભારતવર્ષના વર્તમાન બનાવો ઉપરથી જ નહિં પણ સાથો સાથ યુરોપ ને અમેરિકામાં બની રહેલા બનાવો અને થઇ રહેલી આસમાની-સુલતાની પરથી તારવણી કરવામાં આવે તો જણાય તેમ છે કે અગમ નજરી નેતાના હાથમાં લગામ હોય તો જેટલી સુખકર ને શાંતિજનક છે એટલી ભિન્ન ભિન્ન બળોના માંરીમચડી એકત્ર કરાયેલા તંત્રમાં નથી. બહુમતી એ ઉપસ્થિત થયેલ પરિસ્થિતિ માટે કેવો રાહ પકડવો—અગર તો એમાંથી કેવી રીતે માર્ગ કહાડવો એની વિચારણા માટે આવશ્યક છે પણ જ્યાં એ સંબંધી નિર્ણય લેવાયો કે તરત જ એને લગતું તંત્ર ચાલુ કરવામાં—એ સ્થિતિની જડ નાખવામાં—એક વિચારણા-પરસ્પર આપલેના કાનુનથી—કામ કરી શકે તેવા—કાર્યકરોના હાથમાં સુકાન સોંપાવું જોઇએ અને એમાં પણ એકાદ યોગ્ય ને દીર્ઘદર્શી નેતાને મુખ્ય બનાવવો જોઇએ; તોજ કાર્યવાહીમાં સંગીનતા ને પ્રગતિના વહેણ ફરી વળે. વાતોમાં કાળક્ષેપ કરી કિંવા ચર્ચાના લાંબા ચોડા હોળાણ કરી, છુટા પડનાર વર્ગથી એક પણ કાર્ય થઇ શકતું નથી. એ જાત અનુભવનો વિષય હોઇ નજર સામેના બનાવોથી પુરવાર કરી શકાય તેમ છે.

જૈન સમાજની વર્તમાન દશામાં પલ્ટો આણવાના વિચાર જેમણે આવે છે તે સર્વને આ દિશામાં પગલા ભરવાની જરૂર છે. પછી ચાહે તો એ પલ્ટો ક્રાન્તિકર હોય કિંવા દેશ-કાળને અનુરૂપ મધ્યમ સુધારણાનો હોય. જ્યાં લગી એ પાછળ એકધારી તમન્ના ન સાંપડે અને એ માટે ફકીરી ન લેવાય ત્યાં લગી ભાગ્યેજ કામ થવાની આશા સેવાય-સમાજના સંગઠનમાં કે નવઘડતરમાં ભાષણ-લખાણ કે છાપા જરૂર ભાગ ભજવે છે, છતાં એ નહિં જેવોજ. ખરો અને મુદ્દાનો ભાગ ભજવનાર બળતો એમાં ઉંડા ઉતરી, સમયનો ભોગ આપી, રચનાત્મક કાર્ય ઉપાડી લેનાર સેવાભાવી-ઠંડી પ્રકૃતિના કાર્યકરોના એકધારા કામમાંથી ઉદ્ભવે છે.

એ કાર્યકરોને જેટલી પ્રેમભાવે કામ કરવાની ધગશ હોય છે એટલી સિધ્ધાંતના નામે ચુંથણા કરવાની નથી પડી. જ્યાં સુધી સિધ્ધાંત શું ચીજ છે; એ માટે કેવી તમન્ના હોવી જોઇએ અને એનો ભંગ થતો હોય તો કેવી રીતે અટકાવી શકાય કે એ ટાણે શું કરવું જોઇએ એ સર્વ યથાર્થ રૂપે સમજાવવામાં ન આવ્યું હોય ત્યાં સુધી એના નામે કેવલ પોકાર પાડવાથી કંઈજ કાર્યનિષ્પત્તિ થવાની નથી.

કેટલાક પ્રસંગોમાં સિધ્ધાંત માટે માન પેદા કરવા ખાતર એવા પગલા ભરવા પડે છે કે જે દેખીતી રીતે વિરૂધ્ધ લાગે. એ જોતાં જ કેટલાક સિધ્ધાંત મોહી ફફડી ઉઠે! ઘડીભર એમ પણ થઇ જાય કે અમારી વર્ષોની મહેનત પર પાણી ફેરવાયું!

પણ ઉંડા ઉતરી ઠંડકથી વિચાર કરવામાં આવે તો સહજ જણાય છે કે આ માત્ર અલ્પ સમયનો ઉભરો હતો. સિધ્ધાંત મોહ કરતાં સિધ્ધાંત પ્રેમ પ્રશંસનીય છે અને જે સાચી રીતે જન્મ્યો હોય છે તો એને ગભરાવાનું કારણ નથી જ.

માનવી જે કંઇ પ્રવૃત્તિ સમાજ સેવાના નામે કરવા બહાર પડે છે, ત્યારે એને સમજવું ઘટે છે કે એની દરેક વાત સમાજ મુંગે મ્હોડે સહી લેવાનો નથી. સમાજને આકર્ષવા સારૂ કેટલાયે અવનવા પ્રયોગો હેઠળ એને પસાર થવાનું છે. છતાં સેવાની અડગવૃત્તિથી એ મંડયો રહે છે. સમાજનું મન જે જે માર્ગે ખેંચી

# નોંધ અને ચર્ચા.

## પંડિત દ્વારા અભ્યાસ.

આજકાળ પંડિત રાખી અભ્યાસ કરવાની પ્રથા સાધુ-સાધ્વી ગણમાં ઉંડુ ઘર કરી રહેલી જણાય છે. દિવસાનુદિવસ એમાં ભરતીનો જુવાળ નજરે ચઢે છે. આચાર્ય મહારાજોની સંખ્યા કુદકે ભુસકે આગળ વધવા છતાં, તેમજ તેઓને અવકાશ કિંવા ફુરસદનો અભાવ ન હોવા છતાં, જૈનેતર પંડિતો રાખવા ને અભ્યાસ કરાવવો એ જાણે ધર્મ થઇ પડયો છે! કેટલીક વાર તો જૈન ધર્મની ચાવીરૂપ જીવવિચાર કે નવતત્વ જેવા પ્રકરણો ન જાણનાર સાધ્વીઓ પંડિતો પાસે સંસ્કૃત શિખવા બેસી જાય છે અને તે પણ કોઇ ઉંચી કક્ષાના અધ્યયન માટે નહિં પણ સામાન્ય પહેલી કે બીજી ચોપડી જેવા પ્રાથમિક અભ્યાસમાંજ! જાણે બધાને સંસ્કૃતના જ્ઞાતા બની પાટ શોભાવવાની ન હોય! આ પાછળ જૈન સમાજ જે પૈસા ખરચે છે એનો જ્યારે હિસાબ કહાડીયે છીએ ત્યારે, એ માર્ગે જે લાભ થયો હોય છે એની ગણત્રીના પ્રમાણમાં સ્પષ્ટ જણાઇ આવે છે કે મોટા ભાગનુ ધન વેડફાઇ ગયું છે! આના કારણમાં વિહાર કરવાની પ્રથા થોડો ભાગ ભજવે છે એની ના પાડી શકાય તેમ નથીજ. છતાં સર્વાળે સર્વ કોઇ એક જાતના મેનીઆથી આ જાતના અધ્યયનમાં દોડે છે અને શક્તિના અભાવે એમાં ફતેહમંદ નથી થઇ શકતા એ વાત ચોકખી દેખાઇ આવે તેમ છે. પૂર્વના ઇતિહાસમાં ઉંડા ઉતરતાં સહજ જણાઇ આવે તેમ છે કે આજની માફક જૈનેતર પંડિતો પાસે અધ્યયન કરાવવાનો પ્રસંગ જવલ્લેજ બનતો અને તે બનતો તો કોઇ સર્વ દર્શન નિષ્ણાત બનવાની આકાંક્ષાવાળા વિદ્વાન્ સાધુ માટેજ. બાકી ગચ્છની ભિન્નતા છતાં એક ગચ્છના સાધુ સાધ્વી બીજા ગચ્છના વિદ્વાન્ ગુરૂ પાસે છુટથી અભ્યાસ કરતા-પંડિત પદવી ધરાવનાર અને પંન્યાસ કે ઉપાધ્યાય પદધારીઓ મોટે ભાગે અધ્યયનનુ કામ જાતે કરાવતાં હતાં. આજે એ પદ્ધત્તિ પુનઃ ચાલુ કરવાની અગત્ય છે. તે વિના જે સચોટ શ્રદ્ધાસંપન્ન ને મૌલિક જ્ઞાનની આવશ્યકતા છે તે બર-આવી શકવાની નથીજ. પણ આ વાત ત્યારેજ શકય બને કે જ્યારે જુદા જુદા ગચ્છના સાધુએ:ના હ્રદયમાંથી ચેલો નાશી જશે એવી બીતિ અદ્રસ્ય થાય. આજે તો જુદા ગચ્છની વાત તો દૂર રહી. ખુદ એક સંઘાડાના સાધુ પણ પોતાના શિષ્યને વીલા મુકવાનુ પસંદ કરતા નથી! રખેને પોતાનો ચેલો બીજાનો બની બેસે એવી બીતિ ધારણ કરે છે! આ મનોદશા પલટાય તે દરમીઆન મોટા શહેરોમાં જ્યાં સંખ્યાબંધ સાધુ સાધ્વીઓ ચોમાસામાં સ્થિરવાસ કરે છે ત્યાં કામ ચલાઉ વિદ્યાપીઠ ઉભી કરી એ ચારમાસનો–બપોરનો સમય–બરાબર અધ્યયન કરવામાં ઉપયોગ કરવાની અગત્ય છે. આ જાતનો અખતરો પાલીતાણામાં થઇ ચુકયો છે. પ્રત્યેક આચાર્ય મહારાજથી માંડી વિદ્વાન્ સાધુગણને એ તરફ વિચાર વાળવા વિનંતી છે. શ્રાવક સમુદાયના આગેવાનો પણ આ વાત વિચારે–અલબત વધુ અભ્યાસ કરી શકે તેવા સાધુ–સાધ્વી માટે તો એક વિશાળ પાયા પર અધ્યયન મંદિર ઉભુ કરવાની જરૂર છે અને ત્યાં ચાલુ કાળને અનુરૂપ–વિજ્ઞાન દ્રષ્ટિયે–તુલનાત્મક પદ્ધત્તિએ અભ્યાસ થઇ શકે તેવા પ્રકારની દરેક સગવડ હોવી ઘટે. ભિન્ન ભિન્ન પંડિત રોકી ખરચાતુ ધન બચાવી એ માર્ગે લગાવવાથી જે સુંદર પરિણામ આવશે એ અવશ્ય જૈન સમાજને એક પગલું આગળ લઇ જનારૂં બનશે.

## આપણા માટે બોધપાઠ.

રાષ્ટ્રિય મહાસભાની કાર્યવાહી આપણા માટે જો પક્ષપાતના ચશ્મા ઉતારી નાંખી, કે માન્યતાના ઘેરા વમળમાંથી છુટા થઇ, ખુલ્લા મને વિચારીયે તો સાચેજ અમૂલ્ય બોધ પાઠની ગરજ સારે તેમ છે. એક સમયના લોકશાસન વાદીઓ 'વધુમતી' પોતાના તરફ હતી ત્યારે એના જોરે જે જાતના ઢોલ પીટતાં હતાં અને 'બહુમત'નો વિજય પોકારતા હતા તે જ્યારે એજ 'બહુમતી' શ્રી પંતના ઠરાવ પ્રતિ ડગ ભરતી નિહાળે છે ત્યારે એકાએક અકળાઇ ઉઠે છે એમાં પ્રમુખની સત્તાનો હ્રાસ દેખે છે! અને ભારતવર્ષને કુંભકર્ણી નિદ્રામાંથી ઢંઢોળી, અહિંસાની અજબ પદ્ધત્તિથી જાગૃત કરી, ચેતનવંતુ બનાવનાર મહાત્મા ગાંધીજીના હાથમાં લગામ સોંપવામાં લોક શાસન નો ભંગ જુવે છે. એમ કરવામાં એમણે 'હીટલરશાહી' દેખાય છે! એક વિચાર વાળી કાર્યવાહક સમિતિ શબ્દોની ચર્ચામાં સમય ન વીતાડતાં કેવળ કાર્ય પાછળ મંડી પડે એ તેમને નથી રૂચતું! એમણે તો ભિન્ન ભિન્ન વિચારના તત્વો એકઠા કરી કેવળ શબ્દબાજીના યુદ્ધ ખેલાતાં નિરખવાના કોડ છે! ગાંધીજીની દોરવણી જોઇએ છે પણ તે પોતાના મનગમતા માર્ગે! આ બધી સ્થિતિમાં કેટલાક મહિના વીતી ગયા પછી પુનઃ કલકત્તામાં પૂર્વવત્ કાર્ય ચાલુ રાખવાનો ઠરાવ થયો છે. અનુભવી નેતાઓના હાથમાં સુકાન સોંપાયું છે. જો કે એ સામે ઉદ્દામ બળના નામે એક નવો પક્ષ ઉભો થયો છે અને દુઃખ ભરી વાત તો એ છે કે એની નેતાગીરિ શ્રી સુબાષ બાબુએ લીધી છે! પશ્ચિમની પ્રજાના શિસ્તનો વિચાર કરીએ છીએ ત્યારે આપણને જરૂર અફસોસ થાય તેવી કાર્યવાહી આપણા ઘર આંગણે ચાલતી જણાય છે! આમ છતાં શ્રી રાજેન્દ્ર બાબુએ જે ઠંડા કલેજે કામ લેવા માંડયું છે એ જોતાં ઉજ્વળ ભાવિ માટે શંકા જેવું નથી. આ કાર્યવાહી આપણા જૈન સમાજની કે જેમાં આજે જાત જાતના પક્ષો મોજુદ છે–આંખ ઉઘાડનારી છે.

સમાજને એક ધારી દોરવણી આપવી હોય તો એક વિચારની કાર્યવાહક સમિતિ નિયત કરવાની અગત્ય સૌ કરતાં

---

શકાય તે દરેક પગલા એ ભરે છે. કેટલાક માટે તો એને કડવા ઘુંટડા ગળવા પડે છે, છતાં તમન્ના સમાજ સેવાની હોવાથી એ કપરી પરિક્ષા પસાર કરે છે, ત્યારેજ એક સમયની મામુલી વ્યકિત બીજા સમયે આખાયે સમાજની લગામ ખેંચનારી વિભુતિમાં દેખા દે છે. એ કાળે એના સિધ્ધાંતો એ કેવળ હૃદયની ગુહામાં નથી સમાયા હોતા પણ પરિશ્રમથી સર્જાવેલા સંગઠનમાં પથરાયેલા હોય છે. સમાજના મોટા ભાગમાં એ ઓતપ્રોત બન્યા હોય છે. આ સ્થિતિ પ્રશંસનીય ખરીજ ને? એ અભિલાષ કોને ન હોય?

તો પછી વર્તમાન કોકડુ ઉકેલવામાં હાથ ઉંચો રાખવાના કે ટોલ્લો મારવાની વૃત્તિના ભાવોને જતાં કરી સાચા હ્રદયનો સહકાર ધરવાની કમર કસવી જોઇએ એ સત્ય જેટલું જલ્દી સમજાય એટલું લાભદાયી છે.

વિશેષ છે. આજે તો મૂઠીભર કાર્યકર્તાઓ અને એમાં પણ માન્યતાના વર્તુળોનો પાર નહી! સ્થિતિ એવી થાય છે કે 'શિયાળ સીમ ભણી તાણે જ્યારે કુતરૂ ગામ ભણી' ઉભયની ખેંચ તાણમાં સીમ ને ગામ છેડે રહે છે ને મુદ્દો અધવચ અથડાઈ પડે છે! આવી વળણથી નિરાશા વધી પડી છે. સંસ્થાની આંટ હાલી ઉઠી છે અને જો એ દશા વધુ લંબાય તો સર્વાળે શૂન્ય રહેવાનુ છે. એ મહત્વની વાત ભુલવા જેવી નથી. સાચો માર્ગ તો એકજ છે. કયાં તો સંગઠિત બની કાર્ય કરી બતાવવું અને તેમ ન થઇ શકે તો જેના દ્વારા એ બને તેવું હોય તેમના હાથમાં ખુલ્લા દિલે સુકાન સોંપી દેવું. સિદ્ધાંતના નામે આડા પથરા મેળવા એનો કંઇજ અર્થ નથી. સિદ્ધાંત ભંગ કોણ ઇચ્છે? પણ એ ભંગ સાચો છે કે કલ્પિત! અગર તો એ સિદ્ધાંત એ જીવનદાયી છે કે ગળુ ઘોંટનાર એનો વિચાર આવશ્યક ખરો કે કેમ? સિદ્ધાંત પ્રેમી એટલી વાત અવશ્ય વિચારે.

## ધન વ્યયની દિશા ફેરવો.

પવિત્ર દેવસ્થાનોનુ ધન વહીવટદારો દ્વારા ચવાઈ જાય, કયાં તો મતફેરોના નામે નોટિશબાજીમાં વેડફાય; અથવા તો ઝઘડા લઢવામાં વકીલ સોલીસીટરના એથી ખીસા ભરાય એવું ભાગ્યેજ કોઇ જૈન ઇચ્છે. છતાં શેઠ આણંદજી કલ્યાણજી, શ્રી શાંતીનાથ મંદિર-મુંબઇ ભીંડી બજાર આદિના કેસ જોતાં એ સ્થિતિનાજ દર્શન થાય છે. એના વહીવટમાં આંખ ફેરવતાં નવિન તેમ જુના વિચારના-ઉભયના-માણસો શ્રીમંતો-દૃષ્ટિગોચર થાય છે. દેવદ્રવ્ય ખાઇ જવું કે સામાજીક કાર્યોમાં ઉપયોગ કરવો એવું કહેનારામાંથી એક પણ એમાં નથી દેખાતો. જે દેખાય છે તે દેવદ્રવ્ય ભક્ષણમાં પાપ માનનાર અને એની એક દમડી પણ બગડે તો જે શાસ્ત્રકારોએ બતાવ્યા છે એવા ભોગવવા પડે એવી અટળ શ્રદ્ધા ધરાવનાર છે. છતાં આ સ્થિતિ બની છે! ઉઘાડી આંખે જોઇ શકાય તેવું છે કે હજારોના આંધણ મૂકાયા છે ને હજારો ઉચાપત થયા છે! તો પછી આપણી ફરજ કોઈ અન્ય સુખકર માર્ગ લેવાની નથી? આવું રોજનું થઇ પડયા છતાં હજુ પણ આપણે દેવના નામે ધનના ઢગલા વધવા દેવા છે? એ નામે હીરામાણેકની આંગીઓ ખડકવી છે? દેશ કાળ જોવાની પ્રથમ જરૂર છે. આજે આપણા સંખ્યાબંધ સ્થાનો-જ્યાં કળા કૌશલ્ય ઉડીને આંખે વળગે તેવું છે અને. શિલ્પ કામ હેરત પમાડે તેવું છે-જર્જરીત દશામાં પડયા છે! શા સારૂ એના જીર્ણોદ્ધાર પાછળ દેવદ્રવ્ય ખરચી નાખવામાં ન આવે એ માટે એક વ્યવસ્થિત યોજના ઘડી એને અમલી બનાવવાની જરૂર છે. સમાજનો એક નાનો ભાગ એ દ્રવ્ય પર તાકી બેઠો છે. બીજો એક ભાગ સીધી રીતે આંગળીનો સ્પર્શ કરવાની ના પાડતો હોવા છતાં એને હોઇઆ કરી જતાં કે એ દ્વારા આંટ સાચવવામાં જરાપણ નાનપ માનતો નથી અને એ દ્રવ્ય થી આબરૂના બ્હાના હેઠળ-બંધારણ કે કાનુનની સલાહ મેળવવાના નિમિત્તે-હજારોની સંખ્યામાં ખરચાતું આપણે નજર સામે જોઇએ છીએ. તો પછી શા સારૂ એવું તંત્ર ન ગોઠવીએ કે જેથી એ ધન એવી રીતે વેડફાતુ બંધ પડે. એ દ્વારા આપણા તીર્થોના વહીવટ એક ધારો નિર્માય અને કાળનો ભોગ બનતા-ભૂતકાલિન ગૌરવની કીર્તિ ગાથા સમા-મનોહર દેવાલયો ની મરામત થાય એમાંથી ખપ પુરતુ અનામત રાખી વધારાનુ સર્વ માત્ર અમુક પ્રાંત કે અમુક સ્થાનના ભેદ સિવાય જ્યાં જ્યાં પ્રાચીનતાના પુરાવા સમા ચૈત્યો મોજુદ હોય એના સંરક્ષણ પાછળ-એમાં સમાયેલી કળાની જાળવણી અર્થે-જોઇતા પ્રમાણમાં ખરચાય. એટલું યાદ રાખવાનું કે એના ઢગ કરવાનો કે એ દ્વારા વહીવટો ઉભા કરવાનો યુગ આથમતો જાય છે! બાકી સંગ્રહવૃત્તિ તો કોઇ કાળે ઇષ્ટ નથીજ.

## સમાચાર સાર

(૧) મુંબઇના શ્રી ગોડીજી મહારાજના ઉપાશ્રયે દેવસુર સંઘના સભ્યોની એક સભા વૈશાખ વદ ૭ બુધવારની રાત્રીના શેઠ છોટાલાલ પ્રેમજીના પ્રમુખસ્થાને મલી હતી. આ પ્રસંગે શેઠ છોટાલાલ ભાઇએ ગદગદીત કંઠે બોલતા જણાવેલુ કે ગોડીજીના દેરાસરજી માટે આખા હિંદુસ્તાનમાં માન છે. દેરાસરજીના વહીવટ અંગે અત્યાર સુધી કોઇ કાંઈ કહી શકતું નહોતું પરંતુ મને દીલગીરી થાય છે કે છેલ્લા સં. ૧૯૯૩ ના સરવૈયા પાસ કરવા માટે આટલી બધી મુશ્કેલી ઉભી થવા પામી છે મારી સલાહ છે કે દેરાસરજીનો વહીવટ બગડે નહીં અને ટ્રસ્ટીઓ તેમજ સભાસદ બંધુઓ સાથે મળીને કાર્ય કરશે તો સારૂ પરીણામ આવશે ત્યારબાદ એક ઠરાવ પાસ કરવામાં આવ્યો હતો. જેનો સારાંશ એ છે સંઘ તરફથી નીમાયેલી કમીટીનો મેનેજીંગ ટ્રસ્ટીઓ સાથે રહીને આપણા ઈજનેર મી. કોરા એન્ડ ભટ્ટ પાસેથી દરેક કાગળીઆ મંગાવી બંને બંધાયેલા મકાનોનું ચેકીંગ કરાવી આપવું અને પંદર દિવસ પછી સભા બોલાવવી.

(૨) પંન્યાસજી શ્રી રવિવિમળજી મહારાજ મુંબઇથી વિહાર કરીને સુરત-ભરૂચ-કાવીતરફ થઇ ખંભાતમાં શેઠ અંબાલાલ પાનાચંદની ધર્મશાળાએ પધાર્યા છે તેઓશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

(૩) શ્રી ખંભાત વીશા પોરવાડ જૈન યુવક મંડળની મળેલી સભાએ ઠરાવ પાસ કર્યા છે કે ચાલુ સાલમાં પહેલેથી પાંચ નંબરમાં પાસ થયેલા આપણી જ્ઞાતીના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવી જે અંગે રૂ. ૩૦) મંડળમાંથી મંજુર કરવામાં આવ્યા છે બીજી રકમો તેમાં ભરાતી જાય છે.

### શિષ્યમોહની ઘેલછા

અમદાવાદ ફતાસાની પોળના ઉપાશ્રયમાં વિરાજતા એક સાધ્વીએ હમણાં બહાર ગામની બાળાઓ કે જેમની ઉમ્મર સગીર હોવા છતાંય ઉમ્મરલાયક જણાવી તેનાં માતા-પિતાથી ખાનગી રીતે સાધ્વીનો વેષ પહેરાવી દીધો છે. આ વિષયની ચકચાર શહેરમાં ચાલે છે કે જો દિક્ષિતો ઉમ્મર લાયક છે તો માતા પિતાની સમ્મતિ અને જાહેર રીતે જ દીક્ષા આપવામાં શો વાંધો આવતો હતો? ખાનગી રીતે વેષ પહેરાવવાથી અને ઉમ્મર વિગેરેની તપાસ કરવાથી સગીર વયની હોવાની વાત બહાર આવી છે. હીરશ્રી પાસે તથા અનેક પાસે અનેક શિષ્યાઓ હોવા છતાંય મુનિ સંમેલન અને સરકારી કાયદા કાનુન તરફ ધ્યાન નહીં દેતાં આવા ખોટા મોહમાં મૂઝાતા પહેલાં શાસનની સ્થિતિનો ખાસ કરીને તેમણે વિચાર કરવો જોઇતો હતો. હજુ ય શાસનદેવ સન્મતિ આપે અને આવા સાહસથી અટકે તો સારૂં, નહિ તો પોતાની ફજેતી સાથે ધર્મની નિંદા કરવાના કારણભૂત પાતકના તે ભાગીદાર બનશે.

# આપણી સંસ્થાઓ—એક દિગ્દર્શન

( ગતાંકથી સંપૂર્ણ )

( ૭ ) કેટલીક સંસ્થાઓ પોતાના મુખ્ય પગારદાર સંચાલકને વારંવાર બદલવામાં ગર્વ લે છે; પરિણામ એ આવે છે કે તે આપણા ખર્ચે સંચાલનની માહિતી મેળવે છે અને આપણે તેને મળેલ અનુભવનો લાભ મેળવી શકતા નથી. તે ઉપરાંત નવા નવા આવતા મુખ્ય સંચાલકને માહિતીના અભાવે હાથ નીચેના જૂના માણસના ઓશિયાળા બનવું પડે છે અને આ માણસો વધારા પડતા મોભાદાર બની ઠની બેસે છે. આના બદલેજ મુખ્ય સંચાલકને નીમતાં પહેલાં તેના ગુણ અવગુણની, તેની ખાસિયતોની, તેના સ્વભાવની અને તેની કામ કરવાની પદ્ધતિની માહિતી મેળવી સંતોષકારક વેતનથી–ગ્રેડ–પ્રોવીડન્ટ ફંડ–અને મુદત નક્કી કરી રાખવામાં વધુ શોભા છે સંસ્થાની અને તેના કાર્યવાહકોની. આ વસ્તુ નક્કી કરતી વખતે મુખ્ય પગારદાર સંચાલકમાં કામ કરવાની વૃત્તિ, સત્યનિષ્ઠા, પ્રામાણિકતા, નિડરતા, સ્વમાન પ્રતિ જાગરૂકતા, ત્યાગવૃત્તિ, વિવેક અને વિદ્યાર્થીપ્રતિ મમતા આદિ ગુણો જોવાના તો રહેશેજ. જો સંચાલકમાં આટલા ગુણો અને આટલી શક્તિ હશે તો તે વિદ્યાર્થીમાં કોઇને કોઇ એક ગુણ આપી તેના ચારિત્ર્યમાં જરૂર વધારો કરી શકશે. આના બદલે જો સંસ્થાને સદ્ગુણ વિનાનો, મોંમીઠો, દંભી, ઇર્ષ્યાખોર, ખુશામતિયો, ડોળી, ખટપટી અને બેડાખાઉ માણસ સાંપડી ગયો તો સંસ્થાના માટે શનિશ્ચરની દશા બેસશે. અને નાલાયક માણસને વધારે પડતું મહત્વ આપવાનો દોષ થશે; અને તેમ છતાં પરિણામ તો શૂન્યમાંજ આવશે કેમકે કાંઇક મેળવવાને બદલે વિદ્યાર્થી આવા સંજોગોમાં વધુ ગુમાવશે. મૂડીવાન માણસ જે કાંઈ આપી શકશે તેવું નાદાર માણસ કાંઇ ઓછુંજ આપી શકવાનો છે તે ન્યાય અહીં પણ લાગુ પડે જ છે.

( ૮ ) કેટલીક સંસ્થાના શ્રીમંતો સંસ્થાનો અભ્યાસ કરી શકતા નથી, કોઇક વખતે ફુરસદે ઉપર ઉપરથી ટાપટીપ જોઇ સંતોષ માને છે કે કોઇ નજીવી ભુલ કાઢી ફરજ પૂરી કરે છે. સંસ્થાના મંત્રી કે મંત્રીઓએ સંસ્થાના સંચાલકોના પરિચય માં આવવું જોઇએ, તેના ગુણ અવગુણથી માહિતગાર બનવું જોઇએ. સંસ્થાના સંચાલકો અને વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ પ્રતિ દિલસોજીથી જોતું જોઇએ અને રજૂ થતા અનેક પ્રશ્નોના બનતી ત્વરાએ નિકાલ કરવા જોઇએ. વિદ્યાર્થીઓને વિનયી અને વિવેકી બનાવવાજ હોય તો તેમના પ્રતિ અને તેમની સમક્ષ પૂરતો વિનય અને વિવેક પણ રાખવો જોઇએ.

( ૯ ) કેટલીક સંસ્થાઓ વિદ્યાર્થીઓને માફી કે અર્ધ માફી રાખીને પણ સંતોષ માનતી નથી; તે તો તે ઉપરાંત ફી અને પુસ્તકોની પણ મદદ આપે છે. આ વસ્તુ હિતકર છે કે કેમ તે પ્રશ્ન છે. જે માબાપે બાળકને જન્મ આપ્યો તેને ઉછેરવા અને કેળવવાની ફરજ આ રીતે સમાજે ઉપાડી લેવી કે કેમ તે એક અતિ નાજૂક પ્રશ્ન છે. આમાં જરા જેટલો પણ ફાળો માબાપનો ન હોય તે ઇષ્ટ છે ખરૂં ? સાચી ગરીબાઇવાળો વિદ્યાર્થી શા માટે સ્વાશ્રય દ્વારા કમાણી કરી પોતાનું થોડું સરખુ કેળવણીનું ખર્ચ પણ ન ઉપડે ? સામાજીક સગવડ પર બધી રીતે નભતો વિદ્યાર્થી ચોરીનું ખાય છે તે સ્પષ્ટ હોવાથી તેનામાં કયા પ્રકારની પ્રતિભાની આશા રાખી શકાય ? આ ઉપરાંત બીજા સામાન્ય ગુણની પણ શી આશા તેની પાસે રખાય ?

( ૧૦ ) સંસ્થાઓના નિરીક્ષણનો પ્રશ્ન શક્ય અને ઇષ્ટ છે. આ નિરીક્ષણ આકસ્મિક હોય અને તે સંપૂર્ણ હોય. આ માટે ખર્ચ તો થાયજ. દરેક સંસ્થાના એકંદર થતા ખર્ચ પર અમુક ફાળો આ માટે નંખાય તો તે કાંઈ વધારે પડે નહિ, જ્યારે બધી સંસ્થાઓના પરસ્પર પરિચય દ્વારા બધી સંસ્થાઓને લગભગ એકજ ધોરણ પર લાવી શકાય. આ લાભ કાંઈ જેવો તેવો નથી.

( ૧૧ ) બોર્ડીંગો માટે જે વસ્તુ કરી છે તેજ ગુરૂકુળને પણ લાગુ પડેજ છે. શ્રીમંતો આ કેળવણીની સંસ્થાઓના પગારદાર સંચાલકો કે જેમના હાથમાં તેમણેજ સમાજના બાળકોને સંસ્કારસિંચન કરવાનું પવિત્ર કાર્ય સોંપ્યું છે તેમના તરફ યોગ્ય સન્માન અને ખાનદાની પૂર્વક જોતાં શીખે; આમાં જ બાળકોનું, સમાજનું, તેમનું અને સર્વનું કલ્યાણ અને હિત રહેલું છે.

બોર્ડિંગો અને ગુરૂકુળો વિષે આટલી ચર્ચા કર્યા પછી શિષ્યવૃત્તિ અને લોનના વિષય પર આવીએ. આ બાબતમાં એક કેન્દ્રિકરણ ન હોવાથી કેટલાક વિદ્યાર્થીઓ એકજ કારણે જુદી જુદી જગ્યાએથી જરૂર કરતાં વધારે મદદ મેળવી ઊડાઉ અને બીન જવાબદાર બને છે. જ્યારે કેટલાક વિદ્યાર્થીઓ લાયક અને જરૂરિયાત વાળા હોવા છતાં કાંઈ પણ મદદ મેળવી શકતા નથી. આટલુંજ બસ નથી. કેટલાક વિદ્યાર્થીઓ તો તે ઉપરાંત ગૃહસ્થો પાસેથી પણ ખાનગી મદદ મેળવે છે. આવી મદદ કરવામાં ખાનદાની નથી. પરંતુ પાપ છે. આટલા માટે શિષ્યવૃત્તિ આદિ માટેની અરજીઓ એકજ કેન્દ્રમાં આવે અને તે પછી જુદી જુદી મદદ કરનાર સંસ્થાઓને માહિતી આપી મંજૂર કરવામાં આવે; અથવા તો જુદી જુદી આવી સંસ્થાઓએ મદદ મંજૂર કરતાં પહેલાં પરસ્પર માહિતી આપવાનો રિવાજ દાખલ કરવો. આવી કોઇ યોજના નહિ થાય તો સામાજિક ખર્ચે આપણે વિદ્યાર્થીને અપ્રામાણિક બનાવીશું.

આ લેખ કોઇ એક સંસ્થાને કેન્દ્રમાં રાખી લખાયો નથી. પરંતુ આપણી બધીય સંસ્થાઓના ક્ષેત્રમાં જે બની રહ્યું છે તેના નિચોડરૂપે છે. આવી સાચી પરિસ્થિતિની માહિતી મેળવવામાં કે તે પ્રકટ કરવામાં ડરવા કે ચોંકવા જેવું પણ નથી. આ સત્ય પરિસ્થિતિ જો આપણી સામેજ હશે તો કોઇક વાર સન્માર્ગે વળવાનો, પરિવર્તન કરવાનો પ્રસંગ ઉપસ્થિત થશે અને તેનો અમલ થશે ત્યારે તેનાં સુમધુર ફળ પ્રાપ્ત થવાની સંભાવના ઉદ્ભવશે.

ધાર્મિક પાઠશાળાઓ અનેશ્રાવિકા શાળાઓનો પ્રશ્ન પ્રસ્તુત હોવા છતાં તેને અહીં છેડયો નથી કારણ એ છે કે પ્રસ્તુત લેખ સ્પષ્ટ કરવા જતાં ધાર્યા કરતાં ખૂબ વિસ્તૃત થયો છે અને આ વિષય છેડવા જતાં અતિ લંબાણ થાય તે સ્પષ્ટજ છે. આથી આ પ્રસંગે આટલુંજ બસ ધારી પૂરૂં કરવું ઇષ્ટ લાગે છે.

—ચીમનલાલ દલસુખભાઇ શાહ

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

## બરવાળાના દેરાસરપરની ધાડ અંગે થયેલ—પત્ર વ્યવહાર.

વર્તમાન પત્રોમાં ધેલાશાના **બરવાળાના જૈન દેરાસર** ઉપર તા. ૨૫-૨-૩૯ ના રોજ ધાડ પડયાના સમાચાર પ્રકટ થતાં અખિલ હિંદ જૈન શ્વેતાંબર કોન્ફરન્સ દ્વારા તે અંગેની ખરી હકીકત મેળવવા પ્રયત્નો થયા હતા. પરિણામે ત્યાંના શ્રી સંઘ તરફથી નીચે મુજબ હકીકત પ્રાપ્ત થઇ હતી

'અત્રેનું દેરાસર-ગામ વચ્ચે ને મોટા જાહેર રસ્તા પર છે તે હરામખોર લોકોએ તા. ૨૫-૨-૩૯ ના રોજ તોડયું છે. તેમાં તાળાં નહિં તુટવાથી તાલા શીખે નકુચા-કોસુ ભરવી ખેંચી કાઢી અંદર પેલા ગભારામાં જતાં ભંડાર ( પૈસા નાખવાનો ) તે તોડેલ છે ને તેમાંથી રૂા. ૫૦) ના આશરે પરચુર્ણ છુટા લઇ ગયા છે ને ચોખા, બદામ, સોપારી પડયું રેવા દીધું છે. ત્યારબાદ અંદર ભગવાન બિરાજે છે તે દરવાજો તોડવા ઓજારોથી ઘણી મેહનત કરી કે તેમનું બલ પૂરતું વાપરૂં છે તો પણ તાલા તુટા નઇ તેમ નકુચા પણ નિકલા નહિં જેથી વખત થઈ જવાથી ભાગી ગયા જેથી અંદર પ્રભુજીની મૂરતીઓ સહી સલામત રહી છે તેમ પ્રભુજી ઉપર દરેક ઘરેણું વિગેરે કિંમતી ચીજો સહી સલામત રહી ગઇ છે તે જાણશો. આ બાબતની ફરીયાદ નોંધાવેલ છે. ××××××× વળી આ બનાવ બનતા ખરેખરી બરવાળામાં ભયની લાગણી ઘણીજ પ્રસરી રહી છે કારણ કે હરામખોર લોકોનો ત્રાસ ગામમાં દીન પ્રતિ દિન વધતો જાય છે જેથી ગામમાં સહી સલામતી જળવાઇ રહે તે ઘણુંજ ભયમાં છે. ××××× આ બાબતમાં સરકારનો પૂરતો પાકો બંદોબસ્ત થાય તોજ સલામતી જળવાય તેમ છે નહિંતર જળવાય તેમ નથી એવો દેશ કાળ અત્રે વરતે છે. ×××× આ ગામ પાંચ હજારની વસ્તી વાળું શહેરં છે ને ફરતો કિલ્લો છે છતાં આ બનાવ બનેલ છે તે જાણશો.'

આ બાભતમાં નામદાર મુંબઇ સરકારના હોમ મેમ્બર ને બરવાળાની પ્રજા, જૈન મંદિર, મૂર્તિ અને મિલ્કતના રક્ષણાર્થે તાકીદે ઘટતા પગલા લેવા તા. ૩ માર્ચ ૧૯૩૯ ના પત્રદ્વારા શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી વિનંતી કરવામાં આવી હતી. જેના જવાબમાં મુંબઈ સરકારના હોમ ડિપાર્ટમેન્ટના અંડર સેક્રેટરી તરફથી નીચે પ્રમાણે પત્ર મળેલ છે.

No. o/4002
Home Department.
Bombay Castle 5th may 1939.

From:-
The under Secretary to the Government of Bombay. Home Department.

To,
The Resident General Secretaries
Shri Jain Swetamber Conference.
20. Pydhoni, Bombay 2.

Subject:- Petition
Jain Temple at Barwala. Measures for the protection of.........

Gentlemen,

With reference to your petition dated the 3rd March 1939, addressed to the Honourable Minister for Home Department ( and Legal ), on the Subject noted above, I am directed to inform you that investigations are being made in respect of the looting of the Barwala Jain Temple and that the Barwala Town Gates are now being Closed at night by the Police who keep the key.

I have the honour to be, Gentlemen,
Your most obedient Servant,
(Sd)......Kotwal
For under Secretary to the Government of Bombay, Home Department.

(ઉપરોક્ત તા. ૫ મે ૧૯૩૯ના અંગ્રેજીના પત્રમાં જણાવવામાં આવેલ છે કે બરવાળાના જૈન દેરાસરની લૂટ અંગે તપાસ ચાલુ છે અને હવે બરવાળા ટાઉનના દરવાજા રાત્રે પોલીસ તરફથી બંધ રાખવામાં આવે છે જેની ચાવી તેઓ (પોલીસ) પાસે રહે છે.)

### મૂર્તિપૂજક બન્યા.

શ્રી આત્માનંદ જૈન સભા, લુધિયાના (પંજાબ) થી શ્રી મુકુટ બિહારીલાલ તા. ૨૧-૪-૩૯ના કોન્ફરન્સના મંત્રીઓ ઉપરના પત્રમાં જણાવે છે કે—**રાયકોટ** (જી. લુધીઆના) માં અગ્યાર જાણીતા કુટુમ્બો મૂર્તિપૂજક જૈન બન્યા છે અને ત્યાં એક જૈન દેરાસર રાખવા નિર્ણય કરેલ છે. આ બાબતમાં જૈનાચાર્ય શ્રી **વિજયવલ્લભસૂરિશ્વરજી** મહારાજને વિનંતિ કરી છે અને તેઓશ્રી નજીકના ભવિષ્યમાં આ તરફ પધારશે. રાયકોટમાં શ્રી આત્માનંદ જૈન સભાની સ્થાપના કરવામાં આવી છે. **લાલા નથ્થુરામે** પોતાની બીલ્ડિંગ તે સભાને મૂર્તિપૂજક સાધુઓને ઉતરવા માટે કોર્ટમાં ડૉકયુમેન્ટ રજીસ્ટર કરાવીને સોંપી છે. તે અભિનંદનને યોગ્ય છે.

---

## શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

### શ્રી કોન્ફરન્સ કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિ મંત્રીનો પ્રવાસ.

કેન્દ્રસ્થ સમિતિના એક મંત્રી શ્રી મણીલાલ મહોકમચંદ શાહ ગત તા. ૬-૫-૩૯ ના રોજ કેળવણી પ્રચાર અર્થે માલેગાંવ ગયા હતા. ત્યાં સમિતિ સ્થપાયેલ છે. અને નજીકમાં મદદનું કામ શરૂ કરી દેવાશે.

# શબ્દોની સા-ઠ-મા-રી.

યોજક:—શા. મ.

**વીરશાસન:**—હૈમ સારસ્વત સત્રથી આપણે મેળવ્યું કે ગુમાવ્યું છે તે જોવાની જરૂર છે. સાચા જૈનોએ તો એ શંભુમેળામાં ભાગજ નથી લીધો એજ બતાવી આપે છે કે ઉજવાયેલ સત્ર નિષ્ફળજ ગયેલ છે.

**જૈન જ્યોતિ:**—કોણ કહે છે કે હૈમ સારસ્વત સત્ર નિષ્ફળ ગયું છે? અમારો ખાસ અંક તે પ્રસંગનો નિહાળવાથી માલુમ પડશે કે સત્ર કેટલું સુંદર ઉજવાયું છે, બાકી તો જેને ભાંગવાનીજ વાત કરવી છે તેને કોણ સમજાવે તેમ છે?

**શ્રી ભીખાલાલ શાહ:**—સત્ર તો ઠીક છે, પણ આ ગાંધી જુઓ કેવું કેવું જૈન સાધુઓ વિષે કહી રહ્યો છે? તેની સાન ઠેકાણે લાવવા તો મારે અહિંસાની ચર્ચામાં ડોકીયું કરવું પડયું છે. મરાઠી પત્રોના ઉતારાથી ભરપૂર અને અનેક કવિઓની ઉક્તિઓથી ભરપુર મારો તે લેખ ગાંધી જીવનની બરાબર સમીક્ષા કરે છે!

**શ્રી ધીરજલાલ ટો. શાહ:**—હા! હા! તેથી તો અમારે આપણી પેઢીના પ્રસિદ્ધ પ્રતિનિધિ સાહેબના પ્રમુખ પદે સભા બોલાવવી પડી હતી. અને ખબર છેને કે ત્યારે વીર શાસનના કાર્યવાહકને લખી આપવું પડયું હતું કે-હવેથી અંગત ચારિત્ર સંબંધી તપાસ્યા વિના કાંઇ પણ નહી છાપીએ.

**વીરશાસન:**—ખબરદાર, સમજ્યા વિના વાત કરી છે તો! એ લખાણથી અમે એકે રીતે બંધાતાજ નથી. જુઓ પૂર્વવત્ લખાણ ચાલુજ છેને! કારણ કે ખરા સૂત્ર સંચાલકો તો સેંકડો માઇલ દૂર બેઠા હતા!

**શ્રી પરમાનંદ કાપડીઆ:**—એ તો ઠીક ભલા. પણ ચીમનલાલ વાડીલાલે ડુંગર ખોદીને ઉંદર કાઢયો તે સમાચાર જાણ્યા કે નહીં? યુવક સંઘ, કોન્ફરન્સ વિગેરે સંસ્થાઓની નિષ્ક્રિયતા ઉપર આંસુ સારી આખરે માંગરોલ સભામાં જોડાવાનું આમંત્રણ આપ્યું છે તે જાણ્યું ને?

**શ્રી ચીમનલાલ શાહ:**—હા ભાઇ હા. જેમ કરો તેમ, પણ એટલું તો નિર્વિવાદ છે કે-મારી સમાજને ચોપડે વાલી લેખમાળાથી તમારા સંઘને જાગવું પડયું છે અને આ છાપાને ઉંઘમાંથી જગાડવું પડયું છે. એથી મને પૂર્ણ સંતોષ છે.

**શ્રી રતીલાલ ભીખાભાઇ:**—ચીમનભાઇ, રહેવા દોને હવે! આ પંચાંગ જેવી નમાલી બાબત કોઇની પાસે લખાવીને નાહક સંસ્થાને અને અમુક ગૃહસ્થને ખાસ ઉતારી પાડવાજ ઇચ્છો છોને?

**શ્રી ગોકળદાસ વિરચંદ:**—અરે ભાઇ, કુંભાર કરતાં ગધેડા ડાહ્યા કાં થાય? મેં કાંઇ તમને પુછ્યું નથી. મેં તો મંત્રીઓને પુછ્યું હતું અને તેમણે મને જવાબ આપી દીધો છે તેમાં તમે વચ્ચે કાં આવો?

**શ્રી જયંતિલાલ ઝવેરી:**—અરે! આ મુંબઇની કેળવણી પ્રચાર સ્થાનિક સમિતિનો રિપોર્ટ જોયો? ઇરાદાપૂર્વક એક ગૃહસ્થનાજ એમાં ગુણુવાન ગવાયા છે.

**શ્રી રમણલાલ શાહ:**—ભાઇ, તમે કાળા ચસ્મા પહેરીને જુવો એટલે તો તમને પચીસ હજારનું દાન ચાર લાખ આના રૂપેજ જણાયને? સમિતિએ કરેલ કાર્ય તો તમારે જોવુંજ કયાં છે?

**એક અજ્ઞાતજન:**—ભાઇઓ, નકામી શબ્દોની સાઠમારી શા સારૂં આદરી છે! ચર્ચાપત્રના ચકાવામાં વાંચકોને શા સારૂ ભમાડો છો? જો ખરેખર સમાજ સેવાની ધગશ હોય તો કાંઇક કામ કરી બતાવો તો સમાજ ગુણ-દોષ સ્વયં તારવી લેશે. બાકી આ પાણી વલોવ્યે માખણ નીકળે એ આશા સ્વપ્નેય રાખશોમા.

# અગાશી—બંદર

## ફેરવાતું જતું સ્વરૂપ.

દરેક મોટાં પ્રવૃત્તિમય શહેરની આજુબાજુ નિવૃત્તિનાં સ્થાન પણ આવેલાં હોય છે, અને તે ઘણાજ આવશ્યક મનાયાં છે. કારણ કે ધંધા રોજગારની ભયંકર પ્રવૃત્તિઓ, તેમજ અનેક જંજાળોમાંથી કંટાળો સ્વાભાવિક રીતે ઉત્પન્ન થાય છે, અને એ કંટાળાના પ્રતિકાર માટે નિવૃત્તિ અને આનંદનો આશરો શોધાય છે, અને એને માટે કોઇ રમણીય સ્થાનની સગવડતાનો લાભ લેવાય છે. આ નિવૃત્તિમાં પણ એક વિશિષ્ટતા રહેલી છે, અને તે એ છે કે સાથે સાથે નિવૃત્તિ સમયનો થોડો ભાગ ધાર્મિક કાર્યમાં પણ ગાળવામાં વિશેષ આનંદ આવે છે, અને આટલા હેતુથી રમણીય સ્થાનોમાં ધાર્મિક સ્થળો મંદિરો વિગેરે બંધાય છે. ખાસ કરીને આપણી જૈન કોમમાં સેવાપૂજનનું મહત્વ ઘણુંજ મનાતું હોવાથી આવાં સ્થળોએ મનોહર જિનાલયો બાંધવામાં આવે છે.

આવાં સ્થળો મુંબઇની નજીક ઘણા છે, જેમાં અગાશી બંદરનું સ્થાન વધારે અગત્યતા ધરાવે છે, આ સ્થાનની મહત્વતા વધવાના ભિન્ન ભિન્ન કારણો છે, એક તો તે દરિયાની ખાડીને પેલે પાર લગભગ દરિયા કિનારાથી નજીકમાંજ આવેલ છે, વળી પ્રદેશ ફળદ્રુપ અને ઝાડની ઘટાઓથી વિભૂષિત રહે છે. મુંબઇની પશ્ચિમ બાજુની જે દરિયા કિનારાની લાઇન પર હવા ખાવાના સ્થળો આવેલાં છે એજ લાઇન પર આ બંદર આવેલ છે. જો કે દરિયા કિનારો થોડો દૂર છે, પણ સ્થાનની મનોહરતા ઘણીજ છે.

વળી તે સ્થાને મોતીશાહ શેઠે બંધાવેલું મુનિસુવ્રત સ્વામીનું મનોહર જિનાલય છે, આ જિનાલયની સ્થાપના પાછળ પણ ઘણી કથાઓ સંભળાય છે, અને ઘણા શ્રદ્ધાળુ ભાઇ બ્હેનો અહિંની માનતા રાખે છે. આ રીતે આ સ્થળ મનોહર હોવાથી મુંબઇવાસી જૈનો મોટા પ્રમાણમાં આ સ્થળે નિવૃત્તિ સમય ગાળવા આવે છે. જેથી દિવસાનુદિવસ ત્યાં ધર્મશાળાઓ, સેનેટરીઅમો ઉતારાઓ ઉપાશ્રયો વિગેરે

# "અણહિલપુર પાટણની રાજવંશાવલી."

લેખકઃ
મુનિ કાન્તિસાગરજી

લેખાંક ૨ જો

## ચૌલુકય [ સોલંકી ] વંશ.

સોલંકી વંશની ઉત્પતિને અંગે હકિકત ખુબ વિસ્તૃત હોવાથી અને અત્રે સ્થળ સંકોચને લીધે આપી શકતો નથી જે કોઇ ભાઇને જાણવાની વિવિક્ષા હોય તો " રત્નમાળા " તથા ઓનરેબલ એ કે. ફાર્બસ કૃત " રાસમાળા " વિગેરે પુસ્તકો વાંચવા.

પાટણની ગાદીપર ચૌલુકય [સોલંકી] વંશનો આદિનરેશ મૂલરાજ ૨૧ વર્ષની વયે સં. ૯૯૮માં (પ્રાં ચિં.) અને બીજે મતે ૧૦૧૭ (વિચાર શ્રેણિમાં) ગાદી પર આવ્યો. તે પ્રતાપી નરેશે સિદ્ધપુરમાં રૂદ્રમહાલય, [ રૂદ્રમાળ ] નામના શિવાલયની પ્રતિષ્ઠા માટે કનોજ આદિ ઉત્તર પ્રદેશોથી અનેક વિપ્રોને ગુજરાતમાં બોલાવી વસાવ્યા હતા કે જેઓ "ઔદિચ્ય" કહેવાયા.

ઉપરોક્ત રાજાએ અણહિલપુર પાટણમાં " મૂળરાજ " વસહિકાને મુંજાલદેવ સ્વામિનો પ્રાસાદ કરાવ્યો હતો અને ત્રિમૂર્તિનો પ્રાસાદ પણ નિર્માણ કરાવ્યો હતો એવાં અનેક શુભ કાર્યો કરી ૫૫ વર્ષ પર્યંત રાજનું પાલન કરી [ વિચાર શ્રેણી પ્રમાણે ૩૫ વર્ષે] સ્વર્ગવાસી થયો.

મૂલરાજના પુત્ર ચામુંડરાજે શ્રી વીરગણિ નામના સાધુનો આચાર્ય પદનો મહોત્સવ મોટા આડંબર પૂર્વક કર્યો હતો. અને તે સૂરિએ વાસક્ષેપ મંત્રીને રાજાને આપ્યો હતો કે જે રાજાએ જલમાં મેળાવી રાણીઓને સ્નાન કરાવવાથી રાજાઓને ઘેર વલ્લભરાજ આદિ સંતાનોની વૃદ્ધિ થઈ ( જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ પા. ૧૯૯ લે. મો. દ. દેસાઇ B. A. LL. B. )

" વિચાર શ્રેણિ " પ્રમાણે સોલંકીની બીજી પાટપર વલ્લભરાજ રાજા થયો અને ૧૪ વર્ષ રાજ્ય કર્યું.

ચામુંડ રાજાના સ્વર્ગવાસ પછી સંવત ૧૦૬૬ માં વલ્લભદેવ ગાદીપર આરૂઢ થયો પણ ભાગ્યવશાત્ શિબિનો રોગોત્પન્ન થવાથી તે મરણ અવસ્થાને થયો. ઉપરોક્ત રાજાએ ફક્ત પાંચ માસ ને ૨૯ દિવસ રાજ્ય કર્યું એ રાજાને "બીરૂદાવલીનો પોકાર" રાજદમનશંકર તથા જગઝંપણ એ બે પ્રકારે કરવામાં આવતો હતો.

નિનોક્ત રાજવંશાવલીમાં વલ્લભરાજાનો રાજ્યકાળ ૧ વર્ષ અને ૬ માસ બતાવવામાં આવ્યો છે.

વલ્લભદેવના સ્વર્ગવાસ પશ્ચાત સં. ૧૦૬૬ માં વલ્લભદેવ ભાઇના શ્રેયાર્થે "મદનશંકર નામે" પ્રાસાદ કરાવ્યો પશ્ચાત પાટણમાં સાતમાળનો ધવળગૃહ જેમાં દાનશાળા ખોલી અને પાટણમાં તેણે એક દુર્લભ સરોવર બંધાવ્યું.

વર્ધમાન સૂરિનાં અન્તવાસી અશ્રી જીનેશ્વર સૂરિ પાસે તે ભણતો હતો તેથી જૈન ધર્મનો બોધ પામી જીવતા પ્રાણી પર દયા રાખવાના માર્ગપર ચાલતો હતો. (RASMALA)

પાટણની ગાદીપર રાજ કરતા દુર્લભરાજના સમયમાં એમ બન્યું કે વનરાજના સમયથી પાટણમાં ચૈત્યવાસી મુનિઓજ નિવાસ કરતા તેથી ઉપરોક્ત વર્ધમાન સૂરિના શિષ્ય જિનેશ્વર સૂરિજી રાજસભામાં જઇ તેજરાજના સરસ્વતી ભંડારમાંનું જૈન મુનિઓના આચાર સ્વરૂપ દાખવતું "**दशवैकालिक**" સૂત્ર મંગાવી ચૈત્યવાસીઓને આચાર તે શુધ્ધમુનિ આચાર નથી અને પોતેજ ઉગ્રઃકિન આચ ર પાળે છે તેજશાસ્ત્ર સંમત છે એમ બતાવી આપ્યું તેથી તે રાજાએ તેમને [જીનેશ્વર સૂરિને] "ખરતરએ નામનું બિરૂદ આપ્યું અને ત્યારથી ચૈત્યવાસીઓનું બળ નબળું પડતું ગયું અને શુદ્ધ આચારવાળા જૈન મુનિઓનો પ્રવેશ વધતો ગયો. અને તેમના પરથી ખરતર ગચ્છની સ્થાપના થઇ [ જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ. ]

ઉપરોક્ત રાજાએ ૧૧ વર્ષ ૬ માસ રાજ્ય કરી પાપ શુદ્ધિ માટે તીર્થ યાત્રા કરવા નિકળી પડયો અને ભીમનો રાજ્ય ભિષેક કર્યો.

ત્યારબાદ ( પહેલા ) ભીમે રાજ્ય ચલાવવું શરૂ કર્યું. ભીમદેવે પોતાની જીંદગીમાં લડાઇઓ પણ ખૂબ કરી અને પાટણની ગાદી પર ૫૦ વર્ષે રાજ્ય કરી તે સ્વર્ગવાસી થયો.

અપૂર્ણ

---

બંધાતા જાય છે, અને અનેક શ્રીમંતોના આગમનથી મંદિરની ઋદ્ધિ સમૃદ્ધિમાં પણ દિવસાનુદિવસ વધારો થતો જાય છે, આજથી ૨૫ વર્ષ પહેલાં ત્યાં માત્ર એક ધર્મશાળા અને દેવાલયની બાજુમાં એક ઉપાશ્રય હતાં ત્યાં આજે ત્રણથી ચાર સેનેટરીઅમો બે ધર્મશાળાઓ ઉપરાંત એકાદ બે સાધું મુનિરાજોને ઉતરવાના હોલ વિગેરે નજરે દેખાય છે. આવી સગવડો થવાથી ત્યાં જનારાઓનો સમુદાય પણ વધવા લાગ્યો છે, અને તેમાં ખાસ કરીને મુંબઈના અસહ્ય તાપવાળા ઉનાળાથી કંટાળી ત્યાંની હવા પાણીનો લાભ લેવા ઉનાળામાં ઘણાં લોકો ત્યાં જાય છે, અને ઉનાળામાં તો ત્યાં જગ્યાની ઘણીજ હાડમારી ભોગવવી પડે છે.

અહિં દર મહા શુદિ ૧૦નો જન્મ દિવસનો ખાસ ઉત્સવ થાય છે, અને તે વખતે લગભગ ૨૦૦૦ માણસ ત્યાં ભેગાં થાય છે. તે દિવસે નોકારશીનું જમણ થાય છે.

( આ સ્થળ હાલમાં કેવું છે, અને ત્યાં હવે શાની જરૂર છે, શું સુધારાની આવશ્યકતા છે, તે આવતા અંકમાં. )

**—મનસુખલાલ લાલન**

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA."　　Regd. No. B. 1996.

# જૈન યુગ.
# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રીઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમઃ—રૂપીઆ બે.　　છુટક નકલઃ—દોઢ આનો.

વર્ષ { જુનું ૧૨ મું. નવું ૭ મું. }　ગુરૂવાર તારીખ ૧ લી જુન ૧૯૩૯.　{ અંક ૨૧ મો.

## દક્ષિણમાં જૈનધર્મ.

આજે તો મોટે ભાગે જીર્ણ થઇ ગયેલા દેવાલયો તેમજ શિલાલેખો અને ગ્રંથો ઉપરથી જણાય આવે છે કે મહારાષ્ટ્રમાં તેમજ કાનડી ભાષા બોલતા પ્રદેશોમાં એટલે કે વર્તમાન મુંબઇ ઇલાકાના દક્ષિણ ભાગમાં, મદ્રાસ ઇલાકાના ઉત્તર ભાગમાં, કુર્ગમાં તથા હૈદ્રાબાદના અને મૈસુરના રાજ્યમાં અનેક જૈનધર્મીઓ હતા અને એ ધર્મ ખૂબ ઉન્નતિ પામ્યો હતો. એ પ્રદેશોમાં રાજ્ય કરનાર અનેક રાજાઓ જોઇએ તો પોતેજ જૈન હતા. અથવા તો કમમાં કમ પોતાના અનેક પ્રજાજનોના એ ધર્મને દાનથી અને બીજી રીતે સારા પ્રમાણમાં આશ્રય આપતા.

× × × × ×

પશ્ચિમના પૂર્વકાંઠા સુધીના સમસ્ત દ્વીપકલ્પ ઉપર જૈન ધર્મનો પ્રભાવ ફરી વળ્યો હતો. લેખો અને બીજા સ્મારકો ઉપરથી જણાઇ આવે છે કે મહારાષ્ટ્રી ભાષા બોલતા સમસ્ત પ્રદેશમાં તેમજ કાનડી અને તેલુગુ પ્રદેશોમાં ઠેઠ ઓરીસા સુધી એ ધર્મનો પ્રભાવ ફરી વળ્યો હતો. આજના મદ્રાસ ઇલાકાના પૂર્વ કીનારા ઉપર આવેલા પ્રદેશોનો રાજકીય ઇતિહાસ હજી સ્પષ્ટ થવો બાકી છે. છતાંએ શેષગિરિરાવે પોતાના Andhra Karnala Jainism માં જે કાવ્ય સંગ્રહ કર્યો છે તે ઉપરથી જાણી શકાય છે કે આજના વિઝાગાપટમ, કૃષ્ણ, નેલ્લોર વગેરે પ્રદેશોમાં પ્રાચીન કાલે જૈન ધર્મ પ્રસર્યો હતો અને એ ધર્મના દેવળો બંધાયા હતાં.

× × × × ×

કાનડી લોકોના અને તેમના પાડોશના પ્રદેશના લોકોના ધાર્મિક જીવન ઉપર જૈન ધર્મની જે છાયા પડી છે એનું વર્ણન કર્યું જાય એમ નથી. પ્રાચીનકાળે સર્વ સંસ્કૃતિના ક્ષેત્રમાં તેઓ મૂખ્ય અને અનેક રીતે એક માત્ર અગ્રેસર હતા. એમની કોઇ પ્રતિસ્પર્ધા કરી શકતું નહીં. બારમાં સૈકાના મધ્ય ભાગ સુધી સમસ્ત કાનડી સાહિત્ય જન હતું અને પછીના સમયમાં પણ કાનડી સાહિત્યમાં જૈન ધર્મ મહત્વને સ્થાને હતો.

× × × × ×

મહાવંશ તે સિંહલદ્વીપનો મહાકાવ્યગ્રંથ ઇ. સ. ના ૫ માં સૈકામાં કવિ મહાનામે રચેલો છે તેમાં લખ્યું છે કે રાજા પંડકાભવની રાજધાનીના નગર અનુરાધપુરમાં પણ નિર્ગ્રન્થ સાધુઓના દેવાલયો અને ઉપાશ્રયો હતા. આ હકીકત સર્વાંશે વિશ્વાસપાત્ર ન હોય તોપણ એ ઉપરથી એટલું તો માનવુંજ ઘટે છે કે અતિ પ્રાચીન કાલથી જૈનધર્મનો પ્રચાર સિંહલદ્વીપમાં થયો હોય. અને ત્યારે તો એ પણ સ્વીકારી લેવુંજ ઘટે કે જૈન ધર્મે પોતાના જન્મસ્થાનની અને સિંહલદ્વીપની વચ્ચે આવેલી ભૂમિમાં તેવારે મંગલાચરણ કર્યું હોય.

—પ્રો૦ હેલ્મુટ્ ગ્લાજેનાપ

**उदधाविव सर्वसिन्धव: समुदीर्णास्त्वयि नाथ! दृष्टय:**
**न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधि:॥**
**—श्री सिद्धसेन दिवाकर.**

**અર્થ:**—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે. પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

જૈન યુગ.
તા૦ ૧-૬-૩૯. ગુરૂવાર.

# ટુકડા માટે ખેંચતાણ!

આ પ્રસિદ્ધ વાકય મદ્રાસના એક દેશભકતે 'હોમરૂલ' ચલવળ ટાણે વર્ષો પૂર્વે ઉચ્ચારેલું જે વર્તમાન જૈન સમાજના આગેવાનોને યથાર્થપણે લાગુ પડે તેમ છે.

આપણી અત્યારની સ્થિતિ જોઇને કયા સાચા જૈનનું હૃદય ખિન્ન નહીં થતું હોય? કયો અભાગી જૈન આ દશા વધુ લંબાય એવું ઇચ્છતો હશે? છતાં આશ્ચર્યની વાત છે કે એજ વાતાવરણ આજે વર્ષોથી વર્તી રહ્યું હોવા છતાં આપણે એમાં તસુભરનો સુધારો પણ કરી શકયા નથી! એમાં જે વાત આડખીલીનો ભાગ ભજવે છે તેને માટે મથાળે ટાંકેલ વાકય બરાબર બંધ બેસતું છે.

જે જાણવામાં આવ્યું છે તે ઉપરથી કહી શકાય કે જૈન આગેવાનો કે જે જુદી છાવણીઓમાં વહેંચાયેલા અને જેમના વચ્ચે મેળ પણ ન હતો એ આજે મતભેદ ટાળી નજીક આવવાના—એક મંત્ર પર સાથે બેસી જૈન સમાજના ભાવિ ઉત્કર્ષનો વિચાર કરવાના—માર્ગ શોધી રહ્યા છે. આજે એમાં વિધવા વિવાહનો પ્રશ્ન કે દેવ-દ્રવ્યનો પ્રશ્ન નડતરરૂપ નથી રહ્યો. જે કંઇ વાત આવીને અટકી છે તે માત્ર દીક્ષાના પ્રશ્ન સબંધમાંજ. તેથીજ કહેવું પડે છે કે એ તો 'ટુકડા માટે ખેંચતાણ' જેવુંજ છે! એ પ્રશ્ન ભલે એક સમયે અતિગહનને ગંભીર ગણાતો હતો પણ એની પાછળના બની ગયેલા સંખ્યાબંધ બનાવોથી—ત્યાર પછીના જુન્નર અધિવેશનમાં એને લગતા ઠરાવથી અને અમદાવાદમાં મળેલા મુનિ સંમેલનમાં એ પરત્વે થયેલા ઠરાવથી એમાં રહેલી ગુંચ એટલી હદે ઉકેલાઇ ગઇ છે કે આજે એના નામે ખેંચતાણ બિલકુલ વ્યાજબી નથી. એ સંબંધમાં સાધુ વર્ગનું વલણ કેવા પ્રકારનું હોવું ઘટે અને સ્થાનિક સંઘોનું કર્તવ્ય શું હોવું જોઇએ એ દીવા જેવું સ્પષ્ટ મુનિ સંમેલનમાં કરાયેલું હોવા છતાં જો એનો અમલ ન થતો હોય કિંવા આડકતરા છીંડા શોધાતા હોય તો એ ઉચિત નથી થતુ. એથી તો ઠરાવની હાંસી થાય છે માટે એ સંબંધમાં પક્ષકાર બન્યા સિવાય સૌ કોઇની ફરજ છે કે ઠરાવનું પાલન થાય તેવો પ્રબંધ કરવો. સંઘના ઠરાવનું પ્રહસન એ કંઇ જેવો તેવો ગંભીર ગુન્હો ન ગણાય. એ મર્યાદા જળવાઇ રહે તેટલા સારૂ જરૂરી નિયમન કે નશિયત નક્કી કરવાની ફરજ સંમેલનની છેલ્લી કમિટિના નવસુરિ પુંગવોની છે. એમાં શ્રાવક સમુદાયના મોવડીઓ હાર્દિક સહકાર આપવા તત્પર હોયજ; અને પાલનમાં તો નાનામાં નાની સાધ્વીથી લઇ મોટામાં મોટા આચાર્ય મહારાજ સુધીની દરેક વ્યક્તિ ઉલ્લટ ભર્યો ભાગ ભજવે એ કહેવાપણું નજ હોય. આ સવાલ આટલો સરળ હોઇ, સત્વર ઉકળી જાય તેવો છતાં એ પાછળ આગેવાનો કાળક્ષેપ કરે? આજની અગત્ય—એક કરતાં વધુ વાર કહેવાયેલું છે છતાં પુનરોકિતનો દોષ વહોરી કહીયે તો 'સમાજ સંગઠન'ની છે. એના અભાવે સંખ્યાબંધ થેલીઓ ખરચાતાં છતાં અને ઉદારતાથી શ્રીમાનો ખીસા ખાલી કરતાં છતાં સમાજરૂપી રથ એક ઇંચ ભર પણ પ્રગતિ કરી શકતો નથી. આજે એની સંસ્થાઓરૂપી વાટિકાઓ એક ધારા જળસિંચન વિના કરમાવા લાગી છે! એમાં આંતરિક કલેશોરૂપી કે અન્યમનસ્કતારૂપી કાંટાઓ ઉગી નિકળ્યા છે. રસાળ ભૂમિનો બળોત્પાદક રસ એ ચુસી લે છે અને કેવળ પરસ્પરના ઘર્ષણમાં—માંહોમાંહેની ખોટી અથડામણમાં—એ દારૂણ શલ્યનો ભાગ ભજવે છે.

જયાં આજે સારોયે દેશ પરિવર્તનની જબરી પરીક્ષામાંથી પસાર થઇ રહ્યો છે, દિ' ઉગ્યે જ્યાં જાત જાતના પ્રશ્નો ઉઠે છે અને એના તોડ અણાય છે ત્યાં જૈન સમાજે શા કારણે એજ જાતના સવાલો પાછળ કાળક્ષેપ કરી સંગઠન જોખમાવવું જોઇએ? આજે જૈન સમાજ પાસે ભારતવર્ષના ચારે ખૂણામાં એટલો વારસો વિખરાયેલો પડયો છે કે એની બરાબર સંભાળ પાછળ મોટા પ્રમાણમાં દ્રવ્યની જરૂર રહે. મારવાડ—મેવાડ અને પૂર્વ પ્રદેશમાં પ્રાચીન તીર્થો તેમજ સંખ્યાબંધ દેવાલયો મરામત ને જીર્ણોદ્ધાર માંગે છે. એ પુરાતન વારસાને ચાલુ કાળને અનુરૂપ સંરક્ષણ આપવાની અગત્ય છે. એ સિવાય શોધખોળ માટેનું ક્ષેત્ર પણ નાનુ સુનુ નથીજ. શા સારૂં દેવદ્રવ્યની વ્યાખ્યા ફેરવવા જેવા વિચાર પાછળ વૃથા ફાંફાં મારવા જોઇએ?

આવીજ રીતે સરાકને પલ્લીવાળ જેવી જાતિઓમાં જૈન ધર્મ પ્રચાર માટેનુ એટલું વિશાળ ક્ષેત્ર છે કે જેનો વિચાર કરતાં અત્યારના કાર્યકરોને સામગ્રી એતો સાગરમાં બિન્દુ સમા લાગે. વળી પૂર્વાચાર્યોએ સ્વજીવનની કિંમતી પળો ખરચીને જે સાહિત્ય સર્જન કર્યું છે અને જે આજે તાડપત્રો પર, કપડા પર અને જીર્ણતાને વરતા પત્રો પર રક્ષાયેલું છે એનો નવેસરથી ચાલુ પદ્ધત્તિ અનુસાર ઉદ્ધાર કરવાની અગત્ય ઓછી નથી. આવી જાતના રચનાત્મક કાર્યોનો જો સરવાળો મૂકવામાં આવે અને એ પાછળ કટિબદ્ધ થવાના સપથ લેવામાં આવે તો વિના સંકેચે કહી શકાય કે વર્તમાન સાધુ સંસ્થાના નાના મોટા સર્વને ક્ષુદ્ર પ્રશ્નો પર સાઠમારી કરવાનો સમય બચેજ નહીં તેમ શ્રીમાન્ વર્ગને ધન ખરચવાની એવી સુન્દર દિશા જડી આવે

# નોંધ અને ચર્ચા

## ચોમાસુ કરવાના ક્ષેત્રની પસંદગી.

જેઠ માસ અર્ધો વ્યતીત થતાંજ મુનિ મહારાજો ચોમાસુ રહેવાના ક્ષેત્રો નક્કી કરવા માંડશે. જો કે એ પૂર્વે પણ કેટલાક માટેના નિયતસ્થાનોને લગતાં સમાચાર છાપામાં આવી ગયા છે. અતિ અગત્ય તો વિહાર ગુજરાતની ભૂમિથી આગળ લંબાવી, મહારાષ્ટ્ર-બેંગાળ અને પંજાબ તરફ કરવાની છે, છતાં એ સંબંધમાં વારંવાર લખવું તે વ્યાજબી પણ નથી તેમ હવે એ માટેનો સમય પણ નથી રહ્યો, એટલે જે ખાસ મહત્વની વાત ત્યાગી ગણને તાજી કરાવવા જેવી છે તે તરફ વળીએ. કેટલાક વર્ષોના અનુભવે જણાયું છે કે સાધુ-ગણના મોટા ભાગનો મોહ ગુજરાતના અમુક શહેરો પ્રતિ સવિશેષ રહે છે કેટલાક અભ્યાસી સ્પષ્ટ વાત ઉચ્ચારે છે કે ગુજરાતના જેવો આહાર મારવાડ કે અન્ય ભાગોમાં લાભી શકતો નથી એટલે અમદાવાદ કે પાલીતાણા એ સાધુસાધ્વીના મથકરૂપ બની ગયા છે. એને સાસરા-પિયરની ઉપમા પણ અપાય છે. આ વાત સાવ ફેંકી દેવા જેવી નથી. ચાતુર્માસની સ્થિરતા પાછળ જે સુન્દર ભાવ અંકિત કરાયેલો છે એ જ્યારે વિચારીએ છીએ ત્યારે વર્તમાન કાળના મોટા શહેરોની ધમાલ સાથે એનો ભાગ્યેજ મેળ બેસાડી શકાય તેમ છે! અને માની લઇએ કે એ શહેરોમાં વાસ કરી રહેલ જૈન જનતાને લાભ મળે એ હેતુથી મુનિમહારાજના ચોમાસાની અગત્ય ગણાય તો પણ જુદા જુદા સંખ્યાબંધ ઉપાશ્રયો ભરાવાજ જોઇએ અગર તો પોળે પોળે એમનો વસવાટ થવોજ જોઇએ એ જાતની મનોદશા પાછળ નથી તો આગમનો ટેકો કે નથી તો દીર્ઘદર્શિતા! કેવળ ભક્તિનામે ભજવાતી ઘેલછા દ્રષ્ટિગોચર થાય છે! આવી સ્થિતિ આજે ઠેર ઠેર થઇ રહી હોવાથી ગામો તો સાધુ વિહુણા બન્યા પણ સાથોસાથ કેટલાક શહેરો પણ એમના પગલાથી વંચીત રહેવા માંડયા છે! પરિણામ એ આવવા લાગ્યું છે કે તે સ્થાનોમાં વસનાર જનવૃંદ જૈન ધર્મના જ્ઞાનથી એના વિધિ વિધાનથી-પરાંગ્મુખ થવા લાગ્યો છે. અને ઘણાખરા સ્થળોમાં તો સાપ ગયા ને લીસોટા જેવું રહ્યું છે! એથી ઉલટું જે મોટા શહેરોમાં એક કરતાં વધુ ઉપાશ્રયો ઉવ્રડે છે ત્યાં કંઇને કંઇ મતફેરો જન્મે છે. શ્રાવક સમૂહની ભક્તિમાં 'અતિ પરિચયાત્ અવજ્ઞા' જેવું થાય છે. બહુમાનમાં ઓટ આવે છે અને ઘણી વાર તો જે ગોચરી પ્રાપ્ત થાય છે એ દોષ રહિત નથી હોતી ગત વર્ષોના મત-ફેરોએ આજે કેટલાક શહેરોમાં તો કાયમને માટે જુદા ચોકા ખડા કર્યા છે. જુદા ઉપાશ્રયો ઉભા થવા માંડયા છે અને ધીમે ધીમે અનગારત્વ ભૂલાઇ જઇ મઠધારીપણું પ્રવેશવા લાગ્યું છે! આ દુઃખદ સ્થિતિ સામુદાયિક સંગઠન વિના ટાળવી અશક્ય છે છતાં એ સ્થિતિ જડ ન નાંખે, પડેલી ફાટ પુરાય, અને ઉપાસક સમૂહને વધુ નહીં તો આ ચોમાસાના સમયમાં પ્રભુશ્રી મહાવીર દેવના અનુપમ તત્વોનુ ભાન કરાવવાનો યોગ લાભે એ સારૂ સાધુ-સાધ્વી વર્ગે નાના નાના વિભાગોમાં વહેંચાઇ જઇ માત્ર શહેરોમાં ન ભરાઇ બેસતાં એની આસ-પાસના નાના શહેરો કે ગામડા પસંદ કરવા ઘટે છે. એમાં ઉભયને લાભ છે. સ્વાર્થ ને પરમાર્થ બન્ને છે.

## હજુ પણ સદીને નહીં પિછાનીએ?

જૈન સમાજના શ્રીમંતો અને આગવાનો શું હજી પણ આ વીસમી સદીને ઓળખવામાં પાછળ રહેશે? દેશમાં ચોમેર ધાર્મિક સ્થળોના સ્વચ્છ વહીવટ અને ચોકખા હિસાબના ઢોલ જોરજોરથી ગાજી રહ્યા છે, અરે એ સારૂ કોંગ્રેસ સરકારો કાનુન પણ ઘડી રહી છે ત્યારે પણ આપણા એ મુરબ્બીઓ કુંભકર્ણની નિદ્રા નહીં ત્યાગે? પોતાની માની લીધેલી મોટપ વારસા ગત આવેલી અમીરાઇમાંથી બહાર નજર સરખી નહીં ફેરવે? એક તરફ આપણે જૈનો બહારની સત્તાની ડખલગીરી આપણા ધાર્મિક ખાતાઓમાં ઇચ્છતા નથી તે શું લોચા પડતા કે ગોટાળાભર્યા હિસાબ રાખીશું તો બર આવશે કે? મુંબઇ-અમદાવાદના મોટા વહીવટી તંત્રોના ઉંડાણ ઉઘાડા પડયા પછી આપણને એમાંથી શું જોવા મળ્યું છે? એ બધા અનુભવ એકજ વાત શિખવે છે કે હિસાબ ચોખવટ ભર્યા નથી રહ્યા. દેવદ્રવ્યની પૂર્વાચાર્યોએ બાંધેલી વ્યાખ્યા વહીવ-ટદારો ગળી ગયા છે! આજે એવુંજ શિખરજી-ક્ષત્રીકુંડ અને ચંપાપુરીના વહીવટકર્તા મહારાજ બહાદુરસિંહજીને નામે સંભ-ળાય છે. પોકારો પડયા જાય છે છતાં દાદ કે ફરિયાદ કોઇ સાંભળતું નથી. આવા સંયોગોમાં આપણે ન પણ ઇચ્છતા હોઇએ તો પણ સરકાર એવી ગેર વ્યવસ્થા ચાલવા નહીંજ દે. આપણા એક હથ્થુ કારભાર-સમાજને જરા પણ મચક ન આપનારા વહીવટદારો ત્રીજી સત્તાને નોતરશેજ. હજુ સવેળા ચેતી જઇ ખાસ કરી મોટા તીર્થોના વહીવટ સારૂ એક તીર્થરક્ષક સમિતિ ઉભી કરવાની જરૂર છે. જો શેઠ આણંદજી કલ્યાણજી વિશાળ પ્રતિનિધિત્વના ધોરણે બંધારણ ફેરવે તો તેની હસ્તક એ સોંપવો; અને જુદા જુદા પ્રાંત પુરતી સ્થાનીક સમિતિઓ ઉભી કરવી. દેશ-કાળને બંધ બેસતી રચના કર્યા વગર હિસાબી હરગીજ નહીં સુધરે. બહારની ડખલ ન નોતરવી હોય તો જાગ્રત બની ચોખવટ હાથ ધરવી ઘટે.

કે જેને માટે કોઇને વિરોધનો એક હરફ સરખો પણ ઉચ્ચારવો ન પડે.

ઘડીભર માની લઇએ કે જૈન સમાજ અગર એની વરિષ્ઠ સંસ્થા સામાજીક સવાલોથી હાથ ધોઇ નાંખે, રાષ્ટ્રિય પ્રશ્નો માટે કોંગ્રેસના આદેશ પ્રતિ આંગલી ચીંધી સંતોષ પકડે, અને કેવલ જૈન ધર્મને લગતા મંડનાત્મક પ્રશ્નોજ હાથ ધરે, તોપણ એની આગળ એટલી કાર્યવાહી ખડકાય કે એનો નિકાલ આણવામાં વર્ષો પસાર થઇ જાય. જૈન ધર્મની પ્રાચીનતાના મુખ્ય સ્થંભો સમા મૂર્તિ અને આગમ રૂપ જે વિપુલ સાધનો છે. એની યથાર્થ સંકલના કરવાનું કાર્ય સાચેજ મહા-ભારત સમુ છે. એ કર્યા વિના 'જૈનં જયતિ શાસનમ્' એ કેવળ પોકાર રૂપ રહેવાનું.

તેથીજ ટુકડાની ખેંચતાણ મૂકી દઇ, ભિન્ન ભિન્ન વર્તુળના અગ્રણીઓને આ મહત્વના વિષય પ્રતિમીંટ માંડવા આગ્રહ છે. મોરખીયા-શ્રોફની જોડલી તરફથી જે પ્રયાસ સેવાઇ રહ્યો છે એને ખુલ્લા હૃદયે વધાવી લેવાની હાકલ છે વ્યવસ્થિત રીતે રચાયેલા સંગઠન વગર એકલા હાથે એક પણ સવાલનો ઉકેલ આણી શકવાનો નથી એ પ્રત્યેક ચોકાધારી સમજી રાખે. સુજ્ઞેષુ કિં બહુના?

# અગાશી બંદર.

## ફેરવાતું જતું સ્વરૂપ.

( ગતાંકથી ચાલુ )

ગયા અંકમાં અગાશીની આબોહવા, કુદરતી સૌંદર્ય વિગેરેનું વર્ણન કરવામાં આવ્યું છે, અને નિવૃત્તિનો સમય આનંદપૂર્વક ગાળવા માટેના એક ઉત્તમ ધામ તરીકે તેને ગણવામાં આવ્યું છે, પરંતુ દિવસે દિવસે આ સ્થિતિમાં ફેરફાર થતો જાય છે. આ અગાશી નિવૃત્તિ નિવાસને બદલે તીર્થધામ જેવું બનતું જાય છે, અને તેથી કરી આરોગ્યતા પ્રાપ્ત કરવાના ધામ તરીકેની તેની મહત્તા ઘટતી જાય છે.

હાલમાં ત્યાં ત્રણ સેનેટોરીયમ, બે ધર્મશાળા અને એક ઉપાશ્રય છે. જેમાંથી ૧ જુની ધર્મશાળા છે, જેનો ઉપયોગ બહુ ઓછો થાય છે. જુની ધર્મશાળા દેરાસરની સામેજ છે, જેમાં બહારના ભાગમાં દેરાસરનો વહીવટ કરનારી પેઢીની ઓફીસ છે, અને અંદરના ભાગમાં ઘણી ખરી ઓરડીઓ ખાલી રહે છે. માત્ર ગોઠી કે ભોજક તેમાં રહે છે. આ ધર્મશાળાને જો દુરસ્ત કરાવવામાં આવે અને નવી સ્ટાઇલ પ્રમાણે સગવડ કરવામાં આવે તો હાલની માફક તે ખાલી રહે નહિ. બીજી ધર્મશાળા જુનીની બાજુમાં ઉંચા ઓટાવાળી છે. આ ધર્મશાળાનો ઘણો ઉપયોગ થાય છે, અને ઘણે ભાગે લોકો તેમાંજ ઉતરે છે. આ ધર્મશાળા માટે એક ફેરફાર ઘણોજ જરૂરી છે; ઉનાળાની સીઝનમાં લગભગ ૪ થી ૬ માસ સુધી આખી ધર્મશાળા ભરાયેલી રહે છે, અને ત્યાં નવા આવનારને જગ્યા મલતી નથી. કારણ કે એવો સામાન્ય નિયમ રાખવામાં આવ્યો છે કે બે રૂપીઆના નામના ભાડાંથી ૧૫ દિવસ સુધી રહેવા દેવામાં આવે છે. જો કે આ નિયમ ઠીક છે, પરંતુ તે ધર્મશાળાને લાગુ પાડવો જોઇએ નહિ. ધર્મશાળા તો અવાર નવાર દર્શનાર્થે કે ૫-૬ દિવસ રહેવાવાળા માટે અનામત રાખવી જોઇએ. ધર્મશાળામાં આઠ દિવસથી વધુ રહેવા દેવા ન જોઇએ. જેઓને વધારે સમય રહેવું હોય તેઓ સેનીટેરીઅમમાં ૧૫ દિવસના બે રૂપીઆ ભરી રહે, અને ધર્મશાળા તો ઉપર જણાવ્યું તેમ દર્શન માટે આવનારાઓ માટે જ રહેવી જોઇએ.

દહેરાસરની બાજુમાં ઉપાશ્રય છે, તે લગભગ ખાલી પડયો રહે છે. નીચેનો ભાગ પરચુરણ વસ્તુઓ રાખવામાં વપરાય છે, જ્યારે ઉપરનો ભાગ ઘણી વખત ઉતારાતરીકે પણ આપવામાં આવે છે.

આ ઉપરાંત ત્રણ સેનેટરી છે, જેમાં એક શ્રી કાન્તીલાલ ઇશ્વરલાલની બંધાવેલી છે, જે મોટે ભાગે ભરેલીજ રહે છે, બે ત્રણ માસ સુધી ઉનાળાની સીઝનમાં લોકો તેમાં કાયમ રહે છે, જ્યારે બીજાઓને જગ્યા મળતી નથી. અહિં એક માસથી વધુ કોઇને રહેવા દેવા ન જોઇએ. આ શિવાય એક સેનેટરીયમ સુરતવાળાનું છે, જે માત્ર નામનું સેનેટરીયમ છે. કારણ કે તેમાં તો બંધાવનારનાં સગાવહાલાં કે સ્નેહીઓ કાયમ નિવાસ કરી રહે છે, જેથી તેની ગણત્રી કરવી અસ્થાને છે. ત્રીજી સેનેટરી પણ નામનીજ છે. આમાં ૬ ઓરડા છે, અને ચોક છે, તે પણ ઉનાળામાં તો લગભગ ઘર માંડી રહેલા લોકોથી ભરાયેલા જ રહે છે, અને એ છ ઓરડાની પાછળના ભાગમાં તો ઘણીજ ગંદકી રહે છે, આ મકાનને સેનેટરી કહેતાં પણ શરમ આવે છે.

આ રીતે ત્યાંની જગ્યાઓનો ઉપયોગ લગભગ કાયમી નિવાસસ્થાન જેવો થઇ રહ્યો છે, તેમાં સુધારો કરવાની ખાસ જરૂર છે; અને ખાસ કરી ચોકખાઇ રખાવવા કાર્યવાહકોએ ધ્યાન આપવું જરૂરી છે. વળી આ સ્થળે ક્ષય કે દમના દર્દીઓને કે ચેપી રોગવાળાઓને જગ્યા ન મળવી જોઇએ. કારણ કે અન્ય લોકો તાજી હવા મેળવવા જેઓ ત્યાં આવ્યા હોય તેઓને તે રોગવાળાઓ નુકશાનકારક થઇ પડે. આ માટે ખાસ બંદોબસ્ત કરવો જોઇએ અને આ સ્થળે હજુ વધુ સેનેટરીયમો બંધાય તો જૈનો તેનો ઘણો લાભ લે એ ચોક્કસ છે પરંતુ આપણા સેનેટરીયમો કાયમી નિવાસો કે તીર્થધામો ન બની જાય તેની ખાસ સંભાળ લેવાની જરૂરીયાત છે.

હાલમાં ત્યાંના વહીવટી કાર્યમાં સુધારા થવા પામ્યા છે, નવા ટ્રસ્ટીઓની નિમણુંક થઇ છે, તેઓ જમાનાની જરૂરીયાતો પીછાને છે, તેથી ઉપર જણાવ્યા મુજબના આવશ્યક સુધારાઓ તરફ તુરતજ પોતાનું લક્ષ દોરવશે એમ ઇચ્છું છું.

**નોટ**—આ લેખ ચાલુ ઉનાળામાં મારે ત્યાં જવાનો પ્રસંગ બનતાં ખાસ જાતિ અનુભવ અને તપાસ પછી લખ્યો છે.

**—મનસુખલાલ લાલન.**

---

**—ઉદ્‌ઘાટનઃ—**માલેગાવમાં શેઠ વીરચંદ નેમીદાસ ધર્માર્થ ઔષધાલયની ઉદ્‌ઘાટન ક્રિયા રવીવાર તા. ૨૮ મી ના રોજ શેઠ માણેકલાલ ચુનીલાલના હસ્તે થયેલ છે. મનમાડ સ્ટેશનપર મહારાષ્ટ્રના જાણીતા આગેવાનોએ શ્રીયુત માણેકલાલ શેઠનો સત્કાર કર્યો હતો.

**—જૈન બંધુનો જન્મઃ—**મુંબઇ ખાતેથી શ્રી. ચીમનલાલ વાડીલાલ શાહના તંત્રીપણા નીચે નજીકના ભવિષ્યમાં "જૈન બંધુ" નામના એક અઠવાડીક પત્રનો ઉદ્‌ભવ થશે તેવા સમાચાર બહાર આવ્યા છે.

—શ્રી દાદર જૈન પાઠશાળાનો મેળાવડો શનીવાર તા. ૨૭-૫-૩૯ ના આચાર્ય શ્રી જીનરિદ્ધિસૂરિશ્વરજી મહારાજના પ્રમુખસ્થાને ઉજવવામાં આવ્યો હતો.

—યોગનિષ્ઠ જૈનાચાર્ય શ્રી બુદ્ધિસાગરજી મહારાજની જયંતી જેઠ વદ ૩ સોમવારે મુંબઇમાં ઉજવવામાં આવનાર છે.

---

## મુંબઇના શ્રીમંતોને નમ્ર અપીલ.

શ્રી કો. કે. પ્ર. સ્થાનિક સમિતિએ ગઇ સાલ લગભગ રૂ. ૧૮૧૭-૧૦-૬ વિદ્યાર્થીઓને તથા બાળાઓને પુસ્તકો, માસીક ફી તથા સ્કોલરશીપના આપ્યા હતા તો આ સાલ વધારે રૂા. ની જરૂર છે તો કેળવણીની ક્ષેત્રમા કામ કરતી આ સંસ્થાને ખીલવવા મુંબઇના શ્રીમંતો પોતાનો ઉદાર હાથ લંબાવશે એવી આશા રાખીએ છીએ કારણ કે આ વખતે અમારી પાસે અરજીઓ ઘણી આવે એવી આશા છે.

લી૦ **મંત્રીઓ**

# જગતના રંગ-ઢંગ.

યોજક:—શા.મ.

**મહાત્માજી:**—ના૦ વાઈસરોય સાહેબ, વડા જજ્જ સાહેબ, ના૦ ઠાકોર સાહેબ, દરબાર વીરાવાલા સાહેબ, હું આપ સૌની માફી ચાહું છું. હું આપને ત્રિવિધે ત્રિવિધે ખમાવું છું. આપ સૌ પણ મને ક્ષમજો કારણ કે. મારા ઉપવાસથી ધર્મેન્દ્ર બાપુનો અને શ્રી વીરાભાઇનો જે હૃદય પલ્ટો થવો જોઇએ તે ન થયો. હૃદય પલ્ટો ન થાય તે સ્વાભાવિક પણ છેજ. ઉપવાસ કરનારના દીલમાં હિંસા આંટા મારતી હતી. તેથી હિંસામય ઉપવાસ આધ્યાત્મિક અસર કઇ રીતે ઉપજાવે? આ સત્ય પણ મને તુરત ન સમજાત. પણ ભલું થજો કાઠી કુળદિપક દરબાર વીરાવાળાની અવળચંડી બુદ્ધિનું કે જેના પરિણામે મને આ યથાર્થ સત્યના દર્શન થયા છે અને હિંમતભેર હું આવું ધડાકા નિવેદન રજુ કરી શકયો છું. ચુકાદાથી મળતા લાભ હું છોડી દઉં છું. અને વીરાવાળા ઉદાર થઇ આપે તેજ લઇ લેવા પ્રજાને વિનવું છું.

**શ્રી વીરાવાળા** અને **ઠાકોર સાહેબ:**—વાહ! મહાત્માજી વાહ! આપે તો ખૂબ કરી. આખરે પણ આપને ખરા સત્યના દર્શન સાંપડયા છે અને અપૂર્વ હિમ્મત બતાવી આ ઐતિહાસિક નિવેદન આપે બ્હાર પાડયું છે! એથી અમારા દિલમાં આનંદના ઓઘ ઉભરાયા છે! ખરેખર આવી હિમ્મત કોઇ વીરલાજ બતાવી શકે છે; અમે તો આપની હિંમતની ખૂબ ખૂબ કદર કરીએ છીએ. અને એ નિવેદનના અનુવાદ જગતની સર્વ ભાષામાં કરાવીને વ્હેંચવા પ્રબંધ કરીએ છીએ!

**શ્રી પરમાનંદ કાપડીઆ:**—ખરેખર સમયનીજ બલીહારી છે! એજ અર્જુન હતો અને એજ ધનુષ્યબાણ હતા પણ સમય દેવે અર્જુનને પરાસ્ત કરાવ્યો અને કાબાએ તેને લુંટી લીધો! એવુંજ આજે રાજકોટની ધરતી પર બની રહ્યું છે. શક વર્તાવનાર પુરૂષવર ગાંધી આજે વચનભંગી તરીકે રાજકોટની દુનિયામાં ગવાઇ રહયો છે અને બ્રિટીશ સરકારને તોબા પોકરાવનાર ગાંધી વીરાવાળાને હાથે આજે લુંટાઇ રહ્યો છે. ઓહ સમયબળ!

**શ્રી દોલતસિંહજી:**—વાણીયા રાજ લેશે? તે પહેલાં તો પરશુરામે જેમ કેટલીએવાર પૃથ્વીને નક્ષત્રી કરી હતી તેમ હું મારા લીંબડીને વાણીયા રહિત કરીશ ત્યારેજ મને જંપ વળશે કુંભાર કારભારી પણ એ વાતમાં પૂર્ણ સમ્મત છે.

**શ્રી દુર્લભજી પરીખ:**—બાપુ વાણીયા વિના તો રાવણનું રાજ ગયું એ લોક કહેવત સાંભળી છે કે નહીં? વાણીયા તો તમારા લીંબડીનું નાક છે. પણ એમાં તમારો દોષ નથી એ તો विनाशकाले विपरीत बुद्धिः બાકી રાજકોટમાં જોયુંને વાણીયાઓનું પરાક્રમ? અને હજુ ગાંધીજી રાજકોટની પ્રયોગશાળામાંથી કંઈક નવા અખતરાઓ કરી તમારી સાફાશાહી જમાતને ધ્રુજાવશે. અને અમારૂં આ બહિષ્કારનું રામબાણ શસ્ત્ર તો ચાલુ જ છે કે જે ભલભલા ભૂપતીને પાણી પાઇ દેશે.

**શ્રી ઢેબરભાઇ:**—દુર્લભજીભાઇ, બાપુએ રાજકોટમાં આવીને તો ભારે કરી. આના કરતાં તો લડતનું સુકાન છેવટ સુધી સરદાર સાહેબના હાથમાં હોત તો ઠીક હતું. કારણ કે તેઓ येन केन प्रकारेण ફતેહ અપાવેત એમાં કાંઇ શંકા નથી, કારણ કે તેમના હાથમાં મોટી જસરેખા છે. પણ બાપુ રહ્યા સીધાસાદા અને કામ પડયું, જેને માટે ઉપમા ન જડે તેવા શ્રી વીરાવાળા સાથે. આના કરતાં તો કેડલ પણ સારો હતો. પણ આ બધી કથની કંઇ બ્હાર મૂકાય છે? વજુભાઇ અને હીરાણી જેવાએ તો તડને ફડ કરી નાખ્યું. પણ આપણાથી તો રહેવાય પણ નહીં અને સહેવાય પણ નહીં એવું થયું છે. એક તરફ નદી અને બીજી તરફ વાઘ વાળો ન્યાય છે. અરે બાપુ, તમે રાજકોટ આવીને તો અહિંસાની ટોચે પહોંચવાની ધુનમાં કોકડું ભારે ગુંચવી નાખ્યું.

**શ્રી સુભાષ બોઝ:**—ભાઇ, મેં તો માંદગીને ખાટલેથી ગાંધીજી ઉપર જે ઐતિહાસિક પત્રો લખ્યા હતા તેમાં સ્પષ્ટ જણાવ્યું હતું કે-રાજકોટને વિષે આપ ગંભીર ભૂલ કરી રહ્યા છો. પણ મહાત્માજી એમ માને ખરા? આખરે મારી આગાહી મુજબ રાજકોટનું પરિણામ કેટલું ખરાબ આવ્યું? ગાંધીજીને શ્વાસેશ્વાસે હિંસાની ગંધ આવે છે પણ હું કહું છું કે આગળ કરતાં હિંસા ઘણી ઓછી થઇ ગઇ છે. જો બધા રાજસ્થાનોમાં એક સાથે સત્યાગ્રહ ઉપાડયો હોત અને બ્રીટીશ સરકારને છ મહીનાનું અલ્ટીમેટમ આપ્યું હોત તો અઢાર મહીનામાં રાતા-પીળા હિન્દમાં સ્વરાજ હાથ-વેંતમાં આવીને ઉભું રહેત ખેર! હવે અમારા આ પ્રગતિવાદી બ્લોકના પરાક્રમ ભાળજો.

**પંડિત જવાહર:**—રહેવા દ્યોને સુભાષ બાબુ! તમારા રાષ્ટ્રપતી પદમાં ઓલ ઇન્ડીયા કોંગ્રેસ કમિટીની ઓફીસમાં કેટલી મંદતા આવી છે? હું યુરોપ બેઠો તમને કાગળ લખતો હતો તેનો તમે જવાબ સરખો પણ નહોતા આપતા! અને શું એમ સામાની નબળાઇ જોઇ અલ્ટીમેટમ આપવાથી સ્વરાજ મળવાનું છે? બાબુજી ભૂલતા નહિં કે- સ્વરાજ તો આપણાં બાંવડામાં બળ આવશે ત્યારેજ મળશે.

**શ્રી નરીમાન** અને **ડો. ખરે:**—ભાઇઓ, કોંગ્રેસમાં હવે હળાહળ કળજુગ આવ્યો છે. પરિણામે પોલ જોઇને ફેસીઝમ પેસી ગયું છે! એના પ્રત્યક્ષ દાખલા અમારી જમાત વધી રહી છે તે છે. અમે બે તો હતા તેમાં હવે સુભાષ બાબુ પણ ભળ્યા છે. પણ હવે અમારે ખોટા આક્ષેપો કયાં સુધી સહવા? તેથી તો મેં (ખરે) જવાહરલાલને નોટીસ આપી દીધી છે. મેં (સુભાષ) આ નવો પક્ષ સ્થાપ્યો છે અને હું (નરીમાન) છાશવારે કહું છું કે કોંગ્રેસ પ્રધાન મંડળોએ કશું ઉકાળ્યું નથી. બલ્કે આઝાદીની કુચ અટકાવી છે.

**ડો. ખાનસાહેબ:**—કોંગ્રેસ મીનીસ્ટરની ન્યાય પ્રિયતાની તમને ખબરજ નથી. દેખો કે-મેં મારા છોકરાને સરકારી કામમાં ડખલ કરવા બદલ પકડાવ્યો છે. ન્યાયની તુલા હાથમાં લીધા પછી પોતાનાનો મોહ શું?

**સેનાપતિ બાપટ:**—હિન્દને આઝાદી ત્યારેજ મળશે કે જ્યારે આત્મહત્યા યાને જલ સમાધી લેનારા લોકો થઇ જશે. એ મહાકાર્યની પહેલ હું મારાથીજ કરવા માગું છું, તેનું મુહુર્ત પણ રત્નાગીરી જેલમાં બેઠા નક્કી કર્યું છે. ૨૩ મી

જુલાઈના રોજ મારે જળસમાધી લેવીજ જોઇએ. તેથી ગાંધીજીને કાને પણ મેં આ વાત નાખી દીધી છે.

**ધર્મ ગુરૂઓ:**—અરરર! આત્મઘાત!! અને તેનાથી માતની મૂક્તિ ઇચ્છા!!! છી...છી છી :તદ્દન અસંભવિત એ તો અગ્નિમાંથી શીતળતા મેળવવાની ઇચ્છા કરવા જેવું છે. શું કળીકાળની બલીહારી!

**શ્રી સાગરાનંદ સૂરિજી:**—અમારા જૈન જગતમાં પણ કઠણ એવો પાંચમો આરો વર્તે છે. નહિંતર જૈનો આ મિથ્યાત્વની ચળવળમાં ભળે ખરા? ગાંધી મોહનલાલ કરમચંદ નામનો માણસ અહિંસામાં કાંઇ સમજે નહીં અને અહિંસાનો ઇજારો રાખ્યો હોય તેવી વાતો કરે છે! શું થશે આ જીવોનું?

**એક ભક્તજન:**—સાહેબ, એ બધી માથાફોડ જવા દોને! આ મોહન સૂરીજીએ આપની પાછળ સાહિત્ય મંદિર કરાવવા માંડયું હતું ને એમણે તો પુરૂંએ કરાવી લીધું. અને પાલીતાણા નરેશને બોલાવી મકાનનું વાસ્તુ પણ કરાવી નાખ્યું. હવે આપણા આગમ મંદિરનું કામ આગળ વધે તો ઠીક. ખરેખર આગમ મંદિર થશે ત્યારે તેની પાસે બીજા મંદિરો તો ઝાંખા પડશે. શું આપને આ સુંદર વિચાર ઉદ્‌ભવ્યો! ખરેખર સાહેબ, આપે તો આગમોદ્ધારક નામને બરાબર સફળ કરી બતાવ્યું.

**શ્રી વિજયનેમિ મહારાજ:**—શું ત્યારે મારૂં કદંબ ગીરીનું કામ ઉતરે એવું છે કે? ત્યાં કેટલા વરસથી પ્રયાસ ચાલે છે તે જાણો છો કે? જંગલમાં મંગલ તે આનું નામ! જ્યાં ગોડી લોકો સિવાય સ્થાયી પૂજનાર કોઇ નથી ત્યાં મારા પ્રભાવે હજારો પ્રતિમાઓ સ્થાપન થઇ અને હજુ પણ થતી જાય છે. પ્રતિમાઓ પણ જેવી તેવી નહિં. બસો બસો મણની જયપુરની કારીગરીની એ પ્રતિમાઓ કદંબગીરીને ભવિષ્યમાં મહાન તીર્થસ્થાન બનાવશે.

**શ્રી વિજયરામ સૂરિ:**—જૈન સમાજમાં ખરી જરૂર શાની છે તે તો અમારા વિના કોઇ વિચારતુંજ નથી. કેટલાય સમયથી બુમ હતી કે-મુનિવિહાર ગુજરાતમાંજ પર્યાપ્ત થાય છે પણ બીજે જ્યાં જરૂર છે ત્યાં થતો નથી. તેથી એ જરૂર પુરી પાડવા કોરા કાગળ જેવા, આ મહારાષ્ટ્રમાં છેલ્લા ત્રણ વર્ષથી હું વિચરી રહ્યો છું. કેટલી શાસન પ્રભાવના થાય છે તે તો જુઓ!

**ઉપાધ્યાય મંગળવિજયજી:**—સરાક જાતિના ઉદ્ધારની ખરી જરૂર છે તેને તો કોઇ કરતું નથી. અસલ શ્રાવક શબ્દ ઉપરથી તો અપભ્રંશ સરાક બની ગયેલ છે. આ લોકોના ગોત્ર અને કુળદેવતા પણ આપણને મળતા આવે છે. તો પછી તેમનો ઉદ્ધાર શા માટે ન કરવો?

**શ્રી વિદ્યાવિજયજી:**—અને સીંધને શું સાવ વિસારી દેવો? સહરાના રણ જેવા આ પ્રદેશમાં ધર્મ વૃધ્ધિ માટે સાધુ વિહારની ભારે જરૂરીયાત છે તે કંઇક અંશે અમારા વિહારથી પુરી પડી છે. જુવો કે લોકમાં કેટલું આકર્ષણ થયું છે? આ પારસીઓ અને ઇતર કેટલીયે કોમો વ્યાખ્યાન સાંભળવા આવે છે. અને સિંધના ગવર્નરે તો કેટલીયે વાર મુલાકાતો આપી. ખરેખર આ પ્રદેશને ધર્મથી કેમ વંચિત રાખી શકાય?

**શ્રી ટી જી. શાહ:**—મહારાજ! મહારાજ! તમે અહીં આવીને શું કર્યું છે તે ગણાવું? બે અયોગ્ય દીક્ષાઓ આપે આપી. (તેના વરઘોડામાં જો કે મેં ભાગ લીધો હતો પણ તે અનાસકત મનથી. પરિણામે એક દીક્ષીતને મારે વરદ હાથે મૂક્તિ આપવી પડી) આપે મને મંદિર પ્રવેશની મનાઇ ફરમાવી. (જેથી મારે મહાવીરને રડતા ચીતરવા પડયા.) બીજી કેટલી કથની કહું?

**શ્રી ધીરજલાલ ટી. શાહ:**—સત્ય છે મિત્ર! તમારૂં કહેવું સોળ વાલ ને એક રતિ છે. તમારી એ સત્ય વાતને ટેકો આપવા તો મારે શ્રી વિદ્યાવિજયજી સાથેની ચિરપરિચિત મૈત્રિ તોડવી પડી છે.

**જૈન સત્ય પ્રકાશ:**—ભાઇઓ, આ જુની વાતના ચુંથણા છોડો. અને જુવો કે-આ ગોપાલદાસ પટેલે "ભગવતી સાર" માં મહાવીરને માંસ ખાતા કર્યા છે તેનું નિરસન તો કરો.

**શ્રી ગોપાલદાસ:**—મૂળમાં તેવા શબ્દો આવે એમાં ભાષાંતરકાર શું કરે? મેં તો મારા જૈન મિત્રોના આગ્રહથી જે સત્ય હતું તે સ્પષ્ટ કર્યું છે તેમાં આટલા બધા અસહિષ્ણુ બની ખીજાઓ છો શા સારૂં? (જૈન સમાજમાં આથી ખૂબ ખળભળાટ થાય છે. સંખ્યાબંધ જવાબો અપાય છે. અને શ્રી પટેલ ચર્ચાના બારણા બંધ કરી વાળે છે.)

**વીર શાસન:**—વલ્લભસૂરિ ખોટા! વિકાસ વિજય ખોટા! તેમનું મહેન્દ્ર પંચાંગ ખોટું! પરમાનંદ ખોટા! કુંવરજી કાકા ખોટા! વડોદરા નરેશ ખોટા! ગોવિંદભાઇ ખોટા! મહાસુખ ભાઇ ખોટા! જૈનયુગ ખોટું! જ્યોતિ ખોટું! મહાવીર વિદ્યાલય ખોટું! કોન્ફરન્સ ખોટી! યુવક સંઘ ખોટો! સાગરજી ખોટા! ગાંધી ખોટો...સાચા...સાચા..સાચા.

**સમય ધર્મ:**—શેખી શીદને કરો છો? સમય-ધર્મને ઓળખો અને તે પ્રમાણે ચાલો તો ખરૂં કલ્યાણ થશે.

अस्तु ! कल्याण मस्तु !

**તમારા ઘર, લાઇબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ**

## જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો.

**રૂા. ૧૮-૮-૦ ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭-૮-૦ માં ખરીદો.**

| | અસલ કિંમત | ઘટાડેલી કિંમત. |
|---|---|---|
| શ્રી જૈન ગ્રંથાવલી | રૂા. ૩-૦-૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન મંદિરાવલી | રૂા. ૧-૮-૦ | ૦-૮-૦ |

જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃત:—

| | | પૃષ્ઠ. | |
|---|---|---|---|
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો | રૂા. ૫-૦-૦ | ૧૦૦૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો | રૂા. ૩-૦-૦ | ૮૫૦ | ૧-૮-૦ |
| શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ | રૂા. ૬-૦-૦ | ૧૨૫૦ | ૩-૦-૦ |

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા. ૪-૦-૦ માંજ.

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખો:—**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ.**
૨૦, પાયધુની—મુંબઇ, ૩.

# "અણહિલપુર પાટણની રાજવંશાવલી."

લેખકઃ
મુનિ કાન્તિસાગરજી

## લેખાંક ૩ જો

વિચારશ્રેણિ અને નીચેની રાજવંશાવલીમાં ભીમદેવનો રાજ્યકાળ ૪૨ વર્ષનો દાખવવામાં આવ્યો છે.

ભીમરાજના* પહેલાના રાજ્યમાં તેનો વિશ્વાસુ સેનાપતિ વિમલમંત્રી હતો અને વિમલમંત્રીએ "આબુ" ઉપર અંબિકા દેવીના આદેશથી સુંદર કોતરણીવાળો પ્રાસાદ કરાવ્યો હતો તે મંદિર અત્યારે વિમલવસહિ એ અભિધાનથી પ્રસિદ્ધ છે. અને તેની કોતરણી જોઇને સારા સારા અંગ્રેજો અથવા શિલ્પીઓ પણ મોઢામાં આંગળી નાખી એ ઘડી તો આભાજ બની જાય છે.

ભીમદેવના સમયમાં તેમના મામા દ્રોણાચાર્ય નામના જૈનાચાર્ય હતા તે નિવૃત્તિ કલના હતા અને તેમણે **पिण्डनिर्युक्ति** ટીકારચી ખરતર ગચ્છીય નવાંગિ ટીકાકાર શ્રીમદ અભયદેવ સૂરિએ કરેલ નવઅંગોપરની ટીકા-વૃત્તમાં દ્રોણાચાર્ય સંશોધનાદિમાં સહાય કરી હતી એમ તે વૃત્તિકાર સૂચવે છે. દ્રોણાચાર્યના શિષ્ય અને સંસારી પક્ષે ભત્રિજા સૂરાચાર્ય શબ્દશાસ્ત્ર, પ્રમાણશાસ્ત્ર અને સાહિત્યાદિ શાસ્ત્રમાં પ્રવિણ હતા.

ઉપરોક્ત અભયદેવસૂરિ ભીમરાજના સમયમાં થયા છે તેઓએ નવઅંગપર ટીકા રચી એટલુંજ નહિ પણ પ્રકરણાદિ ગ્રન્થો પણ તેઓએ ઘણા રચેલાં છે [ જુઓ જૈન સ્તોત્ર સંદોહની પ્રસ્તાવના.]

ભીમદેવના પરલોકગમન પશ્ચાત તેનો પુત્ર રાજા કર્ણ તે સંવત ૧૧૨૮ના ચૈત્ર વદ ૭ સોમવાર હસ્ત નક્ષત્ર અને મીન લગ્નમાં ગાદીપર બેસાડ્યો તે રાજાએ અણહિલપુરથી દક્ષિણમાં થોડે માઇલ છેટે એક કર્ણસાગર નામનું સરોવર બંધાવ્યું.

ઉપરોક્ત રાજાને ઘણા વર્ષ પર્યન્ત પુત્ર થયો ન હતો પછી કેટલોક સમય વ્યતિત થયા બાદ એક પુત્રનો પિતા થયો તેનું શુભાભિધાન સિદ્ધરાજ જયસિંહ રાખ્યું. સિદ્ધરાજનો જન્મ ડભોઇમાં થયો હતો.

કર્ણના રાજ્યમાં બિલ્હણ કવિએ ચતુરંકી નાટિકા નામે કર્ણસુંદરી રચી હતી તેમાં કર્ણદેવને કથાનાયક બનાવીને વિદ્યાધરેન્દ્ર કર્ણસુંદરી સાથે તેના પરિણયનો વૃત્તાન્ત વિસ્તરેલો છે. ઇત્યાદિ...... ..

[ વિ. માટે જુઓ જૈ. શા સં. ઇ. મો. દ. દે. કૃત ]

ઉપરોક્ત કવિ કાશ્મીરના ખોનમુક નામનો રહીશ કૌશીક ગૌત્રી બ્રહ્મણ હતો એના વિદ્વાન પૂર્વજોને કાશ્મીરનો ગોપાદિત્ય રાજા (ગોનંદવંશી અક્ષનો પુત્ર) મધ્યદેશમાંથી (હિમાલય અને વિધ્યાચલના વચ્ચેનો પ્રદેશ જેને આજકાલ સંયુક્ત પ્રાંત કહેવામાં આવે છે) કાશ્મીરમાં લાવ્યો હતો. જેમાં મુખ્ય મુક્તિકળશ હતો તે અગ્નિહોત્રી હતો તેનો પુત્ર રાજકળશ તે પણ અગ્નિહોત્રી હતો અને દાની, પરાક્રમી અને વેદ વિદ્યા પારંગત હતો એણે જનસુખાર્થે વ્યાખ્યાન સ્થાનો કુવા અને પરબો કરાવી હતી તેનો પુત્ર જ્યેષ્ઠકળસ હતો તેણે મહાભાષ્ય ઉપર ટીકા કરી છે. [ પ્રાણીની એ રચેલી અષ્ટાધ્યાયી ઉપર પતંજલી રૂષીએ કરેલા ભાષ્યનીજ મહાભાષ્ય સંજ્ઞા છે.] પણ ડો. [બુલ્હર કહે છે કે તે કયાંય ઉપલબ્ધ થતી નથી] તેને નાગદેવી નામની સ્ત્રીથી ઇષ્ટરાજા બિલ્હણ અને આનંદ એમ ૩ પુત્રો થયા. તે ત્રણે કવિ અને વિદ્વાન હતા બિલ્હણે કાશ્મીર મા નિવાસ કરીને વેદવેદાંગ વ્યાકરણ સાહિત્યાદિ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો અને એની કવિતાની ખ્યાતિ દૂરદૂર સુધી ફેલાઇ.

[ **जैन स्तोत्र संदोह** વોલ્યુમ બીજાની પ્રસ્તાવના ]

કર્ણદેવે સંવત ૧૧૫૦ના પોષ વદ ૩ ને શનિવારે શ્રવણ નક્ષત્રને વૃષભ લગ્નમાં પોતાના પુત્ર સિદ્ધરાજને ગાદી ઉપર બેસાડી પોતે આશાપલીનો રહેનાર આશા નામના છલાખ ભિલ્લના અધિપતીને ભૈરવ દેવીના શુભશુકનથી જીતીને ×કર્ણાવતી નામની નગરી વસાવી ત્યાંજ રાજ્ય કર્યું.

એને જે જગ્યાએ ભૈરવ દેવીનાં શુકન થયા તે જગ્યાએ કોચ્છરવ એ નામની દેવીનો પ્રાસાદ બંધાવ્યો, જે જગ્યાએ ભીલ્લરાજને જીત્યો તે ઠેકાણે જયંતી દેવીનો પ્રાસાદ બંધાવ્યો. અને કર્ણેશ્વર નામનું દેવાલય પણ નિર્માણ કરાવ્યું અને પાટણમાં કર્ણમેરૂ નામનો મહેલ કરાવ્યો આ પ્રમાણે ૨૯ વર્ષ ૮ માસ અને ૨૧ દિવસ રાજ્ય કરી દેવલોક ગયો. ["વિચાર શ્રેણિમાં" કર્ણરાજાએ ૩૦ વર્ષ રાજ્ય કર્યાનો ઉલ્લેખ મળે છે.]*

મહારાજા કર્ણના સ્વર્ગવાસ પછી રાજ્યનો બધો ભાર મયણલ્લ દેવીને માથે પડયો, મતલબકે ત્યારે કુમાર જયસિંહ નાની વયનો હતો. મયણલ્લદેવીએ વીરમગામમાં મીનલસર માનસર અને ધોળકા આગળ માલવ (ખેડા જીલ્લામાં) ઉમરેઠ નામનો કસબો છે, તેમાં પણ માલવ નામનું તળાવ છે. મીનલ નામે બે તળાવ મીનલ દેવીએ પોતાનું નામ અમર રાખવા બંધાવ્યા હતા તે તેણે પોતાના કારભારનીજ વેળામાં નિર્માણ કરાવ્યા હતા.

---

×કર્ણાવતી, કેટલાએક ગ્રન્થકારો ખંભાતને જણાવે છે પરંતુ હમિરમદમર્દન નાટક આશાવલનેજ કર્ણાવતી હોવાનું જણાવે છે. —લેખકઃ

*કર્ણ નામના ગુજરાતના ઇતિહાસમાં બે રાજાઓ થયા છે એકલો કર્ણ (સોલંકી) અને બીજો (કર્ણ) વાઘેલો. કર્ણ સોલંકીનો સંપૂર્ણ ઇતિહાસ જાણવા માટે (ભા. અ.) માં રામલાલ ચુનીલાલ મોદીનો "કર્ણ સોલંકી" નામનો નિબંધ જોવો.

ટીપણી—*ચૌલુક્યભીમદેવે મૂલરાજના કલ્યાણાર્થે નવો વીર પ્રાસાદ બનાવ્યો વળી પાટણમાં ભીમેશ્વર દેવનો પ્રાસાદ પણ કરાવ્યો હતો તથા ભીરૂઆણી એ નામની ભટ્ટારિકાનો પ્રાસાદ કરાવ્યો હતો.

[ પ્ર. ચિ. પૃષ્ઠ ૧૦૮ રામચંદ્ર દીનાનાથ વાળો ]

## સમાચાર સાર

**—શ્રી આત્મારામજી જયંતિઃ—**મુંબઇમાં શ્રી ગોડીજી મહારાજના ઉપાશ્રયમાં પન્યાસ પ્રીતિવિજયજી ગણિના પ્રમુખ પણા નીચે ગત જેઠ સુદ ૮ શુક્રવારના રોજ સવારના વ્યાખ્યાનના સમયમાં પંજાબ દેશોધ્ધારક પૂજ્ય વિજયાનંદ સૂરી ઉર્ફે આત્મારામજી મહારાજની સ્વર્ગારોહણ તીથીની ઉજવણી થઇ હતી. શરૂઆતમાં શ્રી વાડીલાલ જેઠાલાલ શાહે પત્રિકા વાંચી સંભળાવ્યા બાદ શ્રી શાંતિલાલ શાહે **"જિનેશ્વર ના ભક્તિરંગે આત્મારામ રંગાયા,"** નું કાવ્ય મધુર સ્વરે વાજીંત્ર સાથે ગાયું હતું. ત્યાર બાદ શ્રી રાજપાળ મ. વ્હોરા. શ્રી ગોકલદાસ નાનજી ગાંધી, શેઠ કુલચંદજી ઝાબક, તથા શ્રી વાડીલાલ જેઠાલાલે સ્વર્ગસ્થ ગુરૂવર્યના જીવનના અનેક પ્રસંગો રજુ કર્યા હતા. છેવટે પૂ૦ પ્રીતીવિજયજી મહારાજે આત્મારામજી મહારાજના જીવન વિષે સુંદર વિવેચન કરી સભા પૂર્ણ થઇ હતી.

**—વાર્ષિકોત્સવની ઉજવણીઃ—**મુંબઇમાં શ્રી ખંભાત વીશા પોરવાડ જૈન યુવક મંડળનો વાર્ષિકોત્સવ શ્રી ગોડીજી બીલ્ડીંગમાં તા. ૧૯-૫-૩૯ના રોજ રાતના ઉજવાયો હતો. જ્યારે મંડળના ગતવર્ષના કાર્યની નોંધ. હીસાબ વિગેરે રજુ થયા હતા અને છેવટે નવા વર્ષના હોદ્દેદારોની ચુંટણી થઇ હતી.

**ઉંઝામાં જૈન ઉદ્યોગશાળાની સ્થાપના:—**ઉંઝામાં શ્રી કોન્ફરન્સ કેળવણી પ્રચાર સમિતિ ગત વર્ષથી કામ કરે છે. આ વર્ષે ઉદ્યોગશાળાનું કામ ખોલવાનો સ્થાનિક મંત્રીઓનો વિચાર થતાં તેઓએ કોન્ફરન્સ કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિ મુંબઇને આ વિચારો જણાવી મદદની માંગણી કરી હતી. તેમના આ પત્રપર કેન્દ્રસ્થ સમિતિની સભાએ વિચારણા કરીને એક વર્ષ માટે રૂ. ૨૫૦) જો તેઓ આ ઉદ્યોગશાળા કાયમી ચલાવી શકે તો તે શરતે મંજુર કર્યા. આથી ઉત્સાહીત બનીને કે. પ્ર. સમિતિ ઉંઝાના ઉત્સાહી કાર્યકર શ્રી ભોગીલાલ નગીનદાસ શાહે પ્રયાસ કરીને અલ્પ સમયમાં બે ગ્રહસ્થો પાસેથી રૂા ૭૫૦૦) જેવી રકમ મેળવી છે. પરિણામે ઉદ્યોગ શાળાની સ્થાપના થઇ છે. આ કાર્ય હજુ પણ વિકાસ પામે તે ઇચ્છવા યોગ્ય છે. દાતાઓને તથા કાર્યવાહકોને અભિનંદન ઘટે છે.

**—કાળધર્મ:—**શ્રી સાગરાનંદ સૂરિજીના શિષ્ય શ્રી જીતસાગરજીએ સુરત ખાતે ગોપીપુરામાં શ્રી મોહનલાલજી મહારાજના ઉપાશ્રયમાં ગત તા. ૨૫ મીના રોજ સમાધિ પૂર્વક કાળ કર્યો છે. સદ્‌ગત મુનિશ્રી શાંત સ્વભાવના હતા અને ખટપટોથી પર હતા તથા કેવળ આત્માર્થી હતા. દીક્ષા લીધા પૂર્વે સંસારીપણામાં પણ તેઓ બહુ સારૂં સુખી જીવન છોડીને ખરા વૈરાગ્ય પૂર્વક ત્યાગ ગ્રહણ કર્યો હતા. અને તેથી અંત પર્યંત દીક્ષાને તેમણે દીપાવી હતી. તેમના આત્માને શાંતિ હો તેમ ઇચ્છીએ છીએ.

**—અભિષેકની ફીલ્મ ઉતરશે:—**શ્રમણ બેલગોળામાં (ગોમટસ્વામિ) ઉપર વાર્ષિક મેળો કરી મહામસ્તકાભિષેક કરાશે. અને એ સમયના દ્રશ્યની ફીલ્મ લેવાનો વિચાર કાર્યકરોએ કર્યો હોય તેમ જણાય છે.

**—દસ્સા પૂજાધિકાર:—**દિગંબરોમાં દસ્સા નામની એક જ્ઞાતિ છે. તેઓને શ્રી જિનપૂજનનો અધિકાર નથી એવી જાતની એક પ્રથા પડી ગઇ છે. પરંતુ નવા જુના વિચારના આ સંઘર્ષણ કાળમાં આવી બેહુદી પ્રથા કયાં સુધી નભે? તેથી નવા વિચારના દિગંબર વિદ્વાનો દસ્સાઓને પૂજન અધિકાર દેવો યોગ્ય ગણે છે જ્યારે જુના વિચારનાઓ તે વાતથી વિરૂદ્ધ છે. આ બાબતમાં હમણાં દિગંબર શાસ્ત્રી પરિષદ મળી હતી તેણે પણ દસ્સાઓને જિનપૂજનનો અધિકાર છે એવો પ્રસ્તાવ પાસ કર્યો છે.

---

સિદ્ધરાજ જ્યારે ઉમર લાયક થયો ત્યારે રાજ્યના સઘળા કારભારમાંથી મીનલદેવી નિવૃત્ત થઇ અને સિદ્ધરાજને સુપુત કર્યો સિદ્ધરાજ જ્યારે માળવાપર ચઢાઇ કરવાની તૈયારી કરતો હતો ત્યારે અણહિલવાડથાં સહસ્ત્રલિંગ તળાવનું કાર્ય ચાલતું હતું આ તળાવ એની કિંવદન્તિઓ ઉપરથી ઘણું પ્રસિદ્ધ પામ્યું છે એને માટે ખોદાણ કરેલું તે અદ્યાવધિ પાટણ પાસે અવલોકવામાં આવે છે પરંતુ બાંધણીઆતું કશું મળતું નથી. આ તળાવ ગોળાકાર તથા બહુબાજુવાળું હતું અને થોડી ઘણી મળતી આવતી બાંધણીઓ ગુજરાતમાં પુષ્કળ અવલોકવામાં આવે છે. વિરમગામમાં મીનલસારનો ચોગરદમ મહાદેવનાં દેવળ પુષ્કળ દહેરા હશે તે ઉપરથી તેનું માત્ર "સહસ્ત્રલીંગી" તળાવ ઘણું કરીને પાડવામાં આવ્યું હશે. આ તળાવ જ્યારે બંધાતું હતું ત્યારે તેમાં જસમા ઓડણે મુખ્ય ભાગ ભજવ્યો હતો. જ્યારે સરોવરનું ખોદકામ ચાલતું હતું ત્યારે જયસિંહ પોતે આવીને તપાસ રાખવા બેસતો. કારણ કે તેને જસમાના રૂપનો આર્તનાદ પહેલાં સારી રીતે સ્થંભવ્યો હતો એટલે તેને જસમાઓડણનો ઘણો મોહ લાગ્યો હતો.

જ્યારે તળાવનું બધું કાર્ય પતી ગયું ત્યરે બધા ઓડને મજુરી મુકાવી આપી પરંતુ જસમાને ન આપી અને કહ્યું કે તું આહીં નિવાસ કર પછી જજે. બીજા ઓડ લોકોને જવાની આજ્ઞા ફરમાવી ત્યારે જસમા પણ પોતાના પતિસાથે છાનીમાની ચાલી ગઇ. જ્યારે આ પ્રકારે કામાંધ રાજાએ હકિકત સાંભળી ત્યારે તેની સેનાને હુકમ કર્યો કે કોઇપણ રીતે જસમાને પકડી મારી પાસે આણો, એવી આજ્ઞા સાંભળતાંજ સેના તેની પાછળ દોડી અને જસમાએ પોતાના ઉદરમાં ખંજર મારી મરણ પામી અને શ્રાપ દીધો કે "એના તળાવમાં જળ રહેવા પામશે નહિ."

રાજા પાછો પાટણમાં આવ્યો ત્યારે સરોવર સુકાઇ ગએલું જોયું તેણે શાન્તુ પ્રધાનને પૂછ્યું કે આપણે શું પ્રયત્ન કરીએ તો સરોવરમાં પાણી ટકે. કારણ કે પાણીવગરનું સરોવર શું કામનું. પ્રધાને જોશીઓને પૂછવાથી માલુમ પડ્યું કે માણસનો ભોગ અપાય તો શ્રાપ મટી પાણી સરોવરમાં ભરાય ત્યારે રાજાએ માયા ઢેડનું મસ્તક કાપી ભોગ આપ્યો કે તરતજ, સરોવરમાં પાણી પાણી થઇ ગયું.

સિદ્ધરાજે મહામાત્ય આશુકની મંત્રણાથી શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરી તેની પુજા માટે બારગામનું શાસન કરી આપ્યું.

[ સિદ્ધરાજની શત્રુંજય યાત્રાના વર્ણન માટે જુઓ હેમાચાર્ય દ્વયાશ્રય કાવ્ય સંસ્કૃત ] અપૂર્ણ.

---

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:—"હિંદસંઘ."—"HINDSANGHA."  Regd. No. B. 1996.

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રીઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમઃ—રૂપીઆ બે.  છુટક નકલઃ—દોઢ આનો.

વર્ષ જુનું ૧૨ મું. નવું ૭ મું. | શુક્રવાર તારીખ ૧૬ મી જુન ૧૯૩૯. | અંક ૨૨ મો.

# ઐતિહાસિક પગલું: દારૂ-બંધી.

માનવસમાજમાં મદિરાનો પાદપ્રવેશ આજ કાલનો નથી પણ અતિ જુગજુનો છે. એ મદિરા પાનના પ્રતાપે યાદવોએ સર્વ નાશ વહોર્યો હતો એ ઇતિહાસ પ્રસિદ્ધ વસ્તુ છે. શરાબના એકજ પ્યાલાએ અનેક કુટુંબોમાં આગ-હુલ્લડ છે—ભયાનક પાયમાલી તેણે પ્રવર્તાવી છે. માણુસને માણુસાઇમાંથી ફેંકી દેનાર હોય તો તે દારૂનો શયતાનજ છે. તેથી તો હિંદુ-મુસ્લીમ શાસ્ત્રોએ મદિરાને અસ્પૃશ્ય કહી છે. જૈન શાસ્ત્રોએ તો સખ્ત મહાવ્યસનમાં તેનો સમાવેશ કરીને તથા નરકના દ્વારભૂત ગણાવીને તેનો ખૂબ ખૂબ તીરસ્કાર કર્યો છે-એકાંતે તેનો ત્યાગજ સૂચવ્યો છે.

શરાબના શયતાને પોતાના મૂળ ખૂબ ઉંડા નાખ્યા છે. તેના આશકને ગુલામની કોટીમાં અને ગટરમાં રઝળતો તેણેજ રાખ્યો છે. તે રાક્ષસ પોતાનું વિશાળ પ્રભુત્વ છોડીને એકદમ કેમ જાય?

જૈન ધર્મ અને જૈન સાધુઓએ પ્રસંગે પ્રસંગે તેની વિરૂદ્ધમાં ખુબ આંદોલનો જગવ્યા છે. શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે તેમના પ્રસિધ્ધ ગ્રંથ "યોગશાસ્ત્ર" માં શરાબને ખૂબ ખૂબ ફટકા મારતાં જણાવ્યું છે કે-

"મદિરાપાનથી પરાધીન ચિત્તવાળા પાપાત્માઓ માતા પ્રત્યે સ્વપત્ની જેવું આચરણ કરે છે અને સ્વપ્રિયા પ્રતિ માતાવત્ આચરણ કરે છે!"

"મુડદાઓની પેઠે રાજમાર્ગમાં આળોટતાં મદ્ય પીનારાના મોઢામાં પોલાણની શંકાએ શ્વાનો લઘુ શંકા કરે છે!"

"અધિક મદિરાપાન કરનાર ભર બજારમાં નગ્ન પણે સુઇ જાય છે. વળી પોતાની અને પારકી ન કહેવા યોગ્ય ગુપ્ત વાતો પણ લીલા માત્રમાં કહી દે છે!"

શ્રીમદ્ હેમચંદ્રસૂરીજીના આ વાકયો મદિરાને અંગેનો યથાર્થ ચીતાર ખડો કરી દે છે. માનવ કુળના આ મહાશત્રુ સામે સમયે સમયે પરહિતમાં રક્ત એવા સંતોએ આવા ઉગ્ર આંદોલનો શરૂ કરી જગત પર ઉપકારની શીતલધારા વરસાવી છે.

વર્તમાનમાં દારૂના દૈત્ય સામે આ કાળના એક અજોડ મહાન પુરૂષે પોતાના સર્વ સામર્થ્યથી પ્રવૃત્તિ શરૂ કરી છે. એને પોતાના પુત્રથી માંડી અનેક સારા કુટુંબના નબીરાઓનો, દારૂની લતે ચડી જતાં વિનાશ થતો જોયો છે. એ પુરૂષશ્રેષ્ઠે મજુરોની જીંદગીની અવદશા નિહાળી છે અને એ સર્વને પરિણામે દારૂ-બંધીના ઐતિહાસિક પગલાં ભરવાનો આદેશ છોડયો છે. માત્ર હિન્દજ નહિં પણ સુધરેલું ગણાતું જગત તેના આ આદેશ અને પરિણામો ભણી આતુરતાએ મીટ માંડી રહ્યું છે. પણ સીતેરમાં વર્ષની આથમતી સંધ્યા ભણી પગ ધરતા એ મહાત્માનો આશાવાદ તો કોઇ અનોખોજ છે! અનેક ગાળો ખાઇને-ઘણું ઘણું સહીને પણ માનવ કુળનું આ મહાકલંક ધોવાનો તેનો મનોરથ અજોડ છે! ખરેખર મહાત્માઓના ચિત્તને "**वज्रादपि कठोराणि मृदुनि कुसुमादपि**" વજ્રથી પણ કઠોર અને પુષ્પથી પણ કોમળ કહેલ છે તે યોગ્ય જ છે.

એ પુરૂષના શબ્દે, સ્વાયત્ત પ્રાન્તોના પ્રજાકીય પ્રધાનોએ પ્રજાહિતના એ પગલા ભરવા માટે કરોડોના આંધણ સ્વીકાર્યા છે. અંધકાર પછીના ઉષાના અજવાળા એમ સૂચવે છે કે-**દારૂ-બંધી થશે જ થશે.**

"જૈન" હૃદય અત્યારે પુલકિત બનવું જોઇએ. જૈનત્વના પ્રચારનો આવો અવસર દુર્લભ-સુદુર્લભ હોય છે. પ્રત્યેક જૈને-ગૃહસ્થ કે સાધુએ આ પવિત્રતાના યજ્ઞમાં પોતાનો ફાળો નોંધાવવોજ જોઇએ-સર્વ પ્રકારે સાથ આપવો જોઇએ.

આ શુભ અવસરે આપણે પ્રાર્થીએ કે-એ મહાત્માનો અને અમારા પ્રધાનોનો માર્ગ નિષ્કંટક હો! કુદરત તેની કેડીએ દીવાદાંડી ધરો! દેવેના તેમના ઉપર આશીર્વાદ ઉતરો! પગલે પગલે તેઓ વિજયમાળને વરો!

—શા. મ.

**उद्धाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः
न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**

**—श्री सिद्धसेन दिवाकर.**

**અર્થ**:-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે: પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.


# જૈન યુગ.

તા૦ ૧૬-૬-૩૯. શુક્રવાર.


## આથમતી સદીના ઝંડાધારી

ન્યાયાંભોનિધિ આત્મારામજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ હજુ-ગઇ જેઠ શુદ આઠેમનાજ વ્યતીતથઇ એ નિમિત્તે ઠેર ઠેર ગુણ કીર્તન પણ થયાજ. છતાં અંતરમાં થી એકજ ધ્વનિ ઉઠે છે કે—એ મહા વિભુતિને-આજે વર્ષોના વહાણા વાયા પછી-અરે જન્મ શતાબ્દિ ઉજવ્યા પછી-અગરતો તેઓશ્રીની સ્મૃતિમાં એક સુંદર સ્મારક ગ્રંથ પ્રસિદ્ધ કર્યા પછી પણ આપણે બરાબર પિછાની છે ખરી કે?

વિજયાનંદ સુરિ સાચેજ વિજયની વરમાળા વરનાર અને આનંદના ધામ સમા હતા-ભારતવર્ષના જે જે ભાગોમાં એ વિચર્યા છે-જ્યાં જ્યાં એ ફર્યા છે અને જેની જેની સમક્ષ એમણે ઉપદેશ વારિના મીઠા બુંદો રેલાવ્યા છે ત્યાં ત્યાં જૈન ધર્મ માટે-એના પ્રણેતા માટે અને એની પવિત્ર સાધુ સંસ્થા માટે ગૌરવ અને બહુમાન પેદા કર્યું છે એટલુંજ નહિં પણ એ સ્થાનમાં કોઇ નવિનજ ચેતના પ્રગટાવી છે. જૈન સમાજ માટે એ કપરો સમય હતો. એ વેળા અમુક ભાગમાં યતિઓ તથા શ્રીપુજ્જોનુ એકહથ્થુ સામ્રાજ્ય પ્રવર્તતું હતું એમ કહીએ તો ચલે. પંજાબ જેવા દુરવર્તી ભાગમાં સ્થાનકવાસી સંપ્રદાય કુદકે ભુસકે આગળ વધી રહ્યો હતો. મૂર્તિપૂજા સામેનો એનો બળવો વિસ્તાર પામતો હતો. સાધુ ધર્મના આચાર પ્રમાણે જીવન ટકાવનાર સંવેગી સાધુઓ હતા છતાં તેમનુ બળ જુજ ભાગમાંજ પ્રવર્તતું હતું. જ્ઞાન અભ્યાસ પણ મોટા પ્રમાણુમાં ન ગણાય. કેટલાય વર્ષોનો અંતરાળો આચાર્ય પદ ધારક વચ્ચે પડી ગયો હતો. પુજ્ય મણિવિજયજી, બુદ્ધિવિજયજી, કે તેમના શિષ્યો મૂલચંદજી-નિતિવિજયજી વૃદ્ધિચંદ્રજી આદિ હોવા છતાં કોઇ આચાર્ય પદે નહેતું તેમ દેશમાં પ્રવર્તી રહેલી વિષમતાનુ યોગ્ય રીતે નિદાન કરવાની જોઇતી શકિત તેઓમાં નહતી એમ કહેવામાં એ સંતો પ્રતિ જરાપણ બહુમાનની ઉણપ નહિં ગણાય.

પંજાબના બ્રહ્મક્ષાત્રી યોધ્ધા આત્મારામે એ સર્વ જરૂરીયાતો પોતાના જીવન-અર્પણથી પુરી પાડી અને જાણે કે સંવેગી સાધુ ગણની નવેસરથી પ્રાણ પ્રતિષ્ઠા કરી. ચોતરફ જોર શોરથી ઘૂમી, જડ નાંખી બેઠેલા જુના બળોને તોડી, પરમાત્મા શ્રી મહાવીર દેવના ધ્વજને પુનઃ જ્વલંત પણ ફરકતો કરી દીધો. એમાં વડિલ સાધુજનોએ પૂર્ણ સહકાર આપ્યો. જૈન સમાજના આગેવાનોએ તેઓશ્રીનો સંદેશ એકધારો અપનાવ્યો. આથમતી સદીના એ વર્ષોમાં જૈન ધર્મની પ્રભા પૂર્ણરૂપે પ્રકાશી રહી.

આર્ય સમાજ-સ્થાનકવાસી અને તેવા અન્ય મત-પક્ષોના ઝંઝાવાતોની ઝડી મધ્યે પૂજ્ય આત્મારામજી મહારાજના યુકિત પુરસ્સર રચાયેલ ગ્રંથો અડગયોધ્ધા સમા ગાજી રહ્યા. જૈન ધર્મનો પ્રચાર સવિશેષ થાય, એનો પ્રભાવ વિશ્વના પ્રત્યેક ખૂણામાં વિસ્તરે, અને જૈનોએ કોઇ નમાલી કોમના વારસો નથી પણ અહિંસા રૂપી અમોઘ શસ્ત્રથી અંતર-બાહ્ય યુધ્ધો ખેલનાર એક પ્રબળ-પ્રતાપી મહાવીરના સંતાનો છે એવું સાચું ભાન થાય, એ અર્થે તેમણે કેડ કસી, અને સારૂંયે જીવન એ કાર્યને અર્પણ કર્યું. એમના જીવનનો કોઇ પણ પ્રસંગ લ્યો-એમના કાર્યનો તાગ કહાડો કિંવા એમની કૃતિમાંથી એકાદ પણ ઉચકો-એમાં કેવળ નવ પ્રેરણા અને જાગૃતિનો જુવાળજ નજરે પડશે. નિરાશા અને સુષુપ્તિનુ નામ નિશાન પણ નહીં મળે-જૈન ધર્મની અસ્મિતા એની ગૌરવ ગાથા-જગતના દરેક ભાગોમાં પ્રસરે એ એક માત્ર તમન્ના કામ કરતી જણાશે. આ યુગમાં એવા ઝંડાધારીની ખાસ અગત્ય છે. ક્ષુદ્ર પ્રશ્નોની ધુંચમાં આકંઠ ખૂંપી, તડાને વાડામાં વહેંચાયેલા આજના જૈન સંઘોમાં એ સંત સમા પ્રતાપી પુરૂષની ભારે આવશ્યકતા છે. જાત જાતના વિતંડાઓનુ નિરાકરણ મંડનાત્મક શૈલીએ કરી ખંડનવૃત્તિનુ ધરમૂળથી ઉન્મૂલન કરવા સારૂ જૈન સમાજને આત્મારામજી મહારાજની ખરેખર ખોટ પડી છે.

દીર્ઘદર્શી મહાત્માએ ધીરજથી, છતાં મક્કમપણે શ્રી વીરચંદભાઇ ગાંધીને ચિકાગો મોકલવાનો દૃઢ નિશ્ચય પાર પાડયો એમાં કેટલું ડહાપણ હતું એનો હવે સૌકોઇને સ્પષ્ટ ખ્યાલ આવ્યો છે. આમ છતાં એ નિમિત્તે પક્ષો ન પડવા દીધા કે શ્રાવકોને ભંભેરી સંઘમાં ભાગલા ન પાડયા એ તેઓશ્રીના હૃદયની ઉદારતા બતાવી આપે છે. વર્તમાન કાળના ઉપયોગી અંગો-મૂર્તિ અને આગમ-માટે એમના સરખા એકધારા પ્રયાસ આજે કયાં જોવામાં આવે છે? એમણે ઉપયોગી વાતોને પોષી પણ છે અને નિરૂપયોગી માટે ચાબખા પણ માર્યા છે છતાં એમના પ્રત્યેના બહુ-માનમાં જરા પણ ક્ષતિ નથી આવી; એનુ કારણ એકજ કલ્પી શકાય કે તેઓશ્રીમાં ધર્મની સાચી દાઝ હતી. પોતાની મોટાઇ કરતાં જૈન ધર્મનુ ગૌરવ વધે એ ભાવના વધુ બળવત્તર હતી.

આવા મહંતને સમજુ ગણાતો વર્ગ પણ હજુ નથી પારખી શકયો એ ઓછા આશ્ચર્યની વાત નથીજ. શિક્ષિત વર્ગને સ્વામી દયાનંદે જેમ આર્ય સમાજની પ્રગતિ સાધી તેમ શ્રી આત્મારામજીના કાર્યની પ્રગતિ થાય એવી મનોકામના વર્તે છે પણ આર્ય સમાજના શિક્ષિતોએ જે જાતના સ્વામીજીના શબ્દ પાછળ જીવન

# નોંધ અને ચર્ચા

## જ્ઞાન ભંડારોની સમૃદ્ધિ.

જ્ઞાન ભંડારોમાં જે સાહિત્ય આજે દૃષ્ટિગોચર થાય છે એમાંનુ વિપુળ પરિમાણમાં તો કેવળ સાધુ મહારાજાના હાથે સરજાયેલું હોય છે. એ કૃતિઓમાં સાહિત્યની વિવિધ સામગ્રીઓ અને સાહિત્યના જુદા અંગો પર આલેખાયેલ સંખ્યાબંધ વાનીઓ જોવાનુ જે ભાગ્ય આજે આપણને પ્રાપ્ત થાય છે એ માટે જૈન સમાજ શ્રમણ-સંસ્થાનો ઓછો રૂણી નથીજ. પ્રાકૃત-માગધી અપભ્રંશ-સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં ઢગલાબંધ સર્જન-ભંડારોમાં ભર્યું પડ્યું છે એમાં કાવ્ય-ચંપુ-નાટક, જ્યોતિષ વ્યાકરણ-ન્યાય-આદિ વિદ્વદ્ભોગ્ય સાહિત્ય ઉપરાંત રાસા-ચરિત્ર-કે કથાનક આદિ વિષયને લગતું ગદ્ય-પદ્ય ઓછું નથીજ. એતો જ્યારે એકાદા પ્રાચીન ભંડારમાં પગ મેલીએ અને ભૂતકાલિન વારસા પ્રતિ આંખ ફેરવીએ ત્યારેજ સમજાય છે કે સાચેજ સાધુ સંસ્થા એક મહાન આશીર્વાદરૂપ છે. જેઓ કેવળ આજના માપે એની ચર્ચા કરી રહ્યાં છે તેઓ ગંભીર અન્યાય કરે છે. ભલે આજે એ સંસ્થાના ઓછાયામાં થોડા સ્વાર્થીઓ કોઇ જુદી રીતે કામ કરી રહ્યાં હોય અથવાતો કેટલાકને સર્વત્ર ત્યાગ-વિરાગ સિવાય બીજું કંઇ જડતુંજ ન હોય! છતાં વિના સંકોચે કહી શકાય તેમ છે કે એક એવો પણ વર્ગ છે કે જે દેશ-કાળને અનુરૂપ સાહિત્ય સર્જનમાં મૂકભાવે રસ લઇ રહ્યો છે અને પોતાની સમાજને લાભ આપી રહ્યો છે. આપણે આ પ્રકારના અભ્યાસી સાધુઓને ઓળખવાની જરૂર છે. તેઓની રચનાઓને અપનાવાની જરૂર છે. એ ભુલવું જોઇતું નથી કે નવિન ત્યાગી ગણમાં કેટલાક એવા વિદ્વાન્ સાધુઓ છે કે જેઓ દેશ-કાળની નાડને જરૂરીયાત સારી રીતે પારખી ગયેલ છે. વળી જેમણે એવી રચના શક્તિ માટે જૈનેતર વિદ્વાનો પણ બહુ માનની નજરે નિહાળે છે. આવશ્યકતા છે એટલીજ કે એ વિખરાયેલા મણકાઓને એકત્ર કરી એની યથાર્થ રૂપે પિછાન કરવી અને કરાવવી.

## દેશી રાજ્ય અને ગાંધીજી

મહાત્મા ગાંધીજીના છેલ્લા નિવેદનોથી અને દેશી રાજ્યોમાં એનાથી જુદી રીતે થતી અસરથી ભલભલા ગાંધીવાદીઓમાંના કેટલાકના માનસ હાલી ઉઠયાં છે. યુવક વર્ગના મોટા ભાગને એ કડવો ઘુંટડો ગળે ઉતારવો ભારી પડયો છે. વાત વાતમાં ગાંધીજીના નામે ચરી ખાનાર વર્ગ તેમના વિલક્ષણ છતાં શાસ્ત્રીય દૃષ્ટિએ સાચા-પશ્ચિમાત્ય નજરે બીરૂના કે પીછેહઠ દાખવતાં છતાં પૂર્વીય નજરે-જૈન ધર્મની કસોટીએ-યથાર્થ અને સીધી દિશામાં-જનાર પગલાથી ભડકી ઉઠયો છે! પણ અહિંસાની વ્યાખ્યામાં જેમ જેમ ઉંડા ઉતરતાં જઇએ છીએ તેમ તેમ એટલું તો સહજ સમજાય છે કે એથી હોય તે ઝેર વેર ઘટતાં જાય છે અને નવા વધવાનો સંભવજ નથી. વાત પણ સાચી છે કે ઉપર છલ્લા ગાંધીવાદીઓને, કે અહિંસાને રાજકીય લડતની એકાદી પોલીસી સમજનારને, એની પાછળ રહેલ આ ઉંડો મર્મ ન પણ સમજાય. બાકી અહિંસાની યથાર્થ જમાવટ જે વિભુતિમાં થઇ હોય તેની સમિપ માનવી તો શું પણ તિર્યંચ પશુઓ પણ સ્વભાવિક જાતિવેર ભૂલી જાય છે! વાઘ-બકરી સામ સામા ઉભા રહે છે જૈન સંતાન એ વાતની ખાતરી તીર્થંકરદેવના 'અતિશય' વર્ણનમાંથી મેળવી શકે છે.

ગાંધીજીના વિલક્ષણ પગલાથી બીજી પણ વિચારશ્રેણી ઉદ્ભવે છે અને તે એ કે ત્રીજી સત્તાદ્વારા મેળવેલ ચુકાદાથી પ્રાપ્ત થયેલ લાભોમાં કંઇજ વજુદ જેવું નથી; કારણ કે એમાં અંતરની મીલાવટ નથી થઇ શકતી. જૈન સમાજનો એક વર્ગ કે જે આજે સમાજમાં કેટલાક સુધારા આમ જનતાના માનસનુ પરિવર્તન કરી કરવાને બદલે કેવળ અદાલતી કાનુનના જોરે કિંવા સત્તાના કોરડાથી કરવા ઇચ્છે છે તે ઉપરની વાત પરથી અવશ્ય ધડો લ્યે; અને એ જાતની ભૂલ ભરી નિતિ છોડી દઇ, ગાંધીજીની પદ્ધતિ અખ્તીયાર કરે. આમ જનતા સંસ્કૃતિના પંથે પળે એવી સાચીજ તમન્ના અંતરમાં વર્તતી હોય, તેઓ તો સેવાનો પંથ પકડી સતત પ્રચાર અને અમલી વર્તન દ્વારા એના બીજ સમાજ રૂપી ક્ષેત્રમાં વાવે કાનુનના જોરે થતાં તકલાદી સુધારાના મૃગજળમાં હરગીજ ન પડે. ઘડીભર એનુ પરિણામ સુંદર ભાસે છતાં એમાંથી જે કેટલાક અનિષ્ટો ઉભાં થાય છે અને પરસ્પર જે પક્ષાપક્ષીના મંડાણ થાય છે એ જતે દિવસે સમાજ રૂપી શરીરમાં છુપા સડાનુ કામ કરે છે અને આખરી અંજામ બુરો આવે છે.

## 'અર્થ,' અનર્થનું કારણ છે?

'ધન-લક્ષ્મી અથવા તો અર્થ એ સંખ્યાબંધ અનર્થોનુ કારણ છે કેમ કે એમાંથી જાત જાતના ભોગો ઉપજાવી શકાય છે. છતાં જો એ ધન સન્માર્ગે-લોક કલ્યાણ અર્થે-પરમાર્થના પંથે-ખરચાય તો પુન્ય બંધનુ કારણ હોઇ કીર્તિ દેનારૂં પણ છેજ' આ જાતનો ઉપદેશ જૈન ધર્મી માટે નવો નથી, છતાં એ ખરેખર સમજાયો હોય એવી વ્યક્તિઓની જો નોંધ કરવામાં આવે તો વિના અચકાયે કહેવું પડશે કે આજના યુગમાં જેમનુ સ્થાન શિક્ષિત કે ભણેલા અથવા તો અભ્યાસી કે વિચારક વર્ગમાં ન આવે એવા સંખ્યાબંધ આત્માઓ એ સમૂહમાં નજરે પડશે. સમાજમાં જેની છાપ શિક્ષિત કે વિચારક તરિકે પડતી હશે એમાંનો ઘણો ખરો વર્ગ લક્ષ્મી પેદા કરી જાણતો હોવા છતાં ઉપર વર્ણવી એવી વ્યાખ્યામાં ઉંડો ઉતરવા જ આનાકાની કરશે. ભોગ વિલાસ કે આનંદ પ્રમોદના વિપુળ સાધનો પાછળ જાણે આત્મા આ

---

ન્યોછાવર કર્યા તેવી કોઇ શક્તિના દર્શન કરાવવા નથી. કેવલ લુખી ભાવના સેવવી છે એટલે પરિણામ સુંદર આણી શકાયુ નથી-સ્વામી દયાનંદના અનુયાયી-આર્હતો શ્રીમંત વિદ્વાન્-એકધારી શ્રદ્ધાથી તેમનો સંદેશ ઝીલી એ પ્રચારવા કેડ કસે છે જ્યારે મહારાજજીના ઉપદેશ માંથી-અરે પ્રાચીન પ્રભાવિક પુરૂષોના વચનમાંથી-છીંડા શોધવા, જાત જાતના કુતર્કો પેદા કરવા સિવાય આપણે બીજું કંઇજ કર્યું નથી. પરિણામ એ આવ્યું છે કે ઝાઝા સુકાનીએ નાવ ભર દરિયે ઝોલા ખાય તેવી આપણી દશા થઇ છે!

હવે અગત્ય છે એકાદ સાચી ધગશવાળા ઝંડો ધરનારની.

# સ—મા—લો—ચ—ના

**દિશા ફેરવો:**—લેખક મુનિશ્રી હંસસાગરજી પૃષ્ટ ૧૫૨ કિંમત દશ આના.

શ્રી રામવિજયજી મહારાજને ઉદ્દેશીને લખાયેલ આ પુસ્તક નં. ૨-૩-૪ ના રૂપમાં રીવ્યુ અર્થે આવેલ ટેબલ પર પડયું છે પ્રસ્તુત પુસ્તકનો પ્રથમ ભાગ બે વર્ષ પૂર્વે આજ લેખક તરફથી બહાર પડયો હતો લેખક મુનિશ્રી જેમના માટે આ પુસ્તક લખે છે તે શ્રી રામચંદ્રસૂરિજીના જૈન પ્રવચનના એક વખત તેઓ આદ્ય સંપાદક હતા! વર્તમાનમાં તેઓ તેમનાથી જુદી છાવણીમાં મુનિ તરીકે જાણીતા છે

સંસારમાં એક બીજાના મંતવ્યો પ્રત્યે અનેક મનુષ્યોને પ્રમાણીક યા અપ્રમાણીક વિરોધ હોય તે બનવા યોગ્ય છે. પણ તેથી લેખિત ગાળાગાળી કરવી, શબ્દોનો કાદવ ઉડાડવો કે તેજોદ્વેષ કરવો તે સામાન્ય ગૃહસ્થને પણ ઉચિત નથી. તો સાધુને વિશેષ પ્રકારે આ બાબત અનુચિત હોય તે દેખીતું છે. વીસમી સદીનું વર્તમાન જગત જ્યારે સભ્યતા પૂર્વક પોતાનો વિરોધ નોંધાવી શકે છે ત્યારે અમારા પુજ્ય કહેવાતા ગુરૂઓ ભાષા વાપરવામાં અસભ્યતાની પરાકાષ્ઠાએ પહોંચી જાય છે! જાણે ભાષા સમિતિ કે વચનગુપ્તી સાથે તેમને કંઇ સંબંધજ ન હોય! સામાન્ય ગૃહસ્થના મુખમાંથી પણ જે ભાષા ન વપરાતી હોય તેવી ભાષા અમારા પૂજ્યોની લેખિની માંથી સરી પડે ત્યારે કયા સુજ્ઞ જૈનને ખેદ ન થાય? તાજેતરમાં બે આચાર્યોના અર્થશૂન્ય અને અસામયિક પ્રસિદ્ધ થયેલ પત્ર વ્યવહારની ભાષાને "જૈન"ના વિદ્વાન સંપાદકે 'આચાર્યોના ભીતરી માનસને ઓળખાવનાર' ગણાવી છે તે યથાર્થજ છે બોલવા કરતાં લખતી વખતે મનુષ્ય વધુ ગંભીર અને ચિંતન શીલ હોવો ઘટે તેને સ્થાને લેખીત દસ્તાવેજ જેવા આવા ગ્રંથોમાં ભાષાનું તો જાણે કે દેવાળુંજ કાઢયું હોય તેમ જણાય છે. લખવાની કળાને જાણ્યા વિના તદ્દન નીચલા થરની ભાષા અને તેવાજ ભાવોવાળાં આવા લખાણો રોગના જંતુથી પણ ઘણા ઘણા બૂરા છે. જે બે આચાર્યોનો પત્રવ્યવહાર નજીકના ભુતકાળમાં પ્રસિદ્ધ થયો છે તેજ બે છાવણીને અંગે આ પુસ્તક પ્રસિદ્ધ થયું છે. લખનાર મુનિ, શ્રી સાગરજીની છાવણીના છે. અને જેને અંગે લખાયેલ છે તે વ્યક્તિ શ્રી રામચંદ્રસૂરિ છે. તટસ્થ વાંચનારના મન ઉપર પુસ્તકમાં વર્ણવેલ ગુણ દોષ કરતાં, પુસ્તની ભાષા વધુ લક્ષ ખેચે છે તેથી પ્રસ્તુત ગ્રંથમાંથી વાચકોની જાણ માટે થોડા નમુના અત્રે ઉધ્ધૃત કરવામાં આવે છે.

"આપનું કોહવાઇ ગયેલું પણ કૂડ જીવન સુધારવા કાંઇક કરી છુટવું એવી પ્રશંસનિય પરોપકારવૃત્તિ ભર્યો માનદ વિચાર મારા હ્રદયમાં એક નહીં પણ અનેક વાર થઇ આવતો!"

"xxx બાથમાં બંધાઇ, બાવરા બની, બાંગરનારા બુદ્ધિના બારદાનોની બુમરાણની ફૂંકથી બ્હેકી ઉઠેલી બાહોશી બેહોશ બની બેસતાં બહાદુરીથી બેહાલ બનવું બહુ બોજારૂપ બનશે!"

વાચક મિત્રોએ જાણવું જોઇએ કે મુનિશ્રીની આ અપૂર્વ (!) શબ્દ રચના પાસે કયાંઇક પાઠય પુસ્તકમાં આવેલ કવિની "ઝુકયા ઝાડના ઝુંડની ઝાઝી ઝાડી" વાલી ઉકિત ખરેખર પાણી ભરે છે! અસ્તુ! હવે આ ગ્રંથમાંના ગાલીપ્રદાનને જરા અવલોકીએ.

"સેંકડો ઉપજાવી કાઢેલા હડહડતા જુઠા ભયંકર આરોપો, જાતની ખાતર ઉપકારી ઉપર મૂકીને ગાળોની ઝડીજવરસાવનારોતો સાહેબજી! દુષ્ટાત્મા, પાપાત્મા, દુરાત્મા, અધમાત્મા, ખલાત્મા, શઠાત્મા, નીચાત્મા, કુટીલાત્મા, જડાત્મા, પામરાત્મા, તુચ્છાત્મા, કંગાળાત્મા, મલેચ્છાત્મા, ભુંડાત્મા, નિશાત્મા, બેભાનાત્મા, બફામાત્મા, બેફામાત્મા, હીણાત્મા, પાગલાત્મા તથા મહાતમા એવો બહિરાત્માજ ગણાયને? સાહેબજી! ન્યાયથી ઉત્તર આપશો કે? આજે ઘણાએ હ્રદય ખોઈ બેઠેલાને આપની ગંધાતી ગટરની ઉપર્યુક્ત દુર્ગંધા ઉછાળતી ભૂંડી ગાળો તે ગાળોજ લાગતી નથી એ ઓછી હ્રદયાંવતા છે? ફકત આવી અધમ પ્રવૃત્તિ આદરી બેઠેલ નરકાત્માને કોઇ ઉપકારી-પ્રવંચનકાર, પરવચનકાર, કથીરશાસન, કથીરના કાંધીયા, સંમૂર્છિમનો સંતાન, વીંછીના પેટમાંથી વીંછી પાકેલ છે એવા ભારી છતાંય યથાર્થજ એવા બે પાંચજ શબ્દો કહે તેમાં તો તે ગાળોરૂપ લાગે છે! કેટલી અજ્ઞાનતા?"

વાંચકો આ લાંબા વાકયમાંથી બન્ને પક્ષની ફાલ્ગુની પૂર્ણિમાના રોજ પણ ન બોલી શકાય તેવી ગાળો જોઇ શકશે. હજુ જરા આગળ જોઇએ.

'સાહેબ! પીડ શીયાળની છતાંય મુખ સિંહનું રાખવા જતાં અંતે આ દશામાં જીંદગીભેર નીચું ઘાલવાનું થાય છે. સમજ્યા? આટલી પણ સંખ્યા વિષે સાહેબ! એમજ સમજશો કે જે દેફાં બીંજાવાની ઇચ્છા થયા છતાં પણ પોતાના મહાન પાપોદયે ગંગાજળ ન પામી શકયા તે પેશાબથી પલળ્યા જેવુંજ બન્યું ગણાય? + × × × સાબરમતીમાં કદાચ એક ઉંદર મૂતરે તેથી અમદાવાદ થોડુંજ તણાઇ જાય તેમ હતું?

ઉપરની પંક્તિઓ ઉતારતાં શરમથી મસ્તક નીચું નમે છે. અને એમ થાય છે કે જૈન સાધુનું આ લખાણ? આવા વધુ ઉતારા લખી વાંચકોને કંટાળો આપવા ન ઇચ્છવા છતાં લેખક મુનિના ભાષા ભંડોળનો એક છેલ્લો નમુનો અત્ર રજુ કરી આ ઉધ્ધરણ બંધ કરીશ.

"સાહેબ આપ જ્યાં જ્યાં પધારો ત્યાં ત્યાં ધર્મ પ્રભાવના ઓ ઉછળીજ પડેછે તો બીજાઓ જ્યાં જતાં હશે ત્યાં ધર્મ પ્રભાવનાઓ ઉધળી જતી હશે? આપને જતાં જતાં અનેક

---

ધરતી પર અમર પટો લખાવી આવેલ છે એમ માની આંખો મીચી ધન ખરચશે. એક સમયે પોતે જે માર્ગો પાછળ દ્રવ્ય ખરચવું આલસ્યક માનતો હશે અને જેને માટે લાંબા લેખો લખ્યા હશે કે મોટા ભાષણો કર્યા હશે તે માટે પણ હાથ લંબાવશે તો અતિ સાવચેતી પૂર્વક ભોગના પ્રમાણમાં દાનના ટકા સાવ ઓછા હશે. મોટા ભાગની આ પરિસ્થિતિ હોવાથી આપણે જે ખાતા સદ્ધર હોવા જોઇએ ત્યાં કાયમની ભૂખ જોઇએ છીએ અને જેના સામે લાલબત્તી ધરાય છે ત્યાં તિજોરી ભરચક જણાય છે. એ પરથી વિચાર અને આચાર વચ્ચેના અંતરની તરતમતા ઉઘાડી જણાઈ આવે છે. કેળવણીના પ્રશંસકોએ ધન પરનો મોહ ઉતારી શ્રદ્ધાળુ વર્ગ જેવો ત્યાગ કેળવવાની જરૂર છે

# નવો પ્રકાશ.

પ્રજાતંત્રવાદી સાવ નિઃસ્વાર્થી હોવો જોઇએ. તેણે પોતાના અગર પોતાના પક્ષની દ્રષ્ટિએ નહિ પણ સમસ્ત પ્રજાના તંત્રની દ્રષ્ટિએ બધું વિચારવું જોઇએ, બધાં સ્વપ્નાં ઘડવાં જોઇએ. ત્યારેજ સવિનય ભંગનો તે અધિકારી બને છે. કોઇ પોતાની માન્યતાઓ છોડે કે પોતાની જાતને દબાવે એમ હું નથી માગતો. નરવો પ્રમાણિક મતભેદ આપણા કાર્યને હાનિ કરે એમ પણ નથી માનતો. પણ તક સાધુ-પણું, પ્રવંચના અથવા તો થાગડ થીગડ સમાધાની જરૂર હાનિ કરશે. જો તમારે જુદા પડયેજ છુટકો હોય તો તમારા મતભેદ તમારી હાડોહાડની માન્યતાઓના નિદર્શક છે, માત્ર પોતાના પક્ષની પ્રતિષ્ઠા વધારવા ખાતર યોજેલું સગવડિયા ભૂમરાણ નથી એ વાતની પૂરી ખાતરી અને કાળજી તમને હોવી જોઇએ. આપણું પ્રજાતંત્ર અત્યારે અંદર અંદરના ઝગડાઓથી ગુંગળાઈ રહ્યું છે. આપસના કજીયા આપણને છિન્નભિન્ન કરી રહ્યા છે. હિંદુ-મુસ્લીમ વચ્ચે, બ્રાહ્મણ અબ્રાહ્મણ વચ્ચે, કોંગ્રેસવાદી અને કોંગ્રેસવાદી વચ્ચે ઝગડા ચાલી રહ્યા છે. આ ટોળાતંત્રમાંથી પ્રજાતંત્ર ઘડવું સહેલું નથી-તેમાં વળી પક્ષાપક્ષીના ઝેર ઉમેરીને આપણે વર્તી રહેલી અંધાધુંધીને વધુ ગાઢ ન બનાવીએ.

વ્યક્તિ સ્વાતંત્ર્યની મને કિંમત છે. પણ માણસ મૂળે સામાજીક પ્રાણી છે તે ન ભૂલવું જોઇએ. સામાજીક પ્રગતિની જરૂરિયાતોને વ્યક્તિરૂપે બંધબેસ્તા થવાનું શીખતાં શીખતાંજ તે આજની સ્થિતિએ પહોંચ્યો છે. નિરંકુશ વ્યક્તિ સ્વાતંત્ર્ય એ જંગલના પશુનો જીવન નિયમ છે. આપણે વ્યક્તિસ્વાતંત્ર્ય અને સામાજીક અંકુશ વચ્ચે મધ્યમ માર્ગ કાઢતાં શીખ્યા છીએ. સામાજીક અંકુશોનો આખા સમાજના કલ્યાણના હિતની દૃષ્ટિએ સ્વેચ્છાપૂર્વક સ્વીકાર કરવામાંજ વ્યક્તિનો તેમજ સમાજનો અભ્યુદય રહેલો છે.

(હરિજન બંધુ) **મહાત્મા ગાંધીજી.**

---

ગામોના સંઘોની વિનંતીઓ થાય છે તો-બીજાઓ શું મોઢું છુપાવીને ગામમાં પેસી જતાં હશે? આપને અમુક ગામે અમુક શેઠીયા વાંદવા આવે છે તો બીજાને શું વેઠીઆઓજ વાંદવા આવતા હશે? આપને જીવાભાઇ જેવા વાંદવા આવે છે તો બીજાને શું મુવાભાઈ જેવા વાંદવા આવતા હશે? આપને સેંકડો માણસો સામા લેવા આવે છે તો બીજાને શું સેંકડો માણસો હાંકી કાઢવા આવતા હશે? આપનામાં જયનાદોથી લોકો ગગન ગજાવી મૂકે છે તો બીજામાં લોકો ગધેડા ભુંકાવતા હશે? આપને લોકો ચોખાથી વધાવે છે તો બીજાને શું ઘોકાથી વધાવતા હશે? આપના ઠાઠથી સામૈયાં થાય છે તો બીજાના શું વેઠથી સામૈયા થતાં હશે? આપનો વર ઘોડો નીકળે છે તો બીજાનો વર ખોડો નીકળતો હશે? આપનામાં સાંબેલા આવે છે તો બીજામાં શું રાડાં લાવતા હશે? આપનામાં વાજા લાવ્યાં તો બીજામાં શું ડબલાં લાવતાં હશે? —અપૂર્ણ.

વાંચકો જાણીલ્યે કે આ આખી ચોપડી આવી ભવ્ય ભાષા સમૃધ્ધિ (!) થી ભરી પડી છે કે જેના વધુ ઉતારા પ્રગટ કરવા એ સમયનો અને શક્તિનો દુર્વ્યય કરવા સમાન છે. મતભેદ હોય પણ તેને આવી અશિષ્ટ ભાષામાં પ્રગટ કરવો તે સાચી સાધુતાને લાંછનરૂપ છે, અમે આ પુસ્તકની એકધારી કડક સમાલોચના લઇએ છીએ તેનો અર્થ એ નથી કે-શ્રી રામવિજયજી પ્રત્યે અમને સંતોષ છે. શ્રી રામવિજયજી મહારાજની લગભગ દરેક કાર્યવાહીથી આ લેખકને મત ભેદ છે. તેમજ આ પુસ્તકના ૧ થી ૪ ભાગોમાં દર્શાવેલી ઘણી બાબતો વિચારણીય પણ છેજ. પણ તેથી એલ-ફેલ લખવું-બોલવું તે સાચો રાહ નથી. વલી લેખક મુનિ તેમના ગુરૂ શ્રી સાગરાનંદસૂરિ માટે જે બેફાટ વખાણ કરે છે તે શ્રીમદનું-આંતર-બાહ્ય જીવન પણ વીસમીસદીની જૈન જનતાથી અજાણ નથી. તેથી શ્રી કુંવરજી કાકાના શબ્દોમાં-લેખક મુનિને વિનવીએ કે-લેખનની દિશા આપજ ફેરવો એ વધુ હિતાવહ છે.

---

# શ્રી મહાવીર વિદ્યાલયના સંચાલકોને વિનંતિ.

## વિદ્યાર્થીઓને ધંધો યા નોકરી મેળવી આપનાર ખાતાની આવશ્યક્તા.

મુંબઇ જેવા શહેરમાં કોલેજમાં અભ્યાસ કરવા માટે સાધારણ સ્થિતિના જૈન વિદ્યાર્થીઓને શ્રી મહાવીર જૈન વિદ્યાલય એક ઉપયોગી સંસ્થા પુરવાર થઇ છે. પંદર વિદ્યાર્થીઓથી શરૂ થયેલું આ વિદ્યાલય આજે જૈન સમાજના લગભગ એકસોદસ વિદ્યાર્થીઓને પોતાને ત્યાં રાખે છે. તેઓને કોલેજના અભ્યાસ માટે જોઇતી તમામ સગવડ અને સામગ્રી લોન દ્વારા પુરી પાડે છે અને દરેક વર્ષે વીસ પચીસ વિદ્યાર્થીઓ આ વિદ્યાલયમાંથી જુદી જુદી જાતની ડીગ્રીઓ લઇ પસાર થાય છે. આવા વિદ્યાર્થીઓએ અભ્યાસ પૂરો કરી ડીગ્રી સહિત બહાર પડયા પછી તેમને યોગ્ય જગ્યાએ ગોઠવી દેવા માટે એક ધંધો યા નોકરી મેળવી આપનાર ખાતાની જરૂર છે. બેંકો, વીમા કંપનીઓ અને બીજા ઉદ્યોગોમાં લાગવગ ધરાવતા ગૃહસ્થો સાથે મહાવીર વિદ્યાલયના સંચાલકોએ સીધો સંપર્ક સાધવો ઘટે છે. તેમના સહકાર અને લાગવગનો લાભ લઇને ધીમે ધીમે આપણા વિદ્યાર્થીઓ ઠેકાણે પડી જાય એવી જાતની વ્યવસ્થા થવાની ઘણી જરૂર છે અને એ ફરજ શ્રી મહાવીર વિદ્યાલયના સંચાલકોની છે. કારણ કે તેઓમાં ઘણા શ્રીમંતો અને નાણાંશાસ્ત્રીઓ છે. તેઓમાં શેર બજારમાં ધીકતો ધંધો કરનારા છે તેમ તેના ડાયરેકટરો પણ છે; મીલો, વીમા કંપનીઓ સાથે લાગવગ ધરાવનારા પણ છે; સોલીસીટરો બેરીસ્ટરો પણ છે. આવા સભ્યોની લાગવગ મેળવી શકાય, તેમની પાસે વારંવાર સહકાર માટેની માંગણી કરાય તો વિદ્યાલયમાંથી બહાર પડતા વિદ્યાર્થીઓને તુરતમાં ઠેકાણે પાડી શકાય. બીજી કોમોનો દાખલો આપણી સામે પડેલો છે. એવાં ખાતાઓ જ્યાં જ્યાં હોય તેનો અનુભવ લઇ લાગવગ ધરાવતા અને તેમાં સેવાભાવે રસ લેનારા ભાઇઓના સહકારથી આવું એક ઉપયોગી ખાતું ખોલવાની જરૂરીઆત પ્રત્યે હું શ્રી મહાવીર વિદ્યાલયના સંચાલકોનું ધ્યાન ખેંચું છું. અને તેઓ આ દિશામાં કોઇ વહેવારૂ પગલું ભરી વિદ્યાર્થીઓના આશીર્વાદ મેળવશે એવી આશા રાખું છું.

**—મણિલાલ મો. શાહ.**

# "અણુહિલપુર પાટણની રાજવંશાવલી."

લેખકઃ
મુનિ કાન્તિસાગરજી

## લેખાંક ૪ થો

સાહિત્યપ્રેમી સિદ્ધરાજે ૩૦૦ લહિયાઓ એકઠા કરી સ્વદર્શનના ગ્રન્થો લખાવી રાજ્યકીય પુસ્તકાલયની સ્થાપના કર્યાનો તથા આચાર્ય હેમાચાર્યકૃત સાંગોપાંગ સમારલક્ષ વ્યાકરણ ગ્રન્થની સેંકડો પ્રતીઓ લખાવી તેના અભ્યાસીઓને તે આપ્યાનો તેમજ અંગ બંગ કલિંગ, લાટ, કર્ણાટક કોકન, કાઠિઆવાડ, મહારાષ્ટ્ર, કચ્છ, માલવતસ સિંધુ સૌવીર સિંધ, નેપાલ, પારસીક, મુરૂંડ, ગંગાપાર, હરદ્વાર, કાશિ, (બનારસ) ચેદિ, ગયા, કુરૂક્ષેત્ર, કાન્યકુબ્જ ગૌડ, કામરૂપ, (કામરૂદેશ) સપાદલક્ષ, જાલંધર, સિંહલ, મહાબોધ બોડ. માલવ, કૌશિક વગેરે ભિન્ન ૨. દેશોમાં ભેટ મોકલાવ્યાનો અને તે તે વિષયોના અભ્યાસીઓને તે તે ગ્રન્થો પુરા પાડયાનો ઉલ્લેખ પ્રભાવક ચારિત્રાદિ ગ્રન્થોમાં દષ્ટિગોચર થાય છે?

સિદ્ધરાજ જયસિંહે મલધારી અભયદેવસૂરિના ઉપદેશથી પોતાના સમસ્ત દેશમાં એકાદશી અને પર્યૂષણ જેવા દિવસોમાં શાસનદાન પૂર્વક અમારિ (અહિંસા) કરાવી હતી

જેમના સદેશદ્વારા પણ સાકભરિશ્વર પૃથ્વીરાજે રણથંભોર જિનાલય પર સોનાનો કળશ ચડાવ્યો હતો.

ગુર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહની રાજસભામાં દિંગબર કુમુદચંદ્ર સાથેના વાદમાં શ્રી વાદિદેવસૂરિજીએ સ્ત્રી નિર્વાણનું સમર્થન કર્યું હતું અને સિદ્ધરાજે ઘણા જૈનાચાર્યોને સનમાન્યા હતા. (આ. જ. સ. અંકમાંથી)

હવે સિદ્ધરાજના× સમયની કેટલી ઘટનાઓ ટુંકમાં જણાવીએ.

તેણે ૧૧૫૨ માં સિદ્ધપુર નગર વસાવ્યું ૧૧ માળનો રૂદ્રમહાલય* નામનો મહાદેવનો પ્રાસાદ નિર્માણ કરાવ્યો તેમજ સુવિધિનાથ (જૈનોના ૯ માં તીર્થંકર) નો પ્રાસાદ ઉપજાવ્યો અને દર્ભાવતી (ડભોઇ) સહેલી, ઝુંઝુવાડા (ઝીઝુંવાડા) વિગેરે શહેરોના કિલ્લા બંધાવ્યા ઈત્યાદિ અનેક ધર્મ કાર્યો કર્યા હતા.

સિદ્ધરાજે જ્યારે સાંભળ્યું કે મારે એક પણ સંતાન થશે નહિ અને ઉત્તરાધિકારી કુમારપાલ થશે ત્યારે સિદ્ધરાજને ઘણું દુઃખ થયું. કુમારપાલને યેનકેન પ્રકારેણ પોતાની ગાદીનો માલિક બનાવવાની આકાંક્ષા ન હતી. સંભવ છે કે કુમારપાલ એક પૂર્વજના વૈશ્યાથી ઉત્પતી હોવાથી તેને નીચ સમજીને તેની ઘૃણા કરતો હશે. કાંઈ પણ હો પણ કુમારપાલને મારવાને માટે સિદ્ધરાજે પોતાના સિપાઇઓ દોડાવ્યા હતા.

જ્યારે કુમારપાલને ઉપરોક્ત વાતનું જ્ઞાન થયું કે તે પાટણથી ગુપ્ત વેષ ધારણ કરી આમ તેમ પર્યટ ભ્રમણ કરવા લાગ્યો તે કોઈવાર પોતાના શત્રુના હાથમાં આવ્યો પરંતુ પોતાની ચાલાકીથી જાન બચાવ્યો હતો. કઇવાર કુમારપાલને પોતાના જીવ બચાવવાની ખાતર કાંટાની વાડમાં અને નિંભાડામાં છુપાવું પડયું હતું અને જંગલોમાં ભુખે તરસે ફરી ફરીને અત્યન્ત કષ્ટ ઉઠાવવું પડ્યું હતું. પસે ખરચવાને માટે એક પૈસો પણ ન રહ્યો એવી અવસ્થામાં ફરતા ૨ (સ્તંભ તીર્થ) ખંભાતમાં ઉદયન મંત્રીને ત્યાં ખાવા પીવાનું સાધન કરવા માટે પહોંચ્યો. ઉદયન તે સમયે આચાર્ય સમ્રાટ શ્રી હેમચંદ્રસરિજી પાસે ધર્મ ચર્ચા કરી રહ્યા હતા. કુમારપાળ

---

× "ગુજરાતના ઐતિહાસિક સાધનોમાં" મહારાજા સિદ્ધરાજ જયસિંહનું નીચે પ્રમાણે કવિત આપેલું છે.

**સિદ્ધરાજ જયસિંહનું કવિત.**

સધરાવ જેસંઘસુ ચડે નકો મંડલીક
જેને પાંચ લાખ તોખાર જસાગઢ પાડતોરીગામ.
જોર માંધજ રેવત ઉપર સ્વાર
અભાગમ બાંણુપં (૫) તલખ બે શબ્દ
વેદી સવાકરણુ સોલસેહ સખાબાત દીસે કેરા
રાવણુ રાણુ ધુંધલે કામ લહુજે
વરાવીસ સહસ્ત્ર વાજીત્રવલી
સંઘરાજ જેસંઘસુ ચડેની કોમરલીક (૧)
સામંત સાકરવીર ચૈતર શુદ લગન એ આચરૂં
ભરણી નક્ષતર શુભકર વાર શનિશ્વર
દેસો તમામે સાત ટકા કોડ પાંચીસે સીડી
પથર સાંપેલ ઓગણી પંચાસે અણુહીલનગર
અવિચલવસે તાં શનિર ભાગી તેરસ
ગુણુ સધરા ગુજર ધણી સેસનાગસસે વરસ રહી
(અંક ૪૬ ૧ ૨)

***રૂદ્રમાલનું કવિત.**

ગુજરાતના ઇતિહાસિક સાધનોમાં "રૂદ્રમાલનું નીચેના કાવ્યો ઉપરથી સારી રીતે સમજી શકાય તેમ છે.

ધરસેં સહસ્ર ચૌદ ચુમાલ, થંભીસે સોલ નિરંતર,
પુતલી સહસ્ત્ર અઢ ર, જડી તમાણુક મનોહર
ત્રીસ સહસ્ત્ર ધ્વજદંડ છપન લાખ ગજ તોરી
એકવીશ શત આગલા કનક કલશ તે ઉપરી
ઓહનસેં બારી જડી,
રૂદ્રમાલ પ્રાસાદ કરને ચૌદ કરોડ મોહોર કાગદ ચડી (૧)
સંવત બાર બીલોતરે માઘ માસ પરમાણુ
રૂદ્રમાલની થાપના, તથી બીજવારગુરૂ જાણુ (૨)
સંવત ૧૩ ના પાંસડે હશે અસૂ આલાદ,
રૂદ્રમાલ પાદર કરે નરાંઉતારણુ નાદ
થરસેં ચઉદ ચુઆલ થભં પણુ સહસ્ત્ર નરંતર
પદમ કરોદ અઢાર જડી જેણે માણેક મનોહર
એક લાખ ધજ દંડ લખ કલશ સુવર્ણ તણા,
કોરણી ઘણી વિશાલ ચક્ર બોહરૂ દરનશલે
જોત મોહોલ સોને જડી,
રૂદ્રમાલો ચક્રવત કહે ચઉદ કરોડ મોહોર કાગલ ચઢી.

પણ પૌસધશાળામાં ગયો અને ઉદયન મંત્રીને મળ્યો ત્યારે કુમારપાળના શુભ લક્ષણો અવલોકીનેજ આચાર્ય હેમચંદ્રસૂરિજીએ ઉદયન મંત્રીને કહ્યું કે આ આજનો માનવી ભવિષ્યનો જૈન સમાજનો એક સ્તંભ નીવળશે ત્યારે ઉદયન મંત્રીએ તેને આશ્રય આપી પોતાની પાસે રાખ્યો.

હેમચંદ્રસૂરિએ કુમારપાલને વિશ્વાસ આપી કહ્યું કે જો વિ. સં. ૧૧૯૯ કાર્તિક વદિ ૨ ને દહાડે જો તમને રાજ્ય ન મળે તો મારે જ્યોતિષ અને નિમિત શાસ્ત્ર અવલોકવું છોડી દેવું.

આચાર્યશ્રીનું આવું પ્રિતી યુક્ત વચનામૃત સાંભળીને કુમારપાળે કહ્યું કે જો હું રાજા થઇશ તો હું આપનો દાસ થઇને રહીશ.

આચાર્યશ્રીએ કહ્યું કે અમે તો નિઃસ્પૃહિ છીએ અમારે રાજ્યનું કાંઇપણ પ્રયોજન નથી એટલુંજ નહિ પણ અમે તો કામિની, કીમત (સોનું) વગેરેને સ્પર્શ સુદ્ધાં પણ કરતા નથી, અમારૂં કાર્ય ફક્ત એટલુંજ છે કે કોઇપણ પ્રકારે સાહિત્ય સેવા અને ધર્મોપદેશ આપવો તમે તમારી કૃતજ્ઞતાને માટે જૈન ધર્મ અને દેશની સેવા કરવાનો પ્રયત્ન કરજો આચાર્યશ્રીનું વચન કુમારપાલે અત્યન્ત શ્રદ્ધાની સાથે સ્વીકૃત કર્યું ત્યારથી હેમાચાર્ય અને કુમારપાળ વચ્ચે ગુરૂશિષ્ય જેવો સંબંધ જોડાયો અને દિન પર દિન એટલો વૃદ્ધિ પામવા લાગ્યો કે ચાણુક્ય અને ચંદ્રગુપ્તની બીજી આવૃતિ જેવો થઇ ગયો.

મંત્રી ઉદયને હેમાચાર્યના વદવાથી કુમારપાલનો યોગ્ય સત્કાર કરી અને ધન આપી તેને રવાનો કર્યો. કહેવાય છે કે હેમચંદ્રાચાર્ય પણ કુમારપાલની રક્ષા માટે સાવધાન રહેતા હતા અને કેઇવાર હેમાચાર્ય પોતાના નિવાસ સ્થાન (ઉપાશ્રયમાં) સંતાડીને રક્ષા કરી હતી.

કુમારપાલ એકદા પરિભ્રમણ કરતો કરતો માલવામાં ઉજ્જૈન ગયો ત્યાં કુડંગેશ્વર* મંદિરમાં તેણે એક શિલાલેખમાં નીચે પ્રમાણે ગાથા પર દૃષ્ટિ પરી—

**पुन्ने वाससहस्से सयम्मिवरिस्साण नवनवअदिए ।**
**होही कुमाहनरिन्दो तुह विक्कमराय सारिच्छो ॥**

અર્થાત હે વિક્રમ ૧૧૯૦ વર્ષ પશ્ચાત આપના જેવો કુમારપાલ નામનો એક રાજા થશે. ×કુમારપાલને ઉપરોક્ત ગાથા વાંચી આનંદની સિમા ન રહી.

વિક્રમ સંવત ૧૧૯૯ માં સિદ્ધરાજ જયસિંહે ૪૯ વર્ષ રાજ્ય કરી સ્વર્ગે સિધાવ્યો. આ સમાચાર કુમારપાલે સાંભળ્યા કે તરતજ પાટણ જઇ પોતાના બનેવી કાન્હડદેવ (કૃષ્ણદેવ) ને ત્યાં જઇને રહ્યો. કાન્હદેવ કે જે સિદ્ધરાજના ૧૦૦૦૦ ઘોડાનો સેનાધિપતિ હતો.

*કુડંગેશ્વર—આ મહાકાલનું મંદિર હોવું જોઇએ જૈન ઇતિહાસ વદે છે કે આના નિર્માતા જૈન હતા અને તેમાં "અવન્તિ પાર્શ્વનાથ" ની પ્રતિમા હતી પણ બ્રાહ્મણોએ પ્રતિમાને ઉપાડી પોતાની સતા જમાવી (પ્ર. ચિં.)

× "પ્રબંધ ચિન્તામણિમાં" અન્તર્ગતઃ વિક્રમ પ્રબન્ધમાં જણાવ્યું છે કે જ્યારે વિક્રમે સિદ્ધસેન દિવાકરને પુછ્યું કે મારા સદૃશ બીજો કોઇ નરેસ થશે ત્યારે ઉપરોક્ત સૂરિએ વિક્રમ પાસે ઉપર્યુક્ત ગાથા બોલ્યા હતા.

સિદ્ધરાજના પરલોકગમન પછી "રાજ્યાભિષેક કોનો કરવો એ વાતનો નિવેડો લાવવા માટે એક સભા ભરી ત્યારે કાન્હડદેવે કુમારપાલને સ્નાન કરાવી સુંદર વસ્ત્રાલંકારો વડે અલંકૃત કરીને રાજ સભામાં લાવ્યો. પહેલા બે ક્ષત્રિય યુવક રાજા બનવાને માટે ત્યાં પધાર્યા પરંતુ તેમાં વીરતા અને પ્રભાવની યોગ્યતા ન હોવાને લીધે તે બન્નેને લોકોએ નાપસંદ કર્યો. કાન્હડદેવના ઇસારા મુજબ કુમારપાલ રાજ્ય તખ્ત પર બેસી પ્રતાપ યુક્ત નેત્ર કરીને કુશળતાથી તલવાર આમ તેમ ફેરવવા માંડી ત્યારે લોકોએ પુછ્યું કે રાજા થઇને શું કરશો. ઉત્તરમાં કુમારપાળે જણાવ્યું કે "પૃથ્વીનું સારી રીતે શાસન કરીશ" બસ હવે શું છે બધા લોકોએ જાણ્યું કે આ કોઇ સાધારણ વ્યક્તિ નથી અર્થાત મહા પ્રભાવશાલી છે અને રાજ્યને યોગ્ય છે એટલે બધા લોકોએ મળીને સમારોહ પૂર્વક કુમારપાળનો રાજ્યાભિષેક કર્યો વિ. સ. ૧૧૯૯ માં કાર્તિકકૃષ્ણ ૨ ને ઉચ્ચ ગ્રહો આવવાથી કુમારપાલને સિદ્ધરાજની ગાદી પર બેસાડવામાં આવ્યો હતો ત્યારે તેની ઉ. ૫૦ વ. ની હતી.

કુમારપાલ જ્યારે જંગલમાં ભ્રમણ કરતો હતો ત્યારે જે જે માણસોએ તેને માટે જે જે ઉપકારો કર્યા હતા તેનો બદલો કુમારપાળે સારી રીતે વાળ્યો હતો. (જુઓ ત્યા ભા. અ. પૃષ્ઠ ૩૦)

—અપૂર્ણ.

## કોન્ફરન્સ કેળવણી પ્રચાર સ્થાનિક સમિતિ.

ઉપરોક્ત સમિતિની એક મીટીંગ કોન્ફરન્સ કાર્યાલયમાં તા૦ ૩-૬-૩૯ ના રોજ મળી હતી જે વખતે ૧૪ સભ્યોએ હાજરી આપી હતી. શ્રી નાનચંદ સામજી શાહે પ્રમુખસ્થાન સ્વીકાર્યા બાદ નીચે પ્રમાણે કામકાજ કરવામાં આવ્યું હતું.

૧ મંત્રીઓ તરફથી ચાલુ સાલ માટે મળેલી મદદના નામો જાહેર કરવામાં આવ્યા હતા.

- ૧૫૧ શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલ
- ૫૧ શેઠ હેમચંદ મોહનલાલ
- ૧૧ શેઠ ચીમનલાલ દીપચંદ

૨ વધારે ફંડ એકત્ર કરવાનું નક્કી કરવામાં આવ્યું.

૩ આવેલી અરજીઓમાંથી પુસ્તકો પાસ કરવામાં આવ્યા.

૪ બીની અરજીઓ માટે જુનની આખર ઉપર એકી સાથે વિચાર કરવાનું ઠરાવવામાં આવ્યું.

૫ અરજીઓ જુનની ૩૦ મી સુધી લેવાનું ઠરાવવામાં આવ્યું.

લી૦ મંત્રીઓ,

**મનસુખલાલ હીરાલાલ લાલન.**
**કેસરીચંદ જેસીંગલાલ શાહ.**

### શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલને માન.

ના૦ શહેનશાહના જન્મ દિવસે માનચંદની લ્હાણી થતાં આપણી કોમના દાનવીર શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલ મોરખીયાને 'રાવ સાહેબ'નો ઇલકાબ મળ્યો છે.

### માંગરોળ જૈન સભાના એક મંત્રીનું રાજીનામું.

માંગરોળ જૈન સભાના મંત્રી ભાઇશ્રી ચીમનલાલ વાડીલાલ શાહે પોતાના હોદ્દાનું રાજીનામું આપ્યું છે જે મેનેજીંગ કમીટીની સ્પેશીયલ મીટીંગમાં રજુ થતાં પાસ કરવામાં આવ્યું છે.

## શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

### મેટ્રીક પાસ થયેલા જૈન વિદ્યાર્થીઓને ઇનામ.

સ્વ૦ શેઠ ફકીરચંદ પ્રેમચંદ રાયચંદના નામથી સોંપવામાં આવેલ ફંડમાંથી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી એક સ્કોલરશીપ છેલ્લી મેટ્રીકયુલેશનની પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં સૌથી ઉંચા નંબરે પાસ થનાર જૈન વિદ્યાર્થીને તેમજ બીજી સ્કોલરશીપ સુરતના રહેવાસી અને કુલ્લે સૌથી વધારે માર્કસ મેળવનાર જૈનને આપવામાં આવશે. આ સ્કોલરશીપ પ્રાઇઝનો લાભ લેવા ઇચ્છનાર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓએ સેન્ટર, સીટ નંબર, માર્કસ વિગેરેની સર્વ જરૂરી વિગતો સાથે નીચેના સ્થળે તા. ૧૫મી જુલાઇ ૧૯૩૯ સુધીમાં અરજી કરવી.

**મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ**
**કાંતિલાલ ઇશ્વરલાલ.**

રેસીડન્ટ જનરલ સેક્રેટરીઓ.
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.
૨૦, પાયધુની, મુંબઇ, ૩.

## ઊંઝામાં સુકૃત ભંડાર ફંડ.

શ્રી કોન્ફરન્સ કેળવણી પ્રચાર સ્થાનિક સમિતિ ઉંઝાના મંત્રી શ્રી. ભોગીલાલ નગીનદાસ શાહના હસ્તુ ઉંઝાના ગૃહસ્થો તરફથી શ્રી સુકૃત ભંડાર ફંડમાં નીચેની વિગતે રકમો લખાયેલ છે જેની સહર્ષ નોંધ લઇએ છીએ અને અન્ય ગામના શ્રી સંઘોને આ બાબતનું શુભાનુકરણ કરવા વિનવીએ છીએ.

| | | |
|---|---|---|
| ૧૧) | શ્રી ભોગીલાલ નગીનદાસ | ઉંઝા |
| ૧૧) | શા. વીરચંદ શામજી | ,, |
| ૫) | શેઠ દેવચંદ માંડળદાસ | લુણવા |
| ૫) | પટવા ઝવેરચંદ ફુલચંદ | દેણપ |
| ૫) | શેઠ બેચરદાસ ગોકળદાસ | મહેરવાડા |
| ૪) | શેઠ કરમચંદ ગોકળદાસ | ,, |
| ૩) | શેઠ ગુલાબચંદ ગોકળદાસ | ,, |
| ૩) | શેઠ ભીખાભાઇ હાથીભાઇ | જાસકા |
| ૨) | શેઠ ફતેચંદ રણછોડદાસ | ગુંજા |
| ૨) | શા. કેશવલાલ માણેકચંદ | ઐઠોર |
| ૨) | શેઠ હાલાભાઇ છગનલાલ | ,, |
| ૨) | શેઠ ચતુરદાસ મુલચંદ | મંડાલી |
| ૨) | વોરા કેશવજી પરસોતમ | દેણપ |
| ૧) | પટવા સુરચંદ જેચંદ | ,, |
| ૧) | પારી બબાલાલ પ્રભુદાસ | ઉંઝા |
| ૧ાા | કેળવણી પ્રચાર ઉંઝા સમિતિના ૭ સભ્યોના ફાળાના | |
| ૬૦-૮-૦ | | |

## જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

### રૂા. ૫૧૦) ના ઇનામો.

ગત્ ડિસેમ્બર માસમાં લેવાયેલી શેઠ **સારાભાઇ મગનભાઈ મોદી** પુરૂષવર્ગ અને **અ. સૌ. હીમઈબાઇ મેઘજી સોજપાળ** સ્ત્રીવર્ગ ધાર્મિક હરીફાઇની ઇનામી પરીક્ષાઓમાં ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને સેન્ટર પ્રમાણે નીચે મુજબ ઇનામો અપાયા છે.

| | | | |
|---|---|---|---|
| ભાવનગર | રૂા. ૫૨-૦-૦ | મુંબઈ | રૂા. ૬૧-૦-૦ |
| બારશી | ,, ૨૨-૮-૦ | બોરસદ | ,, ૧૦-૦-૦ |
| ગુજરાનવાલા | ,, ૩૦-૦-૦ | પૂના | ,, ૨૧-૮-૦ |
| બગવાડા | ,, ૧૮-૦-૦ | અમદાવાદ | ,, ૪૬-૦-૦ |
| ચાંદવડ | ,, ૧૪-૦-૦ | આમોદ | ,, ૨૮-૦-૦ |
| રાધનપુર | ,, ૮-૦-૦ | પાલેજ | ,, ૪-૦-૦ |
| પાલીતાણા | ,, ૩૨-૦-૦ | ભોપાલગઢ | ,, ૧૯-૦-૦ |
| જાલોર | ,, ૨-૦-૦ | ખંભાત | ,, ૩-૦-૦ |
| સુરત | ,, ૬-૦-૦ | વિરમગામ | ,, ૨-૮-૦ |
| એંશીયા | ,, ૭-૦-૦ | છાણી | ,, ૪૧-૮-૦ |
| પાલણપુર | ,, ૧-૦-૦ | પેથાપુર | ,, ૫-૦-૦ |
| રતલામ | ,, ૨-૦-૦ | નિપાણી | ,, ૯-૦-૦ |
| બ્યાવર | ,, ૨૦-૦-૦ | ઉંઝા | ,, ૧૦-૦-૦ |
| ગોધરા | ,, ૩૫-૦-૦ | | |

કુલ રૂા. ૫૧૦-૦-૦

પ્રમાણપત્રો અને ઇનામોની રકમ સેન્ટરના વ્યવસ્થાપકોને મોકલી આપવામાં આવેલ છે.

## સમાચાર સાર

### શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીનો જયંતિ મહોત્સવ.

ગત્ જેઠ વદ ૩ સોમવારના રોજ સવારે શ્રી ગોડીજીના ઉપાશ્રયમાં શ્રી ખંભાત જૈન મિત્ર મંડળના આશ્રયે પન્યાસ પ્રીતિવિજયજી ગણિના પ્રમુખપણા નીચે શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજની જયંતિ ઉજવવા સભા મળી હતી. શરૂઆતમાં પત્રિકાના વાંચન બાદ શ્રી. માવજી દામજી શાહે સ્વરચિત શ્રીમદ્ વિષેનું કાવ્ય ગાઇ બતાવ્યા બાદ શ્રીમદ્‌ના જીવન વિષે શ્રી. લલ્લુભાઈ કરમચંદ દલાલ, શ્રી. રાજપાળ મ. વ્હોરા, શ્રી. ગોકલદાસ ગાંધી વીગેરેએ પ્રકાશ પાડયો હતો. છેવટે પ્રમુખશ્રીએ શ્રીમદ્‌ના જીવન પર પ્રશંસાના પુષ્પો વેરી સભા વિસર્જન થઇ હતી.

—આચાર્ય શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજનું ચાતુર્માસ સુરતમાં થશે.

—આચાર્ય શ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજનું ચાતુર્માસ ખંભાત-ખારવાડાના ઉપાશ્રયે થશે.

—પં. શ્રી કર્પૂરવિજયજી તથા પં. શ્રી અમૃતવિજયજી મહારાજ ખંભાત-જૈન શાળે ચાતુર્માસ કરશે.

—પં. શ્રી રવિવિમલજી-શ્રી હેમવિમળજી મહારાજ ખંભાત-શેઠ અંબાલાલ પાનાચંદની ધર્મશાળાએ ચાતુર્માસ કરશે.

—શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળે અસાડ સુદ ૧ ને રવીવારે સ્નેહ-સંમેલન ભાંડુપ મુકામે ગોઠવેલું છે. ધ્વજ વંદન, કોમીક તેમજ પૂજા આદિ-કાર્યોનો સમાવેશ કરવામાં આવેલ છે.

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું: "હિંદસંઘ."—"HINDSANGHA." Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રીઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમઃ—રૂપીઆ બે. છુટક નકલઃ—દોઢ આનો.

વર્ષ જુનું ૧૨ મું. નવું ૭ મું. | શનીવાર તારીખ ૧ લી જુલાઇ ૧૯૩૯. | અંક ૨૩ મો.

## આસક્તિ.

કોઇપણ વસ્તુની આસક્તિ (લોભ) એજ મરણાંત કષ્ટ આપનારી છે. ચમરીગાય ધારે તો શિકારી વા સિંહાદિ હિંસક પ્રાણીઓથી પોતાનો પ્રાણ બચાવી શકે તેમ છે. એટલી બધી દોડવામાં તે શીઘ્ર ગતિવાળી છે. પરંતુ નાસતાં નાસતાં પોતાના પુચ્છનો કોઈ થોડોક ભાગ ઝાડી આદિમાં ભરાઇ રહેતાં તે મૂર્ખ ગાય ત્યાંજ ઉભી રહે છે. એક ડગલું પણ આગળ ભરી શકતી નથી. 'રખે મારી પુચ્છનો કોઇ વાળ તૂટી જાય!' એ વિચારમાં વાળના લોભે પ્રેમઘેલી બની પોતાની સર્વ શુધબુધ ભૂલી જાય છે.

—આત્મબોધ સંગ્રહ.

## જૈન પ્રજાનું માનસ!

આજની જૈન પ્રજા, જેમાં જૈન ધર્મગુરૂ અને જૈન ઉપાસક વર્ગનો સમાવેશ થાય છે તેને મોટે ભાગે આછી પાતળી કથાઓ સિવાય—જૈન ધર્મ અને જૈન પ્રજાનો વિકાસ અને ગૌરવ વાસ્તવિક રીતે શાને આભારી છે? જૈન ધર્મની અભિવૃદ્ધિ કયા કારણોએ થઇ શકી હતી? જૈન પ્રજાએ કયા કયા મહત્ત્વના કાર્યો કર્યા છે? તેમજ જૈન પ્રજા અને જૈન ધર્મ ઇતર પ્રજાઓ અને ધર્મ સાથે સ્પર્ધામાં કઇ કુશળતાને આધારે ટકી શકયા હતા? એનો ખ્યાલ બહુજ ઓછાને છે. આનું પરિણામ આજે એ આવ્યું છે કે સૂત્રધાર સમી લેખાતી વર્તમાન જૈન ગુરુ સંસ્થા જૈન ધર્મની રક્ષા અને તેની ઉન્નત્તિના પ્રશ્નને ભૂલી જઈ નજીવા પ્રશ્નો અને નજીવી બાબતો ઉપર મહીનાઓના મહિનાઓજ નહિ પણ વર્ષો સુધી નિર્જીવ અને બુદ્ધિહીન ચર્ચાઓ કરવા ઉપરાંત એક બીજા સામે આઘાત પ્રત્યાઘાત કરી જૈન ધર્મને ઝાંખપ લગાડી રહેલ છે. આ પ્રશ્નને અયોગ્ય રીતે ચર્ચવાનો અમારો લેશ પણ ઇરાદો નથી, તેમ છતાં આટલું કહ્યા સિવાય ચાલે તેમ નથી કે વર્તમાન જૈન ધર્મગુરૂઓને આજના જૈન સમાજની કે જૈન ધર્મની પરિસ્થિતિને નિહાળવાની જરા સરખીય પરવા કે નવરાશ નથી.

—મુનિશ્રી પુણ્યવિજયજી.

## વિવેક.

સાધુ ધર્મની ભાવના થવાથી સંસાર વિરકત, સંવિગ્ન, મમતા રહિત, અપરોપતાપી, વિશેષ વિશુદ્ધ થતા પરિણામ યુકત—એવા ગુણવાળો ભાવિત આત્મા કોઇને ઉપતાપસંતાપ—અસમાધિ ન થાય, તેવી રીતે સાધુ ધર્મને અંગીકાર કરવા માટે યત્ન કરે. કેમકે પરને ઉપતાપ કરવો તે ધર્મ અંગીકાર કરવામાં વિઘ્નરૂપ છે. એ ધર્મ પ્રાપ્તિનો ઉપાય નથી; એટલે કે ધર્મ અંગીકાર કરવામાં પરોપતાપ કરવો તે અકુશળ આરંભજ છે. કોઇપણ પ્રકારે કર્મના વિચિત્રપણાને લીધે માતા, પિતા પ્રતિબોધ ન પામેલા હોય તો, તેમને પ્રયત્ન પૂર્વક પ્રતિબોધવા-શાન્તિથી સમજાવવા.

—આત્મબોધ સંગ્રહ.

**उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः**
**न च तासु भवान प्रद्दश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**
**—श्री सिद्धसेन दिवाकर.**

**અર્થ:**—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે. પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

જૈન યુગ.
તા૦ ૧-૭-૩૯. શનીવાર.

# ઘર ફૂટે ઘર જાય!

A House, divided against itself, falls down. એ આંગ્લ કહેવત અત્યારની ભારત વર્ષની પરિસ્થિતિને બરાબર લાગુ પડે છે. જ્યારે જરૂર છે સંગીન અને એકધારા ઐકયની, ત્યારે પ્રજા જાત જાતના દળોમાં વહેંચાઇ ગઇ છે. એની મુખ્ય લડતનું ધ્યેય ભુલાવા માંડયું છે અને અરસપરસના મતફેરો આગળ આવી એનું સ્થાન લેવા માંડયા છે. છતાં દેશના સદ્‌ભાગ્યે એક વિભુતિ દૂર બેઠા છતાં એ તરફ અહર્નિશ ધ્યાન આપ્યા કરે છે અને ગાડી પાટા પરથી ઉતરી જવાનો સંભવ જણાતા તરતજ પ્રકાશ ફેંકે છે. જો કે આજે એ અનુભવી ને સિદ્ધ હસ્ત નેતાના નવા પ્રકાશ સામે પણ બેલગામ વાકધારાનું વહન શરૂ થયું છે, છતાં જનતાના મોટા ભાગનું માનસ એ નેતાગીરીમાં નિશ્ચળ છે.

જૈન સમાજને આવો કોઇ દીર્ઘદર્શી આગેવાન મલ્યો નથી એ કમભાગ્યની વાત છે. સમાજનો મોટો ભાગ ત્યાગી સંસ્થા પ્રત્યે બહુમાન ધરાવે છે એટલે જો એ સંસ્થા તરફથી પ્રગતિને લગતો—અત્રુટ સંગઠનને લગતો જો-કોઇ કાર્યક્રમ રજુ કરવામાં આવે તો અવશ્ય સમાજ એ ઝીલે આજની વિષમ દશા જોત જોતામાં ભૂસાઇ જાય. થોડા ઉદ્દામવાદી યુવાનોને એમાં રસ ન પણ પડે અને એ સામે વિરોધના સુર કહાડે તોપણ એની અસર નગારખાનામાં તુંતુડીના અવાજ સમ નિવડે.

પણ વોહ દિન કયાં? એ શ્રમણ સંસ્થામાં જાત જાતના મતભેદો છે. પાંચસો સુભટનું દ્રષ્ટાન્ત દેનારા એ મહાત્માઓ પોતેજ દ્રષ્ટાન્ત રૂપ થઇ પડયા છે. પોતે આંકેલા વર્તુળની બહાર દ્રષ્ટિપાત કરવા જેટલી તેમને ફુરસદ નથી! દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સમા ઉમદા સૂત્ર પર નજર કરવાનું મૂકી, કેવળ પોતે દોરેલા 'પ્રભાવના'ના મનગમતે ચીલે ચાલી રહ્યા છે! એ સંસ્થાના વિવિધ રંગી ઉપદેશો લગભગ ઘણા ખરા સંઘોમાં ભાગલા પાડી નાંખી, અકર્મણ્ય સ્થિતિ પેદા કરી છે. આમ જનતાનો મોટો ભાગ ધર્મ-અધર્મ તત્વ-અતત્વ કે સારૂં ખોટું જાતે પિછાની શકે એવી શકિતના અભાવે શ્રદ્ધાથી પ્રેરાઇ, થતાં દોરી સંચાર મુજબ ખેંચાય છે. એમાં કેટલાક તરુણોના ધાર્મિક-સામાજીક મંતવ્યોએ અને એ પાછળના આચરણોએ જબરા સંક્ષોભ પેદા કર્યો છે. એ તરુણ વર્ગની સીધી દોરવણી હેઠળ થતાં કાર્યોમાં કે ઉપાડવામાં આવતી નવી યોજનાઓમાં સમાજનો મોટો ભાગ શંકાની નજરે જુવે છે. અરે એમાં ચોકખો અધર્મ નિહાળે છે! ભલેને પછી એ તરુણો કોન્ફરન્સના કાર્યક્રમની વાત કરતાં હોય અથવા તો તેમનું કથન લાભદાયી હોય.

આવા ડહોળાયેલા વાતાવરણમાં કોન્ફરન્સ કેમ ચુપ બેઠી છે? કેમ અધિવેશન ભરતી નથી? કેમ નિષ્ક્રયતા સેવે છે? એવા પ્રશ્નો ઉપસ્થિત કરવા કરતાં સાચે કહી દેવું ઘટે કે એ કરી શું શકે? અને કરવા ધારે તો પચરંગી મંતવ્ય ધરાવનાર સભ્ય સમૂહમાં એ કેવી જાતનો એકધારો કાર્યક્રમ નિયત કરે?

કાર્યવાહી સમિતિમાં આગેવાની કરનાર, જાણીતા સભ્યો અને આગેવાનો પોતાના માદર વતનમાં કંઇજ લાગવગ ધરાવતા નથી એ નિતરૂં સત્ય નિહાળ્યા પછી અધિવેશનની કે કોઇ બીજી ત્રીજી વાતો કરવા કરતાં સીધો રાહ તો એ છે કે ચલાવાતી કાર્યવાહીનો નવેસરથી વિચાર કરવો અને એમાં સંગીન સુધારો કરવો. જો એમ કરવામાં સિદ્ધાંત ભંગ કે માન હાનિ જેવું લાગતું હોય તો ખુલ્લા દિલે એકરાર કરી, રાજી ખુશીથી ખસી જઇ જેઓ શિથિલતા ખંખેરી, કાર્ય ધપાવી શકે તેવાના હાથમાં સુકાન સોંપી દેવું. બાકી જે પાણીએ મગ ચઢે તેમ ન હોય તે પાણીનો મોહ રાખવો એથી કંઇજ લાભ નથી. કેવળ એમાં અકર્મણ્યતાનો વધારો થવાનો. રહી સહી પ્રવૃત્તિઓ પણ મૃત્યુમુખમાં હડસેલાવાની.

ભાવનગરના ડેડલોક પરથી વિચાર કરતાં એટલું તો સ્પષ્ટ સમજાય છે કે કોન્ફરન્સના બંધારણમાં ત્રુટિયો છે એ કરતાં પણ આપણી કાર્યવાહી સામે ના પસંદગી વધુ છે વર્તમાન કમિટિનો મોટો ભાગ કોન્ફરન્સને એક સામાજીક સંસ્થા માની, એ દ્વારા સામાજીક સુધારા કરવા ચાહે છે અને એમાં રાજ્યની મદદ વધાવી લેવાના મતનો છે જ્યારે મુંબઇ બહારના ઘણા સંઘો કોન્ફરન્સને એક ધાર્મિક સંસ્થા માની, એની મારફત ધર્મના કાર્યો વ્યવસ્થિત થાય એમાં અત્યાર સુધી ભોગવી રહેલા હક્કો જળવાય અને રાજ્યની ડખલ ન વેઠવી પડે એમ ઇચ્છે છે. ત્રીજી સત્તાના કાયદા કરતાં પરસ્પરની સમજુતીથી કામ થાય એવું મોટા ભાગનું મંતવ્ય છે. એને મન તીર્થના સવાલોમાં-સાહિત્યના ઉદ્ધારમાં-પલ્લીવાળ-સરાક આદિના પ્રશ્નોમાં અને એવા બીજા સંખ્યાબંધ રચનાત્મક કાર્યોમાં કે જેમાં ધર્મની દ્રષ્ટિ મુખ્ય ભાગ ભજવતી હોય એ જો કોન્ફરન્સ ઉપાડે અને શ્રમણ-વર્ગનો સહકાર શોધવા પ્રયાસ સેવેતો આજે એને ચોતરફથી સંગીન સાથ મળે. બાકી એ

( અનુસંધાન પૃ. ૪ ઉપર )

# નોંધ અને ચર્ચા

## નિષ્ક્રિયતા અને કલહવૃત્તિ નોતરવાનું સાધન.

કેટલાક અભ્યાસી અને દીર્ઘદર્શી કાર્યકરોનુ મંતવ્ય છે કે જ્યાં સંસ્થા હસ્તક ઠીક ઠીક ફંડ ભેગુ થાય છે ત્યાં કુદરતી રીતેજ એ અકર્મણ્ય દશામાં પગલા પાડે છે અને વહીવટી તંત્રમાં સહજ કલહવૃત્તિ જન્મે છે. જૈન સમાજની ઘણી ખરી સંસ્થાઓમાં ઉપર સૂચિત દશા વર્તે છે. એમ કહેવામાં અતિશયોકિત નહીં લેખાય દેવસ્થાનથી માંડી આપણી કોઇપણ સંસ્થા તરફ નજર ફેંકીશું તો તરત જણાઇ આવશે કે જ્યારથી જરૂર કરતાં વધારે પ્રમાણમાં દ્રવ્યસંગ્રહ થવા માંડયો ત્યારથી સંસ્થા સ્થાપન પાછળનો ઉમદા ભાવ લોપાયો અને એ ઝઘડાનુ સાધન બની રહી. એક તરફ શાસ્ત્રની મર્યાદા વધુ દ્રવ્યસંચયમાં પરિગ્રહ વૃત્તિ બતાવે છે જ્યારે બીજી બાજુ આપણી વૃત્તિ મોટા ભંડોળ કરવામાં અગ્રગામી બને છે મોટા ભાગનુ મંતવ્ય હોય છે કે સંસ્થા પાસે એવું ફંડ કરી દેવું કે તેના વ્યાજમાંથી કામ ચાલ્યાજ કરે! વારંવાર ભીખ માગવાની અગત્યજ ન રહે! આ જાતના મંતવ્યથી પ્રેરાઇ, આરંભે શૂરત્વ દાખવી, જોરશોર-લાગવગ અને અલ્પકાલિન ઉભરાથી ફંડ એકત્ર કરાય છે પણ જ્યાં એ મહામાયા (લક્ષ્મી) ના પગલા થયા કે કાર્યની ધગશ ઓસરી જાય છે અને વહીવટની ખેંચતાણ શરૂ થાય છે. સેવાભાવ ભુલાય છે અને સત્તાશાહી માથે ચઢી બેસેછે સુંદર કાર્ય કરી બતાવી જનતામાં સંસ્થાની પ્રતિષ્ઠા સ્થાપન કરવાની વાત ભોરંભે પડેછે. રચનાત્મક કાર્યવાહીદ્વારા આવક વધારવાના માર્ગ શોધાતા નથી; આનું પરિણામ એ આવેછે કે સંસ્થા પ્રત્યેનો સેવાભાવ ઓસરી જાઇ, એ એક પ્રકારની પેઢી જમાવવાનુ સાધન બને છે. મૂળ આશય ભૂલાઇ જઇ સાચેજ કોઇ જુદા ચીલે ગાડુ જાઇ પડે છે. એટલે જે ધન અનુકુળતા અર્થે એકઠું કરવામાં આવતું હતું તે નિષ્ક્રિયતા અને કલહને નોતરે છે. આ માટે ઉદાહરણ રૂપે શ્રી માંગરોળ જૈન સભાનો વર્તમાન વંટોળ ધરી શકાય. એ સંબંધમાં સંસ્થાના સેવાભાવી કાર્યકરોને વાર્ષિક મેળાવડા પ્રસંગના વચનો યાદ દેવડાવી, ધ્યેય પ્રતિ તાકીદે ડગ ભરવા સુચવીએ. એજ રીતે જૈન એસોસીએશન ઓફ ઇન્ડીયાના કાર્યવાહકોને કયાંતો એ જુની સંસ્થાને નવજીવન અર્પી કાર્યકરતી બનાવવાની અથવા તો લગભગ સાઠ હજાર જેટલું જે વિશાળ ફંડ એની પાસે છે તેનો યોગ્ય પ્રકારે ઉપયોગ થાય અને એ ફંડ પાછળનો ઉદ્દેશ જળવાય તેવા માર્ગે આયોજન કરવાની આગ્રહ ભરી અપીલ છે. યુગબળ પિછાની ધનપરની અકારણ મૂર્છા ત્યજવાની અગત્ય છે.

## રાષ્ટ્રિય મહાસભા સમિતિની બેઠક.

મુંબઇના આંગણે તાજેતરમાંજ આ બેઠક મળી ગઇ. એમાં રજુ થયેલ ઠરાવો અને એ પર ચાલેલી ઝુંબેશ જોતાં નિર્વિવાદ એટલું તો કબુલવું પડશે કે શિક્ષણની પ્રગતિ સાથે શબ્દયુદ્ધની તલપ વધી પડી છે. વાદ વિવાદની લિપ્સા ઘણા ખરા પ્રસંગમાં કિંમતી સમયનો ભોગ લ્યે છે. કેટલીક વાર તો કેવળ પાર્ટીના નામે કલ્પિત ભ્રમ સેવી વિરોધ કરાય છે. આવા કપરા સંયોગો વચ્ચે ગાંધીજીના ચુસ્ત અનુયાયી રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુએ જે શાંતિ ને ધિરજથી કાર્ય ઉકેલ્યું તે ખરેખર પ્રશંસનીય ને એમની કીર્તિને વધારે તેવું છે. મતફેરો છતાં તરફેણ કે વિરોધ કરનાર વ્યક્તિઓની ભાષાની શિષ્ટતા જોઇ ઘડીભર મન વિચારમાં પડી જાય છે કે ભાષાસમિતિ કે વચનગુપ્તિને યથાર્થ રૂપે ઓળખનાર આ બંધુઓ છે કે આપણા સાધુમહાત્માઓ છે! 'દિશા ફેરવો' જેવી બુકની જે સમીક્ષા ગયા અંકમાં આવી છે એ જોતાં વિના સંકોચે કહેવું પડે કે સમિતિ-ગુપ્તિની બડી બડી વાતો કરનારા આપણા ત્યાગી ગણમાં એક એવો વર્ગ છે કે જે એ ઉમદા ગુણનુ રહસ્ય તો નથી અવધારી શકયો પણ એ સાથે સભ્ય વાણી કેવા પ્રકારની હોય તે પણ નથી સમજી શકયો. આપણા માટે આ કંઇ જેવા તેવા અફસોસની વાત નથી. ઉગતી પ્રજામાં જે પરાંગ્મુખતા જોસભેર પગલા ભરતી આગળ વધવા માંડી છે એના કેટલાક કારણોમાં આપણા ત્યાગી વર્ગની નિરંકુશ વાક્ધારા સમાઇ જાય છે. એકજ પિતાના પુત્ર હોવાનો દાવો કરનારા પૂજ્ય ગણને દર્દભરી અપીલ કરીએ કે દેશ-કાળ ઓળખો અને માત્ર અરસપરસમાંજ નહિં પણ સર્વત્ર શિષ્ટ ભાષામાં વ્યાખ્યાન યા ચર્ચા કરો.

## આજની કેળવણી.

કેળવણી કદાપિ ટીકાપાત્ર ન ગણાય. એની વૃદ્ધિ પ્રશંસા પાત્ર છે પણ આજે હાઈસ્કુલ અને કોલેજોમાં શિક્ષણ લઈ બહાર પડેલા અગરતો ચલુ શિક્ષણ અવસ્થામાં વર્તતા ભાઇ બ્હેનોના જીવન તરફ દ્રષ્ટિપાત કરતાં જણાય છે કે ભલે શિક્ષણમાં વધારો થયો હોય છતાં ધર્મની શ્રદ્ધા તો લગભગ ઓસરી ગઇ છે અને વડિલ પ્રત્યેનુ બહુમાન કે મ્હોટાનો વિનય એ તો હાસ્યાસ્પદ વિષય લેખાય છે. એમાં વ્યક્તિ સ્વાતંત્ર્યનો હ્રાસ સમજાય છે! જો કે આ ઉલ્લેખ સર્વને લાગુ નથી પડતો છતાં મોટા ભાગના વલણને એ બંધબેસતો આવે છે. પૂર્વ પુરૂષોએ 'જ્ઞાન'ના જે ગુણાનુવાદ કર્યા છે અને એની પ્રાપ્તિદ્વારા વ્યકિતમાં જે જાતના અન્ય સદ્ગુણો ઉત્પન્ન થતાં દર્શાવ્યા છે એ સામે આજના ઉચ્ચ શિક્ષણને ધરીએ છીએ ત્યારે ઉભય વચ્ચેનુ અંતર ઉદ્વેગ પ્રગટાવે છે. જ્ઞાન પાછળ ઠરેલપણુ-ગંભીરતા-અને પરમાર્થવૃત્તિ કે સેવાભાવ આવવા જોઇએ એને સ્થાને ઉચ્છૃંખળતા-છીછરાપણુ, સ્વાર્થવૃત્તિ અને તોછડાઈ ખાસ તરી આવે છે. ધર્મ કે ધર્મના પ્રણેતાઓ પ્રતિનો વિવેક તો દૂર રહ્યો પણ એ સામે હેતુશૂન્ય તિરસ્કાર વાતવાતમાં જણાય છે. ધર્મગ્રંથોનો અભ્યાસ ઊંડા સુધીનો હોવા છતાં ટીકા કરવાની લાલસા છેલ્લી ડીગ્રી સુધી પહોંચી હોય છે. શ્રદ્ધા જેવી અનુપમ વસ્તુની ઠેકડી કરવામાં આવે છે! બુદ્ધિનુ ક્ષેત્ર પુરૂં થાય છે ત્યાંથીજ શ્રદ્ધાની મર્યાદા આરંભાય છે એવું મહાત્મા ગાંધીજીનુ વચન પણ અભરાઇ પર મૂકાય છે. કયાંતો મેટ્રિક પાસ કરવામાં અથવા તો બી. એ. ની ડીગ્રી લેવામાં જાણે સર્વ કંઇ જ્ઞાન આવી જતું હોય નહીં અને હવે કંઇ નવું જાણવાનું બાકી ન રહેતું હોય એવો આડંબર સેવી મનગમતી મજાક-ધાર્મિક-સામાજીક પ્રસંગોમાં લેવાય છે. આજની કેળવણીનુ આ ચિત્ર ઘણા ખરા પ્રસંગોના અનુભવથી દોરવામાં આવ્યું છે. કોઇ એ પરથી એમ ન માને કે તેથી કેળવણી લેવી ખરાબ છે કિંવા કેળવણી પાછળ દ્રવ્ય વ્યય કરવો દૂષિત છે. વિચારણીય પ્રશ્ન તો એ છે કે શિક્ષણના વધવા સાથે જે ગાંભીર્ય અને વિવેક

# ધાર્મિક કેળવણીનો કોયડો.

"જૈન જ્યોતિ" ના તંત્રી સ્થાનેથી ઉપરના શિર્ષકનો અગ્રલેખ જૈન વિચારકો માટે સમયસરની ચેતવણી રૂપ છે. એ શંકા વીનાની વાત છે કે દીન પ્રતિદિન કેળવણીના શિક્ષણક્રમમાંથી ધાર્મિક કેળવણીનું સ્થાન ઓસરતું જાય છે જૈન ધર્મ અને તેના સિદ્ધાંતોના સમજુ સંરક્ષણ માટેનું આવશ્યક ધાર્મિક જ્ઞાન આપણા યુવક યુવતિઓને મળતું નથી. અથવા તો તેઓ મેળવતા નથી. ધાર્મિક જ્ઞાન પ્રત્યેની આપણા યુવક યુવતીઓની અનભિરૂચીના અનેક કારણો હશે. કેળવણીના શિક્ષણક્રમમાં તેનો અભાવ, સાધુઓના આંતરિક ઝગડાઓ, સમાજમાં પક્ષાપક્ષીનું જોર, એમાંના કેટલાક કારણો છે. અણ સમજુ ક્રિયાત્મક પ્રવૃત્તિઓ ધાર્મિક શીક્ષણ, જ્ઞાન કે સિદ્ધાંતનું સ્થાન ન લઇ શકે. કેવળ ક્રીયાઓમાંજ જૈન ધર્મનું સંરક્ષણ કે ધાર્મિક જ્ઞાનનો ફેલાવો થઇ રહ્યો છે. એ માન્યતા ભૂલ ભરેલી છે. ક્રીયાઓ સિદ્ધાંતો ઉપર રચાએલી હોવી જોઇએ એટલે ક્રીયાઓના સફળ આચરણ માટે સિદ્ધાંતોનું જ્ઞાન અતિ જરૂરી છે. એવા પ્રકારનું જ્ઞાન આપણા કેટલા યુવક યુવતિઓ, સમાજના ભાવિ સ્તંભોમાં છે.? આપણા કેટલા યુવક યુવતિઓ ક્રીયાઓ એવા પ્રકારના જ્ઞાનની સમજથી કરી રહેલ છે? આપણા અનેક પર્વો છે. તીર્થ ધામો પણ છે. કેવળ પર્વો રૂઢી મુજબ ઉજવવાથી કે તીર્થ ધામોમાં આંટા મારી આવ્વાથી પણ ધાર્મિક જ્ઞાન કે કેળવણીમાં ઉમેરો થશે નહીં આપણો ઘણો ખરો ઇતિહાસ ધાર્મિક જ્ઞાન સાથે સંકળાએલો છે. એટલે આપણા યુવક યુવતિઓને ધાર્મિક કેળવણી આપવાની અસરકારક યોજના આપણા વિચારકો ન ઘડે તો આપણા યુવક યુવતિઓ આપણા ઇતિહાસથી પણ અજાણ રહેશે અને જે કોમ અથવા પ્રજા પોતાનો ઇતિહાસ જાણતી નથી તે પોતાનું વ્યકિતત્ત્વ સ્વતંત્ર રીતે જાળવી શકતી નથી અને સ્વતંત્ર રીતે જીવી પણ શકતી નથી એટલે આપણા સ્વતંત્ર વ્યક્તિત્ત્વ જીવન અને ધર્મના રક્ષણાર્થે ધાર્મિક કેળવણીનો કોયડો આપણે ઉકલ્યેજ છૂટકો છે અને એ કાર્યમાં આપણે જેટલી ઢીલ કરીએ તેટલાંજ પ્રમાણમાં આપણે આપણા સ્વતંત્ર વ્યક્તિત્ત્વ અને જીવન ઉપર ઘા કરીએ છીએ. આપણી કોમની ઘણી ખરી જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓ તરફથી પુસ્તકો અને ફી આપવાનું પ્રયોજન કરવામાં આવ્યું છે. કેળવણીને અંગે સ્હાય રૂપ થાય તેવા પણ અનેક જુદા જુદા સાધનો પુરા પાડતી સંસ્થાઓ પણ હસ્તી ધરાવે છે જુદી જુદી સંસ્થાઓ કે વ્યક્તિઓ તરફથી કેળવણી અંગે અપાતી તમામ મદદો માટે અમુક પ્રકારનું કે હદ સુધીનું ધર્મિક જ્ઞાન સંપાદન કરેલું હોવું જોઇએ. એવી કાંઈ ફરજીઆત શરત મુકવામાં આવે તો એ દીશામાં સંગીન સુધારો થઈ શકે આપણો ઇતિહાસ, જેમાં આપણી ધાર્મિક કેળવણી મોટા પ્રમાણમાં સમાએલી છે તેને સીધી સાદી અને સરળ ભાષામાં ફરીથી લખાવો જોઇએ. આપણા યુવક યુવતિઓને આકર્ષે એવી શૈલી આપણા લેખકોએ અખત્યાર કરવી જોઇએ. અને તોજ આપણે આપણું ભૂતકાલીનગૌરવ અને સ્થાન ટકાવી શકશું જો આપણે આપણું વ્યક્તિત્ત્વ જીવન અને ધર્મ ટકાવી રાખવો હોય તો ધાર્મિક કેળવણીના પ્રશ્ન ઉપર ગંભીર વિચારણા ચલાવી તેની સુયોજના સમાજ સમક્ષ રજુ કરવીજ જોઇએ. આપણા અગ્રણીઓ અને વિચારકો માથે એની જવાબદારી રહેલ છે. એ જવાબદારી એઓ અદા કરે એજ પ્રાર્થના.

—સારાભાઈ દલાલ.

## સમાચાર સાર

—પાલીતાણાના દિવાન સાહેબે મુંબઇમાં શેઠ માણેકલાલ ચુનીલાલ શાહ અને શેઠ કાંતિલાલ ઇશ્વરલાલને મુલાકાત આપી હતી. પાલીતાણામાં બાળમંદિર માટે શેઠ માણેકલાલ ચુનીલાલ શાહે રૂ. ૨૦૦૧) અને શેઠ કાંતિલાલ ઇશ્વરભાઇએ રૂ. ૧૫૦૧) આપ્યા છે. તે ઉપરાંત બીજી નાની મોટી રકમો પણ ભરાઇ છે.

—મુંબઇમાં મળેલ ઓલ ઇંડીઆ કોંગ્રેસ કમીટીની મિટિંગનું કાર્ય જૈન બંધુઓએ ઉત્સાહ પૂર્વક ચલાવેલ.

—જૈન આગેવાનોએ પણ એનાં ખર્ચ માટે સારી રકમો ભરેલી સંભળાય છે.

—શ્રી જૈન મહિલા સંઘની મિટીંગ ગત સપ્તાહમાં મળી ગઇ. એક બ્હેનને વિદ્યાભ્યાસાર્થે રૂ. ૫) માસિક આપવા તેમજ લાઇબ્રેરી અંગેના પુસ્તકો અંગે નિર્ણયો થયા. આ સંઘે અત્યાર પર્યન્ત જે મદદ જૈન બ્હેનોને કરી તેની વિગતો સભામાં રજુ થઇ હતી. નિરાધાર અને સુવાવડવાળી બ્હેનોને આ સંઘ મદદ આપે છે. લાભ લેનારે મંત્રીઓને ઠે. હીરા મ્હેલ, કાલબાદેવી-મુંબઇ લખવું અથવા મળવું.

( અનુસંધાન પૃ. ૨ ઉપરથી )

વિશાળ સમૂહની નજરે લગ્ન, વૈધવ્ય કે બીજા સમાજને લગતા પ્રશ્નો માસુલી છે. કોન્ફરન્સે હાથમાં લેવા જેવા નથી. એના કારણમાં એ પણ જણાવે છે કે આજે પણ જુદા જુદા શહેરોમાં એને લગતી પરિસ્થિતિ એટલી વિખરાયેલીને વિચિત્રતાવાળી છે કે એમાં કોન્ફરન્સની ચાંચ ખૂડે તેમ નથી. સરકાર કાયદાથી ભલે એ સુધારે પણ કોન્ફરન્સ એ સુધારવા જશે તો ફાયદો તો નહી કહાડે પણ પોતાનું પીઠ બળ ગુમાવશે. રાષ્ટ્રિય કાર્ય કોંગ્રેસને અને સમાજ સુધારણા સમાજ સુધારા પરિષદને કરવા દઇ કોન્ફરન્સે કેવળ ધાર્મિક આર્થિકને કેળવણી વિષયક બાબતો હાથ પર લેવી જોઇએ.

જૈન જનતાના વિશાળ સમૂહના હૃદય તટ પર રમતું-ઉપરનુ ચિત્ર જોયા પછી કયો માર્ગ લેવો એ નક્કી કરવાનું કાર્ય આપણું એટલે વર્તમાન કાર્યકરોનું છે. એ તરફ ધ્યાન દેવાની પળ આવી ચુકી છે. બાકી આંતરિક મતભેદોમાં કોઇ નવો પ્રકાશ નહીં ફેંકાય તો ઘરની ફૂટ ખુદ ઘરનેજ તારાજ કરશે.

ઉદ્દભવવો જોઇએ તે કયા કારણે નથી જન્મતો એના કારણ શોધવાની પળ આવી છે કે કેમ? ડો. રવીન્દ્રનાથ ટાગોર જેવા જીવનમાં ધર્મની ખાસ અગત્ય પિછાની એને અગ્રસ્થાન આપેછે. મહાત્માજી જેવા એના બહુમાન કરે છે ત્યારે આજના ડીગ્રીધારીઓ એને હંબગ લેખે છે! આ જાતની કેળવણી વૃદ્ધિ ઇષ્ટ છે? કે એમાં સંગીન સુધારણા જરૂરી છે?

# પાયાની કેળવણી.

કેળવણી ભણાવે છે વધારે કે ભૂલાવે છે વધારે એ એક સવાલજ છે. આપણે જાણીએ છીએ કે જે ભણે છે તે બાપદાદાનો ધંધો ભૂલેજ છે, અને તેના બદલામાં ઘણા થોડા કાંઇપણ ધંધો નવો શીખે છે. ખેડુતનો ભણેલો છોકરો ખેતીમાં કશું સમજી ન શકે. કુંભારનો અભણ છોકરો માટલાં ઉતારી શકે, પણ એના ભણેલા છોકરાને માટી ખુદતાંયે નહિ આવડે. દરજીનો કેળવાયેલો દીકરો ન સીવી શકે, ન વેતરી શકે. ભણ્યા પછી એ બધાની કોઇ મહેતાગીરી મેળવવા પરજ દ્રષ્ટિ જાય.

આપણા દેશમાં કેળવણીનું પરિણામ ઉલટું એવું આવ્યું છે કે અનેક જાતનું પરંપરાથી ચાલી આવેલું જ્ઞાન પણ ખોવાતું ચાલ્યું છે. ડોશીનું ઘર ગયું વૈદક ડોશી સાથે મરી જાય; કારણ કે એની ભણેલી દીકરીએ એમાં રસ ન લીધો હોય એવીજ રીતે કેટલીયે જાતના કળા-કારીગીરીનાં કામો કેવી રીતે થતાં તે જાણનારા હવે રહ્યા નથી.

છોકરો ચાર ચોપડી ભણે છે અને પ્રશ્ન ઉભો થાય છે કે હવે શું કરવું? ચાર વર્ષમાં બાપના ધંધા પર અણગમો આવે એટલુજ એ ભણ્યો હોય માર્ગ સૂઝતો નથી, તેથી આગળ ભણવાનું નક્કી થાય છે આમ એ મેટ્રિક સુધી જાય છે, અને પાછો એનો એ સવાલ ઉભો થાય છે. વળી કશું સૂઝતું નથી. અને આશા તો અમર છે, તેથી કોલેજમાં જાય છે આમ જીવનનાં ૨૦-૨૨, વર્ષ કશા ધ્યેય વિનાએ આગળ ચાલ્યો જાય છે. જીવનનાં વીસ અમૂલ્ય વર્ષો અનિશ્ચિતતાને સંસ્કાર મજબુત કરવામાંજ વીતે, તેનું આખા જીવન પર કેવું પરિણામ આવે?

—હરિજન બંધુ. તા૦ ૨-૪-૩૯

—શ્રી ચીમનલાલ વાડીલાલ શાહના માંગરોળ જૈન સભાના મંત્રીપદના રાજીનામાથી મુંબઇના જૈનોમાં ઠીક ચકચાર જાગી છે. નવી ચુંટણીની રાહ જોવાય છે.

—શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળની વ્યાયામશાળા લાલબાગ (માધવબાગ) માં હતી તેની જગ્યા મોતીશા ચેરીટીઝના ટ્રસ્ટીઓના હુકમ અનુસાર પાછી સોંપવામાં આવી છે. આ રીતે હાલ તુરત તો વ્યાયામશાળા બંધ થયેલી ગણાય. કહેવાય છે કે ટ્રસ્ટીઓએ આવી ઉપયોગી પ્રવૃત્તિને બનતી મદદ આપવા જૈન સ્વયંસેવક મંડળના ડેપ્યુટેશનને વચન આપેલ છે.

—શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં આ વર્ષે નવા વિદ્યાર્થીઓ દાખલ કરવા ખૂબ રસ લેવાય છે.

—ધી જૈન એસોશીએશન ઓફ ઇંડીઆની સભા મંત્રીઓએ બોલાવી છે.

—માંગરોળ જૈન સભાના મંત્રી તરીકે શ્રી. ચીમનલાલ વાડીલાલે રાજીનામું આપ્યા પછી તેની જગ્યાએ ડો૦ ચીમનલાલ એન. શ્રોફની નિમણુંક થઇ છે. ડો૦ શાહ સ્વભાવે શાંત, મીલનસાર અને ઉત્સાહી હોવાથી માંગરોળ સભાનું કાર્ય સુંદર રીતે ચાલવાની આશા રહે છે.

# આત્મીય એકતા.

આત્મીય એકતાજ સ્ત્રી પુરૂષના જીવનનો આદર્શ હોવો ઘટે. બન્નેએ વિચાર સમન્વય કરતાં શીખવું જોઇએ. આર્ય રમણીમાં જે સેવા પરાયણતા અને સ્વાર્પણ ભાવના હોય છે-પતિ સામે તંદ્રુપ થવાની ભાવના હોય છે તે ભાગ્યેજ બીજે ક્યાંક નજરે પડશે. કોણ કહે છે આર્ય સ્ત્રી પીડિત છે? શોષિત છે? દબાયેલી છે? કચડાયેલી છે? જ્ઞાનપૂર્વકનું-સમાજપૂર્વકનું સ્વાર્પણ એ આદર્શ અતિ ઉત્તમ છે. માતૃભુમિની ખાતર હોમાઇ જવું એનું નામ માતૃભૂમિની ગુલામી નથી. તેમ પત્ની પતિની પાછળ પોતાનું સ્વત્વ ભુલે અને પરવશતા કહેવી એ નરી મૂર્ખાઇ છે. એમાં સ્ત્રી જાતિની સેવા પરાયણતાની અને સ્વાર્પણની ભાવનાની હાંસી છે.

પતિઓ ઘણી વખત મૂર્ખ બને છે. ભાન ભૂલે છે. અધિકાર મત્ત થઇ જાય છે, પ્રભુત્વનો પોતાનામાં આરોપ કરે છે, પોતાની મર્યાદાઓ વિસરે છે. તેમને ઠેકાણે લાવવાની જરૂર છે, પરંતુ તેથી સ્ત્રીઓના ઉચ્ચ ગુણોની કિંમત ઓછી આંકવી તેને પરવશતા કહેવી એ શું વ્યાજબી છે?

અહિંસાની બાબતમાં તે વખતના જૈનોમાં સ્પષ્ટ ખ્યાલ હતો કે અહિંસા વીર પુરૂષોનો ધર્મ છે. કાયરોનો નહિ. કાયરો અહિંસાનું પાલન કરી શકતા નથી. પ્રત્યેક વ્યક્તિમાં સ્વરક્ષણની તાકાત હોવી જોઇએ. વીર્યવાનનું કોઇ નામ લઇ શકતું નથી. વિશ્વમાં નિરંતર બળવાનો અને બળહીનો વચ્ચે દ્વંદ્વ ચાલ્યા કરે છે. જગતમાં ગૌરવ પૂર્વક જીવવા માગતા સમાજે બળવાન રહેવું જોઇએ ખાસ કરીને જૈન કોમ જેવી કોમ, જેનાં ધર્મ મંદિરો અને તીર્થસ્થાનો ભારતવર્ષના વિશાળ પટ પર સ્થળે સ્થળે પથરાયેલા પડયા છે. તેને શૂરાતન વિના પાલવેજ કેમ? શૌર્યના અભાવે તેનું રક્ષણ થઇ શકેજ કેમ? નીર્વીર્ય પ્રજામાંથી બુદ્ધિમાનો અમાત્યો-વિશ્વવ્યાપાર ખેડનારાઓ પ્રકટી શકેજ કેમ? તે વખતના જૈનો સમજતા હતા કે જ્યાં સુધી હથિયારો પકડવાની જૈનોના કાંડા-બાવડામાં તાકાત છે ત્યાં સુધી જૈનોનું ઉન્નત સ્થાન અમર છે. જે દિવસે હથિયારો જશે, શૌર્ય જશે, તે દિવસે જૈન સમાજની અવનતિ થશે તેથી તે વખતનો પ્રત્યેક જૈન પોતાનાં બાળકોને યુદ્ધની તાલીમ આપતો અને તેમને શૂરવીર બનાવતો.

**—વીર દયાલદાસ.**

### ચેતવણી.

કોલ્હાપુરથી એક ભાઇ લખી જણાવે છે કે મલવલી (મહારાષ્ટ્ર) માં આવેલ શ્રી મહાવીર જૈન ચેરિટેબલ હોસ્પીટલના મેનેજર સંસ્થાની મદદ માટે ફંડ ભેગું કરવા ગામેગામ ફરીને કોલ્હાપુરના આગેવાન ગૃહસ્થોના મેમ્બરોના નામો આગળ કરી કોલ્હાપુરના સદ્દગૃહસ્થો તરફથી દસ હજારની મદદ મળી છે એમ જાહેર કરે છે, અને જનતાને ફસાવે છે, માટે સમાજને જણાવવાનું કે આ સંસ્થાના તેઓ મેમ્બરો નથી, તેમ સંસ્થાને મદદ આપી નથી અને આપવા ઇચ્છા નથી તેથી તેવા માણસોથી ચેતતા રહેવું.

# "અણહિલપુર પાટણની રાજવંશાવલી."

લેખકઃ
મુનિ કાન્તિસાગરજી

## લેખાંક ૫ મો

કુમારપાળનો બનેવી કાન્હડદેવ જ્યારે ત્યારે કુમારપાળને મોટા ઓરીસરો સામે ઉપાલંભ આપતો અને ઉપહાસ કરતો હતો તે કારણથી કુમારપાળે પોતાના બનેવીનું અંગચ્છેદ કરાવ્યું કે આજથી અગ્નિમાફક કોઈપણ મારૂં અપમાન ન કરે જેવી રીતે રામચંદ્રજીએ સીતાને એકલી જંગલમાં મોકલીને અન્યાય કર્યો હતો તેવી રીતે કુમારપાળે પણ ઉપકારીના પ્રતિ કૃતઘ્નતા કરીને પોતાના શુભ્ર યશમાં જશકલંક લગાવ્યો છે એવો સ્વર્ગસ્થ વિદ્વાન મુનિરાજ શ્રી હિમાંશુવિજયજીનો મત છે હું પણ ઉપરોક્ત મુનિના મતને મળતો થાઉં છું.

સિદ્ધરાજના સ્વર્ગવાસ પછી અનેક દેશપરદેશના રાજાઓ કુમારપાલ પાસેથી કોઇ પ્રકારે રાજ્ય છીનવી લેવાનો પ્રયત્ન સેવી રહ્યા હતા પણ કાંઈપણ વળ્યું નહિ.

રાજ્યાભિષેક થયા પછી રાજ્યનું ઘણુંખરૂં કાર્ય કુમારપાળ પોતેજ કરવા લાગ્યો, અને મંત્રીઓનો વિશ્વાસ પણ ઓછો રાખતો હતો તે કારણથી અમુક મંત્રી આદિ રાજ્યકારભારીઓએ કુમારપાળ માટે ષડયંત્ર રચ્યું પરંતુ ખાનગી સેવકો દ્વારા માલમ પડવાથી તેને સજાઓ ફરમાવી સ્વર્ગપૂરીમાં પહોંચાડી દીધા.

જ્યારે આચાર્યશ્રી હેમચંદ્રસૂરિને માલમ પડયું કે કુમારપાળ રાજા થઈને વિજયી થયો છે ત્યારે આચાર્યશ્રી પોતાના દીલમાં ખૂશી થયા. પોતાના શિષ્યનો પુરૂષાર્થ જાણીને ભલા કેમ આનંદ ન માને ?

તે વખતે કુમારપાળ માલવામાં હતો, જ્યાં તેનો તંબુ હતો ત્યાં પગેચાલીને હેમાચાર્ય પહોંચ્યા. આચાર્યશ્રીએ ઉદયન દ્વારા તેના સમાચાર જાણ્યા અને રાજાને પૂર્વોપકાર ઉદયનદ્વારા સ્મરણ કરાવ્યા. રાજાને તે બધા ઉપકારો યાદ આવ્યા. રાજાએ આચાર્યશ્રીનું સારી રીતે સન્માન કર્યું અને કહ્યું કે હે ભગવાન! હું ધીરે ધીરે આપશ્રીની બધી આજ્ઞાઓનું પાલન કરીશ તે માટે આપનો સંગ ચાહું છું, તે પછી ભૂપાલની પ્રાર્થનાથી આચાર્યશ્રી હરહંમેશ કુમારપાળ પાસે જઈને ધર્મનીતિ અને રાજધર્મ સમજાવવા લાગ્યા. આચાર્યશ્રીના ચારિત્ર્ય અને પાણ્ડિત્યની અસર કુમારપાળ પર વૃદ્ધિ પામવા લાગી.

ગુજરાતમાં આવવા છતાં પણ તે બન્નેનો સંબંધ પ્રગાઢ થતો ગયો.

એવી રીતે હેમચંદ્રસૂરિની કીર્તિ ખૂબ વધી જવાથી ઇર્ષાળુ અંધશ્રદ્ધાળુ (જૈનેતરો) લોકો સહન કરી શકતા નહિ તેનું કારણ આ હતું કે જૈનસાધુના આદર્શ ઉપદેશથી રાજા સમજશે તો તેના ખુશામત અને ગપ્પાઓની કિંમત ઓછી થઇ જશે. તે કારણથી કઈ લોકોએ હેમચંદ્ર જેવા પવિત્ર મહાત્માની કઇવાર નિંદા રાજા સમક્ષ કરી પરંતુ રાજા સમજદાર હતો અને ખાવુંપીવું ગાડી વગેરેમાં મોજ ઉડાવવી અને પ્રજાના રક્ષણ માટે એક પૈસો પણ ન વાપરવો અને કોઈપણ પ્રકારથી પ્રજાને દબાવી રાજ્ય ચલાવવું એ વિચારનો કુમારપાળ ન હતો અને તેને કોઇપણ જગ્યાએ શંકા થતી હોય તો તેનું સમાધાન હેમચંદ્ર પાસેજ કરી લેતો.

એક દિવસ કુમારપાળે આચાર્યશ્રી હેમચંદ્રસૂરિને પૂછ્યું હે ગુરૂદેવ! મારી કીર્તિ વિક્રમની માફક ચિરસ્થાયી રહેવાનો ઉપાય બતાવો, ત્યારે સૂરિજીએ બે સરળ ઉપાય બતાવ્યા. એકતો પરદુઃખભંજન વિક્રમની જેમ જગતને દેવાથી મુક્ત કરવાનો અને બીજો સોમનાથના મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનો. જગતપ્રસિદ્ધ સોમનાથનું મંદિર તે જમાનામાં બીલકુલ જીર્ણાવસ્થાને પ્રાપ્ત થયું હતું એમ પ્ર. ચિ માં મેરૂતુંગાચાર્ય કહે છે. મહારાજ કુમારપાળને આચાર્યશ્રીની ઉપરોક્ત સૂચના બહુજ પસંદ પડી એટલુંજ નહિ પણ સોમનાથના મંદિરનો જીર્ણોદ્ધાર પણ ચાલુ કરાવ્યો. જ્યાં સુધી સોમનાથના મંદિર પર "ધ્વજારોપણ" ન થાય ત્યાં સુધી હેમચંદ્રના વદવાથી કુમારપાળે માંસમદ્યનો ત્યાગ કર્યો. બે વર્ષમાં મંદિરનું સંપૂર્ણ કાર્ય થવાથી મંદિર પર ધ્વજારોપણ કર્યું અને રાજાએ હેમાચાર્યના પ્રતિ મહાદેવની સ્તુતિ કરવાને માટે પ્રાર્થના કરી અને આચાર્યશ્રીએ નવી સ્તુતિ બનાવીને કહી ત્યારે રાજાને આનંદનો પાર ન રહયો. શિવજીએ મંદિરમાં આવીને સાક્ષાત દર્શન આપ્યાં. કુમારપાળે આજીંદગી પર્યન્ત માંસ ન ખાવા વિષે હેમાચાર્યના કહેવાથી પ્રતિજ્ઞા કરી.

ઉપરોક્ત કુમારપાળનું વર્ણન 'ભારતીય અનુશીલન" માંથી મુનિરાજ શ્રીમાન હિમાંશુવિજયજીનાં લેખમાંથી સુધારા વધારા સાથે અનુવાદ કરવામાં આવ્યું છે માટે અત્રે તે વિદ્વાન મુનિરાજનો આભાર માનવો અસ્થાને નહિ ગણાય.

કુમારપાળે શત્રુંજય તીર્થનો સંઘ કાઢયો હતો. અને ૭ વાર સોમનાથ અને શત્રુંજયાદિ તીર્થોની યાત્રા કરી હતી.* જ્યાં જ્યાં જીર્ણ મંદિર હતાં ત્યાં તેના ઉદ્ધાર કર્યા હતા અને એણે કુલે મલીને ૧૬૦૦ જીર્ણોદ્ધાર કરાવ્યા અને ૧૪૪૪ નવા મંદિરો ઉપર કળશ ચઢાવ્યા હતા.

મહારાજા કુમારપાળે દરેક જગ્યાએ જિનમંદિરો નિર્માણ કરાવ્યાં તેમાં સાૈથી પહેલાં પાટણમાં શ્રીમાલ મંત્રી "ઉદયન" ના પુત્ર વાગ્ભટ્ટ [બાહડ] વાયડ વંશીય ગર્ગશેઠ આદિની દેખરેખ નીચે કુમાર વિહાર નામે ૨૪ જિનનું મંદિર નિર્માણ

*કુમારપાળની યાત્રાનું વર્ણન લીંબડી ભંડારમાં એક છુટક કથાની જૂની પ્રતમાં આપ્યું છે તેમાં જણાવ્યું છે કે તે યાત્રામાં રાણી [ ભૂપો ] પલદેવી ! પૂત્રી લીખૂ દોહિત્રીઓ, પ્રતાપમલ, ઉદયનસુત વાગ્ભટ્ટ ( બાહડ ), ષડભાષા ચક્રવર્તી શ્રીપાળરાય-નાગશેઠ સુત આભડ, છન્નુલક્ષાધિપતિ છાણાક અને ઘણા કોટિધ્વજ શેઠ સાથે હતા.

[ જૈ. સા. ઇ. પૃષ્ઠ ૨૬૩ ની ફુટનોટ. ]

કરાવ્યું.× પછી પોતાના પિતા ત્રિભુવનપાલના સ્મરણાર્થે "ત્રિભુવન વિહાર" નામનું ૭૨ જિનાલયવાળું મોટું મંદિર બંધાવ્યું તે સિવાય જુદા ૨ મંદિરો તેમજ ત્રિવિહાર પ્રમુખ બીજા પણ પુષ્કળ વિહારો ફક્ત પાટણમાંજ કરાવ્યા હતા. અને કુમારપાળે તારંગાજીના પહાડપર અજીતનાથજીનું (જૈનોના ૨ જા તિર્થંકર) ભવ્ય દહેરૂં [સોમસુંદરાચાર્યના સમયમાં સંઘપતિ ગોવિંદના શુભ પ્રયાસથી જીર્ણોધ્ધૃત થઈ] જે અદ્યાપિ મોજુદ છે, અને +સુવર્ણગિરિ (જાલોર) નાગઢ ઉપર કુમારપાળે સંવત ૧૨૨૧ માં કુંવર વિહાર નામનો પ્રાસાદ બનાવ્યો હતો તે હાલ મોજુદ છે.

કુમારપાળે ગુજરાતના માંડલિક રાજાઓના રાજ્યમાં અમારિ (અહિંસા) કરાવી હતી અને પોતાના સમસ્ત રાજ્યમાં ૧૪ વર્ષ સુધી અહિંસાનો સારામા સારો પ્રચાર કરાવ્યો હતો. તેણે નાના મોટા ૧૪૦૦ જિનમંદિરો બંધાવ્યા તેથી ધર્મસાધના સાથે શિલ્પકળાનો વિકાસ સાધ્યો હતો.

કુમારપાળે એકવીસ જ્ઞાન ભંડાર તથા પોતાના રાજકીય પુસ્તકાલય માટે જૈન આગમ ગ્રન્થો અને આચાર્ય હેમચંદ્ર પ્રણિત યોગશાસ્ત્ર–વીતરાગસ્તવની હાથપોથી સૂવર્ણાક્ષરે લખાવ્યાની નોંધ કુમારપાળ પ્રબંધાદિમાં છે. (જૈ. સા. ઇ.) અને તે હંમેશાં ઉપરયુકત બંન્ને પુસ્તકોનો સ્વાધ્યાય કરતો હતો.

કુમારપાળના શૈવ અને વૈષ્ણવ મંદિરોના શિલાલેખોમાં "**उमापतिवरलब्ध**" વિશેષણ દ્રષ્ટિગોચર થાય છે એને આધારભૂત માનીને સાક્ષરવર્ય શ્રીયુત કેશવલાલ હાર્શદરાય ધ્રુવમહાશય **प्रियदर्शना** ની પ્રસ્તાવનામાં લખે છે કે કુમારપાળ જૈન નહતો પણ આ કથન ઉચિત નથી કારણ કે વિ. સ. ૧૨૧૬ના પહેલાંના શિલાલેખોમાંજ ઉપર્યુકત વિશેષણ જોવામાં આવેછે ત્યાં સુધી તે જૈન ન થયો હતો બીજું કારણ પણ છે કે ચૌલુકય–સોલંકી કુળના માન્યદેવ પરંપરાથી સોમનાથ મહાદેવજ છે. માટે જૈન હોવા છતાં પણ તેને માટે "**उमापतिवरलब्ध**" કોઈ લખે તો અનુચિત નથી. જૈન ધર્મ અંગિકાર કર્યા પછી કુલપરંપરા છોડવાનું જૈન ધર્મ કહેતો નથી. જૈનસાધુ થયા પછી ઇન્દ્રભૂતિ ગણધરે ગૌતમ ગોત્રરાખ્યું હતું. ટોડ રાજસ્થાનના ટોડ સાહેબે જૈન અને બૌદ્ધ એક માનીને કુમારપાળ બૌધધર્મી હતો એમ લખવાનો પ્રમાદ સેવ્યો છે.

એવી રીતે કુમારપાળે અણહિલપુર પાટણની ગાદી ઉપર ૩૧ વર્ષ રાજ્ય કરી ૮૦ વર્ષની વયે જૈનધર્મને દીપાવી, આ અસાર સંસારને છોડી એના આત્માએ સ્વર્ગપુરી અલંકૃત કરી. વિચારશ્રેણિમાં કુમારપાળે ૩૦ વર્ષ રાજ્યકર્યાનો ઉલ્લેખ મળે છે.

"દિવાપાછળ અંધારૂં" એ નામને અનુસરી કુમારપાળના સ્વર્ગવાસ પછી તેનો ભત્રિજો અજયપાળ જૈનદ્વેષી, નિર્દય રાજા થયો. તેના પૂર્વજોએ જેટલી જૈન શાસનની સેવા બજાવી હતી તેટલોજ અગર તેથી પણ વધારે અત્યાચાર તેણે ક્ર્યો હતો. કુમારપાલે જે જે જૈન મંદિરો નિર્માણ કરાવ્યા હતા તેનો નાશ કરવાનું કાર્ય તેણે ચાલુ રાખ્યું હતું. હેમચંદ્રસૂરિશ્વરજીના પટ્ટધર મહાકવિ રામચંદ્રસૂરિને તેનો જ ગુરૂભાઈ બાલચંદ્રની વિચિત્રતા ભરી શીખવણીથી તપાવેલ તાંબાની પાટપર બેસાડી જીભ ખેંચીને સ્વર્ગપૂરિનો રસ્તો બતાવ્યો.

(પ્રાચિ. ચ. પ્ર.)

અજયપાલનું ખૂન વિજલદેવ નામના એક દ્વારપાલે કટારીથી કર્યું હતું.

અજયપાલના સ્વર્ગવાસ પછી તેનો પુત્ર મુલરાજ (બીજો) ગાદીપર આવ્યો અને બે વર્ષ રાજ્ય કરી મરણ પામ્યો. મૂલરાજના સ્વર્ગવાસ પછી તેનો લઘુ બંધુ ભીમદેવ (બીજો) ગુજરાતની ગાદીપર બાળવયે આવ્યો તેથી તેના મંત્રીઓએ અને સામંતોએ તેનું ઘણું ખરૂં રાજ્ય પોતાને કબજે કર્યું. બહારના દુશ્મનોના હુમલામાંથી રક્ષણ કરવાને ભીમદેવ શક્તિમાન ન થયો. આથી તે નામ માત્રનોજ રાજા રહ્યો. ઉપર્યુક્ત નરેશે પાટણની ગાદીપર ૬૩ વર્ષ રાજ્ય કર્યું. આવી રીતે ચૌલુકવંશે ૧૦ મી શતાબ્ધીથી ૧૩મી શતાબ્ધી સુધી રાજ્ય ભોગવ્યું.

ભીમદેવ પછી પાટણનું તખ્ત વાઘેલા વંશના વીરધવલ (વાળકાવસાવ્યું તે) ના હાથમાં ગયું અને ત્યારથી ચૌલુકયવંશનો સૂર્ય અસ્ત થયો. ચૌલુકય વંશના રાજના સમયમાં સાહિત્યની સેવા સારામાં સારી થઇ હતી. એ પૂરાતત્વના બીજા વર્ષના ૪ અંક ઉપરથી બરાબર જાણી શકાય છે. (અપૂર્ણ.)

×કુમારપાળ પ્રતિબોધમાં ઉક્ત જિનાલયનું વર્ણન અષ્ટાપદ સમાન ચોવિસ જિનાલયથી રમણીય સૂવર્ણધ્વજ દંડો વાળું ચંદ્રકાન્તમય પાર્શ્વનાથની મૂળ પ્રતિમાવાળું ને તે ઉપરાંત સોના, રૂપા, તથા પિત્તળને અન્ય અનેક પ્રતિમાવાળું હતું વળી આ મંદિરનો વિસ્તાર પૂર્વક વર્ણન કુમાર વિહાર શતકમાં રામચંદ્રગણિએ કર્યું છે. તે જુઓ [ઉપરોકત પુસ્તક પૃષ્ટ ૨૬૩]

+ઉપરોક્ત જૈન તિર્થનો ઇતિહાસ જાણવા માટે "જૈન રૌપ્ય મહોત્સવ અંકમાં જૈન તિર્થ સૂવર્ણગિરિ" નામનો મુનિશ્રી કલ્યાણવિજયજીનો લેખ જોવો [પૃષ્ટ ૪૨ થી ૫૫]


તમારા ઘર, લાઇબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ

**જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો.**

**રૂા. ૧૮–૮–૦ ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭-૮-૦ માં ખરીદો.**

| | અસલ કિંમત | ઘટાડેલી કિંમત. |
|---|---|---|
| શ્રી જૈન ગ્રંથાવલી | રૂા ૩–૦–૦ | ૧–૦–૦ |
| શ્રી જૈન મંદિરાવલી | રૂા. ૧–૮–૦ | ૦–૮–૦ |

જાણીના સાક્ષર શ્રી મોહનલાલ દ. દેશાઇ કૃતઃ—

| | | પૃષ્ટ. | |
|---|---|---|---|
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો | રૂા. ૫–૦–૦ | ૧૦૦૦ | ૧–૮–૦ |
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો | રૂા ૩–૦–૦ | ૮૫૦ | ૧–૮–૦ |
| શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ | રૂા. ૬–૦–૦ | ૧૨૫૦ | ૩–૦–૦ |

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા. ૪–૦–૦ માંજ.

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખોઃ—**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ.**
૨૦, પાયધુની—**મુંબઇ, ૩**

# જેવો તેવો સંયમી, સિદ્ધાચળ પૂજનીક??

આજકાલ ઉપરના મંતવ્યને લઇને પાલીતાણામાં જે સ્થિતિ પ્રવર્તે છે તે શોચનીય છે એટલુંજ નહિં પણ ધરખમ સુધારણા માંગે છે. સાંભળવા પ્રમાણે એ વાકયનુ મૂળ શ્રી 'શત્રુંજય મહાત્મ્ય'માં સમાયેલું છે. ગમે તેમ હો, પણ એટલું તો નક્કી છે કે કયાંતો એ વાકય પાછળનો ભાવ યથાર્થ રીતે સમજાયો નથી કિંવા એ ઉલ્લેખના સમયમાં અને આજના સમયમાં અતિ ઘણો તફાવત પડી ગયો છે. એટલે એ વાકયના આધારે જે વિષમ પરિસ્થિતિ ચક્ષુ સામે ખડી થઇ છે એ ચલાવી લેવા જેવી નથીજ. એથી તો પવિત્ર એવા સાધુ જીવનમાં–એને લગતાં આચાર–વિચારમાં એવો તો સડો લાગવા માંડયો છે કે જો એ સંબંધમાં વર્તમાન સૂરિ મહારાજો અને જૈન અગ્રેસરો ધ્યાન આપી કોઇ નવેસરથી નિયમન નહીં કરે તો દિવસ જતાં એ સડો સાધુતાના મૂળમાં જ ઘા કરશે. ત્યાગી યાને નિર્ગ્રંથ જીવન માટેની જે ઉમદા પ્રણાલિકા છે તે હતી ન હતી થઇ જશે અને પૂનિત તીર્થની છત્રછાયામાંજ શ્રી આચારાંગ સૂત્ર કે દશવૈકાલિક સૂત્રમાં પ્રભુ શ્રી મહાવીરદેવે સાધુ–સાધ્વી માટે જે સુંદર નિયમો દર્શાવ્યા છે તે ઉપર કાલીમાનો કૂચર્ક ફરી વળશે. જો કે આજે પણ એમાં હદ બહારની છુટછાટ વધી પડી છે એ માત્ર જૈનોજ નહિં પણ જૈનેતર વર્ગ પણ જોવા લાગ્યો છે અને સમય મળતાં ટીકા પણ કરે છે. આમાં સૂકાભેગા લીલુ બળવા જેવું થાય છે એટલે કેટલાક સદ્દગુણી સંતો અને કેટલીક પૂનિત પંથે વહી રહેલ સાધ્વીઓ કેવળ તીર્થયાત્રાના પવિત્ર હેતુથી અમુક કાળ પર્યંત વસવાટ કરતા છતાં–તેમજ આહાર–વિહારમાં સાધુ ધર્મને બંધ બેસતી મર્યાદા સાચવતાં છતાં–મોટા ભાગના અમર્યાદિત વર્તન ભેગા તેમની ગણના થાય છે.

સૂર્યોદય પૂર્વે સાધુ–સાધ્વી માટે ઉપાશ્રના અવગ્રહ બહાર પગ મૂકવાનું નિષિદ્ધ છતાં પાછળી રાતના પૂરા પાંચ પણ ન વાગ્યા હોય છતાં ડુંગર ચઢવા નીકળી પડવું એ વ્યાજબી છે? ધર્મશાળાની નજીકમાંજ–રાહદારીના અવર જવર માર્ગે–અરે યાત્રાળુઓના જંગલ જવાના માર્ગે–સાધ્વીઓ ઠલ્લા સારૂ બેસે એ ઉચિત છે ખરૂં? શહેરમાં સંખ્યાબંધ ધર્મશાળાઓ ખાલી છતાં મોટો ભાગ બહારની ધર્મશાળામાં ઉતરે છે–સંખ્યાબંધ ઓરડીઓ રોકે છે જોડમાં યાત્રાળુઓ રહેતાં હોય છે! ઉપરના ભાગમાં કેટલાક સ્થળે સાધુઓ હોય છે અને નીચેના ભાગની ઓરડીઓમાં સાધ્વીઓ રહે છે. પ્રતિક્રમણ વેળા દીવાની ઉજેઇનો ચોકખો સંભવ હોય છે. પડોશમાં ગ્રહસ્થી હોય એટલે નવવાડ પાલનમાં સ્હેજે સ્ખલના થવાનો પ્રસંગ આવેજ–છતાં મોટા ભાગના સાધુ–સાધ્વીઓ બહારનીજ ધર્મશાળામાં રહેવાનુ પસંદ કરે છે! તેમને સાધુ ધર્મના ઉમદા નિયમોની કંઇજ પડી હોતી નથી. બચાવ એકજ કરાય છે કે ડુંગર જવાનુ નજીક પડે. તેઓ ભૂલી જાય છે કે યાત્રાળુઓના ગાઢા સહવાસથી તેઓના આચાર–વિચારમાં કેવી ક્ષતી પહોંચે છે. એથીજ રસગૃદ્ધિને જાતજાતની લાલસાઓ ઉદ્દભવે છે. પુસ્તક કે ઉપકરણ સંગ્રહની વૃત્તિ જોર પકડે છે. ખપ ઉપરાંતની ચીજો સંગ્રહાય છે. ભક્તિના વગર વિચાર્યા ઘેનમાં શ્રાવક–શ્રાવિકાઓ પણ ચીજો અપાએ જાય છે. આહાર તો લગભગ આધા કર્મી વહોરાવાય છે. પોસ્ટ કાર્ડ સાબુ આદિ વહોરવા સારૂ સાધુ–સાધ્વીના ફેરા ચાલુજ હોય છે. વાત ત્યાં સુધી આવી પહોંચી છે કે યાત્રાળુ ધર્મશાળામાં પગ મૂકે ત્યાં તો એકાદ સાધ્વી આવીને પ્રશ્ન કરે કે પોસ્ટ કાર્ડની જરૂર છે. કદાચ નથી એમ કહેવામાં આવે તો કાલે લાવજો. હું લેવા આવીશ એમ કહી જાય.

વહોરવાના સમયની કતાર (હાર) જોઇ મન મુંઝાઇ પડે! દેશમાં તો એક ખડકીમાં સાધુ ગયા હોય તો સાધ્વી બીજી પોળમાં જાય જ્યારે અહીં તો એક પછી એક આવેજ જાય. અને જ્યાં કંઇ મિષ્ટાન્ન હોય ત્યાં તો ધમાલ થઈ પડે. આ ચિત્ર દોરતાં સાચેજ કલમ ધ્રુજે છે અને સંકોચ પણ થાય છે પણ અંતર પોકારે છે કે અમારી પવિત્ર સંસ્થાનું આ જાતનુ અધઃપતન વધુવાર ચલાવી લેવા જેવું નથી–એમાં ડોશી મરે તેના ભય કરતાં યમ ઘર જોઇ જવાનો ભય વધુ છે એ કહેતી અનુસાર થોડા શિથિલ થાય એ કરતાં આખી સંસ્થાને ડાઘ લાગે–અનગારના આચાર નિંદાપાત્ર બને એ ધાસ્તી વધુ લાગવાથી અનુભવ્યા કરતાં ઘણી સાદી ભાષામાં વાત મૂકી છે.

બાકી કેટલાક જતિ અને શિથિલાચારી તો માત્ર આહાર ગ્રહણ વેળાજ અંચળો ઓઢે છે ને જોઇએ એના કરતાં અતિ ઘણુ લઈ જાય છે! એમાંથી નોકર–ચાકરના મોં મીઠા થાય છે એટલે સુધી સાંભળ્યું છે. પુસ્તક–અને દવાના નામે કિંવા ઉપકરણના નામે બુકસેલર આદિને ત્યાં દ્રવ્ય જમા કરાવાયાની વાતો પણ કર્ણપટ પર આવી છે. સાધ્વી ગણમાં આ પ્રથા વધુ બળવત્તર બની છે. એકનુ એક પુસ્તક ત્રણ યાત્રાળુઓના નામે ખરીદાય અને આખરે અભ્યાસ વિહુણુ બુકસેલરના સ્ટોકમાંજ પાછુ ફરે! આ બધુ સાધુતાના પવિત્ર વેશ હેઠળ અને શાશ્વત તીર્થના પ્રદેશમાં! કયાં સુધી ચલાવી લેવા જેવું છે? દર્દને દાબી રાખવાથી એ પાકે છે અને અંગને નકામુ બનાવે છે માટે ભક્તિના ઓથે કે નિંદાની બીકે આ બધું છાવરવાનું માંડી વાળી, સ્થિતિ સુધારવા ઘટતા ઉપાય હાથ ધરવાની અગત્ય છે. પવિત્ર સંસ્થા જનતાની નજરમાં ઉતરી જાય અગતો ધર્મના ઉમદા આચાર ટીકાપાત્ર બને એ પૂર્વે ઇલાજ કરવાની જરૂર છે.

લે **M.**

## શ્રી કોન્ફરન્સ કેળવણી પ્રચાર સ્થાનિક સમિતિને મળેલી વધુ મદદ.

ઉપરોક્ત સમિતિને ચાલુ સાલ માટે નીચે જણાવ્યા મુજબ વધુ રકમની મદદ મળી છે.

૧૫૧ શેઠ માણેકલાલ ચુનીલાલ
૫૧ શેઠ ખુબચંદ સરૂપચંદ
૩૬ શેઠ અંબાલાલ લલ્લુભાઇ પરીખ.

લી० મંત્રીઓ,
કો. કે. પ્ર. સ્થા સમિતિ,

આ પત્ર મી० માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA." Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રીઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમઃ—રૂપીઆ બે. છુટક નકલઃ—દોઢ આનો.

વર્ષ { જુનું ૧૨ મું. નવું ૭ મું. } રવિવાર તારીખ ૧૬ મી જુલાઈ ૧૯૩૯. { અંક ૨૪ મો.

## ઇતિહાસકી આવશ્યકતા.

"કીસી બચ્ચેકી શિક્ષા તબતક પૂર્ણ નહીં સમજી જાસકતી જબતકકિ ઉસકો ઉસ જાતિ ઔર ઉસ સમાજકે ઇતિહાસકા જ્ઞાન નહો-જિસકે અંદર વહ ઉત્પન્ન હુઅ હૈ ઔર જિસમેં રહકર ઉસે અપને માનુષી કર્તવ્યોંકો પૂરા કરના હૈ. પ્રત્યેક વ્યક્તિ જો સંસારમેં જન્મ લેતા હૈ વહ બહુતસી પ્રવૃત્તિયાં અપને માતા પિતા ઔર પ્રાચીન પૂર્વજોંસે દાયમેં પાતા હૈ. જિસ પ્રકાર પ્રત્યેક મનુષ્ય અપને પૂર્વજોંકા પ્રતિનિધિ હૈ ઉસી પ્રકાર પ્રત્યેક માનુષી સમૂહ અપનેજાતીય પૂર્વજોંકા પ્રતિનિધિ હૈ. કોઇ સમાજ અપની વર્તમાન અવસ્થાકો પૂર્ણ રૂપસે નહીં જાનસકતા જબતક ઉસે યહ જ્ઞાન નસો કિ વહ કિન કિન અવસ્થાઓંસે હોકર યહાંતક પહુંચા હૈ.

સમાજકી ઉન્નતિકે લિયે યહ આવશ્યક હૈ કિ ઉસે અપની સબ પૂર્વ અવસ્થાઓંકા જ્ઞાનહો-પ્રત્યેક મનુષ્ય ઔર પ્રત્યેક માનવ સમુદાય અપને સમાજકી વર્તમાન અવસ્થાસે પ્રભાવિત હોતાહૈ. વર્તમાન અવસ્થાએં ભૂતકાલીન અવસ્થાઓંકા પરિણામ હુઆ કરતા હૈ. ઐસી અવસ્થામેં પ્રત્યેક માનવ સમુદાયકી ઉન્નનિકે લિયે આવશ્યક હૈ કિ ઉસકો અપની જાતિકે ઇતિહાસકી અચ્છી જાનકારીહો. જબતક ઉસકો ઐસી જાનકારી ન હો વહ આપની જાનિકી ઉન્નતિ ઔર સુધારકે ક્ષેત્રમેં કોઇ યથોચિત પગ ઉઠાનેકે યોગ્યં નહીં હો સકતા-"

જૈન સમાજ અપની વર્તમાન અધોદશાસે નિકલનેકે પ્રયત્નમેં પ્રયાસશીલ હૈ; પરન્તુ ઉસકે પાસ અપને પૂર્વજોકા એક ક્રમબધ્ધ ઇતિહાસ ન હોનેકે કારણ વહ અપને ઇસ શુભ પ્રયાસમેં ઉતની સફલ મનોરથ નહીં હૈ જિતની કિ હોનેકી આશા થી. અપને પૂર્વજોકી ઉન્નતદશા ઔર અપની વર્તમાનકાલીન અવનત દશા એવં ઉનકે કારણોંકો જબ હમ ધ્યાનમેં લાયેંગે તબ-હી યથાર્થ ઉન્નતિકી ઓર પગ બઢા સકેંગે.

હમારે અંતિમ તીર્થંકર ભગવાન મહાવીરને હમકો ઇસ વિષયમેં પૂર્ણ સાવધાન કર દિયા થા. અર્થાત્ જિસ જિસ આત્માકો અપના, લોકકા ઔર ભૂત-ભવિષ્યત વર્તમાનકા ધ્યાન નહીં હૈ વહ સત્યમાર્ગકા અનુશીલન નહીં કર સકતા-અપને સાર્વધર્મકી ઉપયોગિતા જગતકે નિકટ પ્રગટ નહીં કર સકતા. ઇસલિયે પ્રત્યેક જૈનીકા કર્તવ્ય હૈ કિ વહ અપની જાતિમેં વાસ્તવિક-રીત્યા કર્તવ્ય પરાયણ હોનેકે લિયે જૈન ઇતિહસકા જ્ઞાન રકખે.

—બાબુ કામતાપ્રસાદજી જૈન.

**જૈન યુગના પ્રકાશનનું બીજું વર્ષ પૂરૂં થાય છે. ચાલુ વર્ષની કાર્યવાહીમાં પત્રકારિત્વની દૃષ્ટિએ કોઇપણ વ્યક્તિનું દિલ દુભાવવાનો પ્રસંગ બન્યો હોય તે બદલ ક્ષમા ચાહી, અમોને જે બંધુઓએ સહકાર આપ્યો છે તેઓનો આભાર માની વિરમીએ છીએ.**

લી૦ સેવકો,

**મોહનલાલ દીપચંદ ચોકસી**
**મનસુખલાલ હીરાલાલ લાલન**

સભ્યો-જૈન યુગ સમિતિ.

**उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ ! दृष्टयः**
**न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**

**—श्री सिद्धसेन दिवाकर.**

**અર્થઃ**—સાગરમાં જેમ સર્વ સરિતાએ સમાય છે તેમ હે નાથ ! તારામાં સર્વ દૃષ્ટિએ સમાય છે. પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાએમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

જૈન યુગ.
તા૦ ૧૬-૭-૩૯. રવીવાર.

# શ્વેતાંબર મૂર્તિપૂજક મહાસંઘ.

ભાગલા-પક્ષો કે તડા એ જાણે આ યુગનો એક આવશ્યક ધર્મ થઇ પડયો છે. રાષ્ટ્રિય મહા સભા જેવી મહાન્ સંસ્થાથી માંડી, સામાન્ય વર્તુળમાં કામ કરતી અદની સંસ્થા પ્રતિ જોશું તો એમાં પણ વાડાબંધીનું તત્વ જણાશે. એ પાછળ ભિન્ન ભિન્ન સિદ્ધાંતોની માયાજાળના ગુંચળા વીંટાયા હશે કે હરિફાઇમાં આગળ આવવાના ખરા ખોટા દાવ નંખાયા હશે. છતાં એ બધી જહેમત પછી જ્યારે નફા નુકશાનની તારવણી કરીએ છીએ ત્યારે કેવળ ઉધાર પાસુજ મોટું દેખાય છે. માત્ર સંસ્થાનો ભાવિ વિનાશજ આંખ સામે ડોકીયા કરતો હોય છે! અનુભવી અને ડાહ્યા પુરૂષો આ સામે લાલબત્તી ધરે છે. જાત જાતની ચેતવણીએ આપે છે અને મૂળ લક્ષ્ય ન વીસરાય એ સારૂ બનતા પ્રયાસ સેવે છે. આમ છતાં ભાવિ વાંચવાની તાકાત તો તેમનામાં પણ નથી હોતી. પુરૂષાર્થ કરવો એજ ધર્મ તેઓએ સ્વીકાર્યો છે.

આપણા મહા સંઘનો પણ છેલ્લા દાયકાનો ઇતિહાસ આવોજ કરુણ છે. એ વેળાના આંદોલનોમાં કંઇ કંઇ નવનવા પરપોટા ઉદ્‌ભવ્યા અને અસ્ત થયા ! જાત જાતની દળબંધી ઉભી કરાઇ અને એનો અંત પણ થઇ ગયો ! ઉધઇના રાફડા માફક મનોહરવર્ણી સંસ્થાઓના મુહૂર્ત થયા અને આજે ઘણી ખરી તો નામશેષ થઇ ચુકી ! જે કંઇ રહી છે તે પણ ટગુમગુ દશા કરતાં વધુ સંગીન કાર્ય દર્શાવતી નથી. આ ભીષણ સંક્રાતિ કાળમાં શ્વેતાંબર મૂર્તિપૂજક મહા સંઘ પણ ઠેર ઠેર વેર વિખેર દશામાં આવી પડયો. એની જબરદસ્ત સંસ્થામાં ભાગલા પડયા. એના પ્રૌઢ આગેવાનો જુદી જુદી શિબિરમાં વહેંચાઇ ગયા. સંઘ એક ગૌરવ વંતી સંસ્થા મટી જઇ પરસ્પર દાવ ખેલવાની સમરભૂમિ સમ બન્યો. એમાં જે હાનિ સાંપડી એનો આંકતો કોઇ ભાવિ ગણિત વેત્તા કહાડે ત્યારે જણાય ! એથી જે ખાના ખરાબી થઇ છે એનું ચિત્ર તો કોઇ તલસ્પર્શી ઇતિહાસકાર દોરે ત્યારે સમજાય.

છતાં આજે દરેક ખૂણે એ આપસ આપસની તાંડવલીલા સામે તિરસ્કાર છુટયો છે. હવે ચાલુ ન રહે એ સારૂ ઉપાયો લેવાની હાકલ ઉઠી છે. એ માટે સંગઠન પ્રેમીને સેવાભાવી કાર્યકરો કામે પણ લાગી ગયા છે. જૈન સમાજનું ભવિષ્ય ઉજ્વળ હશે-દેશ કાળના પલટાતા વાતાવરણ વચ્ચે જે સમાજ પચીસો વર્ષોથી ચાલ્યો આવે છે અને વધુ વર્ષો સુધી આગે કુચ ચાલુ રાખવાનું નિર્માયુ હશે તો અવશ્ય એનું પુનઃ ઐક્ય સંધાશે. એમાંજ વણિક વર્ગની લાંબી નજરની પ્રશસ્તિ છે. પ્રજ્ઞા સંપન્નતાનો પુરાવો છે. પ્રાપ્ત થયેલ અમૂલ્ય વારસાનું સંરક્ષણ છે. પણ એની શકયતાનો આધાર જનતાના હાર્દિક ટેકા પર છે.

આજે એ પરજ મીટ માંડવાની છે. વ્યકિતગત મતફેરોને ભૂલી જઇ, 'આમ થવુંજ જોઇએ નહિં તો અમારૂં નાક જાય. અમુક ન થાય તો અમો સાથે ઉભીજ ન શકીએ.' એવા વેવલા પ્રલાપો મૂકી દઇ પરિસ્થિતિનું સચુ માપ કહાડી પુનઃ એકવાર અંતરમાં એ ભાવનાને રમતી કરવાની અગત્ય છે કે **કેવી રીતે અમારો શ્વેતાંબર મૂર્તિપૂજક મહા સંઘ સંગઠિત બને અને અભ્યુદયના પંથે પળે.** આથી અન્ય સંપ્રદાયનું ઐકય વીસરવાનું નથી. એકનું જો દૃઢ થશે તો આપોઆપ એની અસર અન્ય પર પડવાની સર્વાંળે શ્રી મહાવીર દેવનો ધર્મ જગતને ધડો લેવા જેવો થવાનોજ. અમલી કાર્યની છાયા તો ઘણે દૂર સુધી ફેલાય છે.

જેમ એક રાષ્ટ્ર નેતાએ કહ્યું છે કે જ્યાં સુધી આપણે ગુલામ છીએ ત્યાં સુધી આપણા સર્વનું એક અને પ્રથમ ધ્યેય તો એ પરતંત્રતાની બેડી ફગોટી દઇ આઝાદ બનવા રૂપ હોવું જોઇએ. એ ટાણે પરસ્પરના મતફેરોની વિચારણાજ અશકય છે. જુદા જુદા ધ્યેયવાળી સસ્થાઓ ઉભી કરવાનું કંઇજ પ્રયોજન નથી; તેમ આપણે પણ આજે જો સાચેજ પ્રગતિ સાધવા માંગતા હોઇએ તો યંગમેન કે યુવક-સોસાયટી કે સંઘ-રૂઢિ ચુસ્ત કે સુધારક-આદિભાવો ભૂલી જઇએ અને શ્વેતાંબર મહા સંઘનું એકધારૂં છત્ર ખડુ કરીએ.

આપ લેના સિદ્ધાંતથી અગર તો તોડ જોડના વાર્તાલાપથીજ આ સ્થિતિ જન્મી શકે તેમ છે; બાકી ખેંચવા જતાં જે કંઇ રહ્યું છે તે પણ તૂટી જવાનું છે. રખે કોઇ માને કે એની ભસ્મમાંથી નવ સમાજનું સર્જન કરશું.

એ ભ્રમ છે કેમકે સર્જનહાર કંઇ ઠેર ઠેરને વારે કવારે નથી પાકતા. એ શકિત તો કોઇ વીરલ હસ્તોમાં રહેલી હોય છે. આજે જૈન સમાજમાં એવો વીરલ હાથ નથી દેખાતો.

માટે નવસર્જન કરતાં જીર્ણોદ્ધાર કરવો ઉચિત છે.

# નોંધ અને ચર્ચા.

**સેવાભાવીદળ**—જૈનધર્મનો ભારત વર્ષમાં જે ચોતરફ વિસ્તાર છે એના પૂનિત તીર્થ-પવિત્ર દેવાલયો જે જુદા જુદા ભાગમાં પથરાયેલા છે અને એના સિધ્ધાંતોમાં સારાયે વિશ્વના જીવોસહ મૈત્રી સબંધ જોડી એકધારૂ સંગઠન-કરવાની જે શક્તિ છે-એ જોતાં જૈન સમાજને બીજી કોઇપણ અગત્ય કરતાં એક વિશાળ સેવાભાવીદળ'ની વધારે જરૂર છે. 'સર્વન્ટસ ઓફ ઇન્ડીયા સોસાયટી'ના પ્લાન મુજબ એની રચના થવી ઘટે છે. વિચારક-ઉપદેશક-લેખક-ભાષણકાર અને પુરાતત્વ કોવિદ આદિ દેશકાળને ઉપયોગી ભિન્ન ભિન્ન શક્તિઓ ધરાવનાર અને એ સાથે અંતરના ઉમળકાથી સેવાના ક્ષેત્રમાં જીંદગી હોમનાર જૈન-ધર્મી બંધુઓ ને એકત્ર કરી એક સંઘ ઉભોકરવામાં આવે-તો ઉપર દર્શાવ્યું તેમ જુદા જુદા પ્રદેશમાં વિખરાયેલ વારસાનુ સંરક્ષણ યોગ્યરીતે થઇ શકે જૈન ધર્મના ઉમદા ને ઉદાર તત્વોનું પ્રચાર કાર્ય સુલભતાથી હાથ ધરી શકાય અને શોધખોળના અભાવે આપણો જે પુરાતન સંગ્રહ કયાં તો લુપ્તપ્રાય થઈ રહ્યા છે અથવા તો બીજા ધર્મના નામે ચઢાવાયો છે તે પુનઃ પ્રાપ્ત થાય. એ ઉપરાંત મુખ્ય અને મહત્વનો લાભ તો એ છે કે આપણી જે સંસ્થાઓ આજે ઉત્સાહી કાર્યકરોના અભાવે-સતત પ્રચારને જાગ્રતિના અભાવે-સાવ સુષુપ્ત દશામાં લગભગ આવી પડી છે એમાં પુનઃ નવચેતનાનો સંચાર થાય. એટલુંજ નહિ પણ ચોવીસે કલાક કામ કરનારા મળવાથી એનો દિદાર ફરીજાય અને અલ્પ કાળમાં એકધારૂં સંગઠન થઇ શકે. આવા સંઘમાં કે આ જાતના દળમાં સેવાનું વ્રત લઇ આજીવન ફકીરી ધરનારા બંધુઓ મળવા મુશ્કેલ નથી. એ સબંધમાં જે પ્રથમ કરવાનું છે તે એજ કે એમાં દાખલ થનાર વર્ગની યોગ્યતા પ્રમાણે વેતનના રૂપમાં નહીં પણ સેવાની કદર તરિકે અમુક રકમ અપાવી જોઇએ કે જેથી સ્વકુટુંબના ભરણ પોષણની ચિંતામાંથી મુક્ત બની આ મહત્વના કાર્ય પાછળ એક ચિત્તથી મંડી શકે-બીજી નુકતેચીની એ રાખવાની કે આ સંઘ કોઈપણ જાતની ખંડનાત્મક પ્રવૃત્તિથી, અથવા તો ચર્ચાત્મક બાબતથી પર રહી કેવળ જૈન સમાજનો અને જૈનધર્મનો અભ્યુદય થાવ તેવા રચનાત્મક કાર્યો ઉપાડે.

**આપણી વહીવટી પેઢીઓનું જોડાણ—**

મોટા તીર્થોમાં અને ચમત્કાર યા તો મૂર્તિઓ જ્યાં અચાનક પ્રકટે છે એ કારણે જે સ્થાન એક યાત્રાના ધામરૂપ બની જાય છે એવા સ્થાનોમાં વહીવટ ચલાવવા જે હેતુગર્ભિત નામોથી પેઢીઓ સ્થાપવામાં આવે છે એ સર્વનું જોડાણ કરી, એમાં વહીવટ ચોકખો રહે-એકધારી પધ્ધત્તિ દાખલ થાય અને એ પર ભારતવર્ષના અખિલ સંઘનું એકધારૂં વર્ચસ્વ સ્થપાય એ સારૂ પ્રયત્ન કરવાની જરૂર છે કેટલાક સ્થળોની આવી પેઢીઓ માટે હિસાબી ગોટાળા સંભાળાય છે. કેટલીકમાં સ્થાનિક કાર્યવાહકો હોવાથી યાત્રાળુઓને પડતી હાડમારી કે રાજ્યની કનડગત સબંધમાં નિડરતાથી એ રાજ્ય સામે અવાજ રજુ કરી શકતા નથી જ્યારે કેટલાક સ્થળોમાં તો કેવળ એ નામે એક હથ્થુ કારભાર ચાલે છે અને મનગમતી રીતે સંઘ દ્રવ્યનો ઉપયોગ થાય છે સત્વેળા જાગ્રત બની સારાયે હિંદના સંઘની દેખરેખ હેઠળ આ વિખરાયેલી પેઢીઓ ને નીમી મૂકવામાં આવે તો એ પર નિરીક્ષણનો યોગ્ય અંકુશ નહીં મૂકાયતો-એ પર સરકારનો યાનો ત્રીજી સત્તાનો વણમાગ્યો અંકુશ પડશે અને એને લગતો નવાખર્ચનો બોજો પણ પડશે.

**સંપૂર્ણ માહિતી વાળી સચિત્ર ગાઇડ—**

આપણા શત્રુંજય-સમેત શિખર આદિ મોટા તીર્થો-તેમજ ચોવીસ જીનના જે ભૂમિઓમાં કલ્યાણકો થયા છે એ સ્થળોને લગતો પ્રાચીન ઇતિહાસ-એને લગતા આપણા હક, એ સ્થાનનું મહત્વ-બિરાજમાન મૂર્તિ યા પાદુકા સબંધી વિગતવાર નોંધ એ સબંધમાં પરંપરાથી ચાલી આવતી દંતકથા યા ચમત્કારોનું વર્ણન-એની વર્તમાન પરિસ્થિતિ-વહીવટ ને લગતી નાની મોટી વિગતો-અને એ ઉપરાંત યાત્રાળુ ને ત્યાં જવામાં કામ આવે એટલે કે-કઇ રેલ્વેદ્વારા કયા સ્ટેશનને ઉતરી, કેવી રીતે પહોંચાય છે ત્યાં ઉતરવાની સોઇ કેવા પ્રકારની છે-ત્યાં સીધુ સામન મળે છે કે ભોજનને માટે કોઈ પ્રબંધ છે-ઇત્યાદિ માહિતી પૂરી પાડતી ગાઈડ તૈયાર કરવાની જરૂર છે. જો કે આજે જુદા જુદા તીર્થો સબંધી ભિન્ન ભિન્ન દૃષ્ટિ બિન્દુથી લખાયેલી અને અમુકાંશે માહિતી પૂરી પાડતી પ્રવાસ બુકો યાને ગાઇડો પ્રગટ થયેલી જોવામાં આવે છે છતાં એથી ઉપર સુચવી તેવી ગાઇડનો હેતુ પાર પડતો નથી-દરેક પ્રકારની બાબતોનો સંગ્રહ એક પુસ્તકમાં કરાયો હોય અને એને વજનદાર હકીકતોથી સમૃધ્ધ કરવામાં આવ્યું હોય તો એ ઘણુ ઉપયોગી થઇ પડે-રાજ્ય સાથેના મતફેરમાં એ પુસ્તક વજનદાર લેખાય-કોન્ફરન્સે આ વાતની અગત્ય સ્વીકારી છે તો જેમ બીજું સાહિત્ય બહાર પાડ્યું છે તેમ આ ગાઇડનું કામ હાથપર લેવા વિનંતિ છે. એથશે તો કેટલાક જીવંત કાર્યોમાનું એક બનશે.

---


**તમારા ઘર, લાઇબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ**

## જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો.

**રૂ. ૧૮-૮-૦ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭-૮-૦માં ખરીદો.**

| | અસલ કિંમત | ઘટાડેલી કિંમત. |
|---|---|---|
| શ્રી જૈન ગ્રંથાવલી | રૂા. ૩-૦-૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન મંદિરાવલી | રૂા. ૧-૮-૦ | ૦-૮-૦ |

જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃતઃ—

| | | પૃષ્ટ. | |
|---|---|---|---|
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો | રૂા. ૫-૦-૦ | ૧૦૦૦ | ૧-૮-૦ |
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો | રૂા. ૩-૦-૦ | ૮૫૦ | ૧-૮-૦ |
| શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ | રૂા. ૬-૦-૦ | ૧૨૫૦ | ૩-૦-૦ |

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા. ૪-૦-૦ માંજ

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખોઃ—**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ,**

૨૦, પાયધુની—મુંબઇ, ૩.

# સ્વછંદતાના ઘેનમાં—

"નિરંકુશ વ્યકિતસ્વાતંત્ર્ય એ જંગલના પશુનો જીવન નિયમ છે. આપણે વ્યકિત સ્વાતંત્ર્ય અને સામાજીક અંકુશ વચ્ચે મધ્યમ માર્ગ કાઢતાં શીખ્યા છીએ. સામાજીક અંકુશોનો આખા સમાજના કલ્યાણના હિતની દૃષ્ટિએ સ્વેચ્છા પૂર્વક સ્વીકાર કરવામાંજ વ્યકિતનો તેમજ સમાજનો અભ્યુદય રહેલો છે."

ઉપરના કિંમતી વચનો મહાત્મા ગાંધીજીના છે. એ પરથી વ્યકિત સ્વાતંત્ર્યના નામે જેઓ સમાજના-ધર્મના જે કેટલાક નિયમનો છે તેને ફગોળી દઈ કેવળ નિરંકુશ ને સ્વછંદી જીવન ગાળવા માંગે છે તેઓને સુન્દર બોધપાઠ મળે તેમ છે. અફસોસની વાત તો એટલીજ છે કે કેટલાક જૈન સુધારકો જેઓ પોતાની જાતને મહાત્મા ગાંધીજીના ચુસ્ત અનુયાયી લેખે છે અને એક કરતાં વધુ વાર પોતાના વક્તવ્યમાં એ મહાન વિભુતિનો ઉલ્લેખ કરવાનું ચુકતા નથી તેઓજ એ કિમતી વચનો પ્રતિ આંખ આડા કાન ધરી પોતાની ધુનમાં કોઇ જુદેજ ચીલે ચઢીગયા છે અને ઉગતા અભ્યાસીગણને એ ભયંકર માર્ગે દોરી જવાની પ્રવૃત્તિ હાથ ધરી બેઠા છે!

નિયમોની રચનામાં આશય જીવનને સાદુ ને સંયમી બનાવવાનો હોય છે. એની સચોટ ને ચીરસ્થાયી છાપ બેસાડવાની ભૂમિકા બાળ માનસ યાને નિર્દોષ અધ્યયન કાળ કહી શકાય. કહેવત છે કે કુમળુ ઝાડ જેમ વાળીએ તેમ વળે. એ અવસ્થામાં લીધેલ જ્ઞાન અને સંસ્કાર સારાયે જીવનને શોભાવે છે. તેથીજ પરમાર્થદૃષ્ટી શાસ્ત્રકારોએ જીવનને ઉચ્ચ ને પવિત્ર બનાવવા જે નિયમો દર્શાવ્યા છે એની શરૂઆત વિદ્યાર્થી-ગણથી કરવા કહેલી છે.

જે યોજના પાછળ આવો શુભ ઇરાદો સમાયો છે ત્યાં આજે કહેવામાં આવે છે કે છાત્રલયમાં રાત્રિ ભોજન કે કંદમૂળ ભક્ષણના બંધનો ન હોવા જોઇએ! અરે પ્રભુ-પૂજન પણ ફરજીયાત ન હેવું ઘટે! ખુબીતો એ છે કે આ વદનાર જૈન મગજો છે! તેમની દૃષ્ટિયે આ નિયમોનું કંઇજ મહત્વ નથી ને? એ પાછળ પ્રતિભા સંપન્ન પૂર્વા-ચાર્યોએ અને વર્તમાન ધર્મ પ્રરૂપકોએ જે પ્રવચનો કર્યા છે એ નિરર્થકજ ગણાય ને?

એ ભાઇઓને બીજી કંઈ દલીલ જડતી નથી ત્યારે કહે છે કે રાત્રિ ભોજનની છુટના અભાવે જૈન સંતાનો ક્રિકેટ જેવી રમતોમાં આગળ આવી શકતા નથી! અને કંદમૂળ નથી ખાતાં એટલે તેમના શરીર કમજોર રહે છે! કેવી સુરીયાણી દલીલ!! પ્રભુ પૂજન કરવા રહે તો સવારમાં વાંચવાનો સમયજ ન રહે! સામાયિક કે ધાર્મિક અભ્યાસ એતો ઇચ્છા થાયતો કરવાના વિષય ગણાય! એમાં પરાણે લાદવાપણું હોઇજ ન શકે! એ બધા નિયમો વિદ્યાર્થી ગણુ પર ઠોકી બેસાડવાથી તો વ્યક્તિ સ્વાતંત્ર્ય માર્યું જાય! આજના યુગનો કોઇપણ વિદ્યર્થી એ મુંગે મ્હોડે નજ ચલાવીલ્યે! આ જાતની દલીલો છાત્રાલયમાં અભ્યાસ કરતાં-જેઓના મસ્તિષ્કમાં કોલેજના શિક્ષણથી પોતે જાણે મહાજ્ઞાની છે એવો ફાંકો આવ્યો છે-એવા વિદ્યાર્થી સમૂહના મોટા ભાગની હોય છે અને એને કેટલાક યુવક નેતાઓનો ઉઘાડો ટેકો પણ છે. એ ટેકામાં ઉભનાર વર્ગ પણ કંદમૂળ ભક્ષણ-રાત્રિ ભોજન આદિ બાબતોમાં ઘણું ખરૂં ઢીલોજ હોય છે એટલે આવ ભાઇ હરખા આપણે બન્ને સરખા' જેવો ઘાટ થાય છે.

જૈન વિદ્યાર્થીમાંના મોટા ભાગને જેટલી સુખચેનને મોજ-મજાની પડી હોય છે એટલી રમત ગમતની નથી પડી હોતી! ત્યાં પછી ચેમ્પીયન શીપની વાત કેવી કરવી? બાકી કોલેજ માંથી સાડા ચારમાં છુટી જનાર વિદ્યાર્થી ધારે તો રાત્રિ ભોજનમાંથી બચી જઇને પણ રમતમાં નિષ્ણાત થઇ શકે અરે રજાના દિવસો કયાં નથી હોતા. કેટલા વિદ્યાર્થી વેલાસર જમી લઈ ક્રિકેટમાં ભાગ લેવા જાય છે? મોટો ભાગ તો સીનેમાની કે કોઇ અન્ય પ્રકારની મોજમાં મશગુલ બન્યો હોય છે. એ માટે અઠવાડીયા પૂર્વેના કાર્યક્રમ ગોઠવાયા હોય છે. છાત્રાલયમાં કંદમૂળ નથી મળતા તેથી શું મોટો ભાગ એ ખાધાવિના રહે છે એમ છાતી ઠોકીને કોણ કહી શકે તેમ છે? બાકી એના ભક્ષણ વિના શરીર નબળા રહે છે એમ કહેવું એ તો વાહીયાત પણાની નિશાની છે-એ સામે પૂર્વજોના જવલંત દૃષ્ટાન્તો મોજુદ છે અરે વર્તમાનકાળ-ના માનવગણમાંથી પણ સંખ્યાબંધ ટાંકી શકાય તેમ છે. બળ એ ખોરાક કરતાં આત્મિક માન્યતા પર વધુ પ્રમાણમાં અવલંબે છે બાકી તંદુરસ્તીના સંરક્ષણ અર્થે કંદમૂળ ભક્ષણ જરૂરી નહીં પણ ત્યજવા જેવું છે. એજ રીતે વિદ્યાર્થી માટે બીજી ધાર્મિક ક્રિયાઓની અગત્ય પર ભારમેલી શકાય. અહર્નિશ ક્રિયા થતી રહેતો એમાં રસવૃત્તિ પ્રગટે અને કોઇકવાર અપૂર્વ ભાવ આવે. જે યુગમાં છાપાવાંચવાનો સમય મળે, રાત્રિના મોડે સુધી ભ્રમણ કરવાનો સમય મળે સીનેમા સ્ટારના ચિત્રો કાપી લટકાવવાનો સમય મળે-ચાપાણી કરવાનો ને ગપાષ્ટક હાંકવાનો યા તો અન્ય પ્રકારની ચર્ચા ચલાવવાનો સમય મળે અને ન મળે કેવળ પૂજન-સામાયિક કે ધાર્મિક અભ્યાસ માટે!

આ પાછળ દંભ નથી? એ કરતાં તો સ્પષ્ટ કહી દેવું જોઇએ કે એ કરવું અમને ગમતુ નથી અથવા તો અમારી ઇચ્છા નથી. શા સારૂ ખોટા બ્હાના ખડા કરવા? ઉઘાડી વાતતો એ છે કે સ્વતંત્રતાના નામે સ્વછંદતા પોષવી છે પોતાને અણગમતી વાત આવે એટલે મરજી માફક પોકારો કરવા ને તાળીયો પાડી વકતાનુ અપમાન કરવું એ મોટા ભાગના કોલેજીયનોનું વર્તન થઇ પડયું છે. એ વેળા પોતાની માફક અન્યને પણ સ્વતંત્રતા છે. એ વાત આ શિક્ષિતો ભૂલી જાય છે! શિષ્ન પાલન જેવી ચીજ એમના જીવનમાં જણાતી નથી મોટા નાનાનો કે યુવાન બુઝર્ગનો વિનય એતો ભૂતકાળનો વિષય બન્યો છે. આ જાતના વાતાવરણમાં વસનાર :વિદ્યાલયના જૈન વિદ્યાર્થીઓ કે છાત્રાલય ના શ્રાવક સંતાનો સ્વતંત્રતાના ઓથા તળે ધર્મ ના આવશ્યક નિયમો પણ લગભગ ભૂલીગયા છે; અને સ્વછંદી જીવનમાં તણાવા લાગ્યા છે. એમાં યુવકોના મોવડી લેખાતા કેટલાક સાથીદાર બને છે એટલે પછી, 'રડતી હતી અને પિયરીયામળ્યા' જેવું થાય છે. મૂળભૂત સિધ્ધાંતોનુ છડેચોક ખૂન થાય છે!

જો કોલેજમાં અમુક જાતના નિયમ પાળવા પડતાં હોય, અભ્યાસમાં અમુક જાતના પુસ્તક વાંચવા પડતા હોય, અગર પરિક્ષા માટે અમુક દિવસની હાજરી જરૂરી હોય તો શા સારૂ જે ગ્રહસ્થો એ ધર્મબુદ્ધિથી ધન આપ્યું હોય અને જેના સ્થાપન કાળે-દેવપૂજન આદિના અમુક કાનુનો નિયત કરાયા હોય એમાં ચશ્મપોશી ચલાવી લેવાય અગર એને બંધન તરીકે આલેખવામાં આવે? કયા કારણે વ્યક્તિ સ્વાતંત્ર્યના નામે એને સુધારવાનો

(અનુસંધાન પૃ ૬ ઉપર.)

# કોન્ફરન્સનો ભૂતકાળ અને ભાવિ–

સંવત ૧૯૫૭માં જૈન ધર્મ પ્રકાશના એક અંકમાં મારી ૨૦ વર્ષની ઉમરે ઉછળતા લોહીથી, ઇન્ડીયન નેશનલ કોંગ્રેસ (હીંદી મહાસભા) ની જેવી આપણી કોંગ્રેસ હોવી જોઇએ એ હેતુનો "જૈન કોંગ્રેસ" નામનો એક લેખ મેં લખ્યો હતો. તે વખતે મને સ્વપ્ન પણ ન હતું કે આ કોંગ્રેસ અથવા કોન્ફ-રન્સ સાથે જીવનના અંત પર્યંત જોડાઇ રહેવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થશે. પરંતુ સંવત ૧૯૫૯માં કોન્ફરન્સનું સ્વપ્ન સાચું પડયું એટલુંજ નહિ પરંતુ એવા સારા સંજોગોમાં મુંબઇનું અધિવેશન ભરાયું કે તેણે ભેગા કરેલા ફંડમાંથી પાંચ ૭ ખાતાઓ આશરે ૧૦ વર્ષ સુધી બહુ સારૂં કામ કરી શકયા સંવત ૧૯૬૧ના જેઠમાં હું મુંબઇ આવ્યો ત્યારથી આશરે પોણા બે વર્ષ સુધી જૈન કોન્ફરન્સ હેરલ્ડના સંપાદક તરીકે કોન્ફરન્સ સાથે હું જોડાયેલો હતો ત્યારે શેઠ ચુનીલાલ નાનચંદ ઓનરરી ઓડીટર તરીકે જૈન સંસ્થાઓના હિસાબો તપાસવાનું બહુ સુંદર કામ કરતા હતા–તે વખતે પંડિત તુકારામ જૈન પુસ્તકોદ્ધારનું કામ કરતા હતા–શેઠ લલ્લુભાઇ જેચંદ જીર્ણોદ્ધારનું કામ કરતા હતા–અને મુખ્ય મુખ્ય ગણાતા શેઠીઆઓનો બહુ સારો સહકાર કોન્ફરન્સ ધરાવતી હતી–એવું આશરે ૧૦ વર્ષ ચાલ્યા પછી તેમાં કામ કરનાર સેક્રેટરી ડાહ્યાભાઈ રંગુન ગયા અને લાલચંદે તે જગ્યા સંભાળી પણ પછીના સમયમાં કામ ઢીલું પડતું ગયું અને પરિણામે કાંઇપણ કામ ન થઇ શકે તેમ હોવાથી શેઠ મોતીલાલ મૂળજીએ જનરલ સેક્રેટરી તરીકે પોતાની પાસે ઓફીસની ચાવી અને પૈસાની વ્યવસ્થા રાખી. તેઓ બહુ પ્રમાણિક હોવાથી પૈસાની સંભાળ સારી રીતે રહી અને તેમના સદ્‌ગત થવા પછી શ્રીયુત મોતીચંદ કાપડીઆને લાગ્યું કે આમ કોન્ફરન્સના બારણા બંધ રહે તે ઠીક નહિ તેથી તેમણે જે પૈસા શેઠ મોતીલાલે સાચવી રાખ્યા હતા તે કોન્ફરન્સને નામે બેંકોમાં તથા લોનોમાં રોકાવ્યા અને ફરીથી કોન્ફરન્સનું કામ શરૂ કર્યું. વચ્ચે અમદાવાદની, વડોદરાની, ભાવનગરની અને પુનાની તથા પાટણની એમ થયેલી બેઠકોમાં અતિશય ઉત્સાહ અને જીવંત ચૈતન્ય હતું એમ મુક્ત કંઠે સ્વીકારવુંજ જોઇએ કોન્ફરન્સના જે હેવાલો તે વખતે પ્રસિદ્ધ થતા તે પરથી એટલું સ્પષ્ટ જણાતું કે કોન્ફરન્સ એક જીવંત સંસ્થા હતી, અને ચૈતન્યથી ભરેલી હતી.

ફરીવાર પુનરૂદ્ધાર થયા પછી કોન્ફરન્સે કલકત્તા કોન્ફર-ન્સમાં ભેગા થયેલા પૈસા જે શેઠ ખેતશી ખીયશીને ત્યાં હતા તે મેળવવા મહેનત કરી, પણ ફાવી શકાયું નહિ તેથી જે રૂ. ૪૦૦૦૦ ચાળીશ હજાર હાથમાં હતા તેમાંથી બનારસ હિંદુ યુનીવર્સીટીમાં ચેર સ્થાપી–અને તેને અંગે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ વિગેરેની વ્યવસ્થા કરી.

શત્રુંજયના વિકટ પ્રશ્ન પ્રસંગે એક ખાસ બેઠક ભરીને જૈન કોમનો એક સંગીન મત જાહેર કરીને ઉમદા સેવા બજાવી હતી.

અત્યાર સુધીમાં કોન્ફરન્સે ખર્ચેલા નાણા નીચે મુજબ વપરાયા છેઃ—

રૂ. ૧૦૧૦૦૦ ધાર્મિક અને વ્યવહારિક જ્ઞાન પ્રચાર ( જૈન એજ્યુકેશન બોર્ડ અને વ્યવહારિક જ્ઞાન માટે ફી, પુસ્તકો વિગેરે )

રૂ. ૨૭૦૦૦ પુસ્તકો–મંદિરાવળિ જૈન ડીરેકટરી, જૈન ગ્રંથા-વળી, તથા મોહનલાલ દલીચંદ દેશાઇ કૃત ગુર્જર કવિઓના ચાર ભાગો વિગેરે.

રૂ. ૪૪૦૦૦ તીર્થરક્ષા અને મંદિર જીર્ણોદ્ધાર.

રૂ. ૨૧૦૦૦ જીવદયા ખાતે.

રૂ. ૩૧૦૦૦ જૈન બંધુઓ અને બહેનોને સહાયતામાં.

રૂ। ૫૫૦૦૦ બનારસ યુનીવર્સીટીમાં જૈન ચેર સ્થાપવા માટે.

———

૨૭૯૦૦૦

આ પરથી જોઇ શકાશે કે કોન્ફરન્સનું કામ સંગીન છે કે નહિ. જે ભાઇઓ બૂમ મારે છે કે કોન્ફરન્સ કાંઈ કામ કરતી નથી, તેઓ જે ઝડપથી માગે છે તે ઝડપથી થતું નથી એ ખરી વાત છે પરંતુ કામ ધીમુ પણ ચાલે છે ખરૂં–અત્યારની કેન્દ્રસ્થ કેળવણી પ્રચાર સમિતિ જે રીતે કામ કરે છે તે રીત સાથે મારો પ્રમાણિક મતભેદ છે કે તેઓ હદ ઉપરાંતની ચોકસાઇ કરવા જતાં જે વિદ્યાર્થીઓ ફી અથવા પુસ્તકના અર્થી હોય છે તેમને પહોંચી શકતા નથી–ખરૂં પૂછો તો રાવ સાહેબ કાંતિલાલે જે રૂ. ૨૫૦૦૦)ની સખાવત ઉદાર દીલે કરી હતી તે ૫–૬ વર્ષ લંબાશે એમ તેમણે સ્વપ્ને પણ ધાર્યું નહિ હતું–હવે જેમ બને તેમ જલદી બાકી રહેલા રૂપિઆ કેળવણી માટે વપરાઇ જાય, એવો પ્રબંધ કરવા કેન્દ્રસ્થ કેળવણી સમિતિને વર્કીંગ કમીટીના એક સભ્ય તરીકે વિનંતી કરૂં છું.

અત્યારે એક માનનીય કાર્યકર્તાનું માનવું એવું છે કે હવે પંડિત જવાહરલાલ નહેરૂ, પૂજ્ય ગાંધીજી, સુભાશચંદ્ર બોઝ, અથવા એવા અગ્રગણ્ય દેશનેતાઓ જે રીતે પ્રવાસે ફરીને કામ કરેછે અને દેશમાં જાગૃતિ આણે છે તે રીતે આપણી કોમમાં કામ કરનાર ન નીકળે તો બહેતર છે કે કોન્ફરન્સને એવી રીતે સંકેલી લેવી મારૂં એવું પ્રામાણિક માનવું છે કે કોન્ફરન્સને એવી રીતે સંકેલી લેવા કરતાં કોઇ કામ કરનારા શોધી કાઢવા એ વધારે ઇષ્ટ છે. જો સંસ્થા જીવતી હશે તો ખરેખરી જરૂરને પ્રસંગે તેની કીમત થશે. કેશરીઆજીના બે પ્રસંગો ઉપસ્થિત થયા હતા, તે પ્રસંગોએ કોન્ફરન્સ જીવતી હતી તો તેનો ઉપયોગ થઇ શકયો હતો જો તે જીવતી ન હોત તો અત્યારે સ્થિતિ કેવી હોત તેનો વિચાર કરો! આ ઉપરાંત દરેક દરેક અડીભીડીના પ્રસંગે કોન્ફરન્સના નામથી કામ કરવાની કેટલી સુગમતા રહે છે તેનો વિચાર કરો. સમેતશિખરજી, શૌરીપૂર, મક્ષીજી, તથા પાવાપુરી વિગેરે

તીર્થોના કેસો વખતે કોન્ફરન્સે જે ભાગ ભજવ્યોં છે તે સારી રીતે જાણીતો છે

હવે ભાવિ વિષે હું એમ માનું છું કે જે યુવક સંઘો અથવા તેમના સભ્યો એમ માનતા હોય કે દેવદ્રવ્ય, અથવા વિધવા વિવાહ એ બે સવાલો છોડીને જેટલી બની શકે તેટલી બીજી બાબતોના સવાલો પર ધ્યાન એકત્ર કરવું તેઓ ખરે-ખરૂં કાર્ય કરી શકશે હજી આપણો સમાજ વિધવા વિવાહ સ્વીકારી શકે એ સ્થિતિએ નથી-આજથી ૩૬ વર્ષપર ભાવ-નગરમાં અમારૂં જૈન યુનીયન હતું-તેમાં વિધવા વિવાહના પ્રશ્નપર વિવાદ મિટીંગ હતી-તે વખતે હું વિધવા વિવાહની વિરૂદ્ધ હતો. તે પછી મત ઘણીવાર ફેરવાયો પરંતુ અત્યારે ૫૮ વર્ષની ઉમરે એમ લાગે છે કે આપણો સમાજ હજી એ વિચારનો થવાને ઘણીજ વાર છે. દેવદ્રવ્યના સવાલ માટે મારૂં માનવું એવું છે કે દેવદ્રવ્યમાંથી આપણે જૈનોને ઉચે લાવી શકીએ એ બનવું અશક્ય છે. હજી આપણો સમાજ એવી મદદ સ્વીકારવાને જરાએ તૈયાર નથી-તો પછી તે પૈસા ટ્રસ્ટીઓ આપે તે બીજો મહત્વનો પ્રશ્ન છે. આપણા મુનિ-રાજો તેવો મત જાહેર કરે તે પણ અસંભવિત છે. હજી આપણા સમાજમાં મુનિરાજો કેવું ઉંચુ સ્થાન ભોગવે છે તે વ્યાખ્યાનશાળામાં પજુસણમાં, સંવત્સરીના પ્રતિક્રમણમાં, ચોમાસી ચૌદશોપર વિગેરે સમયે જોશો તો જણાશે આપણો સમાજ તેમના પર અસાધારણ ભક્તિભાવ ધરાવે છે. આ સંજોગોમાં મને એકજ રસ્તો ઉત્તમ લાગે છે કે દેવદ્રવ્ય અને વિધવા વિવાહ એ બે અતિ ચર્ચાસ્પદ પ્રશ્નો બાજુએ રાખીને જૈન બેંક સંબંધી જે ઠરાવ થયેલા છે તે અમલમાં મૂકવા પ્રયત્ન કરીએ અને મહિનામાં પાંચ દિવસ ભોગ આપી શકે એવા માનદ્ મંત્રી મેળવીએ તો કોન્ફરન્સ જીવતી રહી શકે અને જીવતી રહે તેમાંજ જૈન કોમની ઉન્નતિ છે. ભગવાન મહાવીર અને અધિષ્ટાયક દેવો તેને ચિરંજીવ કરો! ૐ **શુભં**

**શાહ નરોત્તમ ભગવાનદાસ**

---

( અનુસંધાન પૃ ૪ ઉપરથી. )

કે ઉખેડી વાળવાનો પ્રયાસ સેવાય? વિદ્યાલય કે છાત્રાલયમાં રહેવુંજ હોય તો એનુ પાલન કરવુંજ જોઇએ એજ રાહદારી માર્ગ લેખાય. એ વાત વિદ્યાર્થી અને કાર્યવાહ સમિતિ ના સભ્યો એ સમજી લેવાની જરૂર છે. જૈન સમાજ ને પોતાની કેટલીક વિશિષ્ટ પધ્ધત્તિઓ છે અને એના સંરક્ષણ અર્થે જેને એમાં શ્રધ્ધા છે એ વર્ગ સાવ ચુપ બેસી લાંબો સમય આ જાતનું પ્રહસન ચાલવા દેશે એમ માનવું એ નરી મૂર્ખતા છે.

સ્વતંત્રતા ને સ્વચ્છંદતા વચ્ચેનો ભેદ પારખી લઈ મૂળ વસ્તુ જળવાય તેવો માર્ગ અખ્તીયાર કરવાની અગત્ય છે.

લેખક-**ચોકસી.**

---

—ભાવનગર નગીના-મસજીદ પાસે ગુંડાગીરી કેસની સુનાવણી ગયા અઠવાડીયામાં શરૂ થઇ છે. પોલીસ ઉપરીઓની રજુઆત હાલ ચાલુ છે.

—પ્રગતિવાદ પક્ષ પોતાનું એક એક પગલું આગળ મૂકતો જાય છે તેમ મહાસભા પરત્વેની એમની અનોખી જ નીતિ ખુલ્લી થતી આવે છે.

# સ્વીકાર અને સમાલોચના.

**સ્વીકાર**—શ્રીયુત્ માવજી દામજી શાહ તરફથી નીચેની ત્રણ લઘુ પુસ્તિકાઓ અભિપ્રાયાર્થે મળી છે.

૧ નવદંપતીને જીવન સંદેશ ૦-૧-૦ એમાં મંદાક્રાન્તાવૃત્તમાં સોળ કાવ્યો સાદી ભાષામાં આપ્યા છે. સંસારમાં પ્રથમ પગ માંડતા નવયુગલે વાંચવા જેવા છે ને 'ઉભા થાવું ફરી ફરી ખરો મંત્ર એ ઉન્નતિનો' જેવી લીંટીઓ હૃદયમાં કોતરી રાખવા જેવી પણ છે.

૨ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિના બોધ વચનો. ૦-૨-૦ બાર પાનાની બુકમાં શ્રીમદ્‌ના ૧૦૮ ની સંખ્યામાં જુદા જુદા વિષયના પ્રશ્નોત્તરો સંગ્રહેલા છે

૩ શાસન પ્રભાવક શ્રી જિનદત્તસૂરિ—દાદા સાહેબનાં ઉપ-નામથી સુપ્રસિદ્ધ આચાર્યશ્રીના જીવન પ્રસંગોમાંથી કેટલાક પર હરિગીત છંદમાં વીસ કાવ્યોનો સંગ્રહ છે.

**શ્રી કટારીઆ પ્રતિષ્ઠા મહોત્સવના સંસ્મરણો—** વાગડ પ્રદેશમાં આવેલ અને આજે લગભગ તીર્થની કોટીમાં ગણાય એવા શ્રી મહાવીરસ્વામીજીના દેવાલયમાં આજુ બાજુ બિંબની પ્રતિષ્ઠા કરવામાં આવી તે વેળાના પ્રસંગનું સચિત્ર બ્યાન શ્રી. રાજપાળ મ. વોરાની કલમે આ નાનકડી પુસ્તિ-કામાં સંગ્રહેલું-પ્રતિષ્ઠાનો પ્રસંગ ગ્રામ્ય જનતામાં કેવા આનંદમાં પુર રેલાવે છે એ વાંચતા ખ્યાલ આવે તેમ છે. ભેટ તરિકે અપાય છે. એ માટે શેઠ વર્ધમાન આણંદજીની પેઢી-કટારીઆ, સરનામે લખવું.

---

( અનુસંધાન પૃ. ૯ ઉપરથી )

Bombay Branch of the Royal Asiatic Society" ની લાયબ્રેરીમાંથી હસ્તલિખીત અને છાપિત પુસ્તકોની પૂરે-પુરી સહાય આપી છે માટે તેઓ શ્રી જરૂર ધન્યવાદને પાત્ર છે.

પ્રસ્તુત નિબંધમાં પાટણની ગાદી પર કયા કયા રાજા થયા અને કેટલા વર્ષ પર્યન્ત રાજ્ય ચલાવ્યું અને તેમના સમયમાં થયેલી ઘટનાઓનું સંક્ષિપ્ત દિગ્દર્શન મારી અલ્પ પ્રજ્ઞાનુસાર કરાવવામાં આવ્યું છે છતાં કોઇપણ જગ્યાએ પ્રમાદથી અશુદ્ધિ રહી ગઇ હોય તો પાઠકોને સુધારીને વાંચવા વિનંતિ છે. કારણ કે ઇતિહાસનો વિષય અત્યંત ગહન હોવાથી પુષ્કળ શોધખોળને માંગનારો છે માટે ક્ષમા આપવી એજ સજ્જનોનો મુખ્ય ધર્મ છે.

" गच्छत स्खलनं क्वापि, भवत्येव प्रमादतः
हसन्ति दुर्जनास्तत्र, समादधति सज्जना. "

લે૦ **મુનિ કાંતિસાગર.**

---

**—જયંતિ—**માટુંગા ખાતે શેઠ રવજી સોજપાળ શાંતિ-નિકેતનના હોલમાં અશાડ શુદ ૧૧ ના આચાર્ય શ્રી જિન-ૠદ્ધિસૂરિજીના પ્રમુખપણા નીચે આચાર્ય શ્રી જિનદત્તસૂરિશ્વરજી મહારાજની જયંતિ ઉજવવામાં આવતા ગુલાબમુનિએ જયંતિ નાયકના જીવન પર સુંદર પ્રકાશ પાડયો હતો, બાદ દાદર જૈન પાઠશાળા તથા કચ્છી વીશા ઓશવાળ જૈન બોર્ડીંગના બેન્ડે સંગીત રજુ કર્યું હતું. છેવટ શા૦ હાથીભાઇ ટોકરશી તરફથી લાડવાની પ્રભાવના કરવામાં આવી હતી.

# "અણહિલપુર પાટણની રાજવંશાવલી."

લેખકઃ
મુનિ કાન્તિસાગરજી

લેખાંક ૬ ઠો

## વાઘેલા વંશ પ્રારંભ.

વાઘેલા વંશની ઉત્પત્તી વીષે "રત્નમાળામાં નીચે પ્રમાણે ઉલ્લેખ છે" વાઘેલા સોલંકી વંશમાંથી થયા છે. તેમનો મૂળપુરૂષ મૂળરાજ થયો. રાધનપૂર પરગણામાં વાઘેલા ગામ છે ત્યાંના વાઘેલા ખોડાભાઇ સદુજી કહે છે કે અમારો મૂળ-પુરૂષ લૂણોજી ( **लवण प्रसाद** ) વાઘેલામાં રહેતો હતો. તેના નામનું લુણસર તળાવ હાલ વાઘેલ ને પાદરે છે તેના દીકરા વીરધવળે ધોળકું વસાવ્યું અને વાઘેલા ગામના નામથી વાઘેલા કહેવાયા.

ઉપર્યુક્ત નરેશે મંત્રીપદે *વસ્તુપાલ તેજપાલને નીમ્યા ત્યારથી તેના રાજ્યનો વિસ્તાર ખૂબ વધવા લાગ્યો અને લાટ દેશના ( દક્ષિણ ગુજરાત ) સ્તંભતીર્થ ( ખંભાત ) પણ તેને સ્વાધીન થયું તે સમયમાં ગુજરાતનું મોટામાં મોટું બંદર ખંભાતજ ગણાતું હતું. ઉપર્યુક્ત નરેશે ૧૨ વર્ષ ૬ માસ રાજ્ય કરી સ્વર્ગે સીધાવ્યા.

વીરધવલના સ્વર્ગવાસ પછી એકસો બ્યાસી ચાકરો ચિતામાં પડી મરણ પામ્યા ત્યારે વધારે મરણ થતાં અટકાવવાને તેજ-પાલને લશ્કર લઇને વચ્ચે પડવાની જરૂર પડી પછી પ્રધાનોએ મળીને વિશલદેવને ગાદીપર બેસાડયો. ઉપર્યુક્ત નરેસનો જોઇએ તેટલો ઇતિહાસ મળતો નથી પણ ગુજરાતના વાઘેલા વંશનો તેને સામાન્યપણે પ્રથમ પુરૂષ ગણવામાં આવેલો છે.

વિશાલદેવના સમયમાં સંવત ૧૩૧૨ થી ૧૩૧૫ સુધી જબરો દુકાળ પડયો હતો તે સમયે કચ્છના ભદ્રેશ્વરના શ્રીમાળી જૈન જગડૂશાહે (જગડૂશાહ) સીંધ, બનારસ, ગુર્જર ઇત્યાદિ દેશમાં પુષ્કળ અનાજ આપી દાનશાળાઓ ખોલી અને ૩ વર્ષના દુકાળનું દુઃખ દૂર કર્યું તેણે એડન સુધી વેપાર ખેડયો હતો અને શત્રુંજય, ગીરનાર આદિ તીર્થોનો સંઘ કાઢયો હતો અને જૈન મંદિરો નિર્માણ કરાવ્યા હતા અને જીર્ણોદ્ધાર કરાવવામાં પણ સારાસારા પૈસાનો ખર્ચ કર્યો હતો. ઉપર્યુક્ત શેઠ ચુસ્ત જૈન હોવા છતાં પણ તેણે કોઇપણ ઇતર ધર્મ ઉપર આજના જમાનાની પેઠે જરાપણ દ્વેશ ધરતો નહિ અને પોતાની વિધવા છોકરીનો પૂનર્લગ્નનો વિચાર કર્યો હતો પરંતુ પોતાના કુટુંબની બે વૃદ્ધ સ્ત્રીઓના વિરોધથી તે તેમ કરતાં અટકયો હતો. અને તેણે મુસલમાનોને માટે મસ્જીદો બંધાવી હતી અને શીવ, વૈષ્ણુના મંદિરોને પણ જીર્ણોદ્ધાર કરાવ્યો હતો એટલુંજ નહિ પણ ભદ્રેશ્વરમાં (હરિજનોને માટે) વાવ બંધાવી હતી જે હાલ મેઘવાડવારી વાવના અભિધાનથી ઓળખાય છે તે વાવ હાલ પણ ભદ્રેશ્વર નજીક ભગ્નાવશેષમાં દૃષ્ટિગોચર થાય છે. આ ઉપરથી એમ સ્પષ્ટ સમજાઇ આવે છે કે પહેલાના જમાનાના મનુષ્યો પણ સમયને માન આપતા હતા. વિશલદેવે ૩૪ વર્ષ ૬ માસ અને દશ દિવસ રાજ્ય કર્યું.

"રાસમાળામાં" ધર્મસાગરકૃત પ્રવચન પરિક્ષાને આધાર ભૂતમાનીને વિશલદેવે ૧૮ વર્ષ રાજ્ય કર્યાની ઉલ્લેખ મળી આવે છે.

વિશલદેવ પછી અર્જુનદેવ ગાદી પર આવ્યો તેણે બે વર્ષ રાજ્ય કર્યું તત્પશ્ચાત સારંગદેવ ગાદી પર આવ્યો તેણે એકવીસ વર્ષ રાજ્ય કર્યું તેના પછી કર્ણ ( બીજો ) ગાદી પર આવ્યો ઇ. સ. ૧૨૯૭ ના પ્રારંભમાં ગુજરાતને બીજીવાર લુટવાના હેતુથી અલાઉદીન ખીલજીએ પોતાના બંધુ અલપ-ખાન અને વજીર નૂસરતખાન તથા જાલેરસરીને ફોજ આપી મોકલ્યા. તેઓએ દેશને ઉજ્જળાવસ્થામાં મૂકીને નિરાજ ચાવડાના નગરમાં ફરીને મુસલમાની પહેરેગીર મૂકીને તેનો કબજો લીધો અને ત્યાંનો ભૂપતિ કર્ણવાઘેલો દક્ષિણમાં દેવગઢમાં મરાઠા પૃથ્વીપતિ રામદેવને આશરે તેઓને આવતા પહેલાંજ જતો રહ્યો

મહારાજા કર્ણની રાજસભામાં માધવ અને કેશવ નામના બે બુદ્ધિમાન પ્રધાન હતા અને તેઓ જાતના નાગર વિપ્ર હતા. અને વઢવાણ પાસે હજુ લગી જે માધવ કુવો છે તે તેમણે બંધાવ્યો હતો. તે બેમાં માધવ નામના પ્રધાનને *પદ્મણિ સ્ત્રી હતી તે જોઇને રાજા પોતાના મન ઉપર કાબુ રાખી શકયો નહિ. विनाश काले विपरीत बुद्धि એ ન્યાયને અનુસરીને કર્ણ તે સ્ત્રીનું હરણ કર્યું અને કેશવને યમરાજના દરબારમાં પહોંચાડયો. માધવ પોતાના ભાઇના મૃત્યુની અને સ્ત્રીનાં હરણની વાત સાંભળી એટલે તે અલાઉદીન ખીલજી પાસે દિલ્હી ગયો ત્યાંથી મોગલોને ગુજરાત પર ચઢાઇ કરવા માટે લાવ્યો માધવે અલાઉદીનને ૩૬૦ ઘોડા ભેટ કર્યા અને

* "ગુજરાતના ઐતિહાસિક સાધનો" જાતના પુસ્તકમાં વસ્તુપાલના ધર્મકૃત્યોની નીચે પ્રમાણે નોંધ કરી છે.

"વસ્તુપાલ અને તેજપાલ નામના વાણીઆ ભાઇઓ સંવત ૧૩૧૦માં થાયા છે તે વૈરાટ નગરે ( ધોળકા ) દિલ્હીથી ગયા છે આ સુદીને રાજ પરવશ કર્યું તે વારે તેણે ૫૦ શિખરબંધ દહેરાં કરાવ્યા, ૧૮ કરોડના પુસ્તક લખાવ્યાં, ૫૦૦ તપસ્વીઓના મઠ કરાવ્યા, તીકાલ કચાર (?) તોરણ કરતાં લાખ લાખ રૂપીઆ થયા. એક તોરણ કેદાર ચડાવ્યું, બીજું સોમનાથ ચડાવ્યું; બ્રાહ્મણોને ગૌદાન આપ્યાં ૧૦૦૦ બ્રહ્મપુરી કરાવી. ૮૪૫ પથરબંધ તલાવ કરાવ્યાં; વણારક એક, પ્રયાગ બે ૨ દ્વારકા ત્રણ, ત્રિવેણીચાર, એ ચાર જગ્યાએ લાખ લાખ ખરચ્યા. ૬૪ મસીદ પથરબંધ કરાવી.

* સ્ત્રીઓને શાસ્ત્રમાં ચાર પ્રકારની વર્ણવામાં આવી છે ૧ પદ્મણિ, ૨ ચિત્રણી, ૩ હસ્તિની, ૪ શંખિની એ ચારમાંથી પદ્મની સ્ત્રી સર્વથી શ્રેષ્ટ જાણવી તેના લક્ષણ માટે ઇતર શાસ્ત્રોનું અવલોકન કરવું.

તેણે દેશનો તમામ કારભાર મેળવી લીધો. અલફખાનને લશ્કરી સુબો નીમ્યો. તેના તાબામાં ૧૦૦૦૦૦) ઘોડેસ્વાર, ૧૫૦૦૦) હાથી ૨૦૦૦૦૦૦) પાયદળ વગેરે સેના આપી વાઘેલાઓ પાસેથી ગુજરાત પોતાને કબજે કર્યું અને સોમનાથનો નાશ કરવા માટે પણ ચૂકયા નહિ.

પાટણની ગાદી પર મોગલોનો વિજય થયો તેથી પણ તે તૃપ્ત થયા નહિ. તે માટે અલપખાન અને વજીર ખંભાતને લુંટવા માટે ત્યાંથી પ્રસ્થાન કર્યું કારણ કે તે જમાનામાં ખંભાત ગુજરાતનું મોટામાં મોટું ધનાઢય શહેર હતું તેથી તેણે ખંભાત પર હલ્લો કરી ખંભાત લુટયું કર્ણે પાટણની ગાદી પર ૭ વર્ષ રાજ્ય કર્યું. "शत्रुंजयतिर्थोद्धारप्रबंध" ના રાજાવલી કોષ્ટકમાં કર્ણે ૬ વર્ષ ૧૦ માસ અને ૧૫ દિવસ સુધી રાજ્ય કર્યાનો ઉલ્લેખ દ્રષ્ટિગોચર થાય છે.

હવે પછી એટલે ૧૪ મી શતાબ્દીથી માંડીને ૧૮ મી શતાબ્દી પર્યંત યવનોના હાથમાં ગુજરાતનું રાજ્ય રહ્યું તે નરેશોની રાજવંશાવલીનો સંપૂર્ણ ઇતિહાસ આપવાની ઇચ્છા હતી પરંતુ સ્થળ અને અવકાસાભાવને લીધે આપી શકયો નથી પણ તે નરેશોની સંક્ષિપ્ત પરિચય નીચેની રાજાવલીમાંથી માલમ પડશે.

## રાજાવલી.

પાટણની ઉત્પત્તિ રાજ્ય પટ્ટાન લિખીય છે. સંવત ×૭૮૨ વર્ષે શ્રાવણ શુદી ૨ સોમે વૃષલગ્ને વહમાતે ચાવડાવંશી વણ-(ન) રાજ ચાવડે અણહિલપૂર પાટણ નગરની સ્થાપના કીધી. વનરાજ ચાવડે વર્ષ ૬૦ રાજ્ય કીધું.

તત્પટ્ટે રાજાયોગે ૩૫ વર્ષ રાજ્યં (કૃતં)

„ રાજાખેમ (ક્ષેમરાજ) વર્ષ ૨૫ રાજ્યં (કૃતં)

„ રાજા ભૂવડ (પિથુ) વર્ષ ૨૮ રાજ્યં (કૃતં)

„ રાજા વૈરિસિંહ (વિજયસિંહ) વર્ષ ૩૫ રાજ્યં (કૃતં)

„ રાજા રત્નાદિત્ય વર્ષ ૧૫ રાજ્યં (કૃતં)

„ રાજા સામંતસિંહ વર્ષ ૭ રાજ્યં (કૃતં)

એવં વર્ષે પાટસાત ચાઉડા વંશના થયા ચાઉડાવંશે રાજ્યં ૧૯૬ રહ્યું.

તહેવાર પછી સોલંકી વંશે રાજ્ય ગયું. સંવત ૯૯૮ વર્ષે સોલંકી વંશે રાજ્ય સ્થાપના:—

પ્રથમ રાજા મૂલદેવ વર્ષ ૫૫ રાજ્યં (કૃતં)

તત્પદે રાજા ચામૂંડ વર્ષ ૧૩ રાજ્યં (કૃતં)

„ રાજા વલ્લભ વર્ષ ૧ †માસ ૬ રાજ્યં (કૃતં)

„ રાજા દુર્લભ વર્ષ ૧૧ માસ ૬ રાજ્યં (કૃતં)

„ રાજા ભીમ વર્ષ ૪૨ માસ ૫ રાજ્યં (કૃતં)

તેહનેવારે વિમલમંત્રી સર થયા તથા રાજા ભોગી કર્ણ વર્ષ ૨૯ માસ ૮ દિવસ ૨૩ રાજ્યં (કૃતં)

તેહની +મયણલદે (મિનલદેવી) કર્ણાટક દેશના રાજાની દીકરી પરણીને §પરહરી તે હવે પ્રરતાત્રે ‡ડુબનું ટોળું આવ્યું તે મધ્યે નનમુત્તિલા (નનમુંજલા) નામે ડુંમણી સરૂપ દીઠી રાજા વિસ્મય પામી રહયો તેહવારે પ્રધાનને કહ્યું જે એ ડુંમણી સિંઘલ (સંધ્યા) સમઇ અનેઉરમાં મોકલો. પ્રધાનઇ હા ભણી બુદ્ધિ કરી મયણલદેને સોળશંગારઃ કરાવી રાણી મોકલી રાજા નઇ ઘણો પ્રેમઉપનો તેહજ દિને રાણીને ગ્રભ (ગર્ભ) રહયો. તે પૂત્ર રાજા જેસિંગ હવો. તે રાજા ભોગી કર્ણઇ રાજ્ય થાપ્યો. તે મહા પ્રતાપી હતો. પણઇ અપુત્રીઇઓ કહેવો તે કારણે સહસલિંગ સરોવર કરાવ્યું પુત્રાર્થે રાણીઇ વાવ કરાવી. સિદ્ધપૂર નગર વસાવ્યું રૂદ્રમાલો (રૂદ્રમાલનો) પ્રાસાદ કરવો (કરાવ્યો) ઝંઝુવાડી કોટી કરાવી સાહેશીગઢ નામ ધાંધલપૂર ગઢ ગાયોનો વાડો બ્રાહ્મણને કરી આપ્યો બીજા અનેક પ્રાસાદ કરાવ્યા. માતા મયણલદેને નામઇ વીરમગામે મયણ સરોવર કરાવ્યું.

સંવત ૧૧૯૮ વર્ષે મયણસર નીપનું (ઉત્પન્ન થયું) સિદ્ધરાય જેસિંઘનો ભાઇ *ભોજપાલ (હતો) તેહને બેટા ત્રણ થયા કુમારપાલ મહિપાલ અને કીર્તિપાલ તે મધ્યે કુમારપાલ રાજ્યે બેઠો સિદ્ધરાજ જેસિંગ વર્ષ ૪૨ રાજ્યં (કૃતં).

૧૧૯૯ વર્ષે માગસિર વદી ૪ પુષ્યાર્ક યોગે કુમારપાલ રાજ્યં સ્થાપના તેહને વારે શ્રી હેમાચાર્યે રાજા (ને) પ્રતિબોદ્ધો જિનધર્મ યાતિ કીધો (જીવન ધર્માનુયાયી બનાવ્યો) દેશ અઢારને વિષે અમારે પળાવી. દેહડું અઢાર સહસગલું પાણી પીતા (?) બત્રીસેક ઘડા બંધ? પ્રસાદ કરાવ્યા. હેમાચાર્યની પોષાલ કરાવી (પોષધશાળા કરાવી) તે હવડાં અલીની મસિતીને (મસ્જીદને) દેહડુ તેપોશાલી અને શેષદ રાચતાં રંગઈ આબુઇ આરાસણે પ્રવ-પ્રસાદ ×કરાવ્યા ૧૪૪૦૦ નવા ચઉદ હજાર ચારસેં જીર્ણોદ્ધાર કરાવ્યા. સહસ પોસાલી કરાવી સાત યાત્રા શત્રુંજયની કીધી તે કુમારપાલે વર્ષ ૩૦ માસ ૬ રાજ કીધું.

સંવત ૧૨૩૦ વર્ષે અજયપાલે વર્ષ ૩ માસ ૧ કીધું.

તત્પદે તદ્દભૂયણપાલ (ત્રિભૂવનપાલ) વર્ષ ૩ રાજ્યં (કૃતં)

સંવત ૧૨૩૬ વર્ષે લઘુમુલરાજા વર્ષ ૨ માસ રાજ્યં (કૃતં)

પ્રભમીજી અપૂમકા સંવત ૧૨૯૮ (માં) વાઘેલાએ રાજ્ય લીધું વીરધવલ વર્ષ માસ ૫ (રાજ્યં કૃતં)

સંવત ૧૨૬૨ વર્ષે વસ્તુપાલ તેજપાલ થયા. તેમણે રાજ વિશલનગર વાસ્યું (વસાવ્યું) ડભોઇનો ગઢ કઢાવ્યો તેની પુર્વની પોલી (પોળ) ૧૬ કોડી નવાણું લાખ નવહજાર નવસઇ નવ ટકા બેઠી તે વારે શા જગડુ હતા.

સંવત ૧૩૨૭ વર્ષે અર્જુનદેવ રાજ્યં વર્ષ ૩ (કૃતં)

રાજા લવણ રાજ્યં વર્ષ ૪ (કૃતં)

---

× અહિંઆ સંવત ૮૦૨ જોઇએ.

†પ્ર. ચિ. માં જણાવ્યું છે કે ઉપર્યુક્ત નરેશે ૬ માસ રાજ્ય કરી શીલીના રોગથી મરણવસ્થાનો પ્રાપ્ત થયો.

+મયણલદે કર્ણાટક દેશના રાજા જયકેશીની પુત્રી હતી. ઉપર્યુક્ત રાજા દિગંબર ધર્મને માનનારો હતો.

§પરહરી એટલે ત્યાગ કરી.

‡ડુંબતુ= નટનું ટોળું)

क्षौरं मजन वस्त्र माल तिलकं गात्रेषु गंधर्चिनम् कर्णे कुण्डल मुद्रिकाचमुकुटं पायौच चर्मायतौ हस्तं खड्कटारकं कटिघुरि विद्याविजीतं मुखे ताम्बुलं करकंकणं चतुरता श्रृंगारके षोडश. (शार्यूल)

*અહિંઆ લેખકની ભૂલ છે. કારણ કે કુમારપાલ ઇત્યાદિ ત્રણ બંધુઓ ત્રીભુવનપાલના પૂત્ર હતા.

×એટલે આબુ પર્વત ઉપર કાળા આરસપહાણના પત્થરના પ્રાસાદ કરાવ્યા.

તત્પટ્ટે સારંગદેવ વર્ષ ૧૩ માસ ૪ (રાજ્યં કૃતં)

તત્પટ્ટે લઘુકર્ણ ગેહલડી નવ વર્ષ ૬ માસ દસ (દિવસ) (રાજ્યં કૃતં) તે કર્ણને નાગર બ્રાહ્મણ માધવ કેશવ પ્રધાન હતા. માધવની સ્ત્રી પદ્મની હતી તે રાજાએ અપહરિ લીધી કેશવને માર્યો તે વારે માધવ દિલ્હી જઇ સુલતાન અલાવદિનને જઇ મિલ્યો. તે તુરકાણું લાવ્યો. તે કર્ણ રાજાને વારે દિવસે પાલિદેવરાતિ ગોરૂગામમાંહિ ચરતાં પાઘડી આંટા હડબચી હેઠી બંધાતા?

સંવત ૧૨૫૬ તુરકાણું ગુજરાતી આવ્યું દિલ્લી થકી. દિલ્લીઈ મૂલગા (મોગલો) રાજા હતા. તે રાજા પરિવારૂં તુરકાણું આવ્યું તેહની પટ્ટાવલી.

સંવત ૧૨૪૮ પ્રથમ દિલ્લીઇ "સુલતાન" શાહબદીન દિલ્લી લીધી તે પાતશાહે વર્ષ ૧૪ માસ ૬ રાજ્ય કીધો.

તત્પટે સંવત ૧૨૬૬ વર્ષે પાતશાહ સમસીદાન વર્ષ ૧૫ રાજ્યં (કૃતં)

તત્પટે સંવત ૧૨૮૧ (વર્ષ) પાદસ્યાહ નસરનમ વર્ષ ૯ રાજ્યં.

તત્પટે ૧૨૯૧ વર્ષે પાદસ્યાહ ગ્યાસદિલંબાહદીન ૧૧ રાજ્યં (કૃતં).

સંવત ૧૩૦૧ વર્ષ પાદસાહ નસીરદીન વર્ષ ૨૨ માસ ૭ રાજ્યં શોભનં.

તત્પટે ૧૩૨૩ વર્ષે પાતશાહ "યસેદિન" વર્ષ ૨૧ માસ ૭ (રાજ્યં કૃતં).

તત્પટે સંવત ૧૩૪૫ વર્ષે પાદસાહ મોજદિન વર્ષ ૩ રાજ્યં (કૃતં).

તત્પટે સંવત ૧૩૪૮ (વર્ષે) પાતશાહ જલાલદીન વર્ષ ૬ (રાજ્યં કૃતં).

તત્પટે સંવત ૧૩૫૪ વર્ષે પાદશાહ અલાવદીન વર્ષ ૧૯ માસ ૬ રાજ્યં (કૃતં) તે પાતશાહ અલાવદીનને ગુજરાતી દિવાન જઈ મીલ્યો. તેણે તીનસેસાદ ગંગાપુરી ભેગી કીધી પાતશાહ રીજ્યો. દિવાન ગુજરાતીને લઇ આવ્યો તે પાતશાહે તેની ફરિયાદ સાંભળી. અલૂખાન (ને) મોકલ્યો લાખ ૧ તુરંગમ ૧૫૦૦ હાથી ૧૦ સહસકોક બાણ ૪૦૦૮૦ પાયદળ મોકલી તીણે વાઘેલા કન્હેથી ગુજરાતી લીધી.

તત્પટે ૧૩૬૭ વર્ષે પાતસાહ...બદીન વર્ષ એક માસ ૬ દિન ૩ (રાજ્યં કૃતં).

તત્પટે કુતુબદીન વર્ષ ૪ માસ ૬ રાજ્યં કૃતં.

તત્પટે ૧૩૭૦ વર્ષે વસપરબાહદિન વર્ષ એક માસ ૬ દિન ૩ (રાજ્યં કૃતં).

તત્પટે પાતશાહ ગ્યાસદીન વર્ષ ૨૪ માસ ૨ (રાજ્યં કૃતં).
,, પીરોજશાહ વર્ષ ૩૮ રાજ્યં ,, ,,
,, ગુલકમાં વર્ષે ૧૧ ,, ,,
,, હમાઉદીન વર્ષ ૨૪ ,, ,,
,, ખાનમુહમદ દીન ૧ ,, ,,
,, નસરતશાહ વર્ષ ૪ માસ ૮ ,, ,,
,, ગૂગલ વર્ષ ૨૧ ,, ,,

એવરીત પાતશાહ દિલ્હી બેઠા. ગુજરાત ભોગવી સંવત ૧૪૫૭ વર્ષે તાહારખાન નામે ઉંબરાઉ પરાણ હતા. તેહના બેટાને પોતે તખત બેસાડી સલામ કીધી. પ્રથમ ગુજરાતીની પાતશાહી બોલાવી દિલ્હીની પાતશાહી એટલે........પ્રથમ પાતશાહ મદફર વર્ષે ૯ રાજ્યં કૃતં.

તત્પટે અહમદ તેણે અહમદાબાદ વાસ્યું (વસાવ્યું) સંવત ૧૪૬૮ વર્ષે વૈશાખ સુદી ૭ રવઉ પુષ્પ નક્ષત્રે અહમદાવાદ* સ્થાપના. અહમદ વર્ષ ૩૧ રાજ્યં (કૃતં)

તત્પટે કુતુબદીન વર્ષ ૮ ,, ,,
,, ઉદયખાન વર્ષ ૨૮ રાજ્યં (કૃતં).
,, મહિમુદ વર્ષ ૫૨ રાજ્યં (કૃતં) તેણે મહિમદાવાદ વાસ્યું (વસાવ્યું) સંવત ૧૫૩૭ વર્ષે મહિમદાવાદ સ્થાપના.

તત્પટે મદફર વર્ષ ૧૪ રાજ્યં (કૃતં)
,, શકંદર માસ ૨ દિન ૨ રાજ્યં (કૃતં) તે ગૃહથલ હતો.
,, મહિમોદ વર્ષ ૧ માસ ૨ દિન ૫ રાજ્યં કૃતં

સંવત ૧૫૫૮ બાદરશાહ રાજ્ય ઉપર મૂગલ આવ્યા. પાદશાહ હુમાયુ માસ ૧૦ રાજ્યં. (લીધું) બાદરશાહ ભાગી દીવ ગયા પછી ફીરંગી ઉપડી ગયા. ફીરંગીઇ કૂડ કરી દરિયામાં બોડયા પછે પછે માસ ૬ રાજ્ય સુનું રહ્યું.

સંવત ૧૫૯૪ વર્ષે શ્રાવણ માસે પાતશાહ મહિમૂદ રાજ્યે બેઠા વર્ષ ૧૬ માસ ૯ દિન ૧૩ રાજ્યં કૃતં

તે વાર પછી સંવત ૧૬૧૦ વર્ષે ફાગણ શુદ ૧૦ ની રાત્રે પાતશાહ અહમદ રાજ્યં વર્ષ ૭ માસ ૧ દિન ૨૫ રાજ્યં.

સંવત ૧૬૧૭ વર્ષે વૈશાખ વદી ૩ ની રાત્રીએ અતિમનખાન વજીરે મસલત કરી માર્યો નદીમાં નાખ્યા.

તત્પટે મુલતાન મદફર રાજ્યે બેઠી તે વાર પછી સંવત ૧૬૨૮ વર્ષે માગસર શુદી પર્વે દિને પાતશાહ અકબર આવ્યા મદફરને પકડયો અકબરે ગુજરાતી લીધી વર્ષ ૩૪ ગુજરાતી ભોગવી એવં વર્ષ ૬૦ કીધું.

સંવત ૧૬૬૨ વર્ષે કારતીક શુદી ૧૫ બુધની રાત્રે દિવંગતઃ કાર્તિક વદી ૧ ગુરૂને સલીમશાહ રાજ્ય સ્થાપના તત્પટે જહાંગીરશાહ વર્ષ ૨૨ માસ ૧૦ દિવસ ૪ રાજ્યં કૃતં

તત્પટે ૧૬૮૪ વર્ષે પાદશાહ જીહાન રાજ્ય વર્ષ ૩૧ કૃતં

તત્પટે ૧૭૧૫ વર્ષે પાતશાહ ઓરંગજેબ રાજ્યં વર્ષ ૪૮ કૃતં.

તત્પટે ૧૭૬૦ આજમશાહને જીતી દિદારબગસને જીતી કામછગ અને દાગીને બાદરશાહ ગાદીએ બેઠા વર્ષ ૪ રાજ્યં કૃતં.

મોજદીન વર્ષ ૧ માસ ૩ રાજ્યં કૃતં.

તપટે પાતશાહ ફકરશાહ રાજ્ય બેઠા તે હવડાં રાજ્ય કરે છે. છતી પતન વંશાવલી સંપૂર્ણ.

લિ૦ હિમતરામ.

ઉપરની રાજાવલી રાયલ એશિઆટીક સોસાયટિ મુંબઈ (ટાઉન હોલ) ની લાયબ્રેરીમાં છે.

ઉપયુક્ત રાજાવલીમાં અશુદ્ધિ પુષ્કળ છે કારણ કે લગભગ ૫૦ વર્ષ ઉપરની લખેલી છે એમ તેની લીપી પરથી સિદ્ધ થાય છે.

ઉપસંહાર

ઉપર્યુક્ત નિબંધ તૈયાર કરવામાં પ્રો. એચ. ડી વેલણુકર M. A. (Professor of Sanskrit, wilson college Bombay) તથા ડો. હસમુખલાલ ધીરજલાલ સાંકળીઆ M. A. LL. P. H. D. (London) મહાશયે "The

(અનુસંધાન પૃ. ૬ ઉપર)

*અમદાવાદનો સંપૂર્ણ ઇતિહાસ જાણવા માટે "ગુજરાતનું પાટનગર અમદાવાદ" નામે પુસ્તકનું અવલોકન કરવું.

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

## શ્રી કૉન્ફરન્સ કેલવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિનો સને ૧૯૩૮ નો ટુંક અહેવાલ.

શ્રી કોન્ફરન્સ કેલવણીપ્રચાર કેન્દ્રસ્થ સમિતિની સ્થાપના સન ૧૯૩૭ માં થઇ હતી. પણ ખરા કામનો આરંભ સન ૧૯૩૮ ના જાન્યુઆરી માસથી થયો છે

આ કાર્યના પ્રચારાર્થે શ્રી રાજપાળ મગનલાલ વ્હોરા ને રોકીને ગુજરાત, કાઠીઆવાડ તથા મહારાષ્ટ્રના વિભાગમાં મોકલવામાં આવ્યા હતા–તથા સમિતિના એક માનદ મંત્રી શ્રી મણીલાલ મોકમચંદ શાહ પણ સ્થાનિક :સમિતિઓની સ્થાપના વિગેરે અર્થે ગુજરાત–કાઠીઆવાડ તથા મહારાષ્ટ્રના કેટલાક સ્થલોમાં પ્રવાસે ગયા હતા–પરિણામે ઘણા સ્થલોએ કેલવણી પ્રચાર સ્થાનિક સમિતિઓ સ્થપાઇ છે. જેમાંથી ૨૦ જેટલી સમિતિઓએ ગતવર્ષમાં પોતપોતાના સ્થાનમાં જૈન વિદ્યાર્થીઓને મદદ આપવાનું કામ કર્યું છે.

ગતવર્ષમાં જુદા જુદા સ્થલોએ મલીને લગભગ ૬૫૦ જેટલા વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓને જરૂરિયાત પ્રમાણે ત્રણે પ્રકારની–સ્કુલફી, પાઠય પુસ્તકો અને મદદ–આપવામાં આવેલ છે.

કેન્દ્રસ્થ સમિતિ તરફથી સન ૧૯૩૮ માં સ્થાનિક સમિતિઓને રૂા. ૫૫૭૦–૦–૦ મદદ તરીકે મોકલવામાં આવ્યા છે જેની સામે જુદા જુદા સ્થલની સ્થાનિક સમિતિઓએ પણ રૂા. ૫૩૩૪–૦–૦ એકઠા કરીને ખર્ચ્યા છે.

કેન્દ્રસ્થ સમિતિની મદદને અંગે બે સ્થલે ઉદ્યોગશાળા અને એક સ્થલે પ્રાથમિક સ્કુલ ખોલાઇ છે. જેની વિગત નીચે મુજબ છે.

મહારાષ્ટ્રમાં આવેલ બારશી ગામે સ્થાનિક કાર્યકરોએ કેન્દ્રસ્થ સમિતિની મદદ લઇને શ્રી મહાવીર ઉદ્યોગ મંદિર નામની સંસ્થા ખોલી છે જેમાં બ્હેનોને ભરત, શીવણ વિગેરે શીખડાવામાં આવે છે જેનો ત્યાં સારા પ્રમાણમાં લાભ લેવાય છે.

વીરાર પાસે અગાસી ગામે ગુજરાતી પ્રાથમિક શાળા ન હોવાથી ત્યાંના કાર્યકરોએ કેન્દ્રસ્થ સમિતિની મદદ લઇને ૭-૮ માસ થયા ગુજરાતી સ્કુલનો પ્રારંભ કર્યો છે. જેનો ત્યાં જૈન–જૈનેતરોદ્વારા સારો લાભ લેવાય છે.

ઉંઝામાં ઉદ્યોગશાળા ખોલવા માટે ત્યાંના કાર્યકરોએ કેન્દ્રસ્થ સમિતિ પાસેથી મદદ માંગતા રૂા. ૨૫) મંજુર થઇ મોકલાયા છે. જેની સામે તેઓએ આ ઉદ્યોગશાળાને કાયમ કરવા માટે ટુંક સમયમાં રૂા. ૭૫૦) નું ફંડ એકઠું કરેલ છે જે આનંદજનક છે.

ચાલુ સાલમાં જુદે જુદે સ્થલે મલીને ૨૩ સમિતિઓ કામ કરી રહી છે. તેમને મદદ આપવાનું કાર્ય કેન્દ્રસ્થ સમિતિ તરફથી ચાલુ છે જેમાં અત્યાર સુધીમાં મદદના પ્રથમ હફતાના રૂા. ૩૫૦) લગભગ અપાઇ ચુકયા છે.

આ સમિતિએ ગતવર્ષમાં સ્થાનિક સમિતિઓદ્વારા સેંકડો વિદ્યાર્થીઓને લાભ આપેલ છે અને હજુ પણ એ કાર્ય ચાલુજ છે. તે માટે સ્થલે સ્થલે સમિતિઓ સ્થપાય તેવા દરેક પ્રયત્નો કરવા છતાં જોઇએ તેટલા પ્રમાણમાં આ યોજનાનો લાભ લેવાતો નથી. તેના મૂખ્યત્વે બે કારણો સંભવે છે એક તો કૉન્ફરન્સ તરફ ઉદાસિનતાના કારણથી કેટલાક લોકો આ પ્રવૃત્તિને આવકારતા નથી. બીજું કેટલેક ઠેકાણે નાનીસરખી પણ જવાબદારી તથા થોડો ભોગ આપનારાઓનો પણ અભાવ હોય છે. આ કારણોથી આ યોજનાનો સંગીન પ્રમાણમાં લાભ લેવાતો નથી. પરંતુ જૈન જનતાને અમારી વિનંતિ છે કે કેલવણીનું આ કાર્ય મતભેદ વિનાનું હોઇને તેમાં બીજી બાબતો ભેળવીને તેનો લાભ ન લેવો તે યોગ્ય નથી. વલી આ યોજનાથી પોતાને ત્યાંનાજ વિદ્યાર્થીઓને બહુ સારો લાભ આપી શકાય છે. આશા છે કે–દરેક સ્થલના કાર્યકર્તાઓ આ યોજનાનો લાભલઇ કેલવણી પ્રચારના અમારા કાર્યને સાથ આપશે.

લિ૦

**પરમાનંદ કુંવરજી કાપડીઆ**
**મણિલાલ એમ. શાહ.**
મંત્રીઓ.
**શ્રી કૉ. કે. પ્ર. કેન્દ્રસ્થ સમિતિ**
**મુંબઇ.**

---

### કોન્ફરન્સ કેળવણી પ્રચાર સ્થાનિક સમિતિનું આગળ વધતું કામકાજ.

ગયા વર્ષની માફક સમિતિએ આ વર્ષે પણ પોતાનું કામકાજ ચાલું રાખવાનું નક્કી કર્યું અને તે મુજબ કામ ચાલુ થતા કોમના સખી ગૃહસ્થોએ પોતાનો ઉદાર હાથ આ સંસ્થા તરફ આ વર્ષે પણ લંબાવ્યો છે નીચે પ્રમાણે મદદ અત્યાર સુધી મળી છે.

૧૫૦) શેઠ કાન્તીલાલ ઇશ્વરલાલ
૧૫૦) ,, માણેકલાલ ચુનીલાલ
૧૦૦) ,, કાન્તીલાલ બકોરદાસ
૫૧) ,, હેમચંદ મોહનલાલ
૫૦) ,, ખુબચંદ સરૂપચંદ
૨૫) ,, કેશવલાલ મંગળચંદ
૨૫) ,, હા. કેશવલાલ મંગળચંદ
૩૬) ,, અંબાલાલ પરીખ
૧૫) ,, નાનચંદ શામજી
૧૧) ,, ચીમનલાલ દીપચંદ
———
૬૧૩)

ઉપર પ્રમાણે મદદ મલ્યા ઉપરાંત હજુ ફંડ એકઠું કરવાના પ્રયાસો ચાલુ છે કોન્ફરન્સ કેન્દ્રસ્થ સમિતિ તરફથી રૂ૦ ૫૦૦) નો પ્રથમ હપ્તો મલી ગયો છે.

અમારી સમિતિ પાસે અત્યાર સુધીમાં કુલ્લે ૧૦૪ અરજીઓ મદદ માટે આવેલી તેમાંથી લગભગ પંચોતેર વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓને પાઠય પુસ્તકો રૂ૦ સાડી છસોને આસરે આપવામાં આવ્યા છે તેમજ સ્કુલ ફી તથા મદદ પચાસ વિદ્યાર્થીનીઓને માસીક રૂપીઆ એંસીને હીસાબે આપવામાં આવે છે કોમના સખી ગૃહસ્થો આ કેળવણીની ઉપયોગી સંસ્થા તરફ પોતાનો ઉદાર હાથ લંબાવશે

# જૈન યુગ—વર્ષ એકની વિષયસૂચી.

## ( જુનું વર્ષ ૧૨ મું—નવું ૭ મું અંક ૧ થી ૨૪ સુધી )


| અંક | વિષય | લેખક |
|---|---|---|
| ૧ લો | જીવન સંગ્રામ અને કેળવણી | કાકાસાહેબ કાલેલકર |
| | બિહાર સરકારની એરણુ પર ( અગ્રલેખ ) | તંત્રી |
| | નોંધ-(૧) ભાખરીયા કેસનો ચુકાદો (૨) કેટલાક દીર્ઘદ્દષ્ટિ સૂચક ઠરાવો | તંત્રી |
| | કલેશાગ્નિને સમાવો | રાજપાળ મગનલાલ વ્હોરા |
| | આપણું વિદ્યમાન આગમ સાહિત્ય | મોહનલાલ દીપચંદ ચોકસી |
| | બિહાર હિન્દુ રી એ. બીલ | કોન્ફરન્સ કાર્યાલય |
| | કોન્ફરન્સ કાર્યાલય પ્રવૃત્તિ | ” ” |
| ૨ જો | આધ્યાત્મિક વિકાસની ભૂમિકા | ( સંગ્રહીત ) |
| | રાયબહાદુરનું સંભારણું ( અગ્રલેખ ) | તંત્રી |
| | નોંધ-(૧) લખનારાઓ ભલે લખે ? (૨) ઉદાર વૃત્તિના અભંગદ્વાર | તંત્રી |
| | જૈન કોન્ફરન્સની આધુનિક પ્રવૃત્તિ | કોન્ફરન્સ કાર્યાલય |
| | સરાક જાતિનો પુરાતન ઇતિહાસ | નાથાલાલ છગનલાલ શાહ |
| | પર્યુષણ પર્વમાં શું કરશો ? | પં. શ્રી સમુદ્રવિજયજી |
| ૩ જો | સંવત્સરીનો સદેશ | જૈન યુગ સમિતિ |
| અને | પર્વાધિરાજને પગલે પગલે ( અગ્રલેખ ) | તંત્રી |
| ૪ થો | નોંધ-(૧) બંધારણ એ તો સાધન છે (૨) વ્યાખ્યાન ભાષણ પછી શું ? | તંત્રી |
| | કોન્ફરન્સ કાર્યાલય પ્રવૃત્તિ | કોન્ફરન્સ કાર્યાલય |
| | મૃત્યુનો ડર શા માટે ? | |
| | સરાક જાતિનો પુરાતન ઇતિહાસ લેખાંક ૬ ઠો | નાથાલાલ છગનલાલ શાહ |
| | આપણું ભાવી જ્ઞાન મંદિર | મુળચંદ આશારામ વૈરાટી |
| | હેમ સારસ્વત સત્ર અને આપણુ કર્તવ્ય | કેસરીચંદ જેસીંગલાલ શાહ |
| ૫ મો | ધણું જીવો ભારતભાગ્ય વિધાતા | રાજપાળ મગનલાલ વ્હોરા |
| | જૈન મહાસભાનું બંધારણ ( અગ્રલેખ ) | તંત્રી |
| | નોંધ-(૧) શિસ્તપાલન તો જરૂરનુંજ (૨) પવિત્ર સંસ્થા નિયમન માગે છે (૩) જયન્તિનામે લાવડાઓ | તંત્રી |
| | પરિવર્તનની સાચી દિશા કઇ ? | મોહનલાલ દીપચંદ ચોકસી |
| | આપણું ભાવી જ્ઞાન મંદિર | મુલચંદ આશારામ વૈરાટી |
| | હેમ સારસ્વત સત્ર અને આપણું કર્તવ્ય | કેસરીચંદ જેસીંગલાલ શાહ |
| | જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ | કોન્ફરન્સ કાર્યાલય |
| ૬ ઠો | સુલેહનો સંદેશ વાહક | મોહનલાલ દીપચંદ ચોકસી |
| | सत्य अहींसाका पूजारी बनो. | મહાત્મા ગાંધી |
| | ત્રિપુટી કે ત્રિવેણી ( અગ્રલેખ ) | તંત્રી |
| | નોંધ-(૧) શાસન રસી સવિજીવ કરૂં. (૨) જૈન કન્યાઓના ગરબા. (૩) નવપદ આરાધન પર્વ (૪) ધર્મોપદેશમાં મંડનાત્મક શૈલી | તંત્રી |
| | જૈન શ્વે. કોન્ફરન્સ બંધારણનું અવલોકન ( લેખાંક ૧ લો ) | મોહનલાલ દીપચંદ ચોકસી |
| | મહારાષ્ટ્રની જૈન કેળવણી સંસ્થાઓ | રાજપાળ મગનલાલ વ્હોરા |
| | આપણું ભાવિ જ્ઞાન મંદિર | મુળચંદ આશારામ વૈરાટી |
| ૭ મો | ક્યાં છે નૂતન વર્ષ ? | રાજપાળ મગનલાલ વ્હોરા |
| | વીર વિક્રમાર્કના ઉષાકાળમાં ( અગ્રલેખ ) | તંત્રી |
| | નોંધ—(૧) ભિન્ન ભિન્ન કમિટીઓ હસ્તકના વહીવટ (૨) સાધ્વી સંસ્થા માટે જીવંત કાર્યક્રમ (૩) શું આ ચિત્ર સાચું છે ? (૪) કાર્તકીનો મેળો (૫) આપણો ભોજક વર્ગ | તંત્રી |
| | યંત્રમય સુધારાના મૃગજળ : | ( સંગ્રહીત ) |

| અંક | વિષય | લેખક |
|---|---|---|
| | માટુંગાના કહેવાતા ચમત્કાર પાછળ શું ? | મનસુખલાલ હીરાલાલ લાલન |
| | આજના વર્ગ વિગ્રહો | ચોકસી |
| | જૈનો અને સ્વદેશી | કેસરીચંદ જેસીંગલાલ શાહ |
| | કોન્ફરન્સ-બંધારણનું અવલોકન ( લેખાંક ૨ જો ) | મોહનલાલ દીપચંદ ચોકસી |
| ૮ મો | શ્રી હેમચંદ્રસૂરિ | ( મુનશીના પ્રવચનમાંથી ) |
| | દાદા સાહેબની પવિત્ર ભૂમિમાં ( અગ્રલેખ ) | તંત્રી |
| | ગોહેલવાડના જૈનોને અપીલ | જ. અ. ગાંધી વી. મુ. શાહ |
| | કોન્ફરન્સ-બંધારણનું અવલોકન ( લેખાંક ૩ જો ) | મોહનલાલ દી. ચોકસી |
| | કોન્ફરન્સ અધિવેશન ( ભાવનગર ) | કોન્ફરન્સ કાર્યાલય |
| ૯ મો | માનવ દેહની સાર્થકતા | ( ઉપમિતિ ભવ પંપ્રંચા કથા ) |
| | કિનારે ઉભી પત્થર ન ફેંકો ( અગ્રલેખ ) | તંત્રી |
| | કોન્ફરન્સ-બંધારણનું અવલોકન ( લેખાંક ૪ થો ) | મોહનલાલ દી. ચોકસી |
| | શ્રી. નાનચંદ કે. મોદીનું અવસાન | કોન્ફરન્સ કાર્યાલય |
| | કોન્ફરન્સ-અગત્યના ખુલાસા | ” ” |
| | મહેન્દ્ર જૈન પંચાંગ-સમાજનું કર્તવ્ય | મુનિશ્રી વિકાસવિજયજી |
| ૧૦ મો | ખાદી વિષે જીવંત શ્રદ્ધા | મહાત્મા ગાંધીજી |
| | ઝાઝવાનાં નીર ( અગ્રલેખ ) | તંત્રી |
| | કોન્ફરન્સ કાર્યાલય પ્રવૃત્તિ | કોન્ફરન્સ કાર્યાલય |
| | કોન્ફરન્સ-બંધારણનું અવલોકન ( લેખાંક ૫ મો ) | મોહનલાલ દી. ચોકસી |
| | હેમ સારસ્વત સત્રની સફળતા કયાંક ? | ચૈતન્ય |
| | નમિનાથના દહેરાસરનો અંધેર કારભાર | મનસુખલાલ હીરાલાલ લાલન |
| | મહેન્દ્ર પંચાંગ-સમાજનું કર્તવ્ય | મુનિશ્રી વિકાસ વિજયજી |
| | ટ્રસ્ટ રજીસ્ટ્રેશન એકટ | જિજ્ઞાસુ |
| ૧૧ મો | સામ્રાજ્યવાદી માનસ | ( કલિંગના યુદ્ધમાંથી ) |
| | મોહ અને ભીતિના હિંડોળે ( અગ્રલેખ ) | તંત્રી |
| | નોંધ—(૧) સાંકડી મનોદશાના વર્તુલવ્યહાર (૨) પાટણ મંડળની ચાલીઓ (૩) સત્યાગ્રહના પંથે | તંત્રી |
| | માંસાહારના લેખ સંબંધે રદીયો ( લેખાંક ૧ લો ) | મુનિશ્રી ધુરંધર વિજયજી |
| | ભાવનગર કેમ ભુલે છે ? | મનસુખલાલ લાલન |
| | વિજ્ઞાનની આંધી કે વિકાસની ભ્રમજાળ | ચોકસી |
| | કોન્ફરન્સ-બંધારણનું અવલોકન ( લેખાંક ૬ ઠો ) | મોહનલાલ ડી. ચોકસી |
| ૧૨ મો | Jainism a Universal Religion | ( Atmaramji Shatabdi Granth ) |
| | પરિસ્થિતિનું સાચું માપ ( અગ્રલેખ ) | તંત્રી |
| | નોંધ—(૧) અહિંસા સંગ્રામના સૈનિકનું સન્માન (૨) પ્રસ્થાન માસિક અને શ્રી. ગોપાલદાસ | તંત્રી |
| | ટ્રસ્ટીઓ-સેવક કે માલીક ? | સ્વયંસેવક |
| | દેશી રાજ્યોમાં ખળભળાટ | ચોકસી. |
| | વિદ્વાનોની દૃષ્ટિએ જૈન દર્શન | ( સંચીત ) |
| | માંસાહાર સંબંધે લેખનો રદીયો ( લેખાંક ૨ જો ) | મુનિશ્રી ધુરંધર વિજયજી |
| ૧૩ મો | સંયમ—નાણું | શરતચંદ્ર-હરિજનબંધુ |
| | ટ્રસ્ટીઓ અને સમાજ ( અગ્રલેખ ) | તંત્રી |
| | નોંધ—(૧) જૈન મહિલા સંઘ (૨) ચર્ચા ક્ષેત્રની હદ આવે છે | તંત્રી |
| | શ્રી. કાન્તિલાલ ઇશ્વરલાલનું ભાષણ | શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલ |
| | મુંબઇના સંઘ જમણ | પ્રેક્ષક |
| | સ્વતંત્ર વિચાર શકિત | નિરીક્ષક |
| | પ્રજા જાગૃતિનો જુવાળ | ચોકસી |
| | કોન્ફરન્સ કાર્યાલય પ્રવૃત્તિ | કોન્ફરન્સ કાર્યાલય |
| | લાલબાગનું નવું જિનાલય | ચક્રવાક |

| અંક | વિષય | લેખક |
|---|---|---|
| ૧૪ મો | રાષ્ટ્રભાવનાને લાંછન રૂપ શું ? | મહાત્મા ગાંધીજી |
| | બહુમતિનો વિજય ( અગ્રલેખ ) | તંત્રી |
| | નોંધ—(૧) હરિફાઇની ધાર્મિક પરીક્ષા (૨) ગાંધીજીની ટીકા (૩) માંસાહારનો ત્યાગ અને જીવદયા (૪) એકરાર ખુલાસા કરતાં વધુ અગત્ય છે વ્યવહારૂ બુદ્ધિની (૫) પરિવર્તનની નોંધો શું કહે છે ? | તંત્રી |
| | શ્રી. મણિલાલ શાહને | ચોકસી |
| | જાગૃત જમનામાં જૈનોની સંકચિત મનોદશા | લક્ષ્મીપતિ જૈન |
| | સમયોપયોગી કેટલાક ફકરા | |
| | યુવકોને પડકાર | નવયુવાન |
| | લાલબાગનો પ્રતિષ્ઠા મહોત્સવ | નજરે જોનાર |
| ૧૫ મો | ગુજરાતનું પરમ ગૌરવ | રત્નમણિરાવ ભીમરાવ |
| | આજનો આપદ્ ધર્મ ( અગ્રલેખ ) | તંત્રી |
| | નોંધઃ—(૧) માત્ર શબ્દાર્થ એ તો ભયંકર ચીજ છે, (૨) ધન્ય મુનિરાજ (૩) પ્રસ્થાન અને જૈન સમાજ લીંબડીમાં ગુંડાશાહી અને જૈન મંદિર | તંત્રી |
| | મુંબઇની માયાજાળ | મનસુખલાલ લાલન |
| | કેળવણી | ચીમનલાલ દ. શાહ |
| | સોપારા બંદર | મનસુખલાલ લાલન |
| | ( મારી ) જૈન યુગની આત્મા કથા | |
| | ભગવાન મહાવીર અને માંસાહાર | રાજપાળ મગનલાલ વ્હોરા |
| ૧૬ મો | આજની સમસ્યા | ( હરિજન બંધુમાંથી ) |
| | ત્રિપુરી કોંગ્રેસ ( અગ્રલેખ ) | તંત્રી |
| | વિશિષ્ટ જિન પ્રતિમાઓ | રાજપાળ મગનલાલ વ્હોરા |
| | એજ્યુકેશન બોર્ડની પરીક્ષાના પરિણામ | કોન્ફરન્સ કાર્યાલય |
| | આજની શાળા-સંહારચક્ર | ચોકસી |
| | કેળવણીમાં પરિવર્તન | ( હરિજન બંધુમાંથી ) |
| | સ્પષ્ટી કરણ | ચોકસી |
| ૧૭ મો | વર્ધા યોજનાનાં શુભ મંડાણ ટાણે | ( શ્રી. માણેકલાલ ચુનીલાલના ભાષણમાંથી ) |
| | ત્રણે ફિરકાનું ઐક્ય ( અગ્રલેખ ) | તંત્રી |
| | નોંધ-(૧) મુંબઈની જૈન જનતાને (૨) નવાં જિનાલયો (૩) સુતી સંસ્થાઓ જાગૃત થાય | તંત્રી |
| | શ્રી મહાવીર જન્મ જયંતિ—શ્રી. લઠ્ઠેનું ભાષણ | શ્રી. લઠ્ઠે |
| | જૈન એજ્યુકેશન બોર્ડ-પરીક્ષાનું પરિણામ ( ચાલુ ) | કોન્ફરન્સ કાર્યાલય |
| ૧૮ મો | હેમસારસ્વત સત્ર | સ્વાગતાધ્યક્ષના ભાષણમાંથી |
| | પ્રાચીન જૈન પુરી અને હેમાચાર્ય ( અગ્રલેખ ) | તંત્રી |
| | નોંધ-(૧) ડોકટરનાં સન્માન ( ૨ ) અખિલ હિંદ જીવદયા દિન (૩) પ્રચીનતા અને કલાકૃતિનાં સંરક્ષણ | તંત્રી |
| | પીહુંદ અને પૃથુદક ક્યાં આવ્યું ? | નાથાલાલ છગનલાલ શાહ |
| | દૃષ્ટિ તેવી સૃષ્ટિ | વક્તા શ્રોતા |
| | જૈન એજ્યુકેશન બોર્ડ-પરીક્ષાનું પરિણામ ( ચાલુ ) | કોન્ફરન્સ કાર્યાલય |
| | મારી શિખરજીની યાત્રા | ચંદ્રકાંત |
| ૧૯ મો | ઉત્થાન કે પુનરૂદ્ધાર કેવી રીતે શકય છે ? | ઉત્તર હિંદુસ્થાનમાં જૈન ધર્મમાંથી |
| | આપણી સંસ્કૃતિ ( અગ્રલેખ ) | તંત્રી |
| | નોંધ-(૧) દેશી રિયાસતોમાં લડત (૨) કાનુનના જોરે વીખવાદ (૩) કમનસીબ ચર્ચાઓ | તંત્રી |
| | આપણી સંસ્થાઓ | ચીમનલાલ દ. શાહ |
| | અણહિલપુર પાટણની રાજવંશાવલી ( લેખાંક ૧ લો ) | મુનિશ્રી કાન્તિસાગરજી |
| | કેળવણી પ્ર. સ્થાનિક સમિતિનો રીપોર્ટ | સેક્રેટરીઓ-સ્થાનિક સમિતિ |

| અંક | વિષય | લેખક |
|---|---|---|
| ૨૦ મો | પ્રતિભા સંપન્ન જૈન કોમ | ( ખંભાતના પ્રાચીન ઇતિહાસમાંથી ) |
| | સિદ્ધાંત મોહ કે સંગઠનવૃત્તિ | તંત્રી |
| | નોંધ-(૧) પંડિતદ્વારા અભ્યાસ (૨) આપણા માટે બોધ પાઠ (૩) ધનવ્યયની દિશા ફેરવો | તંત્રી |
| | આપણી સંસ્થાઓ ( લેખાંક ૨ જો ) | ચીમનલાલ દ. શાહ |
| | જૈન શ્વે. કો.-ખરવાળાના અંગે પત્ર વ્યવહાર | કોન્ફરન્સ કાર્યાલય |
| | શબ્દોની સાઠમારી | રા. મ. |
| | અગાશી બંદર ( લેખાંક ૧ લો ) | મનસુખલાલ લાલન |
| | અ. પુ. પા. ની રાજવંશાવલી ( લેખાંક ૨ જો ) | મુનિશ્રી કાન્તિસાગરજી |
| ૨૧ મો | દક્ષિણમાં જૈન ધર્મ | પ્રો. હેલ્મુટ ગ્લાજેનાપ |
| | ટુકડા માટે ખેંચતાણ ( અગ્રલેખ ) | તંત્રી |
| | નોંધ-(૧) ચોમાસું કરવાના ક્ષેત્રની પસંદગી (૨) હજુ પણ સદીને નહિ પીછાનીએ ? | તંત્રી |
| | અગાશી બંદર ( લેખાંક ૨ જો ) | મનસુખલાલ લાલન |
| | જગતના રંગ ઢંગ | રા. મ. |
| | અ. પુ. પા. ની રાજવંશાવલી ( લેખાંક ૩ જો ) | મુનિશ્રી કાન્તિસાગરજી |
| ૨૨ મો | ઐતિહાસીક પગલું-દારૂબંધી | રા. મ. |
| | આથમતી સદીના ઝંડાધારી ( અગ્રલેખ ) | તંત્રી |
| | નોંધ-(૧) જ્ઞાન ભંડારોની સમૃદ્ધિ (૨) દેશી રાજ્ય અને ગાંધીજી (૩) અર્થ અનર્થનું કારણ છે | તંત્રી |
| | સમાલોચના-દિશા ફેરવોની | રા. |
| | નવો પ્રકાશ | મહાત્મા ગાંધીજી |
| | મહાવીર વિદ્યાલયના સંચાલકોને વિનંતિ | મણીલાલ મો. શાહ |
| | અ. પુ. પા. ની રાજવંશાવલિ ( લેખાંક ૪ થો ) | મુનિશ્રી કાન્તિસાગરજી |
| ૨૩ મો | આસક્તિ-વિરક્તિ | આત્મબોધ સંગ્રહ |
| | જૈન પ્રજાનું માનસ | મુનિશ્રી પુણ્યવિજયજી |
| | ઘર ફુટે ઘર જાય ( અગ્રલેખ ) | તંત્રી |
| | નોંધ-(૧) નિષ્ક્રિયતા અને કલહવૃત્તિ નોતરવાનું સાધન (૨) રાષ્ટ્રિય મહાસભા સમિતિની બેઠક (૩) આજની કેળવણી | તંત્રી |
| | ધાર્મિક કેળવણીનો કોયડો | સારાભાઇ દલાલ |
| | આત્મીય એકતા | વીર દયાલદાસ |
| | અ. પુ. પા. ની રાજવંશાવલિ ( લેખાંક ૫ મો ) | મુનિશ્રી કાન્તિસાગરજી |
| | જેવો તેવો સંયમી, સિદ્ધાચળ પૂજનીક | M. |
| ૨૪ મો | ઇતિહાસની આવશ્યકતા | બાબુ કાંતાપ્રસાદજી |
| | શ્વેતાંબર મૂર્તિપૂજક મહાસંઘ ( અગ્રલેખ ) | તંત્રી |
| | નોંધ-(૧) સેવાભાવી દળ (૨) આપણી વહીવટી પેઢીઓનું જોડાણ (૩) સંપૂર્ણ માહિતીવાળી સચિત્ર ગાઇડ | તંત્રી |
| | સ્વચ્છંદતાના ઘેનમાં | ચોકસી |
| | કોન્ફરન્સનો ભૂતકાળ અને ભાવિ | નરોતમદાસ ભગવાનદાસ |
| | અ. પુ. પા. ની રાજવંશાવલિ ( લેખાંક ૬ ઠો ) | મુનિશ્રી કાન્તિસાગરજી |
| | કોન્ફરન્સ કે. પ્રચાર કેન્દ્રસ્થ સમિતિનો ટુંક હેવાલ | મંત્રીઓ કે. સમિતિ |
| | ,, ,, ,, સ્થાનિક સમિતિનો હેવાલ | ,, સ્થાનિક સમિતિ |
| | વર્ષ આખાંની વિષય સૂચી | જૈન યુગ સમિતિ |


આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:-"હિંદસંઘ"-"HINDSANGHA."　　Regd. No. B 1996

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.
# The Jain Yuga.

[ જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર ]

તંત્રી:-મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:-રૂપીઆ બે.　　છુટક નકલ:-દોઢ આનો.

નવું વર્ષ ૮ મું.　　શુક્રવાર તા. ૧ લી ડીસેમ્બર ૧૯૩૯　　અંક ૧ લો.

## લેખકોને આમંત્રણ.

'જૈન યુગ'. સંચાલનનું તંત્ર પુનઃ સમિતિના હાથમાં સોંપરત કરાયું છે. આ એનો પ્રથમ અંક છે. પ્રત્યેક અંગ્રેજી માસની પહેલી અને સોળમી તારીખે એ નિયમિત પ્રકટ થવાનું છે. સારાયે જૈન સમાજના-ખાસ કરીને શ્વે. મૂર્તિપૂજક ફીરકાના-ધાર્મિક આર્થિક અને નૈતિક પ્રશ્નોની વિચારણાને અગ્રપદ આપી વર્તમાન છિન્નભિન્નતાને સ્થને દૃઢ સંઘ બળ જન્મે એ સારૂં વિધાનાત્મક શૈલીમાં-રોચક વાણીમાં-પ્રત્યેક માસની તા૦ ૧૧ અને ૨૬ પૂર્વે લેખો મોકલી આપવા સપ્રેમ વિનંતિ છે.

-જૈન યુગ પ્રચાર સમિતિ.

## પરસ્પરની સ્હાનુભૂતિની-અનિવાર્ય જરૂર.

વર્તમાન સંઘ-સમાજની સ્થિતિ સંતોષ કારક નથી, તેને સુધારવા થોડા પણ સમર્થ શાસન રસિકો ખરા જીગરથી એકતા સાધી પ્રયત્ન કરે તો કંઇક સુધરવા આશા રહે, પરંતુ તેવો શ્રેષ્ટ સ્વપર એકાન્ત હિતકારક પ્રયત્ન કરવાનું અત્યારે બાજુએ રાખી કેવળ અણછાજતી રીતે એક બીજા ઉપર અંગત આક્ષેપાદિક કરી, વ્યર્થ સ્વવીર્યાદિકનો ક્ષય કરવામાં આવે છે, જેથી અનેક ભવ્યજનોનાં મન દુભાય છે, કંઇકને મતિભ્રમ થાય છે. મુગ્ધ જનોમાં તેમજ પંડિત જનોમાં હાંસી પાત્ર તથા ટીકા પાત્ર થવાય છે, સંઘ શક્તિનો હ્રાસ થતો જાય છે અને આ બુદ્ધિવાદના જમાનામાં તત્ત્વજિજ્ઞાસુઓને યથાર્થ રીતે સર્વજ્ઞ વીતરાગ પ્રણીત તત્ત્વ સમજાવી શુદ્ધ તત્ત્વરસિક અને શાસન રસિક બનાવવાની અમૂલ્ય તક ગુમાવાય છે. આ દુઃખ દાયક ભયંકર સ્થિતિ કોઇ રીતે પસંદ કરવા જેવી નથીજ, તો પછી તેને સંકોચ રહિત કેમ ચલવા દેવામાં આવે છે?

જેમને જૈન સમાજની તેમજ શાસનની કંઇ પણ સેવા કરવા ઇચ્છાજ હોય તેવા આચાર્યો ઉપાધ્યાયો પ્રવર્તકો, તથા પંન્યાસાદિક સાધુઓ તેમજ સાધ્વીઓ, માટે વિશાળ કર્ત્તવ્ય ક્ષેત્ર રહેલું છે. પૂર્વે થયેલા પરમ પ્રભાવશાળી નિર્મળ ચારિત્ર સંપન્ન ભાવાચાર્યાદિકોએ કેવી અને કેટલી ખંત ભરી લાગણીઓથી ધીરજ અને એકતા સાધીને શાસન સેવા અને સમાજ સેવા કરી હતી, તેનું બારિકાઇથી અવલોકન કરી હંસની પેરે સારતત્ત્વ આદરવાના અર્થી સાધુઓએ આ સમાજની સઘળુ દુઃખજનક સ્થિતિ સુધારવા અને તેને ઉન્નત બનાવી પવિત્ર શાસન સેવાનો લાભ લેવા કેવો માર્ગ લેવો જોઇએ તે વગર વિલંબે વિચારવું જોઇએ, અને તુચ્છ અંગત સ્વાર્થ તજી, એકતા સાધી, ખંત અને ધીરજ ધરી નિર્ણીત માર્ગે સવેળા પ્રયાણ કરવું જોઇએ.

( શ્રી કપૂરવિજયજી લેખ સંગ્રહ ભા. ૧ માંથી )

## જૈન બંધુઓને ખાસ આગ્રહ.

જૈન યુગનો મનોરથ જૈન સમાજમાં ખાસ કરી શ્વે. મૂર્તિપૂજક સંપ્રદાયમાં-નવો યુગ પ્રચારવાનો છે. નવો યુગ એટલે ધર્મનો છેદ ઉરાડી દેનાર કે નિતિ યાને પ્રાચીન સંસ્કૃતિને પાણીચુ આપનાર યુગ નહીંજ. ગત વર્ષોની ફાઇલ જોતાંજ આ વાતની સચ્ચાઇ જણાઇ આવશે. એટલું સાચું છે કે ચાલુ દેશ કાળને અનુરૂપ થઇ પડે તેવી રીતે દરેક સવાલોની વિચારણા થવી જોઇએ. એ સારૂ જરૂર જણાય તેવા ફેરફારો હાથ ધરવા જોઇએ આ જાતના મંતવ્યનો પ્રચાર વધારવામાં તમારા ટેકાની જરૂર રહેજ. બે રૂપીઆ વાર્ષિક ભરી આજેજ આ પાક્ષિકના ગ્રાહક બની એ ફરજ અદા કરશો.

—જૈન યુગ પ્રચાર સમિતિ.

उदधाविध सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ ! दृष्टयः
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

**અર્થ:**–સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

—श्री सिद्धसेन दिवाकर.


# જૈન યુગ.

તા૦ ૧-૧૨-૩૯. શુક્રવાર.


## એકજ ધ્યેય.

જયજીનેંદ્ર–નૂતન વર્ષાભિનંદન કે સાલમુબારકની વિધિ થયા પછી લગભગ વીસ દિવસે "જૈન યુગ" પુનઃ એકવાર જૈન સમાજની સેવામાં પદ સંચાર કરે છે.

નૂતન વર્ષના આરંભ કાળમાં પ્રત્યેક હૃદયમાં જેમ નવ નવી આશાઓ, ભાતભાતની ભાવનાઓ, જાત જાતના મનોરથો, અંકુરિત થયા હોય છે એમ આ પાક્ષિકના ગર્ભમાં પણ વિવિધ પ્રકારે જૈન ધર્મ અને જૈન સમાજની સેવા કરવાના કોડ છે. એની પૂર્ણતાનો આધાર પરસ્પરના મીઠા સહકાર અને નાના મોટા દરેક જૈન બંધુના સક્રિય ટેકા પર અવલંબે છે. પૂર્વે કહેવાયા છતાં એક વાર ફરીથી કહીએ કે "જૈન યુગ પ્રકાશન સમિતિ" એ તો કેવળ આંતરિક ઉલટથી થંભી ગયેલ નાવને હલેસા મારી પુનઃ ગતિવંત કરનાર સાધન સમી છે. એ નાવ ત્વરિત ગતિએ સાગરના અગાધ જળ કાપી ઇપ્સિત સમયમાં ઇચ્છિત મનોરથની પૂર્ણતા સહ નિશ્ચિત કિનારે નિર્વિઘ્ને પહોંચે એ સારૂ એને પણ અનુભવી સાક્ષરોની કલમની વિવિધરંગી પ્રાસાદીની, અભ્યાસી આત્માઓના અવલોકનની, અને લેખકોના નવ નવા લેખોની મદદની ખાસ અગત્ય છેજ. એ સારૂ આમંત્રણ કરવાપણું નજ હોય. જૈન ધર્મ પ્રત્યેનું ઋણ અને જૈન સમાજમાં જન્મ એટલે જૈન તરિકેની ફરજ એ વસ્તુ તરફ સ્વયં પ્રેરણા કરે. એટલે શક્તિધારી દરેક જૈન ખાસ કરીને લેખકોને વિચારકો તો પોતાનો ભાગ ભજવશે. અને જેઓની સાથે ખભા મેળવી કામ કરવાનો નાતો છે એટલુંજ નહિં પણ જેઓની આ કાર્યને આગળ ધપાવવાની ફરજ અમારા જેટલીજ છે તેઓ તો એનો બરાબર અમલ કરશે પ્રારંભની એ કામના પૂર્ણ થવાની આશા સાથે "જૈન યુગ"નો પ્રથમ અંક દોરાય છે.

યુરોપનું વાતાવરણ સંગ્રામના નાદોથી ગાજી રહ્યું છે. દિવસ ઉગ્યે સંખ્યાબંધ જીવનોની હાનિના સમાચાર સંભળાય છે. જાત જાતની ભિષણતાના અને હૃદય કંપે તેવી જીવલેણ યુક્તિ પ્રયુક્તિઓના અખતરા અમલી બનાવવાના નિર્ધાર કર્ણે અથડાય છે. એની અસર પરાધિન ભારત વર્ષને ન થાય એ કેમ બને?

છતાં એક મૂઠી હાડકાના માનવીએ અહિંસા અને સત્ય જેવા દૈવી સાધનો પર ભારતની જનતાના મોટા ભાગનું ધ્યાન એટલી દૃઢતાથી કેંદ્રિત કર્યું છે કે આજે યુરોપની ભયંકર યાદવાસ્થળી સામે પણ હિંદ કોઇ નવિન અખતરો કરી બતાવવાની ભાવના સેવી રહ્યું છે. એ સારૂ ભૂમિકા તૈયાર કરવાના પેગામ છુટયા છે અને સંગઠનના સંદેશ જોરથી પાઠવાયા છે.

એ કાળે જૈન સમાજને બીજો સંદેશ નજ હોઇ શકે. અહિંસા અને સત્ય એ પરમાત્મા મહાવીર દેવના મુખેથી પ્રકટ થયેલા મહાન્ સૂત્રો છે એમ માનનાર જૈન સમાજ આજે જે વિષમ પળ ખડી થઈ છે એ ટાણે એનું સ્વ જીવનમાં પાલન કરી બતાવીને જૈનેતર વર્ગને ધડો આપે તો સોનામાં સુગંધ ભળ્યા જેવું લેખાય. એ સૂત્રોના મૂળ વારસદાર અમો છીએ અથવા તો અમારા અનેકાંત માર્ગમાં સર્વ ધર્મ સહ સમન્વય સાધવાની અમાપ તાકાત ભરી છે એમ કહેવા માત્રથી નહીં પણ જૈન સમાજના ભાગલાઓ સાંધી, એક દૃઢ સંઘ બળ ઉભું કરી એ વાત પુરવાર કરવાની પળ આવી ચુકી છે. જૈન કોન્ફરન્સના ઉદ્દેશોમાં બીજી બાબતો હોવા છતાં આ તરફ એનું વલણ વિશેષ ઢળતું છે. એના સેવા ભાવી સ્થાનિક મંત્રીઓનો એ સારૂ આજે પ્રયાસ ચાલી રહ્યો છે એ છુપુ નથીજ. એટલે એના મુખ પત્રનું પણ એકજ ધ્યેય છે અને તે–અત્રુટ સંઘ બળ સ્થાપવાનું—

ઘર સાફ કરવું એ પહેલું કર્ત્તવ્ય. એ સારૂ એની નજર પ્રથમ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયમાં પડે એ સમજાય તેવી વાત છે.

એ સંપ્રદાયમાં છાપાની સંખ્યા નાની સુની નથી. "જૈન બંધુ"ના પ્રાગટ્ય પછી એકનો વધારો થયો છે. એ સર્વમાં જાત જાતની વાનગીઓ પીરસાય છે. કેટલીક વાર પરસ્પરની અથડામણો પણ જોવાય છે એમાંના કેટલાક કોન્ફરન્સની સુષુપ્તિ સામે કટાક્ષ પણ ફેંકે છે. પ્રબુદ્ધ જૈનના તંત્રી શ્રી તો કહે છે કે—"ભાવનગર ખાતે અધિવેશન ભરવાનું સાહસ કેટલાક જૈન યુવાનોએ માથે ઉપાડયું અને નિમંત્રણ પણ મોકલ્યું. સ્થાયી સમિતિએ તેનો સ્વીકાર કર્યો. એવામાં ઓચિંતો ધડાકો થયો અને કોન્ફરન્સના સુકાનીઓની, નિર્બળતાએ અધિવેશનની વાત ઢીલમાં પડવા લાગી." આ લખાણમાં યુવાનોને જશ અપાવવા જતાં એક સત્ય વાતનો જાણી જોઇને અપલાપ થયો છે. યુવાનોના સાહસ સામે કે યુવકોની કાર્યવાહી સામે "જૈન બંધુ"ના તંત્રીશ્રીની લેખમાળા લાંબી ચાલી છે. આ બધી વાતનો ઉલ્લેખ અત્રે એ કારણસર કરવો પડે છે કે કોન્ફરન્સના અધિવેશનની ભૂખ સૌ કોઇને છે એટલુંજ નહિં પણ જુન વાણી કે નવવાદી સૌ કોઇ સમજે છે કે જૈન સમાજમાં કંઇ પણ કામ કરવું હોય તો, અથવા તો એક ધારો સંદેશ પહોંચાડવો હોય તો, તે કાર્ય માત્ર એકજ સંસ્થા દ્વારા શકય છે અને તે

( અનુસંધાન પૃ. ૪ ઉપર )

# ⧧ નોંધ અને ચર્ચા. ⧧

## એજ્યુકેશન બોર્ડની ધાર્મિક પરિક્ષા.

કોન્ફરન્સની સ્થાપના થયા પછી એ સંસ્થા દ્વારા જે કેટલાક સુન્દર કાર્યોના બીજારોપણ થયાં છે અને જે કાર્યો ફલીફુલી નવપલ્લવિત બન્યા છે એવા કાર્યોમાં ધાર્મિક પરિક્ષાનુ કાર્ય અગ્રસ્થાને છે. પ્રતિવર્ષે ડીસેમ્બર માસમાં જુદા જુદા કેન્દ્રોમાં એકજ દિવસે મુકરર કરેલા કલાકોમાં યુનીવરસીટીના ધોરણે લેવાતી આ પરિક્ષાએ ધીમેધીમે જૈન સમાજનુ આકર્ષણ પોતા પ્રત્યે વધાર્યું છે અને તેથી ઉત્તરોત્તર ઠીક પ્રગતિ સાધી છે. આજે એના કેન્દ્રો વધે જાય છે. આનંદનો વિષય એ પણ છે કે કોન્ફરન્સની અન્ય કાર્યવાહી પ્રત્યે મતફેર ધરાવનાર વર્ગમાં પણ આ આવશ્યક કાર્ય માટે પૂર્ણ માન છે. વાત પણ સ્પષ્ટ છે, કે જેનો હેતુ ઉગતી પ્રજામાં ધાર્મિક જ્ઞાનના ઉંડા સંસ્કારો નાંખવાનો છે અને વ્યવહારિક કેળવણી આપતી સંસ્થાઓમાંથી અદ્રશ્ય થતાં એ જરૂરી વિષયને જીવંત રાખવાનો છે તે માટે મતમતાંતર સંભવે પણ શા કારણે? અલબત વખતો વખત અભ્યાસક્રમ સુધારવામા આવ્યા છે છતાં હજુ પણ ફેરફાર ઇષ્ટ છે બોર્ડની રચનાને બંધારણ પણ સુધારણા માંગે છે છતાં એ પરિક્ષા નજર સામે આવી રહી છે ત્યારે એ વાત ન લંબાવતાં જૈન સમાજને એજ અપીલ હોય કે તે એમાં વધુ રસ લેતો થાય. અભ્યાસી વર્ગને એજ હાકલ હોય કે તે સારી સંખ્યામાં એમાં ભાગ લે.

તાજેતરમાં થયેલા મેળાવડા પ્રસંગે બોર્ડના મંત્રીશ્રી તરફથી અભ્યાસના પુસ્તકો પ્રગટ કરવા અને કાર્ય વિસ્તારવા સારૂ નિરીક્ષક-નિમવાની અગત્ય દર્શાવાઇ હતી અને એ સારૂ ફંડ માટે અપીલ થઇ હતી એ સબંધમાં અમને લાગે છે કે આજે કોન્ફરન્સ પાસે વ્યવહારિક કેળવણીના પ્રચાર માટે નિરીક્ષક મોજુદ છે આ કાર્ય એ નિરીક્ષકને સોંપાય એમાં કંઇ હરકત જેવું નથી. અભ્યાસક્રમના જરૂરી પુસ્તકો પ્રગટ કરવાની શકિત આજે કોન્ફરન્સની છે એટલે જુદા ખાતાને જુદા વહીવટના વમળમાં ન અથડાતાં એકજ સંસ્થા હસ્તક ચાલતાં દરેક ખાતા કરકસરથી કેમ ચલે અને જનતા એ પ્રતિ વધુ રસ ધરાવતી કેમ બને એવા પ્રયાસ હાથ ધરવાની જરૂર છે. સુન્દર અને સંગીન કાર્યો ધનને જરૂર ખેંચી લાવશે.

## કન્યાશાળાનો મેળાવડો.

માંગરોળ સભા હસ્તક ચાલતી શ્રી શકુન્તલા કન્યાશાળાની બાળાઓ તરફથી આ વર્ષે રજુ થયેલા નૃત્ય અને અભિનયના પ્રયોગોએ, જનતામાં જબરી ચર્ચા પ્રગટાવી છે. સમાચારની જૈન ચર્ચાથી માંડી જૈન સમાજમાં પ્રગટ થતાં દરેક પત્રોએ જુદાજુદા દ્રષ્ટિ બિન્દુએ એ પર ટીકાના બાણ વર્ષાવ્યા છે. કોઇએ માર્મિકતાથી કહ્યું છે તો કોઇએ હાસ્યમાં ઉપાલંભ ભેળવ્યો છે. 'પ્રબુદ્ધ જૈન' ના બે અંકોમાં એ વાત જુદા જુદા સ્વરૂપે મૂકાઇ છે જ્યારે તાજેતરમાં પ્રગટ થયેલા 'જૈન-બંધુ' ના પ્રથમ અંકમાં એના સંચાલકો માટે ઠઠ્ઠા ચિત્ર દોરેલું છે! ખૂબીતો એ છે કે ટીકાકારોમાંના કેટલાક સંસ્થાના ભૂતપૂર્વ સભ્યો હતા કિંવા આજે છે પણ ખરા! જે વાતે આજે સૌકોઇને એક નાવમાં બેસાડયા છે એ વાત સબંધી નુકતેચીની ગયા વર્ષની નોંધમાં અમોએ કરી હતી; એટલે એનુ ચર્વિતચર્વણ ન કરતાં-તેમ કેવળ સંસ્થાના પ્રમુખ કે સંચાલકોના શીરે ટોપલો ન ઢાલવતાં એક પ્રશ્ન તરફ ધ્યાન ખેંચીએ અને તે એજ કે—સંસ્થા અગર તો જૈન સમાજ પોતાની કન્યાઓમાં—**કેવા સંસ્કાર પાડવા ઈચ્છે છે?**

પાશ્ચિમાત્ય પદ્ધત્તિસહ પૂર્વની અર્થાત્ આપણી સંસ્કૃતિનો ઘણીખરી રીતે મેળ નથી એ સૌકોઇ જાણે છે 'જૈનજ્યોતિ' માં આ સબંધે લંબાણથી કહેવાયું છે. સમાજમાં આજે બે પ્રવાહો મોજુદ છે એક છેલ્લી ઢબના અપટુડેટ સ્વાંગને હાવ-ભાવની હિમાયત કરનારો જ્યારે બીજો લજ્જાયુકતને કુલીનતાને છાજે એવા કળામય પોશાક અને મર્યાદાયુકત અભિનય પસંદ કરનારો!

જૈન કથાનકોમાં ગૃહિણી તરિકેના જે ચિત્રો જોવાય છે અગર તો પૂર્વની સંસ્કૃતિ પોષક પાત્રનુ જે રીતે આજે આ લેખન નિષ્ણાતોના હાથે થાય છે તે જો આપણો આદર્શ હોય તો લોટસડેન્સ કે સેલરના પ્રયોગો નકામા છે. એ સબંધમાં જૈન જ્યોતિની નોંધ ધ્યાનમાં લેવા જેવી છે. પણ એને સ્થાને પશ્ચિમની ઢબછબ પસંદ હોય, એ તરફના કહેવાતાં સ્વતંત્ર જીવનો આંખે વળગતાં હોય તો ભાઈશ્રી પરમાનન્દની એ પરત્વેની નોંધ વાંચી લઇ જે પ્રગતિ એ બે ડગલા આગળ સુચવે છે તે વધુ ડગલા ભરતી કેવી રીતે થાય તે સબંધી સલાહ લઇ આગળ વધવાનો છે.

જ્યાં આજે શિક્ષણ પદ્ધત્તિજ બદલવાના ચોઘડીયા વાગી રહ્યાં છે. જ્યાં આજે જીવનમાં સાદાઈ અને જાત મહેનત આણવાના પ્રયોગો થઈ રહ્યાં છે અને જ્યાં આજે શિક્ષણની સચ્ચાઇનુ માપ ઉપરછલ્લા હાવભાવ કે દેહની સજાવટથી નહ પણ સ્વજીવનના ઘડતર અને સેવાભાવે થતાં એના વપરાશ પરથી કહાડવાની વાત ચર્ચાઇ રહી છે ત્યાં કળાને નામે આવા પ્રદર્શન ગોઠવવા, અને એમાં ભારોભાર ઠાઠમાઠને આડંબરી પોશાકનુ દર્શન કરાવવું વાસ્તવિક નથીજ. કન્યાઓને સાચા સ્વરૂપમાં ગૃહિણીઓ બનાવવી હોય તો દિશા ફેર જરૂરી છે.

## મંડળ ઉભુ કરવાની અગત્ય—

આજ કેટલાયે વર્ષોની એ બુમ ચાલુ છે કે જૈનેતર લેખકો તરફથી અથવા તો ઈતિહાસકારો તરફથી જૈન ધર્મ સબ લખાણ લખવામાં ઘણી ખરી બાબતોમાં ઢંગધડા વગરની વાતોના ચિત્રણ કરાય છે. આમ કરવામાં તેઓનો ઇરાદો જૈન ધર્મને વિરૂપ ચીતરવાનો કે જૈનોને જનતાની નજરે ઉતારી પાડવાનો હોય છે એમ માનવા કરતા, તેઓના મોટા ભાગનો જૈનધર્મ સબંધી અભ્યાસ કયાંતો છીછરોને અતિઅલ્પ હોય છે અથવા તો એ પરત્વે પૂરેપૂરી સામગ્રી પ્રાપ્ત કરવામાં તેઓએ ઝાઝી કોશિશ કરી નથી હોતી. ઇતિહાસ જેવા અતિ મહત્વના ગ્રંથનુ સંકલન કરતી વેળા આ પ્રકારની ઉતાવળ કે બેદરકારી રાખવાથી ઘણુ ભયંકર પરિણામ આવે છે, કેમ કે ઉગતી પ્રજામાં એથી ઘણા માઠા સંસ્કાર પડે છે. એટલે આવા અગત્યના સર્જન કરતાં પૂર્વે લેખકોએ જૈનધર્મના ખાસ અભ્યાસીઓ મારફતે સંપૂર્ણ માહિતી મેળવી લેવાની આવશ્યકતા છે. તાજેતરમાં કાનપુરથી 'આનંદમાળા' નામની પુસ્તક પ્રકાશન સંસ્થાએ 'ભારત-

વર્ષનો ઇતિહાસ' નામા હીન્દી બુક પ્રગટ કરી છે. એને અભ્યાસક્રમમાં સ્થાન પ્રાપ્ત પણ થયું છે. એના લેખક શ્રી રામકૃષ્ણ માથુરે ભગવાન મહાવીરના સમય અને સંસ્કૃતિ સબંધે એવી વિચિત્ર વાત લખી મારી છે કે જે વાંચતાં અભ્યાસી હૃદયમાં ક્ષોભ પેદા થાય અને લેખકની વિષય પરત્વેની આવા પ્રકારની અનભિજ્ઞતા નિરખી હસવું આવે! મુનિશ્રી જ્ઞાનસુંદરજીએ જૈન સમાજનુ આ સબંધમાં પ્રથમ ધ્યાન ખેંચ્યું છે; અને અંતે જણાવ્યું છે કે આ પ્રકારની જે અંધાધુંધી પ્રવર્તી રહી છે એના ઉપાય તરિકે પૂરા તત્વ શોધકો. ઇતિહાસ રસિકો અને જૈનધર્મનું જ્ઞાન ધરાવનાર અભ્યાસકોનું એક મંડળ સ્થાપવું જોઈએ. આવી એકાદ સમિતિની જરૂર વિષે પૂર્વે આ પત્રની નોંધમાં ધ્યાન ખેંચવામાં આવ્યું છે. એની અગત્ય માટે બે મત જેવું નથીજ. લેખકોની બેદરકારી સાથે આપણી નિર્નાયકતા ઓછી જવાબદાર નથી. કદાચ કોઇ લેખકને માહિતીની જરૂર હોય તો આજના વાતાવરણમાં એ કોને પૂછાવે? એ પ્રશ્ન પણ ઓછી ગુંચ ભર્યો નથીજ!

એટલે જાગ્યા ત્યાંથી સવાર ગણી પહેલી તકે એક મંડળની સ્થાપના કરવાની ખાસ આવશ્યકતા છે અને એ કામ જૈન સમાજની આગેવાન સંસ્થાએ ઉપાડી લેવાનુ છે મંડળની સ્થાપના પછી પ્રાથમીક પગલું એ ભરવાનુ છે કે ભારત વર્ષના જુદાજુદા ભાગમાં જૈન-જૈનેતર લેખકો તરફથી અભ્યાસ કે અવલોકન આદિના પ્રગટ થતાં પુસ્તકો કાર્યાલયમાં મોકલી આપવાની વિનંતી કરવાનુ તેમજ તેમને જૈનધર્મ સબંધી જે માહિતી જોઇતી હશે તે પૂરી પાડવામાં આવશે એવી જાહેરાત કરવાનું છે.

---

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

### આગામી ધાર્મિક પરીક્ષાઓ.

આ બોર્ડ તરફથી **શ્રી સારાભાઇ મગનભાઇ મોદી પુરૂષવર્ગ અને સૌ. હીમકોરબાઇ મેઘજી સોજપાલ સ્ત્રી વર્ગ** ધાર્મિક હરીફાઈની ઇનામી પરીક્ષાઓ આવતી તા. ૨૪ ડિસેમ્બર ૧૯૩૯ રવીવારના રોજ બપોરનાં સ્ટાં. ટા. ૧ થી ૪ સુધીમાં સર્વ સેન્ટરોમાં લેવામાં આવશે. પ્રવેશ પત્રો તા. ૧૧-૧૨-૩૯ પર્યન્ત સ્વીકારાશે. નવા સેન્ટર માટેની અરજી પણ સંપૂર્ણ વિગત સાથે મોડામાં મોડી તે તારીખ સુધીમાં આવી જવી જોઇએ. જૈન પાઠશાળાઓ, કન્યાશાળાઓ, બોર્ડિંગો, ગુરૂકુલ આદિ સંસ્થાઓના વ્યવસ્થાપકોને સત્વરે વિદ્યાર્થીઓના ફોર્મ-શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ, ૨૦-પાયધુની મુંબઇ ૩ ના સિરનામે મોકલી આપવા વિજ્ઞપ્તિ છે.

લિ. સેવકો,

**સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી**

**બબલચંદ કેશવલાલ મોદી**

ઓન. સેક્રેટરીઓ.

---

( અનુસંધાન પૃ. ૨ ઉપરથી )

આપણી કોન્ફરન્સ જે શકિત કોન્ફરન્સમાં છે એ નથી તો સંમેલનમાં કે નથી તો પરિષદમાં. યંગમેન અને યુવક એ જૈન સમાજના અદકેરા અંગો છે. એમાં એક દેશીયતા છે. સર્વ દેશીયતા આણનાર સાધન કોન્ફરન્સ સિવાય બીજું છે' પણ નહીં અને સંભવી શકે પણ નહીં. એટલેજ એના અધિવેશન માટે સૌ કોઇને તાલાવેલી હોય.

પણ મહાત્મા ગાંધીજી જેવા મહાન્ નેતા પ્રતિવર્ષ સારી રીતે ભરાતા કોંગ્રેસ અધિવેશનમાં પણ જે છુપા સડો જુવે છે અને દૂર કર્યા વગર દેશની એક જબરદસ્ત સંસ્થા આંતરિક વિગ્રહોમાં વેર વિખેર થવાનો ભય અનુભવે છે; ત્યારે આપણા ખોટકી પડેલા તંત્રમાં બાર ભૈયાને તેર ચોકા જેવા તંત્ર ધારીઓએ અધિવેશનની નોબત ગજવતાં પૂર્વે અંતર શોધન કરવાની ખાસ આવશ્યકતા છે. દ્રષ્ટિ સન્મુખ રાષ્ટ્રીય મહા સભા જેવી મહાન્ સંસ્થાને દોરવનાર ને પગભર બનાવનાર મહાત્માની જે જે સુચનાઓ બહાર પડે એ આપણને કેટલે અંશે ઉપયોગી છે એનો પણ વિચાર કરવાની જરૂર છે. અધિવેશન એટલે ત્રણ દિવસનો જલસો એ વાખ્યા આજે ભૂલી જવાની છે. એવા જલસાનો મોહ જનતાને હવે રહ્યો નથી! અત્યાર પૂર્વેના એવા જલસાઓએ ઠંડુ પાણી નાંખી પુરવાર કરી આપ્યું કે પરસ્પરની સાચી એકતા વિના અને 'કંઇક' કરવું છે એવી અંતરની ઉલટ વિના-આવા જલસાઓ એ તો વાણી વિલાસને ધન વ્યય સિવાય અન્ય કંઇ ગરજ સારતા નથી. એના ઠરાવો કેવલ છાપાના પાના શોભાવે છે.

કોન્ફરન્સ, અધિવેશન ભરવા માંગે છે. એના કેટલાક સુકાનીઓ સારી રીતે સમજી ગયા છે કે અધિવેશનને સફળતા પ્રાપ્ત કરાવવી હોય તો શું કરવું ઘટે; અને તેથી એ ભરતાં પૂર્વે કેવી તૈયારી કરવી જોઇએ તે સારૂ તેમના પ્રયાસ પણ ચાલુ થઇ ચુકયા છે. રોગ ઘણા દિવસનો જુનો હોય તો ઉપચાર લાંબો સમય પહોંચે. એથી ઉત્સાહીને સેવા-ભાવી અંતરોને અકળાવાની જરૂર નથી. તેમ નથી જરૂર નબળાઇના રોદના રડવાની.

અધિવેશન સત્વર ભરાય અને સફળતાથી જૈન સમાજમાં એ નવો સફો શરૂ કરે તેવા દરેક પ્રયાસ કરવાનું ધ્યેય અમારૂં મુખ્ય છે તો વિદ્યમાન પત્રોને તેના ઉમંગી તંત્રી મહાશયોને અને ઉત્સાહી લેખકોને અમારી સહ એ માટેનું વાતાવરણ તૈયાર કરવામાં સાથ પુરવા આગ્રહ ભરી વિનંતિ કરી અંતમાં એકજ અપીલ કરીએ કે—"જુનો ઇતિહાસ ભૂલી જાઓ આપણે સૌ ભાઇઓ છીએ અને આપણુ સૌનું ધ્યેય જૈન સમાજનો ઉત્કર્ષ છે" એ વાત અમલી બનાવીએ.

# અમર કૃતિઓના સર્જનહાર.

'કાવ્યાનુ શાસન'જ 'દ્વયાશ્રય' 'યોગશાસ્ત્ર,'
'છંદોનુ શાસન' રચી 'વીતરાગ સ્તોત્ર,'
ઊંડા અગાધ કવિતા સરિતા જલોમાં,
હેમે નિમજ્જન કરાવ્યું રૂડા રસોમાં.
ડો. ભ.-મ. મહેતા.

વિક્રમ સંવત અથવા તો શ્રી મહાવીર નિર્વાણ સંવત્સરના આરંભની પ્રથમ શુક્લપૂર્ણિમાએ સમસ્ત જગતના પ્રખર કવીની જન્મ તિથિ કાર્તિક શુદ પુનેમની શીળી ચંદ્રિકા ધરણી માતાને શ્વેત વસ્ત્રના પરિધાન કરાવી રહી હતી એ ટાણે પાહિણી શ્રાવિકાએ એક સુતને જન્મ આપ્યો. ચિત્રગુપ્તે પોતાની વહીમાં એ માટે શી નોંધ લીધી એ કળવું મુશ્કેલ હતું છતાં જન્મ પછીના અલ્પ વર્ષોમાંજ આ બાળકે પોતાનું ખમીર દેખાડી આપ્યું, અને ગૂજરાતના ખૂણે પડેલાં ધંધુકામાં એકાદ સામાન્ય ઘરમાં માત્ર ગૂજરાતનું જ નહિં પણ સારાયે ભારત વર્ષનું-આગળ વધી કહીયે તો અખિલ વિશ્વનું એક અણમોલ રત્ન પેદા થયું છે એ વાત ચોક્કસ થઇ. સામાન્ય રીતે એમજ બનતું આવ્યું છે કે જગતને પોતાની પ્રતિભાથી વિસ્મય પમાડનારા રત્ન સરિખા માનવીઓનો જન્મ મધ્યમ કોટિના ઘરોમાંજ થાય છે. એ કાળે ચોઘડીઆ વાગતાં નથી કે વધામણાં થતાં નથી; છતાં 'તારાકી જ્યોતમેં ચંદ્ર છુપે નહીં' એ કહેતી પ્રમાણે એ સ્વયં જ્યોતિના પ્રસરવા માંડેલા ઝગઝગાટથી જ્યાં દિશાઓ ઉજળવા માંડે છે, ત્યાં જોત જોતામાં હજારો મુખો આશ્ચર્યમાં ડુબે છે. હજારોને પ્રેરણા મળે છે અને હજારો એ પાછળ મુગ્ધ બને છે.

માતા પાહિણી જોડે ઉપાશ્રયે જનાર બાળક ચાંગદેવ પોતાનામાં રહેલ તેજની રજુઆત દેવચંદ્રસૂરિના આસન પર બેસી જઇ દર્શાવે છે. જ્યોતિષજ્ઞાનથી વિભુષિત સૂરિ આ બાળકના ભાલમાં કોઇ અનેરૂં સામર્થ્ય જુવે છે. એ બાળ જો પોતાના હાથે ચઢે તો જૈન શાસનની અનેરી પ્રભાવના કરે એવો અંતર ધ્વનિ એમના હૃદયમાં ઉઠે છે. સંઘના મુખીઓ સાથે પાહિણીના ઘેર પહોંચી એની માંગણી કરે છે ચાંગદેવ સરખા ચાલાક બાલુડાનો મોહ છોડી દેવાનું કઇ માતા પસંદ કરે ? સુરી જાત જાતની દલીલોથી શ્રાવિકા પાહિણીના અંતરમાં શાસન પ્રભાવનાની જ્યોત પ્રગટાવે છે. આ બાળક ત્હારી કુક્ષિને દીપાવનાર શાસનનો સ્થંભ નિવડશે એવી ખાતરી આપે છે. બાળક ચાંગદેવનું વલણ પણ કુદરતી રીતે દેવચંદ્રસૂરિ તરફ વળે છે. તેમની સાથે જવા તે તૈયાર થાય છે. તેઓશ્રીનો પરિચય એણે મીઠો લાગે છે. આખરે માતાના આશીર્વાદ મળે છે.

પાંચ વર્ષના ચાંગદેવ સાથે સુરી સ્થંભતીર્થ પ્રતિ પ્રયાણ કરે છે. પણ ઘેર આવીને પિતા એવો ચચ્ચ જ્યારે આ વાત સાંભળે છે ત્યારે એને સખત આઘાત પહોંચે છે. ચાંગદેવ આ ઉંમરે સાધુ થાય અને તે પણ પોતાની સમંતિ વગર એ જરા પણ રૂચતું નથી. તરતજ તે ખંભાત પહોંચી જાય છે. દેવચંદ્રસૂરિ અને મંત્રી ઉદાયન એને ઠંડો પાડે છે. ચાંગદેવને એના ખોળામાં બેસાડી કહે છે કે-'પાહિણીએ રત્ન આપ્યા છતાં જો તમારી નાખુશી હશે તો હરગીજ એને દીક્ષા નહીં દેવાય. આ ભાગવતી દીક્ષા મહત્ પુન્યે પામી શકાય છે. એમાં પણ બાળવયે એનો યોગ કોઈ સંસ્કારીને પુરા ભાગ્યશાળીનેજ પ્રાપ્ત થાય છે. છતાં એ રાજી ખુશીના સોદાની વસ્તુ છે. બાળક પર માતા પિતાનો હક સર્વોપરી છે. અપત્ય પ્રેમ દુઃખે ત્યજી શકાય તેવો છે એ અમારા લક્ષ્ય બહાર નથી. એટલેજ દીર્ઘ દૃષ્ટિવંત શાસ્ત્રકારોએ સમંતિ વગર દીક્ષાની મનાઇ ફરમાવી છે.' ચચ્ચનો અર્ધો ગુસ્સો તો આ ન્યાયયુક્ત ને મીષ્ટ વાણીના પ્રતાપે ઠંડો પડી ગયો. મંત્રીશ્વર ઉદાયનના મુખે જ્યારે પોતાના પુત્રનું ઉજ્વળ ભવિષ્ય સાંભળ્યું ત્યારે એનું મન પીગળી ગયું અને અંતમાં મંત્રીશ્વર તરફથી કહેવામાં આવ્યું કે–'જો ધનની કામના હોય તો આ ભંડાર ખુલ્લો છે મરજી માફક એમાંથી ગ્રહણ કર, જો પુત્ર પ્રેમ આડે આવતો હોય તો મ્હારા ત્રણ દીકરા છે એમાંથી એકને લઇ જા, પણ જેની શીરાઓમાં જૈન ધર્મની વિજય પતાકા જગત ભરમાં ફરકાવવાનું જોમ છે, જેના કપાળમાં દુનિયાને અચરીજ પમાડવાની વિદ્યા રૂપી જ્વલંત જ્યોતિ ઝળકે છે એવા આ ચાંગદેવને રાજી ખુશીથી ગુરૂ ચરણે ધર. સાંસારી પુત્ર કરતાં ત્યાગી પુત્ર અનોખું નામ કઢાડશે. ત્હારૂં નામ યાવચ્ચંદ્ર દિવાકરૌ રહે તેવું કરી બતાવશે.' મંત્રીશ્વરની હૃદયમાંથી ઝરતી વાણીએ ચચ્ચનું અંતર ભેદી નાંખ્યું પ્રબંધ ચિંતામણીકારના મત પ્રમાણે ચચ્ચે પોતેજ બધો દીક્ષાવિધિ જાતે હાજર રહીને ઉજવ્યો તે વેળાએજ ચાંગદેવનું નામ સોમચંદ્ર પાડવામાં આવ્યું.

'પુત્રના લક્ષણ પારણામાંથી જણાય' એ ઉક્તિ અનુસાર જેમના જીવનમાં બાળપણથીજ સરસ્વતી દેવીની પ્રસન્નતા દૃષ્ટિગોચર થતી અને જેમણે પ્રતા बालादपिहितंग्राह्यम् જેવા સૂત્રની પ્રતિતી કરાવતી એવા સોમચંદ્ર જોત જોતામાં તર્ક-લક્ષણ અને સાહિત્યમાં પાવરધા બન્યા. એમની વિદ્યાની ભૂખ એટલી તીવ્રતમ થઇ પડી કે ગુરૂદેવચંદ્રને કાશ્મીરનો માર્ગ લેવો પડ્યો. એ કાળે કાશ્મીર શારદા માતાનું બૃહત્ ધામ લેખાતું મોટા અને પારંગત ગણાતા વિદ્વાનો ત્યાં વસતા હતા.

"પુન્યશાળીને પગલે પગલે નિધાન" અર્થાત્ "મન ચંગા તો કથરોટમાં ગંગા" એ લોકોક્તિ અનુસાર સોમચંદ્રને એટલી ધરતી ખુંદવાવારો ન આવ્યો. એક અભિપ્રાય મુજબ મધ્ય રાત્રે ધ્યાન ધરતા બ્રાહ્મીદેવી પ્રકટ થયાને જોઇતું બધું અહીંજ મળી જશે એમ કહ્યું બીજા અભિપ્રાય પ્રમાણે—

નગ્ન પદ્મિનીની સામે, વિદ્યા સાધક હેમની,
નગ્ન અસિ રહી સાક્ષી, રોમે ય અવિકારની.

એ બે લીંટીમાં સુચવ્યા મુજબ માર્ગમાંજ એક મંદિરના ભોંયરામાં એક બાજુ નગ્ન અવસ્થામાં ઉભેલ પદ્મિની લલના, એની સામે હાથમાં ઉઘાડી તલવાર રાખી ઉભેલ તેણીનો પતિ અને બીજી બાજુ ધ્યાન મગ્ન મુનિ ત્રિપુટી જેમાં દેવચંદ્ર સોમચંદ્ર અને મલયગિરિ હતા. જરા પણ ધ્યાન ભંગ થવાય. રંચ માત્ર વિકાર નજરે ચઢે તો નાગી તરવાર-અચકાયા વગર આ સાધુ છે એવું મનમાં આણ્યા વગર તરતજ કંડ પર

ફેરવી દેવાનો સખ્ત હુકમ હતો. એકજ ધ્યેય હતું કે આવા સાનુકુળ સંજોગોમાં પણ અડગ અને સ્થિર ધ્યાનની ધારા રહેવી જોઇએ. એક રૂંવાડું સરખુએ વિકાર વશ ન થવું જોઈએ. બ્રહ્મચર્યમાં જરા માત્ર સ્ખલના ન સંભવી શકે. એ નિશ્ચળતાએ ત્રણે મુનિ પુંગવોને મનોવાંછિત લબ્ધિઓની પ્રાપ્તિ કરાવી.

વીસમી સદીના વિચારકો અનુમાને છે કે એ કાળે અણહિલપુરમાં કાશ્મીરના "બિલ્હણ" ને 'ઉત્સાહ' જેવા પ્રસિદ્ધ વૈયાકરણીઓ હતા. વળી ખાસ માણસો મોકલી કાશ્મીરથી આઠ વ્યાકરણ પણ મંગાવ્યા હતા. એથી કાશ્મીર ગયા સિવાય વિદ્યાભ્યાસમાં અનુકુળતા થઈ પડી ગમે તે માન્યતા પર વજન મૂકીએ છતાં એટલું તો સાચું છે અને કબુલવું પડવાનું કે વયના વધારા સાથે મુનિશ્રીની જ્ઞાનવૃદ્ધિ પણ જોરથી શરૂ થઈ અને એમાં એ નિષ્ણાત બન્યા. કુમારપાળ પ્રતિબોધના લેખક જણાવે તેમ સોમચંદ્રે દીક્ષા પછીનો સમય તીવ્ર તપ તપવામાં અને કાયાને દમવામાં ગાળ્યો. અધ્યયન પાછળ એકાગ્રતાથી મંડી પડયા; અને થોડા વખતમાંજ આખો શાસ્ત્ર સમુદ્ર ઓળંગી ગયા શરૂઆતની આ યોગ સાધનાજ તેમની બધી શક્તિઓને વિકસાવવામાં તેમજ એકત્રિત કરવામાં કારણભૂત થઈ. તેમની બુદ્ધિની પ્રખરતા અને તેમના ચારિત્રની તેજસ્વીતા જોઇ નાગોર મુકામે ગુરૂએ સં. ૧૧૬૬ માં એકવીશ વર્ષની યુવાન વયે તેમને સૂરિપદથી અલંકૃત કર્યા અને મુલ્કમશહૂર એવું 'હેમચંદ્ર' નામ દીધું.

સુરિપુંગવ હેમચંદ્રનો સારોયે જીવનકાળ ઝળહળતી જ્યોતથી ભરપુર છે. વિવિધ પ્રસંગો અને એમાં તેઓશ્રીની નિષ્ણાત બુદ્ધિએ કહાડેલા તોડથી–નિર્ધારેલા માર્ગથી–દોરેલા ચીલાથી–કે નિયત કરેલા મુદ્રાલેખથી એ એટલી હદે ભર્યો ભર્યો છે કે એમાંના એકેક બનાવ પાછળ પાનાના પાના ભરી શકાય. એ ઉપર સંખ્યાબંધ ગ્રંથો લખાયેલા મોજુદ પણ છે. સિદ્ધરાજ જયસિંહનો અડધો રાજ્યકાળ અને કુમારપાળ મહારાજનો આખોયે રાજ્યકાળ એમાં સમાય છે. એમાંથી જો દીર્ઘદર્શી સુરિ હેમચંદ્રે ભજવેલો ભાગ કહાડી લઇએ તો એ સારોયે ઇતિહાસ લૂણ વિહુણા ભોજન જેવો નિરસ રહે. એવી એક પણ 'નિતિ' નથી કે જેમાં હેમચંદ્રસૂરિનો પ્રવેશ ન હોય! ચાહે રાજનિતિ લ્યો કે ચાહે સમાજનિતિ સામે રાખો. છતાં ખુબી એ છે કે તેઓશ્રી સાધુ ધર્મના આચારથી જરા પણ ખસ્યા નથી. ધર્મને દૃષ્ટિ સન્મુખ રાખીનેજ ભૂપ કુમારપાળના સાચા સલાહકાર બની રહ્યા છે. રાજ્ય સંચાલનમાં ધર્મનિતિના પ્રવેશનુ માન તેમના ફાળે જાય છે અને ખાદીનો કપડો ઓઢી, એનું મહત્વ વધારનાર તેમજ એ દ્વારા જનતાની સ્થિતિનું ભાન નૃપને કરાવનાર એ પ્રથમ સૂરિ છે. તેથીજ મોડા મોડા અને એક નજરે જોઇએ તો પ્રાયશ્ચિત રૂપે જે પ્રશસ્તિ શ્રી મુનશીજીને ગાવી પડી છે તે યથાર્થ છે 'હાથીના પગલામાં સર્વ પ્રાણીના પગલા સમાય' એ ન્યાયે એ પ્રશસ્તિનો ઉલ્લેખ અત્રે ઇષ્ટ ધારીએ છીએ.

"એ હતા સમસ્ત જગતના એક પ્રખર વિદ્વાન્ કવી, ઇતિહાસકાર, વ્યાકરણને કોશકાર ગુજરાતના કલીકાળ સર્વજ્ઞ.

મદ્યનીષેધક શાસનના પહેલા પ્રેરકને મધ્યકાળમાં અહિંસાને રાજ્ય કારભારમાં આણવાનો પ્રયત્ન કરનારાઓમાં પ્રથમ.

---

# પુસ્તકોનું અવલોકન.

નોટ —"જૈન યુગ" સમિતિ એ સાક્ષરોની બનેલી સમિતિ નથી એટલી સ્પષ્ટતા કર્યા પછી જણાવવાનું કે ઉપરના મથાળા હેઠળ પ્રાપ્ત થતાં ગ્રંથોનું અવલોકન પૂર્વે જેમ "સ્વીકાર અને સમાલોચના" તરીકે લેવામાં આવતું હતું તેમ કરવામાં આવશે.

૧ **संस्कृत प्राचीन स्तवन सन्दोहः**—સં. મુનિશ્રી વિશાલવિજયજી. તીર્થંકર પરમાત્માના સ્તવનો તેમ બીજા પણ સ્તવનોનો આ સંગ્રહ સંસ્કૃતના અભ્યાસીઓને આનંદ આપે તેવા છે.

૨ હેમચંદ્ર વચનામૃત–સં. મુનિશ્રી જયંતવિજયજી. પ્રખ્યાત ગ્રંથ શ્રી ત્રિષષ્ટિશલાકા ચરિત્રના દશે પર્વોમાંથી સુન્દર અને સરળતાથી ઉપયોગમાં લઇ શકાય તેવા સુભાષિતોનો સંગ્રહ તેમજ એનો ગુજરાતી ભાષામાં અર્થ એ આ પુસ્તકની વિશિષ્ટતા છે.

૩ મારી સિન્ધ યાત્રા. લે મુનિશ્રી વિદ્યાવિજયજી. ૨–૮–૦ અત્યારસુધી સાધુઓના પાદવિહારમાં ઉપયોગી થઇ પડે એવા જે પુસ્તકો પ્રગટ થયા છે તેમાં સુન્દર અને સચિત્ર ગેટઅપવાળા આ ગ્રંથે નવી ભાત પાડી છે સાડી ત્રણસો પાનાના આ ગ્રથમાં સંખ્યાબંધ ચિત્રો ઉપરાંત મારવાડમાંથી સિંધમાં પ્રવેશ કરતાં કેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે અને ભિન્નભિન્ન પ્રદેશમાં કેવા જનસમુહના સંપર્કમાં આવવું પડે છે એનો મુનિશ્રીએ રોચક શૈલીમાં ઠીક ખ્યાલ આપ્યો છે. કરાંચીનો તો જાણે ઇતિહાસ ખડો કર્યો છે ત્યાગીઓના પગલા અણખેડાયેલા ક્ષેત્રોમાં જૈન ધર્મની કેવી પ્રભાવના પ્રગટાવે છે એનો ચિતાર ડગલે પગલે દ્રષ્ટિ ગોચર થાય છે. સુવર્ણગિરિ અને નાકોડા જેવા તીર્થો સબંધી જાણવાજેવી માહિતી, પંથ મોહમાં ફસી તેરા પંથી સાધુઓ તરફથી સમકિતના નામે થઇ રહેલી લીલા અને શ્રી મહાવીર જયન્તિ જેવામાં જૈનેતરો ઉપરાંત મુસલમાનોનો પણ સહકાર જેવી ઘણી નવી બાબતો જાણવાની મળે છે. માંસાહારી આ પ્રદેશમાં અહિંસાનો અણમૂળો સન્દેશ જો ત્યાગી સંતો ધારે અને દેશ-કાળને અનુરૂપ પદ્ધત્તિ અખ્તિયાર કરે તો સારા પ્રમાણમાં ફેલાવી શકે તેમ છે.

૪ સદગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી લેખ સંગ્રહ ભા. ૧. ૦–૬–૦ સાડી ત્રણસો પાનાના આ પુસ્તકમાં હજુ નજર સામે અસ્ત પામેલા એક આદર્શ સાધુના શ્રીમદ આનંદઘનજી કે ચિદાનંદજી જેવા યોગીઓની સ્મૃતિ તાજી કરાવે તેવા શાંત મૂર્તિ સંતના-લેખોનો સંગ્રહ કરાયેલો છે. સ્મારક સમિતિની સ્થાપના પં. પ્રીતિવિજયજીની પ્રેરણા અને એકત્ર કરાયેલ ફંડની નોંધ ઉપરાંત શ્રી મોતીચંદ ભાઈએ લખેલી ઉપોદ્ઘાત વાંચતાં મુનિશ્રીના જીવનનો અને અનુભવ યુક્ત વચનોનો ઠીક ખ્યાલ આવે તેમ છે. આમુખમાં એ પરત્વે વિસ્તૃત ઉલ્લેખ કરાયો હોવાથી અત્રે પુનઃ લંબાણ ન કરતાં જણાવવાનુ કે અલ્પ કિંમતે પ્રચાર કરવામાં આવતાં આ પુસ્તકનો પ્રત્યેક જૈને ખરીદી લાભ લેવા જેવો છે.

**ચોકસી.**

# જૈન કૉન્ફરન્સનું અધિવેશન મેળવવા—

## પક્ષભેદો ભૂલી ઉત્સાહ અને ઉલ્લાસથી સંગઠિત થવા રાવસાહેબ કાંતીલાલની અપીલ.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ તરફથી ગત્ વર્ષે લેવાયેલી શ્રી. સારાભાઇ મગનભાઈ મોદી પુરૂષવર્ગ અને સૌ. હીમદબાઇ મેઘજી સોજપાળ સ્ત્રી વર્ગ ધાર્મિક પરીક્ષાઓમાં ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો તથા ઇનામો આપવા માટે તા૦ ૧૯-૧૧-૩૯ ના રોજ બપોરના સ્ટાં. ટા. ૩॥ કલાકે પાયધુની ઉપર આવેલા જૈન કોન્ફરન્સના હોલમાં **રાવસાહેબ શેઠ કાંતીલાલ ઇશ્વરલાલ જે. પી.** ના પ્રમુખપદે એક મેળાવડો થયો હતો. જૈન આગેવાન નેતાઓ અને અન્ય નર-નારીઓની હાજરીથી હોલ ચીકાર ભરાઈ ગયો હતો.

શ્રી શકુંતલાબ્હેન કન્યાશાળાની બાળાઓએ સ્તુતિ ગાયા બાદ મંત્રી શ્રી બબલચંદ કેશવલાલ મોદીએ બોર્ડની પ્રવૃત્તિઓ વિષે જણાવતા કહ્યું હતું કે આપણી ૬૫૦ લગભગ જૈન પાઠશાળાઓને એકજ છત્ર નીચે ચલાવવા બોર્ડ આજે પ્રયત્ન કરી રહેલ છે. ઇન્સપેક્ટરો રાખી એ દિશામાં ઘણું સરસ કાર્ય થઈ શકે તે માટે રૂ૦ દશેક હજારની જોગવાઇ થવી ઘટે. સમાજના કોઇક ખૂણામાં એવી વાતો થાય છે કે લોકોને ધાર્મિક કેળવણી પ્રત્યે પ્રેમ નથી પણ અમો આંકડાઓ આપી પુરવાર કરી શકીએ છીએ કે એ માટે સમાજમાં અપૂર્વ પ્રેમ જાગૃત થયેલ છે. માત્ર તે માટેના સાધનો આપવાની-નિપજાવવાની જરૂર રહી છે. જૈન સમાજ આ સંગીન કાર્યને અપનાવી ટેકો આપે એવી અપીલ વકતાએ કરી હતી.

### પાઠશાળાઓ માટે નિષ્ણાતોની સમિતિ.

બોર્ડના પ્રમુખ શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆએ સ્વ. મેપાણીએ આ દિશામાં જે જહેમત ઉઠાવેલી તે વર્ણવી સમાજને ધાર્મિક કેળવણીથી થતા લાભાલાભની તુલના કરી બતાવી હતી. કોન્ફરન્સ દ્વારા કેળવણીના ક્ષેત્રમાં થયેલ આંદોલનોના પરિણામે આજે બોર્ડ જેવી ઉપયોગી સંસ્થા અસ્તિત્વ ધરાવી રહી છે અને તેના ઉપયોગી કાર્યને વિકસાવવા આર્થિક મદદ માટે અપીલ કરવી પડે એ નવાઇ જેવું હોવાનું જણાવ્યું હતું શેઠ મોહનલાલ ભગવાનદાસ ઝવેરી, સોલિસીટરે જૈન પાઠશાળાઓની સ્થિતિ સુધારણાદિ માટે નિષ્ણાતોની સમિતિ નીમી કાર્ય કરવા ભારપૂર્વક જણાવ્યું હતું.

### કોન્ફરન્સને મજબુત બનાવો.

પ્રમુખ રાવસાહેબ શેઠ કાંતીલાલ ઇશ્વરલાલે ભાષણ કરતાં જણાવ્યું કે એજ્યુકેશન બોર્ડનું કાર્ય કોન્ફરન્સના જીવંત અને સંગીન કાર્યોમાં અગ્રપદ ભોગવે છે. મતભેદ વિનાના એ કાર્યને ખુબ વિકસાવવાની જરૂર છેજ પરંતુ હું માનું છું કે આપણી કોન્ફરન્સ કે જેનાં ઉપર આવા અનેક કાર્યો અવલંબી રહયા છે તેને કોઇપણ રીતે સત્વરે મજબુત બનાવી અધિવેશન મેળવવા દરેક પક્ષોએ એકત્ર થઇ પ્રયત્નો કરવા જોઇએ. પક્ષભેદો ભૂલી જઇ રાષ્ટ્રિય મહાસભાની જેમ આપણે સંગઠિત બની ધર્મ અને સમાજની પ્રગતિ માટે દરેકેદરેક ભોગ આપવા તત્પર થવું જોઇએ. આપણામાંના મુખ્ય પક્ષોને એકત્ર કરવા પ્રયત્નો ચાલુ છે તેમાં ધીમી છતાં આશાજનક પ્રગતિ થઇ રહી છે. અનેક પ્રકારની ગુંચવણોથી ગુંથાયેલા વર્ષો જુના મતભેદોના નિરાકરણમાં કંઇક વધુ સમય અને શકિત લાગે એ દેખીતી વાત છે. એમાં ઉતાવળ કરતાં વળ અને કળ દ્વારા કાર્ય લેવાથી સફળતા મળી શકે એમ મ્હારૂં નમ્ર મંતવ્ય છે. મહાત્મા ગાંધીજી આદિ દેશનેતાઓ આજે કોંગ્રેસ ખાતર હિંદુ-મુસ્લિમ ઐક્ય જેવા વિકટ પ્રશ્નોની સંમાધાની અર્થે વર્ષો થયા મંત્રણાઓ કરી સરળ માર્ગો શોધી રહયા છે. આપણાં જૈન સમાજમાં જે પક્ષો અસ્તિત્વ ધરાવે છે તેમાં " અહિંસા " જેવા કોઇ મ્હોટા સિદ્ધાંત માટે તો મતફેરી નથીજ તો પછી આપણે શા માટે એકત્ર મળી જૈનોની એકની એક મહાસભા કોન્ફરન્સ દ્વારા રચનાત્મક કાર્યો ન કરી શકીએ ? જગતના એક અજોડ અને અદ્વિતિય જૈન ધર્મ અને સમાજની સેવા ખાતર પણ દરેક પક્ષોએ ઉત્સાહ અને ઉલ્લાસથી એકત્ર થવા માત્ર શાબ્દિકજ નહિં પણ હાર્દિક સક્રિય સહાનુભૂતિ અને અને મદદ આપવી જોઇએ એ મ્હારી જૈન જનતાને નમ્ર અપીલ છે અને જો તેમ થશે તો મ્હને આશા છે કે આપણાં કાર્યમાં તુરત વિજય પ્રાપ્ત થશે.

વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો તથા ઇનામો અપાયા બાદ શ્રી મોહનલાલ દ દેશાઇ કૃત "પ્રભુ મ્હારી નૌકા ઉતારો પાર" નામક ગીત બાળાઓએ ગાઇ સંભલાવ્યું હતું. શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરીએ શેઠ મેઘજી સોજપાળ તથા શ્રી ચંપા બ્હેન સારાભાઇને આ બોર્ડના કાર્યમાં આર્થિક મદદ આપવા બદલ ધન્યવાદ આપી કોન્ફરન્સનું અધિવેશન જેમ બને તેમ તાકીદે મેળવવા આગ્રહપૂર્ણ સૂચના કરી હતી. શ્રી સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી સોલીસિટર (મંત્રી) એ આભાર પ્રદર્શન કર્યા પછી પ્રમુખશ્રીને પુષ્પહાર અર્પણ થયા હતા. બાળાઓને રૂપાનાણું તથા મીઠાઇ વ્હેચવામાં આવી હતી. બાદ શ્રી બબલચંદ મોદી તરફથી યોજાયેલ અલ્પાહારને ઇન્સાફ આપી વંદેમાતરમની મધુર ગુંજ વચ્ચે સૌ વિખરાયા હતા.

# જૈનધર્મ અને ઇતિહાસ.

આજકાલ વાતવાતમાં ઇતિહાસિક પ્રમાણુ મંગાય છે. એ વગર અન્ય લખાણો સાવ કલ્પિત છે એમ કહેવા કેટલાક બહાર આવે છે! એમાં જૈન તરિકે ઓળખાવનાર પણ હોય છે ત્યારે વધુ આશ્ચર્ય થાય છે. ઇતિહાસ પાછળનુ મહત્વ ઓછુ આંકવાનુ કંઇજ કારણ નથી; પણ તેથી નિર્ગ્રંથોએ જે જે લખ્યું અને એમાંની જે બાબતોના આંકડા આજે ન સંધાઇ શકતા હોય તે કેવળ કલ્પનામય છે એમ માનવું ભૂલભર્યુ છે. જો ધગશને ખંતથી શોધખોળ કરવામાં આવે તો જૈન ગ્રંથોમાં વર્ણન કરાયેલી ઘણી બાબતોપર અજવાળું પડે તેમ છે. એ માટે ભારતીય ઇતિહાસ કી રૂપરેખામાંના નિમ્ન ફકરા વાંચવા જેવા છે. અર્હત્ વર્ધમાન કો નમસ્કાર સ્વામી મહા ક્ષત્રપ શોડાસ કે (રાજ્યમે) ૪૨ વે વરસમે હેમન્ત કે દૂસરે માસ કે ૯ વે દિન હારિતી કે પુત્ર પાલકી ભાર્યા શ્રમણોકી શ્રાવિકા (ઉપાસિકા) કોછી (કૌત્સી) અમોહિનીને અપને પુત્રો-પાલઘોષ, પ્રોષ્ટઘોષ, ધનઘોષ-કે સાથ આર્યવતી પ્રતિષ્ઠાપિત કી, આર્યવતી અર્હત્ કી પુજા કે લિયે (હૈ).

નોટ. લગ૦ ૮૧ ઇ૦ પૂ૦ મેં શોડાસ મથુરા પ્રદેશ કા મહાક્ષત્રપ થા.

'અરહત વર્ધમાન કો નમસ્કાર ગોતિ કે પુત્ર પોઠય-શકોં કે કાલવ્યાલ...(કી ભાર્યા) કશિકી શિવમિત્રાને આયાગ પટ પ્રતિષ્ઠાપિત કિયા'

નોટ—આયાગપટ પૂજા કી વે પાટિયેં હોતીથી જિનપર દેવતા યા આરાધ્ય પુરૂષ કા ચિત્ર ખુદા રહતા થા (શક સામ્રાજ્ય).

'અશોક ઔર સમ્પ્રતિ કે સમય જો ધર્મવિજય કા કાર્ય શુરૂ હુઆ થા, વહ ભિખ્ખુસંઘ દ્વારા બરાબર જારી રહા દીખતા હૈ ઔર ઉસકા વાસ્તવિક પ્રભાવ અબતક સમૂચે ઉત્તરાપથ ઔર મધ્યા એશિયા તક પહુંચ ગયાથા. કાલકાચાર્ય કે કથાનક કા પ્રાય; યહ અર્થ સમઝા જાતાહૈકિ કાલક ખાસ તૌરપર શકોંકો બુલાને કે લિયે હી શકસ્થાન ગયા થા.'

'યહ બાત ઉલ્લેખ યોગ્ય હૈ કિ પહલે તામિલ વાંગમય કે વિકાસમેં જૈનોંકા વિશેષ ભાગ થા. તિરૂવલ્લુ વરકો સબ પન્થોં વાલે અપના અપના બતલાતે હૈ, પર કાલ્ડ્વેલ કા કહના હૈકિ ઉસકી કૃતિમેં જૈનપન અધિક ઝળકતા હૈ. તિરૂવલ્લુ વરકી બહન કહલાનેવાલી પ્રસિદ્ધ તામિલ લેખિકા અવ્વૈયાર, જિસકી કૃતિ તામિલ કાવ્યોં મેં બહુત પ્રશસ્ત હૈ, જૈન બતલાઈ જાતી હૈ. તામિલ ભાષા પહલેપહલ ઇશવીસન્ કે આરમ્ભ કે કરીબ જૈનોં કે કિયે વાંગમય-પુષ્પિત હુઇ, યહ બાત અત્યન્ત સંગત હૈ; કારણુ કિ જૈન સાધુઓં કે મૌર્ય-કાલ મેં સુદૂર દખ્ખિન પ્રવાસ કરને કી અનુશ્રુતિ હૈ હી, ઔર સંસ્કૃતકે બજાય સ્થાનીય ભાષાઓં કો પ્રોત્સાહિત કરના તો જૈનોં કે માનો ધર્મકા હી અંગથા, ઇસલિયે તામિલ દેશમેં જૈનધર્મ પહુંચને કે દો અઢાઈ શતાબ્દિ બાદ હી તામિલ ભાષા મેં વાંગમય કા વિકાસ હોના સર્વથા સંગત થા.'

'મૌર્ય-કાલ મેં જબ જૈન વાંગમય કા પહલા સંકલન હુઆ, તબ કુછ અંગ ઉસમેં આને સે રહ ગયે થે; ખારવેલ કે સમય ઉનકા ભી પુનરૂદ્ધાર કિયે જાનેકી બાત ખારવેલ કે અભિલેખ મેં લિખી હૈ-કિન્તુ આશ્ચર્ય હૈ કિ જૈન વાંગમય મેં કહી ખારવેલ કા નામ નહીં હૈ! જૈન અનુશ્રુતિ કે અનુસાર સ્થૂલભદ્ર તક જૈનો કી આચાર્ય-પરંપરા કા ઉલ્લેખ પીછે કિયા જા ચુકા હૈ જંબુસ્વામી કે બાદ સ્થૂળભદ્ર તક જો છઃ આચાર્ય હુએ વે શ્રુત કેવલી થે. ઉસકે બાદ કે સાત આચાર્ય દશપૂર્વી કહલાતે હૈ. ક્યોંકિ ઉન્હેં ૧૨ વે અંગકે દશ પૂર્વોકા જ્ઞાન થા. સમ્પ્રતિ મૌર્યકો જૈન બનાનેવાલા સુહસ્તી ઉન્હી મેં દૂસરા થા. અન્તિમ દશપૂર્વી આચાર્ય વજ્રસ્વામી કા સમય જૈન અનુશ્રુતિ કે અનુસાર ૭૦ ઇ. કે કરીબ આતા હૈ. ઉસીકે શિષ્ય આર્યરક્ષિત ને સૂત્રોં કો અંગ ઉપાંગ આદિચાર ભેદોમેં વિભક્ત કિયા.

સાતવાહન યુગમેં જૈન વાંગમય કે વિભિન્ન અંશોંકા લગાતાર વિકાસ હો રહા થા.

'કલિંગ કી ગુહાઓ મેં સે હાથીગુફા મેં ખારવેલ કા સુપ્રસિદ્ધ અભિલેખ હૈ. મંચાપુરી ગુફા કી ઉપરલી મંજિલ મેં ખારવેલ કી રાનીકા લેખ હૈ, ઔર ઉસકી નિચલી મંજિલ મેં વાકદેવ સિરિકા. મંચાપુરી ગુફા કી દીવારો મેં મૂર્તિયાં ભી કાઢી ગઇ હૈ બાદ કી ગુફાઓં મેં ભી કઈ જૈન-ધર્મ વિષયક દ્રસ્ય મૂર્તરૂપમેં કાટે ગયે હૈ, પર ઉનકી પહચાન આધુનિક વિદ્વાન અભીતક નહી કર પાયે.'

'લાણુ શોભિકા નામ કી વેશ્યાકા દાન કિયા હુઆ એક જૈન આયાગપટ અર્થાત્ પૂજા કી ચકિયા, એવ અંમોહિની દેવીકી દાન કી હુઇ એક વૈસીહી ચકિયા હૈ. મથુરા કી યે જૈન મૂર્તિયાં ઔર કલિંગ કી જૈન ગુમ્ફાઓં કી મૂર્તિયાં પ્રાયઃ એક સી હૈ."

'સંગમ-સાહિત્ય કે આધાર પર પ્રો૦ કૃષ્ણુ સ્વામી આયંગરને પહલી દૂસરી શતાબ્દિ ઇન્કે તામિલ સમાજ કા જો ચિત્ર ખીંચા હૈ, ઉસમેં પૌરાણિક ધર્મ. બૌધ જૈન ઔર વૈદિક કે સાથ સાથ ફલતા ફુલતા દિખલાઇ દેતા હૈ. ઉનકે અનુસાર કરિકાલને કાવેરી કે બન્દરપર જો નઈ નગરી બસાઇથી, ઉસમેં બૌદ્ધ વિહારોં કે અતિરિકત કલ્પવૃક્ષ-ઐરાવત હાથી વજ્રાયુધ બલદેવ-સૂર્ય-ચંદ્ર શિખ સુબ્રાહ્મંણ્ય. સાતવાહન. જિન યા નિર્ગ્રન્થ કામ ઔર યમકીભી પૂજા કે સ્થાન યા મન્દિર થે."

—સંગ્રાહક-M.

આ પત્ર શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલને શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ખાતેથી છાપ્યું, અને મી. માણેકલાલ ડી. મોદીએ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડીંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:-"હિંદસંઘ"-"HINDSANGHA."  Regd. No. B 1996

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.
# The Jain Yuga.

[ જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર ]

તંત્રીઃ-મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમઃ-રૂપીઆ બે.  છુટક નકલઃ-દોઢ આનો.

નવું વર્ષ ૮ મું. | શનીવાર તા. ૧૬ મી ડીસેમ્બર ૧૯૩૯ | અંક ૨ જો.

## મનન કરવા લાયક.

### કેળવણીનું મુખ્ય કામ.

કેળવણીના ક્ષેત્રમાં માનસ પૃથક્કરણ વિદ્યાનો ઉપયોગ આજે તો તદ્દન જુદીજ રીતે વિચારવાનો છે પ્રથમ. આપણે કેળવણીનું મુખ્ય કામ શું છે તે વિષે સ્પષ્ટ ખ્યાલ કરી લઇએ. બાળકે પોતાની વૃત્તિઓને કાબુમાં લાવતાં શીખવાનું છે. તે પોતાના બધા છંદોને કાંઇ પણ નિયંત્રણ વિના અનુસરે એ જાતની તેને સંપૂર્ણ છુટ આપી દેવી જોઇએ એ તો અશકય છે. એમ કરવું એ કદાચ બાળ માનસના અભ્યાસીઓને માટે એક કીમતી પ્રયોગ રૂપ બને; પરંતુ તેનાથી બાળકના માત પિતાનું જીવન તો અશકય થઇ જાય, તેમજ બાળકને પોતાનેજ ગંભીર હાનિ થાય, એ વસ્તુ તત્કાળ કે થોડા સમય બાદ દેખાયા વિના રહેજ નહિં. તેથી કેળવણીનું કામ અટકાયત કરવાનું છે, મના કરવાનું છે, અને દબાવવાનું છે; તથા તે કામ કેળવણી જમાનાઓથી પ્રશંસા પાત્ર રીતે કરતી આવી છે. પરંતુ આપણે પૃથક્કરણ વિદ્યા દ્વારા શીખ્યા છીએ, વૃત્તિઓને આ રીતે દબાવવામાંથીજ જ્ઞાન તંતુઓની બીમારીઓ ઉભી થવાનો ભય ઉભો થાય છે તેથી કેળવણીએ પોતાનો માર્ગ એક બાજુ મગર અને બીજી બાજુ વાઘની વચ્ચે થઇને કાઢવાનો છે; અર્થાત્ એક બાજુ વૃત્તિઓને જેમ છેકજ છૂટી દોર મૂકી દેવી એમાં પણ જોખમ છે, તેમ બીજી બાજુ તેમને છેકજ વંધ્ય કરી મૂકવી એમાં પણ જોખમ છે.

—ડૉ. સિગમંડફ્રૂડ.

### વિદ્યાર્થી જીવન.

હજારો હિંદી વિદ્યાર્થીઓના સંબંધમાં હું આવ્યો છું. વિદ્યાર્થીના દિલને હું જાણું છું. વિદ્યાર્થીની કઠણાઇ હંમેશા મારી સામે પડી છે. પરંતુ હું વિદ્યાર્થીઓની દુર્બળતા પણ જાણું છું મને મોટામાં મોટું દુઃખ એ છે કે, આપણા વિદ્યાર્થીઓમાં નાસ્તિકતા વધતી જાય છે અને શ્રદ્ધા ઘટતી જાય છે.

—ગાંધીજી.

### વિચારકોના વિચાર રત્નો.

દરેક દેશમાં કેટલાક એવા પુરૂષો પાકે છે જેઓ વર્તમાન જન સમૂહ કરતાં વધુ ડહાપણ ધરાવતાં હોય, પ્રજા ઘડતર માટે ઉમદા વિચારોનો અણમૂલા અવલોકનોનો ઠીક ઠીક સંચય કરતાં રહે છે. પોતાના દૈનિક અનુભવની વાનકીઓ પીરસતાં રહે છે. આમ જનતા એમાંથી ઘણું ઘણું પ્રાપ્ત કરી શકે છે. આ મથાળા હેઠળ યુરોપમાં થઇ ગયેલા એ પ્રકારના પુરૂષોના વચનામૃતો આપવામાં આવ્યા છે જે ખાસ મનનીય છે. આપણા સાહિત્યમાં પીરસાયેલા નિતિ વચનો સહ તુલના કરવા જેવા છે.

1. Two Educations.

Every person has two educations. One which he receives from others, and one more important which he gives himself. -Gibbon.

દરેક મનુષ્યને માટે બે પ્રકારની કેળવણી હોય છે. એક કે જે તે બીજા પાસેથી મેળવે છે અને બીજી ઘણી અગત્યની કે જે તે પોતાની જાતને આપે છે.

2. Good for evil.

A more glorious victory can not be gained over anothers than this, that when the injury began on his part, the Kindness should begin on ours. —Tillotson.

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ ! दृष्टयः
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

**અર્થઃ**—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દષ્ટિમાં તારું દર્શન થતું નથી.

—श्री सिद्धसेन दिवाकर.


# જૈન યુગ.

તા૦ ૧૬-૧૨-૩૯. શનીવાર.


## અજીર્ણ પ્રભવા રોગાઃ

આ નાનકડું સૂત્ર આખા વૈદક શાસ્ત્રના સારરૂપ ગણાય છે. સારાં નામાંકિત વૈદરાજાનો અથવા તો નિષ્ણાત ડોકટરોનો કે પ્રખ્યાત ચિકિત્સકોનો એવો મત છે કે સર્વ રોગનું મૂળ અજીર્ણમાં સમાય છે. ભલે પછી એ અજીર્ણ થવામાં નિમિત્તો ભિન્ન ભિન્ન હોય કિંવા એ અજીર્ણ પોતે વિવિધ પ્રકારનું હોય. ખોરાકની અતિરેકતા એક તરફથી ચાલુ હોય અને બીજી તરફ પાચન શકિત અતિમંદ હોય ત્યાં બદહજમી જન્મે એ શંસયરહિત વાત છે. ભલ ભલા તંદુરસ્ત માનવનું સ્વાસ્થ્ય એ રીતે જોખમાય એમાં નવાઇ નથીજ.

વૈદક શાસ્ત્રનો આ નિયમ જેમ શારીરિક બાબતમાં સાચો છે તેમ સામાજીક વિષયમાં પણ સાચોજ છે. સમાજરૂપી કલેવર પણ બદહજમી ઉત્પન્ન થતાં રોગગ્રસ્ત થવા માંડે છે. એ સમયે યોગ્ય ઉપચાર નથી થતાં તો દશા ભયંકર અને દારુણ બને છે; અને શતમુખ વિનાશ ડાચા ફાડી સામે ઉભોજ હોય છે.

જૈન સમાજની વર્તમાન પરિસ્થિતિ ઘણે ખરે અંશે આવા પ્રકારની છે એમ કહીયે તો એમાં અતિશયોકિત જેવું ન લેખાય. એની પાસે અણુ ઉકેલ્યા પ્રશ્નો ઓછા નથી. એમાં વળી કેટલાક બળતા સવાલો છે. કેટલાક બળતા ન કહેવાય છતાં એના ઉકેલ વિના સમાજ તરિકેના હક્ક જળવાય તેમ નથી એ દિવા જેવું છે. માત્ર આ અમારૂં મંતવ્ય છે એમ નથીજ. જે આ વીસમી સદીમાં વિદ્યુત્ વેગે કૂચ કરવાનો ભાવ સેવે છે અને જેમનો મુદ્રાલેખ 'નવસર્જનનો' છે–અથવા તો જેઓને કહેવાતા આ કળિયુગમાં સર્વત્ર જડવાદ અને દંભ સિવાય કંઇ જણાતું નથી! વાત વાતમાં ધર્મ ધ્વંસ દ્રષ્ટિગોચર થાય છે! તે દૂર કરવા ખાતર જ જેમને કેડ બાંધી છે, કેવલ શાસન રસિકતા જ જેમનો જીવન મંત્ર છે–એ સર્વ પોતાના નિરાળા દ્રષ્ટિ બિંદુઓથી જૈન સમાજનું જે ચિત્ર ઉપર રજુ કર્યું છે એમાં સાથ પૂરે છે. જુદા જુદા વિચાર ધરાવનારા જે વર્ગો આજે મોજુદ છે અને તેમની હસ્તક જે વાજીંત્રો અઠવાડીક પાક્ષિક કે માસિક રૂપે બજયા કરે છે એમાંના સુરોનો સરવાળો કરવામાં આવે તો તારણ ઉપર વર્ણવ્યું એજ નિકળવાનું.

તો પ્રશ્ન એ ઉદ્ભવે છે જ્યારે કે ધ્યેય-જૈન સમાજના શ્રેયનું—બળતા—સળગતા કે વિનાશ પ્રતિ દોરી જતાં સવાલોના નિરાકરણનું—છે તો પછી, સાથે એક સ્થળે ભેગા મળી એ સારૂ છુટથી-ખુલ્લા દિલે-વિચાર વિનિમય કેમ કરવામાં આવતો નથી? પરસ્પર એ આંટીઓ છોડવા સારૂ પ્રયાસ કેમ સેવાતો નથી? એ તો ઉઘાડી વાત છે કે સાથે બેસી બાંધ છોડ કર્યા વિના આવી મડાગાંઠો ઉકેલાવાની નથી; રખે કોઇ એમ કરવામાં સ્વમંતવ્ય ભ્રંશ સમજે અથવા તો પક્ષ દ્રોહ માને.

જે ઉમંગથી, જે ઉલ્લાસથી, કિંવા જે જોમથી આ કાર્ય નથી ચાલતું એ ઉપરથી કલ્પી શકાય કે ઉંડે ઉંડે પણ કંઈ પરસ્પરનો અણુ વિશ્વાસ છે. ખૂણે ખૂણે પણ કંઇ દંભ કે રમત રમી જવાની ગંધ આવે છે. સમાજ રૂપી દેહનું અજીર્ણ તે આજ વસ્તુ. એકજ પિતાના સંતાન-સમાન ધર્મ રૂપી એકજ જહાજ. એકજ જાતનો સાગર પાર કરવાનો અને એકજ નિશ્ચિત સ્થળે પહોંચવા સારૂ શરૂ કરેલી મુસાફરી. આ બધી સમાનતા હોવા છતાં જ્યારે પરસ્પરના હૃદય પિછાનવા જેટલી નથી તો તાકાત કેળવાતી-અંતરના માની લીધેલા મંકોડા ત્યજી દેવાની નથી તો હિંમત બતાવાતી. આપણે સૌ સાવકા ભાઇઓ નથી પણ સાચા બંધુઓ છીએ એવા ઉમંગથી નથી પરસ્પર ભેટ થતી-ત્યાં પછી કુશંકાઓના વાયરા વાય-મનના મેલની જડ ઝામે અને દિવસાનુંદિવસ ભયંકર હ્રાસ અનુભવવાનો સમય આવે એમાં આશ્ચર્ય જેવું ખરૂં?

દીક્ષાનો સવાલ કે દેવદ્રવ્યના ઉપયોગની બાબત અથવા તો વિધવાઓનો પ્રશ્ન એ ભલે બળતા લેખાય. એ માટેના દૃષ્ટિ બિન્દુઓ ભલે જુદા હોય, છતાં જો એ પાછળની ધગશ એકજ હોય. માત્ર જૈન સમાજના શ્રેયની-જૈન ધર્મની કીર્તિ વિસ્તારવાની-તો આજે એ કાર્યનો ઉકેલ સહજ છે. સૌ કોઇને ગળે ઉતરે તેવો માર્ગ શોધી શકાય તેમ છે. સૌ પ્રથમ દિલ સફાઇ કરવાની જરૂર છે. માનસિક મેલ રૂપી અજીર્ણ નષ્ટ કરવાની પ્રથમ આવશ્યકતા છે. ભૂમિકા શુદ્ધ થયા વગર એના પર થતાં ચણતર કે કરવામાં આવતાં ચિત્ર-લેખન વ્યર્થ છે. ઉખર ક્ષેત્રમાં બીજ વાવવા સમાન છે.

દીક્ષા માટે કાયદાનો પ્રબંધ અનિવાર્ય છે એમ માનવું જેમ વધારે પડતું છે તેમ દીક્ષા માટેની સંતાકુકડી ચાલુ રહે એ પણ ઇષ્ટ નથીજ. દેવદ્રવ્ય ભક્ષણમાં ન વપરાય એ જેટલું સાચું છે તેટલુંજ એનો એકધારો સંગ્રહ કે વ્યાજ ખાતર લોન આદિમાં રોકાણ તિરસ્કરણીય છે. વિધવાઓ ફરીથી પરણે એ જેમ અયુકતને શોભનિક નથી લાગતું તેમ બાળ કે વૃદ્ધ કે અણમેળ વિવાહ કર્યા જઇએ અને વિધવાઓની સંખ્યા વધતી જાય, પોષણના સાધન વિના તેમના જીવન દુઃખમય બની જાય, તેઓ ડગલે પગલે અપશુકનીયાળ બની રહે

# ∓ નોંધ અને ચર્ચા. ∓

## ટ્રસ્ટીઓની ચુંટણીમાં નવી પદ્ધતિ—

દેવસ્થાન કે એને લગતાં સાધારણ આદિ અન્ય ખાતાઓની વ્યવસ્થા કરવા સારૂં ટ્રસ્ટીઓની પસંદગી એ કંઇ જૈન સમાજ માટે નવી વસ્તુ નથી. પણ અત્યાર પૂર્વે એમાં સભ્યપણાનો હક ભોગવવા જેવો દાખલો નોંધાયો હોય એવું જાણમાં નથીજ. જે કંઇ થતું તે સંઘ બોલાવી અમુક નામો ઘણું ખરૂં વંશ પરંપરાગત ઉતરી આવેલાના કે શ્રીમંતોના એકાદ ગ્રહસ્થ તરફથી રજુ થતાં ને સંઘમાં હાજર રહેલા સૌ કોઇ એને હાથ ઉંચો કરવાની તસ્દી લીધા સિવાય વધાવી લેતાં. જો કે એ રીતે ચુંટાયેલા વહીવટદારોમાંના કેટલાકોએ ધર્મ પ્રત્યેની તીવ્ર લાગણીથી સુંદર રીતે વહીવટ કર્યો છે અને મિલકતનું રક્ષણ કરી બેસી ન રહેતાં એમાં યોગ્ય માર્ગે વૃદ્ધિ કરી, એ દ્વારા બીજા સંખ્યાબંધ સ્થળોમાં સ્હાય આપી છે. દેશ-કાળ ફર્યો એટલે વહીવટની યોજનાઓ નવેસરથી દાખલ થઇ. એમાં સભ્ય થાય તેજ મત આપી શકે. સભ્યની અમુખ સંખ્યા હાજર હોય તોજ સંઘની સભાનું કાર્ય ચલાવી શકાય અને વધુ નહીં તો વહીવટ કર્તાઓએ વર્ષમાં એક વાર તો સભ્યોથી બનેલા સંઘ પાસે વાર્ષિક હેવાલ અને આવક જાવકનો રીપોર્ટ રજુ કરવો જોઇએ-એ તત્વ ઉમેરાયુ. શ્રી ગોડીજી મહારાજના વહીવટ અંગેની યોજનામાં ટ્રસ્ટીઓની ચુંટણી દર પાંચ વર્ષે નવેસરથી કરવાની કલમ હોવાથી યોજનાને પાંચ વર્ષ પુરા થયા પછી એનો પ્રસંગ આ વેળા ઉપસ્થિત થયો. છેલ્લાં ત્રણેક વર્ષથી સંઘ અને ટ્રસ્ટીઓ વચ્ચે જે નવી ચાલીઓ બંધાવામાં આવેલી અને એના બીલો અંગે સબંધ ધરાવતાં મહેતા-કંટ્રાકટર દ્વારા એમાં જે પોલો ચલાવાયેલી તે સબંધે જબરો મત ભેદ ઉભો થયેલ. સંઘે વાર્ષિક હિસાબો પાસ નહી કરેલા-ટ્રસ્ટીઓમાંના કેટલાકને સંઘની આ વલણ પસંદ ન આવવાથી એડવોકેટ સુધી પહોંચી જઇ પરસ્પરની સત્તાઓ કેવા પ્રકારની છે એનું શ્વેત પત્ર મેળવાયેલું! દેવ દ્રવ્ય ઉચાપત થયું હોય તો એ સબંધી યોગ્ય પગલાં લઇ એ વસુલ કરવાનો-પુનઃ એવું ન બને એ સારૂ ઠીક પ્રબંધ કરવાનો ધર્મ ટ્રસ્ટીઓનો છેજ-એમાં ગફલત થતાં સંઘના સભ્યો એ માટે સુચનાઓ કરે-ધ્યાન ખેંચે એમાં સભ્યો વધારે પડતી સત્તા ભોગવે છે એમ માનવું એ સેવાવૃત્તિ અને લોકશાસનની ભાવનાથી અસંગત છે. પરસ્પર સમજુતીથી તોડ આણવાને બદલે પૈસાનો વ્યય કેવળ કાયદાબાજીમાં કરવો એ શોભા ભર્યું નથી. છતાં આ સ્થિતિ ઉદ્ભવેલી એટલે સભ્યોમાંના એક મોટા ભાગે નવી ચુંટણી વેળા પોતાના હકનો યથાર્થ ઉપયોગ કરવાનો નિર્ણય કરેલો. પક્ષપાતના દૃષ્ટિ બિંદુથી નહિં પણ સંઘનું તંત્ર વ્યવસ્થિત ચાલે. ખોટી રીતે ધાર્મિક ધનનો વ્યય ન થાય એવા શુભ ઇરાદાથી અન્ય બાબતોમાં જુદુ મંતવ્ય ધરાવતાં સભ્યો એક સાથે બેઠા અને કોંગ્રેસ કે મ્યુનીસીપલ ચુંટણીમાં જે રીતે વ્યવસ્થિત પ્રચાર કરાય છે તેવો પ્રચાર કરી પોતે ઉભા કરેલા ટ્રસ્ટીઓને લાવવામાં સફળતા મેળવી. મુંબઇના જૈન સંઘમાં પદ્ધતિસર થયેલી આ પ્રથમ ચુંટણી છે. એથી કેટલાક જુના અને વર્ષોથી ટ્રસ્ટીપણાનો હક ભોગવતાં ગ્રહસ્થોને ઇચ્છા વિના ઘેર બેસવું પડયું. જન સમૂહ ધારે તો પોતાનો સભ્ય તરિકેનો હક ભોગવી કેવું સુંદર પરિણામ લાવી શકે છે એ વાત પુરવાર થઇ. આ નોંધ લંબાવવાની જરૂર એટલા સારૂં ઇષ્ટ માની છે કે મુંબઇના કેટલાક દહેરાંઓના વહીવટમાં હજુન્ આપખુદીનો દોર ચાલે છે. જાત જાતની પોલો સંભળાય છે. સ્કીમો નવી ઘડાયા છતાં એમાં ટ્રસ્ટીઓની બેજવાબદારી કાયમ રાખવામાં આવી છે. એકાદ બે ટ્રસ્ટોમાં તો પગારદાર સેક્રેટરીની મોરલીએ નાચ ચાલ્યા કરે છે-એમાં સુધારો થાય. આ દાખલા ઉપરથી એ વહીવટદાર મહાશયો સવેળા ચેતી જાય.

સભ્યો પરસ્પરના ક્ષુદ્ર મત ફેરો છોડી દઇ, વહીવટી તંત્ર સુધરે અને સંઘને જવાબદાર બને એ સારૂ કેડ બાંધી તૈયાર થાય તો નવો અપવ્યય તો અવશ્ય અટકી જાય. સંગઠનની કિંમત જરૂર અંકાય.

## જાગ્રતિના કિંમતી સાધનો—

ચાલુ યુગમાં પત્રો યાને સામાયિકો સાચેજ સમાજ જીવનમાં જાગ્રતિ આણનાર સાધનોમાં મહત્વનો ભાગ ભજવી શકે છે. તેથી સંખ્યા વૃદ્ધિ અવસ્ય આશીર્વાદને પાત્ર ગણાય. આ જાતનું મહત્વ આંકયા પછી એક વાત એ સંબંધમાં ખાસ લખ્યા સિવાય ચાલે તેમ નથી, અને તે એ છે કે જો એ પત્રો સમાજની પ્રગતિ સાધવાના-સમાજમાં એકધારૂં સંગઠન રચવાના અગર તો સમાજની તંદુરસ્તી સાચવવાના ઉમદા કાર્યને બાજુ પર રાખી કેવળ કાળી બાજુનાજ ચિત્રણ કર્યા કરે, પરસ્પરના મેલ ધોવામાંજ રક્ત બને અથવા મહાત્મા ગાંધીજીના શબ્દોમાં કહીએ તો મીસ મેયો

( અનુસંધાન પૃ. ૭ ઉપર )

એ પણ વ્યાજબી નથી. જૈન સમાજ માટે એ ગૌરવનો વિષય નજ ગણાય. ટુંકમાં જે સળગતાં પ્રશ્નો તરિકે ઓળખાય છે એની ઉભય બાજુ જોઈ માર્ગ એવો નિયત કરવો જરૂરી છે કે ધર્મ નિતિનું સંરક્ષણ થાય અને દેશ-કાળને અનુરૂપ દશા ખડી કરી શકાય. જરા લાંબી નજર કરીશું તો જણાશે કે બળીને ઠુંઠા રૂપ થયેલા સવાલો સિવાય કેટલાક અગત્યના પ્રશ્નો છે કે જે પ્રતિ જૈન સમાજે પ્રથમ ધ્યાન દેવાની અગત્ય છે. પકડેલું પુંછડુ ન છોડવાની કે પોતાનો કકકો ઘુંટવાની હઠથી કદાચ સળગી ચુકેલાનો તો ઉકેલ આપણે નહીં કરીએ તો એ ગુંચાયેલા રહેવાના નથી કેમકે સરકારનું લક્ષ્ય એ પ્રતિ દોરાયું છે પણ તીર્થ સાહિત્ય અને અનુયાયી વૃદ્ધિ આદિના કેટલાક પ્રશ્નો તો પહેલી તકે સંગઠિત થઇ સમાજ હાથ નહીં ધરે તો પાછળ પસ્તાવાનું જ રહેશે. લગન વેળા ઉંઘમાં ગયા જેવું બનશે!

સમાજના આગેવાનો શ્રીમંતો શિક્ષિતો અને સેવાવ્રતીઓ-તંત્રીઓ મંત્રીઓ અને લેખકો-સૌને પોતાના વહેણ એ દિશામાં વાળવાની, એ પાછળ આંતરિક ઉમળકાથી લાગી જવાની હાકલ છે. ઉદ્યમ ચાલુ રાખીશું તો કાર્ય સિદ્ધ અવશ્યં ભાવી છે. પણ અજીર્ણ સમા મનના મેલ જડમૂળથી ઉખડી જવા ઘટે.

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

### આગામી વસ્તી ગણત્રી અને જૈન સમાજ.

આધુનિક યુગમાં ડેમોક્રેસીના સિદ્ધાંત ઉપર સર્વ કાર્યો થાય છે અને તેનો આધાર જન શકિત એટલે કે જન-ગણના ઉપરજ છે તેથીજ ચોક્કસ વસ્તી ગણત્રી માટે દરેક સમાજ પ્રયત્નશીલ અને ઉત્સુક હોય છે. જૈન સમાજની વસ્તી દિવસે દિવસે ઘટતી જણાઈ છે. સન્ ૧૯૩૧ ની વસ્તી ગણત્રીમાં જૈનોની સંખ્યા લગભગ ૧૨ાા લાખની જણાઈ છે પરંતુ તે બરાબર ન હોવા માટે અનેક સંગીન કારણો છે. દેશી રાજ્યોમાં ઘણાં સ્થળે 'જૈનો' પોતાને 'હિંદુ' તરીકે લખાવે છે. ઘણાં પ્રાંતોમાં અજ્ઞાનતાવશ જૈનોની ગણત્રી બીજી કોમો સાથે કરી લેવામાં આવે છે. પરિણામે આપણી ચોક્કસ સંખ્યા જાણી શકાતી નથી. મોગલ સમ્રાટ અકબરના સમયમાં એક કરોડ જૈનો હતા અને આજે માત્ર ૧૨ાા લાખ હોય તે ખરેખર શોચનીય દશા તો ખરીજ. આ સંયોગોમાં જૈન સમાજે તે માટેની ખરી પરિસ્થિતિથી વાકેફ થવાની આવશ્યકતા રહેલી છે. ઓસવાલ, પોરવાડ, શ્રાવગી, અગ્રવાલ, પલ્લીવાલ આદિ જ્ઞાતિઓ દરેક જો પોતાને 'જૈન' તરીકે નોંધાવા લક્ષમાં લે તો આપણાં સમાજના સંગઠન તેમજ શકિતની તુલનાની દૃષ્ટિએ ખૂબજ ઉપયોગી થઈ પડે.

જગતમાં આજે અનેક પ્રકારની ક્રાંતિ થઇ રહી છે. અત્યારે તો આપણને આપણી શકિતની કલ્પના પણ કરી શકતા નથી કોઇપણ પ્રકારના સામ્પ્રદાયિક કે જ્ઞાતિના ભેદ ભાવ વિના આજે પ્રત્યેક જૈન પોતાને 'જૈન' તરીકે લખાવવા લક્ષમાં લેવાની જરૂર છે. આ માટે દરેક સ્થળના જૈન સંઘો, આગેવાનો અને સંસ્થાઓ પ્રચાર આરંભે તો કાર્યમાં ઘણી સરળતા થાય.

### સ્ટેન્ડિંગ કમિટીના સભાસદોને વિનંતિ.

કોન્ફરન્સના બંધારણાનુસાર પ્રત્યેક સભાસદે દર વર્ષે ઓછામાં ઓછા **રૂા. પાંચ સુકૃત ભંડાર ફંડમાં** આપવા જોઇએ.

સ્ટેન્ડિંગ કમિટીના સર્વે સભાસદોને તે રકમ તુરત મોકલી આપવા વિનંતિ છે.

સભાસદોને વર્કિંગ કમિટીના ઠરાવાનુસાર "જૈન યુગ" નિયમિત મોકલવામાં આવે છે.

લિ૦ સેવકો,
મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
કાંતીલાલ ઇશ્વરલાલ
રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

### શ્રી મહાવીર જયંતિની રજા અંગે

મુંબઇ સરકારે રજાઓ અંગે રિપોર્ટ કરવા નિમેલી સમિતિ ઉપર શ્રી ચુનીલાલ ભાઇચંદ મહેતાની જૈન પ્રતિનિધિ તરીકે નિયુકિત કર્યા બાદ કોન્ફરન્સની વર્કિંગ કમિટીમાં શ્રી મહાવીર જયંતિની જાહેર રજા માટે વિચારણા કરવામાં આવી હતી. કમિટીના નિર્ણયાનુસાર અગાઉ ડેપ્યુટેશનમાં ગયેલા ત્રણે ફિરકાના પ્રતિનિધિઓની એક સભા કોન્ફરન્સની ઓફિસમાં તા૦ ૧૩-૧૦-૧૯૩૯ ના રોજ બોલાવવામાં આવી હતી જે સમયે શ્રીયુત **મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ**, સોલિસિટર, શ્રીયુત **તારાચંદ નવલચંદ ઝવેરી** અને શ્રીયુત **રતનચંદ ચુનીલાલ જરીવાલા** બી. એ. હાજર રહ્યા હતા. સૌએ એકત્રિત પ્રયાસો કરવા સ્વીકાર્યું હતું. આ અંગે મુંબઈ સરકારને મોકલાયેલ રેપ્રેઝેન્ટશનની નકલ તથા અન્ય ઉપયોગી સાહિત્ય શ્રી ચુનીલાલ ભાઈચંદ મહેતાને કોન્ફરન્સ તરફથી મોકલી આપી તેઓને આ માટે પ્રયત્ન કરવા વિનંતિ કરવામાં આવી હતી.

### પ્રચારક પ્રવાસ.

કોન્ફરન્સ કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિ તરફથી જૂદા જૂદા સ્થળે સ્થપાયેલ સ્થાનિક સમિતિઓના હિસાબ આદિ નિરીક્ષણાર્થે મી. રાજપાળ મ. વ્હોરાને મોકલવામાં આવ્યા હતા. તેઓએ ગુજરાત કાઠીયાવાડની સમિતિઓ અંગે કેન્દ્રસ્થ સમિતિને રિપોર્ટો કર્યા છે.

કેળવણી પ્રચારની યોજનાનુસાર પ્રત્યેક સ્થાનિક સમિતિના સભ્યોએ ઓછામાં ઓછા ચાર આના પ્રતિ વર્ષે શ્રી સુકૃત ભંડાર ફંડમાં આપવા આવશ્યક છે. જે સમિતિઓએ અત્યાર પર્યન્ત ન મોકલાવ્યા હોય તેઓને તે સત્વરે મોકલવા વિજ્ઞપ્તિ છે.

### શ્રી સુકૃત ભંડાર ફંડ.

આ ફંડમાં તા૦ ૭-૪-૩૯ થી તા૦ ૧૧-૧૧-૩૯ સુધીમાં નીચે પ્રમાણે રકમો પ્રાપ્ત થઈ છે જે આભાર સહિત સ્વીકારવામાં આવે છે.

| | |
|---|---|
| ૧૯-૪-૦ | શ્રી મણુંદના ભાઈ-બ્હેનોના હા. શ્રી રાણબાઇ હીરજી મા. શેઠ જમનાદાસ અમરચંદ ગાંધી |
| ૬૦-૮-૦ | શ્રી ભોગીલાલ નગીનદાસ શાહ, મંત્રી શ્રી કોન્ફરન્સ કે પ્ર. ઉંઝા સમિતિ |
| ૧-૮-૦ | શ્રી વાડીલાલ જીવરાજ શાહ, મુંબઇ દ્વારા |
| ૨-૮-૦ | શ્રી મણીલાલ મોકમચંદ શાહ, મુંબઈ દ્વારા |
| ૧-૪-૦ | ડો. કેશવજી ગુલાબચંદ શાહ, મંત્રી કો. કે. પ્રચાર આમોદ સમિતિ |
| ૨-૪-૦ | શ્રી સેવંતિલાલ જીવતલાલ શાહ, મુંબઇ દ્વારા |
| ૧૦-૦-૦ | શ્રી ભગવાનદાસ હરખચંદ, મુંબઈ દ્વારા |
| ૩-૦-૦ | શ્રી ગુલાબચંદજી કેસુરજી-મોટા વડાલ્ડા |
| ૫-૦-૦ | શ્રી નરોત્તમ ભગવાનદાસ શાહ, મુંબઇ દ્વારા |
| ૧૦-૦-૦ | શ્રી છગનલાલ ફુલચંદ, આમોદ દ્વારા |
| ૭-૮-૦ | શ્રી જૈન સ્વયંસેવક મંડળ મુંબઇ હા. શેઠ બાબુભાઇ ગુલાબચંદ ઝવેરી |
| ૧૦-૦-૦ | શ્રી રતિલાલ વર્ધમાન શાહ, મુંબઇ દ્વારા |
| ૨૫-૦-૦ | શ્રી કોટ જૈન સંઘ-મુંબઇ હા. શેઠ અમથાલાલ નગીનદાસ ભાખરીઆ-મેનેજીંગ ટ્રસ્ટી શ્રી શાં. દેરાસર |

( અનુસંધાન પૃ. ૭ ઉપર )

# અમર કૃતિઓના સર્જનહાર.

( લેખાંક ૨ જો )

“ગુજરાતની એકતા અને મહત્તાને પોતાની કલ્પના વડે મૂર્ત કરતા વીશ્વ કર્મા”

આચાર્ય હેમચંદ્રની વિશિષ્ટતા સવિશેષતો એ કારણે છે કે એ સર્વ ક્ષેત્રને સ્પર્શે છે; અને સંપ્રદાયિકતાની સાંકડી ગલીમાં ન ઢંકાઇ રહેતા છુટથી જગતના ચોકમાં મ્હાલે છે. એટલે માત્ર જૈનોનાજ નહીં પણ જૈનેતરોના આકર્ષણનો એ વિષય બને છે. તેઓશ્રીની સચોટ ઉપદેશ શૈલી વડેજ અપુત્રીયાના ધનનો મોહ નૃપ કુમારપાળને છોડવો પડે છે. પરનારી સહોદરપણાનો સર્વ શ્રેષ્ઠ ગુણ ખીલવવો પડયો છે અને મદ્ય માંસની લોલુપતાને કાયમી દેશવટો દેવાયો છે. તેઓશ્રીની કુનેહના જોરે નવરાત્રિના પશુવધ પર ખંભાતી તાળા વસાયા. દુઃખે ઉદર પૂર્તિ કરતા માનવોના દાળિદ્ર દૂર થયાં અને અમારીનું એક છત્રી રાજ્ય પ્રવર્તી રહ્યું. ખાદીનો કપડો ઓઢી એમણે જેમ સ્વામીભાઇની ગરીબાઇનો અવાજ નૃપતિના કર્ણે પહોંચાડયો તેમ એ મામુલી છતાં પવિત્ર ચીજની પ્રાણ પ્રતિષ્ટા પણ સ્થાપન કરી. અહિંસાનો રાજ દરબારમાં પ્રવેશ એ એમની અનુપમ પ્રભાને આભારી છે.

એ ઉડતી નોંધ અહીંજ અટકાવી લેખના મુખ્ય વિષય તરફ વળીએ. તેઓશ્રીની સાહિત્ય સેવા સાહિત્યના ઇતિહાસમાં અજોડ છે એમ કહી શકાય. પહેલી નજરે ઉડીને આંખે વળગે એવી વાત તો એ છે કે આ બાળ દીક્ષિત સાધુએ પોતાના આવશ્યક કાર્યોમાંથી–ઉપર વર્ણવી ગયા પ્રસંગોમાંથી–સમય કહાડીને સાહિત્યના વિકટ પ્રદેશમાં પદ સંચાર કરી કોઇ જાદુગરને ટપી જાય તેવું અજબ કામ કર્યું છે. એવો એક પણ વિષય નહીં જડે કે જ્યાં સુરિપુંગવ હેમચંદ્રની લેખિનીએ પ્રવેશ ન કર્યો હોય! વળી એ રચના પણ મૌલિકને સ્વતંત્રતાપૂર્ણ. નર્યા સાહિત્ય સર્જનથીજ તેઓ ઇતિહાસના પાને અમર થઇ શકે તેમ છે. એમની કૃતિઓ આજે પણ જગતભરના વિદ્વાનોમાં ચમત્કૃતિ જગાવે છે. કલીકાળસર્વજ્ઞનું બિરૂદ કે જ્યોતિધરનો ઉલ્લેખ એ તો માત્ર યોગ્યની યોગ્યતા સુચક છે. એમણે મૂકેલ વારસો જે આપણા હાથમાં આજે મોજુદ છે તે એટલો કિંમતી છે કે એના સાચા મૂલ્યાંકન સારૂં આંકડા માંડવાની જરૂરજ નથી. યથેચ્છ પ્રકારે એનું પાન કરવું અને જગતભરના માનવીઓને એ મીઠા અમૃત ઝરણાનું પાન કરાવવું એજ સાચું મૂલ્યાંકન છે.

જગતમાં વાસ્તવિક એવું નવું કેટલું અને શું હોય છે? બાકી જે કંઇ પ્રાપ્ત છે એ પરથી દેશકાળને નજરમાં રાખી એ સર્વને વિશિષ્ટ દ્રષ્ટિબિંદુથી ગોઠવવું કે ચર્ચવું એમાં લેખકની મૌલિકતા રહેલી હોય છે. જુદી જુદી સામગ્રીને વિશિષ્ટ દ્દષ્ટિબિંદુથી રજુ કરવામાં કે એકત્રિત કરવામાંજ લેખકની પ્રતિભા રહેલી છે.

હેમચંદ્રાચાર્યની લેખન પ્રવૃત્તિ એટલી વિશાળ તેમજ વિવિધ છે કે તે પર અહીં તો માત્ર ઉડતી નોંધ લઇ થોડી મુખ્ય બાબતનો વિચાર કરી, સંતોષ પકડવાનો છે. એમાં ઉંડુ અવગાહન કરવા સારૂ જે અભ્યાસને જે આવડત જોઇએ એ નથી એમ કબુલી આગળ વધીએ. તેમનો પહેલો અને મુખ્ય ગ્રંથ “સિદ્ધહૈમશબ્દાનુશાશન” છે. વ્યાકરણ શાસ્ત્રના સૂત્ર—ગણપાઠ—ધાતુપાઠ ઉણાદિ અને લિંગાનુશાસન એમ પાંચ અંગ ગણાય છે જે બીજા વ્યાકરણ ગ્રંથોની બાબતમાં જુદા જુદા લેખકોએ લખ્યાં છે જ્યારે શ્રી હેમચંદ્રે એ સર્વ પોતેજ લખીને વ્યાકરણને એકધારૂં બનાવ્યું છે. વળી બીજી વિશેષતા પણ છે. તે માત્ર સંસ્કૃત ભાષાનુંજ વ્યાકરણ નથી. તેના કુલ ૪૬૮૫ સૂત્રોમાંથી ૧૧૧૯ સૂત્રો પાકૃત ભાષા માટે છે એ પર એક નાની ( લઘુવૃત્તિ ૬૦૦૦ શ્લોક પ્રમાણ ) અને એક મોટી ( બૃહદ્વૃત્તિ ૧૮૦૦૦ શ્લોક પ્રમાણ ) ટીકા લખી સિદ્ધરાજની સંપૂર્ણ અને સહેલું વ્યાકરણ રચવા માટેની માંગણી અક્ષરશઃ પૂરી પાડી છે. એ પર જુદા જુદા વિદ્વાનો તરફથી વૃત્તિઓ રચાણી છે જેની સંખ્યા દશથી વધુ છે. વ્યાકરણની પૂર્ણાહુતિ બાદ સંસ્કૃત તેમજ દેશી શબ્દોનો કોશ તૈયાર કરવાનું કામ હાથમાં લીધું. નામ માલા રચી જે “અભિધાન ચિંતામણી” તરિકે પ્રસિદ્ધ થઇ. તેની ટીકા પણ પોતેજ લખી. વળી જાણીતાં પરિશિષ્ટો પણ દરેક કાંડને અંતે મૂકયા. એ આખા સંસ્કૃત કોશને પૂરો કરવા ‘અનેકાર્થ સંગ્રહ’ નામની પૂર્તિ લખી. તેઓશ્રીના ગ્રંથની પ્રમાણભૂતતા એ પરથી સુવિદિત છે કે પાછળના ટીકાકારોએ સંખ્યાબંધ અવતરણો લીધા છે. દેશી શબ્દોની વ્યુત્પત્તિ વિચિત્ર હોવાથી તેમને ભેગા કરી વ્યવસ્થિત કરવા એ બહુ કપરૂં કામ હતું તે દેશી નામમાળા રચી સફળતાથી પાર પાડયું વળી “નિઘંટુ શેષ” યાને વૈદ્યક નિઘંટુ પણ રચ્યો. સરળ તેમજ સુવ્યવસ્થિત રચનાવાળા સંપૂર્ણ વ્યાકરણ અને કોશ જેવા આવશ્યક પુસ્તકો પુરા પાડી જે અપ્રતિમ સેવા બજાવી છે અને અભ્યાસીઓને વર્ણનાતીત સગવડતા કરી આપી છે તે ન ભૂલાય તેવી છે.

કાવ્ય તરફ દષ્ટિપાત કરીશું તો સંસ્કૃત દ્વયાશ્રય યાને ચાલુક્ય વંશોત્કીર્તન તથા પ્રાકૃત દ્વયાશ્રય યાને કુમારપાળ ચરિત પ્રથમ આંખે ચઢશે. પ્રથમ કાવ્યના ૨૦ સર્ગોમાં પંદર સુધી સિદ્ધરાજ જયસિંહ દેવના રાજ્ય કારભારનું વર્ણન છે અને છેવટના પાંચ સર્ગમાં કુમારપાળ ભૂપ સંબંધી હકીકત છે. ખૂબી તો એ છે કે એક બાજુ સંસ્કૃત વ્યાકરણ ઉદાહરણ સહિતને બીજી બાજુ ઇતિહાસ એ પરથી તારવી શકાય છે. બીજું કાવ્ય કેવળ પરમાર્હત રાજવી કુમારપાળનો વૃત્તાંત જણાવે છે. ‘શબ્દાનુંશાસન’ ‘કાવ્યાનુંશાસન’ અને ‘છંદોનું શાસન’ ત્યાર બાદ રચાયા છે. કાવ્યાનુંશાસન પર ‘અલંકાર ચુડામણિ’ નામાવૃત્તિ અને તે બંને ઉપર ‘વિવેક’ નામા મોટી ટીકા રચી છે. એ ગ્રંથમાં ૫૦ લેખકોનો નામ દઇને ઉલ્લેખ કર્યો છે ને લગભગ ૮૧ ગ્રંથોનો આધાર ટાંકયો છે. એ પરથી સંસ્કૃત કાવ્ય અને સાહિત્ય શાસ્ત્રના અભ્યાસીને તે ગ્રંથની અગત્ય સહજ સમજાય તેમ છે. ‘મમ્મટ’ આદિના એ વિષયના અધરા અને સાહિત્યના અન્ય વિભાગોની ચર્ચા દષ્ટિએ અધૂરા ગ્રંથો કરતાં કાવ્યાનુંશાસન જેવા

સંપૂર્ણ ગ્રંથનું મહત્વ સવિશેષ હોય તેમાં આશ્ચર્ય પણ શું હોઇ શકે?

'લક્ષણ' અને 'સાહિત્ય'ના ક્ષેત્રમાં પૂર્ણ પણે ઘૂમી શ્રી હેમચંદ્રે 'પ્રમાણ શાસ્ત્ર' તરફ પગલા માંડયા. 'પ્રમાણ મીમાંસા' નામા ગ્રંથ એના ફળ સ્વરૂપે પ્રાપ્ત થાય છે. એ પછી 'ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર મહાકાવ્ય આવે છે. જેના દશ પર્વો છે અને શ્લોક સંખ્યા ૩૬૦૦૦ છે. એમાં ચાલુ અવસર્પિણી કાળના યુગલીક કાળથી આરંભી પરમાત્મા શ્રી મહાવીર દેવના શાસન સુધીનો શૃંખલાબદ્ધ હેવાલ અલંકારિક ભાષામાં આલેખ્યો છે. એ ગ્રંથ જોતાંજ ગ્રીક કવિ હોમરની કૃતિ યાદ આવે છે અગર તો શ્રી વાલ્મિકી અને વ્યાસ સ્મૃતિ પથમાં તાજા થાય છે.

ઉક્ત કવિ યુગલે રચેલા રામાયણ અને મહાભારત સદૃશ આ ગ્રંથ વિશાળ છે. વળી જૈન દૃષ્ટિયે રામાયણ અને મહાભારતનું પ્રકરણ કેવા પ્રકારનું છે એનો યથાર્થ ચિતાર ખડો કરે છે. ચોવીશ તીર્થંકરો, બાર ચક્રવર્તીઓ, અને વાસુદેવ બળદેવ તથા પ્રતિવાસુદેવ રૂપ નવ ત્રિગડા મળી ત્રેસઠ પરાક્રમશાળી આત્માઓના વિસ્તારથી એમાં જીવનો અપાયા છે. તીર્થંકર પ્રભુની દેશના ટાણે એવી વિવિધ પ્રકારી કાવ્ય રચના કરી છે કે એનો પૂર્ણ ખ્યાલ વાંચ્યા વિના ન આવી શકે. બીજા તીર્થપતિ શ્રી અજીતનાથની દેશના પ્રસંગમાં સારાયે ચૌદ રાજલોકમાં ઉડયન કરી વસ્તુ સ્થિતિના દર્શન કરી રહ્યા ન હોય એમ જણાયા વિના ન રહે. પાછળ 'પરિશિષ્ટ પર્વ' નામા ગ્રંથ જોડી સાચેજ સૂરિજીએ જૈન ધર્મની મહાન્ સેવા બજાવી છે. શ્રી મહાવીર પછી થયેલ પ્રભાવિક સંતોનો એમાં ઇતિહાસ છે. ઇતિહાસિક નજરે આ નાનકડા ગ્રંથનું મહત્વ અતિગણું છે. ચરમજીન પછીનો હજાર વર્ષનો જે ઇતિહાસ અંધારામાં છે અને જેના પર 'હાથી ગુફા' અને 'મહારાજા ખારવેલના શિલાલેખ' પછી જે પ્રકાશ પડવા માંડયો છે. વળી જેમાં 'મથુરાના કંકાળી ટીલાએ સ્હાય અર્પી છે એમાં અંકોડા સાધવામાં પરિશિષ્ટ પર્વ ઠીક ભાગ ભજવે છે.

'વીતરાગ સ્તોત્ર' સાચેજ રાગદ્વેષથી રહિત એવા પરમાત્માના સાચા સ્વરૂપનું બ્યાન રજુ કરનાર સ્તોત્ર છે. એમાં અઢાર દોષથી રહિત અને આત્માના મૂળ ગુણોનું સંપૂર્ણપણે શુદ્ધત્વ પ્રાપ્ત કરી પરમાત્મ પદની પ્રાપ્તિ કરનાર વિભુતિનું ગુણ કીર્તન છે. એમાંની બે દ્વાત્રિંશિકાઓ ખાસ ધ્યાન ખેંચે તેવી છે. એ જોડીને દાર્શનિક કાવ્ય કહેવામાં વાંધો નથી એના નામ છે, 'અયોગ વ્યવચ્છેદિકા' અને 'અન્યયોગ વ્યવચ્છેદિકા' બત્રીશ શ્લોકોના આ નાનકડા સંગ્રહમાં ઇતર દર્શનોની માન્યતામાં કયાં કયાં યુકિત વિકળતાઓ છે તે દર્શાવી જૈન દર્શનતા સિદ્ધાન્તોની અકાટયતા સાબિત કરી બતાવી એના મુખ્ય તત્વોનું મંડનાત્મક શૈલીથી બ્યાન કર્યું છે. વિષય કર્કશ છતાં કાવ્ય તરિકેની પ્રાસાદિકતા બહુ ભારે છે. એમાં ભક્તિ-વિચાર અને કાવ્યરૂપ ત્રિવેણીનું અદ્ભુત સંગમ સ્થાન નિર્માયું છે. પૂર્વે કહી ગયા તેમ દ્વયાશ્રય કાવ્યોમાં એક બાજુ પોતે બનાવેલા વ્યાકરણ માટે ટાંકેલા ઉદાહરણોની હારમાળા ચાલે છે. બીજી તરફ કુમારપાળ રાજા સુધીના સોલંકી રાજાઓનો સવિસ્તર ઇતિહાસ આવ્યો જાય છે. એમાં માત્ર પરાક્રમની વાતજ નહિં પણ બંધાવેલા વિહારો તળાવો અને ઉભા કરેલા નગરોના ચમત્કૃતિ પૂર્ણ વર્ણનોથી કાવ્યની જમાવટ પણ સુંદર થઇ છે. એ ઉપરથી ભાર મૂકીને કહેવુંજ પડશે કે જેમ શ્રી હેમચંદ્રસૂરિ શાસ્ત્ર નિર્માતા તરિકે અદ્વિતિય શકિતશાળી હતા તેમ તેમની કવિત્વ શક્તિ પણ અજોડ હતી. 'યોગશાસ્ત્ર' ગ્રંથ હાથમાં લેતાં જાણે કોઇ અનોખી ધરતી પર પગ મેલ્યા જેવો ભાસ થશે. એની સંકલના જુદીજ છાપ પાડે છે. તે એક 'ઉપનિષદ' રૂપ હોઇ શિષ્ય એવા રાજવી કુમારપાળ માટેજ ખાસ લખાયો છે અલબત ગૃહસ્થ-જીવન ગાળતાં પ્રત્યેકને માટે એના દ્વાર ખુલ્લા છે અને એમાં શ્રાદ્ધ ધર્મ પરત્વે ઘણું જ વિસ્તારપૂર્વક કહેવાયું છે. યોગનું મહાત્મ્યજ એવું છે કે વિસ્તૃત સામ્રાજ્યનો ભાર વહન કરવા છતાં 'ભરત-ચક્રવર્તી કેવલજ્ઞાન પામી મુક્તિ પંથના પ્રવાસી બન્યા' એ સુંદર અને હૃદયસ્પર્શી ઉદાહરણથી ભૂમિકા બાંધી આચાર્યશ્રી આગળ વધે છે. સાધુ ધર્મ સંબંધમાં નિયમ પ્રમાણે પ્રથમ કહે છે છતાં એની અવધિ માત્ર અઠાવીશ શ્લોકમાં આણી, લંબાણથી ગૃહસ્થ ધર્મના વર્ણનમાં અવગાહન કરે છે. 'એમાંજ શ્રી હેમાચાર્યના 'યોગશાસ્ત્ર'ની મહત્તાને વિશિષ્ટતા છે.' એમ જે પૂંજાભાઇ જૈન ગ્રંથમાળાના પ્રકાશનમાં કહેવાયું છે તે બરાબર છે. વધુમાં એ જણાવે છે કે 'અન્ય ગ્રંથો યોગ સાધના માટે ગૃહસ્થાશ્રમના ત્યાગને પ્રથમ આવશ્યકતા તરીકે જણાવે છે જ્યારે શ્રી હેમાચાર્યનું 'યોગશાસ્ત્ર' ગૃહસ્થ-ધર્મના પાયા ઉપરજ યોગ સાધનાનો ક્રમ સ્થાપિત કરે છે. નવીનતા હોય તો એ છે કે ઉપાસક ધર્મને પીઠીકારૂપે લઇ તેની ઉપર ધ્યાન. સમાધિ આદિ અન્ય યોગાંગોની ઇમારત ખડી કરવામાં આવી છે. વળી એના ઉપર પોતેજ વૃત્તિ રચી છે; જેની શ્લોક સંખ્યા ૧૨૦૦૦) ની છે. એમાં કલીકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રની આંજે પણ જે બત્રીશ કૃતિઓ લબ્ધ થાય છે ને જે સાહિત્યના ભિન્ન ભિન્ન અંગોને અલંકૃત કરે છે એ પરથી તુલના કરતાં રચયિતા માટે ભૂરિ ભૂરિ ધન્યવાદના હાર્દિક ઉદ્ગાર પોકાર્યા વિના રહેવાય તેમ નથી.

**વંદન હો સાહિત્ય સાગરમાં અમૃત સરિતા સમી અમર કૃતિઓના વાહકને.**

**—મોહનલાલ દીપચંદ ચોકસી.**


**તમારા ઘર, લાઇબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ**

## જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો.

**રૂ. ૧૮-૮-૦ ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭-૮-૦ માં ખરીદો.**

| | અસલ કિંમત | ઘટાડેલી કિંમત. |
|---|---|---|
| શ્રી જૈન ગ્રંથાવલી | રૂ. ૩-૦-૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન મંદિરાવલી | રૂ. ૧-૮-૦ | ૦-૮-૦ |

જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃતઃ—

| | | પૃષ્ટ. | |
|---|---|---|---|
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો | રૂ. ૫-૦-૦ | ૧૦૦૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો | રૂ. ૩-૦-૦ | ૮૫૦ | ૧-૮-૦ |
| શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ | રૂ. ૬-૦-૦ | ૧૨૫૦ | ૩-૦-૦ |

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂ. ૪-૦-૦ માંજ.

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખોઃ—**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ.**
૨૦, પાયધુની—મુંબઇ, ૩.

( અનુસંધાન પૃ. ૪ ઉપરથી )

૨૫-૦-૦ શ્રી ઉંઝા જૈન મહાજન હા. શેઠ ભોગીલાલ નગીદાસ શાહ

૯-૦-૦ ડા. ચીમનલાલ નેમચંદ શ્રોફ મુંબઇ દ્વારા

૨-૪-૦ મંત્રી શ્રી કોન્ફરન્સ કેળવણી પ્રચાર ખંભાત સમિતિ હા. શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

**શ્રી કોન્ફરન્સ નિભાવ ફંડ.**

શ્રી ચાંપસીભાઇ જીવણદાસે કોન્ફરન્સની ફિક્સ્ડ ડિપાઝિટોના બ્રોકરેજના રૂા૦ ૪૮-૦-૯ આ ખાતે આપ્યા છે તે આભાર સહિત સ્વીકારીએ છીએ.

**શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ.**

**પુસ્તક પ્રકાશન.**

શ્રી સિદ્ધસેન દિવાકર કૃત **'સન્મતિતર્ક'** (અંગ્રેજી અનુવાદ) પંડિત સુખલાલજી અને પંડિત બેચરદાસે લખેલી વિદ્વતાપૂર્ણ સૂક્ષ્મ પ્રસ્તાવના અને ટીકા સાથે હાલમાં પ્રકટ કરવામાં આવેલ છે. જૈન ભંડારો લાઇબ્રેરીઓ તેમજ જૈન સાહિત્યના અભ્યાસીઓ માટે આ પુસ્તક ઉપયોગી અને સંગ્રહ કરવા યોગ્ય છે. ૪૨૫ પૃષ્ઠના ગ્રંથની કિંમત માત્ર પ્રચારની દૃષ્ટિએ રૂા૦ ૧) રાખવામાં આવેલ છે. ( પોસ્ટેજ અલગ )

**મદદ.**

રાવ સાહેબ શેઠ **કાંતિલાલ ઇશ્વરલાલ** જે. પી. એ બોર્ડને રૂા૦ ૫૦૧) પાંચસો એક પ્રદાન કર્યા છે તે બદલ તેઓનો અત્યંત આભાર માનીએ છીએ.

ડા. શ્રી મોહનલાલ હાથીભાઇ તલાટી એમ. બી. બી. એસ. ( દેહગામ ) એ રૂા૦ ૨૫) પાઠશાળા મદદ ખાતે મોકલવા કૃપા કરી છે તે આભાર સહિત સ્વીકારીએ છીએ.

**ધાર્મિક પરીક્ષા માટે નવા સેન્ટરો.**

બોર્ડ દ્વારા તા૦ ૨૪-૧૨-૧૯૩૯ ના રોજ લેવામાં આવનાર **શેઠ સારાભાઈ મગનલાલ મોદી** પુરૂષ વર્ગ અને **સૌ. હીમઈબાઇ મેઘજી સોજપાળ** સ્ત્રી વર્ગ ધાર્મિક હરિફાઇની ઇનામી પરીક્ષાઓ માટે નીચેના સ્થળે નવા સેન્ટરો રાખવામાં આવ્યા છે.

| સેન્ટર. | વ્યવસ્થાપકો, |
|---|---|
| (૧) વડોદરા | શ્રી. વાડીલાલ કેશવલાલ શાહ અને શ્રી. પુનમચંદ કેશવલાલ પરીખ |
| (૨) નિંગાળા (કાઠીઆવાડ) | શ્રી ઠાકરસી જીવરાજ શાહ અને શ્રી. ચતુરદાસ નાગચંદ શાહ |
| (૩) ડભોઇ | શ્રી. ફકીરચંદ નેમચંદ અને શ્રી. મુલચંદ પાનાચંદ |
| (૪) મંદસોર ( માળવા ) | શ્રી. મોતીલાલ છિંગાવત અને શ્રી. સજ્જનલાલ હિંગડ |
| (૫) શોળાપુર (મહારાષ્ટ્ર) | શ્રી. વીરચંદ નેમીદાસ શાહ અને શ્રી. કંકુચંદ દેવચંદ |
| (૬) અજમેર (રાજપુતાના) | શ્રી. હરિશ્ચંદ્રજી ધારીલાલ અને શ્રી. ધનરૂપમલજી મુણોત એમ. એ. |
| (૭) લુણાવાડા | શ્રી. જયંતિલાલ દલસુખભાઇ શાહ |

# પત્ર બંધુને આવકાર.

શ્રીયુત્ ચીમનલાલ વાડીલાલ શાહના તંત્રીપણા હેઠળ પ્રગટ થયેલ નવિન અઠવાડિક પત્ર 'જૈન બંધુ'ના ત્રણ અંક જોયા પછી એમ કહેવું પડશે કે જૈન સમાજમાં જે પત્રો નીકળે છે એમાં એનું સ્થાન અનોખું છે. તેમાં પણ ખાસ કરીને મુંબઇ જેવા શહેરમાં આવાં એક જૈન સાપ્તાહિકની જરૂરીયાત હતી, જે આ પત્રે પૂરી પાડી છે, મુંબઇ શહેરની જૈન વસ્તીનો અવાજ રજુ કરવા માટે આ પત્ર જૈન સમાજને વધુ ઉપયોગી થઇ પડે એમ ઇચ્છીશું. આ પત્રના વેપારી બજારો સમ્બંધેની નોંધ, મહિલા વિભાગના પ્રશ્નો, અને બાળ વિભાગ એ અન્ય અઠવાડીકથી જુદા પાડનાર પ્રશંસનીય તત્વો છે. ફક્ત ચિત્રનું ઓળખાણ લાગે છે તો આકર્ષક પણ એ સંબંધમાં એક સુચના કરી લઇએ કે પૂર્વે પૂનામાંથી પ્રગટ થતાં એક પત્રે જેમ પાછળથી એવા ચિત્રો દ્વારા જૈન સમાજનું વાતાવરણ બગાડી મૂકયું હતું તેવું બનવા ન પામે એટલી ચેતવણી આપી અમો એક વખત પુનઃ 'જૈન બંધુને' ફતેહ ઇચ્છીએ છીએ.

—જૈન યુગ સમિતિ.

# એક અનુભવી સંશોધકનો સ્વર્ગવાસ!

પાટણ મુકામે પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજ શ્રી ચતુરવિજયજીનો થયેલ સ્વર્ગવાસ એ જૈન સમાજને આઘાતકારી લાગેજ. તેમના સરખા જ્ઞાન ધ્યાનાદિ ધર્મ કાર્ય પરાયણ અને શુદ્ધ સંયમી જીવન ગુજારનાર સાધુ-જીવનની છેલ્લી ઘડી સુધી જ્ઞાનોદ્ધાર અને ગ્રંથ સંશોધનના અતિ અગત્યના કાર્યમાં રચ્યા રહેનાર સાધુ-સ્વજીવન સાફલ્ય કરી ગયા એ શોકકારક ન લેખાય; પણ એમના જવાથી જે એક આદર્શ સંતની ખોટ જૈન સમાજને પડી-મુનિશ્રી પુણ્યવિજયજીના શબ્દોમાં કહીયે તો જે જમણી બાંય તુટી-તે ઓછી દુઃખકર નથીજ. એવા પવિત્ર મહાત્માની સ્મૃતિ જે સંશોધનનું વિશાળ કાર્ય હજુ નજર સામે પડયું છે એ જોતાં વારંવાર થવાનીજ-તેમનું સેવા પરાયણ જીવન પ્રેરણા પૂરક બનો એજ અભ્યર્થના.

( અનુસંધાન પૃ. ૩ ઉપરથી )

માફક ગટર મુકાદમનુંજ કાર્ય કરે-તો એક વિદ્વાને કહ્યું છે કે-Save me from my friends અર્થાત્ મારા મિત્રોથી બચાવ-જેવું વાકય આ કિંમતી અંગ માટે ઉચ્ચારવાનો સમય આવે! યુગને બંધ બેસતાં ન થઇ પડે તેવા કાર્યોનો ઉલ્લેખ કરવો કે એ પર કડવી ટીકા કરવી એ એક વસ્તુ છે અને વારે કવારે એ પાછળ પાનાના પાના રોકવા કિંવા પોતે સર્વજ્ઞ છે એવું માની લઇ કલ્પનાના વંટોળ ચઢાવવા અથવા તો મનગમતા ગેળા ગબડાવવા એ તદ્દન જુદી-વાત છે. એટલું યાદ રહે કે સમાજ ઉન્નતિનુંજ ધ્યેય હોય તો અહર્નિશ બનતા બનાવોમાંથી જે જે ઓકી કઢાડવાનું કે જોઇને ફેંકી દેવાનું લાગે એણે બાજુ રાખી કેવલ ચાવવાથી લાભ થાય અને પચાવવાથી રક્ત વધે તેવું હોય તેનોજ સંગ્રહ અને પ્રચાર ઇષ્ટ છે. આ નોંધ કોઇ અમુક પત્રને આશ્રયી કરાયેલી છે એવું નથીજ. સામાન્ય દૃષ્ટિયે આલેખાયેલા આ શબ્દોમાંથી તથ્ય જણાય તેટલુંજ ગ્રહણ કરવાનો પ્રત્યેક પત્રને આગ્રહ છે.

## શ્રી ગોડીજી મહારાજના દેરાસરજીના ટ્રસ્ટીઓની ચુંટણી.

કારતક વદ ૭ રવીવારનો દિવસ શ્રી ગોડીજી મહારાજના દેરાસરજીના ટ્રસ્ટીઓની ચુંટણીનો અગાઉથી નક્કી કરવામાં આવ્યો હતો તે મુજબ તે દિવસે સવારના મતદારોથી તેમજ ચુંટણી પ્રચારનું કાર્ય કરનારાઓથી દેરાસરજીના નીચેની જગા તેમજ ઓટલો ચીકાર ભરાઇ ગયા હતા અને આ ગીરદીને લઇને દેરાસરજીની ઉપર જવા માટે બીજો રસ્તો પણ ખોલવામાં આવ્યો હતો. કુલે મતદારોની સંખ્યા ૭૫૦ લગભગની હતી. તેમાંથી ૩૭૫ લગભગ સભ્યો ( મતદારો ) મત આપવા માટે આવ્યા હતા. અને દરેક મતદારે પ્રત્યેકે અગીયાર અગીયાર મત આપ્યા હતા. કુલે ૧૨ મત આપવાનો દરેકને હક હતો. પરંતુ છાપરીયા સાથમાંથી શેઠ છોટાલાલ પ્રેમજીભાઇ ચુંટાઇ ગયેલા હતા એટલે દરેકને ૧૧ મત પ્રમાણે મતો આપવાના હતા.

કુલે ૨૪ નામોની દરખાસ્તો રજુ થઇ હતી તેમાંથી ૭ નામો ઓછા કરવામાં આવ્યા હતા કારણ કે આ સાત ભાઇઓએ ટ્રસ્ટીઓ તરીકે ઉભા રહેવાની ના પાડી હતી હવે કુલે ૧૨ ટ્રસ્ટીઓ ચુંટવાના હતા તેમાં ૧૭ જણાના નામો બોર્ડ ઉપર મુકાયા હતા—

આ ૧૭ માંથી નીચે પ્રમાણે ૧૨ ટ્રસ્ટીઓને વધુમતે ચુંટાયેલા બોર્ડ ઉપર જાહેર કરવામાં આવ્યા હતા.

| સાથ | | ચુંટાયેલા ટ્રસ્ટીઓના નામ | મત |
|---|---|---|---|
| ૧ | ગુજરાતી | શેઠ રા. સા. કાંતીલાલ ઇશ્વરલાલ જે. પી. | ૩૩૫ |
| ૨ | ,, | શેઠ ધુરાલાલ કસ્તુરચંદ સંઘવી | ૩૨૦ |
| ૩ | ,, | શેઠ કેશવલાલ મોહોલાલ | ૩૨૪ |
| ૪ | ,, | શેઠ બબલચંદ કેશવલાલ મોદી | ૨૮૪ |
| ૫ | સુરતી | શેઠ નેમચંદ અભેચંદ ઝવેરી જે. પી. | ૩૨૯ |
| ૬ | ,, | શેઠ ભાઇચંદ નગીનભાઇ ઝવેરી | ૩૩૨ |
| ૭ | ,, | શેઠ પાનાચંદ રૂપચંદ ઝવેરી | ૨૯૬ |
| ૮ | ,, | શેઠ હીરાભાઇ ન્યાલચંદ ઝવેરી | ૩૨૧ |
| ૯ | છાપરીઆ | શેઠ છોટાલાલ પ્રેમજીભાઇ ( વગર ચુંટણીએ જાહેર થયા ) | |
| ૧૦ | ઘોઘારી | શ્રી. સૌભાગચંદ ઉમેદચંદ દોશી સોલીસીટર | ૨૮૨ |
| ૧૧ | ,, | શેઠ નરોત્તમદાસ કેશવલાલ જે. પી. | ૨૮૫ |
| ૧૨ | ,, | શેઠ દુલભજી મુલચંદ | ૨૩૩ |

નવીનતામાં એ વાત ચર્ચાતી હતી કે આવી રીતે ચુંટણીની પદ્ધતીએ મુંબઇના દેરાસરજીના ટ્રસ્ટીઓની નીમણુંક કરવામાં શ્રી ગોડીજી મહારાજના દેરાસરજીએ પહેલ કરી છે.

—વાડીલાલ જે. શાહ.

## श्री नेमिनाथं ब्रह्मचर्याश्रम (जैन गुरुकुळ) चांदवडका ग्यारहवां वार्पिकोत्सव.

शनिवार ता. १८–११–१९३९ को आश्रमका ग्यारहवां वार्षिकोत्सव श्रीमान् शेठ शा. बन्सीलालजी गुलाबचंदजो साहिब नाहार के नेतृत्वमे अत्यंत समारोह के साथ मनाया गया, स्वागत प्रमुख श्रीमान् शेठ राजमलजी लखीचंदजी साहिब ललवाणी जामनेर प्रकृत्ति अस्वस्थके कारण पधार नही सके इस लिये उन्ही के स्थान मे संस्था के एक प्रमुख कार्यवाहक श्रीमान् शेठ शा. आनंदरामजी मानमलजा साहिब समदडिआ मंचर इन्होंने स्वागत प्रमुखका सर्व काम किया. सरघस के बाद प्रातःमे बालवीरों के शारिरिक व बौद्धिक प्रयोग हुये, इस विषयमे यह संस्था सर्वत्र सुप्रसिद्ध है इस लिये अधिक विवरण दिया नही.

इस समय सेनापति बापट संस्थामे पधारे व उन्होंने जैन धर्मकी विशालता व महत्ता व आजका राष्ट्र कार्य इस विषयमे मार्मिक उपदेश दिया बाद मे इस प्रांत के बहूत बडे विभाग मे अंगरेजी शिक्षण मिलनेकी जो न्यूनताथी वह दूर करके संस्थाने गांवका विकास व संवर्द्धन इस द्रष्टिसे कितना व कैसा कार्य किया है व इसलिये गांवको यह संस्था आवश्यक व भूषणावह है.

प्रमुख तथा स्थान स्थानके नेताओंने हायस्कूल इमारत फंड के लिये साथ घुमनेका आश्वासन दिया. सक्रिय सहानुभूति कीं द्रष्टिसे प्रमुखश्रीने रु १५०१ को दर्शनी हुंडी हायस्कूल के इमारत फंडमे दी इसके अलावा श्री नयनसुखदासजी पारख वणी इन्होंने पहिले रु. ५०१ व ओर रु. ५०० मिलकर रुपैये एक हजार श्री सुरजमलजी भिनराजजी संचेती कळवण इन्होंने पहिले रु. १०१ व ओर रु. १०० मिलकर रुपैये २०१, श्री मिश्रराजजी कानमलजी नांदगांव इन्होंने रु. १५१ हायस्कूल फंडमे देनेका जाहिर किवां इसके आलावा संस्था के दैनिक खरचमे रोख व वस्तूरुप भेट मिली.

—केशवलाल हरकचंद आवड.

### થાણાનું નવું જિનાલય અટક્યું છે.

થાણા ખાતે એક જિનાલય છે. અને બીજુ એક બંધાવવાની શરૂઆત શ્રી જિનરૂધિસૂરિજીના ઉપદેશથી કરવામાં આવી, શરૂઆતમાં દશ હજાર લગભગનો ફાળો નોંધાયો અને કામ શરૂ કરવામાં આવ્યું. મંદિરમાં ૨૫૦૦૦ લગભગ ખર્ચાઇ ચુકયા અને હજુ કામ અધુરૂં પડયું છે, મંદિર પાસે પત્થરો પડયા છે થાણાનો સંઘ આટલી રકમ ખર્ચવા શક્તિમાન નથી. એટલે મદદ મેળવવાની તજવીજ ચાલે છે.

આ પત્ર શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલને શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબાઇ ખાતેથી છાપ્યું, અને મી. માણેકલાલ ડી. મોદીએ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડીંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.